ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ. ૧૯૨૯થી)

YEAR : 7 • ISSUE : 2 • MAY : 2019 • PAGES : 132 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૭ (કુલ વર્ષ ૬૭) અંક - ૨ • મે ૨૦૧૯ • પાનાં - ૧૩૨ • કિંમત રૂા. ૩૦/-

## અહિંસા વિશેષાંક



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા : ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન : ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન : ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન' : ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૭.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ :**


- પ્રબુધ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.

- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે.જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

### તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


### રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email : shrimjys@gmail.com


## પ્રમુખ સ્થાનેથી....

## સંઘની નવ દાયકાની વાત

આજે મારે વાત કરવી છે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉજ્જવળ ભૂતકાળની, ઝળહળતા વર્તમાનની અને પ્રકાશમય ભાવિની.

નવ દાયકાથી નેવું-૯૦ વર્ષથી અવિરત ચાલતી સંસ્થાનો જન્મ ૩-૫-૧૯૨૯ના રોજ સાત મહાનુભાવો દ્વારા થયેલો. સંસ્થાના મુખ્ય ઉદ્દેશો રાજકીય, ધાર્મિક અને સામાજીક પ્રશ્નો હાથ ધરી યુવકોમાં જાગૃતિ લાવવાનો અને જૈનોના ધાર્મિક, આર્થિક અને સામાજીક ઉન્નતિના ઉપાયો રાષ્ટ્રહિતમાં સાચવીને યોજવા અને અમલમાં મૂકવા.

કાળમાં પ્રવાહે નવા નવા ઉદ્દેશો ઉમેરાતા ગયા અને નિષ્ઠાવાન કાર્યકરોના પુરુષાર્થથી સંઘ દિન-પ્રતિદિન પ્રગતિ કરતું રહ્યું. પ્રથમ પેઢીએ શરૂ કરેલી યજ્ઞ-પ્રવૃત્તિ, પર્યુષણ વ્યાખ્યાનમાળા, પ્રબુદ્ધ જીવન સામાયિક અને બાળદીક્ષા સામે જેહાદ ઈત્યાદિ. બીજી પેઢીએ પુસ્તક પ્રકાશન, વાચનાલય અને સેવાના પંથે પ્રેમળ જ્યોતિ ઈત્યાદિનો ઉમેરો કર્યો.

સમયના પરિવર્તન સાથે ત્રીજી પેઢીએ વસંત વ્યાખ્યાનમાળા અન્ય સેવાના કાર્યોનો ઉમેરો કર્યો. ચોથી પેઢીએ ઈ. સ. ૧૯૮૫માં પ્રમુખશ્રી ડૉ. રમણભાઈ ચી. શાહની રાહબરી હેઠળ કરૂણા અને સંસ્થા સહાયની નવી પ્રવૃત્તિ શરૂ કરી. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન ગુજરાતના પછાત અંતરિયાળ વિસ્તારમાં સમાજ માટે કામ કરતી સંસ્થાઓને ધનરાશિ ભેગી કરી સહાયક બનવાનો પ્રયત્ન કર્યો.

આજ સુધી ૩૪ સંસ્થાઓને લગભગ રૂા. સવા છ કરોડની રકમ પહોંચાડી પરોક્ષ રીતે આ સંસ્થાઓને સદ્ધર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આજે આ સંસ્થાઓ અનેક ઘણી વિકસી ઉત્તમ કાર્ય કરી રહી છે. સંઘને આનો આનંદ અને ગર્વ છે. પર્યુષણ વ્યાખ્યાનમાળાની પરિકલ્પના ઈ. સ. ૧૯૩૧માં પંડિત સુખલાલજીએ સંઘ સમક્ષ મૂકી અને આજે આ પ્રવૃત્તિ ફૂલીફાલી છે. ૮૫ વર્ષથી અવિરત ચાલતી વ્યાખ્યાનમાળામાં અનેક વિદ્વાન વક્તાઓ અને અનેક શ્રોતાઓ લાભાન્વિત થઈ પ્રબુદ્ધ થયા છે. આમાંથી પ્રેરણા લઈ અનેક ઠેકાણે પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ યોજાય છે.

આ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વિદ્વાન, બહુશ્રુત મહાનુભાવો પધાર્યા છે. સંસ્થા એક મંદિર હોય એવું અનુભવાય છે.

૮૦ વર્ષથી એકધારું જાહેરખબર વિના ચાલતું પ્રબુદ્ધ જીવન શિષ્ટ પ્રબુદ્ધ સાહિત્ય પૂરું પાડે છે. નિષ્ઠાવાન તંત્રીઓની સંસ્થા ઋણી છે. તેની જ્ઞાનયાત્રા માટે સમાજમાં પ્રબુદ્ધ જીવનનું ઉચ્ચ સ્થાન છે. વટવૃક્ષની જેમ આજે આ સંસ્થા અનેક શાખા-પ્રશાખાથી સેવા, કરૂણા, જ્ઞાન ઈત્યાદિ પ્રવૃત્તિઓથી લીલોછમ બન્યો છે.

આજે પાંચમી પેઢીને છેલ્લા ૧૫-૨૦ વર્ષથી સંસ્થાની સ્થાયી ઑફિસ વગર સેવા-પ્રવૃત્તિ વિગેરે કરવામાં મુશ્કેલી પડે છે. પુરોગામીના પુણ્યોના કારણે આજે આ સંસ્થાનું મકાન રીડેવલોપમેન્ટમાં ગયું છે અને આશા છે કે ટૂંક સમયમાં લગભગ ૨,૦૦૦ સ્કે. ફૂટની જગ્યા પ્રાપ્ત થશે. ફરીથી આ બધી પ્રવૃત્તિઓને ધમધમતી કરવા મોટી ધનરાશિની જરૂર પડશે. એમાં આપનો સહકાર પ્રાર્થનિય છે.

યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાની 'જૈના'માં અમારી સંસ્થાનો પરિચય આપવા પ્રમુખ શ્રી નિતિનભાઈ સોનાવાલા, મંત્રી ડૉ. સેજલ શાહ (વીઝા મળશે તો) તથા કાર્યવાહક કમિટીના સભ્ય શ્રી સુરેશભાઈ શાહ જૈનાના કન્વેન્શનમાં ૪ થી ૭ જુલાઈ આવી રહ્યાં છે.

આ સંસ્થા જ્ઞાન અને સેવાનો એક રથ છે-એક મંદિર છે. આને ગતિ આપવી આ પ્રબુદ્ધ જૈનોની અને જૈનેતર સમાજની ફરજ છે. આપ સૌ આને ગતિબળ આપી ઋણબદ્ધ કરશો. અમારા પૂર્વધરોને આ સાચી શ્રદ્ધાંજલિ હશે. આપના સૌના સહકારની અપેક્ષા સહ,

**નિતિનભાઈ સોનાવાલા**
**પ્રમુખ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

## સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | અહિંસા વિશેષાંક શા માટે ? (તંત્રી સ્થાનેથી) | સેજલ શાહ | ૫ |
| ૦૨. | સંપાદકનો પરિચય | | ૯ |
| ૦૩. | સંપાદકીય | સોનલ પરીખ | ૧૦ |
| ૦૪. | અહિંસાની વિજયગાથા : 'અ ફૉર્સ મોર પાવરફૂલ' | સોનલ પરીખ | ૧૨ |
| ૦૫. | અહિંસા ચાહે છે અદ્વૈત | કુમારપાળ દેસાઈ | ૧૫ |
| ૦૬. | અહિંસક બળવાની મહત્ત્વાકાંક્ષા | કુમારપાળ દેસાઈ | ૧૭ |
| ૦૭. | અહિંસા એટલે પ્રેમધર્મ | ગુણવંત શાહ | ૨૨ |
| ૦૮. | નઈ તાલીમ અને અહિંસા | રમેશ સંઘવી | ૨૩ |
| ૦૯. | શ્રીમદ્ ભગવદ્ગીતા : શ્રીકૃષ્ણનો ઉપદેશ હિંસા છે? | દિનકર જોષી | ૩૦ |
| ૧૦. | True to Their Salt Inheritors of an illustrious Legacy | Tushar A. Gandhi | ૩૨ |
| ૧૧. | ગાંધીજીને કાશ્મીર સરહદે મોકલીએ તો?! | જ્વલંત છાયા | ૩૫ |
| ૧૨. | આજના સમયમાં... અહિંસક જીવનશૈલી | અતુલ દોશી | ૩૭ |
| ૧૩. | વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં અહિંસા | ભાણદેવ | ૪૦ |
| ૧૪. | ઈસ્લામ અને અહિંસા | મહેબૂબ દેસાઈ | ૪૨ |
| ૧૫. | ખ્રિસ્તીધર્મમાં અહિંસાનો સિદ્ધાંત | થોમસ પરમાર | ૫૦ |
| ૧૬. | યુદ્ધ સંદર્ભે હિંસા, અહિંસા ધર્મ અને નીતિ | ગુણવંત બરવાળિયા | ૫૧ |
| ૧૭. | આપણે અહિંસા-અહિંસા રમીએ છીએ...!! | ભદ્રાયુ વછરાજાની | ૫૫ |
| ૧૮. | શક્તિ સંહારાત્મક રૂપવિલાસ | નિસર્ગ આહીર | ૫૭ |
| ૧૯. | ગાંધીજી અને અહિંસાઃ સાંપ્રત સમયમાં | ઉર્વીશ કોઠારી | ૬૨ |
| ૨૦. | જૈન દર્શનની દષ્ટિએ અહિંસા | પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ. | ૬૩ |
| ૨૧. | અહિંસાની વ્યાપક વિભાવના અને ગાંધીની અહિંસાની પ્રક્રિયા | રજની દવે 'રેવારજ' | ૬૬ |


આ અંકનું સૌજન્ય રૂપિયા ૮૦.૦૦

| | | | |
|---|---|---|---|
| ૨૨. | મહાવીર ભગવાનનો અહિંસા પરમો ધર્મ | તત્ત્વચિંતક વી. પટેલ | ૭૦ |
| ૨૩. | પૂજ્ય પંન્યાસજી મહારાજની દૃષ્ટિએ 'અહિંસા' | ભારતી દિપક મહેતા | ૭૩ |
| ૨૪. | સૃષ્ટિની આધારશીલા : અહિંસા | ડૉ. રમજાન હસણિયા | ૭૬ |
| ૨૫. | શું તમે જાણો છો, પ્રાચીન પ્રજાના લોહીમાં વણાઈ ગયેલી અહિંસાને? | સુબોધી સતીશ મસાલિયા | ૭૮ |
| ૨૬. | Goodness, Righteousness and Zoroastrianism | Naville Gyara | ૮૧ |
| ૨૭. | Scrutinize yourself comprehensively through Ahimsa ( Non-violence) | Prachi Dhanvant Shah | ૮૪ |
| ૨૮. | ચિત્રભાનુજી અહિંસાના સાધક | દિલીપ વી. શાહ | ૮૭ |
| ૨૯. | હિંસા માટે અહિંસા અને હિંસાથી અહિંસા | બકુલ ગાંધી | ૯૦ |
| ૩૦. | અહિંસાનું સૂક્ષ્મ સ્વરૂપ... | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૯૩ |
| ૩૧. | અહિંસા અને આહાર | હિંમતલાલ શાંતીલાલ ગાંધી | ૯૪ |
| ૩૨. | અહિંસા : અનોખો ગાંધીવિચાર | ચંદુભાઈ મહેરિયા | ૯૭ |
| ૩૩. | અહિંસક જીવનશૈલી | પાર્વતી નેણશી ખિરાણી | ૯૮ |
| ૩૪. | અહિંસા : નહિ તો મહાવિનાશ | કાકુલાલ મહેતા | ૧૦૨ |
| ૩૫. | અહિંસા-નદીના કિનારે જ ધર્મવૃક્ષ વીકસી શકે | પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ | ૧૦૪ |
| ૩૬. | વર્તમાનમાં જૈન ધર્મ પ્રમાણે નૈતિક અને દયામય જીવન જીવવાની સરળ સમજ | પ્રવીણ કે. શાહ | ૧૦૫ |
| ૩૭. | અપભ્રંશ ભાષાના પાણિની પદ્મશ્રી | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૧૨ |
| ૩૮. | જીવનપંથ : જે આપો તે પામો | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૧૧૪ |
| ૩૯. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૧૧૫ |
| ૪૦. | જ્ઞાન-સંવાદ | સુબોધીબેન મસાલિયા | ૧૧૭ |
| ૪૧. | જૈન પરંપરાના પુનરુદ્ધારકો- ડૉ. રમણલાલ ચી. શાહ : ઉત્તમ શ્રાવક અને પરંપરાના પદયાત્રી! | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૧૧૯ |
| ૪૨. | એપ્રિલ અંક વિશેષ : કેલિડોસ્કોપિક નજરે | નલિની માડગાંવકર | ૧૨૧ |
| ૪૩. | સર્જન-સ્વાગત | ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી | ૧૨૨ |
| ૪૪. | ભાવ - પ્રતિભાવ | | ૧૨૪ |
| ૪૫. | અતીતની બારીએથી... | બકુલ ગાંધી | ૧૩૧ |
| ૪૬. | જો હોય મારો અંતિમ પત્ર તો... | નીલમ પરીખ | ૧૩૨ |

## હવે પ્રબુદ્ધ જીવન વાંચો - સાંભળો

**આ અંકના કેટલાક લેખોની Link તૈયાર કરી શક્યા છીએ. Link લેખની સાથે આપવામાં આવેલ છે.**

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૫ • વીર સંવત ૨૫૪૫ • વૈશાખ સુદ -૧૨


## અહિંસા વિશેષાંક

**આ અંકના વિદ્વાન સંપાદકો : સોનલ પરીખ તથા ડૉ. સેજલ શાહ**

**માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ**

### તંત્રી સ્થાનેથી...

## અહિંસા વિશેષાંક શા માટે ?

Audio Link : https://youtu.be/GsTnVQMNsus • https://youtu.be/d6Bdh4kMY0M

છેવટે તો આપણે સદ અને અસદ વચ્ચે જ જીવવાનું છે ને ! કોઈ એકને, એક ચોકઠાંમાં પૂરીને, એકની પસંદગી કરીને નથી જીવી શકાતું! એક તરફ છે સદ અને બીજી તરફ છે અસદ. બન્નેને સાથે લઈને ચાલતાં બંને હાથની આંગળીઓ ભરાઈ ગઈ છે. ક્યારેક એક આંગળી બહાર ડોકિયા કરે તો ક્યારેક બીજી. પણ બંનેને સમતોલ રાખવી એ કહેવું પણ અયોગ્ય. શું છે આ ખેલ ? રમવું પડે જેમ રમાડે તેમ, કે રમ્યા કરીએ જેમ આવડે તેમ !

આ વિશ્વમાં મનુષ્ય તરીકેનો આપણો જન્મ, અન્ય પ્રાણીઓ કરતાં અવાજનું વરદાન ઉપરાંતમાં મળ્યું, એટલે અભિવ્યક્તિ કરવાનું શસ્ત્ર મળ્યું, એટલે બુદ્ધિના પ્રદર્શનની અને તેના આધારે જાત અભિવ્યક્તિની તક મળી. એટલે બીજું શું જોઈએ? પછી જેમ ગમે તેમ અને જેમ ફાવે તેમ ઉપયોગ કરતાં રહ્યા. એની વચ્ચે એક સંયત માર્ગ પણ જડ્યો, જેને શીખવ્યું કે આ જગમાં જયારે, જેમ ફાવે તેમ ઉપયોગ કરી લેવામાં નહીં, પણ સંયત રહેવામાં, અન્ય અંગે વિચારીને સંયત રહેવામાં- વ્યવહાર જગત વ્યવસ્થિત ચાલ્યા કરે છે. આમાં બે બાબત મહત્વની છે- એક આપણા વ્યવહારમાં સમાજ અને અન્ય માટેની ચિંતા. બીજું જાત પાસે જે અઢળક પડ્યું છે તેને સંયમિત કરી, એનો મર્યાદિત આવશ્યક ઉપયોગ આ બાબતમાં ધન, વાણી બધું જ આવી શકે. **આ જે સંયત વ્યવહાર છે તે મારે મન અહિંસા છે.**

ધર્મે- અહિંસાને હિંસાના સંદર્ભમાં સમજાવી છે. જેમાં અન્ય જીવની હિંસા ન કરવાની બાબત આવે છે. અહીં જીવ માત્રને અભય વરદાન આપવાની વાત છે જ. પણ હવે થોડું વિસ્તારથી જોઈએ તો ખ્યાલ આવે કે આ માત્ર અન્યની હિંસા ન કરવા ઉપરાંતની વાત છે. આપણા સ્વભાવને, સ્વને ઓગાળવાની અને પોતાના 'હુંપણા'ના વિશ્વમાં અન્યને આમેજ કરવાની વાત છે.

> **આ અંકના સૌજન્યદાતા**
>
> **શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
>
> **જિનાગમ પ્રકાશન**

મનુષ્યના જીવનની પાયાની આવશ્યકતા રોટી , કપડા અને મકાન છે. આ ત્રણ વસ્તુ માટે સૌથી વધુ હિંસા કરે છે. કારણ આ પાયાની જરૂરીયાતને મેળવવા મનુષ્ય ગમે તેમ કરી શકે છે. આ ત્રણ ફોર્સ મનુષ્ય પાસે જુદુ-જુદું કાર્ય કરાવે છે. મૂળ વાત એ છે કે પોતાના જીવનનિર્વાહ અને અન્યના જીવન વચ્ચે જે સદ અને


• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯

• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039

• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

અસદની પસંદગી જ અહિંસા અને હિંસાની પસંદગીનો આધાર બને છે.

આજે વિશ્વમાં યંત્રોના વિકાસ અને પ્રગતિની હારમાળ વચ્ચે જેનું સૌથી ઓછું મૂલ્ય હોય તો, તે છે, મનુષ્ય જીવન અને સૌથી વધુ મહત્વનું કઈ હોય તો છે સફળતા અને જીત. દરેક કાર્યના પરિણામને સફળ અને અસફળતાના બે પરિણામ વચ્ચે જોવામાં આવે છે. કાર્યના અંતે સામા મનુષ્યને સંતોષ થયો એમ વિચારવાની શક્તિ આપણે ગુમાવી ચૂક્યા છીએ. જ્યારે મોટી મોટી કોન્ફરન્સ, અધિવેશનમાં વ્યાખ્યાતાઓ કહે છે કે અહિંસા બહુ મહત્વની છે, મહાવીર, ગાંધીજીના ઉદાહરણો અપાય છે પણ પોતાની અંગત જીવનમાં પોતાના વર્તન અંગેની જાગૃતિ જોવા મળતી નથી. સ્કુલમાં બાળકને જીતવાની અને પ્રથમ ક્રમે લાવવાની હોડમાં મૂકાય છે. બાગકામ, સીવણકામ, સફાઈકામ કરતાં લોકોને સમાજ નિમ્ન પ્રકારનું કામ કરતાં લોકો ગણે છે, વાદ અને વિવાદમાં તર્ક કરતાં વધુ સત્તાનો પ્રયોગ કરાય છે, પૈસા અને જ્ઞાન વચ્ચે સંપત્તિને મહત્વ અપાય છે, મનુષ્યના સન્માન કરતાં વધુ કોમોડીટીનું મહત્વ છે, દરેક મોટા/સત્તાધારીને તે યોગ્ય હોવાનો ભ્રમ છે અને તેથી તેના કર્ણપટલ પર ગમતાં શબ્દોના સૂર સંભળાય છે અને અણગમતાં શબ્દોને દુર કરાય છે, રોજ સવારે પોતાની દોડ અન્ય કરતાં સારી થાય, પોતાના વિશ્વમાં પોતાનો શ્રેષ્ઠ દેખાવ હોય, આવા કઈંકેટલાયે ભ્રમોથી મુક્ત થયા પછી એક સૌહાર્દપૂર્ણ સમાજ માટે અહિંસા, એ આજની સૌથી મોટી આવશ્યકતા છે. અહિંસા ત્રણ બાબત શીખવે છે. એક, સામાનો સ્વીકાર અને તેનું મૂલ્ય પણ સમજાવે છે. બે, 'હુંપણું' ઓગળે છે. ત્રણ, સ્વ દૃષ્ટિકોણમાં સમષ્ટિની ભાવના સમાવે છે. **આ બધું વાતોમાંથી કાર્યમાં રૂપાન્તરિત થાય તો જ આ અંક અને સહુની વાત લેખે લાગે.**

આજે મનુષ્યને કાબૂ કરનારી બે તાકાત છે એક છે ધર્મ અને બીજી છે પૈસાની સત્તા. આપણે જોઈ શકીએ છીએ કે આ બંને સત્તા સમગ્ર વિશ્વને અને તેના કાર્યને કેન્દ્રિત કરે છે. મોટા ભાગની હિંસાનું કારણ પણ એ જ છે. ધર્મનું ઝનૂન કેટલી હિંસા કરાવે છે, તે આપણે જાણીએ જ છીએ. નાણાકીય સત્તા પ્રકૃત્તિ, સંશાધનો અને અન્ય મનુષ્યને કાબૂમાં રાખી કેટલી ભાવનાત્મક હિંસા અને સાધનોનો બગાડ કરાય છે, તે પણ આપણે જાણીએ છીએ.

આજે રીતિ અને વૃત્તિ બદલવાની જે આવશ્યકતા નિર્માણ થઈ છે, તેની શરૂઆત અહિંસાથી જ શક્ય બનશે. આ મૂળ વિચારને શાળા જીવનના પ્રથમ ગ્રેડથી બાળકમાં રોપવાની જરૂર છે. જે આંકડા અને શબ્દ બાળકને શીખવાડાય છે તેમાં અહિંસારૂપી ચેતન ઉમેરીને તેને સચેતન બનાવી શકાશે એટલે દસ વર્ષના અંતે એક બૌધ્ધિક યંત્ર નહીં પણ મનુષ્ય તૈયાર થશે.

કલાપીની એક પંક્તિ યાદ આવે છે,

*રે પંખીડા ! સુખથી ચણજો, ગીત વા કાંઈ ગાજો;*
*શાને આવા મુજથી ડરીને ખેલ છોડી ઊડો છો ?*
*પાસે જેવી ચરતી હતી આ ગાય, તેવો જ હું છું;*
*ના, ના, કો દી તમ શરીરને કાંઈ હાનિ કરું હું.*

આપણે સહુ પોતાના વ્યક્તિત્વને એવું બનાવીએ કે પાસે બેઠેલા પંખીનો વિશ્વાસ જળવાઈ રહે કે મને કોઈ હાનિ નહીં પહોંચાડે. પોતાના સ્વાર્થ માટે આ મારાથી વધુ શક્તિશાળી મનુષ્ય/ શક્તિ મને હાનિ નહીં કરે. આ ભાવનો વિસ્તાર પછી મનુષ્ય સુધી પણ વિસ્તરે. કે એક મનુષ્ય પોતાના સ્વાર્થ, સત્તા, મદ માટે અન્યનો ઉપયોગ નહીં કરે.

અહિંસા, ઉપયોગની વૃત્તિ પણ અંકુશ લાદે છે. સ્વહિતાર્થે કરતાં પ્રત્યેક કૃત્યને વિસ્તારી સહુહિતાર્થે કરવાની વૃત્તિ એ અહિંસા છે. જે કૃત્યમાં અન્ય જીવને હાનિ થાય છે, એ બધા જ કાર્યોને રોકવાના છે. જીવ માત્ર એટલે આ પૃથ્વીના નરી આંખે ન દેખાતા જીવને પણ પોતાના જીવવાના અધિકારથી વંચિત ન રાખવાની વૃત્તિ છે. એક તરફ જે બાહ્યરૂપમાં દેખાય તે હિંસા અને અન્ય, જે દેખાતી નથી પણ વર્તન દ્વારા, ક્રિયા દ્વારા બુધ્ધિના પ્રયોગ દ્વારા પોતાની સત્તાને સ્થાપિત કરતી હિંસા- આ બંનેથી મુક્તિની વાત છે. આચાર અને વિચારના ભેદને હવે ઓળંગીને પોતાના મનુષ્યત્વને નીખારવાની વાત છે. અહિંસા એ પસંદગી છે. પોતાના વર્તન અને વિચારની. આ કોઈ પારિતોષિક નથી પણ આવશ્યકતા છે.

આપણા જીવનનો આધાર અનેકોનેક બાબતો છે. આ સૃષ્ટિનો આભાર માનવાનો છે, આ વનસ્પતિનો, આ કુદરતી સંશાધનોનો, આ પ્રાણીવિશ્વનો, આ તક આપનાર અનેક પરિબળોનો, આ પ્રકૃતિનો અને એવા અનેકોનેક જીવોનો, તો કઈ બાબતનું અભિમાન મને પર્વતની ટોચે બેસાડી, અન્યને તકલીફ આપવાનો, હિંસા કરવાનો, વ્યવહારિક હિંસા કરવાનો પરવાનો આપે છે ? દ્રવ્યહિંસા અને ભાવહિંસા બન્નેની વાત સમાંતરે કરવાની છે , કારણ આજે જે પ્રત્યક્ષ દેખાય છે અને જે અપ્રત્યક્ષ છે, બન્ને અંગે વાત કરતાં પ્રેમ અને કરુણાનું સ્થાપન કરવું છે, વ્યવહાર જગતમાં. બહુ મોટા પાયે નહીં તો રોજીંદા વ્યવહારમાં અહિંસક વર્તનને પુરસ્કૃત કરીએ તો કેમ ?

જે નજીક છે, તે પ્રથમ વર્તુળના લોકો પછી જેની સાથે ધંધાકીય કાર્યગત સંબંધ છે તે દ્વિતીય વર્તુળના લોકો, પછી સામાજિક સંધાણ એ ત્રીજા વર્તુળના લોકો અને પછી સમયાંતરે/ ક્યારેક જોડતા લોકો સહુ પ્રત્યે સમભાવ કેળવી શકાય ? વ્યક્તિ સાથેના સંબંધોમાં ઉપયોગીતાના સ્થાને આદર- સન્માન અને પ્રેમ કેળવાય, એ અહિંસામય માર્ગ છે. ભારતના ભાગલા પછી જ્યારે ગાંધીબાપુ જેમનું મન દુભાઈ હતું તેમની સાથે હતા એ એમનો અહિંસામય માર્ગ હતો. તીર્થંકર પોતાના શત્રુને કરુણામય નજરે જોઈ શકતા-

એમનો સમભાવ અહિંસાના માર્ગે લઇ જતો. બ્રાહ્મી અને સુંદરી પોતાના ભાઈને અભિમાનના ગજથી હેઠે ઉતારી અહિંસાનો માર્ગ પ્રબોધે છે. હિંસા એ મૂળ રૂપે આપણી ઈચ્છા, અપેક્ષાને પૂરી કરવા આચરાતી હોય છે. વ્યવહાર-વર્તનમાં હિંસા મનુષ્યના અભિમાનને પોષવા, ભ્રમણાને સંતોષવા, સત્તાના મદને ઘેરી કરવા આચરાતી હોય છે. આ હિંસા સહુ પ્રથમ મનમાં આચરવામાં આવે છે અને અને પછી તે વર્તનમાં ઉતરે છે, જેટલી હિંસા મન કરે છે તેની અડધી અથવા અડધા કરતાં ઓછી હિંસા વ્યક્ત થતી હોય છે. એટલે મૂળતો મનને હિંસામય સ્વભાવથી મુક્ત કરવાનું છે. આહાર-આચાર અને મનને બને તેટલું પખાળવાનું છે. અહિંસા એ ચિંતન, વ્યાખ્યાન કે માત્ર પુસ્તકનો વિષય ન રહેલા લાઈફ સ્કીલ/ જીવન કૌશલ્યનો વિષય બને, એ આપણા રોજીંદા આચરણનો વિષય બને તો આપણો આ સહિયારો પ્રયત્ન સાકાર બને.

★★★

અહિંસા અંકના મૂળ બે વર્ષ મનમાં રોપાયેલાં હતા પણ કોઈ મેળ બેસતો નહોતો. એક દિવસ અતુલભાઈ દોશી સાથે આ સંબંધમાં વાત થઇ અને તેમને મને કહ્યું કે એક વિશેષાંક 'અહિંસા' વિષય પર થવો જોઈએ. બસ, ત્યારનો દિવસ અને આજની ઘડી, મને આ અંક માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાંથી ફંડ લાવવામાં મદદ કરવા ઉપરાંત, કેટલાક લેખો મેળવી આપવા અને જયારે અટકું કે થાકી જાઉં ત્યારે મદદ કરવા તૈયાર અતુલભાઈને આ વિશેષ અંક માટે ખાસ સ્મરું છું.

આ અંકના મુખપૃષ્ઠ પર અહિંસાને સર્વ ધર્મમાં શ્રેષ્ઠ કહીને મૂળ તો મનુષ્યત્વને જ મહત્વ આપવાની વાત કરી છે કારણ સર્વશ્રેષ્ઠ ધર્મ મનુષ્યત્વનું પ્રગટીકરણ છે. અને ધર્મ કોઈ રિવાજ કે આલમ્બનમાં નથી, ધર્મ મનુષ્યના વર્તનનું પ્રતિનિધિત્વ કરે છે અને એ માટે જ સતત વર્તન જાગૃતિને મહત્વ આપવાનું સૂઝે છે.

પ્રબુદ્ધજીવન પોતાના પૂર્વજોના પુણ્યકર્મોથી ઉજળું બન્યું છે. આ અંકને અનેક લેખકોએ સમૃદ્ધ કર્યું છે. હજી અનેક લેખો અને વિષયો બાકી રહ્યા છે. અહિંસાનો ઈતિહાસ, શાંતિના નોબેલ પારિતોષિક મેળવનાર વિશ્વના મહામાનવો- આ વિષય પર તો મેં જ લખવા ધાર્યું હતું પણ હાલ પૂરતી પહોંચી નથી શકી પરંતુ ભવિષ્યમાં આ લેખ લખાશે. અહિંસાનું અર્થશાસ્ત્ર, અહિંસા અને વિશ્વનો ઈતિહાસ, અહિંસાનું મનોવિજ્ઞાન આદિ વિષયો બાકી રહ્યા તો ડો. નરેશભાઈ વેદ, શ્રી મોહનભાઈ પટેલ અને શૈલેશભાઈ શાહ પાસેથી લેખ લઇ ભવિષ્યમાં આ અહિંસક વિચાર પ્રવાસ ચાલુ રાખવા પણ ધાર્યું છે. બીજી તરફ આ અંક માટે ખુબ જ છેલ્લી ઘડીએ એક નવો જ વિષય ધ્યાનમાં આવતાં પદ્મશ્રી ડો. કુમારપાળભાઈ દેસાઈએ રાતોરાત લેખ કરી આપ્યો, તેમને થયું કે આ વિષય તો સમકાલીન છે અને અંકમાં હોવો જ જોઈએ. અંકમાં 'અહિંસા ચાહે છે અદ્વૈત' લેખમાં એમને આજના વિશ્વને એક નવો જ રાહ દર્શાવ્યો છે. પ્રબુદ્ધ જીવન સામયિકમાં વધુને વધુ સમૃધ્ધિ આવે અને વાચક તેનો લાભ ઉઠાવે, એવી અપેક્ષાથી આ સર્જકો નિરંતર કાર્ય સતત ઉજાગરા વેઠીને પણ કરતાં હોય છે અને લેખ કરી આપે છે, આ સહુનો આભાર ન હોય પણ વંદન માત્ર.

આ વખતે અનેક પરીક્ષાઓમાંથી પસાર થવું પડ્યું અને પરિણામે ખુબ દોડાદોડીની વચ્ચે અમદાવાદથી પ્રવાસ છોડી પાછા વળવું પડ્યું, પણ તારીખ ઉપરાંતની અચાનકની મુશ્કેલીઓને કારણે કેટલીક ધારેલી બાબત ન થઇ શકી,સહાયકની અછતને કારણે આખા અંકની ઓડિયો બનાવી શકાઈ નથી. માત્ર કેટલાક લેખોની ઓડિયો લીંક મૂકી છે. આવનારા સમયમાં સંપૂર્ણ ઓડિયો લીંક પ્રબુદ્ધજીવનની વેબસાઈટ : 'http://prabuddhjeevan.in' અને સંઘની વેબસાઈટ પર મૂકવાનો પ્રયત્ન કરીશું. બીજા એક વિશેષ સમાચાર આપવાના કે ઉપર જે પ્રબુદ્ધ જીવનની વેબસાઈટ આપી છે તેના પર ૧૯૨૯થી આજ સુધીના અંકોની ડીજીટલ કોપી પ્રાપ્ત થશે અને લેખક અને વિષય પ્રમાણે જો કોઈ શોધ કરવી હશે તો પણ થશે.

આ બધાની વચ્ચે ૧૮મી એપ્રિલ ૨૦૧૯ના દિવસે જૈન વિચારણાની પ્રભાવક વિભૂતિ ચિત્રભાનુજી પોતાના દૈહિક સ્વરૂપને છોડે છે. તેમને વિદેશમાં જૈન ધર્મની જે સ્થાપના કરી તેમાં તેમનું અનન્ય પ્રદાન છે, તેમને કેટલાક ક્રાંતિકારી પગલાં લીધા. ઉપરાંત સંપૂર્ણ શાકાહારી ખોરાક અર્થાત વીગનના તેઓ પ્રચારક રહ્યા. તેમને વેજીટેરીયન સોસાયટીની સ્થાપન કરી, જેને યુવાનોને ઘણી રીતે તૈયાર કરવામાં મદદ કરી છે. પ્રસ્તુત અંકમાં એમના વિષયક એક લેખ લઇ શકાયો છે. જે મૂળ અંગ્રેજીમાં આવ્યો હતો, જેને ગુજરાતીમાં અનુવાદ કરી મૂક્યો છે.

સોનલબેન પરીખના પ્રસ્તાવથી નીલમબેને પણ કાલ્પનિક અંતિમ પત્ર લખી આપ્યો, સોનલબેને આ અંકના સંપાદક. તેમને આ કાર્યમાં મને જોડી એટલે તેમની સાથે કાર્ય કરવાનો અનેરી તક મળી તેનો આનંદ વ્યક્ત કરું છું.

★★★

Ahimsâ (Ahimsâ, alternatively spelled 'ahinsa', Sanskrit: अहिंसा IAST: ahimsâ, Pâli: avihimsâ) in **Jainism** is a fundamental principle forming the cornerstone of its ethics and doctrine. The term **ahimsa** means nonviolence, non-injury and absence of desire to harm any life forms.

While ancient scholars of Hinduism pioneered and over time perfected the principles of Ahimsa, the concept reached an extraordinary status in the ethical

philosophy of Jainism. Most popularly, **Mahatma Gandhi** strongly believed in the principle of ahimsa.

**Gandhi** took the religious principle **of ahimsa** (doing no harm) common to Buddhism, Hinduism and Jainism and turned it into a non-violent tool for mass action. He used it to fight not only colonial rule but social evils such as racial discrimination and untouchability as well.

A **Jain** has many restrictions when it comes to eating. The standard "**vegetarian**" does not cut it. In addition to not eating meat, **Jains** cannot eat eggs, gelatin, or even anything that grows underground. That includes potatoes, onions, and garlic!

અહિંસાનો અર્થ અને સંદર્ભ સમાયંતરે બદલાતો રહ્યો છે. આવનારા સમયમાં પણ એને નવી રીતે જોવાનો પ્રયત્ન થશે. તીર્થંકર પ્રભુથી ન્યુઝીલેન્ડની પ્રધાનમંત્રી જસીંડા આર્ડન સુધીના બદલાતા રૂપો અને છતાંય માનવીય સમાજ માટે ઉપકારક આ વ્યવહારનું મહત્વ આજથી વર્ષો પછી પણ રહેવાનું. એમાં કોઈ શંકા નથી, પણ આવા અંકો, આવા વિચારોનું દ્રઢીકરણ, એના પરની આપની શ્રધ્ધાને વધારે છે. એકવાર રોનાલ્ડે કહ્યું હતું કે અહિંસાની શોધ કરનાર નેપોલિયન કરતાં પણ મહાન હશે. અહિંસા એ મનુષ્ય જાતિ માટે, આજના વિશ્વ માટે એક નવી હકારાત્મક દિશા છે. અનેક નકારાત્મક પરિબળોની વચ્ચે આશા અને શ્રધ્ધાનો સૂર છે. મહત્વનું એ છે કે બુધ્ધિજીવી મનુષ્ય જે માત્ર લાગણીથી નહીં પણ તર્કથી વિચારે છે તેને અહિંસાને પોતાની સમજમાં ભેળવી, વર્તનનો ભાગ બનાવવાનો છે. એ જ આપણા સહુની આપણી સંસ્કૃતિ પ્રત્યેની સાચી સેવા હશે. સદ અને અસદ બંને છે, મારે કોને શરણ જવું એ મને ખબર છે. હું જાણું છું મારું સારું શેમાં છે, હું જાણું છું મારું ખરાબ કયા છે, મારે હવે મારું નહીં પણ આ સૃષ્ટિનું સારું જોઈ નિર્ણય લેવાનો છે કારણે એ જ નિર્ણય મારા માટે દીર્ઘકાળે ઉપયોગી બનશે. મારી આજુબાજુ જે જંગલ છે, જે નગર છે, ત્યાં ઘોંઘાટની વચ્ચે જે અવાજ આવી રહ્યો છે, તે સાંભળ, તને ન સંભળાય તો પણ પ્રયત્ન કર, તને આદત નથી, એ પસાર થઇ જતાં સાચા અવાજોની અને તેને પકડવાની. આદત પાડ, ટેવ પાડ, હવે તારે તારા સદને, તારા સત્વથી શોધવાનો છે, અહિંસા માત્ર ધર્મ નથી, અહિંસા એ જ સાચું કર્મ છે. તું તારા કર્મને ઓળખ.

★★★

મિત્રો, કેટલાક શબ્દો વપરાઈને એવા બોદા થઇ ગયા હોય છે કે જેને હવે વગાડીએ તો પણ કઈ અનુભૂતિ ન થાય- પ્રેમ, સત્ય, અહિંસા, કરુણા, સેવા આદિ. આજે અહિંસા શબ્દ સહુની શેખીનો વિષય બની ગયો છે, ત્યારે આમ તો ફરી એનું પુનરાવર્તન કરીને એક પડકાર જ સ્વીકાર્યો છે, પણ આ શબ્દની ચેતના અને મહાત્મય પાછું લાવવાનો આ નમ્ર પ્રયાસ છે. ગમશે તમને !

❑ **ડૉ. સેજલ શાહ**
Mobile : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨ થી રાતના ૯ સુધી)

## સામૂહિક અહિંસા - સહિષ્ણુતા

માનો કે, હું એક સંસ્થાનો વ્યવસ્થાપક છું. સંસ્થામાં એક સભ્ય ઘણા વખતથી રહે છે. પરંતુ તેમનામાં નિયમ-પાલનની વૃત્તિ નથી; આળસ, ક્રોધાદિ વિકાર ઘણા વધારે છે. તેમના આ દોષોને કારણે હું તેમને સંસ્થામાંથી રજા આપું છું. સંસ્થામાંથી કોઈને કાઢવો તો સહેલું છે, પરંતુ તેથી તેમને દોષમુક્ત થવામાં મદદ મળશે નહિ. બનશે એવું કે મેં દંડ-નીતિનો, હિંસાનો આશ્રય લીધો. તેને બદલે જો હું તેમના દોષો સહન કરતો રહું, તો તે દોષો કેમ નિવારી શકાય, તે વિશે હું ચિંતન કરી શકીશ. તેથી મારા ધ્યાનમાં આવશે કે (૧) તે સભ્ય પ્રત્યે મારા મનમાં જે અણગમો છે, તે દૂર થવો જોઈએ. (૨) તેમના તરફ મારા મનમાં પોતાપણું જન્મવું જોઈએ. તે મને મારા ભાઈ સમાન લાગવા જોઈએ. (૩) તેમના દોષોને દૂર કરવા સારું મારામાં રહેલા ક્રોધ, અહંકાર વગેરે દોષો ક્ષીણ થવા જોઈએ. (૪) હું નિયમ-પાલન કરું તેટલું બસ નથી; મારામાં વ્રત-નિયમ-નિષ્ઠા હોવી જોઈએ.

મારા સ્થૂળ, સૂક્ષ્મ જે કાંઈ દોષો હોય, તે જો દૂર ન થાય, તો પેલા સભ્યના પરિવર્તનની અપેક્ષા હું રાખી શકું નહિ. એટલા માટે મારે વધારે સાવધાન રહેવું જોઈએ. આ રીતે આત્મપરીક્ષણ અને સ્વચિત્તની શુદ્ધિ બાદ, જ્યારે આત્મીયતામાંથી પ્રેમનો આવિષ્કાર થશે, ત્યારે પરિવર્તનની પ્રક્રિયા પૂરી થશે. ચિત્તશુદ્ધિને લીધે દરેક ક્ષણે ઈશ્વરનું ભાન રહેશે, અહંકાર ક્ષીણ થશે, સૃષ્ટિ તરફ જોવાની ઈશ્વર-દૃષ્ટિ આત્મસાત્ થશે અને દૃષ્ટિ વ્યાપક બનશે. આ રીતે સહિષ્ણુતાથી સામૂહિક અહિંસાનો આરંભ થયો અને છેવટે તે ઈશ્વર-દૃષ્ટિ યાને વ્યાપક-દૃષ્ટિમાં પરિણમી, આમાં બેવડું કામ થયું : પોતાનું પરિવર્તન અને સમૂહનું પરિવર્તન, અહિંસાનો આ ચમત્કાર છે.

# આ અંકના વિદ્વાન સંપાદકો

## સોનલ પરીખ

સોનલબહેન પરીખ : કવિ, વાર્તાકાર, નવલકથાકાર, અનુવાદક, કટારલેખક, અનેક ક્ષેત્ર અને નિષ્ઠા ભારોભાર. સંવેદનથી ભરપુર પણ મક્કમ. તેમનાથી પ્રબુદ્ધ જીવનના વાચક પરિચિત. આ પૂર્વે પણ તેમને ગાંધીજી વિષયક બે વિશેષ અંકોનું સંપાદન કર્યું હતું. પ્રબુદ્ધ જીવનમાં 'ગાંધી વાચનયાત્રા' દ્વારા ગાંધીજી વિષયક પુસ્તકોનો પરિચય પણ કરાવે છે. નવનીત સમર્પણ, મણિભવન, મુંબઈ સર્વોદય મંડળ પછી જન્મભૂમિમાં કાર્યરત હતા. હવે ફ્રી લાન્સર તરીકે બેંગલોરથી કાર્ય કરે છે. જન્મભૂમિમાં તેમની આવતી નિયમિત કટાર તેમના વિશાળ વાંચનનો ખ્યાલ આપે છે, ઉપરાંત નવચેતન સામયિકમાં પણ નિયમિત લખે છે. મુનશી અને વિદ્યાભવન, ચંપારણ સત્યાગ્રહ, લોકમિલાપ, પત્રકારત્વ આદિ વિષયો પર પરિચય પુસ્તિકા પણ તેમને લખી છે. 'નિશાંત' (ગુર્જરી પુરુસ્કૃત) અને 'ઊઘડતી દિશાઓ' આ બે કાવ્યસંગ્રહ અને હાલમાં તેમના બે અનુવાદો, 'ગાંધી અને મુંબઈ સ્વરાજના પંથે' અને 'ગાંધી અને અનસ્પીકેબલ સત્યનો અંતિમ પ્રયોગ' ઉપરાંત ગાંધીજી અને મીરાં બહેન વિષયક પુસ્તક પ્રગટ થયા છે. તેમના અનુવાદના ૧૦થી વધુ પુસ્તકો અને ૩૦૦થી વધારે અવલોકનો પ્રગટ થયા છે.

પણ એમની સાથેનો મારો સંબધ એ પૂર્વેનો. મણિબહેન નાણાવટી કોલેજમાં એક વિશેષ વ્યાખ્યાન આપવાં તેઓ આવ્યાં હતા ત્યારે તેમનાં સરળ-સહજ અને સૌમ્ય વ્યક્તિત્વનો પરિચય થયો. તેમના જીવનના આદર્શ કોણ તેનો જવાબ આપતાં તેઓ કહે છે કે મને મહાત્મા ગાંધી પારદર્શિતા, મૌલિકતા, નિર્ભયતા માટે ગમે, સાથે શ્રીમદ, બુદ્ધ, ઈસુ, કૃષ્ણ અને શિવ માટે પણ ભાવ. તેમને પોઝેટીવ અને ક્રિએટીવ રહેવું ગમે છે. પોતાના કાર્ય અને પ્રવાસમાં રત સોનલબહેન સતત કોઈને કોઈ નવીન કાર્ય સાથે જોડાયેલા હોય. ગાંધી પરિવારના વંશજ સોનલબેન તેમની કાર્યનિષ્ઠા અને કાર્યદક્ષતાથી આટલું સુંદર કાર્ય કરી રહ્યા છે. પરંતુ આ વ્યસ્તતાની વચ્ચે અંકના સંપાદનનું કાર્ય સ્વીકાર્યું અને મને સાથ આપ્યો, એ માટે જેટલો આભાર માનું તેટલો ઓછો.

**સેજલ શાહ**

## સેજલ શાહ

૧૯ વર્ષથી મણિબહેન નાણાવટી વિમેન્સ કોલેજ વિલેપાર્લેમાં અધ્યાપન કરતા અને ત્રણ વર્ષથી 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ સંભાળતા ડૉ. સેજલ શાહ એક સૌમ્ય અને સમર્થ વિદૂષી છે. એમના કાર્યમાં સર્જનાત્મકતા, નક્કરતા અને વૈવિધ્ય છે. 'પ્રબુદ્ધ જીવન'ના એમના તંત્રી લેખોનું પુસ્તક એમની ભીતર ચાલતા આધ્યાત્મિક વહેણોનો સુંદર પરિચય આપે છે. પીએચ.ડી ના મહાનિબંધ માટે એમણે પસંદ કરેલો 'આંતર કૃતિત્વ' વિષય એમની સર્જનાત્મક ઊંચાઈ દેખાડે છે તો 'મુઠ્ઠી ભીતર આઝાદી' 'જૈન સાહિત્ય વિમર્શ' કે 'ગમતાનો કરીએ ગુલાલ' જેવાં સંપાદનોમાં એમની સમાજ અને ધર્મશ્રદ્ધા પ્રત્યેની નિસબત છતી થાય છે. 'પ્રબુદ્ધ જીવન'ને એમણે નવું પરિમાણ આપવા સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે અને સાચવવા, વાંચવા અને વહેંચવા ગમે તેવા વિવિધ અને શ્રદ્ધેય વિશેષાંકો આપ્યાં છે.

**સોનલ પરીખ**

## આ અંકના સંપાદકનું ચિંતન :

# આપણી પાસે બે જ વિકલ્પ છે - અહિંસા અને સર્વનાશ

**સોનલ પરીખ**

**એ**કવીસમી સદીના પહેલા બે દાયકા પૂરા થવામાં છે. આતંકવાદ, અસહિષ્ણુતા અને કટ્ટરતા દેશ-દુનિયાને ઘમરોળી રહ્યા છે; પ્રદૂષણ, ગરીબી અને વસતીવધારો જેવા પડકારોની વચ્ચે માનવજાત કેટલા શ્વાસ લઈ શકશે એ નક્કી થઈ શકતું નથી. આવા વખતે અહિંસાની વાતો કરવાથી શો લાભ એવો પ્રશ્ન ચોક્કસ થાય. આ પ્રશ્નનો જવાબ એ છે કે અહિંસાની વાતો કરવાથી ક્યારેય કશો લાભ થતો નથી. લાભ તો ત્યારે થાય છે જ્યારે અહિંસાનું આચરણ થાય, અહિંસા સ્વભાવમાં વણાય, અહિંસાની સંસ્કૃતિ બને. જો આમ થશે તો દુનિયાનું, માનવજાતનું કંઈક ભવિષ્ય છે. બાકી તો સ્થિતિ એ છે કે આજે આપણે પસંદગી હિંસા અને અહિંસા વચ્ચે નહીં, અહિંસા અને સર્વનાશ વચ્ચે કરવાની રહી છે. વિકલ્પ બે જ છે - કાં તો દુનિયા અહિંસક બનશે અથવા તો નષ્ટ થઈ જશે.

તો અહિંસાને સમજવી પડશે. અહિંસાનો શાબ્દિક અર્થ જોઈએ. અહિંસા એટલે હિંસા ન કરવી - કોઈ પણ જીવને આપણા વિચાર, વાણી કે વર્તનથી કોઈ હાનિ ન કરવી. કોઈનું અહિત ન વિચારવું. યોગસૂત્રમાં કહ્યું છે કે અહિંસા સર્વથા સર્વદા સર્વભૂતાનામ્ અનભિદ્રોહ. સર્વથા એટલે દરેક રીતે - મનસા, વાચા, કર્મણા. સત્યનો મહિમા અને શ્રેષ્ઠતા શાશ્વત છે, પણ માનવમતિએ પ્રમાણેલું સત્ય, સત્ય કરતાં સત્યાભાસ વિશેષ છે. જે છે તેનું મન-વચન-કર્મ દ્વારા પ્રગટ થવું કે એ જો સત્ય હોય તો એ પ્રગટીકરણ પણ પ્રવૃત્ત થાય ત્યારે સર્વનાં હિત અર્થે જ થાય છે, એટલે સત્યની કસોટી પણ અહિંસા જ છે તે સ્વીકારવું પડે છે.

જૈન ધર્મમાં અહિંસા એટલે સર્વ જીવો પ્રત્યે સંયમપૂર્ણ વ્યવહાર. સાથે જૈન આચાર્યોએ એમ પણ કહ્યું છે કે આત્મપરિણતિને બગાડનારા સર્વ વિકાર હિંસા જ છે. રાગદ્વેષનો પ્રદુર્ભાવ પણ હિંસા જ છે. વધારે સૂક્ષ્મતાથી જોઈએ તો હિંસાથી વિરત થવું કે હિંસામાં પરિણત થવું એ બંને હિંસા છે. અહિંસા આત્માની પૂર્ણ વિશુદ્ધ સ્થિતિ છે, પણ તે મોહથી આવૃત્ત હોય છે. આ આવરણ જેટલું હટે તેટલું અહિંસાનું દર્શન થાય છે. આ આવરણનો જેટલો નાશ થાય છે તેટલો અહિંસાનો વિકાસ થાય છે.

બૌદ્ધ અહિંસાનો પ્રભાવ ઘણો વ્યાપક હતો. મધ્ય એશિયાની અનેક રક્તપિપાસુ જાતિઓ બૌદ્ધ ધર્મના પ્રભાવથી પ્રેમ અને દયા તરફ વળી. બૌદ્ધ ધર્મમાં કરુણાનો અદ્ભુત વિચાર છે. દયામાં માનવી દૂરથી, ઉપર રહીને દયાપાત્ર વ્યક્તિને જુએ છે. જ્યારે કરુણામાં સમસંવેદન છે, પ્રેમ છે.

એક સ્રોત મુજબ ખ્રિસ્તીઓ અહિંસા તરફ વળ્યા તેની પાછળ પણ બૌદ્ધ ધર્મનો પ્રભાવ હતો. ઈશુએ જે આત્મોત્સર્ગ કર્યો તે અહિંસાનું ચરમ ઉદાહરણ છે. તેમણે પોતાના હત્યારાઓને સન્મતિ મળે તેવી પ્રાર્થના કરી અને પોતાના શિષ્યોને કહ્યું કે કોઈ એક ગાલ પર તમાચો મારે તો બીજો ગાલ ધરજો. ટૉલ્સટૉય અને ગાંધીજી બન્ને ઈશુના આ આચરણ અને ઉપદેશથી ઘણા પ્રભાવિત હતા.

ગાંધીજીની અહિંસા જુદી હતી. તેમણે કહ્યું કે તેમનો વિરોધ અન્યાય સામે છે. અન્યાય કરનાર સામે નહીં. અન્યાય કરનાર અસત્થી આવૃત્ત હોવાને કારણે પ્રેમનો અધિકારી છે, હિંસાનો કદાપિ નહીં. એટલે તો અસહકાર આંદોલન ટોચ પર હતું ત્યારે ચોરીચૌરા બનાવ પછી ગાંધીજીએ આંદોલન પાછું ખેંચ્યું હતું.

ગઈ સદીએ વિશ્વયુદ્ધો અને અણુબૉમ્બ રૂપે હિંસા જોઈ છે. તો ગાંધીજી, માર્ટિન લ્યૂથર કિંગ જ્યુનિયર, સૂ-કી, નૅલ્સન માંડેલા જેવાઓના રૂપમાં અહિંસા પણ જોઈ છે. સમજીએ તો અહિંસા એ નિષ્ક્રિયતા, નિર્બળતા, કાયરતા કે ભયભીત હોવાની સ્થિતિ નથી. અહિંસા એટલે પશુબળની સામે આત્મબળ લઈને ઊભા રહેવું. અહિંસા એટલે ક્રૂર વ્યક્તિમાં ક્યાંક વસતા માનવમાં વિશ્વાસ કરવો. અહિંસા એટલે અન્યાયીને અન્યાય ન કરવો, પણ તેણે કરેલા અન્યાયને તાબે થવાનો ઈનકાર કરવો. અહિંસા એટલે પોતાને કે અન્યને કોઈ હાનિ ન પહોંચાડવી.

ગાંધીજી અહિંસાની વાત લાવ્યા ત્યારે કોઈએ પૂછ્યું હતું, 'અહિંસા એક કારગત ઉપાય છે એમ તમે કહો છો?' ત્યારે ગાંધીજીએ કહ્યું કે 'ના, અહિંસા એકમાત્ર કારગત ઉપાય છે એમ હું કહું છું.' તેઓ એમ પણ કહેતા કે સત્ય અને અહિંસા તો આ પૃથ્વી અને આ પર્વતો જેટલાં જૂનાં છે. અને એથીય આગળ જતા - અહિંસા સૌથી મહાન, સૌથી સક્રિય, સૌથી સમર્થ અને સૌથી વધુ પૉઝિટિવ ઊર્જા છે. તેનામાં વિદ્યુત કરતાં પણ વધારે શક્તિ છે. આ માત્ર મારી માન્યતા નથી. અહિંસાનું એક શાસ્ત્ર છે, એક વિજ્ઞાન છે - અને વીજળીના ઝબકારામાં મોતી પરોવી દેતા, 'સબ સે પહલી હિંસા, દૂસરે કો દૂસરા માનને સે શુરુ હોતી હૈ'

લોકોને ભયમુક્ત કરવા અને તેમનામાં હિંમત ભરવી એ અહિંસાનો અર્ક છે. આધુનિક કાળમાં અહિંસાને સામાજિક અને રાજકીય પરિવર્તન કરવાનું સક્રિય અને સબળ સાધન માનવામાં આવે છે. અહિંસાને 'ધ પોલિટિક્સ ઑફ ઓર્ડિનરી પીપલ' તરીકે પણ વર્ણવવામાં આવે છે. ગાંધીજી તો તેને શસ્ત્ર પણ કહે છે - એવું ન્યાયપૂર્ણ અને શક્તિશાળી શસ્ત્ર જે ઘા કર્યા વિના નિશાન સાધે છે અને તેને વાપરનારને ઉમદા બનાવે છે. આ શસ્ત્રની શક્તિ ભારતના

સ્વાતંત્ર્યસંગ્રામ, માર્ટિન લ્યૂથર કિંગની સિવિલ રાઇટ્સ મુવમેન્ટ કે ફિલિપાઇન્સની પીપલ પાવર રિવૉલ્યુશનમાં સાબિત થઇ છે. વીસમી સદીમાં અહિંસાની શક્તિ પર વિશ્વાસ જાગ્યો છે. એકવીસમી સદીમાં આ વિશ્વાસ સલામત રહેશે ? નિષ્ણાતો કહે છે કે અહિંસક પ્રતિકારને જોઇએ તેટલું મહત્ત્વ મળ્યું નથી. હિંસાનાં પરિણામ જલદી દેખાય તેવા હોય છે, પણ તે નક્કર નથી હોતાં; જ્યારે અહિંસાનાં પરિણામ ધીમાં પણ નક્કર હોય છે. અહિંસાના માર્ગમાં હિંસાનો પડાવ આવે છે, પણ તેને પડાવ તરીકે જોઇએ તો જ અહિંસાના ગતિશીલ અને ઊર્જસ્વી પ્રભાવનો ખરો ખ્યાલ આવે. આ નિરીક્ષણ ધ્યાનમાં રાખવા જેવું છે.

ગાંધીજીની અહિંસામાં સાધ્ય જેટલું વિશુદ્ધ હોય તેટલું જ વિશુદ્ધ સાધન હોવું એ પહેલી શરત છે. શાંતિમય સહઅસ્તિત્વ જોઇતું હોય ને માર્ગ હિંસાનો અપનાવીએ તે ન ચાલે. ગાંધીની બીજી શરત વિરોધીને પ્રેમ કરવાની છે. કર્તા અને કાર્યને અલગ જોતી આ રીત કર્તામાં પરિવર્તનની શક્યતાને હંમેશાં ખુલ્લી રાખે છે. વિરોધીને મારવાનો તો નથી જ, પણ તેને ધિક્કારવાનો પણ નથી. ગાંધીજીની અહિંસાના કેન્દ્રમાં સત્ય છે. ગાંધીજી સત્યને એક શાશ્વત અને બુદ્ધિની પકડમાં ન આવતા અનેકપરિમાણીય તત્ત્વ તરીકે જુએ છે. આનો અર્થ એ કે દરેક - વિરોધી પણ - પોતાના સત્યનો ટુકડો લઇને ચાલે છે. અન્યના સત્યને જોવાની તૈયારી એ મહત્ સત્ય તરફ આગળ વધવાની નિશાની છે.

આતંકવાદ સામે અહિંસાથી કેવી રીતે કામ લેવું એવો પ્રશ્ન વારંવાર પૂછવામાં આવે છે. જવાબ મુશ્કેલ છે. કારણ કે અહિંસાની વાત સભ્ય સમાજમાં જ કરી શકાય. આતંકવાદ એક અસામાજિક બાબત છે. હિટલરના કૉન્સન્ટ્રેશન કેમ્પમાં અહિંસાની વાત થઇ શકે ? અહિંસાની આ મર્યાદા સ્વીકારવી રહી, પણ કૉન્સન્ટ્રેશન કૅમ્પમાં રહી આવેલા વિક્ટર ફ્રેન્કલ નામના મનોચિકિત્સકને કૅમ્પના અમાનુષી અત્યાચારો વચ્ચે જ એ સત્ય મળ્યું હતું કે પરિસ્થિતિ કે લોકો ગમે તેટલા ભયાનક હોય, તે માણસ પાસેથી અત્યાચારનો સામનો પોતાની રીતે કરવાની સ્વતંત્રતા છીનવી શકતા નથી. તેણે જોયું હતું કે કૅમ્પમાં અત્યાચાર તો બધા પર થતા, પણ અમુક લોકો અત્યાચારો સહેતા સહેતા ક્રૂર બની જતા, અમુક જડ થઇ જતા, અમુક નિર્બળ બનતા અને અમુક કરુણાનો સાચો અર્થ શીખતા. સાંજ પડ્યે ક્રૂર બનેલા લોકો પોતાનાથી નબળા પર દાદાગીરી કરતા ને નબળા બનેલા લોકો રડતા રહેતા ત્યારે કરુણાવાન બનેલા લોકો પોતાનાથી વધુ ભૂખ્યાને પોતાનો બ્રેડનો ટુકડો આપતા, રડતાને સાંત્વન આપતા ને બીમાર પાસે જઇ પ્રાર્થના કરતા. એટલે એ વાત બહુ મહત્ત્વની છે કે પરિસ્થિતિ પર કે માણસો પર આપણો કાબૂ ન હોય તો પણ તેનો પ્રતિભાવ આપવાનું આપણા જ હાથમાં છે. આ પ્રતીતિથી અંદરનું ને બહારનું જગત બદલાઇ જાય છે.

આજે એકવીસમી સદીમાં અહિંસા કેટલી પ્રસ્તુત છે ? આ સવાલ પણ વારંવાર પુછાય છે. જવાબ એક જ છે, આજે એકવીસમી સદીમાં અહિંસા જેટલી પ્રસ્તુત છે તેટલી પહેલા ક્યારેય ન હતી. આજનું જીવન સ્પર્ધાત્મક છે, જટિલ છે. અહિંસાની સંસ્કૃતિ નહીં અપનાવીએ તો આપણે બચવા પામવાના નથી. અહિંસાની સંસ્કૃતિ એટલે પ્રેમની સંસ્કૃતિ. અહિંસાની સંસ્કૃતિ એટલે સ્વીકારની, સમભાવની, સદ્ભાવની સંસ્કૃતિ.

એકવીસમી સદીના પહેલા દાયકાને એટલે કે ૨૦૦૧થી ૨૦૧૦ના દશકને યુએન દ્વારા 'વિશ્વનાં બાળકો માટે શાંતિ અને અહિંસાની સંસ્કૃતિને સમર્થન આપતો આંતરરાષ્ટ્રીય દાયકો' ઘોષિત કરવામાં આવ્યો છે. આમાં 'વિશ્વનાં બાળકો માટે' શબ્દો મહત્ત્વના છે. જો વિશ્વનાં બાળકોને જિવાડવા હોય, તેમને માનવ બનાવી રાખવા હોય તો તેમને માટે શાંતિ અને અહિંસાની સંસ્કૃતિ સિવાય કોઇ વિકલ્પ નથી, એ સત્ય દરેક માનવી પોતાની અંદર સમજે જ છે.

પ્રબુદ્ધ વાચકોને 'અહિંસા અંક' આપવા પાછળ આવા બધા વિચારો રહ્યા છે. વિદ્વાન લેખકોએ પોતપોતાના મુદ્દા વિશદ રીતે રજૂ કરીને અમને ન્યાલ કર્યા છે. સૌ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

❑❑❑

સંપર્ક : ૯૨૨૧૪૦૦૬૮૮

## દેહાશક્તિથી બેવડી હિંસા

આ ઉપરાંત આપણાથી માનસિક હિંસા પણ થાય છે. ક્રોધ, દ્વેષ, ઈર્ષા, મત્સર, કામ વગેરે વિકારોનો આર્વિભાવ માનસિક હિંસા છે. વિકારમાત્ર હિંસા છે. કેમકે તેમાં દેહાશક્તિ છે. શંકરાચાર્ય કહે છે, ''સ્વયં આત્મ-સ્વરૂપ હોવા છતાં પણ અજ્ઞાન લોકો આત્માનો તિરસ્કાર કરીને આત્મા નથી એવા દેહને જ પોતાનું સ્વરૂપ સમજે છે; અને ધર્માધર્મ-રૂપ કર્મોના ફળ-સ્વરૂપ પ્રાપ્ત દેહને કર્મો દ્વારા જ નષ્ટ કરીને, બીજો નવો દેહ ધારણ કરે છે. પછી તેને નષ્ટ કરી ત્રીજો, ચોથો દેહ ધારણ કરે છે. આમ અનેક દેહ ધારણ કરી તેનો નાશ પણ કરી દે છે. અર્થાત્ પોતાના સ્વરૂપ તરીકે માનેલા દેહની હિંસા કરે છે તેમજ પોતાનું યથાર્થ સ્વરૂપ, જે આત્મા છે, તેનું જ્ઞાન ન હોવાથી, તેનો તિરસ્કાર કરતા આત્માની પણ હિંસા કરે છે.'' (ગીતાભાષ્ય : અધ્યાય ૧૩, શ્લોક - ૨૮) આ રીતે બેવડી હિંસા થઈ. આત્માને દેહ માનવો અને દેહને આત્મા માનવો, એ બેવડું અસત્ય પણ થયું. આમ દેહાશક્તિમાંથી બેવડી હિંસા પોષાશે. આ કારણે દેહાશક્તિ મુખ્ય હિંસા છે - હિંસાનું મૂળ કારણ છે.

# અહિંસાની વિજયગાથા : 'અ ફૉર્સ મોર પાવરફૂલ'

સોનલ પરીખ

'તમે અમને પકડી રહ્યા છો, કદાચ મારી પણ નાખશો. પણ યાદ રાખજો, આમ કરીને તમે તમારી જ કબર પર ખીલી ખોડી છે. આ અમારી નહીં, તમારી હારની ક્ષણ છે...' આ શબ્દો છે પોલાન્ડના લેબર યુનિયન 'સોલિડારિટી'ના નેતા લૅક વૉલેસાના. જ્યારે પોલાન્ડની સામ્યવાદી સરકારે એમને જેલમાં પૂર્યા ત્યારે તેમણે આ શબ્દો કહ્યા હતા. જેલમાંથી છૂટ્યા પછી તેમણે પોતાની ચળવળ ચાલુ રાખી હતી. સાત વર્ષ પછી સરકારે તેમને મંત્રણા માટે બોલાવ્યા. ૧૯૯૦માં સામ્યવાદી સરકાર ઊથલી પડી હતી અને લૅક વૉલેસા પોલાન્ડના પ્રમુખ હતા. એક પણ ગોળી ચલાવ્યા વિના તેમણે આ વિજય મેળવ્યો હતો. આ સંગઠિત અહિંસક શક્તિએ આપખુદી પર મેળવેલો વિજય હતો.

લૅક વૉલેસાને શાંતિ માટેનું નોબેલ ઇનામ મળ્યું હતું. શાંતિ માટેનું નોબેલ ઇનામ એલિ વિઝેલને પણ મળ્યું હતું. હિટલરના યહૂદી નરસંહારમાં એલિ વિઝેલે તેમનાં માતા-પિતા અને બહેનને ગુમાવ્યાં હતાં. પોતે પણ કૉન્સન્ટ્રેશન કૅમ્પની યાતના વેઠી હતી. આમ છતાં તેમણે જર્મનો પ્રત્યે વેરભાવ સેવ્યો નહીં અને જીવનભર શાંતિકાર્યો કર્યાં.

હિંસા પર અહિંસાના વિજયનાં આવાં અનેક ઉદાહરણ મળે. વીસમી સદી દુનિયાના ઇતિહાસમાં કદાચ સૌથી વધારે લોહિયાળ હતી. આ સદીમાં માનવજાત અણુબૉમ્બના મહાવિનાશ અને હૉલોકાસ્ટની સાક્ષી બની. આ સદીએ બે બે વિશ્વયુદ્ધો જોયાં. વિશ્વયુદ્ધો પહેલાં, દરમ્યાન અને પછી નાનામોટા વિગ્રહ અને આંતરવિગ્રહ પણ થયા, પણ આ બધાની વચ્ચે અહિંસક લડતો પણ ચાલતી રહી. દુનિયાએ એ પણ જોયું કે અહિંસાની સંગઠિત શક્તિ જુલમી શાસકો અને આપખુદ સરકારોને ઊથલાવી શકે છે, જાલિમ લશ્કરોને હરાવી શકે છે અને માનવઅધિકારોને હણતી સત્તાલાલચુ રાજકીય વ્યવસ્થાનો અંત આણી શકે છે. 'અ ફૉર્સ મોર પાવરફૂલ - અ સેન્ચુરી ઑફ નૉનવાયોલન્ટ કૉન્ફ્લિક્ટ' પુસ્તક અને શ્રેણી, વીસમી સદીમાં થયેલા આવા અહિંસક સંગ્રામોની અને અહિંસાની વિજયગાથાની સત્યઘટનાઓ વર્ણવે છે. કાદવમાં કમળ ખીલે તેમ ક્રૂર રક્તપાતોની વચ્ચે ખીલેલા અહિંસાનાં આ પુષ્પો પર વારી ગયા વિના રહી શકાય નહીં.

'અ ફૉર્સ મોર પાવરફૂલ' પુસ્તક ૨૦૦૦માં પ્રગટ થયું. તેના લેખકો છે પીટર અકરમન અને જૅક દ-વાલ. તેનાં પ્રકરણોમાં રશિયા, પૉલેન્ડ, ભારત, રુર, ડૅન્માર્ક, કૉપનહેગન, ચીલી, આર્જેન્ટિના, નૅશવિલે, દક્ષિણ આફ્રિકા, મનીલા, ઇઝરાયેલ, પૂર્વ યુરોપ, મોંગૉલિયા વગેરે સ્થળે થયેલી અહિંસક લડતોનાં આલેખન છે. જ્યાં જ્યાં આ લડતો થઈ તેના નકશા પણ આપવામાં આવ્યા છે. આ જ નામની શ્રેણીમાં ૮૪ મિનિટની બે કૉમ્પેક્ટ ડિસ્કમાં અહિંસક લડતોના છ બનાવ આપવામાં આવ્યા છે. આ છે વીસમી સદીની 'મોસ્ટ ઇમ્પૉર્ટન્ટ બટ લિસ્ટ અન્ડરસ્ટૂડ' વાતો, જેમાં અહિંસાની તાકાતે આપખુદ શાસન પર જીત મેળવી છે. આ ફિલ્મ આઉટસ્ટેન્ડિંગ હિસ્ટોરિકલ ફિલ્મ કૅટેગરીમાં એમિ નૉમિનેટેડ રહી ચૂકી છે અને અંગ્રેજી, અરેબિક, બર્મિઝ, ફ્રેન્ચ, હિબ્રુ, ઇન્ડોનેશિયન, ઇટાલિયન, નેપાળી, પૉલિશ, રશિયન, સ્પૅનિશ, વિયેતનામી અને ગુજરાતી ભાષામાં યુટ્યુબ પર ઉપલબ્ધ છે. તેને બનાવનાર છે સ્ટીવ યૉર્ક.

આ સીડીમાં જે છ બનાવો સમાવિષ્ટ છે તે નીચે મુજબ છે :

- **'વી આર વૉરિયર્સ'** : ટેનિસીના નૅશવિલેમાં રંગભેદ વિરુદ્ધ વિદ્યાર્થીઓની સીટ-ઇન મુવમેન્ટ (૧૯૫૦-૧૯૬૦)
- **'ડિફાઇંગ ધ ક્રાઉન'** : બ્રિટિશ શાસન સામે ગાંધીજીની લડત (૧૯૩૦-૩૧)
- **'ફ્રિડમ ઇન અવર લાઇફટાઇમ'** : દક્ષિણ આફ્રિકામાં રંગભેદ વિરુદ્ધની લડત (૧૯૮૪-૮૫)
- **'લિવિંગ વિથ ધ એનિમી'** : નાઝી આક્રમકો સામે ડૅન્માર્કમાં ચાલેલી લડત (૧૯૪૦-૧૯૪૪)
- **'વી હૅવ કૉટ ગૉડ બાય ધ આર્મ'** : પોલાન્ડની સોલિડારિટી મુવમેન્ટ (૧૯૮૦)
- **'ડિફિટ ઑફ ધ ડિક્ટેટર'** : ચીલીના સરમુખત્યાર જનરલ ઑગસ્ટો પિનોશેટ સામેની લોકશાહી લડત (૧૯૮૩-૮૪)

વિશ્વના જુદા જુદા સ્થળે બનેલી આ દરેક ઘટના પાછળ એક જ સત્ય રહેલું છે કે અહિંસક બળમાં આપખુદ શોષણખોર સત્તાને નમાવવાની તાકાત છે. આ ઘટનાઓમાં સમયાનુક્રમની રીતે પહેલી ઘટના ભારતની દાંડીકૂચની છે. તેની નોંધ વિશ્વભરે લીધી હતી. એટલે દાંડીકૂચની અસર એ પછી બનેલી બાકીની બધી ઘટનાઓ પર ઓછેવત્તે અંશે રહી છે એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી. અહીં ફિલ્મમાં અપાયેલા ક્રમનું અનુસરણ કરી એ મુજબનો ઘટનાક્રમ આપ્યો છે. આ બધા બનાવોની ટૂંકી વિગત જોઈએ.

**'વી આર વૉરિયસ' : ટેનિસીના નૅશવિલેમાં રંગભેદ વિરુદ્ધ વિદ્યાર્થીઓની સીટ-ઇન મુવમેન્ટ (૧૯૫૦-૧૯૬૦)** - સવર્ણો-દલિતોના પ્રશ્નનો આપણને અનુભવ છે, તેમ છતાં અમેરિકામાં પ્રવર્તતા રંગભેદનો અંદાજ આપણને આવવો મુશ્કેલ છે. અમેરિકાની સુપ્રીમ કૉર્ટે ૧૮૯૬માં રંગભેદનો બંધારણીય સ્વીકાર કરીને શ્યામ લોકોને 'સેપરેટ બટ ઇક્વલ' એવું સ્ટેટસ આપ્યું હતું તેને લીધે

યુએસમાં ખુલ્લેઆમ સેગ્રીગેશન(રંગભેદ) પ્રવર્તતો હતો. ગરીબ સ્કૂલો, ગરીબ ચર્ચ, જાહેરમાં અપમાન, જોબ ન મળે.

અમેરિકાના ટેનિસી સ્ટેટનું પાટનગર નૅશવિલે ૧૭૭૯માં સ્થપાયેલું. વીસમી સદીમાં તે આફ્રિકન અમેરિકનોનું મુખ્ય શહેર બન્યું હતું, પણ રંગભેદનું જોર પુષ્કળ હતું. ૧૯૫૮માં ત્યાં નૅશવિલે ક્રિશ્ચન લીડરશિપ કાઉન્સિલ બની, તેણે આ પ્રશ્નનો અહિંસક પદ્ધતિથી સામનો કરવાનું નક્કી કર્યું. તેના મુખ્ય નેતા જૅમ્સ લોસન ભારતમાં મિશનરી હતા અને ત્યાં અહિંસક અસહકાર શીખ્યા હતા. તેમની વર્કશૉપોએ લોકોમાં જાગૃતિ ફેલાવી હતી. શ્યામ વિદ્યાર્થીઓ સતત ધાકમાં જીવતા. ડિપાર્ટમેન્ટલ સ્ટોરોમાં તેઓ ખાવાનું ખરીદી શકે, પણ લંચ કાઉન્ટર પર બેસીને ખાઇ ન શકે. કાઉન્સિલના સભ્યો ડિપાર્ટમેન્ટલ સ્ટોરોના માલિકોને મળ્યા અને આવો ભેદભાવ ન કરવા વિનંતી કરી. સ્ટોરમાલિકો માન્યા નહીં એટલે તેમણે અહિંસક વિરોધ કરવાનું નક્કી કર્યું. શ્યામ વિદ્યાર્થીઓનાં નાનાં જૂથોએ એકસાથે દસ લંચ કાઉન્ટર પર બેસીને ખાવાનું શરૂ કર્યું. તેમને સૂચના હતી, 'અપમાન ખમી લેજો, માર સહી લેજો, ઉશ્કેરાતા નહીં, પૂછે તો શાંતિથી સમજાવજો. તમારી સીટ છોડતા નહીં ને ઇસુ, ગાંધી અને માર્ટિન લ્યુથર કિંગનો સંદેશો ભૂલતા નહીં કે પ્રેમ અને અહિંસા એ જ માર્ગ છે.' પોલીસ આવી ને ૧૫૦ વિદ્યાર્થીઓને પકડી જેલમાં પૂર્યા. સાંજે ૪૦૦૦ શ્યામ લોકોનું સરઘસ નીકળ્યું. દેખાવો ચાલુ રહ્યા. સીટ-ઇન મુવમેન્ટ અન્ય સ્થળે પણ ફેલાઇ. અંતે મેયરને લંચ કાઉન્ટર 'ડિસેગ્રીગેટેડ' કરવાની ફરજ પડી.

જોકે ભેદભાવ તે પછી પણ ૧૯૬૪માં સિવિલ રાઇટ્સ ઍક્ટ બન્યો ત્યાં સુધી ચાલુ રહ્યો. સિવિલ રાઇટ્સ મુવમેન્ટમાં નૅશવિલેના ઘણા સીટ-ઇન્સ હતા.

'ડિફાઈંગ ધ ક્રાઉન' : **બ્રિટિશ શાસન સામે ગાંધીજીની લડત (૧૯૩૦-૩૧)** - દાંડીકૂચ ભારતના અહિંસક સ્વાતંત્ર્યસંગ્રામનો મહત્ત્વનો પડાવ છે. આ ફિલ્મ દાંડીકૂચને કેન્દ્રમાં રાખે છે અને આ બાજુ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ રંગભેદ વિરુદ્ધ ચલાવેલી લડત અને પેલી બાજુ ભારતને મળેલી સ્વતંત્રતા સુધી લંબાય છે. ગાંધીજી કહેતા, 'બ્રિટિશને શાપ ન આપો. એમણે ભારતને જીત્યું નથી, આપણે જ એમને એમ કરવા દીધું છે. થોડાક હજાર અંગ્રેજો કરોડો ભારતીયો પર, ભારતમાં આવીને શાસન કેવી રીતે કરી શકે ? ભારતના સહકાર વગર આમ થાય જ નહીં. એટલે ઉપાય એ છે કે આપણે અંગ્રેજ સરકારને સાથ ન આપીએ.' તેઓ ભારતને અને અંગ્રેજોને બરાબર સમજ્યા હતા. ચાર અઠવાડિયા બરાબર વિચારીને તેમણે મીઠાના સત્યાગ્રહનો કાર્યક્રમ આપ્યો. લેખો લખ્યા, ભાષણો કર્યાં. વાઇસરૉયને પત્ર લખ્યો. વાઇસરૉયે સરખા જવાબ આપ્યા નહીં.

૧૯૩૦ની ૧૨ માર્ચથી, એરેસ્ટ થવાની તૈયારી સાથે, ન્યાય માટેની અહિંસક લડતના પ્રતીક સમી દાંડીયાત્રા શરૂ થઇ. ૬ એપ્રિલે મીઠાનો કાયદો તોડ્યો. મીઠું બહુ શક્તિશાળી પ્રતીક સાબિત થયું. તેમણે દેશની દુઃખતી રગ દબાવી હતી. લોકો ઝાલ્યા ન રહ્યા. ઠેરઠેર સત્યાગ્રહો થયા. વીસ હજાર લોકો જેલમાં ગયા. બહાર હતા તે બહિષ્કાર કરતા રહ્યા. સરકાર મુશ્કેલીમાં મુકાઇ - ગાંધીને પકડે તો લોકોનો જુવાળ ખાળવો મુશ્કેલ બને ને ન પકડે તો બ્રિટિશ કંટ્રોલ જાય. વિશ્વનાં હજારો છાપાંએ આખી ઘટનાની તલસ્પર્શી નોંધ લીધી.

૪ મેએ તેમની ધરપકડ થઇ. જાન્યુઆરી ૧૯૩૧માં તેમને છોડ્યા. ફેબ્રુઆરીમાં ગાંધી-અર્વિન મંત્રણા થઇ. લડતને વિરામ અપાયો. ૧૯૩૨ના જાન્યુઆરી મહિનામાં લડત ફરીથી શરૂ થઇ. સ્વતંત્રતા છેક ૧૯૪૭માં મળી, પણ દાંડીકૂચથી બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચી ગયા. લોકોમાં હિંમત આવી. ગાંધીજીનું ધૈર્ય અખૂટ હતું. 'એક પગલામાં બધું હાંસલ ન થાય' તેમણે કહ્યું અને લોકો નિર્ભયપણે અહિંસક માર્ગે લડવા ને આઝાદી માટે સર્વસ્વ લૂંટાવવા તત્પર બન્યા.

**'ફ્રિડમ ઇન અવર લાઇફટાઇમ' : દક્ષિણ આફ્રિકામાં રંગભેદ વિરુદ્ધની લડત (૧૯૮૪-૮૫)** - આર્કબિશપ ડૅસ્મંડ ટુટુએ કહ્યું છે કે 'હથિયારો ખતરનાક છે, પણ લોકો એકવાર સ્વતંત્ર થવાનો નિશ્ચય કરે ત્યારે તેમને કોઇ, કશું ચળાવી શકે નહીં.' દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજ શાસન હતું અને રંગભેદનું ખૂબ જોર હતું. યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ દ્વારા ભેદભાવ સામે વ્યાપક બહિષ્કાર થયા. આ આંદોલનમાં થોડા શ્વેત લોકો પણ જોડાયા હતા. સરકારે કટોકટી જાહેર કરી દમનનો કોરડો વીંઝ્યો. ત્રીસ હજાર માણસો જેલમાં પુરાયા. લોકોએ પૉર્ટ એલિઝાબેથ વગેરે સ્થળે બહિષ્કાર ચાલુ જ રાખ્યો. મેયર સાથે વાર્તાલાપ થયો. લોકોએ 'જાહેર સવલતોમાં ભેદભાવ ન જ જોઇએ'ની માગણી ચાલુ રાખી. સરકારને બદલવાની ફરજ પડી. નેલ્સન માંડેલાને જેલમાંથી છોડવામાં આવ્યાં. પહેલીવાર ઇક્વલ રાઇટ્સ ફૉર ઑલ ઇન સાઉથ આફ્રિકાના નારા સાથે મુક્ત ચૂંટણી થઇ. ૧૯૯૩માં માંડેલાને નોબેલ શાંતિ ઇનામ મળ્યું. તેમણે કહ્યું કે આવું અહિંસક લડતમાં જ શક્ય છે કે શાસકને લાગે કે હવે શાસન કરવું શક્ય નથી.'

**'લિવિંગ વિથ ધ એનિમી' : નાઝી આક્રમકો સામે ડૅન્માર્કમાં ચાલેલી લડત (૧૯૪૦-૧૯૪૪)** - બીજા વિશ્વયુદ્ધની શરૂઆત થઇ ચૂકી હતી. ૧૯૪૦ના એપ્રિલ મહિનામાં ડૅન્માર્ક પર અચાનક જર્મની ચડી આવ્યું. છ કલાકમાં તો દેશનો કબજો લઇ લીધો. શરૂશરૂમાં જર્મનો વિવેકથી વર્ત્યા પણ ધીરેધીરે તેમની હાજરી આક્રમક બનતી ગઇ. ડૅનિશ સરકારને પોતાના કાયદા બદલવા ફરજ પાડી. ડૅન્માર્કનાં ખેતરો જર્મન લશ્કરના ખોરાક માટે કબજે કરાયાં. તેમની ફૅક્ટરીઓ જર્મન સૈન્ય માટે હથિયાર બનાવવા માટે તાબામાં લેવાઇ.

આવાં ત્રણ વર્ષ વીત્યાં. રાજા અને પ્રધાનમંડળ યુદ્ધ નોતરી પ્રજાનો વિનાશ ઇચ્છતા ન હતા. જર્મનોની તાનાશાહી સ્વીકારવા સિવાય છૂટકો હતો નહીં. વિશ્વયુદ્ધ ચાલુ જ હતું. આ તરફ લોકોએ સૈન્યના હુકમ માનવાનું બંધ કરી દીધું. સામટી હડતાળ પડી. દુશ્મનને તાણમાં અને અકળામણમાં રાખવો એ લોકોનું ધ્યેય હતું. જર્મનોના વટનો સવાલ હતો - હડતાળ પૂરી થવી જ જોઇએ. ડૅનિશ પ્રજાએ ભૂગર્ભ પ્રવૃત્તિઓ ચલાવવા માંડી. કૉપનહેગન તેનું મુખ્ય મથક હતું. અનેક નાનાંમોટાં જૂથ સક્રિય હતાં.

ડૅનિશ નાઝીઓ પણ યુદ્ધ ઇચ્છતા ન હતા. ચૂંટણી થઇ, જર્મનો હાર્યા. ડૅનિશ નાઝી સરકાર બનાવવાની તેમની મુરાદ બર ન આવી. લોકો જાગૃત થયા હતા. બ્રિટિશ સૈન્યે જર્મનોની સપ્લાય લાઇન પર બૉમ્બ ફેંક્યા તે પછી ધીરે ધીરે ભૂગર્ભ પ્રવૃત્તિઓ વિધ્વંસક બનતી ગઇ, પણ ડૅન્માર્કના અસહકારની વિશ્વયુદ્ધમાં વ્યૂહાત્મક ભૂમિકા રહી. યુદ્ધ દરમિયાન મિત્રરાષ્ટ્રોને અને યુદ્ધ પછી નવી સરકારને આ પ્રવૃત્તિ નૈતિક ટેકારૂપ પુરવાર થઇ.

**'વી હૅવ કૉટ ગૉડ બાય ધ આર્મ' : પોલાન્ડની સોલિડારિટી મુવમેન્ટ (૧૯૮૦)** - સામ્યવાદી સરકારમાં નાગરિક અસહકાર દ્વારા કામદારોને તેમના અધિકારો અને સામાજિક ન્યાય અપાવવા માટે ચાલેલી એક સ્વતંત્ર ચળવળ એટલે સોલિડારિટી મુવમેન્ટ. ૧૯૭૦માં દેવાંમાં ડૂબેલી સરકારે ભાવવધારો કર્યો, પણ કામદારોનાં વેતન વધાર્યા નહીં, તેના વિરોધમાં સોલિડારિટીની સ્થાપના લેનિન શિપયાર્ડમાં ૧૯૮૦માં થઇ હતી. સામ્યવાદી પક્ષના નિયંત્રણમાં ન હોય તેવું આ પ્રથમ ટ્રેડ યુનિયન હતું. લૅક વૉલેસા તેના પ્રમુખ હતા. ૧૯૮૧માં તેની સભ્યસંખ્યા એક કરોડનો આંકડો વટાવી ગઇ હતી. તેને દબાવી દેવા સરકારે બે વર્ષ માટે માર્શલ લૉ મૂક્યો અને ત્યાર પછી પણ અનેક રાજકીય દબાણો સર્જ્યાં, પણ સોલિડારિટી મુવમેન્ટ ઘણી બળવાન હતી, વળી તેને પૉપ જ્હોન પૉલ બીજા અને અમેરિકાનો આર્થિક ટેકો હતો. અંતે સરકાર સોલિડારિટીના નેતાઓ સાથે વાટાઘાટ કરવી પડે એ સ્થિતિમાં મુકાઇ. ગોળમેજી પરિષદ થઇ જેમાં અર્ધમુક્ત ચૂંટણીનો નિર્ણય લેવાયો. ૧૯૮૯માં ચૂંટણી થઇ. સોલિડારિટીના નેતૃત્વવાળી સંયુક્ત સરકાર સત્તા પર આવી. ૧૯૯૦માં લૅક વૉલેસા પોલાન્ડના પ્રમુખ બન્યા. આ ઘટનાની વિશ્વવ્યાપી અસર પડી હતી.

**'ડિફિટ ઑફ ધ ડિક્ટેટર' : ચીલીના સરમુખત્યાર જનરલ ઑગસ્ટો પિનોશેટ સામેની લોકશાહી લડત (૧૯૮૩-૮૪)** - ૧૯૭૩માં ભયાનક રક્તપાત પછી ચીલી દેશ પર જનરલ ઑગસ્ટો પિનોશેટનું શાસન સ્થપાયું. ૧૫ વર્ષના સરમુખત્યારશાહી શાસન દરમ્યાન શોષણ અને અત્યાચારે માઝા મૂકી. પહેલાની લોકશાહી સરકારના હજારો નેતાઓ માર્યા ગયા કે પછી ગુમ થઇ ગયા. જનરલે નવું બંધારણ અમલમાં મૂક્યું હતું. ૧૯૮૮માં તેની વિરુદ્ધ લડતનો પ્રારંભ થયો. લોકો એક થઇ પોતાના અસંતોષને નવાનવા, જુદાજુદા માર્ગે વ્યક્ત કરતા રહ્યા. લેબર ઑર્ગેનાઇઝેશનો, યુનિવર્સિટીઓ અને ચર્ચો તેમાં ભળ્યાં. રાષ્ટ્રવ્યાપી મોટાં આંદોલન ચાલ્યાં. અંતે જનરલને રાજીનામું મૂકવું પડ્યું. જનતાની સંગઠિત અહિંસક શક્તિ સામે સરમુખત્યારની હાર થઇ.

ફિલ્મનું નેરેશન 'ગાંધી' ફિલ્મમાં મહાત્મા ગાંધીની ભૂમિકા કરનાર બેન કિંગ્સલેએ કર્યું છે. તેઓ કહેતા કે ગાંધીની ભૂમિકા કર્યા પછી હું આખો બદલાઇ ગયો છું. ૨૦૦૬માં ફિલ્મ, શ્રેણી ને પુસ્તક પાછળ રહેલી ટીમે બ્રેક-વૅ ગેમ્સ દ્વારા નૉનવાયૉલન્ટ વીડિયો ગેમ્સ ડૅવલપ કરી હતી. તેમાં સંઘર્ષનો અહિંસક પદ્ધતિથી કેવી રીતે સામનો કરવો તે શીખવાતું. આ એક સ્ટ્રેટેજી ગેમ હતી. વારાફરતી રમી શકાતી. થોડા પ્રિબિલ્ટ સિનારિયો હોય, રમનારા પણ પોતાના સિનારિયો ક્રિએટ કરી શકે.

જોકે મ્યાનમારનાં સૂ-કીની ગેરહાજરી ફિલ્મ અને પુસ્તક બંનેમાં સાલે છે, પણ માનવઅધિકારોને હણતી રાજ્યવ્યવસ્થાનો અંત હિંસા વિના શક્ય છે એવું એક કરતાં વધારે વાર સાબિત કરતાં આ ફિલ્મ અને પુસ્તકમાંથી પસાર થતાં એક નવું આત્મબળ જાગ્યા વિના રહેતું નથી. સર્જક અને દર્શક-વાચકપક્ષે આનાથી મોટી પ્રાપ્તિ બીજી શી હોઇ શકે ? ❑❑❑

સંપર્ક : ૯૨૨૧૪૦૦૬૮૮

## વ્યક્તિગત અહિંસા - નિર્વિકારતા

વ્યક્તિગત અહિંસાને સામૂહિક અહિંસાથી અલગ નથી કરી શકાતી; બંને જોડાયેલી છે. આમ છતાં સામૂહિક અહિંસાનો આધાર વ્યક્તિગત અહિંસાની સાધના જ છે. વ્યક્તિગત અહિંસા શારીરિક, વાચિક અને માનસિક છે. ગાંધીજીએ કહ્યું છે, ''મને ભૂખ લાગી છે. હું ભોજન કરી લઉં. પરંતુ બીજે જે ભૂખ્યા-તરસ્યા માણસો છે, તેમની પરવા હું ન કરું તો તે શારીરિક હિંસા થઈ. આપણે પોતાને કાજે ઘર બાંધીને તેમાં આરામથી રહીએ છીએ. પરંતુ જેઓને રહેવા માટે આશરો નથી તેમનો ખ્યાલ ન રાખીએ તો તે હિંસા થઈ. તો હવે કરવું શું? દેહ છોડી દેવો? પરંતુ દેહ છોડવાથીયે છુટકારો નથી. કારણ કે જ્યાં સુધી દેહની આસક્તિ નથી ટળતી, ત્યાં સુધી એક દેહ છોડીએ તો બીજો દેહ મળવાનો.''

# અહિંસા ચાહે છે અદ્વૈત

પદ્મશ્રી કુમારપાળ દેસાઈ

***પરિચય : જૈન સમાજમાં દેશ-વિદેશમાં આદર અને સન્માન સાથે લેવાતું નામ એટલે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ. આનંદઘન-એક અધ્યયન વિષય પર પીએચ.ડી. કરનાર કુમારપાળભાઈએ જૈન સાહિત્યની ખુબ સેવા કરી છે. તેઓ અનેક નામાંકિત એવોર્ડથી સન્માનિત થયા છે. તેમના પુસ્તકોની યાદી ખુબ મોટી થાય તેમ છે. જૈન ઇતિહાસના અમર પાત્રોના જીવનને તેમણે પોતાની વિશિષ્ટ કથાઓ દ્વારા ઉજાગર કર્યા છે. અક્ષરના ઉપાસક ડૉ. કુમારપાળભાઈની શબ્દસાધના અખંડ ધારામાં વહેતી રહી છે.***

Audio Link : https://youtu.be/Za8PM12PChc

મહાત્મા ગાંધીજીએ કહ્યું : 'હું એકલો પડી જઈશ તો પણ મારી શ્રદ્ધા ગુમાવીશ નહિ અને કબરમાંથી એ અંગે પણ બોલતો રહીશ.'

અમેરિકાના પત્રકાર લૂઈ ફિશર નોંધે છે કે ગાંધીજી અમેરિકામાં જીવતા જાગતા હોય તેમ લાગે છે. બ્રિટનના પ્રસિદ્ધ નાટ્યકાર જ્યોર્જ બર્નાર્ડ શૉને ગાંધીજીના પ્રભાવ અંગે પૂછવામાં આવ્યું, તો એમણે ઉત્તર આપ્યો : 'ગાંધીનો પ્રભાવ?... ક્યારેય કોઈએ હિમાલયને એના પ્રભાવ વિશે પૂછવાનો પ્રયત્ન કર્યો છે ખરો?' હકીકતમાં ગાંધીજીનો પ્રભાવ વર્તમાન સમયે પણ કેવા ભિન્ન ભિન્ન રૂપે પ્રગટતો હોય છે!

આજના હિંસા, આતંક અને અસુરક્ષિતતા સમયમાં વિશ્વના સુરક્ષા-નિષ્ણાત બ્રિયાન માઈકલ જેકિન્સ એમ કહે કે આતંકવાદ એ એક 'થિયેટર' જેવું છે, જેમાં દરેક આતંકવાદી એના વિકૃત 'પર્ફોમન્સ'થી લોકોની હત્યા કરવા ચાહતો નથી, પરંતુ વધારે વધારે વ્યાપક જનસમૂહ સુધી પોતાની ક્રૂરતા પહોંચાડવા માગે છે.

આતંકવાદની આ મહેચ્છા પર કુઠારાઘાત કર્યો હોય તો એ ન્યુઝીલૅન્ડની જિસંડા આર્ડર્ને. સાડત્રીસ વર્ષની વિશ્વની સૌથી નાની વયની પ્રધાનમંત્રી જસિંડાએ પોતાના દેશ પર થયેલા આતંકી હુમલાની પરિસ્થિતિને એવો ઉકેલ આપ્યો કે જગતને ગાંધીજીના એ શબ્દો સમજાયા કે 'થાકેલી દુનિયાની મુક્તિ હિંસામાં નહીં, પણ અહિંસામાં રહેલી છે.'

ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચ શહેરની બે મસ્જિદોમાં જુમ્મા એટલે શુક્રવારે નમાજ પઢનારાઓની ભીડ જામી હતી. આવે સમયે નમાજ પઢતી વખતે 'શ્વેત જાતિ એ જ સર્વશ્રેષ્ઠ' એવી વિચારધારા ધરાવતા બ્રેન્ટન ટેરન્ટ નામના આતંકવાદીએ મુસ્લિમોએ કરેલી વાસ્તવિક અને કાલ્પનિક હિંસા સામે મુકાબલો કરવા માટે આતંકી હુમલો કર્યો. હુમલો કરતી વખતે એણે પોતાના હેલમેટ પર કેમેરો રાખીને દુનિયા એની નિર્દયતાનું જીવંત પ્રસારણ જોઈ શકે એવો પ્રયાસ કર્યો અને સાથોસાથ એની લિંક મોકલી તથા એનો મેનિફેસ્ટો પણ જાહેર કર્યા. ફેસબુકે પણ કહ્યું કે ચોવીસ કલાકમાં પંદર લાખ લોકોએ આ વીડિયો જોયો. એના ચહેરા પર જે ભાવ હતો, એ ઠંડી ક્રૂરતાનો હતો અને એની છદ્મ હાસ્ય કરતી છબી એમ કહેતી હતી કે 'હવે પાર્ટી શરૂ થઈ ગઈ છે. જુઓ, ફેસબુક પર શાંતિ શિકારી એને ચીસો પાડતા જીવ બચાવવા ભાગતા લોકોનું નાટક.' એનો ઈરાદો તો એવો હતો કે આખા વિશ્વની ચેતના પર છવાઈ જવું અને ધર્મ જાતિ અને રંગોમાં વહેંચાયેલી દુનિયામાંથી કોઈનો ધન્યવાદ તો કોઈનો ફિટકાર મેળવવો. ગમે તે ભોગે પ્રસિદ્ધિ મેળવતી સામાન્ય રીતે આવી ઘટનાને અંતે પરિણામ એ આવે કે ધી ઈસ્લામીક સ્ટેટ્સ (આઈ.એસ.) દ્વારા બદલો લેવાની જાહેરાત થાય અને પછી ન્યૂઝીલેન્ડ કે પછી અન્યત્ર શ્વેત પ્રજાઓ પર હુમલો થાય.

ન્યૂઝીલેન્ડ એ સામાન્ય રીતે શાંત અને પરસ્પર સદ્ભાવ ધરાવતી પ્રજાનો દેશ છે. ધર્મને લક્ષમાં રાખીને ત્યાં આવો આતંકી હુમલો ક્યારેય થયો નથી, આથી જ પ્રધાનમંત્રી જસિંડા આર્ડર્ને ન્યૂઝીલેન્ડને માટે આ સૌથી કલંકિત દિવસ ગણાવ્યો અને હિંમતભેર હુમલો કરનારને આતંકવાદી ઘોષિત કર્યો. પડોશી દેશ ઓસ્ટ્રેલિયાના નેતા કોપ મોરિસને પણ આને આતંકવાદી હુમલા તરીકે ઓળખાવ્યો અને એ હુમલાનો પ્રતિકાર કરતી હોય તેમ જસિંડાએ કહ્યું, 'ખેર, તમે અમને પસંદ કર્યા, પરંતુ અમે તમને નહીં પસંદ કરીએ. અમે તમને અત્યારે જ ખારિજ કરીએ છીએ અને તમારી સખત ટીકા કરીએ છીએ.'

એણે કહ્યું, 'ન્યૂઝીલેન્ડની આ તાસીર નથી. આ વાત હું જાણું છું અને મારા જેવા તમામ લોકો જાણે છે.' એ પછી જાણે વેરઝેરની આગ ઠારી દેતી હોય તેમ કહ્યું, 'હવે પછી તમે ક્યારેય આ હત્યારાઓના નામ મારા મુખે નહીં સાંભળો.'

આવી કરૂણ ઘટના સમયે, રાષ્ટ્રના સૌથી કપરા સમયમાં જસિંડાએ પ્રેમ અને સદ્ભાવ શું કરી શકે છે એનું ઉદાહરણ પૂરું પાડ્યું. આ સંદર્ભમાં વિચારીએ તો આજે પણ આપણો દેશ હજી પણ વિભાજનની વેદના અને વ્યથા અનુભવે છે! આ હુમલામાં માર્યા ગયેલા લોકોની અંતિમવિધિ સમયે આખાય ન્યૂઝીલેન્ડમાં 'આઝાન'નું પ્રસારણ કરવામાં આવ્યું. જે મસ્જિદોમાં નમાજ પઢનારાઓની આતંકવાદીએ હત્યા કરી હતી, તેની બહાર અને એથીય વિશેષ દેશની તમામ મસ્જિદોની આજુબાજુ ન્યૂઝીલેન્ડવાસી હજારો પુરુષો, સ્ત્રીઓ અને બાળકો દિવંગતના કુટુંબને એમની

સાથે હોવાનો અહેસાસ આપવા માટે એકત્રિત થયાં, જ્યારે મુસ્લિમ ભાઈઓ અને બહેનો બંદગી કરતા હતા ત્યારે અન્ય સહુ ન્યૂઝીલેન્ડવાસીઓએ એકબીજાનો હાથ હાથમાં લઈને એક માનવ-સાંકળ રચીને સંગઠિત દેશનો ખ્યાલ આપતા હતા.

આ સમયે પ્રધાનમંત્રી જસિંડા આર્ડર્ને કાળો દુપટ્ટો વીંટાળીને હાજરી આપી. પ્રાર્થના પૂરી થયા પછી મહમ્મદ પયગંબરના વાક્યના ઉદ્ધરણ સાથે કહ્યું, 'પરસ્પર પ્રત્યે માયાળુપણું, અનુકંપા અને સાંત્વના એ બધાથી આપણો દેહ બનેલો છે. દેહના એક પણ અંગને આઘાત થાય, તો સમગ્ર દેહને પીડાનો અનુભવ થાય છે.' અને અંતે કહ્યું, 'આખું ન્યૂઝીલેન્ડ તમારી સાથે રડી રહ્યું છે. આપણે બધા એક છીએ.'

એણે મુસ્લિમ અગ્રણીઓ વચ્ચે આવીને પૂછ્યું, 'તમે જ કહો કે મારે શું કરવું જોઈએ? આ સમયે આપણી દિશા તમારે જ નિશ્ચિત કરવી પડશે.'

આ અગાઉ જસિંડા અસરગ્રસ્ત કુટુંબોને મળ્યાં હતા. માથે કાળો દુપટ્ટો વીંટાળીને એમને સાંત્વના આપી હતી. કાળો દુપટ્ટો ઓઢીને અસરગ્રસ્ત પરિવારોને સાંત્વના આપતી જસિંડાની તસવીર દુનિયાની સંવેદનાને ડોલાવી ગઈ. એના ચહેરા પર વેદના દેખાતી હતી અને જાણે એ કહેતી હતી, કે આ હુમલામાં તમે તમારા સ્વજનોને ગુમાવ્યા છે. તમારી એ વેદનામાં હું પણ તમારી સાથે છું.

જસિંડાની આ તસવીર વર્ષો સુધી ઘૃણા સામે માનવજાતિએ કરેલા સંઘર્ષનો ભાગ બની રહેશે. આ તસવીર પિકાસોના મહાન ચિત્ર 'વિલાપ કરતી સ્ત્રી'નું સ્મરણ જગાવી ગઈ. માત્ર તફાવત એટલો કે ચમકતા રંગોવાળા પિકાસોના એ ચિત્રમાં એક સ્ત્રીનો અમૂર્ત ચહેરો છે, જ્યારે આ તસવીરમાં પરિચિત વ્યક્તિ છે. કલાસમીક્ષકો માને છે કે પિકાસોના આ 'વિલાપ કરતી સ્ત્રી'ના ચિત્રની પાછળ વિશ્વયુદ્ધમાં પોતાના પ્રિયજનોને ગુમાવ્યાનો શોક અનુભવતી સ્ત્રીનું ચિત્ર છે. અહીં જસિંડાનું આ ચિત્ર હિંસાના ઝનૂન સમયે અહિંસાની આત્મીયતા બતાવે છે અને એથીય વિશેષ તો શાંતિ-સ્થાપન માટે પ્રબળ નારીશક્તિની પહેચાન કરાવે છે.

સામાન્ય રીતે કરૂણા, સંવેદના, દયા અને મમતા જેવા નારીમાં રહેલા વિશેષ ગુણો રક્તપાતભર્યા હિંસક રાજકારણમાં સકારાત્મકરૂપે પ્રગટ થયા અને એણે સંકેત પણ આપ્યો કે અસહિષ્ણુ, વિખવાદ અને કડવાશથી ભરેલા સમાજને હવે કરૂણા, મમતા, દયા કે સંવેદના જેવા સ્ત્રીઓમાં વિશેષ દષ્ટિગોચર લક્ષણોની જરૂર છે. તો જ આ દુનિયા રહેવા લાયક બને અને પૃથ્વીના ગ્રહ પર માનવી શાંતિથી જીવન વ્યતીત કરી શકે.

સામાન્ય રીતે આ પશ્ચિમી દેશમાં બુરખાની પ્રથાનો સ્વીકાર કરવામાં આવતો નથી. ત્યારે અહીં અપશ્ચિમી મહિલાઓએ માથા પર રંગીન સ્કાર્ફ બાંધીને અને પુરુષોને સફેદ ટોપી પહેરીને વસ્ત્ર પરિધાનથી દુઃખની આ ઘડીમાં પોતાના દેશવાસીઓને સદ્‌ભાવ અને સમર્થન આપવા હાજર રહ્યા અને મહિલાઓએ કહ્યું કે નફરત ક્યારેય જીતી શકતી નથી.

૨૨ મી માર્ચે શુક્રવારે ક્રાઈસ્ટચર્ચની અલનૂર મસ્જિદની બહાર ન્યૂઝીલેન્ડના સમય પ્રમાણે બપોરના દોઢ વાગે મુસ્લિમ સમુદાય જુમ્માની નમાજ માટે એકઠો થયો, ત્યારે પાછળ ઊભેલા ન્યૂઝીલેન્ડના અન્ય લોકોના હાથમાં બોર્ડ હતા. જેમાં લખ્યું હતું, 'અમે બધા એક સાથે છીએ, અમે એક છીએ અને અમને તોડવા મુશ્કેલ જ નહીં પણ નામુનકીન છે.' સહુએ દિવંગત લોકોની શાંતિને માટે બે મિનિટનું મૌન રાખ્યું. ન્યૂઝીલેન્ડના તમામ દેશવાસીઓ જ્યાં હતા ત્યાં એમણે મૌન રહીને શ્રદ્ધાંજલિ આપી અને ઓસ્ટ્રેલિયામાં પણ આ સમયે લોકોએ બે મિનિટનું મૌન પાળ્યું, કારણ કે આ હુમલો કરનાર બ્રેન્ટન ટેરન્ટ મૂળ ઓસ્ટ્રેલિયાનો વતની હતો.

આ નમાજ પછી બધા જ જુદા જુદા લોકો એકબીજાને ભેટી પડ્યા. ન્યૂઝીલેન્ડ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, બ્રિટન, ડેન્માર્ક, સાઉદી અરેબિયા જેવા વિશ્વના અનેક દેશોમાં આવી રીતે જુદા જુદા ધર્મના લોકો સદ્‌ભાવથી પરસ્પરને આલિંગન આપતા હતા.

આ સમયે ન્યૂઝીલેન્ડના ટીવીમાં વૃત્તાંત નિવેદક મહિલાઓ, પોલીસ મહિલાઓ અને સામાન્ય સ્ત્રીઓને પણ પોતાના ચહેરાને સ્કાર્ફથી ઢાંકી દીધો. મસ્જિદના ઈમામ ગમાલ ફૌદાએ પ્રધાનમંત્રીને કહ્યું, 'ચહેરાની આસપાસ સ્કાર્ફ ઓઢવાની પ્રેમાળ ભાવનાથી અમારું અભિવાદન કરવામાં અને અમારા કુટુંબોને ઓઢવાની પ્રેમાળ ભાવનાથી અમારું અભિવાદન કરવામાં અને અમારા કુટુંબોને સહુની સાથે જાળવી રાખવા માટે તમારો આભાર. આઘાતથી અમારા હૃદયમાં ઘા પડ્યો છે, પરંતુ અમે ભાંગી ગયા નથી. અમે જીવીએ છીએ, આપણે બધા સાથે જ છીએ અને અમારો મક્કમ નિર્ધાર છે કે કોઈ પણ અમને જુદા પાડી શકશે નહીં.'

એક કરૂણ ઘટના ઘૃણા અને તિરસ્કાર જગાવવાને બદલે કેવાં પ્રેમ અને માનવતા જગાવી શકે છે! આ ક્ષણે ન્યૂઝીલેન્ડના ખ્રિસ્તી અને યહૂદી ધર્મના અગ્રણીઓ, ઓસ્ટ્રેલિયાના નેતાઓએ - બધાએ મુસ્લિમ સમાજને સાંત્વના આપી અને મસ્જિદમાં યોજાયેલી બધા ધર્મોની સંયુક્ત પ્રાર્થનામાં હાજરી આપી. શીખોએ ગુરુદ્વારામાં પણ આ કુટુંબોને સહાય આપી. આ ઘૃણા અને તિરસ્કારભર્યા હુમલા પછી બીજા ધર્મના અગ્રણીઓએ એક થઈને સંગઠિતતાનો સંદેશ આપ્યો.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રીને સંવેદના વ્યક્ત કરી અને પૂછ્યું કે, 'તમારે અમેરિકા પાસેથી કોઈ મદદ જોઈએ છે?' ત્યારે જસિંડાએ ભાવભર્યા શબ્દોમાં મક્કમતાથી કહ્યું, 'દુનિયાભરના મુસ્લિમ સમુદાય માટે સહાનુભૂતિ જોઈએ છીએ.' એણે ફેસબુક અને બીજા માધ્યમોએ ફેલાવેલી ઘૃણાના સંદર્ભમાં કહ્યું કે એમને એમની જવાબદારીઓનો પદાર્થપાઠ

શીખવવામાં આવશે. ૨૪ કલાકમાં આતંકના ૧૫ લાખ વીડિયો હટાવામાં આવ્યા. ન્યૂઝીલેન્ડના અખબારોએ પ્રથમ પૃષ્ઠ પર 'સલામ' (અર્થાત્ અમન અને ચેન) શીર્ષક હેઠળ ૫૦ લોકોના નામ પ્રગટ કર્યા. ટીવી અને રેડિયોએ શુક્રવારની જુમ્માની નમાજનું પ્રસારણ કર્યું. વિજ્ઞાન એજન્સીઓએ બેનર મારફતે એકતાનો સંદેશ આપ્યો. પોતાના તમામ પક્ષો સાથે મળીને તાત્કાલિક 'ગન-લો'માં બદલાવ કર્યો. એનું કારણ એ હતું કે હુમલાખોર બ્રેન્ટન પાસે પાંચ લાઈસન્સ હથિયાર હતા. જેનું એણે ૨૦૧૭માં લાઈસન્સ મેળવ્યું હતું. એસોલ્ટ રાઈફલ અને સેમી ઓટોમેટિક રાઈફલના વેચાણ તરફ એણે તાત્કાલિક પ્રતિબંધ જાહેર કર્યો અને બધા પક્ષોએ સાથે મળીને આ ઘટનાની નિંદા કરી અને અલ્પસંખ્યકોની સાથે ઊભા રહ્યા. એની પાછળ એમની સમજણ એ હતી કે ઉદારતા અને સહિષ્ણુતા જ એમના દેશને આગળ લઈ જઈ શકશે.

આ સમગ્ર ઘટનાનો નિહિતાર્થ શું? ન્યૂઝીલેન્ડને રાજકારણીઓ માટે મુસ્લિમોની કોઈ વોટબેંક નથી, એમને ચૂંટણીમાં એમનાથી કોઈ વિશેષ ફાયદો થાય તેમ નથી, ન્યૂઝીલેન્ડની વસ્તીમાં માત્ર એક ટકા જેટલા જ મુસ્લિમો છે અને તે પણ મોટા ભાગના ઈમિગ્રન્ટસ કે રેફ્યુજી છે. આમ છતાં વડાપ્રધાન જસિંડાએ કહ્યું, 'અમે એમનાથી સહેજેય જુદા નથી. અમે બધા સાથે જ છીએ.'

જસિંડાએ કહ્યું, 'આ સમય વાતો કે વિવાદોમાં ખર્ચવાનો નથી, પણ હું માનું છું કે આ સમયે જટિલ સમસ્યાનો સામનો કરવામાં આપણો દેશ નૈતિક નેતૃત્વની ભૂમિકા ભજવે. હું દુનિયા બદલવાનું જોશ રાખું છું. આ સહિષ્ણુતા નથી, પણ એનાથીય આગળ સહુની સાથે મળીને જીવવાનો સવાલ છે, આથી આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના અંતિમ સંસ્કારનો પૂરેપૂરો ખર્ચ સરકાર ઉઠાવશે અને તેમના પર આશ્રિત લોકોને ભવિષ્યમાં મદદ કરવાની અમારી જવાબદારી રહેશે. આ હુમલો આપણા પર એ માટે થયો કે આપણે જેવા છીએ એમને પસંદ નથી, પરંતુ અમે જેવા છીએ, એવા જ રહીશું, અમે બદલાવાના નથી.'

આ સમયે મહાત્મા ગાંધીજીનો એ વિચાર યાદ આવે કે અહિંસામાં અદ્વૈત ભાવના રહેલી છે. એ અદ્વૈત ભાવના દ્વેષ, ઈર્ષા કે હત્યાના આતંકમાંથી કઈ રીતે ઊગારી શકે, તેનું ન્યૂઝીલેન્ડે દૃષ્ટાંત પૂરું પાડ્યું.

આ જ છે ગાંધીજીની અહિંસા અને આ છે એમણે દર્શાવેલી દિશા. એનો અવાજ આ દુનિયામાં જુદી જુદી રીતે પડઘાય છે. ખરું ને?

❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
સંપર્ક : ૦૭૯-૨૬૬૦૨૬૭૫ / ૦૯૮૨૪૦૧૯૯૨૫

## અહિંસક બળવાની મહત્ત્વાકાંક્ષા

**પદ્મશ્રી કુમારપાળ દેસાઈ**

૧૮૯૩ની ચોવીસમી મેએ બેરિસ્ટર એમ.કે.ગાંધી દક્ષિણ આફ્રિકાના ડરબન પહોંચ્યા. ૧૮૯૩ની ૩૧મી મેએ ડરબનથી અબદુલ્લા શેઠ તરફથી એક મુકદમો લડવા માટે એમને રાજધાની પ્રિટોરિયા જવાનું બન્યું. ડરબનથી ઉપડેલી એ ટ્રેન નાતાલની રાજધાની રાતના નવેક વાગે મેરિત્સબર્ગ પહોંચી. એ સમયે બૂટ-મોજાં અને ત્રણ-પીસ શૂટનો પોશાક ધરાવતા આ 'કૂલી બેરિસ્ટર' (કૂલીનો મૂળ અર્થ મજૂર હતો. તે ભૂલાઈ ગયો અને હિંદી વેપારીને 'કૂલી વેપારી' અને બારિસ્ટરને 'કૂલી બારિસ્ટર' કહેવામાં આવતા) સાથે બેસવાનો ગોરા પ્રવાસીએ ઈનકાર કર્યો. ગાંધીજી પાસે ફર્સ્ટક્લાસની ટિકિટ હતી. એમની થર્ડ ક્લાસના ડબ્બામાં જઈને બેસવાની સહેજે તૈયારી નહોતી, ત્યારે અમલદારોના હુકમથી સિપાઈએ ગાંધીજીનો હાથ પકડીને ધક્કો માર્યો અને એમનો સામાન સ્ટેશન પર ઉતારી દીધો. ટ્રેઈન ઉપડી. ગાંધીજી સામાનને અડક્યા નહીં. રેલવે સત્તાવાળાઓએ ક્યાંક મૂકી દીધો. ગાંધીજી વેઈટીંગ રૂમમાં બેઠા. ટાઢે ધ્રૂજતા રહ્યા. ઓવરકોટ તો એમના સામાનમાં હતો. લાંબા મનોમંથન બાદ ગાંધીજીએ નક્કી કર્યું કે, 'હવે હું આ સાંખી નહીં લઉં.' રંગદ્વેષનો પ્રતિકાર કરવાના નિરધારને તેઓ 'જીવન ફેરવનાર' અને 'સક્રિય અહિંસાની શરૂઆત'. (અક્ષરદેહ ૬૮/૧૬૯-૧૭૦) માને છે. એ અનુભવમાં અહિંસાનું આંતરબળ તો પ્રગટ થયું, પણ એથીય વિશેષ તો બ્રિટિશ સામ્રાજ્યના ઝળહળતા સૂર્યના અસ્તનો આરંભ થયો. એ સમયે એમ કહેવાતું કે બ્રિટિશ સામ્રાજ્યના કોઈ ને કોઈ દેશમાં સૂર્ય તપતો હોય છે. આવા ચોવીસે કલાક સૂર્ય તપતો હોય તેવા સામ્રાજ્યના અંતનો પ્રારંભ આ સત્યાગ્રહીના અહિંસક પ્રતિકાર કરવાના મનોબળથી થયો.

મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ અથવા અહિંસક પ્રતિકારના સિદ્ધાંતનો પ્રયોગ દક્ષિણ આફ્રિકાની ધરતી પર કર્યો અને એને સફળતા પણ સાંપડી. નિઃશસ્ત્ર, અસહાય, દલિત-પીડિત પ્રજાને પોતાના પર થતા અન્યાયો, જુલમો અને અત્યાચારો માટે શસ્ત્રસજ્જ સત્તા સામે લડવાનું અને ન્યાય મેળવવાનું અહિંસક પ્રતિકારનું શસ્ત્ર ગાંધીજીએ આપ્યું. ઈ.સ.૧૮૪૦થી દક્ષિણ આફ્રિકામાં પ્રચલિત ગિરમીટની પ્રથાનો ૧૮૯૪માં ગાંધીજીએ પ્રથમ વાર વિરોધ કર્યો. તેવીસ વર્ષના અવિરત પ્રયત્ન પછી ૧૯૧૭ના જુલાઈમાં વાઈસરોયે માનવતાના અપમાન સમી આ પ્રથાનો અંત આણ્યો.

અહિંસાનો આ પહેલો સામુદાયિક પ્રયોગ સફળ થયો. ૧૯૧૫ના જાન્યુઆરીમાં ગાંધીજી મુંબઈથી રાજકોટ જતા હતા, ત્યારે વચ્ચે ગુજરાત-સૌરાષ્ટ્રની વચ્ચે આવેલા વિરમગામ સ્ટેશન જકાતનાકાની હાડમારી અંગે લોકોએ પોતાની વ્યથા ઠાલવી. કહ્યું કે જકાત ખાતાનો અધિકારી પ્રવાસીઓનો સામાન તપાસવાની સાથે તે ચારે બાજુ ફેંકી દે છે અને પ્રવાસીઓ સાથે તોછડો અને અપમાનજનક વ્યવહાર કરે છે. ગાંધીજીએ આ વિશે મુંબઈના ગવર્નર લોર્ડ વેલિંગ્ટનને પત્ર લખ્યો, પણ કોઈ ઉત્તર ન મળ્યો. બે વર્ષ બાદ ગાંધીજી વાઈસરોય લોર્ડ ચેમ્સફર્ડને મળ્યા ત્યારે વિરમગામના જકાતનાકા પર થતી પ્રવાસીઓની કનડગત અંગે ઉલ્લેખ કર્યો. વાઈસરોયે તપાસ કરી, તો બે વર્ષ થવા છતાં એમની પાસે કોઈ કાગળ પહોંચ્યો નહોતો. એમણે તરત ફાઈલ મગાવી અને વિરમગામનું જકાતનાકું બંધ કરાવ્યું. આ નાનકડી ઘટનાએ સામાન્ય પ્રજામાં અહિંસક પ્રતિકાર પ્રત્યે શ્રદ્ધા જગાવી.

બિહારના તિરહુત જિલ્લામાં ગોરા અમલદારો અને ગોરા જમીનદારો ગળીની ખેતી કરતા ખેડૂતો પર ગુલામો જેવો અત્યાચાર કરતા હતા. આમાં ગોરા જમીનદારોએ પોતાની આવક માટે એવો કાયદો ઘડ્યો હતો કે દરેક ખેડૂતે વીસ કટ્ટા જમીનમાંથી ત્રીજા ભાગની જમીન ગોરા જમીનદાર માટે ખેડવી અને એમાં ગળીનું વાવેતર કરવું, આથી ખેડૂતો પોતાના ખેતરમાં ધ્યાન આપી શકતા નહિ. બીજી બાજુ ગોરા જમીનદારો માટે એ ખેડૂતો ગળીનું વાવેતર ન કરે તો એમને માર મારવામાં આવતો. એની પત્ની અને બાળકોને ગોરા જમીનદારના ખેતરમાં વગર મહેનતાણે મજૂરી કરવી પડતી અને આ અંગે કોઈ અવાજ ઉઠાવે કે સામે થાય તો જમીનદારો ખેડૂતોનાં ઝૂંપડાં સળગાવી દેતા હતા. વેઠ પ્રથાનો આ કાયદો બિહારમાં ''તીન કઠિયા''ને નામે જાણીતો હતો. ગાંધીજી બિહાર રાજ્યના ચંપારણ ગયા. કલેક્ટર અને ગોરા જમીનદારોને મળ્યા. વાતચીત કે વાટાઘાટ એ પહેલો માર્ગ, પણ સત્તાધીશોએ તો ગાંધીજીને ચંપારણ છોડી જવાનો હુકમ કર્યો. ગાંધીજીએ એનો સવિનય અસ્વીકાર કર્યો. પરિણામે ગાંધીજીની સામે કેસ કરવામાં આવ્યા. ગળી કામદારોના હિત માટે લડતા ગાંધીજીએ કેસ લડવા માટે ગરીબ ખેડૂતો કે પોતાના ધનિક મિત્રોની આર્થિક મદદ લેવાને બદલે જાતે કેસ લડ્યા અને અંતે સરકારને સર એડવર્ડ ગેટના નેતૃત્વ હેઠળ ચંપારણના ગળી કામદારોની સ્થિતિ વિશે તપાસ સમિતિની રચના કરવી પડી. આમ એકસો વર્ષથી ચાલ્યો આવતો અન્યાયી કાયદો અહિંસાના પ્રયોગથી, લેશમાત્ર હત્યા કે હિંસા વિના દૂર થયો. ગોરા જમીનદારોને કેટલાય ખેડૂતોને નુકસાની પેટે વળતર ચૂકવવું પડ્યું. ખેડૂતના શોષણના અંત સાથે ગરીબોની અહિંસક શક્તિનો પરિચય થયો.

આ વર્ષે એટલે કે ૧૯૧૭માં ખેડા સત્યાગ્રહમાં સતત ત્રણ દુષ્કાળથી પરેશાન ખેડૂતોની જમીન મહેસૂલ માફ કરાવવા મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલે પ્રયાસ કર્યો. કલેક્ટર, કમિશનર અને ગવર્નરને વિકટ પરિસ્થિતિની જાણ કરી, પણ સરકારે કોઈ વિચાર ન કરતા ગાંધીજીએ અહિંસક સત્યાગ્રહ કર્યો. આમાં અંતે સરકારે નમતું જોખ્યું અને જમીન મહેસૂલ માફ કર્યું. ૧૯૧૮માં અમદાવાદના મિલ મજૂર સત્યાગ્રહે મજૂરો-માલિકો વચ્ચેના ઝઘડાઓનું શાંતિપૂર્ણ સમાધાન કરાવવાની નવી પદ્ધતિ આપી. માત્ર મંડળો નહિ, પરંતુ મજૂર અને માલિક સાથે મળીને મજૂરના કલ્યાણ માટે કામ કરે તે આશયથી 'મજૂર મહાજન સંઘ' સ્થાપ્યો. મજૂરો અને માલિકોના સંબંધોમાં ઘર્ષણ, તંગદિલી કે વૈમનસ્યને સ્થાને સદ્ભાવના ઊભી કરી.

૧૯૧૯નો રોલેટ ઍક્ટ સત્યાગ્રહ, ૧૯૨૦થી ૧૯૨૨નો અહિંસક અસહકાર, ૧૯૨૩-૨૪નો બોરસદ સત્યાગ્રહ, ૧૯૨૮નો બારડોલી સત્યાગ્રહ, ૧૯૩૦નો મીઠાનો સત્યાગ્રહ, ૧૯૩૮થી ૧૯૪૨ સુધીનું 'ભારત છોડો' આંદોલન આમ અહિંસક પ્રતિકારની પરંપરાએ સાબિત કરી આપ્યું કે શાસકોનો હિંસક માર્ગ કે દમનનીતિ અંતે નિષ્ફળ જાય છે. પચીસ વર્ષની અહિંસક તાલીમ દ્વારા ગાંધીજીએ ભારતમાં અહિંસક ક્રાંતિનું સર્જન કર્યું અને ૧૯૪૭ની ૧૫મી ઑગષ્ટે આઝાદી સાથે જગતનાં ગુલામ રાષ્ટ્રોને ગુલામીમાંથી મુક્તિ મેળવવા નવો અહિંસક માર્ગ દર્શાવ્યો.

હકીકતમાં ગાંધીજીની અહિંસા એ કોઈ ભાવના નથી, પરંતુ ગુણોની તાલીમ છે. જેનામાં અનેક ભાવનાઓનું સંગમતીર્થ સધાય એ જ અહિંસાપાલક થઈ શકે, કારણ કે એમની અહિંસા માત્ર માનવ કે પશુ પ્રત્યે સીમિત નથી, પરંતુ એમાં ઉચ્ચ કોટિની ત્યાગવૃત્તિ, ન્યાયી વર્તન, આત્માનું ભાન, દેહપીડા સહન કરવાની શક્તિ જેવા આંતરિક ગુણની આવશ્યકતા રહે છે. તેઓ કહે છે કે જમીન જાય, ધન જાય, શરીર જાય તો પણ અહિંસાનો ઉપાસક એની પરવા કરે નહિ. આત્મબળ કેળવાય અભયથી. જગતના ઈતિહાસમાં મહાવીર, બુદ્ધ, રામ, ઈશુ ખ્રિસ્ત એ બધાને એમના જીવનની શૈલીમાં અભય પ્રગટ કર્યો હતો. ભય કે મૃત્યુ એમને ચલિત કરી શકે તેમ નહોતાં! અભય થયા વિના પૂર્ણ અહિંસાનું પાલન શક્ય નથી, કારણ કે અહિંસાની તાલીમ માટે મરવાની તાકાત જોઈએ. મરવાની ઈચ્છા જેટલી તીવ્ર, તેટલી મારવાની ઈચ્છા મોળી. માણસમાં મરવાની તાકાત પૂર્ણપણે આવી જાય તો તેને મારવાની ઈચ્છા થતી નથી અને માણસ કરુણામય બનીને મરે છે ત્યારે મારનારનું દિલ પણ પલટાવી નાંખે છે.

અહિંસા અંગેની પહેલી શરત તરીકે ગાંધીજી જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ન્યાયી વર્તાવને આવશ્યક ગણે છે. આ ન્યાયી વર્તાવ એટલે કે દરેક પ્રકારના શોષણનો સર્વથા અભાવ. આત્મબળજનિત સહનશક્તિ દ્વારા બીજી વ્યક્તિના હૃદયના દ્વાર ખોલી શકાય છે, તલવારથી નહિ. ગાંધીજી ૧૯૩૧ની ૮મી ઑક્ટોબરના 'નવજીવન'માં નોંધે છે કે કષ્ટસહન એ જ માનવજાતિનો સનાતન

વારસો છે. જ્યારે શસ્ત્રયુદ્ધ એ જંગલનો કાયદો છે. આ જંગલના કાયદા કરતાં કષ્ટ સહન કરવાના કાયદામાં વિરોધીનો હૃદયપલટો કરવાની તેઓ અનંતગણી શક્તિ જુએ છે. અહિંસાપાલન માટે આત્મબળને ગાંધીજી મહત્ત્વનું ગણે છે. અહિંસા એ આત્મબળ છે અને આત્મા અવિનાશી, અવિકારી અને શાશ્વત છે. પશુરૂપે માણસ હિંસક છે જ, આત્મારૂપે જ અહિંસક છે. આત્માનું ભાન થયા પછી એ હિંસક રહી શકે નહિ. આથી ગાંધીજીની અહિંસામાં નિર્બળતા નથી, કિંતુ તેમાં વિરોધી પર નહિ, પણ વિરોધીની વૃત્તિ પર અસર કરવાની વાત છે. તેઓ દક્ષિણ આફ્રિકામાં જનરલ સ્મટ્સ સાથેના અનુભવને યાદ કરે છે. 'હરિજન બંધુ'ના ૧૯૩૮ની ૧૩મી ઑક્ટોબરના અંકમાં તેઓ નોંધે છે કે ''મારા સૌથી કડવા વિરોધી અને ટીકાકાર તરીકે તેમણે શરૂઆત કરેલી. આજે મારા દિલોજાન મિત્ર છે.'' જનરલ સ્મટ્સ દક્ષિણ આફ્રિકામાં ટ્રાન્સવાલ પ્રાંતના ગૃહપ્રધાન હતા. દક્ષિણ આફ્રિકાથી નીકળતા પહેલાં ગાંધીજીએ જેલમાં મજૂરીની સજા ભોગવી હતી, ત્યારે ચંપલની એક જોડ બનાવી હતી. તે એમણે સ્મટ્સને ભેટ આપી હતી.

આપણે જેને ચાહતા હોઈએ તેના પર પ્રેમ રાખવો તે અહિંસા નથી, પરંતુ આપણા પર દ્વેષ રાખતા હોય તેના પર પ્રેમ રાખવો તે અહિંસા છે. આથી જ ૧૯૪૬ની ૭મી જુલાઈએ 'હરિજન બંધુ'માં હિરોશિમા પર ફેંકાયેલા અણુબૉમ્બના સંદર્ભમાં ગાંધીજીએ કહ્યું, ''અણુબૉમ્બની આ અત્યંત કરુણ ઘટનાથી વાસ્તવિક રીતે જ બોધ તારવવાનો છે, તે એ છે કે હિંસાનો જેમ પ્રતિહિંસાથી નાશ ન થાય, તેમ એ બોંબનો નાશ સામા બીજા વધારે વિનાશક બૉમ્બ બનાવવાથી થવાનો નથી. માણસજાતને હિંસામાંથી ઉગારવી હોય, તો અહિંસા સિવાય બીજો એકે માર્ગ નથી. દ્વેષને માત્ર પ્રેમથી જીતી શકાય. સામો દ્વેષ કરવાથી મૂળ દ્વેષનો વિસ્તાર અને ઊંડાણ જ વધે છે.

અહિંસાને તેઓ જગતનું સૌથી વધુ એવું સક્રિય પરિબળ ગણે છે. એમાં અન્યાય કે દુષ્ટતા આગળ પગ વાળીને બેસી રહેવાનું નથી. અહિંસાને તેજસ્વી અને જાગ્રત વસ્તુ ગણાવે છે. આ સંદર્ભમાં બેતીયા ગામમાં પોલીસ ઘરબાર અને બહેનોની લાજ લૂંટતી હતી ત્યારે લોકો નાસી ગયા. એ પછી ગામ લોકોએ ગાંધીજીને કહ્યું કે તમે અહિંસક રહેવાનું કહ્યું હતું એટલા માટે અમે નાસી ગયા. આ સાંભળી ગાંધીજીનું માથું શરમથી ઝૂકી ગયું. એમણે ગામ લોકોને ભારપૂર્વક કહ્યું કે મારી અહિંસાનો આવો અર્થ નથી. આ તો નામર્દાઈ કહેવાય. તમારા આશ્રય નીચેના માણસોને ઈજા કરવા તાકનાર સબળામાં સબળી તાકાતનો તમારે સામનો કરવો જોઈએ. વેર વાળવાની વૃત્તિ વિના જિંદગીને જોખમમાં મૂકીને બધી ઈજા તમારે સહન કરવી જોઈએ. જેઓ મરી જાણે છે તેમને જ હું અહિંસાના પાઠ શીખવી શકું, મરણથી ડરનારા લોકોને નહિ.

૧૯૦૮માં મીર આલમ નામના પઠાણે ગાંધીજી પર પ્રાણઘાતક હુમલો કર્યો ત્યારે એમના મોટા પુત્ર એમની સાથે નહોતા. એમના પુત્રએ એક વાર ગાંધીજીને પૂછ્યું, ''જ્યારે તમારી ઉપર હુમલો થયો તે વખતે હું તમારી પાસે હોત તો મારી શી ફરજ હતી તે સમજવા માગું છું. તમે શીખવ્યું છે કે કોઈ આપણને મારે તો તેને સામું ન મારવું, તેમ એની ઈચ્છાને વશ પણ ન થવું. આ કાયદો હું સમજું છું, પણ મારામાં એ પ્રમાણે વર્તવાની શક્તિ નથી. તમને મારતાં હું ન જોઈ શકું. તમારી ઉપર હુમલો થાય ત્યારે તમારો બચાવ કરવાની મારી ફરજ સમજું છું, પણ કેવળ મારીને તમારો બચાવ ન કરી શકું. તેથી કાં તો મારે તમને મારનારને મારીને બચાવ કરવો રહ્યો અથવા તો મારે તમારી ઉપર માર પડે તે જોયા કરવો અથવા ભાગી જવું?'' ગાંધીજીએ એને જવાબ આપ્યો, ''તું ભાગી જાય અથવા તો મારો બચાવ ન કરે એ નામર્દાઈની નિશાની છે. જો તારાથી તારી જિંદગીને કેવળ જોખમમાં નાખીને મારો બચાવ ન થઈ શકે તો તારે જરૂર મારનારની સાથે લડીને બચાવ કરવો જોઈએ. નામર્દાઈ કરતાં તો પશુબળ વાપરવું વધારે સારું છે.'' આથી જ ગાંધીજી પોતે બોઅર લડાઈમાં જોડાયા હતા. ઝુલુના બળવા વખતે સરકારને મદદ કરી હતી અને ઈંગ્લેંડને પણ લડાઈમાં મદદ કરી હતી. હિંદુસ્તાનમાં પણ સૈનિકોની ભરતી કરવામાં રોકાયા હતા. દુષ્કટતા દુષ્ટતાથી થતા પ્રતિકારથી કેવળ દુષ્ટતામાં વધારો થાય છે. જ્યારે દુષ્ટતાનો અહિંસાથી થતો પ્રતિકાર વધુ સક્રિય અને સાચો છે. આને માટે ગાંધીજી આત્મબળના પ્રતિકારનો આંતરિક ગુણ કેળવવા પર ભાર મૂકે છે. ગાંધીજી આંતરિક સુધારણાને મહત્ત્વ આપે છે. એમણે કહ્યું કે હિંદના એકેએક અંગ્રેજોને મારી નાખવામાં આવે તો પણ હિંદુસ્તાનનું તલભાર પણ ભલું થશે નહિ. એને બદલે આપણે સારા હોઈશું તો અંગ્રેજો હરગીજ બૂરું કરી શકવાના નથી.''

તેઓ કહેતા કે અહિંસા સાથે મારું લગ્ન અતૂટ છે. એ સ્થિતિમાંથી ચળવા કરતાં હું આપઘાત વધુ પસંદ કરું. ગાંધીજીની અહિંસાની વિભાવના એ માત્ર ધર્મ કે આત્મોન્નતિના ક્ષેત્ર સુધી જ સીમિત નથી. બાકી એ અહિંસા વ્યક્તિના સમગ્ર જીવનમાં વ્યાપવી જોઈએ અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગટવી જોઈએ. અહિંસાની શક્તિનો પ્રયોગ બાળક, જુવાન, સ્ત્રી અને વૃદ્ધ બધા જ કરી શકે છે. માત્ર એને માટે તેઓ બે શરત મૂકે છે. એક તો તેમનામાં પ્રેમસ્વરૂપ ઈશ્વર વિશે અવિચળ શ્રદ્ધા હોવી જોઈએ અને મનુષ્યમાત્રને માટે સમાન પ્રેમ હોવો જોઈએ. આ રીતે વ્યક્તિગત રીતે પળાતી અહિંસાને તેઓ સમાજમાં સદાચારના નિયમરૂપ બનાવે છે. આથી જ અહિંસા એ માત્ર વ્યક્તિગત ચિત્તશાંતિ કે મુક્તિને અર્થે આચરવાના એકાંતવિહારી સદ્‌ગુણ નથી, બલ્કે માનવીની પ્રતિષ્ઠા જાળવીને શાંતિની સ્થાપનાની ઝંખના માટે સદાચારરૂપ નિયમ પણ છે.

ગાંધીજીની આ અહિંસાની વિચારધારા અનેકાન્તવાદના

વિચારથી ઘણી પ્રભાવિત હતી. ૧૯૨૫ના માર્ચના 'યંગ ઈન્ડિયા'માં તેઓ નોંધે છે કે ''હું એમ માનતો હતો કે મારો જ વિચાર સાચો છે અને મારા પ્રમાણિક ટીકાકારનો વિચાર ખોટો છે, પણ હવે હું સમજ્યો કે અમે બંને પોતપોતાના વિચારની અંદર બરાબર છીએ. આના પરિણામે મારા ટીકાકારો કે વિરોધીઓ પર આરોપ મૂકતો અટકી ગયો. આનાથી હું શીખ્યો કે મુસ્લિમની વાત એના દૃષ્ટિકોણથી અને શીખોની વાત એના દૃષ્ટિકોણથી જોવી જોઈએ.'' આમ ગાંધીજી કહે છે કે મારો અનેકાંતવાદ બે સિદ્ધાંતના આધારે રચાયેલો છે. અને તે બે સિદ્ધાંતો છે સત્ય અને અહિંસા.

ઔષધ માટે થતી પ્રાણીહત્યા કે ધર્મને નામે થતી હત્યાનો ગાંધીજી વિરોધ કરે છે. ઓછામાં ઓછી હિંસા દ્વારા માનવી પોતાની ધર્મસાધના કરી શકતો હોય તો એણે પોતાની ધાર્મિક સાધનામાં હિંસાને સ્થાન આપવાની જરૂર નથી. જેમ કે ધાર્મિક પૂજા માટે જો પુષ્પ તોડ્યા વિના પણ ભક્તિ થઈ શકતી હોય તો ગાંધીજી ફૂલ તોડવાની વાત સ્વીકારતા નથી.

આજે અત્યંત પ્રસ્તુત લાગે તેવી એક બીજી મહત્ત્વની બાબત તરફ ગાંધીજી લક્ષ દોરે છે અને તે બધા સંપ્રદાયમાં પ્રવેશી ગયેલી હિંસા. અન્ય ધાર્મિક વર્ગની ભાવનાઓને દુભવવી, એમની ધાર્મિક માન્યતાઓની નિંદા કરીને એમનામાં વૈમનસ્યની વૃત્તિઓ જગાડવી. વળી ધર્મરક્ષાને નામે ધર્મ જેની મનાઈ ફરમાવતો હોય તેવું આચરણ કરવું. સંપત્તિ અને સત્તાના બળે સામી વ્યક્તિની ઈચ્છા વિરુદ્ધ સ્વમતનો પ્રચાર કરવો આ બધી બાબતને ગાંધીજી હિંસાત્મક માને છે. ગાંધીજી કહે છે કે આવી હિંસાને કારણે થતાં ધાર્મિક યુદ્ધને પરિણામે દેશની શક્તિનો વ્યય અને વ્યક્તિનો સંહાર થાય છે, આથી દરેક સંપ્રદાયે બીજા સંપ્રદાય પ્રત્યે સમતા રાખવી જોઈએ, એટલું જ નહિ પણ અન્યના ધર્મને સ્વધર્મ સમાન આદર આપવો જોઈએ. વ્યક્તિએ ખરું કામ તો પોતાના ધર્મનાં ઉત્તમ તત્ત્વોને આચરણમાં મૂકવાનું કરવાનું છે, પણ આમાં ક્યાંય ધર્મપરિવર્તન કરાવવાની જરૂર નથી.

ગાંધીજીએ અહિંસાની બુનિયાદ પર સમગ્ર રાજનીતિનું ચણતર કરવાની વાત કરી. રાજ્યને સ્થિર, મજબૂત અને પ્રજાકલ્યાણલક્ષી બનાવવું હોય તો અહિંસાના સિદ્ધાંત પર ઘડાયેલી રાજનીતિ આવશ્યક જોઈએ. આમાં પહેલી શરત એ છે કે આવી રાજનીતિ પોતાના રાષ્ટ્રનાં સુખ-સમૃદ્ધિ માટે કોઈ નિર્દોષ કે નિર્બળ રાજ્યને કચડી નાખવાનો લેશ પણ વિચાર કરતી ન હોય. એવી રાજનીતિ નહિ કે જે પોતાની પ્રજાને પૂર્ણ ન્યાય આપવા માટે બીજા રાષ્ટ્રને અન્યાય કરતી હોય. બીજા રાષ્ટ્રને નિર્બળ, પછાત રાખીને પોતાના વિકાસની રચના કરતી રાજનીતિ ગાંધીજીના મતે હિંસાયુક્ત છે. જ્યાં સુધી રાજનીતિ આવી હિંસાથી ભરેલી હશે ત્યાં સુધી ગમે તેટલા ઉમદા કાયદાઓ કરવામાં આવે તો પણ વિશ્વશાંતિ સર્જાશે નહિ. આનું કારણ એ છે કે સ્વાર્થી રાજનીતિને લીધે કેટલાક લોકોનાં હિતોને ધક્કો પહોંચશે. પરિણામે એમાંથી સંઘર્ષ અને હિંસા જાગશે.

આમ બીજા રાષ્ટ્ર પર આધિપત્ય મેળવવું કે એને નિર્બળ બનાવવું એ હિંસક રાજનીતિ છે. અહિંસક રાજનીતિ તો પોતાના રાજ્યની હિત-ચિંતા જેટલી જ બીજા રાષ્ટ્રનું પોતાના હાથે અહિત ન થાય તેની ફિકર રાખતી હોય છે. ગાંધીજી અહિંસાને એટલી શુદ્ધ માને છે કે આપણે રાષ્ટ્ર કે રાજ્યમાંથી બૂરાઈઓ દૂર કરીએ તો કોઈને પણ આપણા પર આક્રમણ કરવું પડે નહિ. આક્રમણ કરવાનું મૂળ કારણ શું? શોષણ, પ્રતિઆક્રમણની તૈયારી, અતિ અધિકાર, આધિપત્યની ભાવના, સ્વરાષ્ટ્રના વિકાસની સંકુચિત સ્વાર્થી દૃષ્ટિ, નિર્બળતા વગેરે હોય છે. અહિંસક અભિગમની દૃષ્ટિએ વિચારીએ તો જે રાષ્ટ્ર આવી રાજનીતિ અપનાવે એ બીજાના આક્રમણનું લક્ષ્ય બનતું નથી.

આવી અહિંસક રાજનીતિના આધાર પર રાષ્ટ્રનિર્માણ કરવાના સમયે જ કોઈ એ રાષ્ટ્ર પર આક્રમણ કરે તો દરેક રાષ્ટ્રને સ્વરક્ષણનો અધિકાર છે. તેમાં કેટલી અહિંસા દાખવવી તે એની ઈચ્છા પર નિર્ભર છે, પરંતુ આવે સમયે અહિંસક રાજનીતિ અપનાવનાર રાષ્ટ્ર શક્ય તેટલી ઓછામાં ઓછી હિંસાથી સામનો કરે તેમ જ માનવતાનો નાશ થાય કે સામૂહિક કત્લેઆમ થાય તેવું કામ ન કરે. ગત વિશ્વયુદ્ધ દરમિયાન રાષ્ટ્રોએ આક્રમક રાષ્ટ્ર સામે કેવું વલણ લેવું અને કાર્ય કરવું તેની સૂચનાઓ ગાંધીજીએ આપી હતી. વળી રાષ્ટ્રની રક્ષા કરવી તે કર્તવ્ય છે એ જ રીતે રક્ષા કરવાની પણ મર્યાદા બાંધવી જોઈએ. આક્રમણ કરનાર રાષ્ટ્ર તરફ એવો અભિગમ ન હોવો જોઈએ કે જો અમે વિજયી થઈશું તો એ રાષ્ટ્રને નષ્ટ કરવાનો અમને અધિકાર છે. આવે સમયે ઓછામાં ઓછી બૂરાઈનો ઉપયોગ થવો જરૂરી છે.

આધ્યાત્મિક, ધાર્મિક અને રાજકીય અહિંસક નીતિ સાથે ગાંધીજીએ વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક જીવનને માટે પણ અહિંસાની વાત કરી છે. વ્યક્તિએ પોતાનું જીવન શક્ય તેટલું નિષ્પાપ રીતે અને જીવજંતુની અલ્પમાં અલ્પ હિંસા થાય તે રીતે ચલાવવા પ્રયત્ન કરવો જોઈએ. જૈનદર્શન કહે છે કે પરિગ્રહ તે હિંસાનો પિતા છે. ગાંધીજીએ પણ કહ્યું કે આવશ્યકતા કરતાં વધુ સંગ્રહ કરનાર હિંસાનો ઉત્પાદક બની જાય છે. આને માટે જીવનમાં ત્યાગ અને સંયમ જરૂરી છે. સદાચારી, ત્યાગમય અને બધાં પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ ધરાવનારું અહિંસક વ્યક્તિનું જીવન હોવું જોઈએ. પોતાની પવિત્રતાથી બૂરાઈઓ મટાડવાનો માણસમાં આત્મવિશ્વાસ જાગ્રત થવો જોઈએ. પોતાને નડતરરૂપ થતી બાબતનો માણસ નાશ કરે છે અને પોતાના જીવનને નિષ્કંટક બનાવવા માગે છે, પરંતુ એને એવી શ્રદ્ધા હોવી જોઈએ કે હિંસા કરતાં પણ બીજાં એવાં સુંદર સાધનો છે જેના દ્વારા વ્યક્તિ પોતાનું જીવન વધુ સારી રીતે નિષ્કંટક બનાવી શકે છે.

અહિંસા મુખ્યત્વે ધર્મોપદેશકોના ઉપદેશમાં, ધર્મગ્રંથોમાં અને ધર્મલક્ષી આચરણ સુધી સીમિત હતી. ગાંધીજીએ એનો વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક, રાજકીય, ધાર્મિક અને આધ્યાત્મિક પ્રયોગ કરી બતાવ્યો. વ્યક્તિના વિચાર, વચન અને આચારની પાછળ એનો હિંસક હેતુ હોય તો તે હિંસા છે પરંતુ કટુ સત્ય લખવું એમાં કોઈ હિંસા નથી. આ રીતે ગાંધીજી આત્મબળ, અન્યાય સામે અવાજ અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં રહેલા હિંસક બળ સામે અહિંસક જંગ ખેલવાની વાત કરે છે.

ઔદ્યોગિક વિકાસ, આર્થિક પ્રગતિ અને પરમાણુ શક્તિના જયઘોષમાં આત્મબળમાંથી પ્રગટતો અહિંસક અવાજ સંભળાયો. મહાત્મા ગાંધીજીએ અહિંસાને એક પ્રબળમાં પ્રબળ શક્તિ દર્શાવી અને પ્રચંડમાં પ્રચંડ શસ્ત્રો કરતાં વધુ શક્તિશાળી બતાવી. એમણે કહ્યું કે સત્ય અહિંસા સિવાય બીજી કોઈ રીતે પ્રગટ થઈ શકે નહિ.

એક સમયે અમેરિકાના વધુમાં વધુ અખબારોમાં મોડલિંગનું એક ઠઠ્ઠાચિત્ર પ્રગટ થયું હતું. એમાં માર્ટિન લ્યૂથર કિંગ (જુનિયર) સ્વર્ગમાં દાખલ થાય છે અને ગાંધીજીને મળે છે, ત્યારે ગાંધીજી કહે છે,

'ડૉ. કિંગ, આ ખૂનીઓ વિશે વિચિત્ર વાત એ છે કે એ લોકો એમ માને છે કે એમણે તમારી હત્યા કરી છે.'

આ ઠઠ્ઠાચિત્ર દોરનારે માર્મિક રીતે એ સૂચવી દીધું છે કે વ્યક્તિની હત્યા થઈ શકે, પણ વિચારોની હત્યા કદી કરી શકાતી નથી.

૧૯૩૧ના ૧૫ ઑક્ટોબરના 'નવજીવન'માં તેઓ નોંધે છે, ''તમે તો કહેશો જ કે અહિંસક બળવો થઈ જ ન શકે અને ઈતિહાસમાં એવો બળવો કદી જાણ્યો નથી, પણ મારી મહત્ત્વાકાંક્ષા તો એવું દૃષ્ટાંત પૂરું પાડવાની છે. અને હું એ સ્વપ્નું સેવી રહ્યો છું કે મારો દેશ અહિંસા દ્વારા સ્વતંત્રતા મેળવે. અને હું આખા જગતને અસંખ્ય વાર કહેવા ઈચ્છું છું કે અહિંસાને જતી કરીને હું મારા દેશની સ્વતંત્રતા નહિ મેળવું.''

સામાન્ય માનવી, સમાજ કે પ્રજા પોતાના પર થતા અન્યાયનો સામનો કઈ રીતે કરી શકે? શસ્ત્ર, શક્તિ એ તો રાજ્યશક્તિ પાસે છે ત્યારે આવા અન્યાય સામે નિઃશસ્ત્ર કેવી રીતે લડે? એનો જવાબ ગાંધીજીએ આપ્યો અહિંસક સત્યાગ્રહ વડે. અહિંસક સત્યાગ્રહ એ ઍટમ બૉમ્બ સામે ગાંધીનો આત્મબૉમ્બ છે.

અહિંસાને પૂર્વ અને પશ્ચિમ એવો ભેદ નથી. અહિંસા આખી વિશ્વની છે અને સમગ્ર વિશ્વે મળીને પૃથ્વીના ગ્રહ પર માનવીનું જીવન સુખી બનાવવા પ્રયાસ કરવો પડશે. માનવજાતની વિવેકપૂર્ણ પ્રગતિ અને આધ્યાત્મિક ઊર્ધ્વગમનને માટે પ્રયાસ કરવો પડશે અને તેનું મુખ્ય પરિબળ અહિંસા બની રહેશે. અહિંસાએ ક્યારેય પ્રેમનો માર્ગ છોડ્યો નથી અને અન્યાયનો સામનો કરવામાં નિર્બળતા દાખવી નથી. આ જ અહિંસક અભિગમની સૌથી મોટી મહત્તા છે. આતંકવાદ, હત્યા, હિંસા જેવાં અનિષ્ટો સામે સતત જંગ ખેલવો જરૂરી છે અને આના માટે જ ગાંધીજીએ સત્યાગ્રહ આપ્યો. જેમાં વિરોધીના હૃદયની કટુતા ઓગાળીને એનામાં રહેલા પ્રેમ અને શુભભાવને જગાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.

અહિંસા એ નેગેટિવ કે નિષેધાત્મક નથી. અહિંસાનો વિધાયક અર્થ છે સમગ્ર વિશ્વ માટે, સચરાચર માટે પ્રેમ. એનો પાયો છે આત્મભાવ. જેવો મારો આત્મા એવો અન્યનો આત્મા. આત્માનું આત્મા સાથે મિલન થાય ત્યારે અહિંસાનું અદ્વૈત સધાયેલું જોવા મળે છે.

આ વિશ્વને હિંસા, યુદ્ધ, આતંક અને રક્તપાતથી બચાવવા માટે અને વિશેષ તો માનવીની 'માનવ' તરીકેની ગુણગરિમા જાળવવા અને સમગ્ર મનુષ્યજાતિના અસ્તિત્વને ટકાવવા માટે મહાત્મા ગાંધીજીની અહિંસક વિચારધારા, જીવનપદ્ધતિ, રાજ્યપદ્ધતિ અને ધર્મપદ્ધતિનું અનુસરણ કરવાની સહુને ઈશ્વર શક્તિ આપે એ જ પ્રાર્થના.

❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
સંપર્ક : ૦૭૯-૨૬૬૦૨૬૭૫ / ૦૯૮૨૪૦૧૯૯૨૫

**સ્થળાંતર થયેલ ઑફીસ**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
**૯૨૬, પારેખ માર્કેટ, ૩૯,**
**જે. એસ. એસ. રોડ,**
**કેનેડી બ્રિજ, ઑપરે હાઉસ,**
**મુંબઈ-૪૦૦ ૦૦૪.**
**ઓફીસ : ૨૩૮૨૦૨૯૬**
**મોબાઈલ : ૯૧૩૭૭૨૭૧૦૯.**
**પત્ર વ્યવહાર ઉપરોક્ત ઑફીસ પર જ કરવો.**

**પ્રબુદ્ધ જીવનમાં**
**પુસ્તક પરિચય છપાવવા માટે**
**પુસ્તક મોકલવાનું સ્થળ**
**ડૉ. સેજલબેન શાહ**
**૧૦/બી-૭૦૨ અલીકા નગર,**
**લોખંડવાલા કોમ્પલેક્સ, આકુર્લી રોડ**
**કાંદીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.**
**(કુરીયરના કવર પર Drop લખવું)**

# અહિંસા એટલે પ્રેમધર્મ


**ગુણવંત શાહ**


***પરિચય : મહાત્મા ગાંધી અને વિનોબાના વિચારોથી પ્રેરિત, પદયાત્રાઓના સહયાત્રી અને મહાત્મા ગાંધીના વિચારો સાથેની અસહમતિ પણ તંદુરસ્ત ભાવે વ્યક્ત કરનાર ગુણવંત શાહ જાણીતા વિચારક, ચિંતક, સાહિત્ય સર્જક અને અનેક અનેક પુસ્તકોના લેખક તેમ જ ઉત્તમ વક્તા છે.***

Audio Link : https://youtu.be/8NiFDbGB8qs

**બી**જું વિશ્વયુદ્ધ ચાલુ હતું ત્યારની વાત.

હિટલરનું નામ સૌથી વધુ ગાજતું હતું. આ ભયંકર દુશ્મનની સામે લડવા ત્રણ પાત્રો આપોઆપ એકઠાં થઇ ગયાં હતાં : અમેરિકાના રૂઝવેલ્ટ, બ્રિટનના ચર્ચિલ અને રશિયાના સ્ટાલિન. ચર્ચિલે પ્રજાને કહ્યું હતું, 'હું તમને ત્રણ જ બાબતો આપી શકું - લોહી, આંસુ અને પસીનો. અહિંસક યુદ્ધમાં ગાંધીજીએ પણ લલકાર કર્યો હતો - કરેંગે યા મરેંગે.

એક વાર સ્ટાલિન અને ચર્ચિલ મોસ્કોમાં સ્ટાલિનને ઘેર મળ્યા. સ્ટાલિન ચાર કમરાના નાના ઘરમાં રહેતા. કડકાઈ અને ક્રૂરતા માટે જાણીતા સ્ટાલિને રશિયાના ખેડૂતોની સામૂહિક કતલ થવા દીધી હતી. ચાર ચાર વર્ષ ચાલેલી એ કતલ માટે જ્યારે ચર્ચિલે એમને પ્રશ્ન કર્યો ત્યારે કોઈ જાતની પાપગ્રંથિ અનુભવ્યા વિના એમણે કહ્યું, 'એક કરોડ માણસોને મારવાનો નિર્ણય અલબત્ત મુશ્કેલ અને થથરાવી મૂકનારો હતો, પણ વારંવાર પડતા દુષ્કાળોથી બચવા માટે અને જમીનને ટ્રેક્ટરોથી ખેડવા માટે એ અત્યંત જરૂરી હતું.'

હવે મહાત્મા ગાંધીને યાદ કરીએ : બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું ત્યારે ગ્રેટ બ્રિટનની મુશ્કેલીનો લાભ લેવા ગાંધીજી કે પંડિત નહેરુ કોઈ તૈયાર ન હતા. નહેરુએ જાહેરમાં કહ્યું હતું, 'ઈંગ્લૅન્ડની મુશ્કેલી એ ભારતને મળેલી તક નથી.' કારણ, ગાંધીજીએ કહ્યું હતું, 'અમે અમારું સ્વરાજ બ્રિટનની હાલાકી થકી પ્રાપ્ત કરવા ઇચ્છતા નથી. એ રસ્તો અહિંસાનો નથી.'

ગાંધીજીની અહિંસા, કેવળ અહત્યામાં સમાઈ જનારી સ્થૂળ અહિંસા ન હતી. એમાં તો શત્રુને શત્રુ ગણ્યા વગર સત્યનો માર્ગ ન છોડવાની કરુણાનું સંગીત હતું. જ્યાં કરુણા હોય ત્યાં વેરભાવ કેવો? મહાત્માને અસંખ્ય ગોરા પ્રશંસકો મળ્યા તેનું રહસ્ય એમના અજાતશત્રુપણામાં રહેલું છે. કેટલાક ગોરાઓને મહાત્મામાં દેવદૂતનાં દર્શન થયાં હતાં તો કેટલાક ગોરાઓએ એમનામાં ઈસુ ખ્રિસ્તને જોયા હતા.

ગોળમેજી પરિષદમાં ગાંધીજીને બે અંગરક્ષકો આપવામાં આવેલા જેમનું મૂળ કામ તો ગાંધીજીની ગતિવિધિઓ પર નજર રાખવાનું હતું. પરિષદ પૂરી થયા પછી ગાંધીજી ભારત આવવા નીકળ્યા ત્યારે એ બંનેએ ગાંધીજીને કહ્યું, 'આજ સુધી અમે અમારી ફરજ બજાવતા હતા, પણ હવે તમારા પ્રશંસકો તરીકે અમને તમારી સાથે આગલા બંદર સુધી મુસાફરી કરવા દો એવી અમારી વિનંતી છે.' ગાંધીજીએ હસીને કહ્યું, 'ભલે.' યરવડા જેલનો ગોરો જેલર, ગાંધીજી જેલમાં હતા એ દરમ્યાન પત્ની સાથે સાદા વેશમાં એમને મળવા આવ્યો. પત્નીએ ભીની આંખે કહ્યું, 'અત્યારે તો મારા પતિએ એમની ફરજ બજાવી છે, પણ બીજી વાર તમે જેલમાં આવો ત્યારે અમને ખબર પડે તેવું કરજો, જેથી મારા પતિ એ જેલમાં ફરજ પર હોય તો રાજીનામું આપી શકે. તમે એમના કેદી હો એ હવે તેઓ સહન નહીં કરી શકે.' આવા અનેક પ્રસંગો છે. જેમની સામે જીવનભર લડયા હોય તેવા લોકોનો આદર પ્રાપ્ત કરવાનું તો મહાત્મા હોય, તે જ કરી શકે.

ચર્ચિલ કહેતા, 'આ માણસ ખતરનાક છે. તેને ભૌતિક પ્રાપ્તિઓની બિલકુલ પરવા નથી, તેથી તેની સાથે કામ પાર પાડવાનું મુશ્કેલ છે.' સન ૧૯૦૮માં લખેલા 'હિંદ સ્વરાજ' પુસ્તકમાં ગાંધીજીએ પહેલી વાર 'પ્રેમધર્મ'શબ્દ પ્રયોજ્યો હતો. ચર્ચિલના શબ્દોમાં ગાંધીજીના પ્રેમધર્મનું સૌંદર્ય આબાદ પ્રગટ થયું છે. આ શબ્દોની સાથે ગાંધીજીના શબ્દો વાંચવા જેવા છે :

*પહેલા તેઓ તમારી અવગણના કરશે*
*પછી તેઓ તમને હસી કાઢશે*
*પછી તેઓ તમારી સામે લડશે*
*અને પછી તમે જીતી જશો.*

❑❑❑


પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે છે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80**

**● ૫ વર્ષના લવાજમના $ 100**

**● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

# નઈ તાલીમ અને અહિંસા

રમેશ સંઘવી

***પરિચય : ગાંધી વિચારને વરેલા શ્રી રમેશભાઈ સંઘવી ગ્રામ સ્વરાજ સંઘ, સુશીલ ટ્રસ્ટ, સ્વજન, શિશુકુંજ જેવી કેટલીય સામાજિક સંસ્થાઓ સાથે અનુબંધિત છે. 'શાશ્વત ગાંધી' જેવા ઉત્તમ સામયિકનું સંપાદન કાર્ય તેઓ સંભાળી રહ્યા છે. 'શાંત તોમર છંદ', 'અમીઝરણાં' જેવા બહુખ્યાત થયેલા પુસ્તકોનું સંપાદન કાર્ય તેમણે કરેલ છે. બહુ જાણીતા કેળવણીકાર પણ છે. તેમના ગદ્યમાં સરળતાની સાથોસાથ એક પ્રવાહિતા-રસાળતા છે. પ્રસ્તુત લેખમાં તેમણે વિનોબાનું લોકગુરુ તરીકે ઉત્તમ રીતે નિરૂપણ કર્યું છે.***

### આજનું પરિદૃશ્ય

નઈ તાલીમની વાત સમજતા પૂર્વે આજની કેળવણીનું પરિદૃશ્ય કેવું છે? હિંસાના મૂળ માનવીના મનમાં છે અને આજની કેળવણીની સમગ્ર પ્રક્રિયા એ મૂળને દૃઢીભૂત બનાવે છે અને તેમાંથી હિંસક મનોદશાનો છોડ અંકુરિત થાય છે. આજની કેળવણીના ત્રિદોષ છે - સ્પર્ધા, તુલના અને સજા. પ્રત્યેક બાળક નોખું નોખું છે, તેની વચ્ચે તુલના ન હોય. સ્પર્ધાનો ભાવ કોઈને પાછળ રાખીને જાતે આગળ જવા તાકે છે. અને સજા વ્યક્તિત્વનો અનાદર છે. આ ત્રિદોષ એ હિંસા આધારિત સમાજમાં હોય. આજની કેળવણીના બીજા દોષ છે : મૂડીવાદી અર્થરચના એટલે શોષણ અને અસમાનતા. ઔદ્યોગિકરણ એ મૂડીવાદીનું સંતાન અને તેની સાથે જોડાયેલા છે પ્રાકૃતિક સ્ત્રોતોનો બેફામ ઉપયોગ અને પ્રદૂષણ - જળવાયુ પરિવર્તન. વિલાસી-વૈભવી જીવનશૈલી પણ આ સૃષ્ટિને, માનવને હાનિ પહોંચાડે છે. કેળવણીમાં આ બધાં તત્ત્વ અત્યારે વ્યવહારમાં છે જ, એટલે કેળવણી જ હિંસક-સ્પર્ધા, તુલનાવાળું માનસ પેદા કરે છે. શિક્ષણમાં સ્વાતંત્ર્ય અને સ્વાયત્તતા નથી. જ્યાં સ્વાતંત્ર્ય અને સ્વાયત્તતા ન હોય ત્યાં શિક્ષકોમાં તેજ ન નીખરે. સમગ્ર કેળવણીની પ્રક્રિયા જાણે હેતુવિહીન, દૃષ્ટિવિહીન, નિષ્ઠાવિહીન ચાલતી પ્રક્રિયા છે. કેટલીક સારી, સ્વાતંત્ર્ય, સ્વાયત્ત શાળાઓ છે જ, પણ સામાન્ય દૃશ્ય આવું વરવું છે. શિક્ષણ એક ધંધો બની ગયું છે, ધર્મ નથી રહ્યું. કેળવણી માટે આપણે '**सा विद्या या विमुक्तये... विद्या**' કહીએ છીએ. ગાંધીજીએ તેની સમજ આપતા કહેલું : '**सा विद्या या विमुक्तये**' એટલે કેવળ આધ્યાત્મિક જ્ઞાન અને '**मुक्ति**' એટલે છુટકારો અર્થ ન કરતા, વિદ્યા એટલે લોકોપયોગી બધું જ્ઞાન અને મુક્તિ એટલે આ જીવનમાં સર્વ દાસત્વમાંથી છૂટી જવું. દાસત્વ પારકાનું અને પોતે ઊભી કરેલી હાજતોનું. એવી મુક્તિ આપણને મેળવી આપે તે જ કેળવણી.' એટલે સ્વાતંત્ર્ય, સ્વાયત્તતા, સ્વાવલંબન, સમાનતા એ કેળવણીના પાયામાં હોવા જોઈએ. સરસ્વતી કોઈની અપૂરસરી નથી. કેળવણી એ મનુષ્યના 'સર્વાંગી વિકાસ' માટે છે. એક 'ચારિત્ર્યશીલ નાગરિક' તૈયાર થાય એ માટે છે અને વિશ્વમાં શાંતિ સ્થાપાય એટલા માટે છે. આ સંદર્ભમાં નઈ તાલીમના અર્થ, સમજ, સ્વરૂપ અને વ્યાવહારિક ઉપક્રમને સમજવા પ્રાપ્ત કરીએ.

### જીવન કેન્દ્રમાં

આજે મહાત્મા ગાંધીને આપણે મુખ્યત્વે રાજકારણી, સમાજ સુધારક કે ધર્મપુરુષ તરીકે ઓળખીએ છીએ. અલબત્ત આ ક્ષેત્રોમાં તેમનું કાર્ય અને પ્રદાન એટલું મબલક છે કે તેમનું બીજા ક્ષેત્રોનું પ્રદાન વીસરાઈ જાય, પણ તેમણે કેળવણી ક્ષેત્રે જે ક્રાંતિકારી - આમૂલાગ્ર ચિંતન આપ્યું છે તેની તો વ્યાપક ઉપેક્ષા જ થઈ છે. વસ્તુતઃ કેળવણીમાં તેમનું પ્રદાન અત્યંત પાયાનું, અનોખું અને દેશ માટે નેત્રદીપક છે. એમ કહી શકાય કે ગાંધીજીએ એક સમુચિત - ભારતીય કેળવણી કેવી હોય, માનવનિર્માણ - વિશ્વશાંતિ માટેની કેળવણી ચિંતન એક સર્વાંગી મનુષ્યના નિર્માણનું છે, તે વિશ્વભરના લોકોના હૃદયમાં તથા ચિત્તમાં પરિવર્તન કરવા ઝંખે છે. તેમની કેળવણીની ઈમારત તેમના અન્ય ક્ષેત્રોની જેમ સત્ય અને અહિંસા વિચારની બુનિયાદ પર ખડી થઈ છે. તેમની દૃષ્ટિએ સત્ય સિવાય બીજો કોઈ ઈશ્વર નથી કે ધર્મ નથી અને સત્યના સાક્ષાત્કારનો એક માત્ર રસ્તો અહિંસાનો છે.

ગાંધીજીને કોઈએ પૂછેલું : 'અહિંસાનો તમારો મતલબ શો છે?' ગાંધીજીએ જવાબમાં એક જ શબ્દ આપેલો : 'પ્રેમ', 'અહિંસા એટલે મારે મન નિરવધિ પ્રેમ'. તેમણે કહેલું : 'પરમસત્તા કેવળ પ્રેમમય છે. કેવળ શુભ છે. કારણ હું જોઉં છું કે મૃત્યુની વચ્ચે પણ જીવન કાયમ ટકી રહેલું છે.' ૧૯૨૦માં નવજીવનમાં તેમણે લખેલું : 'આખી દુનિયાની સાથે મિત્રભાવે રહેવું એ મારો ઉદ્દેશ છે. અન્યાયની સામે પુરજોશથી લડતા છતાં સંપૂર્ણ પ્રેમભાવ રાખી શકાય એ મારી દૃઢ પ્રતીતિ છે.'

તેમના જીવનનું લક્ષ હતું મોક્ષપ્રાપ્તિ અથવા આત્મસાક્ષાત્કાર તેને તેઓ આ જીવનમાં જ મેળવવા ઈચ્છતા હતા. અને તેમને ભરોસો હતો કે અંતરાત્માની શુદ્ધિ - આત્મશુદ્ધિ એ જ તેનો માર્ગ છે. તેમને દૃઢ શ્રદ્ધા હતી કે જગત નીતિ પર ટકી રહ્યું છે, અને નીતિ એટલે 'આત્માની દૃષ્ટિએ પાળેલો ધર્મ'. સમગ્ર જગત પરસ્પર સંબંધિત - અનુબંધિત છે. અને વ્યક્તિના દરેક પ્રત્યેક કર્મની અસર જેમ તેની જાત પર પડે છે. તેમ સમગ્ર સૃષ્ટિ પર

પણ પડે છે. આવી એક આંતરગૂંથણી - એક એકત્વનો અહેસાસ જ્યારે વ્યક્તિ પોતાની ભીતર ઉતરે છે ત્યારે સહજ કરી શકે છે, ભલે બાહ્ય રીતે ભિન્ન-ભિન્ન દેખાય - વરતાય તેમ છતાં તેઓએ કહેલું : 'હું એવી માન્યતા અથવા ફિલસૂફીમાં માનું છું કે તત્ત્વતઃ સમગ્ર જીવન એ એક અને અવિભાજ્ય છે. આપણું કામ આ એકત્વનો અનુભવ કરવાનું, તેનો સાક્ષાત્કાર કરવાનું છે. આ અનુભવ કેવળ મન કે ઈન્દ્રિયો દ્વારા થવાનો નથી. તે માટે તો ઈન્દ્રિય-રાગ અને મનના આવેગ - રાગ દ્વેષાદિથી મુક્ત થવું પડશે. ગાંધીજીની દૃષ્ટિએ અહિંસા કેવળ શારીરિક ક્રિયા નથી, પણ એ તો એક આંતરઅવસ્થા છે અને તે કાર્યમાં પરિણમે છે. 'અહિંસાને જીવનધર્મ તરીકે સ્વીકારવામાં આવે તો તે છૂટાંછવાયાં કાર્યોને જ કેવળ લાગુ ન પાડતા, આખા જીવનમાં વ્યાપવી જોઈએ ને જીવનના પ્રત્યેક કર્મમાં તે પ્રગટ થવી જોઈએ.' આંતરશુદ્ધિ વિના આ શક્ય નથી.

આંતરશુદ્ધિનો માર્ગ એટલે સત્યમય જીવન. 'સત્ય' એ જ ચરમ અને પરમ પ્રાપ્તિ. ગાંધીજી માટે તો 'સત્ય એ જ ઈશ્વર' હતું. આ 'સત્ય' તેમના માટે સાધ્ય હતું પણ ત્યાં પહોંચવા માટે સાધન કયું હોય? 'સત્ય'ની શોધમાંથી જ તેમને 'અહિંસા' હાથ લાગી સત્ય-અહિંસાદિ તો 'પર્વતો જેટલાં પુરાણાં' છે. તેમ તેમણે જ કહેલું છતાં તેમની અંદરની શોધે તેનો નવો જ સંદર્ભ અને નવો જ અર્થ નીપજાવ્યાં. સત્ય પ્રાપ્તવ્ય છે અને તેની પ્રાપ્તિનો રસ્તો અહિંસાદિ વ્રતો, તેને વ્યવહારમાં પ્રાયોજિત કરવાના છે. અહિંસાની સાધના-આરાધના, વ્યવહાર-વિનિયોગ વિના 'સત્ય' ન મળે. ગાંધીજી માટે તો સત્ય એ જ જીવન હતું એટલે જીવનના બધાં જ ક્ષેત્રોમાં, કાર્યોમાં, વિચારોમાં અહિંસા અનિવાર્ય બની રહી. 'જે કંઈ અસત્યમય અને હિંસક હોય તેને હું મંજૂર રાખી જ ન શકું!' અને 'મારામાં જે કંઈ તાકાત છે તે સર્વથા હું સત્ય અને અહિંસાનો ઉપાસક છું તેને આભારી છે.' 'કેટલાક મિત્રો મને કહે છે કે રાજકારણ અને દુન્યવી બાબતોમાં સત્ય અને અહિંસાને કશું સ્થાન નથી. હું એમ નથી માનતો... મનુષ્યના રોજિંદા જીવન વ્યવહારમાં તેમને સ્થાન આપવાનો તથા તેમને લાગુ પાડવાનો હું જીવનભર પ્રયત્ન કરતો રહ્યો છું.' મૂળ વાત છે સત્ય અને અહિંસાને રોજિંદા વ્યવહારમાં, જીવનમાં પ્રત્યેક ક્ષેત્રમાં અમલીકૃત કરવા. 'વૈયક્તિક મુક્તિ માટે તેમનો કશો ખપ નથી.' ગાંધીજીને મન સામુદાયિક પ્રજા સમસ્તનું ઉત્ક્રમણ અભિષ્ટ હતું.

## અહિંસા વિચાર

અહીં આપણે સત્ય કે અહિંસાના દાર્શનિક પાસાંની વાત નથી કરવી, પણ 'નઈ તાલીમ'ની ભૂમિકા લેખે આ વાત સમજવી પડે. ગાંધીજીને મન કેળવણી અને હિંસા વચ્ચે મૂળભૂત વિરોધ રહ્યો છે. કારણ કે તેઓ ખાતરીપૂર્વક માને છે : 'સારી કેળવણી અહિંસા દ્વારા જ આપવી જોઈએ.' હિંદુસ્તાને હિંસાનો ત્યાગ કરવાનો જો નિરધાર કર્યો હોય તો, કેળવણીની આ પ્રવૃત્તિ (નઈ તાલીમ) તેણે જે તાલીમ લેવાની છે તેનું એક અવિભાજ્ય અંગ છે. 'નઈ તાલીમ'ને સત્ય અને અહિંસાથી અલગ જોઈ શકાય તેમ નથી. કારણ કે આગળ દર્શાવ્યું તેમ ગાંધીજી અહિંસાને 'જીવનધર્મ' માનતા હતા. તેને 'જીવનમાં આચરી બતાવવાની' છે અને પોતાની વાત કરતા તેમણે કહેલું : 'મારી પાસે તો એકમાત્ર અહિંસાનો જ માર્ગ છે.'

થોડી વાત તેમની દૃષ્ટિએ અહિંસાના આયામની કરી લઈએ. કહે છે : 'અહિંસા આજે આપણે જે જાડી વસ્તુ જોઈએ છીએ તે જ નથી. કોઈને ન મારવું એ તો છે જ... કુવિચાર હિંસા છે, ઉતાવળ હિંસા છે, મિથ્યા ભાષણ હિંસા છે, દ્વેષ હિંસા છે, કોઈનું બૂરું ઈચ્છવું હિંસા છે. જે જગતને જોઈએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે.' એટલે મનસા, વાચા, કર્મણા રાગ-દ્વેષમુક્ત બનવાનું છે. કારણ કે 'અહિંસા વિના સત્યની શોધ અસંભવિત હતી. અહિંસા અને સત્ય એવા ઓતપ્રોત છે, જેમ સિક્કાની બે બાજુ, અથવા લીસી ચકરડીની બે બાજુ. તેમાં ઉલટી કઈ અને સૂલટી કઈ?' અને 'છતાં અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ. સાધન આપણાં હાથમાં છે. તેથી અહિંસા પરમ ધર્મ થઈ. સત્ય પરમેશ્વર થયું. સાધનની ફિકર કર્યા કરીશું તો સાધ્યના દર્શન કોઈ દિવસ તો કરીશું જ. આટલો નિશ્ચય થયો એટલે જગ જીત્યા.' ગાંધીજીની દૃષ્ટિએ 'અહિંસા એ મનુષ્યજાતિની પાસે પડેલી પ્રબળમાં પ્રબળ શક્તિ છે.' તે 'જગતનું સૌથી વધુ સક્રિય બળ છે.' 'ગુરુત્વાકર્ષણની જેમ પૃથ્વીને ટકાવી રહેલ છે, તેમ અહિંસા પર આખો માનવસમાજ ટકી રહ્યો છે.' કારણ કે 'સંહાર એ મનુષ્ય ધર્મ નથી.' 'અહિંસા એ જ માનવજાતનો કાનૂન છે.' મહર્ષિ પતંજલિએ પોતાના યોગસૂત્રમાં જણાવ્યું છે, 'અહિંસાની સંપૂર્ણ પ્રતિષ્ઠા થતા વેરભાવનો સર્વથા નાશ થાય છે.' ગાંધીજી પણ આવું માનતા હતા.

## અહિંસક સમાજરચના અને કેળવણી

ગાંધીજીની કલ્પનાનો સમાજ એટલે 'અહિંસક સમાજ' તેને 'સર્વોદય સમાજ' પણ કહેતા. સમાજ-જીવનના બધા ક્ષેત્રો - રાજકારણ, અર્થકારણ, ધર્મ, કેળવણી, વિજ્ઞાન આદિ સર્વના કેન્દ્રમાં 'અહિંસક સમાજરચના'નો, તેવી સમાજરચના નિર્મિત કરવાનો હેતુ હોય. આવો સમાજ કોઈપણ પ્રકારના શોષણ, અન્યાય, અસમાનતાથી મુક્ત હોય. જગતના સુખ અને શાંતિ, સાચો વિકાસ પરસ્પરાવલંબિત અહિંસક સમાજરચના વિના શક્ય નથી. જીવનને અને તેના કાર્યોને ખંડખંડમાં જોઈ શકાય નહીં. જો અહિંસક સમાજરચના કરવી છે તો તે માટેની કેળવણી પણ તેવા મૂલ્યોને પ્રબોધક અને પ્રકાશક જોઈએ. તેમની દૃષ્ટિએ આ કેળવણી

એટલે 'નઈ તાલીમ'. મેકોલે પ્રણીત શિક્ષણનું માળખું, જે આજે પણ વત્તેઓછે અંશે પ્રવૃત્ત છે - તે 'અહિંસક સમાજરચના' માટે કામનું - કારગર નથી. કારણ કે તેમાં સર્વાંગી ચારિત્ર્યશીલ માણસ તૈયાર કરવાની વાત નથી, તેનો હેતુ તો આ દેશના અંગ્રેજ શાસનને ચલાવનાર અને સહયોગ કરનાર એવા ભણેલાઓની જમાત તૈયાર કરવાનો હતો. ગાંધીજી તો સમગ્ર સમાજરચનાની દૃષ્ટિએ, તેની બુનિયાદરૂપે કેળવણીને સમજતા હતા. 'હું એક એવો નમ્ર સભ્ય અને અહિંસક સમાજ ઈચ્છું છું, જે કોઈને પણ ચોટ પહોંચાડ્યા વિના, મનમાં પણ કોઈને ચોટ પહોંચાડવાનો તનિક વિચાર રાખ્યા વિના જાતે ફાંસી પર ચડી જાય.' 'અહિંસાનું પ્રથમ પગથિયું જ એ છે કે આપણે આપણા નિત્યના જીવનમાં, એકબીજાની સાથેના વ્યવહારમાં સત્ય, નમ્રતા, સહિષ્ણુતા, પ્રેમ, કરુણા વગેરે ખીલવીએ. શિક્ષણ દ્વારા - કેળવણી દ્વારા આ કરવાનું છે. કારણ કે 'સત્ય અને અહિંસા એ માત્ર સાધુ સન્યાસીઓ માટે જ નથી.'

'નઈ તાલીમ' એ મહાત્મા ગાંધીજીની અનોખી - મૌલિક ભેટ છે. ૧૯૩૭માં (૨૨-૨૩ ઑક્ટોબર) સેવાગ્રામમાં તેમણે અખિલ ભારત કેળવણી પરિષદ બોલાવેલી. તેમાં તેમણે એક મહત્ત્વની વાત કરેલી. 'મારા જીવનનું આ છેલ્લું કામ છે, જો ભગવાન એને પૂરું કરવા દેશે તો દેશનો નકશો જ બદલાઈ જશે.' તેમને સતત જે ચિંતા રહેતી હતી કે 'ભણેલાઓની સંવેદનહીનતા'ની. તેથી તેઓ કહેતા 'આજની કેળવણી નકામી છે.' અને 'નઈ તાલીમ' દ્વારા તેમણે કેળવણીનું સર્વાંગી દર્શન આપ્યું. તેમના અભિપ્રાય મુજબ કેળવણી એ ભવિષ્યના નાગરિકોને તૈયાર કરવાના છે, જે અહિંસક સમાજરચનામાં પોતાનો ભાગ ભજવી શકે. એટલે શાળામાં તેને તે અનુરૂપ શિક્ષણ આપવું જોઈએ. એવા ગુણોની તેમને તાલીમ આપવી જોઈએ અને તે ગુણો - નાગરિકતાના ગુણોનું આચરણ કરવાની તેને શાળામાંથી જ તક મળવી જોઈએ. શાળા પોતે પણ લોકશાહી નાગરિકતા કેળવનારો, ફળદાયી સર્જન પ્રવૃત્તિમાં લાગેલો એક સંગઠિત સમાજ હોવો જોઈએ.

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે જાગૃતિપૂર્વક કેળવણીના પ્રયોગો કરેલા. ત્યારે 'વ્યક્તિ એક સારો, ચારિત્ર્યશીલ માણસ' બને તે તેમને ઉદ્દીષ્ટ હતું. દક્ષિણ આફ્રિકામાં પ્રથમ પોતાના બાળકો માટે શિક્ષણના પ્રયોગો તેમણે કર્યા અને પછી ફિનિક્સ વસાહત અને ટોલ્સટોય ફાર્મની સ્થાપના પછી ત્યાં વસેલા પરિવારોના બાળકો માટે રીતસરની નવતર શાળા શરૂ કરી! 'નઈ તાલીમ' વિચારના બીજ અહીં પડેલા છે. તેમની એ શાખા અનોખી હતી. તેની વાત અહીં નથી કરવી. શ્રી પ્રભુદાસ ગાંધીના 'જીવનનું પરોઢ' પુસ્તકમાં તેની સુંદર-રસપ્રદ જાતે અનુભવેલી વિગતો છે. પછી ભારતમાં આવી ૧૯૧૭ (૨૦ ઑક્ટોબર)માં ભરૂચમાં યોજાયેલી બીજી કેળવણી પરિષદના પ્રમુખ સ્થાનેથી તેમણે લાંબુ ભાષણ આપ્યું અને તેમાં તેમણે નવી કેળવણીનો નકશો જ દોરી આપેલો. તેને હજુ 'નઈ તાલીમ' નામ નથી મળ્યું. પછી પણ સાબરમતી આશ્રમ અને સેવાગ્રામ તેમ જ અન્યત્ર, વિવિધ શાળા - સંસ્થાઓ, કૉલેજો - યુનિવર્સિટીઓમાં તે અંગે ભારપૂર્વક વાત કરતા રહ્યા, માર્ગદર્શન આપતા રહ્યા.

ગાંધીજી એક સર્વગ્રાહી અને સર્વાશ્લેષી કર્મયોગી હતા. તેમનો કેળવણી વિચાર આગળ જણાવ્યું તેમ, સત્ય - અહિંસાની તેમની ખોજને કેળવણીમાં લાગુ પડવાનો પ્રયત્ન હતો. તેમની સત્ય - અહિંસાની યાત્રામાં સ્વરાજ્ય અનિવાર્ય હતું તો તેની પ્રાપ્તિ અને પછી સ્વરાજ્ય મળ્યા પછી દેશ કેવો હોય તેનું દર્શન બંને વાત સમાંતર ચાલતી હતી. તેમની સ્વરાજ્ય સાધના એટલે સત્ય-અહિંસાની જ સાધના. કેળવણી તેનો મહત્ત્વનો ભાગ. તેમણે કહેલું જ : 'કેળવણીમાં સ્વરાજ્યની ચાવી છે.' એટલું જ નહીં, 'સ્વરાજ્ય આજે મળો યા કાલે મળો, રાષ્ટ્રીય શિક્ષણ વિના તે ટકી શકવાનું નથી.'

ગાંધીજીએ સેવાગ્રામ પરિષદમાં જે 'રાષ્ટ્રીય શિક્ષણની વાત મૂકી અને પછી પણ તે વાતને સમજાવતા રહેલા. તેમણે જે વિચારો આપ્યા અને પછી પણ તે વાતને સમજાવતા રહેલા. તેમણે જે વિચારો આપ્યા અને પછી વર્ધા શિક્ષણ યોજના જે બની તે સંદર્ભે સામાન્ય જનતા અને કેળવણીકારોને પણ પ્રશ્નો હતા. કંઈક વિરોધ હતો. તેમણે તેના વિગતે જવાબ પણ આપ્યા છે, પણ એટલું સમજીએ કે 'વર્ધા શિક્ષણ યોજના' જ માત્ર ગાંધીજીના કેળવણી - વિચારનું પ્રતિનિધિત્વ નથી કરતી, તેમાં શિક્ષણના પ્રારંભિક તબક્કાની વાત છે. સમગ્ર કેળવણીની યોજના તે નથી. તેમણે બાળ શિક્ષણથી માંડી યુનિવર્સિટી શિક્ષણ અંગેના વિચારો પ્રસંગોપાત આપ્યા છે. છતાં વર્ધા શિક્ષણ યુનિવર્સિટી શિક્ષણ અંગેના વિચારો પ્રસંગોપાત આપ્યા છે. છતાં વર્ધા શિક્ષણ પરિષદ વખતના તેમના વ્યાખ્યાનો, ગોષ્ઠિ અને પછી ડૉ. ઝાકીર હુસેન સમિતિએ આપેલી 'વર્ધા શિક્ષણ યોજના'માં કેળવણીનો ગાંધી વિચાર મળે છે. 'સાદાઈ, સંયમ, સેવા, સમાનતા, સ્વાર્પણ કેળવણી દ્વારા સંક્રાન્ત થાય અને નવું રાષ્ટ્ર નિર્માણ પામે.' વર્ધા શિક્ષણ યોજનાનું સુંદર - અભ્યાસપૂર્ણ વિવેચન આચાર્ય કૃપાલાનીજીએ પછી આપ્યું છે. તેમાં કૃપાલાનીદાદા લખે છે : 'સેવાગ્રામના ડોસા દેશ આગળ અવનવી અને અણ અજમાવેલી યોજનાઓ મૂકીને અવારનવાર તરખાટ મચાવી મૂકે છે. એમના વિચારો જોઈ લોકોને થાય છે, આ વળી શું?' કૃપલાનીદાદા મૂળે તો કેળવણી ક્ષેત્રની જ વ્યક્તિ, એટલે પછી આખીય આ વર્ધા યોજના દુનિયાભરના મહાન કેળવણીકારોના અને ભારતીય પરંપરાના સંદર્ભમાં મનોવૈજ્ઞાનિક રીતે, તર્કબદ્ધ રીતે સમજાવે છે. તેમના 'સર્વાંગીણ

કેળવણી' નામના પુસ્તકમાં 'વર્ધા શિક્ષણ યોજના'ની વાત બખૂબી - સુંદર રીતે મુકાઈ છે, પણ આગળ કહ્યું તેમ આ વર્ધા શિક્ષણ યોજનાએ ગાંધીજીના કેળવણી અંગેના વિચારનો એક ભાગ છે, જે ૭ થી ૧૪ વર્ષનાં બાળકોની - કેળવણીનો વિચાર કરે છે. ગાંધીજીનું કેળવણી દર્શન કેવળ વર્ધા યોજનામાં જ પરિસમાપ્ત થતું નથી.

કેળવણી એ મૂળભૂત રીતે મનુષ્યના ચિત્ત, બુદ્ધિ અને કર્મના વ્યાપારોને સ્પર્શવાનું છે. ગાંધીજી મુજબ તો પ્રત્યેક વ્યક્તિએ પોતાની પરિપૂર્ણતા - આધ્યાત્મિકતા સમાજમાં રહીને જ મેળવવાની છે. એટલે એ સમાજ એવા સિદ્ધાંતો પર રચાયેલો હોવો જોઈએ કે જે સિદ્ધાંતો વ્યક્તિને તેની અંતિમ જરૂરિયાત - આત્મસાક્ષાત્કાર અથવા આધ્યાત્મિક જીવન પ્રતિ દોરી જાય. આ માટે સત્ય અને પ્રેમ - અહિંસા વિના ચાલવાનું નથી. આવા પ્રકારની સમાજ વ્યવસ્થામાં અન્યાય, અસમાનતા, અસંવેદનશીલતા કે શોષણને સ્થાન હોઈ શકે નહીં. આમ, સમગ્ર જીવન વ્યવસ્થાનું નિર્માણ સત્ય, અહિંસા અને ન્યાય પર થવું જોઈએ. ગાંધીજી પરસ્પર સહકારમૂલક - સેવાભાવ પર રચાયેલી, વર્ણા-વર્ણ કે જાતિ-ધર્મના ભેદભાવ વિનાની સમાજવ્યવસ્થા પ્રબોધે છે. તેમની યોજનામાં ધાર્મિક શ્રદ્ધા કે માન્યતાની વાત નથી, સત્ય-અહિંસા-ન્યાયની વાત છે. તેનો વ્યક્તિગત જીવનમાં તથા પ્રજાકીય જીવનમાં ઉપયોગ કરવાનો છે. સામાજિક જીવનના તાણાવાણામાં તે ઓતપ્રોત કરવાના છે. આવી એકતા અને અખિલાઈ એ ગાંધીવિચારનું મૂળ છે. જીવન અને દર્શન કે વિચાર એ નોખાં નોખાં નથી. તેમની દૃષ્ટિએ આવા સમાજમાં પ્રત્યેક વ્યક્તિ અહિંસામાં શ્રદ્ધા રાખનારો હશે અને પ્રેમનું, ત્યાગનું, સમાજસેવાનું જીવન જીવતો હશે. સત્ય-અહિંસા એ કોઈ ક્રિયાકાંડ નથી.

### નઈ તાલીમ

નઈ તાલીમના પાયામાં છે ગાંધીજીના કેળવણી સંબંધી વિચારો પણ એ નઈ તાલીમનો પ્રયોગ કરનારા, તે વિચારને પુષ્ટ કરનારા અને તેને આગળ લઈ જનારા દેશભરમાંથી મળી રહ્યા. સેવાગ્રામની કેળવણી પરિષદ પહેલાં એ જ વર્ષમાં તેમણે કહેલું : 'કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા.' તેમની દૃષ્ટિએ 'અક્ષરજ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી, તેમ તેનો પ્રારંભ પણ નથી. એ તો સ્ત્રી અને પુરુષને કેળવણી આપવાના અનેકમાંનું એક સાધનમાત્ર છે.' અક્ષરજ્ઞાન એ કેળવણી નથી, તો બાળકની કેળવણીનો પ્રારંભ કેમ કરવો, તેના જવાબમાં ગાંધીજી કહે છે : 'હું તો બાળકની કેળવણીનો આરંભ તેને કંઈક હાથઉદ્યોગ શીખવીને અને તેની કેળવણીનો આરંભ થાય તે ક્ષણથી એને કંઈક નવું સર્જન કરવાનું શીખવીને જ કરું. હું માનું છું કે તે શક્ય છે.' તેઓ કહે છે : 'અક્ષરજ્ઞાન તો હસ્તકૌશલના જ્ઞાન પછી આવે. વાંચતા - લખતા આવડ્યા વિના માણસનો પૂર્ણ વિકાસ થવો અશક્ય છે, એમ માનવું એ વહેમ છે.' એક સ્થળે લખે છે : '... વળી સાચી કેળવણી હરેકને સુલભ હોય એવી કેળવણી ચોપડીઓના થોથામાંથી થોડી જ મળે છે?'

કેળવણીનો ઉદ્દેશ અને તેની પ્રક્રિયામાંથી થોડી વાત ગાંધીજીના ઉપરોક્ત વિચારોમાંથી મળે છે. તેમણે અન્યત્ર કહેલું : 'ખરા શિક્ષણનું એ અગત્ય હોવું જોઈએ કે જીવનકલહમાં દ્વેષને પ્રેમથી, અસત્યને સત્યથી, જુલમને સહનશીલતાથી સહેલાઈથી જીતી શકાય છે. એમ બાળક શીખે. પછી કહે છે : 'આ સત્યનો પ્રભાવ મને જણાયો તેથી લડતના છેલ્લા ભાગમાં મેં ટોલ્સટોય ફાર્મ ઉપર અને પાછળથી ફિનિક્સમાં આ પદ્ધતિસર બાળકોને કેળવવાનો મારાથી બની શક્યો તેટલો પ્રયત્ન કર્યો હતો.' પ્રભુદાસ ગાંધી ટોલ્સટોય ફાર્મની શાળા વિશે લખે છે : 'ફાર્મની નિશાળમાં ભણતર નહીં જેવું જ હતું એમ કહેવાય.' પણ 'ફિનિક્સમાં આવ્યા પછી એ વધ્યું.' પણ પ્રભુદાસભાઈ આગળ લખે છે; 'અમારી એ શાળા વિદ્યારાશિથી છવાયેલા કોઈ વિદ્યાલય કરતાં લગીરે ઓછી ગંભીર નહોતી.' જુદા જુદા ધર્મ, પ્રાંત, વર્ણ, ભાષાનાં બાળકો એક સાથે ત્યાં ભણતા! 'શ્રમ દ્વારા, પ્રવૃત્તિ દ્વારા, પ્રવાસ-પર્યટન દ્વારા મુખ્યત્વે શિક્ષણ ત્યાં અપાતું.'

★ ★ ★

આજના વિકાસનો પાયો હિંસા પર છે. આજે સમગ્ર વિશ્વ આતંક અને યુદ્ધ ઉન્માદના શાપથી પીડિત છે. અણુશક્તિના વિનાશક ભયથી ભયભીત છે, બીજી બાજુ માનવની વિકાસદોટ અને વિલાસી જીવન-શૈલીથી ઉદ્ભવિત જળ-વાયુ પરિવર્તન અને પૃથ્વીના વધતા તાપથી પરેશાન છે. તો સાથે સાથે મૂડીવાદ અને શોષણ, અન્યાય, અસમાનતા, સ્વાર્થપ્રેરક - વ્યક્તિકેન્દ્રી જીવનરીતિના પાપથી આતંકિત છે. આજના યંત્રો અને તંત્રોના કેન્દ્રમાં માનવ નથી, શોષણ છે. ગાંધી વિચારના કેન્દ્રમાં 'માનવ' છે. ગાંધીજીએ કહેલું : 'અહિંસાનો સિદ્ધાંત હરેક પ્રકારના શોષણનો સંપૂર્ણ નિષેધ કરે છે.' હિંસાનું સંતાન હિંસા જ હોય, પણ ગાંધીજી કહેતા : 'સંહાર એ મનુષ્યધર્મ નથી.' 'ખરેખર તો અહિંસા એ જ મનુષ્યજાતિ પાસે પડેલી પ્રબળમાં પ્રબળ શક્તિ છે.' કારણ, 'મેં જોયું છે કે જીવન વિનાશની વચ્ચે જ ટકી રહ્યું છે, તેથી વિનાશ કરતાં કોઈ મોટો નિયમ હોવો જોઈએ.'

હિંસાના મૂળ આપણા મનમાં, આપણા ચિત્તમાં છે અને કેળવણીએ ત્યાં કામ કરવાનું છે. મેડમ મોન્ટેસોરીએ પણ તેમના કેળવણી - વિચારમાં પ્રેમને જ માધ્યમ બનાવેલું. તેઓએ તો કહેલું : 'મારે ડંખ વગરનો માનવ પેદા કરવો છે.' વિશ્વ રાષ્ટ્રસંઘ યુનોના ચાર્ટરમાં એક મહત્ત્વનું વાક્ય છે કે : 'યુદ્ધની જનની

માનવચિત્ત છે.' એટલે શાંતિનો માળો પણ ત્યાં જ રચવાનો છે. આ 'શાંતિનો માળો' રચવાનું કામ કેળવણીનું છે.

★★★

નઈ તાલીમનો વિચાર મૌલિક વિચાર છે. ગાંધીજીએ કહેલું : 'નવી દુનિયા નિર્માણ કરવા માટે બેશક કેળવણી પણ નવી બની હોવી જોઈએ.' 'કેળવણીની એ પદ્ધતિ (નઈ તાલીમ)ને પારકા મુલકમાંથી લાવવામાં આવી નથી અથવા પ્રજાને માથે જબરજસ્તીથી ઠોકી બેસાડવામાં આવી નથી, પણ હિંદ જે મોટેભાગે ગામડાઓનું બનેલું છે તેના વાતાવરણને અને પરિસ્થિતિને સુસંગત છે.'

## નઈ તાલીમ અને અહિંસા

'નઈ તાલીમ'નો ગુજરાતમાં સક્ષમ અને સફળ પ્રયોગ કરનાર નાનાભાઈ ભટ્ટ હતા. તેમની સાથે મનુભાઈ પંચોળી 'દર્શક' - તેમણે નઈ તાલીમ અને નાનાભાઈ પ્રણીત કેળવણી વિશે કહેલું : 'નાનાભાઈની સંજીવની તે ગાંધીજીની સત્ય અને અહિંસાની શોધને શિક્ષણક્ષેત્રમાં કેમ લાગુ પાડવી તેની શોધ હતી.' એટલે નઈ તાલીમ એ સત્ય અને અહિંસાને કેળવણીના ક્ષેત્રમાં લાગુ પાડવા માટેનો પ્રયોગ છે. વિચાર છે. આ કેળવણીનું સ્વરૂપ કેવું હોય તે વિશે દર્શક આગળ અત્યંત સ્પષ્ટતા સાથે પાયાની વાત કરે છે. દર્શન લખે છે : 'સત્યાશ્રિત અને અહિંસક સમાજની રચના માટે કેળવણી કેવી હોય તેના તેમણે (નાનાભાઈએ) કાઢેલાં તારણો આમ મૂકી શકાય.'

'એ કેળવણી જીવન સાથે નાડીસંબંધ ધરાવતી હોય, તે છાત્રાલય-યુક્ત હોય, ગ્રામસમાજ તરફ અભિમુખ હોય, તેમાં ઉત્પાદિત પરિશ્રમ જ્ઞાન-વિજ્ઞાન અને કાવ્ય-સાહિત્યનો સમન્વય થયો હોય, તેમાં સહશિક્ષણ હોય, દંડને સ્થાન ન હોય, તેમાં વિદ્યાર્થી - અધ્યાપક વચ્ચે માત્ર સંપર્ક જ નહીં પણ કુટુંબભાવ હોય, તે વિદ્યાર્થીઓની રૂચિ તથા વયની જરૂરિયાતોને લક્ષમાં રાખીને ચાલતી હોય, તેમાં અભ્યાસની પ્રેરણા અંદરથી આવતી હોય, તે કોઈને આશરે ન હોય, તેમાં સૌથી નીચેની કક્ષાની કેળવણીમાં સૌથી ઉત્તમ માણસોને ઉત્તમ સાધનો રોકાતા હોય અને સામાજિક કે અન્ય ઉચ્ચનીચના ભેદભાવનો તેમાં પ્રવેશ જ ન હોય.'

દર્શક દીધી નઈ તાલીમની આ અર્થસભર વ્યાખ્યામાં સત્ય-અહિંસાની કેળવણીની પાયાની વાત આવી જાય છે. નાનાભાઈએ જ એક પ્રવચનમાં કહેલું, 'નઈ તાલીમ એ કેવળ શિક્ષણ પદ્ધતિ નથી, એ તો સમાજ ઘડતરની એક પ્રક્રિયા છે.' અને ગાંધીજીએ કહેલું : 'અહિંસા એવી શક્તિ છે જેનો પ્રયોગ બાળક, જુવાન, સ્ત્રી, વૃદ્ધ સૌ સરખી રીતે કરી શકે છે. માત્ર તેમનામાં પ્રેમસ્વરૂપ ઈશ્વર વિશે અવિચળ શ્રદ્ધા હોવી જોઈએ, અને તેથી મનુષ્યમાત્ર માટે સમાન પ્રેમ હોવો જોઈએ.'

'નઈ તાલીમ' એ કેળવણીમાં સત્ય અને અહિંસામય જીવનનો પ્રયોગ છે. વર્ધા શિક્ષણ યોજનામાં નઈ તાલીમના મુખ્ય ત્રણ પાયા કહ્યા છે : સમાજ, પ્રકૃતિ અને ઉદ્યોગ. કેળવણી આ ત્રણ સાથેની આંતરક્રિયા છે. વિદ્યાર્થીનું વિષય શિક્ષણ અને જીવન શિક્ષણ આ ત્રણ સાથે જોડાયેલું હોય અને તેવા અનુભવથી અને પછી તેના અનુબંધથી તે મળી શકે. 'નઈ તાલીમ'માં આ અનુભવ અને અનુબંધની વાત જ મહત્ત્વની છે, અને તે જ તેને અન્ય સઘળી શિક્ષણપદ્ધતિઓથી જુદી પાડે છે. મૂળે કેળવણીને નઈ તાલીમે પરંપરાગત વાંચન, લેખન, ગણના સીમિત વર્તુળમાંથી મુક્ત કરી, અને તેને બદલે હાથ, હૈયું અને બુદ્ધિની સર્વાંગીણ કેળવણીની અને તેના પરસ્પર અનુબંધ અને સંતુલનની વાત કરી. જીવનના ત્રણ મુખ્ય પાસાં : જ્ઞાન, કર્મ અને ભક્તિ. આ ત્રણેનો સંવાદી વિકાસ એ માનવનિર્માણના પાયામાં છે. ગાંધીજીએ જે કહેલું : 'કેળવણીમાં હૃદય, બુદ્ધિ અને શરીર વચ્ચે મેળ ન હોવાથી કે દુઃસહ પરિણામ આવ્યું છે, તે જાણીતું છે.' કારણ કે મનુષ્ય માત્ર બુદ્ધિ નથી, માત્ર શરીર નથી, માત્ર હૃદય કે આત્મા નથી, એ ત્રણેના એકસરખા વિકાસમાં મનુષ્યત્વ સધાય છે.

હવે 'દર્શકદાદા'ની વાત પર પાછા આવીએ. કેળવણીનું કે સર્વાંગી સ્વરૂપ પ્રગટાવવાનું છે તેની વાત તેમણે કરી. કેવળ 'અક્ષરજ્ઞાન' નહીં પણ 'મનુષ્યત્વ'ની, 'નાગરિકતાની', 'ચારિત્ર્યની કેળવણી અગત્યની છે. ગાંધીજીએ કહેલું જ : 'અક્ષરજ્ઞાન કરતાં સંસ્કારની કેળવણીને હું ઘણું વધારે મહત્ત્વ આપું છું.'

મોન્ટેસોરીની ઈચ્છા હતી 'ડંખ વગરનો મનુષ્ય પેદા કરવાની' અર્થાત્ કેળવણી દ્વારા અહિંસક માનવનું નિર્માણ થાય. 'નઈ તાલીમ'ની પણ આ જ ઈચ્છા. 'નઈ તાલીમ' આ અહિંસક માનવીના નિર્માણનું કામ કેવી રીતે કરી શકે? 'દર્શક'ના અગાઉ મૂકેલ વિચારને આધારે અને 'નઈ તાલીમ'ના જે પ્રયોગો થયા તેને આધારે, આવી કેળવણીના મુખ્ય પાસાં - લક્ષણો ક્યાં હોય તે જોઈએ. આવું શિક્ષણ પ્રથમ તો જીવન સાથે અનુબંધિત જોઈએ. એટલે તેમાં અક્ષરજ્ઞાન કે કેવળ પુસ્તકીય જ્ઞાન નહીં, પણ જીવનના કાર્યોમાંથી, વિવિધ પ્રવૃત્તિઓમાંથી, સર્જનાત્મક કાર્યોમાંથી મળતું શિક્ષણ. જે શિક્ષણ પ્રકૃતિ - કુદરત સાથે, સમાજ સાથે - સમાજ સેવાનાં કાર્યો દ્વારા અને વ્યવસાયો સાથે - કુશળતા પ્રાપ્તિ માટે જોડાયેલું હશે. આ અત્યંત પાયાની વાત છે. અને આ બધા જે અનુભવો મળ્યા તેનો અનુબંધ (corelation) રચીને શીખવવાનું છે. જીવન એ પાયામાં છે, તે ટકવું - વિકસવું જોઈએ. તેનો આનંદ-ઉલ્લાસ મળવા જોઈએ.

બીજું છે શાળાનું - છાત્રાલયનું વાતાવરણ. કેળવણીની દૃષ્ટિએ આ વાતાવરણ. કોઈ તેને ભાવાવરણ કહે - પણ અત્યંત અગત્યની વાત છે. વાતાવરણ જ પ્રેરે છે. વિદ્યાર્થીને સારો નાગરિક થવા

માટે, વ્યવહાર - વર્તાવ નમ્ર, વિવેકી, સહજ કરવા માટે. વાતાવરણ એ જ નઈ તાલીમનો પ્રાણવાયુ છે. વિવિધ પ્રકારના કાર્યક્રમો, પ્રવૃત્તિઓ, શિક્ષક - વિદ્યાર્થીઓ એકસાથે પ્રવૃત્ત હોય તેથી આ વાતાવરણ પાંગરે છે અને ખીલે છે. વિદ્યાર્થીઓના રાગ-દ્વેષ ઘટે, હિંસક વ્યવહાર ઘટે અને જે અહિંસક સમાજરચનાની કલ્પના છે તેવા નાગરિકનું ઘડતર થાય.

આ વાતાવરણને સ્વાતંત્ર્ય અને નિર્ભયતા, સર્જનશીલતા અને મોકળાશ, સમૂહકાર્યો અને સેવાભાવ પુષ્ટ કરે છે. શિક્ષક-વિદ્યાર્થીના ભેદ જ ન રહે! મૂળશંકરભાઈ ભટ્ટ આપણા રોમરોમ કેળવણીકાર, તેમણે એક પ્રસંગ નોંધ્યો છે : 'સ્વતંત્ર મિજાજના વિદ્યાર્થીઓનો એક અર્થ એવો થાય છે કે વિદ્યાર્થી શિસ્ત ન પાળે.... હોળીના દિવસોમાં સંસ્થાના (લોકભારતીના) વિદ્યાર્થીઓનો વેશ તથા મસ્તી જોઈને કોઈપણ માણસ 'આ સંસ્થા નાનાભાઈની કે' એમ બોલી ઊઠે, પણ જ્યારે તે ટોળીમાં ખુદ નાનાભાઈને અને તે પછી તેમની પછીની હરોળના કાર્યકર્તાઓને તેવા જ વેશમાં જુએ ત્યારે તો કદાચ તેની વાણી પણ થંભી જાય!.... આંબલાના તળાવના કોઠા ઉપરથી મનુભાઈને પાછળથી ધક્કો મારીને પાણીમાં નાખતા કે ડૂબકીદાવમાં કાર્યકર્તાઓની ટાંગ ખેંચતા વિદ્યાર્થીઓ, વરસતા વરસાદમાં ડુંગરામાં પડતા મોટા ધોધમાં ગાંડાતૂર થઈને પડતા કાર્યકર્તા તથા વિદ્યાર્થીઓ, આ બધામાં કોઈને જો ગેરશિસ્તનાં લક્ષણો દેખાતાં હોય તો જુદી વાત.' આવી સ્વતંત્રતા જ એક સ્વયંશિસ્ત પ્રેરી શકે, જે અહિંસક ચિત્રને ઉજાગર કરે. આવા કાર્યક્રમો સંબંધો વિદ્યાર્થીઓમાં જે આત્મતૃપ્તિ સીંચે છે, તેથી પ્રતિકાર, ગુસ્સો, પ્રત્યાઘાત જેવા હિંસકભાવો શમી જાય છે.

કેળવણીમાં સ્વાતંત્ર્ય સાથે શિસ્તની વાત પણ વિચારવા જેવી છે. લાદેલી શિસ્ત પ્રતિક્રિયા ઊભી કરે અને હિંસક બનાવે. સ્વયંશિસ્ત અને પ્રેમભરી શિસ્ત બાળકના ચિત્તને પ્રેમથી-આહ્‌લાદથી ભરી દે અને તેના વ્યવહારને પ્રેમભર્યો-મધુર બનાવે. નઈ તાલીમની શાળામાં સાદાઈ, સ્વદેશી, સ્વાશ્રય, સ્વાવલંબન અને સમાનતાના આદર્શો પણ વ્યવહૃત થયા હોય છે. કૂળના કે ધર્મ કે અન્ય કોઈ ભેદ ત્યાં નથી હોતા. વૈભવી જીવનનો ત્યાગ કરી કરકસરભરી સાદી જીવનશૈલી સહુ શિક્ષકો, સંચાલકો, વિદ્યાર્થીઓની હોય છે. બધા વિદ્યાર્થીઓએ પોતાનું કામ જાતે જ કરવાનું હોય ભલે તે અમીર વર્ગનો હોય કે વંચિત સમુદાયનો હોય. નઈ તાલીમની શાળામાં બધાએ જ સમાન રહેવાનું પણ સાથે, જમવાનું પણ સાથે, કોઈ પંક્તિભેદ ન હોય.

કેળવણીમાં વાતાવરણ, સ્વાતંત્ર્ય, શિસ્ત, નિર્ભયતાની વાતને અહિંસા અને નઈ તાલીમના અનુષંગે વિશેષ સમજવી પડે, પણ અહીં તેને લંબાવતા નથી.

★★★

યુનેસ્કોના શિક્ષણ અંગેના છેલ્લા અહેવાલમાં જીવન માટે અને જીવન દ્વારા કેળવણીની વાત કરી, અને તેના ચાર પાયા દર્શાવ્યા. તેમાં સાથે કામ કરવું, સાથે જીવવું, સાથે ભણવું-જ્ઞાન મેળવવું, સાથે હોવું એ જાણે નઈ તાલીમની જ વાત બીજા સ્વરૂપે મૂકાઈ. મૂળ વાત છે તેના અમલીકરણની અને એક પ્રેમમધુરું-મઘમઘતું, વિદ્યાર્થી કેન્દ્રી-ઘડતરકેન્દ્રી સક્રિય વાતાવરણ તૈયાર કરવાની.

નાનાભાઈ -મનુભાઈ- મૂળશંકરભાઈએ જે નઈ તાલીમનો પ્રયોગ કર્યો તેના પાંચ પાયા બહુ મહત્વના ગણાય. અહિંસક સમાજના નિર્માણ માટેની ચાવી તેમાં પડેલી છે. અને મહાત્મા ગાંધીજીના વિચારોનો જ તેમાં અમલ છે.

નઈ તાલીમ એ આ દેશ માટેની કેળવણી છે. ગ્રામાભિમુખ કેળવણી છે. ગામડાના ગરીબો-વંચિતોને પણ કેળવણીનો અધિકાર છે એટલે આ કેળવણીમાં સ્વાવલંબન અને સહયોગ અનિવાર્ય છે. આજની વૈભવી જીવનશૈલી તે જળવાયુ પરિવર્તનના મૂળમાં છે, તે તો ખરું જ, પણ તે હિંસાને જન્મ આપે છે કારણ તે શોષણ પર રચાયેલી છે. શોષણને બદલે પોષણ થવું જોઈએ. સાદાઈ એ ગાંધીજીએ ચરિતાર્થ કરેલી અને તેનો કોઈ અભાવ પણ કોઈને નહોતો. મબલક સાધનો અને સંપત્તિ એ વિશ્વને હારાકીરી-આત્મનાશ તરફ લઈ જઈ રહ્યું છે. નઈ તાલીમમાં સાદાઈ અને સ્વાવલંબન પાયામાં છે. સહયોગમૂલક, સખ્યપારાયણ જીવનની તેમાં વાત છે. શોષણ કે ઊંચ-નીચ વર્ણાવર્ણ નથી. નઈ તાલીમ ગામડાંઓના નિર્માણનું પણ કામ કરે. ગ્રામ નેતાગીરી પેદા કરે અને ગામડાનો સાચો વિકાસ થાય તેવા પ્રયત્નો કરે. ગ્રામ સંસ્કૃતિ, પર્યાવરણ, વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા, ગ્રામઉદ્યોગો, ખેતી-ગોપાલન, ગ્રામ કારીગરોને રોજીરોટી-આ બધી વાતો 'નઈ તાલીમ' સાથે નાભિનાળની જેમ જોડાયેલી છે. 'નઈ તાલીમ' એ જ્ઞાતિ-જાતિ, વર્ણ-રંગ, ધર્મ-સંપ્રદાય, અમીર-ગરીબની દીવાલ તોડવામાં માને છે. સહુ એકસમાન છે. જે ભેદ આપણે ઊભા કરેલા છે, તે કુત્રિમ છે. ગાંધીજીએ કહ્યું છે : 'જીવનના દરેક ક્ષેત્રમાં સર્વત્ર ન્યાય વર્તાય એ અહિંસાની પ્રથમ શરત છે.' છાત્રાલયમાં બધાં જ સમાન હશે અને સઘળી પ્રવૃત્તિઓમાં પણ ઊંચ-નીચના ખ્યાલો બાળક લઈને આવે તેવું બને, પણ ક્રમશઃ તેને કાઢી શકાય છે. નઈ તાલીમની થોડી મુખ્ય વિશેષતાઓ જોઈએ જે અહિંસાની કેળવણી આપી રહે છે.

**૧. છાત્રાલય જીવન અથવા સમૂહ જીવન :** 'નઈ તાલીમ'નો છાત્રાલય જીવનનો ખ્યાલ એક અનેરો-અનોખો ખ્યાલ છે. તેમાં પરંપરાગત 'હોસ્ટેલ' કે 'બોર્ડિંગ' અને તેના રેક્ટર કે અધિકારીની વાત નથી. આ સમૂહજીવન એક સુવ્યવસ્થિત, આયોજનબદ્ધ પ્રક્રિયા છે. ચાવીરૂપ સ્થાન ગૃહપતિનું છે. તે પ્રેમાળ, બાળકોને સમજનાર, દૃષ્ટિસંપન્ન

હોય. 'નઈ તાલીમ'ના સમૂહજીવનની ધરી ગૃહપતિ છે. આ વાતાવરણ પારિવારીક - કુટુંબ જેવું થવું જોઈએ. કેવળ ગૃહપતિ જ નહીં, શિક્ષકો-અધ્યાપકોની સમગ્ર ટીમે વિદ્યાર્થીઓની સાથે રહીને જ કામ કરવાનું છે.

છાત્રાલય એટલે એક પરિવાર, અધ્યાપકો-વિદ્યાર્થીઓ વચ્ચે પ્રેમભર્યો-મૈત્રીભર્યા સંબંધો અને વ્યવહારો હોય. આવું છાત્રાલય જીવન તો જેણે અનુભવ્યું હોય તે જ જાણે. પ્રવાસો-પર્યટનો, પર્વો-ઉત્સવો, સમૂહજીવનનાં કાર્યો, મહેમાનો-આગંતુકો, પ્રોજેક્ટસ-પ્રકલ્પો આદિથી સમગ્ર વાતાવરણ ગૂંજતું-ધબકતું હોય. સહુ સાથે મથતા હોય. ભારતીય પ્રજાજન માટે કહેવાયું છે કે તે એકલો હોય તો જાણે મોટો દાર્શનિક, પણ સમૂહમાં બેજવાબદાર. સમૂહમાં જીવતાં નથી આવડ્યું. આપણો મંત્ર છે **सहनौ भुनक्तु** અને **सहवीर्यं करवावहै** પણ તે વ્યવહારમાં નથી. 'નઈ તાલીમ'નું છાત્રાલય એ એવું પારિવારિક-શૈક્ષણિક વાતાવરણ રચે છે કે તેમાં વિદ્યાર્થી પોતાની રસ-રુચિ મુજબનું શિક્ષણ મેળવી શકે છે. દિવસભર ચાલતાં સમૂહકાર્યોઃ શ્રમ, પ્રાર્થના, ગૃહકામો, રમત, વ્યાખ્યાનો, અભ્યાસ -આવાં બધાં કાર્યોથી એક જવાબદાર નાગરિક બની શકે છે. આવા સમૂહજીવનનું કેન્દ્રસ્થ બિન્દુ શિક્ષક-વિદ્યાર્થીઓના પ્રેમભર્યા સંબંધો છે. ગાંધીજીએ જ કહેલું છે : 'પ્રેમ એ દુનિયાનું વધુમાં વધુ અસરકારક હથિયાર છે.' છાત્રાલય એ કેળવણીનું ધરુવાડિયું છે, જેમાં વિદ્યાર્થીનું સર્વાંગી ઘડતર શક્ય બને છે. ગાંધીજીએ એક મહત્વની વાત કહેલી : જ્યાં સુધી હિન્દુસ્તાનમાં નિશાળો અને આપણાં ઘરો વચ્ચે અનુસંધાન નહીં હોય ત્યાં સુધી નિશાળિયાઓની ઉભયભ્રષ્ટ થશે.

**૨. સમાજોપયોગી ઉત્પાદક શ્રમકાર્ય** : 'નઈ તાલીમ'નો આ બીજો મહત્ત્વનો વિચાર છે અને મહત્ત્વનું પ્રદાન છે. આ અંગે ગેરસમજ પણ ઘણી થઈ છે. કેળવણીકારો અને પ્રબુદ્ધજનોમાં પણ નઈ તાલીમ એટલે 'ઉદ્યોગ' અથવા ઉદ્યોગનું શિક્ષણઃ ગાંધીજીએ અને પછી નઈ તાલીમના સમર્થ ભાષ્યકારોએ સમજાવ્યું છે કે નઈ તાલીમ એટલે 'ઉદ્યોગનું શિક્ષણ'નહીં પણ 'ઉદ્યોગ દ્વારા શિક્ષણ'. આખરે શિક્ષણ એ જ પાયામાં છે. પણ ઉદ્યોગ સાથે, શ્રમ સાથે તેનો અનુબંધ કરવાનો છે. અને આ ઉદ્યોગ અથવા શ્રમ સમાજને ઉપયોગી હોય અને ઉત્પાદક હોય.

શરીર શ્રમનું મહત્ત્વ વિસરાતું ગયું છે અને શ્રમ કરનારને આપણે પછાત માન્યો છે. આપણી માનસિકતા બદલવી જ પડશે. કેળવણીમાં, વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં તો તેનું અનિવાર્ય સ્થાન છે. ગાંધીજીએ કહેલુંઃ 'અનુભવે હવે આપણને શીખવ્યું છે કે વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ સાધવા માટે શરીરશ્રમ દ્વારા કેળવણી આપવી જરૂરી છે.'

કેળવણીની યોજના સંદર્ભે ગાંધીજીએ આપણા હાથ-પગને તેનો હક આપ્યો છે. અને 'હાથ-પગની કેળવણી' એ કેળવણીના શાસ્ત્ર તથા તેની કળાને ગાંધીજીનું બહુ મોટું પ્રદાન છે. ગાંધીજીનું સ્પષ્ટ માનવું હતુંઃ 'ઉપયોગી અંગ મહેનત મારફત આપણી બુદ્ધિનો વિકાસ થાય છે. બુદ્ધિની સાથે સાથે આત્માનો પણ વિકાસ થાય, તો જ બુદ્ધિનો સદુપયોગ થાય છે. નહીં તો બુદ્ધિ કુમાર્ગે લઈ જશે અને તે ઈશ્વરની બક્ષિસને બદલે શાપરૂપ બની જશે.' આમ શ્રમ દ્વારા બુદ્ધિ, આત્મા, હૃદય સહુને જે ઊર્જા મળે છે તે શોષણવિહીન અહિંસક સમાજ પ્રતિ પ્રસ્થાન છે.

નઈ તાલીમ અથવા બુનિયાદી કેળવણીનો એવો અર્થ કરવામાં આવે છે કે તે કેવળ હાથકામના કોઈ હુન્નરનું જ શિક્ષણ છે, પણ તેવું નથી. ગાંધીજીએ કહેલું : 'પ્રાથમિક કેળવણીના અભ્યાસક્રમમાં સંગીતને સ્થાન હોવું જ જોઈએ.' બાળકના હાથને તાલીમ આપવાની જેટલી જ જરૂર છે તેટલી જ તેના કંઠને તાલીમ આપવાની. અન્ય કળાઓનું, વિજ્ઞાનનું પણ તેમાં સ્થાન છે. હા, હુન્નર એ કેળવણીનું માધ્યમ છે, પણ નઈ તાલીમ તો તેના દ્વારા સત્ય અને અહિંસામય જીવન સુધી પહોંચવા તાકે છે, જે વ્યક્તિગત અને સામાજિક જીવનનો પાયો છે. કોઈ ધર્મ એવું નથી શીખવતો કે બાળકોને જૂઠાણાની કે હિંસાની કેળવણી આપો. અને સામાજિક દૃષ્ટિએ વિચારવાથી સમજાશે કે રાષ્ટ્રનાં બધાં બાળકો જોડાઈ શકે તેવું ઉત્પાદક કાર્ય જો કેળવણીમાં દાખલ કરવામાં આવે તો આજે જે બૌદ્ધિક કામ કરનાર, અમલદારો, શ્રીમંતો અને શરીરશ્રમ કરનારની વચ્ચે જે ભેદ છે તે દૂર થશે. પૂર્વગ્રહ તૂટશે અને માનવજાતમાં એકતા થશે. એ કેવું મોટું પ્રદાન હોઈ શકે!

મહાદેવભાઈ દેસાઈએ ઉત્પાદક શ્રમના ગાંધીજીના વિચાર અંગે કહેલું કે સ્વાશ્રયી કેળવણીનો ખ્યાલ ગાંધીજીની ફિલસૂફીની એક મહત્ત્વની બાબત તરફ લઈ જાય છે. એ છે તેમનો અહિંસાનો જીવનસિદ્ધાંત. તેઓ કહે છે : 'સ્વાશ્રયી કેળવણીના ખ્યાલને અહિંસાની ભૂમિકાથી જુદો પાડી શકાય નહીં, અને એ નવી યોજનાની પાછળ, જેમાંથી વર્ગીય અને કોમી દ્વેષો દૂર કરવામાં આવ્યા હોય તથા શોષણ નાબૂદ કરવામાં આવ્યું હોય એવો યુગ પ્રવર્તાવવાનો આશય રહેલો છે.'

**૩. સમાજસેવા અને ગ્રામાવિમુખતા** : નઈ તાલીમનો ઉદ્દેશ ગ્રામનિર્માણ, સમાજનિર્માણનો અને વ્યક્તિનિર્માણનો છે. દર્શકે એક વખત કહેલું 'કેળવણીમાં સનાતન અને નૂતનની કલમ કરવાની છે.' એક સ્વનિર્ભર, સ્વાયત્ત ગ્રામસમાજ બને અને ગ્રામસ્વરાજનો અનુભવ કરી શકે તે માટેની આ કેળવણી છે. આ કેળવણીમાં રાષ્ટ્રીયતા, પર્યાવરણરક્ષા, સહયોગ પરાયણતા પ્રત્યેક વ્યવહારમાં છે. 'નઈ તાલીમ એ કેવળ શિક્ષણપદ્ધતિ નથી, પણ સમાજ ઘડતરની એક પ્રક્રિયા છે' તેમ વિનોબાજીએ સમજાવેલું. શાળા એટલે વિદ્યાર્થીઓ અને શિક્ષકો આસપાસના સમાજમાં સેવાકીય

પ્રવૃત્તિ પણ કરશે.

'નઈ તાલીમ'નું દર્શન અખંડ છે અને અહિંસક છે. તેમાં પ્રાર્થના, માંદાની સારવાર, કૃષિ-ગોપાલન, સાહસ-ખોજ અને જરૂરી જીવન-કૌશલ્યો દ્વારા વિદ્યાર્થીના ચિત્તનું ઘડતર થાય છે. આ બધા દ્વારા જે વિદ્યાર્થી તૈયાર થાય છે તે આત્મવિશ્વાસથી ભરેલો હોય છે. તેને ગમતાં કાર્યો અને પ્રેમમય વાતાવરણને લીધે તે આત્મતૃપ્તિ અનુભવે છે. આત્મવિશ્વાસ અને આત્મતૃપ્તિ એ મહત્ત્વની પ્રાપ્તિ છે. આત્મતૃપ્તિમાં આત્મદમન ન આવે પણ આત્મસંયમ આવે.

આ આખાય ઉપક્રમમાં શિક્ષકની ભૂમિકા મહત્ત્વની છે. શાળાનો પરિવેશ અને વાતાવરણ તે તૈયાર કરશે. તેનો શિક્ષક કેવો હોવો જોઈએ તે એક અલગ જ વિષય છે, પણ પ્રેમ, વિદ્યાર્થીઓ સાથેની એકરૂપતા, વિવિધ કાર્યક્રમોમાં ભાગીદારી જોઈએ. તેનું પરિવાર જીવન પણ સંતુષ્ટ જોઈએ.

આજની પરિસ્થિતિ 'નઈ તાલીમ' વિચારથી બિલકુલ સામે છેડે છે, પણ જો અહિંસક સમાજ રચવો હોય, સ્વસ્થ રાષ્ટ્ર રચવું હોય તો કેળવણીમાં નઈ તાલીમનાં તત્ત્વોને સામેલ કર્યા વિના શક્ય નથી.

❑❑❑

સુશીલ ટ્રસ્ટ, સ્વજન જીવનકેન્દ્ર, કતીરા-ઈ,
મુંદ્રા રિલોકેશન, ભુજ-૩૭૦૦૦૧. (કચ્છ)
સંપર્ક : ૯૫૨૫૧૯૧૦૨૯

# શ્રીમદ્ ભગવદ્ગીતા : શ્રીકૃષ્ણનો ઉપદેશ હિંસા છે ?

**ડૉ. દિનકર જોષી**

***પરિચય : લેખક, સંપાદક, અનુવાદક દિનકર જોષીએ ૧૫૦ પુસ્તકનું સર્જન કર્યું છે, જેમાં ૪૩ નવલકથા, અને ૧૨ વાર્તા સંગ્રહનો સમાવેશ થાય છે. મહાત્મા ગાંધી, ઝીણા, ટાગોર, નર્મદ અને સરદાર પટેલ ના ચરિત્રકાર દિનકરભાઈએ ગુજરાતી સાહિત્ય બીજી ભાષાઓમાં જાય તે હેતુથી ૨૦૦૫માં ગુજરાતી સાહિત્ય પ્રતિષ્ઠાન ટ્રસ્ટ શરૂ કર્યું છે. તેમની નવલકથા 'પ્રકાશનો પડછાયો' મહાત્મા ગાંધી અને તેમના પુત્ર હરિલાલના સંઘર્ષ પર આધારિત છે.***

'**અ**હિંસા પરમો ધર્મ' આ સૂત્ર સહુ પ્રથમ મહાભારતમાં પ્રયોજાયું છે, માર્કણ્ડેય અને યુધિષ્ઠિર વચ્ચેના સંવાદમાં આરણ્યક પર્વમાં મહર્ષિ ૧૯૮/૬૯માં આ ચરણ ઉચ્ચારે છે. આટલા સૈકાઓમાં આ સૂત્ર એટલું બધુ સ્વીકૃત થઈ ચૂક્યું છે કે દેશના લગભગ મોટાભાગના ધાર્મિક સંપ્રદાયોએ એને આત્મસાત કરી લીધું છે. વાસ્તવમાં મહાભારત એ ઘોર સંહારનો ગ્રંથ છે. સંહારના આરંભે એટલે કે ભીષ્મપર્વમાં અર્જુન યુદ્ધ વિમુખ થાય છે -

**सीदन्ति मम गात्राणि** તથા **त्वचैव परिदह्यते।**

આમ કહીને **गांडीवं संस्रते हस्तान** પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે. કર્તવ્યવિમુખ થયેલા અર્જુનને અહીં યુદ્ધનું પહેલું બાણ છૂટે એ પહેલા એના સારથિ શ્રીકૃષ્ણ એની જે મનોચિકિત્સા કરે છે એને આપણે શ્રીમદ્ ભગવદ્ગીતા તરીકે ઓળખીએ છીએ. ૭૦૦ શ્લોકના આ પર્વના અર્થઘટનો વિશે સંખ્યાબંધ વિદ્વાનો અને અભ્યાસીઓએ પોતપોતાની રીતે અર્થઘટનો તારવ્યા છે. આવા અનુકૂળ અર્થઘટનમાં કેટલીકવાર મૂળ વાત જ ભુલાઈ ગઈ હોય અને પોતાની અનુકૂળતા અનુસાર સહુએ સમર્થન શોધી લીધું હોય એવું લાગ્યા વિના પણ રહેતું નથી.

અહીં પાયાની પરિસ્થિતિ એ છે કે સાવ છેલ્લી ક્ષણે અર્જુન કર્તવ્યવિમુખ થયો છે. અત્યાર સુધી જે ક્ષણ માટે એ તલપાપડ થઈ રહ્યો હતો એ ક્ષણ જ્યારે સન્મુખ આવી ત્યારે એ એનાથી સાવ વિમુખ થઈ ગયો. આ મનોવિજ્ઞાનનો કેસ બની જાય છે. સમય સાવ ઓછો છે. દર્દીની હાલત ગંભીર છે, થોડીક ક્ષણ જો ચૂકાઈ જાય અને ક્યાંક ગેરસમજ થઈ જાય તો બધું રફેદફે થઈ જાય. ધર્મ નાશ પામે અને અધર્મ અસવાર થઈ જાય. શ્રીકૃષ્ણ જેવો ચિકિત્સક આ પ્રશ્ન જે રીતે હલ કરે છે એ ચિકિત્સા પદ્ધતિનું નામ ભગવદ્ ગીતા.

અર્જુનને યુદ્ધ કરવું નથી. યુદ્ધ થાય તો બંને પક્ષે મહાસંહાર થાય. અર્જુન આજીવન યોદ્ધો છે. એણે અનેક યુદ્ધો ખેલ્યા છે. સંહાર એને માટે નવી વાત નથી. મહાસંહારનું રણક્ષેત્રનું અને યુદ્ધ પૂરું થયા પછીનું સામાજિક ક્ષેત્રનું જે ભીષણ ચિત્ર એણે કૃષ્ણ સમક્ષ દોર્યું છે એ સાવ સાચું છે. એની વાત જો શ્રીકૃષ્ણે માની લીધી હોત તો યુદ્ધ રોકાઈ ગયું હોત, સંહાર થયો જ ન હોત. અહિંસાનો જયજયકાર થયો હોત પણ શ્રીકૃષ્ણ આ દેખીતી અહિંસાના જયજયકારને પોતાની ચિકિત્સાથી રોકે છે. અર્જુને યુદ્ધ કરવું જ જોઈએ. આને માટે જરૂરી હોય એ હિંસા આચરવી જ જોઈએ એવો આગ્રહ એમણે રાખ્યો. એમના આ આગ્રહ માટે જૈન પરંપરાએ એમને અપરાધી ઠરાવીને બહિષ્કૃત કર્યા છે. કૃષ્ણના કહેવાથી જ આ હિંસા આચરવામાં આવી એટલે આ હિંસા માટે દોષી શ્રીકૃષ્ણ કહેવાય એવું જૈન દર્શન શાસ્ત્ર માને છે.

શ્રીકૃષ્ણના જે ઉપદેશ માટે જૈન શાસ્ત્રજ્ઞો એમને ગુનેગાર ઠેરવે છે. આ શ્લોકનું પહેલું ચરણ આ છે -

**तस्मादुत्तिष्ठ फोन्तेय युद्धाय कृतनिश्चयः।**

કૃષ્ણે અર્જુનને યુદ્ધ કરવાનો આદેશ આપ્યો છે. યુદ્ધ એટલે હિંસા એવો એનો સીધો સાદો અર્થ થયો. દેખીતી રીતે આ વાત સાચી છે પણ આ બીજા ચરણનો આવિષ્કાર પહેલા ચરણ પછી થાય છે. પહેલા ચરણમાં શ્રીકૃષ્ણે કહ્યું છે -

હે અર્જુન આમ ઢગલો થઈને બેસી જવાને બદલે ઊભો થા, ઊભો થઈને તારી સમક્ષ જે કામ આવી પડ્યું છે એ કામે વળગ. સામે આવી પડેલા કામથી વિમુખ ન થવાય. કામનો ઉકેલ તો કરવો જ જોઈએ. આ ઉકેલ માટે કામે વળગવું એ ધર્મ કહેવાય. માણસે ધર્મથી વિમુખ ક્યારેય થવું જોઈએ નહિ. અત્યારે અર્જુનની સામે યુદ્ધ એક ધર્મ તરીકે આવી પડ્યું છે. હવે આ ધર્મમાંથી જો અર્જુન પારોઠના પગલાં ભરે તો ધર્મનો પરાજય થાય અને અધર્મનો જય થાય. જેમાં અધર્મનો વિજય થવાનો હોય એવું કર્મ કરવામાં અર્જુનથી નિમિત્ત થવાય ખરું? આ બધા પ્રશ્નોને એક સાથે સાંકળીને શ્રીકૃષ્ણ કહે છે - હે અર્જુન **तस्मादुत्तिष्ठ** અને **उत्तिष्ठ** થયા પછી જે તારો ધર્મ છે એનું અનુશીલન કર.

આમ શ્લોકના આ ચરણમાં શ્રીકૃષ્ણે હિંસાનો ઉપદેશ નથી આપ્યો, ધર્મના અનુશીલનનો ઉપદેશ આપ્યો છે.

અહીં એક બીજી વાત પણ સમજવા જેવી છે. અહીં જે વાત થઈ છે એ શત્રુ પર પ્રહાર કરવાની છે. જેને દુશ્મન માની લીધો છે એની ઉપર શસ્ત્રાઘાત કરવાની આ વાત છે. સામાન્ય જીવન વ્યવહારમાં આપણા સહુનો અનુભવ છે કે કોઈના પ્રત્યે આપણે શત્રુભાવ કેળવીએ એ પહેલાં જ કોઈને કોઈ કારણસર આપણા મનમાં એના માટે અણગમાનો ભાવ પ્રેરાયો છે. આ અણગમો ધીમે ધીમે રોષમાં પરિવર્તિત થાય છે. આ પછી એના માટે આપણા મનમાં દ્વેષ પણ પ્રગટે છે. આ બધું આપણે કરતા નથી હોતા પણ એકવાર એના બીજ રોપાઈ જાય એટલે આપોઆપ થતું જાય છે. લાંબા સમયથી અંતરમાં ધરબાયેલા આ રોષ અને દ્વેષનું સ્વરૂપ આગળ જતા ક્રોધમાં પરિવર્તિત થઈ જાય છે. જેના માટે મનમાં શત્રુભાવનું બીજ રોપાયું હતું એના પ્રત્યે હવે ક્રોધનું વિરાટ વૃક્ષ થઈ ગયું. ક્રોધ માણસને અસંતુલિત બનાવે છે. હવે સંયમ કે સંતુલન બચ્યાં નથી. શત્રુ ઉપર પ્રહાર કરવાની આ ક્ષણ હવે આવી પહોંચી છે. પ્રહાર કરવા માટે આટલી પૂર્વ તૈયારી થઈ જવી જોઈએ.

યુદ્ધ કરવાનો એક ધર્મ તરીકે ઉપદેશ આપ્યા પછી શ્રીકૃષ્ણે અર્જુનને એક માણસ તરીકે એણે શું કરવું જોઈએ એ પણ કહ્યું છે. શ્રીકૃષ્ણ એટલે પરમાત્માને કેવો માણસ પ્રિય છે એની વાત કરતા એમણે કહ્યું છે કે માણસ સ્થિતપ્રજ્ઞ હોવો જોઈએ, યોગી હોવો જોઈએ, ભક્ત હોવો જોઈએ ઈત્યાદિ. હવે આ સ્થિતપ્રજ્ઞ, આ યોગી કે આ ભક્તનાં લક્ષણો શું અને કેવા હોવા જોઈએ એ વિશે પણ શ્રીકૃષ્ણે સ્પષ્ટતા કરી જ છે. આ ત્રણેયનાં લક્ષણો લગભગ એકસરખાં જ છે. દૈવીસંપત્તિ અને આસુરીસંપત્તિ લક્ષણના ધોરણે કેવી હોય એની સમજણ પણ સોળમાં અધ્યાયમાં આપી છે. આ બધું ધ્યાનમાં લઈએ તો જે માણસ દૈવી સંપત્તિની નજીક હોય, યોગી હોય, ભક્ત હોય, સ્થિતપ્રજ્ઞ હોય આવા માણસથી યુદ્ધનું આચરણ થાય ખરું? એ તો અનાસક્તિ ભાવે જે કંઈ કર્તવ્ય ઉપસ્થિત થયું છે એ કરશે અને એનું ફળ કૃષ્ણાર્પણમ્ કરશે. આમ હિંસાનો દેખાતો કૃષ્ણનો ઉપદેશ નિતાંત શુદ્ધ છે.

ધારોકે અર્જુને કૃષ્ણની ચિકિત્સા સ્વીકારી ન હોત અને યુદ્ધ કરવામાં પ્રવૃત્ત થયો ન હોત તો શું યુદ્ધ કરવા આવી પહોંચેલા આ સહુ યોદ્ધાઓ ઉગરી જવાના હતા? પોતાના યુદ્ધ નહિ કરવાથી આ બધા બચી જશે એવો ભ્રમ જો અર્જુન સેવતો હોય તો એનું ભ્રમ નિરસન પણ કૃષ્ણે તત્કાલ કર્યું છે. અર્જુનને દિવ્ય ચક્ષુ આપીને પોતાનું વિરાટ દર્શન કરાવ્યું છે. આ વિરાટ સત્યના જુદા જુદા અંગોમાં પિતામહ ભીષ્મથી માંડીને તમામ યુદ્ધોત્સુક વીરો મૃત્યુને વશ થઈને સમાઈ ગયા હતા. એમના માટે તો નાશ નિશ્ચિત જ હતો. અર્જુને તો માત્ર ધર્મનું અનુશીલન કરીને નિમિત્ત બનવાનું હતું. જો અર્જુન આ નિમિત્ત ન બને તો એ નામર્દ કે નપુંસક તો કહેવાય જ પણ ધર્મભ્રષ્ટ સુધ્ધાં કહેવાય.

હિંસા શબ્દ તો દેખીતી રીતે સમજાય એવો છે. કોઈનો સકાળે જીવ લેવો એટલે કે કોઈ સજીવ પ્રાણીને મારી નાખવું એને આપણે હિંસા કહીએ છીએ. ખરેખર તો કોઈના પ્રત્યે દ્વેષ કરવો, કોઈનું બૂરું ઈચ્છવું આ બધી લાગણીઓ પણ વાસ્તવમાં તો હિંસા જ છે. એ જ રીતે અહિંસા શબ્દ પણ સમજવા જેવો છે. ગાંધીજી અહિંસાના ઉપાસક હતા. વિપક્ષને પોતાની વાત સમજાવવા એ આમરણાંત ઉપવાસ કરતા. આમ કરીને સામેવાળાને બદલે પોતે મૃત્યુ પામે એવો માર્ગ લેતા. બૌદ્ધ ધર્મે આને અવિહિંસા કહી છે. ઓશો રજનીશે એવું કહ્યું છે કે છરીની અણી જો તમે સામેવાળાની છાતી ઉપર ધરો કે પછી એ જ છરીની ધાર તમારી પોતાની છાતી પર ધરો એ બંને રીતે હિંસા તો એકસરખી જ છે. આમાં અહિંસા ક્યાંય નથી.

હિંસાને આપણે આવકારીએ નહિ, એને અવશ્ય વખોડી કાઢીએ પણ એને વખોડવાની વાત કરવાથી એનો અંત નથી આવતો. આપણા વેરઝેર અને દ્વેષ, જેના માટે અણગમો હોય એના માટે બૂરી ભાવના આ બધા અંશોને સંઘર્યા પછી ભીંસતાને કારણે હિંસા આચરી શકાતી ન હોય તો એને અહિંસા ન કહેવાય. **जीवो जीवस्व जीवनम्** એ પ્રાકૃતિક ન્યાયને પ્રવર્તતો રોકી શકાય નહિ. જગતમાં સજ્જનો અને દુર્જનો એમ બંને વિભાવનાઓ મૂર્તિમંત થયેલી જ છે. દેવ અને દાનવ, ઈશ્વર અને શેતાન, પયગંબર અને ઈલ્બીસ, અહરમઝદ અને અહિરમઝદ આ બધું બધા જ ધર્મોમાં આદિ કાળથી છે અને અનંત સુધી રહેશે. કૃષ્ણ, રામ, બુદ્ધ, મહાવીર, ઈશુ કે મહમદ આ બધાને જો સફળ થવા દેવા હોય તો આપણે સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ જવું પડશે.

આ લેખ પ્રકાશનાર્થે સંપાદકને મોકલી દીધા પછી કોઈક કારણસર 'ગાંધીજીનો અક્ષરદેહ' ગ્રંથ શ્રેણીના પુસ્તકો ઉથલાવવાનો અવસર પ્રાપ્ત થયો. ગાંધીજી વિશે કશુંક શોધવું હતું એટલે આ ગ્રંથ શ્રેણીના ૪૯મા પુસ્તકને ઉથલાવી રહ્યો હતો. અચનાક ગાંધીજીએ થરપડાના પહેલા કારાગારવાસ દરમિયાન તા. ૨૮-૦૪-૧૯૩૨ના રોજ આશ્રમની બહેનોને સંબોધીને લખેલા પત્ર ઉપર નજર સ્થિર થઈ ગઈ. શ્રીકૃષ્ણ, ભગવદ્ગીતા, અર્જુન, હિંસા અને અહિંસા આ વિષય ઉપર ગાંધીજીએ આ પત્રમાં જે લખ્યું છે એ ગાગરમાં સાગર જેવું છે. આ પત્રનો થોડોક અંશ અહીં ઉદ્ધૃત કર્યો છે.

આજે આપણે હિંસા કરતાં છતાં અહિંસાધર્મનું પાલન કરીએ છીએ એવો દાવો કરતાં આપણને સંકોચ નથી થતી. બરોબર એ જ રીતે ગીતાના યુગમાં લડાઈએ એટલી બધી સ્વાભાવિક ગણાતી હતી કે તે કરતાં છતાં અહિંસાધર્મને કોઈ હાનિ પહોંચે છે એમ માણસને તે વખતે નહોતું લાગતું એટલે ગીતામાં લડાઈનું દૃષ્ટાંત લેવાયું છે એ મને સાવ નિર્દોષ લાગે છે. પણ આખી ગીતાનું આપણે મનન કરીએ, સ્થિત પ્રજ્ઞનાં, બ્રહ્મભૂતનાં, ભક્તનાં કે યોગીનાં લક્ષણ ગીતામાંથી તપાસી જઈએ તો આપણે એક જ નિર્ણય ઉપર આવી જઈએ છીએ કે ગીતાના ઉપદેશક કે ગાનાર શ્રીકૃષ્ણ એ સાક્ષાત અહિંસાનો અવતાર હતા અને અર્જુનને લડાઈ કર એવો ઉપદેશ કરવામાં તેની અહિંસાને લેશમાત્ર પણ ઝાંખપ નથી આવતી. એટલું જ નહિ પણ એ બીજો ઉપદેશ દેત તો એનું જ્ઞાન કાચું કહેવાત અને તેથી એ યોગીશ્વર તરીકે અથવા પૂર્ણાવતાર તરીકે કદી ન પૂજાત એવો મારો દૃઢ અભિપ્રાય છે!

હિંસા અને અહિંસાની વિભાવના વિશે જૈન ધર્મ પછી અત્યંત સુક્ષ્માતિસુક્ષ્મ સમજણે ગાંધીજી સિવાય બીજા કોઈએ દાખવી નથી. આ વિષયમાં ઉપરના પત્રમાં ગાંધીજી જે કહ્યું છે એ વાંચ્યા પછી બીજું કંઈ કહેવા જેવું રહે છે ખરું?

❑❑❑

૧૦૨એ, પાર્ક એવન્યુ, દહાણુકર વાડી,
એમ.જી.રોડ, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ.
સંપર્ક : ૦૨૨-૨૮૦૧૯૭૯૫

# True to Their Salt
# Inheritors of an Illustrious Legacy

**Tushar A. Gandhi**

***પરિચય : મહાત્મા ગાંધીના પ્રપૌત્ર અને સોશ્યલ એક્ટિવિસ્ટ તેમ જ લેખક છે. મહાત્મા ગાંધીની હત્યા અને કેસ વિશે 'લેટ્સ કિલ ગાંધી' નામનું આ વિષયનું સૌથી વધુ આધારભૂત કરી શકાય તેવું પુસ્તક લખ્યું છે. તેઓ મહાત્મા ગાંધી ફાઉન્ડેશન, મુંબઈના સંસ્થાપક તેમ જ ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન, જલગાંવના ડિરેક્ટર છે.***

There is a saying 'An Apple Does not fall far from a tree', but a banyan tree travels many a miles and creates a giant canopy as its hanging air roots touch the ground and become independent trees themselves, who remain attached to the parent tree and yet spread its existence afar. Some legacies are thus too, like a Banyan tree as the hanging roots touch ground they turn into trees themselves but remain attached to the parent tree and are always a part of it. One such legacy is that of Ba and Bapu, Kasturba and Mohandas Gandhi. Their four sons Harilal, Manilal, Ramdas and Devadas who along with their spouses carried on their parent's legacy with fortitude and to the best of their ability and never utilising it for benefit or self aggrandisement.

Harilal the eldest was Bapu's first lieutenant during the Satyagraha in South Africa and came to be known as ' Chota Gandhi' till he fell out with his father. Even after that till the twenties he took part in Bapu's Satyagraha in India.

My Grandfather Manilal was young during the Satyagraha in South Africa and was left behind to manage the community at the Phoenix Settlement, Bapu's first Ashram in South Africa when his parents and elder brother lead the Satyagraha and were imprisoned, he looked after his younger siblings as well as the families of the imprisoned Satyagrahis, and the running of the Ashram. After Bapu returned to India Manilal was sent back to South Africa to manage Phoenix Settlement and edit and publish the Indian Opinion, he did this along with his wife Sushila till his death. He would return to India to participate in the satyagrahas launched by Bapu. He was one of the 80 Marchers Bapu hand picked to accompany him in the Dandi March in 1930. After marching with Bapu to Dandi, and breaking the Salt Law, Manilal was amongst the first Satyagrahis at Dharasana, he was brutally beaten up by the colonial police and imprisoned while injured and unconscious during the Salt Satyagraha. He continued the nonviolent fight against the Apartheid

regime in South Africa and was imprisoned on several occasions by the Racist Government. After his death his wife Sushila continued to manage the Phoenix Settlement and for some time edited and published the Indian Opinion.

Ramdas Gandhi came into his own back in India. he participated in all the Satyagrahas launched by his father, He was sent to South Africa to manage the Phoenix Ashram and publish the Indian Opinion for a short stint. In 1930 he independently lead a Salt March from Bardoli to Bhimrad in defiance of the British monopoly on manufacture of salt and the draconian Salt Tax and was arrested.

The youngest son Devadas was the apple of his father's eye, after 1930 he was constantly a shadow following his father. He accompanied his father when Bapu went to England to attend the Round Table Conference and continuously there after. He reached the Aga Khan Palace Prison Camp first upon hearing of his mother Kasturba's death and Birla House after Bapu's murder. He rose to be the Managing Editor of Hindustan Times.

None of the sons attempted to exploit their Parents legacy for self benefit or to promote themselves, and the legacy continued amongst the grandchildren to, although many chose to disappear into anonymity, some worked to the best of their ability to carry forward the illustrious legacy they had inherited, consciously not ever attempting to profit from it in any manner. Neelamben Parikh worked all her life as a teacher and then principal in schools catering to adivasis in the Dangs in South Gujarat with her Husband Yogendra Parikh. She has written many books about Her Grand father Harilal and the relationship between Bapu and his four daughters-in -law. Dr. Kanti Gandhi a medical Doctor worked as a medical officer in the Birla enterprise Hind Cycles and was a medical Doctor in the Century Mills Labour Colony in Worli. Here he established a charitable trust Lok Seva Trust to serve the poor labour force working in the textile mills of Bombay. He was a licenced Taxi driver and owned and drove a Kali Peeli Taxi in Bombay till his death. Grand Daughter Sumitra was an IAS officer when it was still known as ICS and served in the interiors of Central India. She then became a Rajya Sabha Member and served as a member of the Constitution Review Commission formed by the Atal Behari Vajpayee government. Tara Bhattacharya served the Kahdi and Village Industries Commission as a member of the Khadi Advisory Board, she is a trustee of the Kasturba Ashram and was the Deputy Chairperson of Gandhi Smriti. Usha Gokani is a trustee of the Malwli Ashram in South Gujarat and The Gandhi Smriti Samiti. Rajmohan Gandhi. a professor of history and an eminent Historian is a writer of biographies and historic works. He has written authoritative biographies of his Grandfather, Sardar Patel, and Khan Abdul Gaffar Khan and other eminent leaders of the freedom movement. As well as a history of Punjab. Gopal Krishna Gandhi was also an IAS officer and served many prestigious posts. He was a Refugee Commissioner to Sri Lanka, A High Commissionaire to South Africa and Norway, Director of the Nehru Centre in UK, Governor of West Bengal and for a brief period Bihar too and a respected political commentator.

But this is a story of the siblings Arun and Ela Gandhi. Arun the elder one is the second child of Manilal and Sushila Gandhi, Ela is his kid sister. They were both born and brought up in south Africa on the Phoenix Settlement. After his father's death Arun came back to India and settled here. He married my mother Sunanda and worked for Times of India and raised two children Archana and Tushar in Bombay. In 1987 Sunanda and Arun went to USA initially for a study on the parallels between discrimination in South Africa, USA and India. The discrimination of Apartheid in South Africa, Racism in USA and the Caste system in India. Initially they were hosted by the University of Mississippi in the little town of Oxford. In 1991 my parents moved to Memphis Tennessee and established the M. K. Gandhi Institute for Nonviolence, after raising funds by selling the correspondence between Bapu and his parents Manilal and Sushila. Many criticised Arun for this but he managed to create an institution to propagate Nonviolence which continues to do the good work even today. The objective of the Institute was to encourage the study of the ideology of Nonviolence and its practice as a weapon of resistance, Justice and community and nation building as practised by M. K. Gandhi. The M. K. Gandhi Institute of Nonviolence is not an educational institution, it does not conduct any classes in Nonviolence neither does it offer any courses in peace studies, it is a resource centre for non violence peace and truth as practised by M. K. Gandhi for social justice and resistance and its application in current times. It helps create content and study materials for universities wanting to create academic courses on non violence, passive resistance and conflict

management. In 2005 my parents and the Institute moved to Rochester NY and the Gandhi Institute was hosted in the University of Rochester NY. Where it continues to function even today. The Gandhi Institute now works with the lesser privileged youth living in the poverty stricken and crime infested inner city areas, counselling troubled youth and inner city students those most prone to fall victim to crime and empowers them with education and vocational skills. Arun has now taken on the role of a 'peace farmer] and travels the world talking about the legacy he has inherited and about the importance of peace and nonviolence as a responsibility of the individual, communities and nations, as he says he plants seeds of peace and nonviolence. He talks about the philosophy of nonviolence and its application in everyday life. Arun is currently based in Rochester NY and is involved in conducting programs for peace, nonviolence, conflict resolution and anger management in several prisons in North of New York State.

Ela Gandhi the youngest Daughter of Manilal and Sushila grew up on Phoenix Settlement in South Africa. At a young age she joined the resistance against the Apartheid Regime of South Africa, She was a card carrying member of the Communist Party of South Africa and a member of its Central Committee, when the Communist Party merged with the African National Congress she became a active member of ANC. For her actions of resistance and defiance of the Apartheid Regime she was banned and placed under house arrest from 1973 to 1982 along with her husband Mewalal. After Freedom Ela was an ANC MP in the National Parliament for two terms from 1994 to 2003. She worked closely with President Nelson Mandela. After completing two terms Ela resigned from Parliament and began working in civil society becoming an ambassador for peace and nonviolence and working with the impoverished community of native South Africans living around the Phoenix Settlement. She now heads the Gandhi Development Trust in Durban, is a trustee of the Phoenix Settlement. She manages the settlement and works actively for the rights and development of the neighbouring community at Phoenix. She was a member of the Advisory Board of the Committee of PIOs the People Of Indian Origin which organised the Pravasi Bharatiya Deevas under the Prime Ministership of Manmohan Singhji. In 2007 the Indian Government conferred the Padma Bhushan on Ela Gandhi for her humanitarian work. Ela Gandhi lives in Durban and like her sibling Arun travels the world speaking about the importance of Peace Nonviolence and Justice and inspires people to embrace peace and nonviolence and justice and equality. She runs Gandhi Development Trust and Publishes Satyagraha a journal dedicated to Peace Nonviolence and Justice. Most of the descendants of Ba and Bapu have treated the legacy they have inherited as a matter of pride but more importantly as a responsibility they have inherited, not flaunting it, not expecting dividends but to silently do what they can and move on without any expectations. This is the legacy of service done humbly and selflessly.

Although I have miles to go before I can match up to any of my illustrious ancestors I take great pride in the legacy I have inherited and with humility attempt to perform the responsibility that comes along with the legacy like many of my cousins. ❑❑❑

૯, સુખરામ ગૃહ, સર વિઠ્ઠલદાસ નગર, સરોજિની રોડ,
સાંતાક્રુઝ, મુંબઈ - ૪૦૦ ૦૫૪.
સંપર્ક : ૯૮૨૧૩ ૩૬૬૧૭

### અહિંસાના બે ક્ષેત્ર

સત્ય સાધ્ય પણ છે અને સાધન પણ. તે મુકામ પણ છે, માર્ગ પણ છે. પરંતુ અહિંસા માત્ર માર્ગ જ છે. અહિંસા એટલે પૂર્ણ નિર્વિકારતા. તે વગર સત્યનું દર્શન અશક્ય છે. તેથી સત્યના દર્શન સારુ અહિંસા સાધન થઈ એમ ગાંધીજી કહેતા.

વ્યક્તિગત અહિંસાની શરૂઆત નિર્વિકારતાના મહાવરાથી થશે. નિર્વિકારતાના મહાવરાથી દેહાસક્તિ ક્ષીણ બનશે. દેહાસક્તિ ક્ષીણ થતા દેહ-ભિન્નતા યાને 'દેહથી આપણે જુદા છીએ' તેનો અનુભવ થશે. આ જ આત્મદર્શન છે. એ વ્યક્તિગત અહિંસાની પૂર્ણતા થઈ. આત્મદર્શનનો સંબંધ પિંડ (દેહ, મન વગેરેનો સંઘાત)ની સાથે છે. હરિ-દર્શન એટલે બ્રહ્માંડના દરેક પદાર્થમાં ઈશ્વરનું દર્શન કરવું, ઈશ્વરદષ્ટિ રાખવી અર્થાત્ સમાજ યા સમૂહની સાથે, બ્રહ્માંડની સાથે વ્યાપકતાનો સંબંધ રાખવો.

સામૂહિક અહિંસાનો આરંભ દુર્જન પ્રત્યે સહિષ્ણુતાનો ભાવ રાખવાથી થાય છે. સહિષ્ણુતામાંથી દુર્જન પ્રત્યે આત્મીયતા જન્મવી જોઈએ. આત્મીયતામાંથી પ્રેમનો ઉત્કર્ષ થશે, ત્યારે દુર્જન તરફ પ્રેમ ઊભરાશે અને તેના પ્રભાવથી દુર્જનનું પરિવર્તન થતા તેની દુર્જનતા નાશ પામશે. પ્રેમનો ઉત્કર્ષ એટલે સંપૂર્ણ વ્યાપકતા. સંપૂર્ણ વ્યાપકતા એટલે હરિ-દર્શન. આ છે સામૂહિક અહિંસાની પૂર્ણતા.

# ગાંધીજીને કાશ્મીર સરહદે મોકલીએ તો ? !

**જ્વલંત છાયા**

***પરિચય : જ્વલંત છાયા ૨૧ વર્ષથી પત્રકારત્વમાં છે. છેલ્લા ૬ વર્ષથી ગુજરાતી સામયિક ચિત્રલેખામાં સિનિયર કોરસપોન્ડન્ટ તરીકે કામ કરે છે. રાજકીય,સામાજિક ઘટનાઓના રિપોર્ટિંગનો બહોળો અનુભવ. દિવ્ય ભાસ્કરમાં રાજકોટ સીટી ડેસ્ક હેડ તરીકે કામ કરી ચુક્યા છે. એમની કોલમ સંવાદ જયહિંદ અને દિવ્ય ભાસ્કર બન્ને અખબારમાં કુલ ૧૧ વર્ષ પ્રકાશિત થઈ. વિવિધ વિષયો પર લખ્યું છે. નીવડેલા વક્તા તરીકે એમનું નામ છે. દૂરદર્શન માટે સીરિયલના એપિસોડ્સ લખ્યા છે. ગુજરાતી રંગભૂમિ પર સૌ પ્રથમ એવો 'હું આત્મકથા છું ' નાટય પ્રયોગનું લેખન,નિર્માણ એમણે કર્યું છે. તો ગાંધીજી અને મીરાં બહેનના સંબંધ પર આધારિત નાટ્યપ્રયોગ પણ કર્યા. ગાંધીવાદી નહિ,ગાંધીપ્રેમી છે. કવિતા પણ લખે છે.***

Audio Link : https://youtu.be/RSRpwwOfgtw

**શી**ર્ષકમાં જે વિચાર છે એને કોઇ પણ વ્યક્તિ તુક્કો કહી શકે, તરંગ કહી શકે. કોઇને વધુ પડતો આશાવાદ પણ લાગી શકે. આપણે એને માત્ર એક ધારણા તરીકે જ મૂકીએ અને મુલવીએ. પછી વિચાર કરીએ ગાંધીજીની અહિંસા અને આતંકવાદીઓની હિંસાનો. વારંવાર જે પ્રશ્ન થાય છે કે ગાંધીજીના વિચાર આજના સમયમાં કેટલા પ્રસ્તુત? એમાં આ વાત કદાચ સૌથી મહત્વની છે કે જગત આજે સળગતી સતહ પર બેઠું છે, ક્યારેક એમ લાગે કે પૃથ્વી જાણે લાવારસના શ્વાસ ભરી રહી છે એવા શસ્ત્રયુગમાં અહિંસા કેટલી પ્રસ્તુત? ગાંધીજી જો એક આકૃતિ હતા તો સત્ય અને અહિંસા એ આકૃતિના પડછાયા રહ્યા. અને આકૃતિ ઓગળી ગયા પછી પણ એ પરછાઇ તો જીવે છે. સત્ય,અસ્તેય,અપરિગ્રહ,અભય જેવાં વ્રત હજીય કોઇ રીતે કદાચ પાળી શકાય, પણ અહિંસાનું પાલન શક્ય છે? ભારતની આઝાદી પહેલાંથી આ સવાલ વાતાવરણમાં છે આજે જરા વધારે ઉપસ્યો છે.

તાજેતરની ઘટનાઓ લઇએ તો પુલવામા,ઉરી જેવા હુમલા કે કારગિલ જેવા યુદ્ધ વખતે આ અહિંસાનું શું કરવાનું? ગાંધીજીની અહિંસા એ સમયે કામ આવે? કદાચ ના. શતપ્રતિશત અહિંસા ત્યાં શક્ય નથી. એ હિંસાનું સ્વરૂપ શું છે. ભારતીય યુદ્ધોનો ઇતિહાસ તપાસીએ તો આપણે ક્યાંય સામેથી વાર કર્યો હોય, યુદ્ધની શરૂઆત જ આપણે કરી હોય એવા કિસ્સા દૂર દૂર સુધી જોવા મળતા નથી. આપણે સામેથી કોઇને હણવા ગયા નથી. અને હણનારને હણવામાં પાપ નથી એવું ભગવાને કુરુક્ષેત્રમાં ડિપ્રેસ્ડ અર્જુનનું મોટિવેશનલ સ્પિરીચ્યુઅલ કાઉન્સિલીંગ કરતાં કહ્યું હતું. આપણે પ્રતિકારાત્મક હિંસા કરી હશે, આયોજિત હિંસા કરી નથી.

આપણું લશ્કર હિંસામાં નથી માનતું એવું કહીએ તો હસવું આવે ને? પણ ખરેખર એવું છે. વિશ્વના અનેક યુદ્ધના ઇતિહાસ તપાસીએ તો એમાં લશ્કરે સિવિલીયન્સ પર હુમલા કર્યા હોય એવું બન્યું છે. અરે સ્ત્રીઓ પર સૈનિકોએ બળાત્કાર કર્યા હોવાના દાખલા છે, પણ ભારતીય લશ્કર ક્યારેય આ આચારસંહિતા ઓળંગ્યું નથી. ક્યારેય યુદ્ધના નિયમ નેવે મૂકીને વર્ત્યું નથી. આ અહિંસા છે. લશ્કર છે એણે જરૂર પડ્યે ગોળી તો ચલાવવાની જ છે પણ જ્યાં અને જેના પર ચલાવવાની છે ત્યાં જ. સ્વબચાવ,રાષ્ટ્રરક્ષા ખાતર કરવી પડતી હિંસા અને પોતાનું સામ્રાજ્ય વધારવા, વિસ્તાર વધારવા થતી હિંસા વચ્ચે ફેર. વર્ચસ્વ સ્થાપવા, ધર્મ કે પરંપરાનું આક્રમણ એ હિંસા છે અને ભારતે એ ક્યારેય કર્યું નથી. એટલે આપણે કહી શકીએ કે અમારું લશ્કર પ્રતિકાર કરે હિંસા ન આચરે.

જોકે આ બધી તર્ક અને જો-તોની વાત થઇ. ગાંધીજીની અહિંસા તો વળી અલગ જઇને ઊભી રહે. કાશ્મીરમાં જે સ્થિતિ છેલ્લા છ દાયકાથી છે હવે વધારે વણસી છે, એના ઉકેલ માટે ગાંધીજીએ પ્રયાસ કર્યા હોય તો? અરે એમણે કર્યા જ હતા. એમનું ચાલ્યું હોત તો આ 'પાક ઓક્યુપાઇડ કાશ્મીર' જેવું જ ક્યાં કંઇ હોત? કાશ્મીરની વાદીઓમાં જે સફેદી છે એવી શાંતિ એ તો આખા દેશમાં ઇચ્છતા હતા. આપણો પ્રશ્ન તો એ છે કે ગાંધીજી સદેહે તો હવે નથી. તો ગાંધીજીની અહિંસા આતંકવાદની સમસ્યા ઉકેલી શકે? પ્રાથમિક રીતે, દુન્યવી દૃષ્ટિએ તો આનો જવાબ આપણને હકારમાં ન મળે પણ ગાંધીજીના વિચારને અનેક પહેલુ છે. ગાંધીજીએ અનેક વખત કહ્યું હતું કે પાપીને નહીં પાપને હણો. એ કહેતા, મનુષ્ય અને તેનું કામ બન્ને નોખી વસ્તુ છે. સારાં કામ પ્રત્યે આદર અને નઠારાં પ્રત્યે તિરસ્કાર હોવો જ જોઇએ. સારાંનરસાં કામ કરનાર પ્રત્યે હંમેશાં આદર હોવો જોઇએ. જે લોકો બૂરાઇનો નાશ કરવાને બદલે તેવા માણસોનો જ નાશ કરવા માગે છે તેઓ પોતે જ પેલાની બૂરાઇઓ અખત્યાર કરે છે. અને એ માણસોને મારવાથી તેમનામાંની બૂરાઇઓ મરશે એવી ભ્રમણામાં તેઓ જેને નાશ કરે છે તેમને વટાવે એવા પંડે બની બેસે છે. અહિંસાનો ઉપદેશ દરેક ધર્મમાં કરવામાં આવેલો છે પણ હું એવું માનવાને લલચાઉં છું કે અહિંસાના આચારનું આ હિંદની ભૂમિ પર શાસ્ત્ર રચવામાં આવ્યું છે. (હરિજનબંધુ, ૩૦ માર્ચ

૧૯૪૭) ગાંધીજી હાફિઝ સૈયદ કે તારીક મહંમદ સામે ઉપવાસ કરે અને એ લોકો પીગળે એ વાત અત્યારે ગાંધીજીની ગેરહાજરીમાં તો કલ્પના જ રહે પણ આંતકવાદના મૂળમાં જે કંઇ પણ રહેલું છે એને દૂર કરવા એ જીવ્યા હોત ત્યાં સુધી એમણે પ્રયાસ કર્યા હોત.

આજની સ્થિતિએ કદાચ આપણે ગાંધીજી જેવી વિશાળતા દાખવીને આતંકવાદીઓને માફ ન કરી શકીએ. સરહદ પર અહિંસાનો અમલ શક્ય નથી, પણ પ્રતિકાર કરવાની સાથે સાથે સમગ્ર માનવજાતના કલ્યાણના ભાવ સાથે આતંકવાદ સામે એના મૂળતત્વો સામે પણ સમાંતર મોરચો માંડવામાં આવે તો ત્યાં ગાંધીજી આપણી પડખે ઊભા રહેશે. ગાંધીજીએ તો સ્વરક્ષા માટે પણ પોતાના પ્રાણની આહૂતિ આપવાની જ વાત કરી હતી, બીજાના પ્રાણ લેવાની નહીં.૧૯૩૯ના ફેબ્રુઆરીની ૧૯મી તારીખે હરિજનબંધુમાં બાપુએ લખ્યું હતું, *માણસમાં ગર્વ ને અહંકાર હોય તો એ અહિંસા નથી. નમ્રતા વગર અહિંસા સંભવતી નથી.આત્મરક્ષા વિશે ૧૯ જાન્યુઆરી,૧૯૩૦ના નવજીવનમાં ગાંધીજીએ લખ્યું હતુંઃ આત્મરક્ષાને માટે કોઇને મારવાની આવશ્યકતા નથી. મરવાની તાકાત જોઇએ. મનુષ્યમાં મરવાની તાકાત સંપૂર્ણ રીતે આવી જાય તો તેને મારવાની ઈચ્છા જ નથી થતી. જે માણસ મરતાં ડરે છે ને જેનામાં સામે થવાની તાકાત નથી તેને અહિંસા ન શીખવી શકાય.*

સૌથી અગત્યની વાત બાપુએ એ કરી હતી જે કદાચ આજના સંદર્ભમાં ઘણાને પ્રસ્તુત લાગી શકે : *હું જરૂર માનું છું કે જો નામર્દાઈ અને હિંસા વચ્ચે જ પસંદગી કરવાની હોય તો હું હિંસા પસંદ કરું. હિંદુસ્તાન નામર્દ બનીને તેની માનહાનિનું અસહાય સાક્ષી બને એના કરતાં તો એ પોતાની ઈજ્જતની રક્ષા ખાતર હથિયાર ઉઠાવે તે વાતને હું પસંદ કરું. પરંતુ હું માનું કે હિંસા કરતાં અહિંસા જરૂર વધારે ચડિયાતી છે. સજા કરવા કરતાં માફી આપવાનું વધારે મર્દાનગીભર્યું છે.* એટલે ગાંધીજીની અહિંસામાં કાયરતા તો ક્યારેય નહોતી. આજે અહિંસા કેટલી પ્રસ્તુત એવું જો કોઇ પૂછે તો એને કહેવું પડે કે ભાઇ આ અહિંસા ફક્ત ગાંધીજીના વિચારની દેણ નથી. ક્ષમા વીરનું આભૂષણ છે અને અહિંસા પરમો ધર્મ જેવાં સૂત્ર તો આપણને ભગવાન મહાવીર પાસેથી મળ્યાં છે. તો તો મહાવીરની અહિંસા સામે પણ પ્રશ્ન ઉઠ્યો એમ ગણાય.

કોઇ ધર્મમાંથી આપણને મળી હોય કે ગાંધીજીના વિચારના ગ્રંથમાંથી અહિંસા કે હિંસા ફક્ત શરીર સાથે સંબંધ ધરાવતી વાત નથી. આપણને મન, કર્મ અને વચન ત્રણેય વાનાથી કોઇનું બૂરું ન કરવાની શિક્ષા-દિક્ષા મળી છે. કોઇ પણ વ્યક્તિ હિંસા આચરે ત્યારે આપણને દેખાય તો એના પગ કે હાથ અને હાથમાં રહેલું હથિયાર, પણ સૂક્ષ્મ વાત એ છે કે શરીર તો હિંસાનો ફક્ત અમલ કરનારું માધ્યમ છે. હિંસા જન્મે તો છે માણસના મનમાં. સ્કૂલમાં ઝઘડતા વિદ્યાર્થી હોય કે ઘાતક હુમલો કરનારા આતંકવાદી, આખરે હિંસાનું મૂળ માણસનું મન એના વિચાર છે અને એવી હિંસા ન જન્મે એ વાત ગાંધીવિચારમાં છે. અહિંસાનું પ્રથમ પગથિયું જ એ છે કે આપણે આપણા નિત્યના જીવનમાં એકબીજાની સાથેના વ્યવહારમાં સત્ય, નમ્રતા, સહિષ્ણુતા, પ્રેમ, કરુણા વગેરે ખીલવીએ એવું એમણે કહ્યું હતું. એટલે એમ કહી શકાય કે કાશ્મીર સમસ્યાનો તત્કાલ ઉકેલ તો લશ્કરી કાર્યવાહી કે વળતો હુમલો જ છે ત્યાં આદર્શવાદ ન ચાલે, પણ વિશ્વમાં ક્યાંય પણ ભૂખ, અસંતોષ, અન્યાયબોધ, અભાવને લીધે જો કોઇ સમસ્યા છે તો એનો ઉકેલ ગાંધીવિચારમાં છે અને છે જ.

ગાંધીજીની અહિંસા જરા પણ નમાલી નહોતી, ઉલટું એની તાકાત અમાપ હતી. એ અહિંસાના બળ પર એમણે હીટલર સાથેય પત્રવ્યવહાર કર્યો અને શરૂઆતના સમયમાં લંડન મુલાકાત કે પછી એકાદ વાર મળ્યા ત્યારે સાવરકર સાથે પણ વાર્તાલાપ કર્યો. ગાંધીજીની અહિંસા એ હતી જેમણે રાજકોટની રાષ્ટ્રીય શાળામાં પોતાના પર હુમલો થશે એવી જાણ થઇ તોય તલવારધારી ટોળાંની વચ્ચેથી જવાનું પસંદ કર્યું. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ વખતે હિંસક જ નહીં જીવલેણ નિવડી શક્યા હોત એવા હુમલા થયા હતા, પણ એમણે હથિયાર હાથમાં ન લીધું એ તો ઠીક, હાથ પણ ઉગામ્યો નહોતો. ગાંધીજીએ તો પોતાના પર હુમલો કરનાર નથુરામ ગોડસેને પણ ઓફર કરી કે ભાઇ અઠવાડિયું મારી સાથે રહે. સુરહાવર્દી જેવા કટ્ટર માણસને પણ એમણે કહ્યું, હું તમારો સેક્રેટરી થાઉં અને આપણે લોકોને શાંતિ માટે અપીલ કરવા સાથે ફરીએ. હિન્દુઓની હત્યાનો આક્ષેપ હતો એ સુરહાવર્દી પછી બાપુના શરણે હતા. હાથમાં છરા લઈને ફરતા લોકો સામે ખુલ્લી છાતીએ એ ફર્યા. ગાંધીજીની અહિંસા એ હતી કે એમણે છેલ્લા દિવસોમાં પણ કહ્યું હતું- બીમાર પડીને મરું તો છાપરે ચડીને કહેજો કે આ માણસ મહાત્મા નહોતો પણ પ્રાર્થનાસભામાં જતો હોઉં અને કોઇ ગોળી મારે છતાં મારા મનમાં કોઇ કડવાશ એના માટે ન હોય, મારા મોઢે જો રામનું નામ હોય તો કહેજો કે આ ભગવાનનો માણસ હતો.

આ ગાંધીજીની અહિંસા હતી. માનવામાં ન આવે એવી કે માની ન શકાય એવી. જગતમાં ઘણું આપણી બુદ્ધિની બહાર હોય છે એમાંની આ એક વાત છે એમ કહી શકાય. અને અહિંસાનું,સત્યાગ્રહનું આ કાઠું તો ઘડાયું હતું ઓતાબાપા-ઉત્તમચંદ ગાંધીના વખતથી. એ તો લાંબી વિગત થાય. આ અહિંસાના મૂળ ક્યાં હતા એ તો કદાચ કોઇ ન કહી શકે. ગાંધીજીના જીવનના પૂર્વાર્ધની ઝીણી ઝીણી વિગત પ્રભુદાસ ગાંધીએ *'જીવનનું પરોઢ'* પુસ્તકમાં આલેખી છે એમાં ફિનિક્સના વસવાટ વખતનો એક માર્મિક પ્રસંગ છે. એક રાત્રે પ્રભુદાસભાઈએ રાત્રે ખેતરના શૌચાલયમાં

જવું પડે એમ હતું. એ બહાર નીકળ્યા ત્યાં સામે સર્પ. એમણે ગાંધીજીના નિકટના કુટુંબી મગનલાલ ગાંધીને જાણ કરી. પગમાં ગૂમડું થયું હોવાને લીધે મગનભાઈએ માટીનો પાટો બાંધ્યો હતો. તોય ઊભા થયા,દોરીવાળી લાકડી લઈ સર્પને પકડ્યો. પ્રભુદાસ લખે છે, *'સાપને છોડવા જવાની મારામાં હિંમત નહોતી. મગનકાકા ચાલી શકે એમ નહોતા. સાપને મારી નાખવા સિવાય વિકલ્પ નહોતો, પણ દુઃખતા પગે એ બહાર નીકળ્યા. મને ફાનસ પકડાવ્યું. માનવવસ્તી ન હોય એ વિસ્તારમાં એને છોડી દીધો.'*

જે ઉચ્ચવૃત્તિથી ગાંધીજીએ અહિંસાની લડત ઉપાડી હતી એ ઉચ્ચ કક્ષાએ મગનલાલ ગાંધીએ એને અપનાવી હતી. બાપુની અહિંસાના મૂળ બાળપણમાં હતા એ તો એમણે કડાંની ચોરી પછી લખેલી ચિઠ્ઠીના પ્રસંગ પરથી જગતે જાણ્યું છે પણ એના કારણની કોઇને ખબર નથી. રાજકોટમાં ભણતા ત્યારે ઝાડ પર ચડીને પપૈયાં-જામફળ તોડતા. એક વાર ઝાડ પર બેઠા હતા ત્યારે મોટાભાઇએ પગ ખેંચ્યો. મોહને(ગાંધીજીએ) પોતાની માતાને ફરિયાદ કરી : ભાઇ *મને મારે છે.* બા કહે તો *તું એને માર.* અને મોહનનો જવાબ હતો : મોટા *ભાઈ ભલે મારે. એ મોટા છે. હું નહીં મારું. જે મારે છે એને તું અટકાવતી નથી. મારે એને ના પાડવી જોઇએ કે માર ખાય એને સામું મારવાનું શીખવાડવું જોઇએ?* પૂતળીબાઇ બોલી ઉઠ્યાં: તને *આવું ક્યાંથી સૂઝે છે,કોણ શીખવે છે, જાણે વિધાતાએ તારા ભાગ્યમાં શું શું લખ્યું છે?* ગાંધીજીની અહિંસા આ હતી. એમણે હંમેશાં મારે એને મારવાની ના પાડી હતી. સામે મારવાની તરફેણ કરી નહોતી. એટલે એ કદાચ લશ્કરને એમ ન કહે કે તમેય મારો, પણ એ તો આતંકવાદીઓને જ, પહેલો હુમલો કરનારને જ કહે કે મારવાનું બંધ કરો. ગાંધીજીની ઈચ્છા રામરાજ્યની સ્થાપના કરવાની હતી, પણ સામેનો તર્ક એ છે કે રાવણના વધ વગર રામરાજ્ય શક્ય છે પણ ધર્મયુદ્ધ કરતાં પહેલાં પણ વિષ્ટી તો કરવી જ રહી. મોહને પણ એ જ શીખવ્યું હતું. મોહનદાસે પણ એ જ કર્યું.

(લેખકની ચિત્રલેખામાં આવતી કોલમ ગાંધીજી @૧૫૦ના વિવિધ લેખને આધારે)

❑❑❑

કરુણા,
૨૩,પત્રકાર સોસાયટી
એરપોર્ટ રોડ રાજકોટ
સંપર્ક : ૯૯૦૯૯ ૨૮૩૮૭.

# આજના સમયમાં... અહિંસક જીવનશૈલી

**અતુલ દોશી**

***પરિચય : અતુલ નગીનદાસ દોશી.*** *Chartered Accountant.* ***ગુરુકુલ પાલીતાણા, મહાવીર વિદ્યાલય અને સી.યુ.શાહ-સાયનમાં રહી અભ્યાસ કરેલ. અહિંસા પરમો ધર્મ ગ્રુપના કોર ટીમ મેમ્બર.*** *Honorary Director and team leader in an online education company, Letstute.*

**અ**હિંસા શબ્દનો અર્થ ખુબ સરળ છે. દરેક મનુષ્ય એમ વિચારે કે દુનિયામાં મારા સિવાય બીજા મનુષ્યો અને બીજા જીવો છે. એ દરેકને પણ જીવન વ્હાલું છે. તેમને પણ દુખ ગમતું નથી'. આપણે આ વિચાર મનમાં રાખીને આપણું દરેક કાર્ય કરીએ તો દરેકનું જીવન નંદનવન બની જાય.

આજના સમયમાં ગૃહસ્થ અથવા સાધુ માટે પણ ૧૦૦% અહિંસક જીવન જીવવું ખુબ જ મુશ્કેલ છે. હાલતાં-ચાલતાં-ઊઠતાં-બેસતાં-ખાતાં પીતાં બીજા કોઈ જીવને હાની થવાની શક્યતા છે પરંતુ આપણે બને તેટલું સાચવીને-સમજીને 'ઓછામાં ઓછી' હિંસા થાય તેવી કોશિશ કરીએ તો પણ આ પૃથ્વી ઉપરના ઘણાં બધાંનાં ઘણાં બધાં દુખ દર્દ દૂર થઇ જાય.

બીજો એક અગત્યનો સિદ્ધાંત છે 'સહઅસ્તિત્વ'. કોઈપણ જીવને દુખી કરીને સુખ મળે નહી. સ્વામી આનંદના કહેવા પ્રમાણે 'આપણને શાશ્વત સુખ મળતું નથી કારણ કે આપણું સુખ બીજા પાસેથી છીનવેલું સુખ છે'. કોઈ વિદ્વાને તો ત્યાં સુધી કહ્યું છે કે 'આફ્રિકાના જંગલમાં ભૂખ થી કુતરા નું મૃત્યુ થાય તો તેનો દોષ પણ આપણને લાગે છે'. બીજું સત્ય એ પણ છે કે આપણી આજુબાજુ માં કોઈ પણ જીવ દુખી હશે તો તેના દુઃખનો રેલો ક્યારેક તો આપણા ઘર સુધી આવશે જ. આ દુખ નો ભય અતિશ્રીમંત કે ખુબ શક્તિશાળી માણસ ને પણ ત્યાં સુધી રહેવાનો છે જ્યાં સુધી દરેક જીવ કાયમી સુખ ન પામે.

સદીઓથી વિશ્વમાં હજારો સંસ્થાઓ અને દાતાઓ સામાજિક કાર્યો કરે છે તેમ છતાં પણ લોકોના દુખ દર્દ વધી રહ્યા છે. પ્રાણીઓના જીવન તો નર્ક બની ગયા છે. આનો અર્થ એમ કરી શકાય કે ક્યાંક તો પાયામાંથી ખોટું થઇ રહ્યું છે જે સુધારવાની જરૂર છે.

સદીઓથી ચાલી આવતી ખાવા-પીવા-જીવન જીવવાની ની પ્રથામાં કોઈ ફેરફાર જરૂરી હોય તો કરીએ. તે પૌરાણિક કાળથી ચાલે છે તેટલે *'સંસ્કૃતિ'* જ કહેવાય તેવું નથી. તેમાં પણ સમયકાળે કોઈ *'વિકૃતિ'* પેસી જાય તો પ્રથામાં ફેરફાર જરૂરી છે.

આજના સમયમાં આપણે કેવી રીતે અહિંસક જીવનશૈલી અપનાવી શકીએ તેની ચર્ચાને આપણે જુદા જુદા વિભાગમાં વહેંચી શકીએ- (૧) પ્રાણીઓ પ્રત્યે જીવદયા (૨) મનોરંજન માટે પ્રાણીઓનો ઉપયોગ (૩) રાજકારણ અને પશુરક્ષાના કાયદા (૪) આપણું સ્વાસ્થ્ય (૫) પર્યાવરણ (૬) કતલખાનાઓ બંધ કઈ રીતે થાય (૭) ધર્મ (૮)નાગરિક તરીકેની ફરજ- વ્યાપાર અને વ્યવહાર (૯) કેવી હશે અહિંસા- સ્વપ્નનગરી ?

**(૧) પ્રાણીઓ પ્રત્યે જીવદયા -**

આપણામાંથી મોટા ભાગના લોકો અને ખાસ કરીને જૈન લોકોમાં જીવદયા એટલે પાંજરાપોળ ને મદદ કરવી, કતલખાને જતાં જીવ ને છોડાવવા કે પછી કબુતરને ચણ નાખવી. આપણે આપણી જીવન જીવવાની રીતમાં શું ફેરફાર કરવો તે આપણે વિચારતા નથી. આપણા પોતાના લીધે કોઈ જીવ ને હાની થાય છે કે તે કતલખાને જાય છે તેમાં અજાણતા આપણો હાથ છે કે કેમ તે વિચારવાની જરૂર છે.

આપણા દરેકના ઘરમાં એક 'મીની કતલખાનું' ચાલતું હોય છે. ખાવા પીવા, ઘર વપરાશ, કોસ્મેટીક, પગરખાં, કપડાં, વગેરે દરેક વસ્તુમાં પ્રાણીઓનાં અવયવોનો ઉપયોગ થાય છે. આ દરેક વસ્તુઓનાં 'અહિંસક' ઉપાયો પણ છે. કતલખાનાઓને માંસની આવકની જેમ પ્રાણીઓના બીજા અવયવો જેમકે ચરબી, વાળ, ચામડું, હાડકાં વગેરે માંથી પણ ઘણી બધી આવક મળે છે. કતલખાનાઓને આ બીજી આવક ઓછી થાય તો બહુ મોટુ આર્થિક નુકશાન થાય.

ચામડું એટલે પ્રાણીઓની 'ચામડી' છે. ભારત દેશમાં ચામડાનો ઉદ્યોગ બહુ મોટા પાયે વિકસી રહ્યો છે. પહેલાના સમયમાં પ્રાણીઓ કુદરતી રીતે મૃત્યુ પામતા તેની ચામડી ઉપયોગમાં લેવાતી હતી. આજે જીવતા પ્રાણીની કતલ થાય છે અને તેની ચામડી ઉતારી લેવાય છે. થોડા સમય પહેલા સમાચાર હતા કે લેધર કાઉન્સિલ (ચર્મ ઉદ્યોગ નું વ્યાપારી મંડળ) ચામડાની માંગ ને પહોંચી વળવા માટે પ્રાણીઓ ને બિનકુદરતી રીતે જન્મ અપાવશે, તેને ઉછેરશે અને કતલ કરીને તેની ચામડી ઉપયોગ માં લેશે. આવી ભયંકર યોજના વ્યાપારી લોભ ની ચરમસીમા છે.

પહેલાનાં સમયમાં દૂધ-ઘીનો ઉપયોગ કદાચ બરાબર કહી શકાય પરંતુ આજના વ્યાપારીકરણના સમયમાં પ્રાણીઓને મશીન સમજીને દૂધ મેળવવામાં આવે છે. 'પશુપાલન'માંથી 'પશુઉદ્યોગ' થઇ ગયો છે. ગાય ભેંસનાં વાછરડાને તેની માતાનું દૂધ પીવા દેવામાં આવતુંનથી. વાછરડું જો નર હોય તો આજના ટ્રેક્ટર યુગમાં તેની જરૂર નથી તેથી તે તરત જ કતલખાને જાય છે. બિન કુદરતી પદ્ધતિથી ગાય-ભેંશને માતા બનાવાય છે કારણ કે આપણને દૂધ જોઈએ છે. ૧૯૭૦ની શ્વેત ક્રાંતિ પછી માંસની નિકાસ ચાલુ થઈ. આજે ભારત વિશ્વમાં માંસની નિકાસમાં એક નંબર પર છે તે દુધની વધતી જતી જરૂરિયાતને લીધે છે.

ભારત દેશમાં ગાય માતા તરીકે પૂજાય છે પરતું તે સાંકળ/દોરડાથી બંધાય છે. તેની લે-વેચ થાય. તેનું મુલ્ય અંકાય. રસ્તા પર પ્લાસ્ટિક કે કચરો ખાય. આ તે કેવી સંસ્કૃતિ કહેવાય?

આજે આખું વિશ્વ 'વિગન' પદ્ધતિ તરફ ખુબ ઝડપથી આગળ વધી રહ્યું છે. વિગન લોકો પ્રાણીઓની કોઈ વસ્તુઓનો ઉપયોગ કરતા નથી. તેઓની કરુણાનો પ્રવાહ કોઈ ધર્મ માટે નહીં પણ પ્રાણીઓ પ્રત્યે માનવતાની ફરજ તરીકે વહી રહયો છે. દુનિયાના મોટા મોટા રમતવીરો 'વિગન' છે. ભારતમાં પણ ક્રિકેટ કેપ્ટન વિરાટ કોહલી અને બીજા ઘણા વિગન છે. દૂધ-ઘી ખાવાથી તાકાત આવે છે તે ખોટું પુરવાર થઈ ચુક્યું છે.

વિગન લોકો ગોમૂત્ર કે છાણને પણ કોઈ વપરાશમાં લેતા નથી. ધંધાદારી લોકોનું કાંઈ કહેવાય નહીં. તેઓ દુધની જેમ ગોમૂત્ર કે છાણ વધારે મેળવવા માટે પ્રાણીઓ પર અત્યાચાર કરવાનું ચાલુ કરે. પ્રાણીઓને સ્વતંત્ર રહેવા દઈએ તે જ સારું છે. વિગન જીવન પદ્ધતિ માં મધ નો ઉપયોગ પણ નિષેધ છે.

હવે આપણને સોયા, મગફળી, નાળીયેરી, કાજુ, બદામ, ચોખા વગેરેના દૂધમાંથી બનેલ દહીં-ઘી-મીઠાઈઓ- ચીઝ-બટર-આઈસ્ક્રીમ વગેરે પણ મળે છે. આ માટે ગુગલ અને યુટ્યુબ પર હજારો રેસીપી છે.

**(૨) મનોરંજન માટે પ્રાણીઓનો ઉપયોગ-**

સર્કસ, માછલીઘર, પ્રાણી સંગ્રહાલયો, પક્ષીઓને પિંજરામાં પૂરવા, બળદ અને ઘોડાની રેસ વગેરે પ્રવૃતિઓમાં બીજા જીવોની સ્વતંત્રતા છીનવી લેવાય છે. તેમને હાની પહોંચાડાય છે. આપણે તેનાથી દુર રહીએ. આપણને પાંજરામાં પૂરીને જંગલમાં આ પાંજરાઓ રાખીને પ્રાણીઓને બતાવવામાં આવે કે જુઓ મનુષ્યો આવા લાગે છે. આમ થાય તો આપણને કેવું લાગે ?

**(૩) રાજકારણ/પ્રાણી રક્ષાના કાયદા-**

આજે દેશના મોટાભાગના રાજ્યોમાં ગાયની કતલ પર પ્રતિબંધ છે પરંતુ ભેંશની કતલ કરી શકાય છે. ગાય ને માતા કહેવી પરંતુ ભેંશ પણ માતા છે તે સ્વીકારવું નથી. કોઈ કહેવાતી ધાર્મિક માન્યતાને સાચવી લેવી અને તેની પાછળ મોટા પાયે જીવહિંસા થવા દેવી આ રાજકારણનો એક પ્રપંચ છે.

પશુ રક્ષાના કાયદામાં 'પશુઓની કતલ માનવીય રીતે કરવી જોઈએ. તેમને મરતી વખતે પીડા ન થાય તેવું કરવું જોઈએ' તેવું લખાણ છે. કતલ માનવીય રીતે કેમ થાય ? કતલ કરવી તે જ માનવીય નથી. સરકારનો પશુપાલન વિભાગ કતલખાના માટે સબસીડી આપે છે. પરંતુ કાયદો આંધળો છે. જે કરવું પડશે તે આપણે જ કરવું પડશે.

### (૪) આપણું સ્વાસ્થ્ય-

બહુ બધા સંશોધનોમાં એ સાબિત થયું છે કે પ્રાણીજન્ય વસ્તુઓ (દૂધ-ઘી, વિ.) ના લીધે કેન્સર-ડાયાબીટીસ-હૃદયરોગ જેવા ગંભીર રોગો થાય છે. આજના સમયમાં વિશ્વમાં બનતી ૮૦ એન્ટીબાયોટીક દવાઓ પશુઓને આપવામાં આવે છે. આ દવાઓ અનેપશુઓની પીડામાંથી મેળવેલ દૂધ આપણને સ્વાસ્થ્ય અને શાંતિ કઈ રીતે આપી શકે?

મનુષ્યની જેમ પ્રાણીઓ પણ માતા બને ત્યારે જ દૂધ આપે છે અને તે તેના બાળક માટે છે. તેના વાછરડાના ભાગનું છીનવી લીધેલ દૂધથી આપણને કઈ રીતે સુખ અને શક્તિ મળે?

આપણે છાપાઓમાં વારે તહેવારે સમાચાર વાંચતા હોઈએ છીએ કે 'ભેળસેળવાળું દૂધ' પકડાયું. હમણાં તો ભેળસેળવાળું પનીર અને બટર પણ પકડાયું તેવા સમાચાર હતા. કોઈપણ વસ્તુઓની માંગ વધશે એટલે તેમાં આવું બનવાનું જ છે. દુધની ભેળસેળમાં કલર, યુરીયા ખાતર, ડીટરજનટ પાવડર, વિ. વસ્તુઓનો ઉપયોગ થાય છે જે આપણા સ્વાસ્થ્ય માટે ખુબ હાનિકારક છે.

### (૫) પર્યાવરણ-

આજના સમયનો સુધરેલ અને ભણેલ માણસ હવે 'પશુઓ દ્વારા થતી ખેતી' ને બદલે'પશુઓની ખેતી' (animal farming) કરે છે. કરોડોની સંખ્યામાં પ્રાણીઓને બિનકુદરતી રીતે જન્મ અપાવવો, તેનો ઉછેર કરવો અને માંસ માટે તેને મારવા તે પર્યાવરણનો બહુ મોટો પ્રશ્ન બની ગયો છે. વિશ્વમાં વાહન વ્યવહારમાંથી જે પ્રદુષણ થાય છે તેના કરતા પ્રાણીઓ દ્વારા થતું પ્રદુષણનું પ્રમાણ વધારે છે. વિશ્વના વિકસિત દેશો માંસાહાર ઓછો થાય તે માટે કોશિશ કરી રહ્યા છે.

બહુ બધા લોકો 'સ્વાસ્થ્ય અને પર્યાવરણ'ના કારણે પણ 'વિગન'પદ્ધતિ અપનાવી રહ્યા છે.

### (૬) કતલખાનાઓ બંધ કઈ રીતે થાય ?

કતલખાનાઓ બંધ કરવા હોય તો સૌથી સહેલો ઉપાય છે આપણી દૂધ અને દૂધની વસ્તુઓની માંગ ઘટાડવાનો. અર્થશાસ્ત્ર ના મૂળભૂત નિયમ મુજબ દુધની માંગ ઓછી થાય તો તેના ભાવ ઘટે અને વ્યાપારી કંપનીઓને આ વ્યવસાયમાં ઓછો રસ પડે. ડેરી ઉદ્યોગને આ વ્યવસાયમાં આર્થિક લાભ નહીં દેખાય. આવું કરવાથી 'પશુઉદ્યોગ' પાછો ધીરે ધીરે 'પશુપાલન' માં પરિવર્તિત થશે. દૂધ માટે પ્રાણીઓ પર થતાં અત્યાચાર ઓછા થાય. પશુઓનો બિનકુદરતી રીતે જન્મ નહીં કરાવવામાં આવે. પ્રાણીઓની સંખ્યા ઓછી થશે. કતલખાનાઓને ડેરી ઉદ્યોગ પાસેથી 'તેમના માટે બિન ઉપયોગી થયેલા' પ્રાણીઓ ઓછા મળશે. માંસ નું ઉત્પાદન ઘટે. માંસ ના ભાવ વધે. ઓછા લોકો માંસાહાર કરે. આ બધાને લીધે જીવહત્યા ઓછી થાય.

૧૯૭૦ ના વર્ષની શ્વેત ક્રાંતિ (દુધની ક્રાંતિ) પછી ભારત માં દૂધ ઘી ની સાથે સાથે પશુઓના લોહીની નદીઓ વહેવા લાગી છે.માંસ-ચામડું-દૂધ આ ત્રણ વસ્તુઓ ના વ્યાપાર માં એકસરખો વધારો થઈ રહ્યો છે. આ જુગલબંધી છે. આપણે આમાંથી દૂધ અને ચામડા ની માંગ ઘટાડીએ તો ફક્ત માંસ ના જોર પર કતલખાના આર્થિક રીતે ટકી ના શકે.

**વિગન જીવન પદ્ધતિ પણ 'અહિંસા ધર્મ' નો એક અંશ છે. અહિંસા એટલે ફક્ત ખાવા પીવા કે વસ્તુઓ આધારિત નથી પરંતુ આપણા જીવનની નાની મોટી દરેક બાબતોનો સમાવેશ કરે છે.**

### (૭) ધર્મ

છેલ્લા ૨૫૦૦ વર્ષમાં ભગવાન મહાવીરે 'અહિંસા પરમો ધર્મ'કહ્યા પછી ગાંધીજીએ અહિંસાના સૂત્રને વિશ્વના ખૂણેખૂણે સુધી પહોંચાડ્યું અને તે પણ કોઈ સાંપ્રદાયિક ધર્મના નેજા નીચે નહીં પણ માનવતાના પાયાના સિદ્ધાંત તરીકે કર્યું. કદાચ એવું લાગે છે કે 'અહિંસા-જીવદયા' શબ્દને હિંદુ-જૈન ધર્મ સાથે જોડીને આપણે પ્રાણીઓનું અહિત કર્યું છે. જાણે અજાણે બીજા ધર્મના લોકો આનાથી દુર થઈ ગયા. આપણને જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો લોકો સુંધી પહોંચે તેમાં રસ હોવો જોઈએ. તેઓ કોઈ પણ ધર્મ પાળે તેનાથી શું ફરક પડે?

ઘણીવાર આપણે કહેતા હોઈએ છીએ કે ભગવાને પણ દૂધ વાપર્યું છે. પરંતુ, ત્યારના સમયકાળમાં આજની જેમ દૂધની માંગનો અતિરેક ન હતો. ભગવાને પણ કહ્યું છે કે તમે સમયકાળ પ્રમાણે તમારો અંતરાત્મા કહે તે પ્રમાણે વર્તજો.

આજે ધર્મસ્થાનોમાં પણ ઘણી હિંસા થઈ રહી છે. દેરાસરોમાં વરખનો ઉપયોગ તે ઘણી ખરાબ બાબત છે. વરખ બનાવવા માટે પ્રાણીઓનો જીવ લેવાય છે. સિલ્ક બનાવવા માટે હજારો રેશમના કીડાને ઊકળતા પાણીમાં ઉકાળવામાં આવે છે. પ્રભુજીને ફૂલો ચડાવવાની પ્રથામાં પણ હિંસા છે. આપણા જૈન ધર્મના વિદ્વાનશ્રી કુમારપાળ દેસાઈએ એવું કહેલ છે કે 'દેરાસરોમાં મહાપૂજા થાય છે તે ફૂલોની શોકસભા છે'. પ્રાણીઓના દૂધનો પ્રક્ષાલ કરવાથી પરમાત્મા કઈ રીતે પ્રસન્ન થાય તે વિચારવું રહ્યું.

દિગંબર-શ્વેતામ્બર ના તીર્થો માટેનો સદીઓથી ચાલ્યા આવતો વિવાદ ક્યારે પૂરો થશે ?

જૈનધર્મમાં ઉપધાન તપને બહુ મહત્વ આપવામાં આવ્યું છે અને તેને 'મોક્ષમાળ' એટલે કે મોક્ષના દ્વાર સુધી જવાનો એક માર્ગ બતાવવામાં આવ્યો છે. ઉપધાન તપમાં 'તેલ' પણ વાપરવું નહીં અને તેની જગ્યાએ 'ઘી'માં જ દરેક વસ્તુઓ બનાવવી તેવી પ્રથા છે.શાકદાળમાં પણ તેલને બદલે ઘી વાપરવું. સામાન્ય રીતે ઉપધાનમાં એકાસણામાં બહુ બધી મીઠાઈઓ બનતી હોય છે. પરંતુ, અમુલ્ય ધાર્મિક તપમાં'ઘી' વાપરવાની પ્રથા આજના સમય-સંજોગોમાં

પ્રાણીઓ ઉપર અત્યંત દર્દનાક સાબિત થઇ રહી છે.

દરેક ધાર્મિક સંસ્થાએ જે તે દેશના કાયદાઓ-નિયમોનું પાલન કરવાનું હોય છે. આપણા શાસ્ત્રોમાં પણ આવું કહેલ છે. પરંતુ આજે મોટા ભાગના દેરાસરોમાં અને બીજી ધાર્મિક સંસ્થાઓમાં 'કાળુંનાણું' વપરાય છે. 'બે નંબર'નો હિસાબ ચાલે છે. કરચોરી કરવી તે પણ હિંસા છે. વિવિધ પ્રસંગોએ 'ઘી ની બોલી'માં કરોડો રૂપિયાનું કાળું નાણું વપરાય છે. આ પણ એક મોટી હિંસા છે.

**(૮) નાગરિક તરીકેની ફરજ અને વ્યાપાર/વ્યવહાર-**

અહિંસા ધર્મને આપણે એક દેશના નાગરિક તરીકેની ફરજ બરાબર બજાવી રહ્યા છીએ કે નહીં તે સાથે પણ નિસ્બત છે. બીજાના હક્ક છીનવીને કે કાયદાઓનું ઉલ્લંઘન કરીને જીવવું તે પણ હિંસાનો એક પ્રકાર છે. પુરતો ટેક્સ ન ભરવો, લાંચરુશ્વતથીકારભારચલાવવો વગેરે એક રીતે હિંસા જ છે. સમાજ કે દેશને વ્યવસ્થિત ચલાવવા માટે દરેક નાગરિકે દરેક નિયમોનું પાલન કરવું જોઈએ. આ નિયમોનું ઉલ્લંઘન કરવાથી બીજા લોકોને તકલીફ પડશે.

આપણે શેરબજાર માં સિગારેટ, દારૂ, માંસ, મરઘા ઉદ્યોગ, ડેરી, વિ. કંપનીઓ જે મનુષ્ય, પ્રાણી કે પર્યાવરણ ને નુકશાન પહોંચાડે તેમાં રોકાણ ન કરીએ.

વ્યાપાર રોજગારમાં ખોટું બોલવું અને ખોટું કરવું તે બીજાને દુખ આપવાનું કાર્ય છે. સમાજ-સંબંધીઓની સાથે રોજબરોજના વ્યવહાર, બોલચાલમાં સંયમ અને સમતા રાખવી તે અહિંસાનો અગત્યનો ભાગ છે.

**(૯) કેવી હશે અહિંસા સ્વપ્નનગરી ?**

આ અહિંસાનગરી માં એકજ ધર્મ હોય-અહિંસા. કોઈ ઝઘડા મારામારી-શાસ્ત્રો-ત્રાસવાદ ન હોય. પશુઓ સ્વતંત્ર હોય. તેમનો કોઈ માલિક ન હોય. દરેક મનુષ્ય અને પ્રાણી પૂર્ણ આયુષ્ય અને સારું સ્વાસ્થ્ય પામે. કોઈનું અકાળ મૃત્યુ ન થાય. જ્યાં કોઈ પણ જીવને ભૂખ-ગરીબી-લાચારી ન સતાવે. બધા મનુષ્યો ધનવાન ન હોય પરંતુ સમૃદ્ધ જરૂર હોય. મનુષ્ય મર્યાદામાં રહે તેથી કુદરત પણ મહેરબાન હોય. કોઈ જીવ ને કોઈ ફરિયાદ નથી. કોઈ ડરાવતું નથી. નથી કોઈ ડરતું. હાર-જીત નથી. આ નગરી વિષે ઘણું બધું લખી શકાય પરંતુ શબ્દોની મર્યાદા છે. મૌન ની તાકાત અસીમ છે. આપ આ સ્વપ્નનગરી વિષે જેટલું વધારે વિચારશો તેટલું અહિંસા નું અમૃત વધારે પામશો.

**કહેવાય છે કે** .. સ્વપ્નો સાચા પડે છે. હા..જરૂરથી સાચા પડે.. જો તે શુભ હોય..આપણે તેને સતત જોતા રહીએ. તેનું દયાન ધરીએ. તેને સાકાર કરવાના પ્રયત્ન કરીએ. કોણ કરશે? કેવી રીતે કરશે? તેવું વિચારવાને બદલે આપણે દરેક આપણી ક્ષમતા મુજબ કરીએ તો સમગ્ર વિશ્વ અહિંસાનગરી બની જાય અને એક દિવસ શાશ્વત સુખનો સોહામણો સુરજ આપણા દરેકના આંગણે ઊગે.

દરેક જીવ અહિંસા ના શાશ્વત સુખને પામે તેવી પરમકૃપાળુ પરમાત્માપાસે પ્રાર્થના. અહિંસા પરમો ધર્મ.

*(નોંધ- આ લખનાર આ લેખમાં જે લખ્યું છે તે પ્રમાણે જીવન જીવવાનો પ્રમાણિકપણે પ્રયત્ન કરે છે.)* ❑❑❑

સંપર્ક : ૯૮૨૧૧૨૭૪૭૫

# વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં અહિંસા

**ભાણદેવજી**

***પરિચય : અધ્યાત્મમાર્ગના યાત્રિક એવા ભાણદેવજીની લેખિનીનો પ્રાણ વિષય અધ્યાત્મ જ રહ્યો છે. તેમના ૧૩૫ જેટલા અભ્યાસ સંપન્ન પુસ્તકોમાં વિવિધ પંથ, સંપ્રદાયના સંતો-કવિઓના જીવન - કવનમાં ગર્ભિત અધ્યાત્મ દર્શનને ઉજાગર કરવાનો સંનિષ્ઠ પ્રયાસ તેમણે કર્યો છે. લોકભારતી સણોસરામાં મનુભાઈ પંચોળી દર્શકનું સાનિધ્ય મેળવનાર ભાણદેવજી ગાંધી ચીંધ્યા માર્ગે ચાલનાર ખુબ સારા વક્તા, લેખક છે. હાલે મોરબી પાસે સરસ્વતી નિકેતન આશ્રમમાં રહેતા ભાણદેવજી સાધુ જેવું જ જીવન જીવી રહ્યા છે.***

'**મ**હાભારત' એક મહાન ગ્રંથ છે. મહાભારતમાં અપરંપાર યુદ્ધોની અપરંપાર કથા છે. આમ છતાં આખરે ભગવાન વ્યાસ મહાભારતમાં લખે છે :

''અહિંસા પરમો ધર્મઃ

''અહિંસા પરમ ધર્મ છે.''

અહિંસા એટલે શું?

પહેલાં તો આપણે સમજીએ કે હિંસા એટલે શું?

હિંસા એટલે મન, વચન કે કર્મથી કોઈ પણ જીવને કષ્ટ આપવું તે.

આમ હિંસાનો આવો વ્યાપક અર્થ છે. તદનુસાર સર્વ પ્રકારની હિંસાનો ત્યાગ કરવો તે અહિંસા છે.

ભગવાન પતંજલિ અષ્ટાંગયોગમાં ભગવાન બુદ્ધ આર્ય અષ્ટાંગમાર્ગમાં અહિંસાનો મહાવ્રત તરીકે સ્વીકાર કરે છે. વિશ્વના સર્વ ધર્મોમાં કોઈ ને કોઈ સ્વરૂપે અહિંસાની પ્રતિષ્ઠા થઈ છે. હા,

સર્વ ધર્મોમાં અહિંસાની સમાન મહત્તા છે તેમ આપણે ન કહી શકીએ. જૈન ધર્મમાં અહિંસાની જેટલી મહત્તા છે તેટલી મહત્તા ઈસ્લામ અને યહૂદી ધર્મમાં નથી. આમ છતાં એટલું તો આપણે નિશ્ચયાત્મક રીતે કહી શકીએ સર્વ ધર્મોમાં 'અહિંસા'નો સ્વીકાર થયો છે. કોઈ ધર્મ હિંસાનો ઉપદેશ આપતો નથી, આપી શકે નહિ!

ભગવાન બુદ્ધ, ભગવાન મહાવીર સ્વામી, ભગવાન ઈશુ, લાઓત્સે આદિ અધ્યાત્મ પુરુષોએ પોતાની વાણી દ્વારા જ નહિ પરંતુ પોતાના જીવન દ્વારા પણ અહિંસાનો બોધ આપ્યો છે. સામાન્ય સમાજ દ્વારા મનોમય ભૂમિકા પર તો 'અહિંસા'ના આ બોધનો વ્યાપક પ્રમાણમાં સ્વીકાર થયો છે. સૌ કોઈ એમ જ કહે છે -

''હા, અહિંસા જ બરાબર છે!''

આમ છતાં વ્યાવહારિક ભૂમિકા પર અહિંસાનો વ્યાપક પ્રમાણમાં સ્વીકાર થયો છે તેમ ન કહી શકાય.

કુટુંબ, ગ્રામ, તાલુકો, જિલ્લો, રાજ્ય, રાષ્ટ્ર - આ પ્રકારના અનેક સંગઠનો છે. જ્ઞાતિ, ધર્મ, વ્યવસાય આદિના ધોરણે પણ અનેક સંસ્થાઓ અને સંગઠનો રચાય છે. સમાજસેવા, શિક્ષણ, આરોગ્ય, આદિને કેન્દ્રમાં રાખીને પણ સંસ્થાઓ બને છે. આ બધાં સંગઠનોમાં વધતા-ઓછા પ્રમાણમાં હિંસા પણ છે અને અહિંસા પણ છે જ! ભાઈ-ભાઈ, વ્યાવસાયિક ભાગીદારો, પિતા-પુત્ર, શિક્ષક-વિદ્યાર્થી, મિત્ર-મિત્ર, પતિ-પત્ની આ સ્વરૂપના અનેક અને અનેકવિધ સંબંધો છે અને રહેશે. તે સર્વમાં માત્ર હિંસા છે? ના! માત્ર અહિંસા છે? ના! બંને છે. હિંસા પણ છે અને અહિંસા પણ છે.

હવે આપણે જોઈએ કે રાષ્ટ્રીય ભૂમિકા પર અહિંસા અને હિંસાની સ્થિતિ કેવી છે? રાષ્ટ્રીય સમસ્યાના સમાધાન માટે હિંસાનો આશરો લેવાય છે કે અહિંસા દ્વારા જ સમાધાન મેળવાય છે?

થોડા ક્રાંતિકારીઓ અને સુભાષબાબુની આઝાદ હિંદ ફોજના અપવાદ સિવાય, મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ ભારતને સ્વતંત્રતા અહિંસા દ્વારા જ મળી છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. રંગભેદની નીતિમાંથી મુક્ત થઈને દક્ષિણ આફ્રિકાને યથાર્થ સ્વાતંત્ર્યની પ્રાપ્તિ નેલ્સન મંડેલા દ્વારા અહિંસાને માર્ગે થઈ છે. આમ છતાં ચીન, રશિયા, બ્રહ્મદેશ આદિ દેશોમાં સામ્યવાદની પ્રતિષ્ઠા હિંસા દ્વારા જ થઈ છે. આ રાષ્ટ્રીય ભૂમિકાએ હિંસા અને અહિંસા - બંનેના પ્રયોગો થયા છે. પરંતુ અહિંસાના પ્રયોગો કરતા હિંસાના પ્રયોગો વધુ થયા છે, તેમ આપણે સ્વીકારવું જોઈએ.

હવે આપણે જોઈએ કે વૈશ્વિક ભૂમિકાએ હિંસા-અહિંસાની સ્થિતિ શું છે? બે રાષ્ટ્રો વચ્ચે યુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત થાય અને અહિંસા દ્વારા તેનું નિરાકરણ થયું હોય તેવા પ્રસંગો ઈતિહાસમાં નોંધાયા છે? હોય તો જાણમાં નથી.

ભારત-પાકિસ્તાન વચ્ચેના સંબંધો, ભારત-ચીન વચ્ચેના સંબંધો, ઈઝરાયલ અને પાડોશી મુસ્લિમ રાષ્ટ્રો વચ્ચેના સંબંધો - આ અને આવા અનેક સંબંધો અહિંસાનો વ્યાપક પ્રમાણમાં અને સફળ રીતે પ્રયોગ થયો છે? ભલે, અનિચ્છાએ પણ આપણે સ્વીકારવું જોઈએ કે ના, એમ બની શક્યું નથી.

ભારત અને પાકિસ્તાન, બંને સ્વતંત્ર રાષ્ટ્રો બન્યા. પાકિસ્તાને કાશ્મીર પર આક્રમણ કર્યું. કાશ્મીરના મહારાજાએ કાશ્મીરનું ભારત સાથે જોડાણ કર્યું. તે વખતે કાશ્મીરને પાકિસ્તાનથી બચાવવા માટે, પાકિસ્તાનની સેના સામે લડવા માટે ભારતે સેના મોકલવી કે નહિ? સમસ્યા ઊભી થઈ.

નહેરુજીએ તે માટે મહાત્મા ગાંધીજીની સલાહ માગી. ગાંધીજીએ પાકિસ્તાનની સેના સામે લડવા માટે કાશ્મીરમાં ભારતીય સેના મોકલવાની અનુમતિ આપી અને પછી ભારતીય સેના કાશ્મીર ગઈ છે. આમ બન્યું તેથી તે વર્ષનું શાંતિનું નોબેલ પારિતોષિક મહાત્મા ગાંધીજીને ન આપ્યું. આ ઈતિહાસને પાને નોંધાયેલી હકીકત છે.

મહાત્મા ગાંધીજીએ કાશ્મીરમાં ભારતીય સેના મોકલવા માટે અનુમતિ કેમ આપી? અહિંસાના પૂજારી બાપુએ આમ કેમ કર્યું? કારણકે બાપુ જાણતા હતા કે વૈશ્વિક ભૂમિકાએ અહિંસાનો પ્રયોગ કરવાનો સમય હજુ આવ્યો નથી તે વખતે બાપુ અને બાપુના લાખો અનુયાયી કાશ્મીરમાં સેનાને બદલે અહિંસાનો સંદેશો લઈને કેમ ન ગયા? કારણકે બાપુ જાણતા હતા કે વૈશ્વિક ભૂમિકાએ અહિંસાનો પ્રયોગ કરવાનો સમય હજુ આવ્યો નથી!

હવે પ્રશ્ન છે કે વૈશ્વિક ભૂમિકાએ અહિંસાનો પ્રયોગ કરવાનો સમય કદી નહિ આવે? રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સમસ્યાઓનું નિરાકરણ અહિંસા દ્વારા જ થાય તેવો સમય કદી નહિ આવે?

આવશે! જરૂર આવશે!

તે માટે શું કરી શકાય?

૧. વિશ્વભરના લોકો વ્યાપક પ્રમાણમાં સમજે કે હિંસા નહિ, અહિંસા જ સાચો ઉપાય છે.
૨. પ્રજા શાણા, સમજદાર અને ડાહ્યા લોકોને નેતા તરીકે પસંદ કરે.
૩. યુ.નો. અને તેવી વૈશ્વિક સંસ્થાઓ વધુ કાર્યક્ષમ અને વધુ સમર્થ બને.
૪. જયહિંદને સ્થાને જયજગત આવે અને આ પ્રમાણે પ્રત્યેક દેશમાં બને!

❑❑❑

સંપર્ક : ૯૩૭૪૪૧૬૬૧૦

# ઇસ્લામ અને અહિંસા

ડૉ. મહેબૂબ દેસાઈ

*પરિચય : મૂળે ઈતિહાસ વિષયના અભ્યાસી ડૉ. મહેબૂબ દેસાઈ ઇતિહાસ અનુસ્નાતક ભવન, ભાવનગર વિશ્વ વિદ્યાલયના અધ્યક્ષ રહી ચુક્યા છે. ઈતિહાસ વિષયક કેટલાક ઉત્તમ પુસ્તકો તેમણે આપ્યા છે. દૈનિક દિવ્યભાસ્કરમાં ચાલતી તેમની કટાર 'રાહે-રોશન' ખુબ પ્રસિદ્ધ થઈ છે. તેમની પાસેથી ઇસ્લામ ધર્મ વિષયક પણ ઉત્તમ પુસ્તકો પ્રાપ્ત થયા છે. તેઓ સમન્વયવાદી લેખક છે. ભારતીય સંસ્કૃતિ, સભ્યતાનું તેમણે ઊંડું અધ્યયન કર્યું છે.*

**(૧) ભૂમિકા**

ઈસ્લામ અને અહિંસાને કોઈ જ સંબંધ નથી, એમ માનનારની ભલે બહુમતી હોય, પણ ઈસ્લામના મૂળભૂત સિદ્ધાંતોમાં અહિંસા પાયામાં છે. આ વિધાન નવાઈ પમાડે તેવું જરૂર લાગશે, પણ ઈસ્લામને સાચા અર્થમાં જાણનાર, સમજનાર કે તેના તત્ત્વજ્ઞાનને પામનાર દરેક માનવી આ બાબતનો ઈનકાર કરી શકે તેમ નથી.

કુરાને શરીફનો આરંભ જે સૂરા (શ્લોક)થી થયો છે, તેને અલ ફાતેહા કહે છે. અલ ફાતેહા એટલે શરૂ કરવું, આરંભ કરવો. આ પ્રથમ સૂરાને મહંમદ સાહેબ (સ.અ.વ.)એ 'ઉમ્મુલ કુરાન' અર્થાત્ કુરાનની મા કહેલ છે. આ સૂરા દયા, કૃપા, સ્તુતિ, પ્રાર્થના, સન્માર્ગ જેવા શબ્દોથી શણગારેલ છે. આ સૂરામાં કહ્યું છે,

'શરૂ કરું છું અલ્લાહના નામથી જે દયા સાગર છે. અત્યંત કૃપાળુ છે. અલ્લાહ, અમે તારી જ બંદગી કરીએ છીએ. તું જ સર્વનો પાલનહાર છે. તું દયાવંત અને કૃપાળુ છે. તું તે દિવસનો માલિક છે, જ્યારે સૌને પોતાનાં કર્મોનાં ફળો ભોગવવા પડશે. હે અલ્લાહ, અમે તારી જ પ્રાર્થના કરીએ છીએ અને તારું જ શરણ શોધીએ છીએ. તું અમને સન્માર્ગે લઈ જા. તું અમને એવા માર્ગે લઈ જા, જે રસ્તે તારા કૃપાપાત્રો ચાલ્યા છે. એવા રસ્તે અમને ક્યારેય ન દોરીશ, જે માર્ગે ચાલતા તું નારાજ થા અને અમે ગુમરાહ થઈ જઈએ.'

કુરાને શરીફની આ પ્રથમ સૂરા 'અલ ફાતેહા' પરમકૃપાળુ અલ્લાહને સમર્પિત છે, સદ્કાર્યોને પામવાની પ્રાર્થના છે. તેમાં ક્યાંય હિંસાને સ્થાન નથી. પ્રત્યક્ષ કે પરોક્ષ હિંસાનો નિર્દેશ સુધ્ધાં નથી.

કુરાને શરીફની અહિંસાથી વિભાવનાને વ્યક્ત કરતા ગાંધીજીએ કહ્યું છે,

'હું એવા અભિપ્રાય ઉપર આવ્યો છું કે - કુરાને શરીફનો ઉપદેશ મૂળમાં તો અહિંસાની તરફદારી કરનારો છે. એમાં કહ્યું છે કે અહિંસા એ હિંસા કરતાં બહેતર છે. અહિંસાનું આચરણ ફરજ સમજીને કરવાનો એમાં આદેશ છે. હિંસાની તો માત્ર જરૂર તરીકે છૂટ મૂકી છે એટલું જ.' (૨)

હિંસા શબ્દનો ભૌતિક અર્થ આપણી મનોદશામાં એવો બંધાઈ ગયો છે કે ઈસ્લામની ત્રણ બાબતો કુરબાની, જેહાદ અને પરમાટી સેવનને આપણે ઈસ્લામની હિંસા તરીકે ઓળખવા લાગ્યા છીએ, પણ એ ત્રણે બાબતોની મર્યાદિત સમજમાંથી બહાર નીકળી, તેના સાચા આધ્યાત્મિક સ્વરૂપને સમજીશું તો કદાચ આપણે ઈસ્લામની અહિંસાને પામી શકીશું પણ એ માટે સૌ પ્રથમ જૈન ધર્મ અને ગાંધીજીની અહિંસાને સમજવાની જરૂર છે.

અહિંસા જૈનધર્મનો પાયાનો સિદ્ધાંત છે. ગાંધીએ દરેક ધર્મના શ્રેષ્ઠ તત્ત્વોને પોતાના જીવનમાં ઉતારી આશ્રમવાસીઓ પાસે મૂક્યા હતા. ગાંધીજીએ જૈન ધર્મમાંથી અહિંસાના સિદ્ધાંતને સ્વીકાર્યો હતો. સમૂહ પ્રાર્થના અને ધાર્મિક સમાનતા ઈસ્લામમાંથી લીધા હતા. જોકે જૈનધર્મના સ્થાપક ભગવાન મહાવીર સ્વામીની અહિંસા અને ગાંધીજીની અહિંસામાં ભેદ છે. ભગવાન મહાવીર સ્વામીની અહિંસા અત્યંત સૂક્ષ્મ છે. જ્યારે ગાંધીજીની અહિંસા માનવીય છે. અને આ બંનેની તુલનામાં ઈસ્લામની અહિંસા વાસ્તવદર્શી છે.

જૈન ધર્મના સિદ્ધાંત મુજબ જગત અને જીવ સાચા બ્રહ્મ નથી, મોક્ષ માટે અઢાર દોષોમાંથી મુક્તિ જરૂરી છે. એ અઢાર દોષો એટલે પ્રાણાતિપાત (નાનામાં નાની જીવહિંસા), મૃષાવાદ (જુઠું બોલવું), અદત્તાદાન (ચોરી), મૈથુન (વિષયસેવન), પરિગ્રહ (ધન-ધાન્ય સંચય), ક્રોધ, અહંકાર, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન (કોઈના માથે આળ ચઢાવવું), પેશુન (ચાડી-ચુગલી), રતિ (સુખ-દુઃખ), પરપરિવાદ (પારકી નિંદા), માયા-મૃષાવાદ (કપટ સાથે જૂઠું બોલવું) અને મિથ્યાત્વ અર્થાત્ અંધશ્રદ્ધા. આ અઢારે દોષોમાંથી મુક્ત થવા જૈનધર્મે ચાર ઉપાયો (રત્નો) આપ્યા છે. સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્વાણી અને સમ્યગ્ચરિત્ર. જૈન ધર્મના આ સિદ્ધાંતો દર્શાવે છે કે હિંસા કરવી-કરાવવી કે અનુમોદન ત્રણે સમાન પાપ છે. કીડીમાત્રની હત્યાનો વિચાર પાપ છે. એમ જ કીડીની હત્યા સમયે આનંદ કે ઉપેક્ષા બંને પાપ છે. એ સમયે કરુણા એ જ ધર્મ છે. આટલી સૂક્ષ્મ અહિંસા પાછળનો જૈનધર્મનો ઉદ્દેશ સમાજને મૂલ્યનિષ્ઠ અને ચારિત્ર્યશીલ બનાવવાનો છે.

ગાંધીજીએ સત્ય અને અહિંસાને સત્યાગ્રહનાં શસ્ત્રો બનાવ્યા હતા. સત્યના પ્રયોગો એ તેમનો જીવનમંત્ર હતો. અહિંસાની તેમની વિભાવના અત્યંત માનવીય હતી. યુદ્ધમાં કામ કરવાથી

માંડીને, આશ્રમના રિબાતા વાછરડાને ઝેરનું ઈન્જેક્શન આપી મુક્તિ આપવાની ચેષ્ટા કરનાર ગાંધીજીએ અહિંસાને કાયરતાનું સ્વરૂપ નથી આપ્યું. તેમણે અહિંસાના પોતાના માનવીય વિચારો વ્યક્ત કરતા કહ્યું છે,

'અહિંસા વ્યાપક વસ્તુ છે. હિંસાની હોળીની વચ્ચે સપડાયેલા આપણે પામર પ્રાણી છીએ. 'જીવ જીવની ઉપર જીવે છે.' એ ખોટું વાક્ય નથી. મનુષ્ય એક ક્ષણ પણ બાહ્ય હિંસા વિના નથી જીવી શકતો. ખાતાં પીતાં, બેસતા ઊઠતા, બધી ક્રિયાઓમાં ઈચ્છા અનિચ્છાએ કંઈક હિંસા તે કર્યા જ કરે છે. તે હિંસામાંથી નીકળવાનો તેનો મહાપ્રયાસ હોય, તેની ભાવના કેવળ અનુકંપા હોય, તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુનો પણ નાશ ન ઈચ્છે અને યથાશક્તિ તેને બચાવવાનો પ્રયાસ કરે, તો તે અહિંસાનો પૂજારી છે. તેની પ્રવૃત્તિમાં નિરંતર સંયમની વૃદ્ધિ હશે. તેનામાં નિરંતર કરુણા વધતી હશે. પણ કોઈ દેહધારી બાહ્ય હિંસાથી મુક્ત નહિ થઈ શકે. (૩)

ગાંધીજીની આવી માનવીય અભિગમને સાકાર કરતી અહિંસા ભગવાન મહાવીર સ્વામીની સૂક્ષ્મ અહિંસા કરતાં આપણને વધુ સરળ લાગશે, પણ તેની સરળતાનો આભાસ તેના અમલીકરણ સમયે અત્યંત કઠિન બની જાય છે.

**(૨) ઇસ્લામના સિદ્ધાંતો અને અહિંસા**

ગાંધીજીએ ઈસ્લામનો અર્થ સ્પષ્ટ કરતા કહ્યું છે,

'ઈસ્લામનો અર્થ શાંતિ છે. એ શાંતિ મુસલમાનોની જ નથી, પણ સૌ કોમ અને વિશ્વશાંતિની છે.' (૪)

ઈસ્લામની આવી વિશ્વવ્યાપી શાંતિની સ્થાપના માટે જરૂરી છે અહિંસા. અહિંસાના આચરણ માટે ઈસ્લામના પાયાના સિદ્ધાંતોને સમજવા પડે, પામવા પડે. ઈસ્લામના પાયાના પાંચે સિદ્ધાંતોની વિશિષ્ટતા એ છે કે તેમાં ક્યાંય હિંસાનો ઉલ્લેખ સુધ્ધાં નથી પણ મન, વચન અને કર્મની અહિંસાને પામવા આ પાંચે સિદ્ધાંતો અનિવાર્ય છે.

ઈસ્લામના પાંચ સિદ્ધાંતોમાં ઈમાન, નમાઝ, રોઝા, જકાત અને હજનો સમાવેશ થાય છે. ઈમાન એટલે શ્રદ્ધા, વિશ્વાસ. ઈસ્લામનો મૂળભૂત સિદ્ધાંત 'તૌહિદ' અર્થાત્ એકેશ્વરવાદ ઈમાનના મૂળમાં છે. 'ખુદા એક છે, તેનો કોઈ જ ભાગીદાર નથી અને મહંમદ ખુદાના પયગમ્બર છે.'

**'લાઈલાહા ઈલ્લિલ્લાહ, મુહમદુરરસુલ્લિલાહ'**

ખુદામાં દઢ વિશ્વાસ રાખવાનો આદેશ આ વિધાનમાં સ્પષ્ટ થાય છે. નમાઝ એટલે પ્રાર્થના. કુરાને શરીફમાં પાંચ વક્તની નમાઝ ફરજિયાત પઢવાનો આદેશ છે. મુસ્લિમ બાળક સમજણું થાય ત્યારથી તેના માથે પાંચ વક્તની નમાઝ ફરજિયાત છે. જો કે નમાઝની ક્રિયા હજરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ની દેન છે. રોઝા એટલે ઉપવાસ.

દરેક ધર્મમાં સોમ, ઉપવાસ કે રોઝાને સ્વીકારવામાં આવેલ છે. શરીર અને મનની શુદ્ધિ માટે રોઝા અનિવાર્ય છે. માત્ર ભૂખ્યા-તરસ્યા રહેવાને ઈસ્લામે રોઝાનો દરજ્જો નથી આપ્યો. ઉપવાસ દરમ્યાન બૂરા મત દેખો, બૂરા મત સૂનો, બૂરા મત કહો અને બૂરા મત સોચોનો સંયમ અત્યંત જરૂરી છે. અન્યથા ભૂખ્યા તરસ્યા રહેવા છતાં રોઝાનું પુણ્ય પ્રાપ્ત થતું નથી. જૈન ધર્મમાં સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચરિત્રનો જે સિદ્ધાંત છે તે જ રોઝાની ફળશ્રુતિ માટે અનિવાર્ય છે. રોઝા દરમ્યાન મન, શરીર કે વિચાર સુધ્ધાંની હિંસા કે નિંદાને સ્થાન નથી.

ઈસ્લામનો ચોથો સિદ્ધાંત છે જકાત. જકાત એટલે ફરજિયાત દાન. સમાજમાં રહેલ સામાજિક - આર્થિક અસમાનતાને દૂર કરવાનો સ્પષ્ટ ઉદ્દેશ તેમાં સમાયેલો છે. સૌ માટે રોટી, કપડાં અને મકાનની પ્રાથમિક જરૂરિયાત પૂર્ણ કરવાનો માર્ગ એટલે જકાત. જે મુસ્લિમ પાસે પોતાની જરૂરિયાત કરતાં વધારે સ્થાવર કે જંગમ મિલકત હોય તો તેણે પોતાની વાર્ષિક આવકમાંથી અઢી ટકા ગરીબ જરૂરતમંદો માટે ફરજિયાત દાનમાં આપવાનો આદેશ એટલે જકાત. સમાજને સમાન, તંદુરસ્ત અને દોષરહિત કરવાનો ઉદ્દેશ જકાતના મૂળમાં છે. માનવીની પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ ન થાય ત્યારે જ તે ગુનાહ અને હિંસા તરફ વળે છે. એ અપકૃત્યોથી સમાજને મુક્ત કરવા જકાત આપવી ફરજિયાત છે. અહિંસાની આવી વ્યવહારુ વ્યવસ્થા અન્ય કોઈ ધર્મે ફરજિયાતપણે સ્વીકારી હોય તેમ ભાસતું નથી.

ઈસ્લામનો અંતિમ સિદ્ધાંત હજ છે. હજ એટલે મક્કા-મદિનાની ધાર્મિક યાત્રા. હજ ઈસ્લામમાં ફરજિયાત છે. જેની પાસે હજયાત્રાએ જવાની પૂરતી નાણાકીય સગવડ હોય, જેણે પોતાની વર્તમાન અને ભવિષ્યની કૌટુંબિક, સામાજિક જવાબદારીઓ માટે નાણાકીય આયોજન કરી રાખ્યું હોય, જે પોતાના નાના મોટા તમામ કરજમાંથી મુક્ત થઈ ગયો હોય, તેવા કોઈપણ મુસ્લિમ માટે હજયાત્રા ફરજિયાત છે. હજયાત્રાએ જતા સમયે દરેક મુસ્લિમ 'અહેરામ' ધારણ કરે છે. 'અહેરામ' એટલે સિવ્યા વગરનું સફેદ કપડું. જેનો ઉપયોગ હજયાત્રા દરમ્યાન શરીર ઢાંકવા માટે થાય છે. અહેરામ ધારણ કરેલ હજયાત્રીઓ જૈન સાધુઓ જેવા ભાસે છે. અહેરામ ત્યાગનું પ્રતીક છે. દુનિયાના મોહ, માયા અને બંધનોમાંથી મુક્તિ એટલે અહેરામ.

ઈસ્લામના આ પાંચે સિદ્ધાંતો મૂલ્યનિષ્ઠ, ચારિત્ર્યશીલ અને અહિંસક સમાજરચના માટે પ્રેરક છે. આ સિદ્ધાંતોમાં ક્યાંય હિંસાનો નામ માત્રનો ઉલ્લેખ જોવા મળતો નથી.

**(૩) ઈસ્લામનો પ્રચાર અને અહિંસા**

ઈસ્લામના પ્રચારમાં હિંસાનો ઉપયોગ થયાનો વિચાર ખાસ્સો પ્રચલિત અને દઢ છે પણ એ ઐતિહાસિક કે આધ્યાત્મિક સત્ય નથી. એ માટેના સંશોધનો કે અભ્યાસને પૂરતો અવકાશ છે. કોઈ ધર્મ કે તેના વિચારો, બળ કે હિંસા દ્વારા ક્યારેય લોકમાન્ય બની

શકે નહિ. અલબત્ત તેના ધર્મગ્રંથનો પ્રભાવ અને તેના સંતોના મૂલ્યનિષ્ઠ, સેવાપરાયણ, સાદગીસભર જીવનની ધારી અસર સમાજ પર થાય છે. અંગ્રેજ લેખક મેજર આર્થક ગ્લીન લીઓનાર્ડ લખે છે,

'જો કોઈ પણ પુસ્તકનું મૂલ્ય તેના એકંદર પરિણામોથી તથા મનુષ્યજીવન પર તેનો શો પ્રભાવ પડ્યો તેનાથી આંકવું હોય તો દુનિયાના મહાન ગ્રંથોમાં કુરાનનું સ્થાન છે.' (૫)

ઈસ્લામ વિશ્વમાં ખાસ્સો પ્રસિદ્ધ અને પ્રચલિત મઝહબ છે. તેના પ્રચાર-પ્રસારનો આરંભ કરનાર હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)નું જીવન સાદગી, નમ્રતા અને ઈબાદતનું ઉત્તમ દૃષ્ટાંત છે. પોતાના સમગ્ર જીવન દરમ્યાન તેમણે ક્યારેય ઈસ્લામના પ્રચાર માટે બળનો ઉપયોગ કર્યો નથી. કુરાને શરીફમાં આ અંગે સ્પષ્ટ આદેશ છે કે,

'લા ઈકરા ફિદ્દિન'

અર્થાત્ ધર્મની બાબતમાં ક્યારેય બળજબરી ન કરીશ.

મહંમદ સાહેબ (સ.અ.વ.) એ આ આદેશનું ચુસ્તપણે પાલન કર્યું છે. કુરાને શરીફમાં ધર્મના પ્રચાર માટેના અનેક આદેશો જોવા મળે છે. જેમકે,

'તું લોકોને તેના રબ (ખુદા)ની રાહ પર આવવા કહે ત્યારે તેમને હોંશિયારીથી અને સરસ શબ્દોમાં સમજાવ, તેમની સાથે ચર્ચા કરે ત્યારે ઉત્તમ અને મધુર શબ્દોનો પ્રયોગ કરજે અને તેઓ જે દલીલ કરે તે ધીરજથી સાંભળ અને સહન કર. અને જ્યારે તેમનાથી જુદો પડે ત્યારે પ્રેમ અને ભલાઈથી જુદો પડ.'

'તમારા અલ્લાહની ઈચ્છા હોત તો સમસ્ત માનવ સમુદાય તમારી જ વાત માની લેત. તો શું તમે લોકો ઉપર બળજબરી કરશો કે તેઓ તમારું માની જાય.'

'હે મહંમદ, અલ્લાહે તમને જે જ્ઞાન આપ્યું છે તેનું જ અનુસરણ કરો. એટલે કે એક જ ખુદા સિવાય અન્ય ખુદા નથી. અને જેઓ અન્ય દેવતાઓને પૂજે છે તેને છોડી દો.'

'જો ખુદાની ઈચ્છા હોત તો તેઓ પણ એક જ ઈશ્વર સિવાય બીજાને ન પૂજત. ખુદાએ તમને તેના ચોકીદાર બનાવીને નથી મોકલ્યા.' (૬)

કુરાને શરીફના આવા આદેશોનું મહંમદસાહેબ (સ.અ.વ.)એ અક્ષરસહ પાલન કરીને ઈસ્લામનો પ્રચાર કર્યો હતો.

એ સમયે અરબસ્તાનની અભણ અને અસંસ્કારી પ્રજા જુગાર, દારૂ અને દીકરીઓને જીવતી દાટી દેવા જેવા અધમ દૂષણોથી ઘેરાયેલી હતી. એવા સમયે ઈસ્લામના મૂલ્યનિષ્ઠ સિદ્ધાંતોની વાત કરવાનું કાર્ય અત્યંત કપરું હતું. અરબસ્તાનની અભણ અને અસંસ્કારી પ્રજાનો અપમાનો, કષ્ટો અને બહિષ્કારનો મહંમદ સાહેબ (સ.અ.વ.) એ અત્યંત ધીરજ (સબ્ર)થી સામનો કર્યો હતો. આ અંગે પંડિત સુંદરલાલ લખે છે,

'મહંમદસાહેબ જ્યાં જ્યાં જતા ત્યાં તેમની મજાક ઉડાવવામાં આવતી, કટાક્ષભરી ટીકાઓ કરવામાં આવતી. તેઓ ઉપદેશ કરવા ઊઠતા ત્યારે તેમના પર મળ અને મરેલા જાનવરના આંતરડા ફેંકવામાં આવતા. લોકોને કહેવામાં આવતું કે 'અબદુલ્લાનો પુત્ર પાગલ થઈ ગયો છે, તેને સાંભળશો નહિ.' વળી શોર મચાવીને તેમની વાત કોઈ સાંભળી ન શકે તેવો પ્રયત્ન કરવામાં આવતો. કેટલીકવાર તો તેમને પથ્થર મારી મારીને લોહીલુહાણ કરી નાખવામાં આવતા.' (૭)

આવી યાતનાઓ સાથે મહંમદસાહેબ (સ.અ.વ.)એ ત્રણ વર્ષ પસાર કર્યા છતાં ત્રણ વર્ષમાં માત્ર ચાલીસ માણસોએ ઈસ્લામનો અંગીકાર કર્યો. તેમાં સૌપ્રથમ ઈસ્લામનો અંગીકાર કરનાર મહંમદસાહેબ (સ.અ.વ.)ની પત્ની હઝરત ખદી (રદિ.), અબુતાલિબનો દસ વર્ષનો પુત્ર અલી, ઝેદ, અબુબક અને ઉસ્માન હતા. બાકીનામાં ગરીબ અને નાના માણસો હતા. ઘણાં તો ગુલામો હતા. જેમને એ સમયે જાનવરની જેમ વેચવામાં આવતા હતા.

માનસિક અને શારીરિક અનેક યાતનાઓ છતાં મહંમદસાહેબ (સ.અ.વ.) ક્યારેય નારાજ કે ગુસ્સે થયા ન હતા. અત્યંત સબ્ર, સહનશીલતા સાથે તેઓ લોકોને ખુદાનો સંદેશ સમજાવતા. તેમની એ ધીરજ ધીમે ધીમે અજ્ઞાન-અસંસ્કારી પ્રજાને સ્પર્શી ગઈ.

ભારત કે વિશ્વના અન્ય દેશોમાં ઈસ્લામનો ફેલાવો થયાના મૂળભૂત કારણોમાં ધર્મોપદેશકોનો ફાળો, સામાજિક અસમાનતા, શાસકોનો પ્રભાવ કારગત નિવડ્યા હતા. મહંમદસાહેબ પછીના ચારે ખલીફાઓ, સૂફીસંતો અને ધર્મપ્રચારકોએ ઈસ્લામના પ્રચારમાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. અલબત્ત ક્યાંય ધર્મના પ્રચારમાં બળજબરી કે હિંસા થઈ હશે. ઔરંગઝેબ તેના માટે ખાસ્સો બદનામ છે, પણ તેવી ઘટનાઓમાં ઈસ્લામનો દોષ નથી. બળજબરી કે હિંસા આચરનારની ઈસ્લામ અંગેની સાચી સમજનો તેમાં અભાવ છે. વળી, બળજબરીથી પ્રસરેલ ધર્મ ક્ષણજીવી બની રહે છે, તે સત્ય સ્વીકારવું જ રહ્યું. એટલે એ વાત સંપૂર્ણ સત્ય નથી કે ઈસ્લામનો પ્રચાર માત્ર તલવારના જોરે જ થયો છે.

કુરાને શરીફનું આ અવતરણ ઉપરોક્ત વિચાર માટે આધાર સ્તંભ સમું છે.

'અને ઈશ્વર, ખુદા સિવાયના અન્ય દેવ-દેવતાઓની જેઓ પૂજા કરે છે, તેમની નિંદા ન કરશો, તેમના પર ક્રોધ ન કરશો. ખુદાએ એવી હદો બાંધી દીધી છે કે સૌને પોતપોતાનાં કામો સારા લાગે છે. આખરે સૌ પોતાના ખુદા-ઈશ્વર પાસે જ જવાના છે. ત્યારે ઈશ્વર-ખુદા તેમનાં કર્મો વિશે અવશ્ય પૂછશે.'

**(૪) કુરાને શરીફમાં અહિંસા**

ઈસ્લામનો ધર્મગ્રંથ કુરાને શરીફ હઝરત મહંમદ પયગમ્બર

(સ.અ.વ.) પર 'વહી' દ્વારા ઉતરેલ ખુદાના સંદેશાઓનો સંગ્રહ છે. આ સંગ્રહમાં માત્ર ધાર્મિક બાબતો નથી, પણ તે જીવન જીવવાની કળા શીખવતો ગ્રંથ છે. પ્રેમ, દયા, કરુણા, અહિંસા, નિતિમત્તા, સત્ય, સમભાવ, ભાઈચારો, પાડોશીધર્મ અને સર્વધર્મ સમભાવ જેવા અનેક વિષયો અને કથાઓ આ ગ્રંથમાં છે. ઈસ્લામ જેના માટે વિશેષ ચર્ચામાં રહ્યો છે, તે જિહાદ અને કુરબાની જેવા વિષયો અંગે પણ સ્પષ્ટ આદેશો તેમાં આપવામાં આવ્યા છે.

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) પર રમઝાન માસમાં ઉતરેલ પ્રથમ 'વહી' શિક્ષણ અને જ્ઞાનના મહત્ત્વને વ્યક્ત કરે છે. તેમાં ક્યાંય હિંસાનો ઈશારો સુધ્ધાં નથી. એ પ્રથમ વહીમાં ખુદાએ મહંમદ સાહેબ (સ.અ.વ.)ને કહ્યું હતું.

'પઢો-વાંચો પોતાના ખુદાના નામે જેમણે આખા વિશ્વનું સર્જન કર્યું છે. જેણે લોહીના એક બુંદમાંથી ઈન્સાનનું સર્જન કર્યું છે. એ જ તારો પાલનહાર ખુદા છે. જેણે ઈન્સાનને કલમ દ્વારા જ્ઞાન આપ્યું અને ઈન્સાન જે નહોતો જાણતો, જેનાથી તે અજ્ઞાન હતો, તે બધું તેને શીખવ્યું છે.'

કુરાને શરીફનો આરંભ 'બિસ્મીલ્લાહ અરરહેમાન નિરરહિમ'થી થાય છે. જેનો અર્થ થાય છે.

'શરૂ કરું છું અલ્લાહના નામે જે બેહદ મહેરબાન અને દયાળુ છે.'

કુરાને શરીફમાં પ્રેમ, કરુણા, અહિંસાને લગતી આયતો ઠેર ઠેર જોવા મળે છે. જેમ કે,

'ખુદા ક્ષમાશીલ અને પ્રેમાળ છે.'

'એવું એક પણ પ્રાણી આ પૃથ્વી પર નથી કે જેની આજીવિકાનો ભાર ખુદા પર ન હોય, તે પ્રાણીમાત્રના નિવાસ અને અંતિમ વિશ્રામધામને જાણે છે.'

'અને ખુદા તમારા ઉપર કૃપાદૃષ્ટિ રાખવા ઈચ્છે છે, પણ ક્ષુદ્ર વાસનાઓની પાછળ ભટકનાર લોકો તમે આડે માર્ગે જઈને ખુદાથી દૂર ચાલ્યા જાવ છો.'

'ધરતીમાં ફસાદ ઉત્પન્ન ન કરો. અલ્લાહને પુકારતા રહો. નિશ્ચિત અલ્લાહની કૃપા સારા ચારિત્ર્યવાળા લોકોની સમીપ છે.'

'જે કોઈ રજમાત્ર પણ નેકી (સદ્‌કાર્ય) કરશે અને જે રજમાત્ર પણ બુરાઈ કરશે, તેને સૌને ખુદા જોઈ રહ્યો છે.'

'તારો રબ (ખુદા) એવો નથી કે તે વિનાકારણ વસ્તીઓને નષ્ટ કરે.'

'અલ્લાહને શું પડી છે કે તે તમને અકારણ યાતનાઓ આપે? જો તમે કૃતજ્ઞતા દેખાડતા રહો અને શ્રદ્ધાથી નીતિના માર્ગે ચાલતા રહો.'

'અને જો તમે લોકોથી બદલો લો તો બસ એટલો જ લો જેટલી તમારી ઉપર બળજબરી કરવામાં આવી હોય, પરંતુ જો તમે સબ્ર રાખો તો તે ખુદાને વધારે પસંદ છે.'

'તેઓ જે સદ્‌કાર્યો કરે છે તેની કદર કરવામાં આવશે. અલ્લાહ સંયમી લોકોને સારી રીતે ઓળખે છે.'

'જ્યારે તમને કોઈ સલામ કરે તો તમે પણ તેને અત્યંત સારા શબ્દોમાં જવાબ વાળો. અથવા જેવા શબ્દો તેણે કહ્યા છે તેવા જ શબ્દોમાં જવાબ વાળો. અલ્લાહ દરેક બાબતોનો નિગેહબાન છે.'

શૈતાન માત્ર એટલું જ ઈચ્છે છે કે દારૂ અને જુગાર દ્વારા તમારી વચ્ચે દુશ્મનાવટ અને વેરભાવના ઉત્પન્ન કરે. તમને અલ્લાહની યાદ અને નમાઝથી અટકાવે. શું તમે અટકી જશો?

આવી પ્રેમ, સદ્‌ભાવ, કરુણા અને અહિંસાની શીખ આપતી આયતોથી ભરપૂર કુરાને શરીફ અંગે ગાંધીજીએ કહ્યું છે,

'મહંમદ પણ ભારે કળાકાર કહેવાય, તેમનું કુરાન અરબી સાહિત્યમાં સુંદરમાં સુંદર છે. પંડિતો પણ તેને એવું જ વર્ણવે છે. એનું કારણ શું?'

કારણ એ જ કે તેણે સત્ય જોયું અને સત્ય પ્રગટ કર્યું. (૮)

**(૫) હઝરત મહંમદ પયગમ્બર અને અહિંસા**

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)નું સમગ્ર જીવન શાંતિ અને અહિંસાના પાયા પર રચાયેલું હતું. ઈસ્લામના પ્રચાર-પ્રસારમાં પણ અનેક યાતનાઓ, કષ્ટો, અપમાનો સહેવા છતાં મહંમદ સાહેબે ક્યારેય સબ્ર, સંયમ અને ઈબાદતને ત્યાગ્યા ન હતા. કુરાને શરીફના 'લા ઈકરા ફિદ્દિન' અર્થાત્ 'ઝગડો ફસાદ ન કરીશ' જેવા અનેક આદેશોને સમગ્ર જીવનમાં સાદગી, સંયમ અને ઈબાદત દ્વારા સાકાર કર્યા હતા. હઝરત મહંમદસાહેબ (સ.અ.વ.)ની તલવારની મૂઠ પર કોતરેલા શબ્દો તેની સાક્ષી પૂરે છે.

'જે તને અન્યાય કરે, તેને તું ક્ષમા આપ. જે તને પોતાનાથી વિખૂટો કરે, તેની સાથે મેળ કર. જે તારા પ્રત્યે બુરાઈ કરે, તેના પ્રત્યે તું ભલાઈ કર, અને હંમેશાં સત્ય બોલ, પછી ભલે તે તારી વિરુદ્ધ જતું હોય.' (૯)

એક સહાબી (અનુયાયી)એ મહંમદસાહેબને પૂછ્યું,

'ઈસ્લામની સૌથી મોટી ઓળખ કઈ?'

મહંમદસાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'ભૂખ્યાને ભોજન આપવું અને જાણીતા કે અજાણ્યા સૌનું ભલું ઈચ્છવું.'

પાડોશી ધર્મની સમજ આપતા એકવાર મહંમદસાહેબ (સ.અ.વ.)એ પોતાના અનુયાયીઓને ફરમાવ્યું હતું,

'પોતાનો પાડોશી પાસે જ ભૂખ્યો પડ્યો હોય, ત્યારે પણ જે માણસ પોતે પેટ ભરીને જમે તે મુસલમાન નથી.'

કોઈકે મહંમદસાહેબ (સ.અ.વ.)ને પૂછ્યું,

'મુસ્લિમની ઓળખ શી?'

મહંમદસાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'સાચો મુસલમાન તે છે જેના હાથમાં જાન-માલ સોંપી સૌ નિશ્ચિત થઈ જાય.'

એકવાર એક વ્યક્તિ મહંમદસાહેબ (સ.અ.વ.) પાસે આવ્યો. તેના હાથમાં એક પક્ષી અને તેના બે-ત્રણ બચ્ચાઓ હતા. મહંમદસાહેબ (સ.અ.વ.) સામે તે ધરતા બોલ્યો,

'જંગલમાંથી આવતો હતો ત્યારે મેં આ બચ્ચાઓને માળામાં ચીંચી કરતા સાંભળ્યા. એટલે ઝાડ પર ચડી તેને પકડી લીધા. ત્યાં જ તેની મા આવી, તેને પણ મેં પકડી લીધી. આપને માટે તે લાવ્યો છું.'

મહંમદસાહેબ (સ.અ.વ.) ભયભીત બચ્ચાંઓ અને તેની માને જોઈ દુઃખી થયા અને જરા કડક સ્વરમાં ફરમાવ્યું,

'હમણાં ને હમણાં જઈને બચ્ચાં અને તેની માને તેના માળામાં પાછા મૂકી આવ.'

એક વાર એક વ્યક્તિ આવી જ રીતે પંખીના માળામાંથી ઈંડા લઈને આવ્યો, અને મહંમદસાહેબને ભેટ આપ્યા ત્યારે પણ મહંમદ સાહેબ (સ.અ.વ.) ફરમાવ્યું હતું,

'ઈંડા તુરત માળામાં પાછા મૂકી આવ.'

મહંમદસાહેબ (સ.અ.વ.)ને ડુંગળી અને લસણ પ્રત્યે પણ અણગમો હતો. ડુંગળી-લસણ નાખેલો ખોરાક તેઓ આરોગતા નહિ. તેમની આજ્ઞા હતી કે મસ્જિદમાં ખુદાની ઈબાદત માટે ડુંગળી-લસણ ખાઈને કોઈએ આવવું નહિ.

હઝરત અબૂ ઐયુબ (રદિ.) જણાવે છે,

'એક દિવસ અમે ડુંગળી અને લસણ નાખીને ભોજન બનાવ્યું અને મહંમદસાહેબની સેવામાં મોકલ્યું. ભોજન આપે આરોગ્યા વિના પરત કર્યું. હું ગભરાઈ ગયો. તુરત મહંમદસાહેબની સેવામાં પહોંચી ગયો અને પૂછ્યું,

'યા રસુલિલ્લાહ, આપે ભોજન લીધા વગર કેમ પરત કર્યું?'

મહંમદસાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'ભોજનમાં ડુંગળી અને લસણની વાસ આવતી હતી. અલ્લાહના ફરિશ્તા રાત-દિવસ મારી પાસે આવતા રહે છે. હું તેઓની સાથે વાતો કરું છું. ફરિશ્તાઓને ડુંગળી અને લસણની વાસ પસંદ નથી. જેથી મેં ભોજન પરત મોકલી દીધું, પણ તમે ખુશીથી તે ખાઈ શકો છો.'

સાદગી, સમર્પણ અને બંદગીના પુરસ્કર્તા પયગમ્બર સાહેબ (સ.અ.વ.)એ પોતાના સમગ્ર જીવનકાળ દરમ્યાન ક્યારેય રેશમી વસ્ત્રો પહેર્યા નથી. ભવ્ય ભોજન લીધું નથી. સામાન્ય રીતે એક સફેદ ચાદર શરીર ઉપર લપેટી રાખતા. મહંમદસાહેબ (સ.અ.વ.) સૌ સાથે સમાન વ્યવહાર રાખતા. પ્રેમ અને કરુણા તેમના રોમેરોમમાં પ્રસરેલા હતા. એક નાનકડા કબીલામાંથી ઈસ્લામી સામ્રાજ્યમાં બાદશાહ બનવા છતાં મહંમદસાહેબ (સ.અ.વ.) ક્યારેય મહેલોમાં રહ્યા નથી કે ક્યારેય સિંહાસન પર બેઠા નથી. નારિયેળના પાંદડાની બનેલી છત અને માટીથી ઊભી કરેલી દીવાલોવાળી ઝૂંપડીમાં જ તેઓ જીવનભર રહ્યા હતા. આમ લોકોની મહેફીલ એ જ તેમનો દરબાર હતો. બાળકો પર તેમને વિશેષ પ્રીતિ હતી. રસ્તે ચાલતા ચાલતા ઊભા રહીને ગલીમાં બાળકો સાથે રમવા માંડવું, એ એમને માટે રોજની વાત હતી. માંદાને જોવા જવું, મુસલમાન કે બિનમુસલમાન કોઈનો પણ જનાજો જતો હોય તો ઊઠીને થોડે સુધી તેની સાથે ચાલવું. અને કોઈ નાનામાં નાનો માણસ કે ગુલામ નિમંત્રણ આપે તો તે ખુશીથી સ્વીકારવું - આ તેમના સ્વભાવની ખાસીયત હતી.

સર ડબલ્યુ. મ્યુર તેમના પુસ્તક 'લાઈફ ઓફ મોહંમદ'માં લખે છે,

'નાનામાં નાના માણસ સાથે બહુ પ્રેમ અને આદરપૂર્વક વર્તવું, નમીને ચાલવું, સૌ પર દયા કરવી, કોઈ કાંઈ બોલ્યું ચાલ્યું હોય તો તેનો ખાર (રોષ) ન રાખવો. પોતાની જાત પર કાબૂ રાખવો અને દિલ મોટું અને દાનપૂણ્ય માટે હાથ છૂટો રાખવો - આ મહંમદસાહેબના સ્વભાવની એવી બાબતો હતી જે વખતોવખત ઝળકી ઊઠતી. અને જેમને લીધે આસપાસના લોકો તેમને ચાહવા લાગતા.'

**(૬) ઈસ્લામ : યુદ્ધો અને અહિંસા**

ઈસ્લામના પ્રચારના આરંભ પછી મહંમદસાહેબ (સ.અ.વ.) તેર વર્ષો મક્કામાં આફતો-કષ્ટો વચ્ચે રહ્યા. મક્કાવાસીઓએ તેમને તથા તેમના સાથીઓને ભારે રંજાડ્યા. આ તેર વર્ષો દરમ્યાન કુરાને શરીફની જે આયતો પ્રાપ્ત થાય છે તેમાં બૂરાઈનો બદલો ભલાઈથી આપવાનો તથા ધૈર્ય અને સચ્ચાઈથી જુલમોને સહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આ પછી મહંમદસાહેબ (સ.અ.વ.) પોતાના અંગત સાથીઓ સાથે મક્કાથી મદિના હિજરત કરીને ગયા, પણ મક્કાના તેમના વિરોધીઓએ તેમનો કેડો ન મૂક્યો. તેમણે મદિના પર ચડાઈ કરવા માંડી. આને કારણે જ કુરાને શરીફમાં પહેલીવાર સ્વરક્ષણ કાજે આક્રમણખોરો સામે લડી લેવાની પરવાનગી આપતી આયતો ઉતરી. એ સૌ પ્રથમ આયાતમાં કહ્યું હતું,

'જેના ઉપર લડાઈ ખાતર ચડાઈ કરવામાં આવે છે, તેમને પોતાના સ્વબચાવ માટે લડી લેવાની છૂટ આપવામાં આવે છે. કારણ કે તેમના ઉપર જુલમ થઈ રહ્યો છે એમાં શક નથી, કે ખુદા (ઈશ્વર) તેમની પૂરેપૂરી સહાયતા કરશે.'

સ્વરક્ષણ કાજે આપવામાં આવેલ યુદ્ધની પરવાનગીમાં વધુ સ્પષ્ટતા કરતા એક આયતમાં કહ્યું છે,

'આ પરવાનગી તેમને માટે છે, જેમને નાહક અન્યાયથી, તેમનાં ઘરોથી કાઢી મૂકવામાં આવ્યા છે.'

'આ પરવાનગી તેને માટે છે જેમને ખુદા પૃથ્વી પર વસાવી દે છે તો તેઓ ખુદાની આશિષ માગતા રહેશે, ગરીબોને દાન દેશે. લોકોને ભલા કામ કરવાની અને ખરાબ કામોથી બચાવવાની સલાહ આપતા રહેશે. સૌ કામોનું પરિણામ તો છેવટે અલ્લાહના

હાથમાં છે.'

જ્યારે યુદ્ધનો હેતુ અસહાયોની સહાય છે. નિર્બળોની મદદ છે ત્યારે ખુદાએ રક્ષણાત્મક યુદ્ધને સ્વીકારેલ છે. આ અંગે પણ ખાસ આયત ઉતારવામાં આવી હતી, જેમાં કહ્યું હતું,

'અને એ તે શી વાત છે કે તમે ધર્મયુદ્ધમાં નિર્બળ સ્ત્રી તથા બાળકોના રક્ષણ કાજે લડવા નથી માગતા? એ અસહાયો પોકારે છે 'હે ખુદા, આ મક્કા શહેરના માનવીઓ અમારા ઉપર જુલમ કરે છે. તેમાંથી અમને ઉગાર અને અમારું રક્ષણ કરનાર કોઈ મોકલ.'

કુરાને શરીફના આવા આદેશો પછી મહંમદસાહેબ (સ.અ.વ.) એ પોતાના જીવનકાળ દરમ્યાન કુલ ૨૪ યુદ્ધોમાં ભાગ લેવો પડ્યો હતો. આ તમામ યુદ્ધો સત્તા કે વિસ્તારની અભિલાષા માટે નહોતા લડ્યા, પરંતુ પ્રજાના રક્ષણ માટે જ મહંમદસાહેબ (સ.અ.વ.) તેમાં લશ્કરને દોર્યું હતું. મહંમદસાહેબ (સ.અ.વ.)એ લડવા પડેલા ૨૪ યુદ્ધોમાં મહંમદસાહેબ (સ.અ.વ.)ના લશ્કરના માત્ર ૧૨૫ સૈનિકો મરાયા હતા. (૧૦) જોકે મૃતકોની સંખ્યામાં યુદ્ધના મેદાનમાં મરાયેલ સૈનિકો તો જૂજ જ હતા, પણ કુદરતી આફતો અને રોગચાળામાં મરાયાની સંખ્યા વિશેષ હતી.

કુરાને શરીફના આદેશ મુજબ આ તમામ યુદ્ધોનો આશ્રય મઝલૂમોના રક્ષણનો હતો. તેમાં સત્તા, લાલસા કે રાજ્ય વિસ્તારનો કોઈ જ ઉદ્દેશ ન હતો. અને એટલે જ મહંમદસાહેબ યુદ્ધના આરંભ પૂર્વે જ સૈનિકોને કડક સૂચના આપતા,

'યુદ્ધ હથિયારનો ઉપયોગ હિંસા માટે ક્યારેય ન કરશો. હથિયાર સ્વરક્ષણ માટે હોય છે. હિંસા માટે નહિ.'

સન ૨, હિજરીના રમઝાનની ૧૭મી તારીખે બદ્રના મેદાનમાં કુફ્ર અને ઈસ્લામની પ્રથમ ટક્કર થવાની હતી. સત્ય અને અસત્યની આ લડાઈમાં, પરોઢનું અજવાળું રેલાતા મહંમદસાહેબ (સ.અ.વ.)એ નમાઝ માટે એલાન કર્યું. સૈનિકો સાથે મહંમદસાહેબે નમાઝ પઢી. પછી સૈનિકોને સંબોધન કરતા મહંમદ સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'યાદ રાખો, જીત કે ફતેહનો આધાર સંખ્યાબળ પર નથી. શાનો શૌકત કે જાહોજલાલી પર નથી. વિપુલ હથિયાર કે અખૂટ સાધનસામગ્રી પર નથી. જીત-ફતેહ માટે જે વસ્તુ સૌથી વધુ અગત્યની છે તે સબ્ર, દઢતા અને અલ્લાહ પર ભરોસો છે.' (૧૧)

આમ મહંમદસાહેબ (સ.અ.વ.)નું આધ્યાત્મિક અને શાસકીય જીવન એક જ હતા. ખુદાના પયગમ્બર તરીકે તેમણે જે મૂલ્યો પ્રજા સમક્ષ મૂક્યા હતા, તે જ મૂલ્યોને અમલમાં મૂકી તેમણે ઈસ્લામી સામ્રાજ્યનું સંચાલન કર્યું હતું. ઈસ્લામ એટલે હિંસા નહિ, પણ શાંતિ, સમર્પણ, ત્યાગ, બલિદાનની વિભાવના તેમણે સત્ય પુરવાર કરી બતાવી હતી.

**(૭) કુરબાની અને અહિંસા**

કુરાને શરીફના ૨૩મા પાર (પ્રકરણ) સુરતુ સાફ્ફાતની આયત નંબર ૧૦૧થી ૧૦૭માં અલ્લાહના પ્યારા પયગમ્બર હઝરત ઈબ્રાહિમ (અ.સ.)ની ઘટના આપવામાં આવી છે. એ ઘટના જ ઈસ્લામમાં કુરબાનીની પ્રેરણા છે. એ ઘટના મુજબ ખુદાની નિરંતર ઈબાદતના અંતે હઝરત ઈબ્રાહિમને ૮૬ વર્ષની વયે પુત્રનો જન્મ થયો. તેનું નામ રાખ્યું ઈસ્માઈલ. પિતા ઈબ્રાહિમે અત્યંત પ્રેમથી તેને ઉછેર્યો. હઝરત ઈસ્માઈલ આઠ-દસ વર્ષના થયા ત્યારે એક રાત્રે હઝરત ઈબ્રાહિમને ખુદાએ સ્વપ્નમાં આવી આદેશ આપ્યો,

'તારા વહાલા પુત્રની ખુદાના નામે કુરબાની કર.'

ખુદા તેના વહાલા બંદાઓની આજ રીતે કસોટી કરતો હોય છે. ખુદાનો આદેશ મળતા હઝરત ઈબ્રાહિમ પોતાના વહાલસોયા પુત્રને ખુદાના નામે કુરબાન કરવા જંગલમાં નીકળી પડ્યા. પુત્ર પણ પિતાની ઈચ્છાથી વાકેફ હતો. તેણે પણ સહર્ષ પિતાને ખુદાની ઈચ્છા પૂર્ણ કરવા વિનંતી કરી. હઝરત ઈબ્રાહિમ પુત્રને લઈને સૂમસામ મુનહર પહાડી પર આવ્યા. પુત્રને એક પથ્થર પર સુવડાવ્યો અને પુત્રના ગળા પર છરી ફેરવી. ત્રણવાર તેમણે ગળા પર છરી ફેરવવાનો પ્રયત્ન કર્યો. અને ત્યારે ખુદાનો આદેશ મુનહર પહાડીમાં પુનઃ ગુંજી ઉઠ્યો,

'હે ઈબ્રાહિમ, તેં ખુદાના આદેશનું શબ્દસહ પાલન કર્યું છે, તું ખુદાની કસોટીમાંથી પાર ઉતર્યો છે. તેથી ઈસ્માઈલના બદલે પ્રતીક તરીકે તું એક જાનવરની કુરબાની કર.'

આ ઘટના પછી ઈસ્લામમાં કુરબાની કરવાનો આરંભ થયો, પણ કુરબાનીની આ ગાથા સાથે કુરાને શરીફમાં હજનામક સૂરાની પાંચમી રુકુની ત્રીજી આયતમાં સ્પષ્ટ કહ્યું છે,

'ખુદા સુધી તમે આપેલ કુરબાનીનો પ્રસાદ પહોંચતો નથી, તેની પાસે તો તમારી શ્રદ્ધા (ઈમાન) અને ભક્તિ (ઈબાદત) જ પહોંચે છે.'

અર્થાત્ કુરબાની પાછળની શ્રદ્ધા અને ભક્તિનું પ્રાધાન્ય કુરબાની કરતાં વિશેષ છે. આ જ વિચારને પૃષ્ટિ આપતી અન્ય એક આયત પણ કુરાને શરીફમાં છે.

હજયાત્રાએ જનાર દરેક મુસ્લિમ માટે હજયાત્રા દરમ્યાન કુરબાની કરવાની હોય છે, પણ તેના વિકલ્પનો પણ ઈસ્લામે સ્વીકાર કર્યો છે. કુરાને શરીફમાં કહ્યું છે,

'હજયાત્રા દરમ્યાન જે વ્યક્તિ કુરબાની ન કરી શકે તેણે હજના દિવસોમાં ત્રણ રોઝા (ઉપવાસ) અને ઘરે પાછા ફર્યા પછી સાત રોઝા કરવા જોઈએ.'

આ બાબત પણ સૂચવે છે કે ઈસ્લામનો કુરબાનીનો સિદ્ધાંત અત્યંત વ્યવહારુ છે. તેમાં માત્ર હિંસાનો ભાવ કે વિચાર નથી. અહિંસાની તરફદારી જરૂર છે. નિર્ભેળ અહિંસા તો હિન્દુધર્મમાં

પણ જોવા મળતી નથી. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન યુગમાં હિન્દુધર્મમાં બલિ આપવાની પ્રથા પ્રચલિત હતી. શેઠ સગાળશા અને ચેલેયાની કથા પણ હઝરત ઈબ્રાહિમ અને હઝરત ઈસ્માઈલની કથાને પણ મળતી આવે છે.

ટૂંકમાં ઈસ્માઈલનો કુરબાનીનો સિદ્ધાંત અને તેના પાલન માટેના આદેશો અત્યંત વ્યવહારુ છે. તેમાં હિંસા કેન્દ્રમાં નથી. ત્યાગ, બલિદાન અને ઈશ્વર પ્રત્યેનો લગાવ મુખ્ય છે હિંસાત્મક નથી. જોકે તેની તુલનામાં જૈનધર્મની અહિંસા શ્રેષ્ઠ છે. તેમાં કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આ લેખના પ્રારંભમાં જ મેં કહ્યું છે,

'જૈન ધર્મની અહિંસા અત્યંત સૂક્ષ્મ છે. ગાંધીજીની અહિંસા માનવીય છે, જ્યારે ઈસ્લામની અહિંસા વાસ્તવદર્શી છે.'

આ સંદર્ભમાં ગાંધીજીનું એક વિધાન જાણવા જેવું છે,

'કેટલાક મુસ્લિમ મિત્રો મને સંભળાવે છે કે મુસલમાનો નિર્ભેળ અહિંસાને કદી સ્વીકારશે નહિ. તેમના કહેવા મુજબ મુસલમાનોને મન હિંસા અને અહિંસા જેટલી જ ધર્મ્ય તેમ જ આવશ્યક છે. સંજોગો અનુસાર બેમાંથી ગમે તે વડે કામ લેવાય.' (૧૨)

બેઉ માર્ગની ધર્મ્યતા પુરવાર કરવાને સારું કુરાને શરીફનો ટેકો ટાંકવાની જરૂર નથી. એ માર્ગે તો દુનિયા અનાદિકાળથી ચાલતી આવેલી છે. વળી, દુનિયામાં નિર્ભેળ હિંસા જેવી કોઈ વસ્તુ નથી. ઊલટું ઘણા મુસલમાન મિત્રો પાસેથી મેં સાંભળ્યું છે કે કુરાને શરીફમાં અહિંસાના આચરણનો આદેશ છે. એમાં વેરના કરતાં સબ્ર (સહનશીલતા)ને શ્રેષ્ઠ ઘણી છે.

**(૮) જિહાદ અને અહિંસા**

પોતાની અમાનવીય હિંસાને ન્યાયપૂર્ણ સિદ્ધ કરવા આતંકવાદીઓ દ્વારા વપરાતો શબ્દ એટલે જિહાદ કે જેહાદ. આતંકવાદીઓ કોઈ ધર્મના અનુયાયીઓ નથી. કોઈ ધર્મ આતંકવાદીઓનો ધર્મ નથી. પોતાના સંકુચિત વિચારોને ધર્મના નામે હિંસા દ્વારા વ્યક્ત કરવાની ચેષ્ટા કરનાર દરેક માનવી આતંકવાદી છે.

'જેહાદ' જેવા આધ્યાત્મિક શબ્દનો સાચો અર્થ સમાજમાં પ્રચલિત નથી. જેહાદ એટલે અલ્લાહની રાહમાં જાન, માલ અને આચરણથી પ્રયત્ન કરવો. એ માટે કષ્ટ સહેવું, આપવું નહિ. હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)એ આ અંગે ફરમાવ્યું છે,

'તમારી નફસ (આત્મા) સાથે જેહાદ કરો.' મોહ, માયા, ઈચ્છા, આકાંક્ષાઓ, પર પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ એટલે જેહાદ. કુરાને શરીફમાં એ અંગે સ્પષ્ટ કહ્યું છે,

'જેહાદ-એ-અસગર (નાની જેહાદ)થી મુક્ત થઈ, હવે આપણે જેહાદ-એ-અકબરી (મોટી જેહાદ) કરવાની જરૂર છે. મોમીનોને નાસ્તિકો સાથે તો ક્યારેક જેહાદ કરવાની જરૂર પડે છે. પરંતુ પોતાના નફસ સાથે તો હરપળે જેહાદ કરતા રહેવું પડે છે.'

જેહાદ શબ્દ કુરાને શરીફમાં અનેકવાર ઉપયોગમાં લેવાયો છે. પરંતુ આખા ગ્રંથમાં ક્યાંય એ શબ્દ યુદ્ધ, ખુનામરકી કે હિંસાના અર્થમાં નથી વપરાયો. અરબીમાં જેહાદ શબ્દનો અર્થ કોશિશ કરવી એવો થાય છે. ઈસ્લામમાં અલ્લાહના માર્ગે કોશિશ કરવાની ક્રિયાને જેહાદ કહે છે. પોતાના જાનમાલથી ગરીબોની સેવા, અનાથોનું પાલન-પોષણ કરીને, નમાઝ પઢીને, રોઝા (ઉપવાસ) રાખીને, બીજાઓને દાન કરીને, પોતાના મન પર કાબૂ મેળવીને, પોતાના ગુસ્સાને નિયંત્રિત કરીને, ખુદાના સાચા ખિદમતદાર બનીને, બીજાઓને સદ્‌ઉપદેશ આપીને તેમને નૈતિક માર્ગે વાળવા જેવા અનેક કૃત્યો માટેના સંનિષ્ઠ યત્ન એટલે જેહાદ. આ સંદર્ભમાં જ કુરાને શરીફમાં જેહાદનો ઉલ્લેખ થયો છે. કુરાને શરીફમાં કહ્યું છે,

'સબ્ર સાથે જેહાદ કરો.'

જે મુસ્લિમોએ પોતાના ધર્મનું રક્ષણ કરવા પોતાના ઘરબાર છોડીને ઈથિયોપિયાના ખ્રિસ્તી બાદશાહનું શરણ લીધું હતું. તેમના એ કાર્યને પણ જેહાદ કહેવામાં આવે છે. ઈસ્લામના પયગમ્બર મહંમદસાહેબ (સ.અ.વ.)ના અનેક કિસ્સાઓ સંવાદો 'જિહાદ' કે જેહાદનો આજ અર્થ વ્યક્ત કરે છે. કુરાને શરીફમાં મહંમદ સાહેબને આદેશ આપતા ખુદાએ કહ્યું છે,

'જે લોકો તમારી વાતમાં વિશ્વાસ રાખતા નથી અથવા મુસ્લિમ હોવા છતાં સચ્ચાઈ અને પવિત્રતા સાથે વર્તતા નથી તેમની સાથે જેહાદ ચાલુ રાખો.'

હઝરત આઈશા (રદિ.) એ એકવાર મહંમદસાહેબ (સ.અ.વ.)ને પૂછ્યું,

'યા રસુલિલ્લાહ, તમે જેહાદને સૌથી શ્રેષ્ઠ અમલ ગણો છો, તો શું અમારે તે ન કરવી?'

મહંમદસાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'સર્વશ્રેષ્ઠ જેહાદ 'હજે અબરૂર' છે.' અર્થાત્ હજ દ્વારા ગુનાહોની મુક્તિ સૌથી શ્રેષ્ઠ જેહાદ છે.

મહંમદસાહેબને એકવાર કોઈકે પૂછ્યું,

'સૌથી શ્રેષ્ઠ મોમિન (મુસ્લિમ) કોણ?'

આપે ફરમાવ્યું,

'એ મુસ્લિમ જે અલ્લાહના માર્ગમાં જાનમાલથી જેહાદ કરે છે.'

સહાબીએ વધુ સ્પષ્ટતા માટે પૂછ્યું,

'એટલે શું?'

મહંમદસાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'અલ્લાહના માર્ગમાં જેહાદ કરવાનું દષ્ટાંત એવા માણસ જેવું છે કે જે માણસ દિવસના રોઝા રાખે છે અને રાત્રે ખુદાની ઈબાદતમાં લીન રહે છે.' (૧૩)

એકવાર મહંમદસાહેબ (સ.અ.વ.)ને કોઈકે પૂછ્યું,

'સૌથી મોટી જેહાદ કઈ?'

આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું,

'સૌથી મોટી જેહાદ પોતાની વૃત્તિઓ પર કાબૂ મેળવવાની છે. પોતાના ક્રોધ અને વાસનાઓ પર જીત એ જ સૌથી મોટી જેહાદ છે.'

ઈસ્લામના ધર્મગ્રંથ કુરાને શરીફમાં આવી મોટી જેહાદને 'જેહાદ-એ-અકબરી' તરીકે ઓળખાવેલ છે.

આમ જેહાદ એટલે યુદ્ધ-ખુનામરકી નહિ. કુરાને શરીફમાં હથિયારબંધ લડાઈનો ઉલ્લેખ છે, પણ જ્યાં જ્યાં આવી લડાઈનો ઉલ્લેખ છે ત્યાં ત્યાં જેહાદ શબ્દ વપરાયો નથી. તેના સ્થાને 'કેતાલ' શબ્દ વપરાયો છે. અરબીના શબ્દ 'કેતાલ'નો અર્થ થાય છે હથિયારબંધ લડાઈ. (૧૪)

જેહાદ શબ્દનો આવો આધ્યાત્મિક અર્થ જ્યારે સૌ પામશે ત્યારે જેહાદ શબ્દને નામે આતંકવાદીઓ દ્વારા થતી હિંસાને ઈસ્લામ સાથે જોડવાની પ્રથા અવશ્ય બંધ થશે.

**(૯) તારતમ્ય**

ઈસ્લામ અને અહિંસાના ટૂંકા અભ્યાસનું તારણ ગાંધીજીના ઈસ્લામ, કુરાન અને અહિંસા અંગેના કેટલાક વિચારો સાથે આપવાનું ઉચિત રહેશે.

'હું ઈસ્લામને પણ ખ્રિસ્તી, બૌદ્ધ અને હિન્દુ ધર્મની જેમ જ શાંતિનો ધર્મ સમજું છું. પ્રમાણનો ભેદ છે, એમાં શંકા નથી, પણ બધા ધર્મોનું લક્ષ્ય શાંતિ જ છે.' (૧૫)

'ઈશ્વર એક છે એવી નિર્ભેળ માન્યતા અને મુસલમાન નામથી જેઓ ઈસ્લામમાં છે તે સૌને માટે માણસમાત્ર ભાઈઓ છે એ સત્યનો વ્યવહારમાં અમલ, એ બે વસ્તુઓ ઈસ્લામે હિંદી રાષ્ટ્રીય સંસ્કૃતિને આપેલ અનોખા ફાળા છે. આ બે વસ્તુઓને મેં ઈસ્લામના અનોખા ફાળા લેખે ગણાવી છે. તેનું કારણ એ છે કે માણસમાત્રની બંધુતાની ભાવનાને હિંદુધર્મમાં વધારે પડતું તાત્ત્વિક સ્વરૂપ અપાઈ ગયું છે. તેવી જ રીતે હિંદુધર્મના તત્ત્વજ્ઞાનમાં ઈશ્વર સિવાય બીજા કોઈ દેવ નથી, છતાં ઈશ્વર એક જ છે એ સત્યની બાબતમાં ઈસ્લામ જેટલો માન્યતામાં આગ્રહપૂર્વક અણનમ છે, તેટલો વ્યવહારુ હિંદુ ધર્મ નથી એ બિના ના પાડી શકાય તેવી નથી.' (૧૬)

'ધર્મપરિવર્તન માટે બળ વાપરવાનું યોગ્ય ઠેરવે એવું કુરાનમાં કશું જ નથી. આ પવિત્ર ગ્રંથ તદ્દન સ્પષ્ટ શબ્દોમાં કહે છે, 'ધર્મમાં કોઈ બળજબરી હોઈ શકે નહિ.' પયગમ્બરસાહેબનું સમસ્ત જીવન ધર્મમાં બળજબરીના એક ઈનકાર જેવું છે. કોઈ પણ મુસલમાને બળજબરીને ટેકો આપવાનું મારી જાણમાં નથી. ઈસ્લામને જો તેના પ્રચાર માટે બળજબરી પર આધાર રાખવો પડતો હોય તો તે એક વિશ્વધર્મ ગણાતો મટી જશે.' (૧૭)

'મેં મારો મત જાહેર કર્યો છે કે ઈસ્લામના અનુયાયીઓ તલવાર સાથે બહુ છૂટ લે છે, પણ તે કુરાનને શિક્ષણને લીધે નહિ. મારા અભિપ્રાય પ્રમાણે જે વાતાવરણમાં ઈસ્લામનો જન્મ થયો છે તેને તે આભારી છે.' (૧૮)

'કુરાને શરીફને મેં એકથી વધુ વેળા વાંચ્યું છે. મારો ધર્મ મને દુનિયાના બધા મહાન ધર્મોમાં જે કંઈ સાચું છે તે લેવાની અને પચાવવાની અનુકૂળતા આપે છે. બલ્કે તેમ કરવાની મારા ઉપર ફરજ પાડે છે.' (૧૯)

'હું ઈસ્લામને જરૂર એક ઈશ્વર પ્રેણીત ધર્મ માનું છું તેથી કુરાને શરીફને પણ ઈશ્વર પ્રેણીત માનું છું. તેમ જ મોહંમ્મદ સાહેબને એક પયગમ્બર માનું છું.' (૨૦)

'હું એવા અભિપ્રાય પર આવ્યો છું કે કુરાને શરીફનો ઉપદેશ મૂળમાં જોતા અહિંસાની તરફદારી કરનારો છે. એમાં કહ્યું છે કે અહિંસા એ હિંસા કરતાં બહેતર છે. અહિંસાનું આચરણ ફરજ સમજીને કરવાનો એમાં આદેશ છે. હિંસાની તો માત્ર જરૂર તરીકે છૂટ મૂકી છે એટલું જ.' (૨૧)

'ખુદ ઈસ્લામ શબ્દનો અર્થ શાંતિ એટલે કે અહિંસા છે. બાદશાહખાન, જેઓ એક ચુસ્ત મુસલમાન છે અને નમાઝ તથા રોઝાનું પાલન કદી ચૂકતા નથી તેમણે સંપૂર્ણ અહિંસાને ધર્મભાવે સ્વીકારી છે. તેઓ સંપૂર્ણપણે પોતાના એ ધર્મનું પાલન કરી શકતા નથી, એમ કોઈનું કહેવું હોય તો તે કંઈ જવાબ નથી. હું પોતે પણ એમ કરી શકતો નથી એ મારે શરમ સાથે કબૂલ કરવું રહ્યું. એટલે અમારા આચરણમાં કંઈ તફાવત રહેતો હોય તો તે માત્ર પ્રમાણનો જ છે. વસ્તુનો નહિ, પણ કુરાને શરીફમાં અહિંસા મોજૂદ હોવા વિશેની દલીલ ક્ષેપકરૂપ હોઈ અહીં તેની વધુ ચર્ચા બિનજરૂરી છે.' (૨૨)

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજિત વ્યાખ્યાનમાળામાં પ્રસ્તુત કરેલું વક્તવ્ય.)

**પાદટીપ**

૧. ઈબ્રાહિમ, કુરાન ગુજરાતી ભાષાંતર અને વિવરણ, સુરત, પૃ.૨
૨. હરિજનબંધુ, ૧૪ જુલાઈ ૧૯૪૦, પૃ.૧૪૨
૩. ગાંધીજી, સત્યના પ્રયોગો, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ.૩૦૪
૪. હરિજનબંધુ, ૨૫ સપ્ટેમ્બર ૧૯૪૦, પૃ.૨૩૧
૫. મેજર આર્થર ગ્લીન લીયોનાર્ડ, ઈસ્લામ, પૃ.૧૦૫-૧૦૬
૬. પંડિત સુંદરલાલ, ગીતા અને કુરાન, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ.૧૭૮-૧૭૯
૭. પંડિત સુંદરલાલ, હઝરત મહંમદ અને ઈસ્લામ, નવજીવન પ્રકાશન, અમદાવાદ, પૃ.૩૭-૩૮
૮. નવજીવન, ૨ નવેમ્બર ૧૯૨૪, પૃ.૭૨
૯. પંડિત સુંદરલાલ, હઝરત મહંમદ અને ઈસ્લામ, પૃ.૧૩૨-૧૩૩
૧૦.મઆરિફ (આબેહયાતના તહેકીકાત લેખોનો સંગ્રહ), યુદ્ધ, પ્ર. આબેહયાત કાર્યાલય, અમદાવાદ, પૃ.૪૭

૧૧.દેસાઈ, મહેબૂબ, શમ્મે ફરોઝાં, કુસુમ પ્રકાશન, અમદાવાદ, પૃ.૩૭
૧૨. હરિજનબંધુ, ૮ ઑગષ્ટ ૧૯૩૯, પૃ. ૨૫૮
૧૩. ઈમામ બુખારી શરીફ (ગુજરાતી), ભાગ ૧૧ થી ૧૫
૧૪. પંડિત સુંદરલાલ, હઝરત મહંમદ અને ઈસ્લામ, પૃ.૧૩૭ - ૧૩૮
૧૫. નવજીવન, ૨૩ જાન્યુઆરી ૧૯૨૭, પૃ.૧૬૪
૧૬. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૪૦, પૃ.૫૭
૧૭. એજન, ભાગ-૨૧, પૃ.૧૯૫-૧૯૬
૧૮. નવજીવન, ૨૩ જાન્યુઆરી ૧૯૨૭, પૃ.૧૬૪
૧૯. હરિજનબંધુ, ૨૯ ઑક્ટોબર ૧૯૩૯, પૃ.૨૭૧
૨૦. હરિજનબંધુ, ૧૪ જુલાઈ ૧૯૪૦, પૃ.૧૪૩
૨૧. એજન, પૃ.૧૪૨
૨૨. હરિજનબંધુ, ૮ ઑક્ટોબર ૧૯૩૯, પૃ. ૨૪૬

❑❑❑

૩૦૧/ડી, રોયલ અકબર રેસિડેન્સી,
સરખેજ રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૪.
સંપર્ક : ૯૮૨૫૧૧૪૮૪૮

# ખ્રિસ્તીધર્મમાં અહિંસાનો સિદ્ધાંત

**ડૉ. થોમસ પરમાર**

***પરિચય : ભારતીય સંસ્કૃતિના પ્રસિદ્ધ વિદ્વાન ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ ''હિંદુ એન્ડ જૈન ટેમ્પલ્સ ઓફ ગુજરાત બિલ્ટ ડ્યુરીંગ ધ મુઘલ પિરીયડ'' વિષય પર મહાનિબંધ લખીને ડૉ. થોમસ પરમાર ૧૯૯૧માં ગુજરાત યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી થયેલા છે. ડૉ. થોમસ ગુજરાત વિદ્યાપીઠમાં જૈન વિદ્યાના પી.એચ.ડી ના ગાઈડ રહી ચૂક્યા છે. તેમની પાસેથી 'ભારતીય સંસ્કૃતિની ઝલક (પ્રાચીનકાળ) 'ભારતીય નાગરિક સ્થાપત્ય', 'વિશ્વનું શિલ્પ સ્થાપત્ય' 'હિંદુ લગ્ન - સંસ્કૃતિ અને કલાની દ્રષ્ટીએ' જેવા ગણનાપાત્ર પ્રકાશનો પ્રાપ્ત થયા છે. કેથલિક સામયિક 'દૂત'નાં તંત્રી તરીકે ૨૦૧૧ થી તેઓ સેવાઓ આપી રહ્યા છે.***

વિશ્વને પ્રેમ, સહિષ્ણુતા અને માનવતાનો મહાસંદેશ આપનાર ખ્રિસ્તીધર્મ ઈસુખ્રિસ્ત દ્વારા પ્રસ્થાપિત થયો. તેનો ઉદ્‌ભવ પશ્ચિમ એશિયામાં થયો પરંતુ તેનો પ્રસાર અને પ્રચાર મહદ અંશે યુરોપ અને અમેરિકામાં થયો. સેમેટીક ધર્મો પૈકી ખ્રિસ્તીધર્મમાં અહિંસા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ઈસુએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન અહિંસાનો ઉપદેશ આપ્યો અને તેને જીવનમાં આચરી પણ દર્શાવ્યો. તેમણે હિંસાના ત્યાગ પર સવિશેષ ભાર મૂક્યો છે. મન, વચન અને કર્મથી મનુષ્ય અહિંસક બનવું જોઈએ.

બાઈબલના ન્યૂ ટેસ્ટામેન્ટ અંતર્ગત શુભસંદેશમાં ઈસુ અહિંસા વિશે ઉપદેશ આપતા સંબોધે છે કે, ''આંખને સાટે આંખ અને દાંતને સાટે દાંત'' એમ કહેલું છે તે તમે જાણો છો. એથી ઊલટું હું તમને કહું છું કે તમારું બૂરુ કરનારનો સામનો કરશો નહિ. બલ્કે, જો કોઈ તારા જમણા ગાલ ઉપર તમાચો મારે, તો તેની આગળ બીજા ધરવો. કોઈ તારા પહેરણ માટે દાવો કરવા તાકે, તો તેને તારો ડગલો સુધ્ધાં આપી દેવો. અને જે કોઈ તને એક કોસ ચાલવાની ફરજ પાડે તેની સાથે બે કોસ ચાલવા. જે કોઈ તારી પાસે માગે તેને આપ અને જો કોઈ ઊછીનું લેવા આવે તો મોં ન ફેરવીશ.'' (માથ્થી, ૩૮-૪૨)

ઈસુના આ ઉપદેશમાં ભારોભાર અહિંસાનો ખ્યાલ રહેવો જોવા મળે છે. ઈસુની અગાઉ એવી ન્યાયપ્રથા હતી કે કોઈકે જો કોઈની આંખને ઈજા પહોંચાડી હોય તો ઈજાગ્રસ્તે પણ ઈજા પહોંચાડનારની આંખને ઈજા કરવી અને જો દાંતને ઈજા પહોંચાડી હોય તો ઈજાગ્રસ્તે સામેવાળાના દાંતને જ ઈજા પહોંચાડવી અર્થાત જેવા સાથે તેવા થવું એમ ફલિત થાય છે. હિંસા સામે હિંસા પણ મર્યાદિત. બીજી રીતે કહીએ તો અપકારની સામે અપકાર. ઈસુએ આ ચાલી આવતી માન્યતાને સદંતર બદલી નાખી. હિંસા સામે હિંસા નહિ પણ અહિંસા. અપકાર પર અપકાર નહિ પણ ઉપકાર. મહાત્મા કન્ફ્યુશિયસના મતે ઉપકારનો બદલો ઉપકાર પરંતુ અપકારનો બદલો અપકાર નહિ પણ ન્યાય વડે નિર્ધારિત સજા હોવી જોઈએ. આ સંદર્ભમાં ઈસુ તો અપકારની સામે પણ ઉપકાર અર્થાત હિંસાની સામે અહિંસા આચરવાનું જણાવે છે. અહિંસા વિશેના ઈસુના ઉપદેશ વિશે ફાધર વાલેસનું મંતવ્ય જાણવા યોગ્ય છે - ''બોધ સાદો છે પણ સાધના અઘરી છે, હજી દુઃખથી નહિ પણ શરમથી આખું મોં લાલચોળ છે, હજી શ્વાસ ઊંચો છે ને ગુસ્સાના ધડામથી છાતી ફૂટી જવાની છે એમ લાગે છે - અને સામે હાથ ઉગામવાને બદલે વધુ જુલમ કરવા સગવડ કરી આપવાનું કહે છે, બમણા જોરથી એને તમાચો મારવાને બદલે એ સુખેથી બીજો મારે માટે કોરો ગાલ ધરવાનું કહે છે. નિસ્પૃહી સલાહ છે પણ વિરલ સિદ્ધિ છે. ઓછા માણસો ગુસ્સો ને ક્રોધ કાબૂમાં રાખી શકે. હિંસાનો પ્રતિકાર હિંસાથી ન થાય, પણ ઉલટું : સહન કરવું, માફી આપવી, ચલાવી લેવું, બીજો ગાલ ધરવો, ડગલો આપવો, બે કોસ ચાલવું - એમાં ઉગાસે છે. એમાં અંતિમ વિજય છે. હિંસક

માણસ અહિંસક માણસને મારવા જાય ત્યારે એના હાથ ઢીલા પડે. અહિંસાની સામે હિંસા બુઠ્ઠી પડે.'' (ગિરિપ્રવચન)

ઈસુએ અહિંસાનું પાલન પોતાના જીવનમાં કરી બતાવ્યું. તેમના વિરોધીઓએ જ્યારે તેમની ધરપકડ કરીને કેદ કર્યા એવામાં તેમના એક સાથીએ પોતાની તલવાર કાઢી, વડા પુરોહિતના નોકર ઉપર ઘા કરી, તેનો કાન ઉડાવી દીધો. ત્યારે ઈસુએ તેને કહ્યું, ''તારી તલવાર પાછી મ્યાન કરી દે. જે કોઈ તલવાર ઉગામશે તે તલવારથી નાશ પામશે.'' (માથ્થી, ૨૬-૫૧-૫૨). આમ ઈસુએ પોતાને બચાવનાર સાથીની હિંસાના કૃત્યને વખોડ્યું હતું. ઈસુની પર રાજદ્રોહનો આક્ષેપ મૂકીને તેમને મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી. તેમની મશ્કરી કરવામાં આવી. તેમને કોરડાનો માર મારવામાં આવ્યો. મસ્તક ઉપર કાંટાવાળો તાજ પહેરાવવામાં આવ્યો. તેમને હાથે અને પગે ખીલા ઠોકવામાં આવ્યા અને ક્રોસ ઉપર જડી દેવામાં આવ્યા. આટલું ભયંકર અપમાન કરી દેહકષ્ટ આપનારાઓ તરફ ઈસુએ ક્રોધ કે તિરસ્કાર ન દર્શાવ્યો. મૃત્યુ વખતે તેમના અંતિમ શબ્દો હતા, ''હે પિતા, આ લોકોને માફ કર, પોતે શું કરે છે એનું એમને ભાન નથી.'' (લૂક ૨૩, ૩૪) પરમેશ્વરની દસ આજ્ઞામાંથી પાંચમી આજ્ઞા છે કે, ''ખૂન કરવું નહિ.'' ઈસુ જણાવે છે કે, ''પોતાના ભાઈ ઉપર ગુસ્સો કરશે તેણે અદાલતમાં જવાબ દેવો પડશે.'' આમ ખ્રિસ્તીધર્મમાં ક્રોધને પણ હિંસાનું કૃત્ય ગણાવ્યું છે.

લીઓ ટોલ્સટોયે તેમના પુસ્તક 'ધ કિંગડમ ઓફ ગોડ ઈઝ વિધિન યુ' (વૈકુંઠ તારા હૃદયમાં છે અનુ. ચિત્તરંજન મહેશભાઈ વોરા)માં ઈસુના અહિંસાના ઉપદેશને .... સમજાવ્યો છે. મેનોનાઈટસ, હર્નહટર્સ અને ક્વેકર્સ તરીકે ઓળખાતા કેટલાક સંપ્રદાયો છે જેઓ કદી ખ્રિસ્તીઓ માટે શસ્ત્રનો વપરાશ મંજૂર રાખતા નથી. તેઓ સૈન્યમાં નોકરી કે ફરજ સ્વીકારતા નથી. ક્વેકર્સના મતે અનિષ્ટનો સામનો હિંસા વડે નહિ કરવાના પ્રભુ ઈસુના આદેશનું પાલન કરવાનું એક ખ્રિસ્તીની ફરજમાં સમાયેલું છે. અહિંસાની ચર્ચા કરતા ટોલ્સટોયે એડીન બેલોના વિચારો પણ રજૂ કર્યા છે. બેલો (૧૮૦૩-૧૮૯૦) શાંતિવાદી અને ગુલામોની મુક્તિના જાણીતા અમેરિકન હિમાયતી અને ચર્ચના ધર્મગુરુ હતા. હિંસા વડે અનિષ્ટનો પ્રતિકાર નહિ કરવા (નોન-રેઝિસ્ટન્સ) અંગે તેમણે પચાસ વર્ષ સુધી ઝુંબેશ ચલાવી હતી. નવ હજાર વાર્તાલાપ આપ્યા અને પાંચ હજાર લેખો લખ્યા. બેલો જણાવે છે કે, ''અપ્રતિકાર રક્ષ છે, પ્રતિકાર સંહારે છે. જો કોઈપણ વ્યક્તિ અનિષ્ટનો પ્રતિકાર અનિષ્ટ વડે ન કરતી હોત તો આપણી દુનિયા આજે વધુ સુખી હોત. આ સિદ્ધાંતને વળગી રહેનાર ભલે ને કોઈ એકાદ જ હોય અને ભલે ને તેને વધસ્થંભે ચડાવી દેવામાં આવે, પણ એ પ્રેમનો વિજય હશે. એ વિજય હિંસક પ્રતિકારમાં રહેંસી નાખેલાના સીઝરના વિજય વડે લોહિયાળ મુકુટ કરતાં વધુ ભવ્ય હશે. શાંતિ યોજનાર શાંતિને પામે. જે અનિષ્ટ છે તેનો હિંસા વડે પ્રતિકાર નહિ કરવાના ભગવાન ઈસુના સિદ્ધાંતને માથે ચડાવનાર દરેકને સેવા પ્રેમનો વારસો પ્રાપ્ત થાઓ, જે અવિનાશી છે અને જે સર્વવિજયી છે.''

❑❑❑

સંપર્ક : ૯૮૨૫૩૮૪૬૨૩

# યુદ્ધ સંદર્ભે હિંસા, અહિંસા ધર્મ અને નીતિ

**ગુણવંત બરવાળિયા**

***પરિચય : જૈન સાહિત્યના અભ્યાસી ગુણવંત બરવાળિયા પાસેથી વિભિન્ન વિષય પરના સંપાદનના પુસ્તકો પ્રાપ્ત થાય છે. જૈન-જૈનેતર સાહિત્ય વિશેના પરિસંવાદો યોજી તેમના શોધનિબંધોના સંપાદનો તેમની પાસેથી મળતા રહે છે. જૈન ધર્મ વિષે તેમણે પરિચય પુસ્તિકા પણ આપી છે. વિવિધ સેમિનારોના આયોજનમાં તેઓ મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. જૈન વિશ્વકોશ અને અન્ય પ્રકાશનનું કાર્ય કરે છે.***

વિશ્વની કોઈપણ ધર્મપરંપરાએ યુદ્ધની તરફેણ કરી નથી. યહૂદી પ્રજા જેને પવિત્ર ગણે છે તે મુસા પયગંબરને યહોવાહ દેવે સિનોય પર્વત પર જે કરારો આપ્યા તેના સાતમા કરારમાં જણાવ્યું છે કે 'કોઈ પણ પ્રાણીની હિંસાથી વિરામ પામ.' નવા કરારની હસ્તી ઈસુ પછી થઈ છે. ઈસુના જીવન અને ઉપદેશમાં પ્રેમ, ક્ષમા અને પરોપકારનાં તત્ત્વો ખીલેલાં છે. ઈસુ વેરનો બદલો લેવાની સાફ ના પાડતા કહે છે 'તમારા ડાબા ગાલે કોઈ તમાચો મારે તો જમણો ધરવો.'

કુરાને શરીફના ખુદાનું નામ જ 'રહિમાન' છે. જેના જીવનમાં પ્રાણીમાત્ર પ્રત્યે દયા અભિપ્રેત છે તે 'રહિમાન' છે. અશો જરથુષ્ટ્રના ઉપદેશનો સાર તેમના અહૂરમઝદના કરારનામામાં સમાઈ જાય છે. પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કર્મ તેનું મૂળ છે. સૂર્યપૂજા, સમુદ્રપૂજા અને અગ્નિપૂજા જીવનની પવિત્રતા માટે છે. જરથોસ્તી પ્રજાના પ્રભુનું નામ જ જો પાક છે તો દયા, પવિત્રતા અને પરોપકાર તેને પ્રિય કેમ ન હોય?

તમામ ભારતીય ધર્મોએ અન્યના જીવનનો અધિકાર ઝૂંટવી લેવા માટે યુદ્ધની તરફેણ કરી નથી. છતાંય વિશ્વના ઈતિહાસ તરફ દૃષ્ટિપાત કરીશું તો જણાશે કે અસંખ્ય યુદ્ધો પ્રાચીન કાળમાં થયાં છે, મધ્યકાળમાં પણ અનેક યુદ્ધો થયાં અને સાંપ્રત કાળમાં પણ યુદ્ધ થઈ રહ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે મોટા ભાગનાં યુદ્ધો

ધર્મના નામે થયાં છે. આમ ધર્મ અને યુદ્ધ વચ્ચે એક છૂટી ન પડી શકે તેવી લીંગઠ ગાંઠ વળી ગઈ છે.

આતંકવાદને નાબૂદ કરવા અમેરિકાએ યુદ્ધની ભેરી વગાડી હતી. તાલીબાનોએ ઈસ્લામ ધર્મની સામેના આક્રમણને ખાળવાના નામે યુદ્ધની જેહાદ જગાવી હતી. સરહદના વિવાદને કારણે ચીન સાથે તો સાર્વભૌમત્વ અને આતંકવાદ દૂર કરવા માટે પાકિસ્તાન સામે ભારતમાં યુદ્ધનું રણશિંગુ કેટલીય વાર ફૂંકાયું છે. પરિણામે વિશ્વમાં યુદ્ધ નગારાનાં અનેક પડઘમ વાગતા હોય છે.

ભારતીય દર્શનો, રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યો અને ગીતા જેવા પવિત્ર ગ્રંથોમાંથી યુદ્ધમાં વિવેક, નીતિ અને અહિંસા ધર્મ શું છે તેનું માર્ગદર્શન મળી રહે છે. ભગવાન મહાવીર અને બુદ્ધ તો અહિંસા અને કરુણાના અવતાર કહેવાયા. તેમણે સર્વથા હિંસાનિવારણની જ વાત કરી છે. તેમના કાળમાં અનેક યુદ્ધ થયાં છે. પરંતુ તેમના અનુયાયી રાજાઓ અને સેનાપતિઓએ તે સમયમાં યુદ્ધ વેળાએ પણ જે આચરણ કર્યું તેનું નિરીક્ષણ રસપ્રદ રહે છે.

જ્ઞાની પુરુષોએ અહિંસાને સમજવા માટે કેટલાંક સ્તરો નિર્ધારિત કરેલાં છે. તેમણે હિંસાને ચાર વિભાગમાં વિભક્ત કરી છે. આ સ્તરો તેની વસ્તુસ્થિતિ પર નિર્ધારિત હોય જાણીબૂઝીને કોઈ ખાસ સંકલ્પ, નિર્ધાર સાથે, ઈરાદા સાથે જ હિંસા આચરવામાં આવે તે સંકલ્પી હિંસા છે. સંકલ્પી હિંસા આક્રમણાત્મક હિંસા છે. દરેક માનવી માટે તે પરિહાર્ય છે. દઢ સંકલ્પશક્તિ વડે તે નિવારી કે અંકુશિત કરી શકાય છે. સંકલ્પી હિંસા, વેરવૃત્તિ, દ્વેષ, ઈર્ષાનું પરિણામ છે, જેનું પરિણામ હંમેશા નકારાત્મક હોય છે. પોતાનું ધાર્યું પરિણામ લાવવા અન્યને ત્રાસ આપવો, આતંક ફેલાવવો, પીડા કરવા કે તડપાવવા માટે કરવામાં આવતી હિંસા, સંકલ્પી હિંસા છે.

બીજો પ્રકાર આરંભી હિંસાનો છે. જે આજીવિકાત્મક હિંસા છે.

ખાન-પાન, ઘર-ગૃહસ્થી સંસારના રોજિંદા વ્યવહાર ચલાવવા માટે છે તે આરંભી હિંસા છે, જે માનવસુખ માટેનાં ભૌતિક સાધનોના સર્જન અને સંરક્ષણ માટે છે. જીવન-વ્યવહારમાં ઘર ચલાવવા અનેક પ્રકારની હિંસા થતી હોય છે. જીવનમાં સાવધાની કે જાગૃતિથી આ હિંસા ઓછી થાય કે નિવારી શકાય છે.

કુટુંબના ભરણ-પોષણ અર્થે ધંધા-વ્યવસાય માટે ખેતી-વાડી, વેપાર-ઉદ્યોગમાં જે હિંસા થાય છે તે ઉદ્યોગી હિંસા ત્રીજા પ્રકારની છે. માનવમન જ પ્રવૃત્તિઓનું મૂળ સ્ત્રોત છે. માટે સંસારમાં અહિંસા આચરવી પડે છે, પરંતુ સાવધાનીપૂર્વક, ન્યાય-નીતિપૂર્વક, સંયમપૂર્વક જીવન જીવનાર આ હિંસાને નિવારી કે ઓછી કરી શકે છે. હિંસાનો ચોથો પ્રકાર વિરોધી હિંસા.

શત્રુના આક્રમણ સમયે દેશને, નગરને, પરિવારને, કુટુંબને કે પોતાની જાતને બચાવવા માટે અન્યાયનો પ્રતિકાર કરવા માટે, આઝાદીની સુરક્ષા માટે, સાર્વભૌમત્વ માટે, રાષ્ટ્રની શાંતિ માટે જે યુદ્ધ કરવામાં આવે તે વિરોધી હિંસા છે. તે પ્રત્યાક્રમણ હિંસા અર્થાત્ આક્રમણનો વળતો જવાબ સુરક્ષા-બચાવ માટે જે હિંસા આચરવામાં આવે છે તે વિરોધી હિંસા છે. ભૌતિક સંસ્થાનો પર પોતાનું અસ્તિત્વ રાખવા જેઓ ઈચ્છે છે તેઓ આ હિંસાને સહજ ગણે છે.

વિરોધી હિંસા સંપૂર્ણપણે ટાળી શકાતી નથી. સ્ત્રીઓના શિયળની રક્ષા, પોતાના કુટુંબનું, રાષ્ટ્રનું રક્ષણ કરવું એ દરેક વ્યક્તિની પ્રાથમિક ફરજ છે. નિર્દય શત્રુના આક્રમણ સમયે પોતાનો બચાવ કરવો, રક્ષણ કરવું ફરજરૂપે છે. સાર્વભૌમત્વ માટે દેશની સરહદોનું રક્ષણ કર્તવ્યરૂપે છે. આથી આ વિરોધી હિંસાને સંપૂર્ણપણે ટાળી શકાતી નથી. સ્વબચાવ અર્થે હિંસા આચરવામાં આવે ત્યારે મનમાં કષાય, દ્વેષ, વેરવૃત્તિ ઉત્પન્ન ન થાય તેની કાળજી રાખી સાવચેત રહી વર્તવામાં આવે તે ઈચ્છનીય છે. સ્વ-રક્ષણ સમયે જે હિંસા આચરવી પડે, કતલ કરવી પડે, મરવું કે મારવું પડે તો મુખ્ય લક્ષ રક્ષા-બચાવનું હોય, નૈતિક ફરજ કે કર્તવ્યના ભાગરૂપે હોય તો તે અનિચ્છનીય કે વર્જ્ય ગણવી મુશ્કેલ છે. શરત એટલી કે આ ફરજ ધર્મના માર્ગે ન્યાયનીતિપૂર્ણ હોવી જોઈએ.

વિરોધી હિંસાના ઉત્તમ ઉદાહરણ છે મર્યાદા પુરુષોત્તમ રામ અને શ્રીકૃષ્ણ. અન્યાયનો પ્રતિકાર જ્યારે અહિંસાથી શક્ય ન હોય ત્યારે વિરોધી હિંસાનો આશ્રય અનિવાર્ય થઈ રહે છે. સામાન્ય જીવનમાં અન્યાયનો પ્રતિકાર આવશ્યક મનાયો છે. અન્યાયનો પ્રતિકાર ન કરનાર વ્યક્તિ આડકતરી રીતે તો અન્યાયની અનુમોદક જ ગણાય ને ? અન્યાયના પ્રતિકાર માટે જ ગાંધીજીએ સ્વતંત્ર્ય-સંગ્રામની ઘોષણા કરેલી.

આધુનિક યુગમાં મહાત્મા ગાંધીજીએ આંદોલન દ્વારા અહિંસક સત્યાગ્રહ દ્વારા દેશને આઝાદી અપાવી. અહિંસા કાયરોનો ધર્મ નથી. 'અહિંસા પરમો ધર્મ'નો અંચળો ઓઢી અહિંસાને ઢાલ સ્વરૂપ રાખી પોતાની અશક્તિ છુપાવવી તે દંભ છે. અહિંસાના આવા 'મહોરાં' જનતાને નિર્બળ કરી મૂકે છે.

ઐતિહાસિક યુદ્ધપ્રસંગોનાં પાત્રો પર ચિંતન કરીએ ત્યારે સતી સીતાજી, વિભિષણ, યુધિષ્ઠિર, અર્જુન, ભીષ્મ, દ્રોણાચાર્ય, વિદુરજી, ભગવાન મહાવીરના સમયના બિંબિસાર, શ્રેણિક, ચેડા રાજા, ચેટક રાજા, રાજા ઉદાયન, કલીંગના રાજા અશોક, કુમારપાળ રાજાના મંત્રી ઉદયન અને મહાનીતિજ્ઞ ચાણક્ય જેવા મહાપુરુષોની ભાવના અને માનેમંથન તપાસવા જેવા પથદર્શક છે. એકબાજુ સમરાંગણમાં યુદ્ધ તો બીજી બાજુ હૈયાના કુરુક્ષેત્રના આંતર મનોમંથનનું તુમુલ યુદ્ધ ચરમસીમાએ પહોંચ્યું હતું.

યુદ્ધોત્તર વિનાશનાં કરુણ દશ્યોની કલ્પનાથી એક રાક્ષસી વિક્ષુબ્ધ બની સીતાજી પાસે જઈ યુદ્ધનાં ભયાનક પરિણામોનું ચિત્ર

રજૂ કરી કહે, 'આ યુદ્ધથી લાખો વિધવા બનશે, 'હે સીતાજી, આપ સ્ત્રી છો તો સ્ત્રીજાતિ પ્રત્યે દયા અનુકંપા લાવી લંકાપતિનાં દાસ બની જાઓ અને આ દારુણ યુદ્ધને અટકાવી દો.' સીતાજી બહુ જ માર્મિક જવાબ આપે છે, 'જ્યારે જ્યારે સ્ત્રીઓ મારા જેવી પરિસ્થિતિનો ભોગ બનશે ત્યારે મારું દૃષ્ટાંત લઈ વિચારશે કે રામની મહાસત્ત્વશાલિની સીતા પણ જો લંકાપતિને શરણે થઈ ગઈ તો આપણું શું ગજુ ? આવો વિચાર કરી તે કન્યાઓ અને સ્ત્રીઓ પરપુરુષને આધીન થવા લાગે તો? ભવિષ્યમાં કરોડો સ્ત્રીઓ કુલટા બને તેવી પરંપરા સારી કે વર્તમાન યુદ્ધમાં લાખો સ્ત્રી વિધવા બને તે સારું? રાક્ષસી શું બોલે? અહીં શિયળના રક્ષણ માટે વિરોધી હિંસા અનિવાર્ય બની જાય છે.

ઈતિહાસમાં બીજું આવું જ ઉદાહરણ છે શ્રીકૃષ્ણ-અર્જુનનું. અર્જુનને કુરુક્ષેત્રમાં તેમની સામે ઊભેલા તેમના સ્વજનો સામે યુદ્ધ કરવામાં રસ ન હતો. તે ઉદાસીન હતો. વિષાદયોગમાં અટવાયેલા અર્જુનને આત્મા, પરમાત્મા, ધર્મ, ફરજ અને કર્તવ્યની પ્રેરણા શ્રીકૃષ્ણે આપી, અને અર્જુનને યુદ્ધ માટે પ્રવૃત્ત કર્યો.

બંને પક્ષે વિષ્ટિકાર બની યુદ્ધ ટાળવા શ્રીકૃષ્ણે અનેક પ્રયત્નો કર્યા, સ્વયં દૂત બની દુર્યોધનની સભામાં જઈ પાંડવોને માત્ર પાંચ ગામ આપવા વિનંતી કરી, દુર્યોધન ન માન્યો, સત્ય, ન્યાય અને નીતિ માટે યુદ્ધ એટલે વિરોધી હિંસા શ્રીકૃષ્ણ માટે અહીં ફરજનો ભાગ બની.

શ્રીકૃષ્ણે તો परित्राणाय साधुनाम् ધર્મની પુનઃસ્થાપના કરવા અવતાર ધારણ કરેલો. સાત્ત્વિકોનો આધાર અને સંરક્ષક એવા લોકરક્ષક શ્રીકૃષ્ણે ભગવત ભક્તિની ટોચ જેવા ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય જેવા સદ્‌ગુણસંપન્ન અને સતપ્રવૃત માનવોનો સંહાર શા માટે કરાવ્યો?

સૂક્ષ્મ માનવસંબંધો અને વહેવારોના પારગામી શ્રીકૃષ્ણની પ્રજ્ઞા અદ્‌ભુત હતી. એમની નજર માનવજાતના કલ્યાણ પર મંડાયેલી હતી. સત્ય, નીતિ અને ન્યાયની સામે તેમને મન ગમે તે વ્યક્તિ ગૌણ હતી. અધર્મ અને અન્યાયને પક્ષે બેસનાર વ્યક્તિ અધર્મ અને અન્યાયનો અનુમોદક બની જાય છે. અધર્મ અને અન્યાયને શરણ આપનાર ધર્મી વ્યક્તિ પણ અધર્મી બની જાય, એ ન્યાયે શ્રીકૃષ્ણે પાર્થને બાણ ચડાવવાની પ્રેરણા કરી, યુદ્ધને જ કલ્યાણ માન્યું.

દ્રોણાચાર્ય ગમે તેવા ભદ્રપુરુષ હોવા છતાંય અધર્મનો પક્ષ લઈ બ્રહ્મશત્ર છોડી હજારો નિર્દોષ માનવોનો સંહાર કરવા તૈયાર થઈ ગયા હતા. શ્રીકૃષ્ણનું તેની સામે લેવાયેલું પગલું પોતે જે પક્ષમાં ઊભા હતા તેના યોગક્ષેમ માટેનું હતું. શ્રીકૃષ્ણની રણનીતિ ધર્મ અને ન્યાયના રક્ષણ માટે હતી.

ધર્મપુરુષ, અધર્મ અને અનીતિને શરણ આપે તો તે અધર્મી બની જાય છે, આ ઉપરથી આપણે તારતમ્ય કાઢવાનું કે જે દેશ આતંકવાદી અને ત્રાસવાદીઓને શરણ આપે તે દેશને આતંકવાદી કે ત્રાસવાદી જાહેર કરવો જોઈએ અને તેને અપરાધી ગણી દંડ દેવો જોઈએ.

ભગવાન મહાવીરના સમયમાં ભવિતવ્યતા અને કર્મોદયને કારણે કેટલાંક યુદ્ધો થયા. એ સમયના રાજાઓ અને કેટલાક સેનાપતિઓ શ્રાવકનાં વ્રતો પાળતા. અધર્મ અને અન્યાયના પ્રતિકાર માટે પણ યુદ્ધને અંતિમ શસ્ત્ર તરીકે જ અપનાવતા. યુદ્ધકાળમાં પણ તેમના જીવનમાં ધર્મ, નીતિ, દયા અને ન્યાયને સ્થાન હતું. ઉદાયન રાજાએ રાજા પ્રદ્યોતને પરાસ્ત કર્યો, રાજા પોતાના નગરમાં પાછા ફરી રહ્યા છે. માર્ગમાં જ છાવણી નાખીને રહ્યા છે. ઉદાયન રાજા સંગ્રામમાં કેદ કરેલા પ્રદ્યોત રાજાની ભોજન વગેરેની પોતાની પ્રમાણે જ સંભાળ રાખતા. પર્યુષણ પર્વ આવતાં ઉદાયન રાજાએ ઉપવાસ કર્યો. રસોઈયાએ પ્રદ્યોતને પૂછ્યું, 'આજ શું જમશો?' આ સાંભળી ઉજ્જૈનપતિ પ્રદ્યોતને લાગ્યું કે આવો પ્રશ્ન આજ સુધી થયેલ નથી. નક્કી આ ઉપહાસ મારું બંધન કે વધ સૂચવે છે, આવું વિચારી રસોઈયાને તેમણે પૂછ્યું કે આવું પૂછવાનું કારણ શું? રસોઈયો બોલ્યો, 'રાજન, આજે પર્યુષણ પર્વ છે, તેથી અમારા સ્વામી સાથીઓ સાથે ઉપોષિત થયા છે, અર્થાત્ સૌએ ઉપવાસ કરેલ છે માટે તમારા એકલા માટે જ રસોઈ બનાવવાની છે.' પ્રદ્યોતે કહ્યું કે, 'હે યાચક, મારાં માતા-પિતા શ્રાવક હતાં તેથી હું પણ આ મહાપર્વનો ઉપવાસ કરીશ.' રસોઈયાએ પ્રદ્યોતનાં આ વચનો રાજા ઉદયનને કહી સંભળાવ્યા, તેથી ઉદયને કહ્યું કે, કારાગૃહમાં રહીને પર્યુષણ પર્વ પાળનાર પ્રદ્યોત મારો ધર્મબંધુ થયો. તેથી તુરત જ તેમને કારાગ્રહમાંથી મુક્ત કરો. તમામ હિંસાના પ્રાયશ્ચિત રૂપે પ્રતિક્રમણ કરી પ્રદ્યોતની ક્ષમા માગી અને પાપથી નિવૃત્ત થયેલા તે નિર્મળ આત્માએ રાજ્યલક્ષ્મી છોડી શુદ્ધ સાધુપણાનો અંગીકાર કર્યો. ઉદયન રાજા છેલ્લા રાજર્ષિ થયા.

ભગવાન મહાવીરના પરમભક્ત શ્રેણિકના પુત્ર કુણિક અને હલ્લવિહલ્લ વચ્ચે પણ યુદ્ધ ખેલાયું. હલ્લ અને વિહલ્લના ભાગમાં આવેલાં દિવ્ય કુંડલ, વસ્ત્રો, હાર અને સેચનક હાથી મોટાભાઈ કુણિકને પડાવી લેવા હતા. હલ્લ અને વિહલ્લ મામા ચેટક રાજાને શરણે ગયા. ચૈટક ધર્મી શ્રાવકપુરુષ હતા. યુદ્ધ, ધર્મ, હિંસા-અહિંસાનું તેનું મનોમંથન અદ્‌ભુત હતું.

જે પરિસ્થિતિમાં હણવા નિમિત્તે નહિ છતાં અનિવાર્ય રીતે ત્યાં થતી હિંસા દ્રવ્યમાં હિંસા છે અને ભાવમાં અહિંસા છે, તો તેવી હિંસા એવી પાપકર નથી અને એવી બંધનકર પણ નથી કે જે પાપ કે બંધ-બંધન હરી શકે, કારણ કે આ સમજણવાળી વ્યક્તિ પોતાની થયેલી હિંસાનો ગર્વ નથી લેતી કે હિંસાને ફાળે વિજય નથી ચડાવતી. પરંતુ ઊલટી હિંસામાં પોતે જ નિમિત્ત થયેલ છે તેનું પ્રાયશ્ચિત જરૂર કરશે.

રાજા ચેટક યુદ્ધભૂમિમાં પણ વ્રતોને અંગીકાર કરતા અને

ચેડારાજ તો સમરાંગણમાં પણ સામાયિક અને પ્રતિક્રમણના પવિત્ર ભાવોમાં રહેતા.

ચેટકને પક્ષે લડનાર નાગરથીનો પૌત્ર વરૂણ, સત્ય, ન્યાયી અને શ્રાવકનાં દ્વાદશવ્રતને પાળનાર હતો. કુણિકનો સેનાપતિ યુદ્ધની માગણી કરતો સમરાંગણમાં 'ઘા કર, ઘા કર'નો પોકાર કરતો ધસ્યો. ઉત્તરમાં વરૂણ બોલ્યો, કે 'હે મહાભુજ હું શ્રાવક છું અને મારે એવું વ્રત છે કે કોઈના ઉપર પ્રથમ પ્રહાર કરવો નહીં. સ્વરક્ષણ મારી રણનીતિ અને ધર્મ છે.' મૃત્યુ સમયે વરૂણે સમરાંગણમાં તૃણનો સંથારો કરી સંલેખના વ્રત સાથે સમાધિકરણને આત્મસાત્ કર્યું.

રાજા કુમારપાળે મંત્રી ઉદયનને સોરઠના રાજા સમરને જીતવા મોકલ્યો. યુદ્ધસ્થળે ઘવાયેલો મંત્રી ઉદયન છેલ્લી ઘડીઓ ગણતો હતો. સેનાપતિએ ઉદયનની અંતિમ ઈચ્છા પૂછી તો તેણે કહ્યું કે મારી અંતિમ ઈચ્છા પંચ મહાવ્રતધારી સાધુનાં દર્શનની છે. સમરાંગણમાં સાધુ ક્યાંથી લાવવા? સેનાપતિએ યુક્તિ કરી અને એક બહુરૂપી તરગાળાને સાધુ વેષ પહેરાવી લાવ્યા. બહુરૂપીએ આબેહૂબ જૈન સાધુ કહે તેમ ઉદયનને અંતિમ ધર્મ સંભળાવ્યો. ઉદયનને ખૂબ શાંતિ થઈ. બહુરૂપીને થયું કે મારા એક દિવસના સાધુપણાના નાટકથી ઉદયનને શાંતિ, સમાધિ અને સદ્ગતિ મળી તો હકીકતમાં આ સાધુપણાની કેટલી ભવ્ય અને દિવ્ય તાકાત હશે? બહુરૂપીના મનોમંથને તેના જીવનની દિશા બદલી નાખી. સદ્ગુરુના શરણમાં જઈ સાધુપણાનું તેણે જીવનભર આચરણ કર્યું.

જૈન ધર્મની પટ્ટાવલીમાં કાલિકાચાર્યની કથા છે. ઈસ્વીસન પૂર્વે બસ્સો વર્ષ પહેલાની આ ઘટના છે. ક્ષત્રિય કૂળમાં જન્મેલા આ આચાર્યએ પોતાની બહેન સરસ્વતી સાથે સાધુ દીક્ષા લીધી હતી. એ સમયે ઉજ્જયનિના મર્દભિલ્લ રાજાએ સાધ્વી સરસ્વતીનું અપહરણ કર્યું.

આચાર્યશ્રી અને શ્રીસંઘે સાધ્વીજીને છોડી દેવા રાજાને બહુજ સમજાવ્યા રાજા ન માનતા ન છૂટકે કાલિકા ચાર્યે વેશપરિવર્તન કરી પોતાના ભક્તો સાથે સિન્ધુનદી પાર કરી ઈરાન પહોંચ્યા ત્યાંથી બાવન 'શક' પ્રમુખોની ફોઝ સાથે ઉજ્જયનિ પર ચડાઈ કરી. ઘમાસાણ યુદ્ધને અને રાજા મર્દભિલ્લ પરાસ્ત છયો. સાધ્વી સરસ્વતી મુક્ત થઈ કાલિકાચાર્યે પુનઃ સાધુવેશ અંગિકાર કરી પ્રાયશ્ચિત સહ પુનઃ સંયમના સ્થિર થયા. આ ઉજ્જૈનની ગાદી પર પોતાના ભાણેજ વિક્રમાદિત્યને બેસાડયો અને વિક્રમ સંવતનો આરંભ થયો.

તેમના ઘણા બધા અનુયાયીઓ સિંધુનદી પાસે પંજાબ પ્રાંત (હાલ વર્તમાન પાકિસ્તાન)મા વસી ગયા. કાલિકાચાર્યનો ''ભાવકા ગચ્છ'' હતો. આસપાસના કેટલાય વિસ્તારોમાં ભાવડા જૈન મંદિરો અને ભાવડા મહોલ્લા અસ્તિત્વમાં ગયા

વિરોધી હિંસાનું આ ઐતિહાસિક ઉદાહરણ છે.

અભયા રાણીની અબ્રહ્મચર્યની માગણીનો અનાદર કરનાર, સુદર્શનને અભયા રાણીએ શૂળીએ ચડાવવા લગી દાવ ખેલ્યા છતાં, છેવટે સુદર્શનનું સત્ય તરી આવ્યું. ત્યારે રાજાને હાથે થતો અભયારાણીનો વધ એ જ સુદર્શને અટકાવ્યો. ભરપૂર હિંસાના મુખમાં આબાદ અહિંસા પાળવી અને કટ્ટર વિરોધીનો પ્રેમભર્યો સામનો કરી વિજય મેળવ્યા પછી જ વિજયમાળા વિરોધીને જ પહેરાવીને જ પ્રેમ પાથરવો, એ અહિંસાની સફળતા છે.

તાજેતરમાં ફેબ્રુ. ૨૦૧૯માં ભારતે આતંકવાદીઓના અડ્ડા પર ઍર સ્ટ્રાઈક કરી. અભિનંદન નામના દિગંબર જૈન પાઈલટ ફાઈટર પ્લેન ચલાવતા હતા પાકિસ્તાને તે પ્લેનને તોડી પાડ્યું અને અભિનંદનને કેદ કર્યા.

પાછળથી ભારત અને વિશ્વના દબાણથી તેને મુક્ત કર્યા. અહીં એક જૈને હિંસા માટે નહિ પણ રાષ્ટ્રધર્મના પાલન માટેનું કાર્ય કર્યું. જૈન દર્શન કહે છે કે યુદ્ધમાં સામે પક્ષ માટે દ્વેષભાવ નહિ પણ માત્ર સ્વરક્ષણ અને વિશ્વના સમગ્ર જીવોના કલ્યાણ માટેના ભાવો હોય તો હિંસા નથી. આ કાર્ય કરતા રાષ્ટ્રની ફરજ બજાવવાના આનંદ સાથે પરને પોતાના થકી થતી પીડાની સંવેદના હોય છે. આજે સમગ્ર વિશ્વમાં સત્તા, જળ, તેલ અને જમીનની લાલસા, આતંકવાદ અને ધર્મઝનૂનને કારણે યુદ્ધનાં નગારાં વાગે છે ત્યારે સત્ય, ન્યાય, નીતિ અને વિવેકનું ચિંતન જરૂરી છે. સત્યના પક્ષ માટે અને અન્યાયના પ્રતિકાર માટે ડાહ્યા અને શાણા પુરુષો યુદ્ધોને અંતિમ સાધનરૂપે જ સ્વીકારે છે. શાંતિને ઝંખતી માનવજાતને આજે યુદ્ધની નહિ પરંતુ યુદ્ધને નિવારી શકે તેવા પ્રજ્ઞાપુરુષ બુદ્ધ અને મહાવીરની જરૂર છે. ક્રોધ, માન, માયા અને લોભનું જે ઉગમસ્થાન છે, જે ભીતરમાં ફૂંફાડા મારી રહેલ છે તેવા અષ્ટકર્મના કાલીનાગ સામે પ્રત્યેક માનવે યુદ્ધ કરી તેને પરાસ્ત કરી સ્વ આત્માને નિર્મળ બનાવવો તે ભાવના જ સ્વ-પર કલ્યાણકારી છે.

❑❑❑

સંપર્ક : ૯૮૨૦૨૧૫૫૪૨

Email :gunvant.barvalia@gmail.com

## અહિંસાના બે વિભાગ પડે છે

વ્યક્તિગત અહિંસા અને સામૂહિક અહિંસા. આમાંથી વ્યક્તિગત અહિંસાનો ઉત્કર્ષ પ્રાચીન કાળમાં, સંતોના જીવનમાં મળી આવે છે. સામૂહિક જીવનમાં અહિંસાનો અમલ કરવાની નવી દૃષ્ટિ ગાંધીજીની દેણ છે. પરસ્પરના ઝઘડા, સંઘર્ષ, સ્પર્ધા વગેરે ટાળવાનો આ અદ્વિતીય ઉપાય ગાંધીજીએ બતાવ્યો છે.

# આપણે અહિંસા-અહિંસા રમીએ છીએ...!!

ડૉ. ભદ્રાયુ વછરાજાની

***પરિચય : ડૉ. ભદ્રાયુ વછરાજાની જાણીતા લેખક અને વક્તા છે. મૂળે તેઓ શિક્ષણના જીવ છે. 'હૈયું-મસ્તક-હાથ', 'નાની પાટીમાં શિલાલેખ' તથા 'મુઠ્ઠી ઊંચેરા માનવીઓ' તેમના બેસ્ટ સેલર પુસ્તકો છે. તેઓ દિવ્યભાસ્કર ગુજરાતીમાં નિયમિત લખે છે. ગુણવંત શાહ તેમને તેજસ્વી અને ઓજસ્વી શિક્ષણકાર તરીકે ઓળખાવે છે. તેઓ પીએચ.ડી.ના માર્ગદર્શક પણ છે.***

**મ**નમાં એક ખટકો રહ્યા કરે છે કે 'આપણે જે છીએ' તેના બદલે 'આપણે જે નથી' તેની ચર્ચા કે તેનો સંવાદ કે તેનું લેખન કે તેનો વિશેષાંક તો નથી કર્યા કરતા ને? 'જીવન' શબ્દ જ હિંસાનો વિરુદ્ધાર્થી છે. તેમાંય વળી વિશેષણ ઉમેરી આપણે કહીએ 'પ્રબુદ્ધ જીવન', તો તો તેમાં હિંસાનો વિચાર પણ ન જ હોય ને? માત્ર બુદ્ધ જ નહીં, પ્ર-બુદ્ધ હોવું તો માત્ર ને માત્ર સાત્ત્વિક છો ની વણમાગી સાબિતી છે. જીવનમાં રજસ હોય, તમસ પણ હોય ને સત્વ હોવું જોઈએ, પરંતુ પ્રબુદ્ધ જીવન તો નિર્વિવાદ સત્ત્વશીલ જ હોય ને તો પછી તેમાં હિંસાની વાત શા માટે કરવી?! પણ જુઓ, આજના વાઈરસ વાયરામાં એવી રીત છે કે જેની વાત માંડવી હોય અને તે વાત માંડવામાં અવઢવ કે અસમંજસ હોય તો તેનાથી વિરુદ્ધના શબ્દને ઉપાડી તેનું પિષ્ટપિંજણ કરવું!! 'આ આજનું વાતાવરણ છે' તેમ સ્વીકારવામાં નવટાંક પણ હિંસા નથી, ઉલટું 'ના, ના, એવું નથી, અમારે તો...' એવું કહેવા મથવું તે સૂક્ષ્માતીત હિંસાનો આશરો લેવા જેવું છે.

આટલી પૂર્વભૂમિકા એટલે બાંધી કે બે સહજ-સરળ નારીઓ કે જે મનસા-વાચા-કર્મણા અહિંસાને જ આચરે છે તે, સોનલ ને સેજલ, એવો પ્રશ્ન ઈમેલઈથી મોકલે કે, કહો તોઃ 'આજનો સમાજ અહિંસક સમાજ છે?' ક્યાંક ને ક્યાંક આ પ્રશ્નમાં જ ઊંડો રણકાર કે વહેમ નથી પડ્યો કે 'આજનો સમાજ હિંસક છે' અથવા 'હિંસા તરફ અજાણતા સરી રહ્યો છે' કે 'જાણ્યે-અજાણ્યે હિંસાને ટચલી આંગળીનો ટેકો આપી રહ્યો છે' કે પછી 'હિંસા પ્રત્યે આંખ આડા કાન કર્યા છે'... છે કે નહીં એવું? ભલે ને ખોંખારી ન કહીએ પણ 'ના, ના, એવું તો નથી જ' એમ કહેવામાં જીવ રાજી નથી એ તો હકીકત છે ને?! અહીં મૌન રહી જઈએ તો તે પણ આ દલીલનું સમર્થન જ છે.

એકવાર સાબરમતી આશ્રમમાં સાંજની પ્રાર્થના પછી ગાંધીજી બેઠા હતા. એવામાં તેમની ચાદર પર મોટો કાળો સાપ આવીને બેઠો. બાપુની આસપાસ બેઠેલા આશ્રમવાસીઓ વિમાસણમાં પડી ગયા. પરંતુ ત્યાં બેઠેલા રાવજીભાઈ મણિભાઈ પટેલે કુશળતાથી એ ચાદર બાપુના શરીર પરથી ઉઠાવી લીધી ને એ ચાદર ઉપાડીને દૂર લઈ જઈ તેમણે સાપને ચાદરમાંથી દૂર ફેંકી દીધો... આ પ્રસંગનું સ્મરણ કરાવીને કાકાસાહેબ કાલેલકરે બાપુને પૂછ્યુંઃ 'બાપુ, આપના શરીર પર સાપ ચડ્યો, ત્યારે આપના મનમાં કેવી લાગણી થઈ હતી?' બાપુ સહજતાથી બોલ્યાઃ 'એક ક્ષણ તો હું ગભરાઈ ગયો, પણ કેવળ તે ક્ષણ પૂરતો જ. પછી તરત સ્વસ્થ થઈ ગયો. પછી વિચાર આવ્યો કે, આ સાપ મને કરડશે તો તરત હું સૌને કહીશ કે, આ સાપને તો ન જ મારશો. કોઈપણ સાપને જોતા તમે તેને મારવા તૈયાર થઈ જાઓ છો; મેં પણ આજ સુધી કોઈને તેમ કરતા રોક્યા નથી, પણ આ સાપ મને કરડ્યો છે માટે એને તો અભયદાન મળવું જ જોઈએ.'

ગાંધીજીની આ ઘટના-વિશેષ સાંભળીને બહુધા જવાબ તો એક જ આવે કે : 'આવું તો માત્ર ગાંધીજી જ વિચારી શકે, આપણે નહીં!' કેમ આમ? ગાંધીજીના જવાબમાં માત્ર સાપને મારવાની વાત નથી પણ સાપ મને કરડે તો પણ તેને અભયદાન આપવાની ઊંચાઈ છે!! આ હાર્દ આજનો સમાજ પકડી શકે ખરો? હા, આ પ્રસંગ અંગે વાદ-વિવાદ-ચર્ચા-દલીલો કરીને અદીઠી હિંસા આચરી શકે પણ 'મને પરેશાન કરનારને પણ હું દુઃખી ન કરી શકું'ની અહિંસાથીય મુઠ્ઠી ઊંચેરી શીખ સહજતાથી કોણ સ્વીકારી શકે, આજે?.. અને તો પછી કેમ કહેવું કે 'આજનો સમાજ અહિંસક સમાજ છે'?

જૈન શાસન એનો જીવંત પુરાવો આપે છે કે જે કોઈ સમજી શક્યા, સ્વીકારી શક્યા જે આત્મસાત કરી શક્યા કે આપણો અંતરાત્મા હિંસા નથી, હિંસા આપણી પીડા છે, હિંસા આપણું દુઃખ છે ને હિંસા આપણો આનંદ ન જ હોઈ શકે તે જ તીર્થંકર થયા. હું - તમે - આપણે પણ તીર્થંકર થઈ શકીએ જો આપણે આપણી હિંસાને ઓળખી શકીએ અને જો આપણે દંભનો - દેખાવનો - ડોળનો અંચળો ઉતારી નાખીએ તો અને તો જ આપણી હિંસાને ઓળખી - પારખી શકીએ... શું આ શક્ય છે? આપણે આપણી હિંસાને અહિંસાનાં વસ્ત્રો પહેરાવી દીધાં છે. આપણે બહુધા અહિંસાનું મહોરું પહેરીને જ જીવીએ છીએ. આપણો શિષ્ટાચાર મૂલતઃ મૂલ્યબોધને છેહ દઈને પોષાઈ રહ્યો છે. આપણે એટલું બધું બહારથી જીવીએ છીએ કે આપણા ખુદના પરિવારમાં આપણે આપણો એક અલગ ચહેરો બનાવી લીધો છે ને એ મુખવટો આપણને વહાલો લાગે છે એટલે આપણે સૂક્ષ્માતીત હિંસાને અજાણતાં નોતરું આપીએ છીએ! આપણે જે નથી તે

દેખાવું છે, આપણી પાસે જે નથી તે આપણે દેખાડવું છે.

પણ આ જ હિંસાનું પ્રવેશદ્વાર છે તે આપણે ભૂલી જઈએ છીએ.

પરિવારમાં આપણે અહિંસક નથી. સામાજિક સંબંધોમાં તો આપણે અહિંસક નથી જ. સામાજિક માળખામાં કે વ્યવસાયમાં તો આપણે અહિંસક નથી જ નથી... જવાબ એક જ કે આપણે શ્વાસ દૂરનાંને 'પોતાના' ગણીએ છીએ. They are mine, not Me. પોતાના - બીજા, Not Me. પતિ-પત્ની-બાળકો-માબાપ પોતાનાં ખરાં, એટલે પોતે તો નહીં જ! બીજાને બીજો સમજો એટલે હિંસા.

'એ મારો મિત્ર છે', 'એ મારો દીકરો છે', જેવા વિધાન સહજ છે પણ એ હિંસાની સૂક્ષ્મતળ જાળ છે, જેમાં Self એટલે 'આત્મન' ખતમ થાય છે. સમાજે આ વ્યવસ્થા ગોઠવી છે. સમાજ ઈચ્છે છે કે વ્યક્તિ મટી જવી જોઈએ, સમાજનું લેબલ જીવવું જોઈએ! એક લેબલ્ડ વ્યક્તિ તરીકે હું અને તમે હિંસક જ છીએ; એમાં આદેશ છે, અપેક્ષા છે, આશા છે!

અન્ય દ્વારા ઉત્પન્ન થતી ચેતના તે હિંસા

સ્વયં દ્વારા ઉર્જિત થતી ચેતના તે અહિંસા.

તેથી બીજાને બીજો સમજવામાં હિંસા છે. કહો જોઈએ, આપણે વારંવાર સહાનુભૂતિ દાખવીએ છીએ કે સમાનુભૂતિ અનુભવીએ છીએ?.. 'આત્મન' સાથે સમાનુભૂતિ હોય પણ 'પર' પ્રત્યે સહાનુભૂતિ. વારંવાર સહાનુભૂતિ દર્શાવી-કેન્ડલ માર્ચ કરી-દાનમાં નાણાં દઈ છૂટી જતો સમાજ અહિંસક કેમ કહેવાય?

સમય સાથે હિંસા-અહિંસાની વ્યાખ્યાઓ બદલી છે. તે પરિપ્રેક્ષ્યમાં વિચારીએ કે આપણે અહિંસક છીએ કે હિંસક?

- સમયપાલન ન કરવું; આપણે લઈને બીજાનો સમય બગાડવો; બીજાના સમય-બગાડ-પ્રવૃત્તિના મૂંગા મોઢે સાક્ષી થવું; પ્રાર્થના-કામ-પ્રવૃત્તિમાં દેખાવ પૂરતું જોડાવું; નાણાં ભૂખ્યા રહેવું કે અસંગત વ્યયમાં નાણાં વેર્યા કરવાં; નાણાં-સમય-સેવા-પૂજામાં પરાણે જોડાવું ને જોડાઈને તેના ગાણાં ગાયા કરવા; કરવા પડે તેવા ટીલા-ટપકા-વરઘોડા-યાત્રા-ઉછામણીમાં સામેલ થવું; પતિ-પત્ની-સંતાનો માટે સમય ન ફાળવવો; જે સહજ બને છે તેનો સહજ સ્વીકાર ન કરવો; હું ધારું તેમ જ થાય તેવો અહમ્ રાખવો; જેમાં ક્રોધ કે આક્રોશ કે તુચ્છકાર પ્રદર્શિત થાય છે તેવું કંઈ પણ કરવું; બાળકને રડતું મૂકી કે વૃદ્ધને કેરટેકરને સોંપી માળા ફેરવવી કે ધર્માખ્યાન સાંભળવા; જોશથી બોલવું-વગાડવું-ઘાંટા પાડવા કે અન્યને ખલેલ પહોંચે તેવું કશુંક પણ કરવું તે હિંસા જ છે... જરા ચકાસીએ. આપણે હિંસક નથી શું?

- સદાય પ્રસન્ન રહેવું, નિર્દંભ રહેવું, આનંદમાં રહેવું, હસતા રહેવું; સ્વીકારભાવથી પળેપળ જીવવું; સર્વથા Cosmosના લયનો આદર કરવો; જીવવા માટે કમાવવું; ઉપકાર કે અપકાર ત્વરિત ભૂલતા શીખવું; વ્યક્તિ-વસ્તુ-ગેઝેટ્સ-સ્થિતિ-સ્વથી વળગણરહિત રહેવું; સદાય જીવનની સઘળી ક્રિયાઓને હોંશભેર જીવવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ કરવો તે અહિંસા જ છે... જરા ચકાસીએ, આપણે અહિંસક છીએ કે?

સાદી ને સીધી વાત.

- અનુભવ 'લેવાનો' હોય.
- સિદ્ધાંત 'સમજવાનો' હોય.
- અનુભવ શબ્દ-તર્ક-શાસ્ત્રથી દૂર લઈ જાય.
- સિદ્ધાંત શાસ્ત્રો-ઉપદેશો-અર્થઘટનોમાં દોરી જાય.

હવે એક જ વાક્ય અને તે પથદર્શક બની રહેવું જોઈએ;

અહિંસા અનુભવ છે, સિદ્ધાંત નથી.

સારસંયમ..

(મહાવીર સ્વામીએ કર્યું તેમ કરીએ તે અનુભવ નથી, 'અભિનય' છે..

અભિનય એ નકલ છે, ઈમિટેશન છે, વંચના છે, અને તે તો મોટી હિંસા છે..! ક્રિયાકાંડ - ધર્મસ્થાનોકાન નિર્માણ - વ્રતધારણા - સિમેન્ટના જંગલોનાં બાંધકામો બાહ્યયાત્રામાં રાચવાની રીતિ છે, તેથી હિંસા છે.. અહિંસા અંતયાત્રાની નીતિ છે, તેથી તે સ્વાનુભવથી જ શક્ય છે.)

❑❑❑


પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, રાજકોટ.
સંપર્ક : ૦૯૮૯૮૯૨૦૩૩૩
(૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com


## આત્મદર્શન + વ્યાપક હરિદર્શન = પૂર્ણ અહિંસા

હવે આ બેવડી હિંસાથી છૂટકારો કેમ પામવો, તે સવાલ છે. ગાંધીજી કહે છે કે ભૂખ્યા-તરસ્યાનો ખ્યાલ રાખતા જીવન વિતાવશું તો કરુણા ફેલાશે. આથી બાહ્ય હિંસાથી બચી જવાશે. એક બાજુ વ્યક્તિગત સાધના કરતા કરતા, દેહથી પોતાને અલગ જાણીને, આત્મદર્શન પ્રાપ્ત કરવાની કોશિશ કરીશું, બીજી બાજુ સામૂહિક સાધના કરતા કરતા વ્યાપક બનવાની યાને સર્વત્ર હરિ-દર્શન કરવાની કોશિશ કરીશું. આત્મદર્શન અને વ્યાપક હરિ-દર્શન મળીને જ પૂર્ણ અહિંસા બને છે. ગાંધીજીનો આ વિચાર મૌલિક છે.

# શક્તિ સંહારાત્મક રૂપવિલાસ

નિસર્ગ આહીર

***પરિચય :*** *નિસર્ગ આહીર ગુજરાતીના અધ્યાપક અને જાણીતા કલા-અભ્યાસી છે. તેઓ અમદાવાદમાં રહે છે અને 'નવનીત-સમર્પણ'માં તેમના કલા-વિષયક લેખો અવાર-નવાર પ્રગટ થતા રહે છે. 'શબ્દસર' સામયિકના સંપાદન સાથે સંકળાયેલા છે. દિલ્હી સાહિત્ય અકાદમી, ગુજરાતી ભાષાના સલાહકાર સમિતિના એક સભ્ય તરીકે સેવા આપે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સાહિત્ય સેમીનારોમાં તેમની વિદ્વતાના દર્શન થાય છે.*

**અ**હિંસા પરમ ધર્મ છે. માનવીય ચેતનાનું એક ખૂબ મહત્ત્વનું અંગ છે. બીજાના અસ્તિત્વના સમાદરથી જ સ્વની હયાતી શૃંગાર બને છે. ધર્મ તો જીવજંતુસહિતની સમગ્ર ચેતનસૃષ્ટિની અહિંસાની હિમાયત કરે છે. વસ્તુતઃ પશુથી માનવને જુદું કરનારું તત્ત્વ જ અહિંસા છે. જે સ્વ માટે પરને હણે તે પશુ, જે અન્યનો આદર કરીને જીવ રક્ષે તે માનવ. પરંતુ, હકીકત એ પણ છે કે ક્યારે ક્યારેક હિંસા અનિવાર્ય બની જાય છે. હિંસા બે પ્રકારની છે : સ્વકીય ઉદ્દેશની પૂર્તિ અર્થે થતી હિંસા અને સાર્વત્રિક હિત અર્થે થતી હિંસા. સ્વકીય પ્રયોજન માટેની હિંસા પાપ છે અને પરમાર્થથી પ્રેરિત હિંસા પુણ્ય છે. હિંસા કરવાથી અનેકના હિત થતા હોય તો એને પાપ ગણવામાં નથી આવતું. આ જ અર્થમાં ગીતામાં કૃષ્ણ કહે છે કે જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે અને અધર્મ વધી જાય છે ત્યારે હું સદ્‌ધર્મની સ્થાપના માટે અવતાર ધારણ કરું છું. ઈશ્વરના અવતારકૃત્ય પાછળ આવો સંહારાત્મક ઉદ્દેશ પણ છે જ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિદેવમાં મહેશ સંહારના દેવ છે. સંહાર કે હિંસા સત્ય છે, પ્રયોજનના આધારે જ એને પાપ કે પુણ્ય લેખી શકાય.

જેને આપણે ઈશ્વર કે દેવ કહીએ છીએ એમણે પણ હિંસાનો રસ્તો અનેક વખત અપનાવ્યો છે. જે હિંસા કરે તેને દેવ કહી શકાય? આ પ્રશ્નના ઉત્તરરૂપે હિંસાનું સ્વરૂપ સમજવું અનિવાર્ય બને છે. દેવ એ જ છે જે માનવની કક્ષાથી ઉપર ઉઠીને સર્વના શ્રેયાર્થે મહાકાર્ય કરે છે. એ જ્યારે હિંસામાં પ્રવૃત્ત થાય છે ત્યારે એના ઉદ્દેશ અવશ્ય લોકહિત કે વ્યાપક કલ્યાણથી પ્રેરિત જ હોય. એટલે, મોટા ભાગના ઈશ્વરીય અવતારો, દેવ, દેવીઓના સૌમ્યરૂપોની સાથે સાથે જ ઉગ્રરૂપો જોવા મળે છે. શાંત, કલ્યાણકારી, પ્રેમાર્દ્ર, દયાવાન, કરૂણામય, કૃપાળુ, વિઘ્નહર્તા દેવ-દેવી રૌદ્રરૂપ ધારણ કરે ત્યારે એ અનિવાર્યતાથી પ્રેરક હોય છે. વિધ્વંસક, ક્રૂર, ઘાતક, પાપી, હાનિકારક, જીવલેણ, અહિતકર્તા કોઈ શક્તિ કે વ્યક્તિ પ્રવૃત્ત થાય એને કારણે વ્યાપક અકલ્યાણ પ્રવર્તે છે ત્યારે દૈવી પ્રકોપ પ્રવૃત્ત થાય છે. અસુર, દાનવ, રાક્ષસ, માર, દૈત્ય, મહાપાપીનો વિનાશ કરવો જ પડે છે. સંવાદિતા ન જોખમાય અને સદ્‌માં શ્રદ્ધા જળવાઈ રહે એ માટે હિંસા જરૂરી છે. નહિતર અસદ્ પ્રવૃત્તિ વધી જાય, અરાજકતા પ્રવર્તે અને માનવીય મૂલ્યોનો હ્રાસ થાય. ઈશ્વરી અવતારો અને દેવ-દેવીઓનું કાર્ય વૈશ્વિક સંવાદિતાની જાળવણી કરીને માનવઊર્જાને સકારાત્મક પથ પ્રતિ પ્રેરિત કરવાનું છે.



*દેવી દુર્ગા*

દેવી સંદર્ભે હિંસાનું રૂપ સમજવા જેવું છે. શક્તિ તો જગતની સર્જનશક્તિ, પોષણશક્તિનું પ્રતીકાત્મક રૂપ છે. સૌમ્ય, નાજુક, કોમલહૃદયા શક્તિતત્ત્વ ઉદ્દેશ અર્થે, વિશેષ પ્રયોજન માટે રૂદ્રતા ધારણ કરે છે. પોષણ કરનાર જ સંહારક બને એવી અનિવાર્યતા સર્જાઈ હોય છે. રૂદ્ર રૂપ ધરી સંહાર કે હિંસા માટે પ્રવૃત્ત દેવી અંતે તો ઉપકારક જ હોવાની. એ અર્થમાં દેવની સંહારલીલા માનવ માટે વિશિષ્ટ પોષક પરિબળ જ બની રહે છે. હિંદુ, જૈન, બૌદ્ધ એ ત્રણેય ધર્મમાં દેવીઓના સૌમ્ય રૂપોનું પ્રાધાન્ય છે, પરંતુ અનેક દેવીઓના રૌદ્ર રૂપો પણ પ્રચલિત છે. વિશેષતઃ તંત્રના પ્રભાવને

કારણે દેવીઓના સંહારાત્મક રૂપો વિશેષ પ્રસિદ્ધ થયાં છે.

સૃષ્ટિની રચનામાં શક્તિનું મૂળ રહેલું છે. પરમ તત્ત્વના એકમાંથી અનેક રૂપે વિલસવાના 'एकोऽहं बहुस्याम्' એવા સંકલ્પ કે ઈચ્છાને જ આદ્યાશક્તિ નામ આપવામાં આવેલ છે. આ આદ્યાશક્તિને જ ભારતીય પરંપરામાં આદિમાયા, આદિશક્તિ, પરમેશ્વરી, મૂલપ્રકૃતિ, પરાશક્તિ, માયા ઈત્યાદિ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. શક્તિતત્ત્વ જગતના મૂળમાં ચેતનાત્મકતાના રૂપે છે. એને વેદાંતમાં માયા, સાંખ્યદર્શનમાં પ્રકૃતિ કહેલ છે.



*સ્મશાનકાલી*

અન્ય એક વિભાવનાનુસાર નિર્ગુણ, નિરાકાર, નિષ્ક્રિય પરમાત્મા પોતાની ત્રિગુણાત્મક કે ત્રિશક્ત્યાત્મક માયાશક્તિથી શબલિત થઈને જગતની સૃષ્ટિ, પાલન અને સંહારરૂપી કાર્ય કરે છે. આ ત્રિગુણાત્મક શક્તિઓ છે મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલી. મહાસરસ્વતી સૃષ્ટિનું સર્જન કરે છે, મહાલક્ષ્મી પાલનપોષણ કરે છે અને મહાકાલી સંહાર કરે છે. આ અર્થમાં શક્તિ જ જગતની સૃષ્ટિ, સ્થિતિ અને વિનાશની કારણભૂત છેઃ सृष्टिस्थिति विनाशानां शक्तिभूते सनातनी।

નારીઊર્જાનું શક્તિરૂપે પ્રાગટ્ય એ ભારતીય પ્રણાલીનું ઉચ્ચ શિખર છે. વૈદિક સાહિત્યમાં વિવિધ દેવીઓ છે તે આગળ જતા માતૃશક્તિની ઉપાસનાનું રૂપ લે છે. ઉત્તર વૈદિકકાલીન ગ્રંથોમાં અંબિકા, ઉમા, દુર્ગા, કાલી ઈત્યાદિ શક્તિઓનો ઉલ્લેખ થયેલ છે. શાક્તતંત્રનું મૂળ એમાં રહેલ છે. વૈદિક દર્શનશાસ્ત્રો અનુસાર સૃષ્ટિકાર્યમાં પ્રકૃતિનું ઘણું પ્રાધાન્ય છે. પછી ભલેને અલગ અલગ દર્શનો એને મૂલપ્રકૃતિ, મહામાયા, બ્રહ્મશક્તિ એવાં અલગ અલગ નામોથી ઓળખે, પરંતુ તમામ દર્શનશાસ્ત્રોનો એવો જ સિદ્ધાંત છે કે સૃષ્ટિપ્રક્રિયામાં પ્રકૃતિનું જ પ્રાધાન્ય છે.

ઉપનિષદોમાં કહેવામાં આવ્યું છે કે શક્તિ-શક્તિમાનનું યુગલ અનાદિ-અનંત છે. કારણકે શક્તિ વગર શક્તિમાન શક્ય નથી અને શક્તિમાન વિના શક્તિનું પૃથક અસ્તિત્વ નથી. એટલા માટે એ બન્ને અન્યોન્યાપૈક્ષી છે. નર (બ્રહ્મ) શક્તિમાન કહેવાય છે તો નારી એની શક્તિ માનવામાં આવી છે. એ શક્તિમાનની એ મહાશક્તિ જ્ઞાન, બળ, ક્રિયા વગેરે અનેક રૂપોમાં એની સહકારિણી અને સહધર્મિણી બની રહે છે. એ શક્તિ જ પરા અને અપરા પ્રકૃતિ પણ કહેવાય છે અને અંશી (બ્રહ્મ)નો અંશ પણ કહેવાય છે.

તંત્રશાસ્ત્રમાં શક્તિતત્ત્વ પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે. એમાં શક્તિ જ સર્વોપરિ માનવામાં આવી છે. વાસ્તવમાં અંબિકા દુર્ગા જ સૃષ્ટિના સંચાલનનો આદિમ સ્ત્રોત છે. એ જ વિષ્ણુમાં સાત્વિકી, બ્રહ્મામાં રાજસી અને શિવમાં તામસી શક્તિના રૂપમાં વિદ્યમાન હોય છે. એટલું જ નહિ, બ્રહ્માની સૃષ્ટિશક્તિ, વિષ્ણુની પોષણશક્તિ અને સૂર્યની પ્રકાશશક્તિ, અગ્નિની દાહશક્તિ અને વાયુની પ્રેરણાશક્તિના મૂળમાં આદ્યાશક્તિ દુર્ગા જ રહેલી છે. દુર્ગાને વિવિધ રૂપમાં દર્શાવવામાં આવેલ છે. જેમકે અંબિકા, કાત્યાયની, મહિષાસુરમર્દિની, નારાયણી, ગૌરી ઈત્યાદિ. માયા, મહામાયા, મૂળ પ્રકૃતિ, વિદ્યા, અવિદ્યા, વ્યક્ત, અવ્યક્ત, કુંડલિની, માહેશ્વરી, આદિશક્તિ, આદિમાયા, પરાશક્તિ, પરમેશ્વરી, જગદીશ્વરી, તમસ, અજ્ઞાન, શક્તિ ઈત્યાદિ શક્તિના પર્યાયો છે. નવદુર્ગા, કાલી, અષ્ટલક્ષ્મી, નવશક્તિ ઈત્યાદિ વિવિધ દેવીઓ પરાશક્તિની વિવિધ અભિવ્યક્તિઓ છે. મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને મહાકાલી શક્તિના ત્રણ મુખ્ય રૂપો છે. આ જ મહાશક્તિ સિંહવાહિની દુર્ગા છે, જે વિવિધ શક્તિઓના સહયોગથી અસુર ઈત્યાદિનો નાશ કરે છે. ચોસઠ યોગિની, સોળ માતૃકાઓ, દશ મહાવિદ્યાઓ ઈત્યાદિરૂપે શક્તિ આરાધ્યા છે.



*દુર્ગાનું સંહારાત્મક રૂપ*

શક્તિદર્શન અનુસાર જ્યારે માતૃશક્તિ સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે ઉદ્યત થાય છે ત્યારે તે છવ્વીસ રૂપોમાં વિભક્ત થઈને અનંતકોટિ બ્રહ્માંડનું સર્જન કરે છે. આ છવ્વીસ તત્ત્વો આ પ્રમાણે છે : આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, કર્ણ, ત્વક્, ચક્ષુ, જિહ્વા, નાસિકા, બુદ્ધિ, અહંકાર, પ્રકૃતિ, પુરૂષ, કલા, અવિદ્યા, રાગ, કાલ, નિયતિ, માયા, શુદ્ધ, વિદ્યા, ઈશ્વર, સદાશિવ, શક્તિ અને શિવ.

'બ્રહ્મવૈવર્તપુરાણ'માં શક્તિના વિવિધ પાસાંઓ પર સંક્ષેપમાં પણ સર્વાંગી પ્રકાશ પાડવામાં આવ્યો છે. ભગવાન સ્વયં કહે છેઃ

शक्ता स्यात्सर्वकार्येषु तेन शक्तिः प्रकीर्तिता।
सर्वाधारा सर्वरुपा मङ्गलार्हा च सर्वतः ।।
सर्वमङ्गलदक्षा सा तेन स्यात्सर्वमङ्गला।
वैकुण्ठे सा महालक्ष्मीमूर्तिभेदे सरस्वती।।
प्रसूय वेदान्विदिता वेदमाता च सा सदा।
सावित्री सा च गायत्री धात्री त्रिजजगतामपि।।
पुरा संह्रत्य दुर्ग च सा दूर्गा च प्रकीर्तिता।
तेजसः सर्वदेवानामाविर्भूता पुरा सती।।
तेनाऽऽद्या प्रकृतिर्ज्ञेया सर्वासुरविमर्दिनी।
सर्वानन्दा च सानन्दा दुःखदारिद्र्यनाशिनी।।
शत्रूणां भयदात्री च भक्तानां भयहारिणी।
दक्षकन्या सती सा च शैलजातेति पार्वती।।
सर्वाशारस्वरुपा सा कलया या वसुंधरा।
कलया तुलसी गङ्गा कलया सर्वयोषितः।।
सृष्टिं करोमि च यया तात शक्त्या पुनः पुनः।
ब्रह्मवैवर्तपुराण, उत्तर भाग, ८४-७५-८२

અર્થાત્ સમસ્ત કાર્યોમાં સમર્થ હોવાને કારણે એને શક્તિ કહેવામાં આવી છે. તે ચારે બાજુથી બધાની આધારરૂપ, સર્વરૂપ, મંગલયોગ્ય અને સમસ્ત મંગલમાં નિપુણ હોવાને કારણે સર્વમંગલા કહેવામાં આવી છે. તે વૈકુંઠમાં મહાલક્ષ્મી અને બીજારૂપમાં સરસ્વતી કહેવાઈ છે. વેદોને ઉત્પન્ન કરીને તે વેદમાતાના નામથી ઓળખાઈ. પૂર્વકાળમાં દુર્ગ નામના અસુરનું હનન કરવાને કારણે દુર્ગા કહેવાઈ. પહેલા તે સતી સમસ્ત વેદોના તેજથી પ્રગટ થઈ હતી. એટલા માટે સમસ્ત અસુરોનું મર્દન કરનારી એ આદ્યાશક્તિ પ્રકૃતિ કહેવામાં આવે છે. તે બધાને આનંદ આપનારી, આનંદથી યુક્ત અને દરિદ્રતાનો વિનાશ કરનારી, શત્રુઓને ભય આપનારી અને ભક્તોના ભયને દૂર કરનારી છે. તે દક્ષકન્યા સતી પર્વતથી પ્રગટ થવાને કારણે પાર્વતી કહેવામાં આવે છે. તે સર્વની આધારરૂપ એક કલાથી પૃથ્વી, એક કલાથી તુલસી, એક કલાથી ગંગા અને વળી સમસ્ત સ્ત્રીરૂપ છે. હું એ જ શક્તિ વડે ફરી ફરીને સૃષ્ટિ રચું છું.

ભારતમાં શક્તિતત્ત્વના અનંત વિલાસો કલ્પવામાં આવેલા છે. શક્તિનું દેવી તરીકે અને માતૃશક્તિ તરીકેનું રૂપ સર્વત્ર



*મહિષાસુરમર્દિની*

પૂજનીય અને આરાધ્ય છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે વૈદિક, પૌરાણિક અને તંત્રશાસ્ત્રની શક્તિવિભાવનામાં ભિન્નતા છે છતાં એકબીજાને પૂરક હોય એવી અત્યંત ઉચ્ચકક્ષાની વિચારણા અદ્યપર્યંત થતી રહી છે. એ પણ ઉલ્લેખનીય છે કે સમગ્ર વિશ્વમાં શક્તિતત્ત્વને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. દેવી અને માતૃશક્તિ તરીકે ન્યૂનાધિક માત્રામાં શક્તિને પૂજનીય કે આરાધ્યા માનવામાં આવેલ છે.

સમગ્ર વિશ્વમાં સ્ત્રીને જન્મ આપનાર, પોષણ આપનાર અને સંવર્ધન કરનાર મૂળ સ્ત્રોતરૂપે આરાધવામાં આવતી. આ ઉપરાંત તેનું માનપાન ન જળવાય તો તે ક્રોધિત થઈને સજા પણ આપતી એમ મનાવા લાગ્યું હતું. આ જ કારણોસર માતૃશક્તિના સૌમ્ય રૂપોની સાથે સાથે રૌદ્ર રૂપોની પણ આરાધના કરવામાં આવતી.


તંત્રશાસ્ત્રમાં શક્તિતત્ત્વ પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે. એમાં શક્તિ જ સર્વોપરિ માનવામાં આવી છે. તંત્રશાસ્ત્ર અનુસાર સૃષ્ટિની ઉત્પત્તિમાં જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિના રૂપે વિસ્તરણ થાય છે.

સંહારના દેવ શિવ છે, એટલે જ હિંદુ દેવીઓના મોટા ભાગના રૂપો શિવ સાથે સંકળાયેલા છે. શાક્ત સંપ્રદાય સાથે પણ રૌદ્રરૂપા દેવીઓનું અનુસંધાન છે.

'માર્કંડેયપુરાણ'માં દેવીમાહાત્મ્યમાં દેવી સ્વયં કહે છે કે તે સમયાંતરે અસુરો, દાનવો, અનિષ્ટોના નાશ માટે નંદા, રક્તચામુંડા, શતાક્ષી, દુર્ગા, ભ્રામરી જેવી દેવીઓના રૂપો લઈને એવા વિઘાતક તત્ત્વોનો સંહાર કરશે.

રૌદ્રરૂપા દેવીઓ આ પ્રમાણે છેઃ આગમગ્રંથોમાં દુર્ગાના નવ રૂપો વર્ણવવામાં આવ્યાં છે. એમાંથી રૂદ્રાંશદુર્ગા, અગ્નિદુર્ગા, રિપુમારીદુર્ગા, મહિષાસુરમર્દિની, કાત્યાયની જેવા રૂપો રૌદ્ર છે. વિશેષતઃ મહિષાસુરમર્દિનીનો દેખાવ ઉગ્ર અને રૌદ્ર છે. તે સંહારદેવી તરીકે વિશેષ ખ્યાત છે. તેને દસ હાથ છે, ત્રણ આંખો છે, મસ્તક પર જટામુકુટ ધારણ કરે છે, એમાં ચંદ્રકલા શોભે છે, તેના શરીરનો રંગ અતસી પુષ્પ જેવો છે અને આંખો નીલોત્પલ જેવી છે. તે સિંહ ઉપર આરૂઢ છે.

પૌરાણિક કથાનુસાર મહિષાસુરમર્દિનીએ મહિષ નામના શક્તિશાળી અસુરનો નાશ કર્યો માટે દેવીનું એ રૂપ પ્રચલિત થયું છે. સિંહારૂઢ દુર્ગા પણ રૌદ્રરૂપિણી છે. દેવીનું કાલરાત્રિનું સ્વરૂપ ઉગ્ર અને ભયંકર છે.



*છિન્નમસ્તા*

દશ મહાવિદ્યાઓ માટે એવી કથા પ્રચલિત છે કે શિવે પાર્વતીની ભર્ત્સના કરતા પાર્વતીને ગુસ્સો ચઢ્યો અને તેઓ શિવને ક્રોધિત થઈને જોવા લાગ્યાં. તેઓએ દશેય દિશામાં દશ રૂપો ધરીને શિવને ઘેરી લીધા. આ પાર્વતી જ દશ મહાવિદ્યારૂપે પૂજનીય છે. 'શિવમહાપુરાણ'માં આ પ્રમાણે દશ મહાવિદ્યાઓ કહેવામાં આવેલ છે : કાલી, તારા, છિન્નમસ્તા, કમલા, ભુવનેશ્વરી, બગલામુખી, ધૂમાવતી, ભૈરવી, ત્રિપુરસુંદરી અને માતંગી.



*મહાકાલી*

'દુર્ગાસપ્તશતી'માં કાલી વિશે જણાવવામાં આવ્યું છે કે શુંભનિશુંભના ત્રાસથી ત્રસ્ત દેવોએ હિમાલય પર આવીને મહાદેવની સ્તુતિ કરી એ સમયે પાર્વતીના શરીરમાંથી અંબિકાદેવી-કૌશિકીનો પ્રાદુર્ભાવ થયો. પાર્વતીજી કૌશિકીના છૂટા પડ્યા બાદ કાળાં પડી ગયાં એટલે 'કાલી' કહેવાયાં.

તારા પણ ઉગ્રરૂપા છે. તેઓ શબ પર વિરાજે અને અટ્ટાહસ્ય કરે છે. તેમના હાથમાં ખડ્ગ, કમળ, કર્ત્રી, ખોપરી છે. ભૈરવી ઉગ્રરૂપા છે. લાલવસ્ત્રધારિણી આ દેવી ગળામાં મુંડમાળા ધારણ કરે છે.

છિન્નમસ્તાનું આલેખન વિશિષ્ટ છે. પોતાના નખથી પોતાનું જ મસ્તક કાપીને ડાકિની અને વર્ણિનીની ક્ષુધાને તૃપ્ત કરનારા એ દેવીના ચરણ નીચે કામદેવ છે. એ જ રીતે ધૂમાવતી પણ રૌદ્રરૂપા છે.

જૈન ધર્મની શ્વેતાંબર અને દિગંબર એ બંને ધારામાં પૃથ્વીની ઉપર અને નીચેના દેવી-દેવતાઓના નિવાસ અને શ્રેણીઓનું જૈનશાસ્ત્રોમાં નિરૂપણ છે. એમ માનવામાં આવે છે કે એમની પૂજા-અર્ચના અને વરદાનથી બધા સાંસારિક સુખ પ્રાપ્ત થાય છે. યક્ષિણી, યોગિની, શાસનદેવી અને અન્ય દેવીરૂપે જૈન ધર્મમાં દેવીઓની ઉપાસના ખ્યાત છે.

જૈનસાહિત્યમાં દેવીઓના સામાન્યતઃ ત્રણ રૂપો જોવા મળે છે : પ્રાસાદદેવી, કુલદેવી અને સંપ્રદાય દેવી. કુલદેવી કે તંત્રદેવીઓમાં કંકાલી, કાલી, મહાકાલી, ચામુંડા, જ્વાલામુખી, કામાખ્યા, કપાલિના, ભદ્રકાલી, દુર્ગા, કુરુકુલ્લા, ચંદ્રાવતી, યમઘરા, કાંતિમુખા વગેરે છે. જ્યારે સાંપ્રદાયિક દેવીઓમાં અંબા, સરસ્વતી, ત્રિપુરા, તારા વગેરે છે. આ બધી દેવીઓમાં સૌમ્ય અને રૌદ્ર રૂપો છે જ.



દુર્ગા




વજ્રયોગિની, બુદ્ધશક્તિ



રૌદ્રરૂપા કુરુકુલ્લા

જૈનધર્મમાં યક્ષની જેમ યક્ષિણીઓ પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ચક્રેશ્વરી, અજિતા, દુરિતારી, કાલિકા, મહાકાલી વગેરેની રમ્ય-ભવ્ય વિવિધા છે.

બૌદ્ધધર્મમાં પણ તંત્રના પ્રભાવે પ્રજ્ઞાપારમિતા, તારા ઈત્યાદિ શક્તિઓનું માહાત્મ્ય વિશેષરૂપે કરવામાં આવેલ છે. બૌદ્ધધર્મમાં પાંચ ધ્યાનીબુદ્ધોની પાંચ બુદ્ધશક્તિઓનું વર્ણન મળે છે. એ બુદ્ધશક્તિઓ આ પ્રમાણે છે : વજ્રધાત્વીશ્વરી, લોચના, મામકી, પાંડરા, આર્યતારા. દરેક ધ્યાનીબુદ્ધ પોતાની બુદ્ધશક્તિ દ્વારા સર્જનકર્મ કરે છે. ધ્યાનીબુદ્ધ અને બુદ્ધશક્તિના સંસર્ગથી બોધિસત્વનો ઉદ્ભવ થાય છે. ધ્યાનીબુદ્ધમાંથી ઉદ્ભવેલ અનેક દેવીઓ રૌદ્રરૂપા છે. તિબેટના થાનકાઓ અને શિલ્પોમાં એવી દેવીઓના રૌદ્ર રૂપો ખૂબજ પ્રભાવાત્મકતાથી આલેખિત થયાં છે.



દેવી ઈશ્વરીરૂપે દુર્ગા

દેવી વિશેની એક વાત ખૂબજ મહત્ત્વની છે કે દેવી ભલે રૌદ્રરૂપા હોય, ઉગ્રરૂપિણી કે સંહારક હોય, એનો આશય તો કલ્યાણકારી, શાતાદાયક અને સંવાદ સ્થાપવાનો જ હોય છે. સંસારમાં ઘણીય વાર સંહાર અને ઉગ્રતા જરૂરી હોય છે. વર્ષાની ઝંઝા પછીની ધરતી વધારે ચોખ્ખી, શાંત અને શુદ્ધ લાગે છે કૈંક એના જેવું જ સંહાર બાબતે, હિંસા બાબતે છે.

દેવીઓ જ્યારે હિંસામાં પ્રવૃત્ત થાય અથવા રૌદ્રરૂપિણી બને ત્યારે એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે એમની હિંસાપ્રવૃત્તિ અનિવાર્ય, અધાર્મિક પ્રવૃત્તિને અટકાવવા માટે હોય છે. એવી હિંસા પરમાર્થે અને વ્યાપક હિતમાં જ હોય છે. એટલે, સર્જનસ્ત્રોતસ્વિની દેવીઓ, શક્તિસ્વરૂપો હિંસાને પોષે છે એમ માનવું ભૂલભરેલું છે. ભય દ્વારા, રૌદ્ર રૂપ દ્વારા એમનો આશય તો સંવાદ અને સદ્ગુણ સ્થાપવાનો હોય છે. એ છે જગજ્જનની માતૃરૂપિણી પરમપ્રેમરૂપા, આનંદદાયી કરૂણાસરિતા. એમના હોવાથી જ સંસાર વિલસે છે.

❑❑❑

સંપર્ક : ૯૮૨૪૦૦૬૬૯૦
અમદાવાદ



જૈનદેવી અંબિકા

# ગાંધીજી અને અહિંસા: સાંપ્રત સમયમાં

**ઉર્વીશ કોઠારી**

***પરિચય : ઉર્વીશ કોઠારી લેખક-પત્રકાર, 'સાર્થક પ્રકાશન' ના સહસંચાલક અને તેના ઉપક્રમે પ્રગટ થતા અનોખા છે માસિક 'સાર્થક જલસો' ના સહસંપાદક છે. ગાંધીજીના જીવનકાર્યમાં તે ઊંડો અને જીવંત રસ ધરાવે છે. વર્ષ ૨૦૧૮માં તેમણે 'ગાંધીજીનાં નવજીવન'નાં લખાણોમાં હિંદુ-મુસલમાન સંબંધોનું નિરુપણ એ વિષય પર ગુજરાત વિદ્યાપીઠમાંથી પીએચ.ડી.નો અભ્યાસ સંપન્ન કર્યો છે.***

ગાંધીજીએ સૂચવેલી જીવનપદ્ધતિમાં સૌથી પાયાનાં બે મૂલ્યો હતાં: સત્ય અને અહિંસા. આ બંને અત્યારના સમયમાં સદંતર લુપ્ત થયેલાં લાગે છે. એટલે જ, તેમને તાજાં કરવાની અને તેમની પ્રસ્તુતતા યાદ કરાવવાની પણ જરૂર જણાય છે.

મૂલ્યોની વાત આવે એટલે સામાન્ય વલણ કંઈક આવું જોવા મળે છે : મૂલ્યોના સર્વોચ્ચ શિખરની અપેક્ષા રાખવી-તેની વાત કરવી, તે કેટલું અવ્યવહારુ તથા અશક્ય છે એ દર્શાવવું અને 'આપણાથી આવું બધું શી રીતે થાય?' એમ કહીને વાતને અભરાઈ પર ચડાવી દેવાની   જાણે મૂલ્યપાલનમાં બે જ વિકલ્પ હોય: સો ટકા અથવા શૂન્ય ટકા.

ગાંધીજી એવું ચોક્કસ માનતા હતા કે મૂલ્યો માટેનો આદર્શ આંબી ન શકાય એટલો ઊંચો હોવો જોઈએ. તેમનાં એ મતલબનાં વિધાનો પણ છે કે આદર્શ સિદ્ધ થઈ જાય તો તે આદર્શ રહેતો નથી. મતલબ, આદર્શ દીવાદાંડી જેવો ન હોઈ શકે, જ્યાં તમે પહોંચી શકો. આદર્શ ધ્રુવના તારા જેવો હોય, જે આખી જિંદગી સાચી દિશા ચીંધ્યા કરે. એને મનમાં રાખીને ચાલતાં ચાલતાં ભટકી જવાય તો પાછા ફરાય, પડાય તો ઊભા પણ થવાય ને આગળ વધાય. અલબત્ત, પ્રયાસો સન્નિષ્ઠ હોવા જોઈએ, પહેલી તકે સમાધાનની વૃત્તિ ન હોવી જોઈએ અને ભૂલ સ્વીકારવાની હિંમત હોવી જોઈએ.

આમ, 'આદર્શનું સો ટકા પાલન શક્ય નથી, તો પછી શા માટે તેના થોડાઘણા પાલનનો પ્રયાસ કરવો?' એવો તર્ક જાત સાથે છેતરપિંડી કરવા બરાબર છે. આદર્શનું ચિંતવન કરીને, એ રસ્તે ચલાય તેટલું ચાલવા કોશિશ કરવી અને એ કોશિશમાં નીતિમત્તાનું જોર ઉમેરાતું રહે, દુનિયાદારીની ગણતરીઓની બાદબાકી થતી રહે, એ જ આદર્શ રાખવાનો અને તેને સેવવાનો સાચો અર્થ છે.

ગાંધીજી માનતા હતા કે જે એકને સારું શક્ય હોય, તે બધાને સારું હોય. તેમની વાતમાં વર્તમાન સમયનું ડિસ્કાઉન્ટ આપ્યા પછી પણ એટલું તો કહી જ શકાય કે અહિંસાના રસ્તે ચાલવાનો આદર્શ નથી અપ્રસ્તુત કે નથી અશક્ય. કેમ કે, ગાંધીજીએ અહિંસાને બહુ વિશાળ અને વ્યાપક અર્થમાં લીધી હતી. તેનો ખપ ફક્ત સત્યાગ્રહો પૂરતો કે અહિંસક પ્રતિકાર પૂરતો કે અંગ્રેજ શાસનને ભારતમાંથી હટાવવા પૂરતો ન હતો. આઝાદ ભારતના રાજકીય ઉપરાંત આર્થિક-સામાજિક એમ તમામ પ્રકારના જીવનમાં અહિંસાની ભૂમિકા હતી. ગાંધીજીની હિંસા-અહિંસાની વાતને વ્યાપક અને વર્તમાન જીવનાના અર્થમાં વિચારી જોઈએ, તો સમજાય કે એ પોથીમાંનાં રીંગણાં જેવી નથી.

અહિંસાનો મહિમા અને વ્યવહારમાં તેને શી રીતે અપનાવી શકાય, તે વિચારતાં પહેલાં હિંસા એટલે શું તેની અછડતી વાત કરવી જોઈએ.

હિંસા એટલે બધા પ્રકારનું શોષણ, હિંસા એટલે તમામ રીતની અસમાનતા, હિંસા એટલે અસહિષ્ણુતા, હિંસા એટલે સાત્વિકતાના દાવા હેઠળ થતી આડોડાઈઓ,હિંસા એટલે માણસને રાજ્યના કે બજારના સ્વાર્થ પૂરા કરવાના વિરાટ યંત્રનો એક મામુલી પૂરજો ગણવાની માનસિકતા... આ યાદી હજુ લંબાવી શકાય. રાષ્ટ્રવાદના નામે ને ગોરક્ષાના નામે ગુંડાગીરી આચરવાથી માંડીને સૅક્યુલરિઝમના નામે જુદા પ્રકારની આત્યંતિકતાઓ કે ધર્મઝનૂનને પોસવાં, એ તો એટલી દેખીતી હિંસા છે કે તેમના વિશે વધુ લખવાની જરૂર ન હોવી જોઈએ. હિંસાના આ બધા પ્રકાર સોશ્યલ મીડિયાના વર્ચ્યુઅલ જગતથી માંડીને વાસ્તવિક વિશ્વમાં આપણી આસપાસ અત્રતત્રસર્વત્ર જોવા મળે છે. આવી હિંસાની સામે અહિંસા અપનાવવાના મુખ્ય બે રસ્તા છે.

એક રસ્તો શક્ય હોય ત્યાં સુધી આ બધી હિંસામાં સામેલ નહીં થવાનો છે વ્યક્તિગત રીતે તેમ જ માળખાગત રીતે. તેનાથી હિંસાનો સીધો પ્રતિકાર થતો નથી. વ્યક્તિગત રીતે બધાની પ્રતિકાર કરવાની શક્તિ, ક્ષમતા, વૃત્તિ, તૈયારી એકસરખાં હોતાં નથી. એ માટેના સંજોગો ઊભા ન થાય કે એવું કોઈ પ્રેરણાદાયક વ્યક્તિત્વ ઊભું ન થાય ત્યાં સુધી મોટા ભાગના લોકો સક્રિય અહિંસક પ્રતિકારમાં ઉતરતા નથી. એવા લોકો હિંસાના સીધા પ્રતિકારમાં ઉતરવાને બદલે તેનાથી દૂર રહે તો એ પણ અહિંસાનો એક પ્રકાર છે. અલબત્ત, તે નિષ્ક્રિય કે અક્રિય પ્રકાર છે. એવા પ્રકારમાં પોતાને ગણતા લોકો પણ ચૂંટણી વખતે કોઈની તરફેણમાં નહીં તો કમ સે કમ, હિંસકતાના જોરે જીતવા માગનારાના વિરોધમાં મત આપીને પોતાનો હિંસાનો વિરોધ ને અહિંસાની તરફેણ દર્શાવી શકે છે.

બીજો રસ્તો હિંસક બાબતોના સક્રિય અહિંસક પ્રતિકારનો છે.

આગળ ઉલ્લેખેલી અને એવી બીજા ઘણા પ્રકારની હિંસામાંથી જ્યાં જેટલું શક્ય બને, એટલી હદે માણસ હિંસા સામે અહિંસક રીતે બાથ ભીડે, શક્ય હોય ત્યાં સુધી લડાઈઝઘડામાં ઉતર્યા વિના કે અસહિષ્ણુ બન્યા વિના હિંસક પરિબળો સામે અહિંસાની વાત મૂકે, હિંસાનો વિરોધ અહિંસક ઢબે કરનારા લોકોને સાથ આપે તે શક્ય છે. ઉદાહરણથી વાત કરીએ તો, સોશ્યલ મીડિયાની ઉશ્કેરણીથી બચતા રહેવું, દેશભક્તિથી માંડીને ધર્મ સુધીની લાગણીઓનો ઉપયોગ કરીને ધિક્કાર ફેલાવતા સંદેશા ફૉરવર્ડ તો ન જ કરવા, પણ એ મોકલનારાને આવો કચરો ન ઠાલવવા શાંતિથી કહી દેવું, સોશ્યલ મીડિયા પર ખોટાનો મુકાબલો કરવાની માથાકૂટમાં ન પડવું હોય તો પોતે જે અહિંસક મૂલ્યોમાં માનતા હો, તેનો સ્વતંત્ર રીતે પ્રચારપ્રસાર કરવો, ટોળાંનો હિસ્સો તો ન જ બનવું, રાજકીય પક્ષોથી મોહાવાને બદલે મૂલ્યો પર નજર રાખવી, કોઈ નેતાને ઉદ્ધારક ગણવાના મોહથી બચવું...આ બધું સક્રિય અહિંસક વર્તણૂકનાં અંગોમાં ગણી શકાય. અને હા, પોતાની અહિંસાનો ભાર લઈને ફરવાની 'સાત્ત્વિક' હિંસકતાથી પણ બચવું.

આપણા જાહેરજીવનની ચર્ચાના મુદ્દા નક્કી કરવાની ચાવી સ્વાર્થી રાજકીય પક્ષો પાસે ન રહે અને સત્તા માટે ધમપછાડા કરતા રાજકીય પક્ષોએ સ્વાર્થપૂર્વક ઊભી કરેલી કડવાશ રોજબરોજના વ્યવહારમાં ન પ્રસરી જાય તેનું ધ્યાન રાખવું. યાદ રહે, આપણે જેમને હિંસકતાનાં યંત્રો ગણીને હાથ ખંખેરી નાખીએ છીએ તે રાજનેતાઓ હોય કે પ્રસાર માધ્યમો, એ બધાનો દાવો તો એ જ છે કે 'લોકોને જે ગમે છે તે જ અમે કરીએ છીએ.' તેમનો દાવો સામૂહિક કે વ્યક્તિગત પ્રયાસથી ખોટો પાડવો, તેમના હિંસક પ્રયત્નો સાથે અસહકાર કરવો, એ પણ અહિંસાનો જ એક પ્રકાર છે. ❑❑❑

લુહારવાડ, મહેમદાવાદ-૩૮૭૧૩૦, ગુજરાત
Contact : uakothari@gmail.com

# જૈન દર્શનની દૃષ્ટિએ અહિંસા

**પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.**

**અ**હિંસા શબ્દ નિષેધાત્મક છે. એટલે કે જીવની હિંસા ન કરવી તે. તેનો વિધેયાત્મક શબ્દ છે - અભયદાન. બીજાને પોતાના ભોગે પણ જીવન પ્રદાન કરવું.

મૈત્રી અને કરુણામાંથી અહિંસાનો જન્મ થાય છે. મહર્ષિ પતંજલિએ કહ્યું છે કે '**अहिंसा प्रतिष्ठायां - तत् सन्निधौ वैरत्यागः**' અર્થાત્ જીવનમાં જ્યારે અહિંસકભાવની પ્રતિષ્ઠા થાય છે ત્યારે વેરવૃત્તિનું વિસર્જન થાય છે. તીર્થંકરોની દેશનાભૂમિ - સમવસરણમાં આ દૃશ્ય ચરિતાર્થ થતું જોવા મળે છે.

● અહિંસાનો પ્રતિસ્પર્ધી - વિરોધી શબ્દ છે હિંસા. અહિંસાના સંપૂર્ણ અને સૂક્ષ્મ પાલન માટે હિંસાને સમજવી અનિવાર્ય છે. તત્ત્વાર્થ સૂત્રમાં હિંસાની પરિભાષા આ રીતે કરી છે. **प्रमत्तयोगात प्राणव्यपरोपणं हिंसा**।। (અધ્યાય - ૭/૮) એટલે કે જૈન દર્શનની દૃષ્ટિએ મન, વચન, કાયાનો પ્રમાદયોગ - અસાવધાનીપણું એ જ હિંસા છે. 'પ્રવચનસાર' પણ આ વાતની સાક્ષી પૂરે છે. '**मरदु व जियदु व जीवो, अयदा चारस्स णिच्छिदा हिंसा**।।' Whether life stays or goes, The careless is ever rooted in Himsa. બીજાને મારવાથી હિંસા થાય તે સ્થૂલ અર્થ છે પણ કોઈ પણ જીવ ન મરે તો પણ હિંસા ઘટી શકે છે. તે કેવી રીતે? તેના કેટલાંક દૃષ્ટાંતો જોઈએ :-

● સ્વયંભૂરમણ સમુદ્રમાં મોટા મોટા મહાકાય મગરમચ્છો હોય છે - તેની આંખની પાંપણમાં તંદુલમત્સ્ય હોય છે. જે સંજ્ઞિ પંચેન્દ્રિય હોઈને વિચારે છે કે - મોટા મગરમચ્છના મોંમાંથી કેટલાંય મત્સ્યો આવ-જાવ કરે છે. જો હું તેની જગાએ હોત તો એકને પણ જીવતો ન છોડું. તંદુલમત્સ્યની આ હિંસકવૃત્તિ તેને સાતમી નરક સુધી પહોંચાડી શકે છે.

● બીજો દાખલો છે કાલસૌકરિક કસાઈનો. જે ક્રૂર અને રૌદ્રપરિણામી છે. ભગવાન મહાવીરની ઉપસ્થિતિમાં પણ શ્રેણિક રાજા તેની હિંસાને છોડાવી ન શક્યા. એક અંધારા કૂવામાં ઉતારીને તેને હિંસાથી બચાવવા પ્રયત્ન કર્યો તો પણ ત્યાં તે કાદવની માટીના ૫૦૦ પાડાઓ બનાવીને જીવહત્યાથી બચી ન શક્યો. આવી હત્યાથી તે નરકનો અધિકારી બને છે.

● ત્રીજો દાખલો :- પ્રસન્નચંદ્ર રાજર્ષિનો છે : પોતાના રાજ્ય સિંહાસને નાદાન પુત્રને બેસાડીને રાજ્યનો ત્યાગ કરી દીક્ષિત બની તેઓ જ્યારે સૂર્યની આતાપના લઈ રહ્યા છે ત્યારે દૂતના વચન સાંભળીને ઉદ્વિગ્ન બની જાય છે, મનોમન યુદ્ધ કરે છે અને તે સ્થિતિમાં જો તેનું આયુષ્ય પૂરું થાય તો સાતમી નરકે જવાના એંધાણ મળે છે,

ભગવાન મહાવીરદેવે ભાખેલા આ ભવિષ્યથી સૌને આશ્ચર્ય અને ઘટનાની જાણ થાય છે.

હવે આપણે જ્યારે અહિંસાના સંદર્ભમાં વિચારીએ છીએ ત્યારે એક પ્રશ્ન થાય છે કે - આત્મા તો અજન્મા છે અને મરણધર્મા પણ નથી. જેમ ગીતાના શ્લોક મુજબ -

**नैनं छिन्दंति शस्त्राणि, नैनं दहति पावकः।**
**न चैनं क्लेदयंत्यापो, न शोषयति मारुतः।।**

**(अध्याय २/२३)**

અર્થાત્ - આત્મતત્ત્વ એક એવું તત્ત્વ છે - જેને શસ્ત્રનો ઘાત

લાગતો નથી, અગ્નિ બાળી શકતો નથી. પાણી ભીંજવી શકતો નથી અને હવા સૂકવી શકતો નથી. ઠીક, આ પ્રશ્નનું સમાધાન શોધવું રસપ્રદ બનશે.

જૈન દર્શનની હિંસાની પરિભાષા કરતા તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે - **प्रमतयोगात् प्राणव्यपरोपणं हिंसा...**।। જૈન દર્શનમાં કુલ ૧૦ પ્રાણ કહ્યાં છે તેમાં ૫ ઈન્દ્રિય, ૩ બળ, આયુષ્ય અને શ્વાસોશ્વાસ. ૧૮ પાપસ્થાનકોમાં પ્રથમ પ્રાણાતિપાત શબ્દપ્રયોગ છે તેમાંથી કોઈપણ એક અથવા વધુનો ઘાત કરવો તે હિંસા છે. અને સંપૂર્ણ પ્રાણોનો નાશ કરવો એટલે મૃત્યુ છે. તેનું નામ જ હિંસા છે.

આવી હિંસાથી બચવા માટે 'ઈરિયાવહી સૂત્ર'માં વિસ્તૃત રીતે ઉલ્લેખ કર્યો છે.

સર્વજ્ઞકથિત જૈન ધર્શનની દૃષ્ટિએ સર્વ જીવોના પ્રાણોની સુરક્ષા કરવી, તેને જીવનદાન દેવું એ જ અહિંસા છે.

આથી જ પૂર્વાચાર્યોએ અહિંસાને નખશિખ સમજવા માટે 'પ્રાણાતિપાત વિરમણ' શબ્દ પ્રયોજ્યો છે. પ્રાણ + અતિપાત + વિરમણ = અહિંસા એવું સમીકરણ કરવાથી અહિંસાને સમજી શકાય છે.

પ્રસ્તુત લેખમાં આગમ સૂત્રોમાંથી અહિંસા વિશેના ઉદ્ધરણો - અવતરણો અહીં પ્રસ્તુત છે. મૂળ પાઠ સાથે તેનો અંગ્રેજીમાં અનુવાદ પણ છે : આવા ઉત્તમ આર્ષવચનો ભગવાનની સાક્ષાત્ વાણીતુલ્ય છે. આપણે તેનું રસપાન કરીએ. ૧૪ મુક્તકો આ પ્રમાણે છે :

(૧)

**तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं।**
**अहिंसा निउणा दिट्ठा, सव्वमूएसु संसयो।।**

**- दशवैकालिक ६/९**

(Of 18 items constituting conduct)
Mahavira placed ahimsa first,
He viewed it in its minutest form,
Restraint towards all beings is ahimsa.

**- Dasavaikalika, 6/9**

(૨)

**दाणाणं चैव अत्रय दयाणं, ज्साणेसु य परम सुक्कज्साणं।**
**णाणेसु य परम केवलं तु सिद्धं, लेसासु य परम सुक्क लेसां।।**

**प्रश्न व्या. १/४**

Providing shelter is the best of charities, Pure concentration of the Soul on self is the supreme - Meditation. and excellent is the omniscience of all the knowledge. and white thought paint is the best of all the Tints.

(૩)

**एयं रवु नाणिणो सारं, जं न हिंसर किंचण।**
**अहिंसा समयं चेन, एयावन्तं वियाणिया।।**

**- सूत्रकृतांग १/११/१०**

Such is the essence of the teaching by the wise, Entertain no himsa towards anyone, Know ye for certain, Ahimsa is the code.

**- Sutrakrtanga, 1.11.10**

(૪)

**जावन्ति लोए पाणा, तसा अदुषा थावश।**
**ते जाणमजाणं वा, न हणे, नो वि घायए।।**

**- दशवैकालिक, ६/१०**

To all beings in the universe,
moving or immobile,
do not kill them, do not hurt them,
knowingly or un-knowingly.

(૫)

**सव्वे जीवा वि इच्छंति, जीविएं न मरिज्जिउं।**
**तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं।।**

All living beings desire to live,
And none is keen to die,
So knowing slaughter to be dreadful,
A monk keeps away from it.

**- Dasavaikalika, 6.10**

(૬)

**तुंगं न मंदराओ, आगासाओ विसालयं नत्थि**
**जह तह जयम्मि जाणसु, धम्ममहिंसा समं नत्थि**

Nothing is higher than Mount Meru,
Nothing more expensive than the sky,
Kow this for certain,
No religion is higher than ahimsa.

- Bhakta-pari

(૭)

**समिकरन पंडिए तम्हा, पासजाईपहे बहू।**
**अप्पणा सच्चमेसेज्जा, मेतिं मूएसु कप्पए।।**

So the prudent should discuss,
Many a fetter and paths of rebirth,
Look himself for truth,
And behave all beings with compassion (to life.)

**- Uttaradhyayana, 6.2**

(૮)

**सव्वाओ वि नईओ, कमेण जह सायरंमि निनडंति।**
**तह मगवई अहिंसा, सव्वे धम्मा संमिल्लंति।।**

As all rivers after the other
Merge their self in the ocean
So merge all religions
Into divine ahimsa.

**- Sambodha Sittari, 16**

(૯)

अत्थि सत्थं परेण परं,
नत्थि असत्थं परेण परं।।

- आया ३/४

Weapons could be good, better and - best, But best of all is "non-violence" rejection of all weapons.

(૧૦)

एसा सा मगवती अहिंसा, जा सा मीयाणं
सरणं, पक्खीणं पिव गयणं, तिसियाणं पिव
सलिलं, खुहियाणं पिन असणं, समुद्दमज्जे व
नोतवहणं, चउप्पयाणं न आसमपयं, दुहत्थियाणं
व ओसहिबलं, अडवीमज्झे व सत्थगमणं,
एत्तो विसिद्धतरिया अहिंसा, तस-थावरसव्वमूय - खेमंकरी.।।

(प्रश्न व्याकरण)

Such is diving ahimsa,
A refuge to terror-stricken brids i the sky,
Water to the thirsty, food to the hungry,
A ship on the wide sea,
A pan to the animals,
A drug to the (ailing,)
A companion in a forest,
Like these, uppermost is ahimsa,
Beneficial to all living being,
moving or immobile.

**- Prasna Vyakarana, 1**

(૧૧)

वयं पुण एव माईक्खामो, एवं मासामो,
एवं परुनेमो; एवं पण्णवेमो,
सव्वे पाणा, सव्वे मूया, सव्वे जीवा, सव्वे सत्ता,
न हंतव्वा, न अज्जावेयव्वा, न परिघेयवा,
न परियावैयव्वा, न उद्दनेयव्वा,।
एस धम्मे, धुवें, नीइए, सासए,
इत्थं विजानह, नत्थित्थ दोसो, आरियवयणमेव

आचा. १-४-२

I say thus, narrate thus,
establish thus, up-hold thus,
kill not any one-organ being, any two
to four-organ being, any flora or
immobile being :-
Do not chastise or subdue them;
do not cause any pain to them, do not
hurt or torture them.
Please know this, with clarify, This lay,
of non-violence which is eternal, Permanent,
ever-existent, Perceive this,
Have no delusion.
This is the noble (Aryna) Principle.

(૧૨)

तुमंसि नाम सच्चेव जं हंतव्वंति मन्नसि,
तुमंसि नाम सच्चेव जं अज्जावेयव्वं ति मन्नसि,
तुमंसि नाम सच्चेव जं परिधावेयव्वं ति मन्नसि,
तुमंसि नाम सच्चेव जं परिधित्तव्वं ति मन्नसि,
तुमंसि नाम सच्चेव जं उद्दवेयव्वं ति मन्नसि,
अंजू चेय पडिबुद्धजीवी तम्हा न हंता न वि घायए।
अणुसंवेयणमप्पाणेवं जं हंतव्वं नामिपत्थए।।

- आचा. १.५.५

One whom ye desire to kill is thine own self
One whom ye desire to chastise is thine own self,
One whom ye desire to cause suffering is the thine own self,
One whom ye desire to subdue is thine own self,
One whom ye desire to torture is thine own self,
Remaining true to this, the wise killeth not, slaughterath not,
Realising this by his own self, he desires not to kill.

**- Acaranga, 1.5.5.)**

(૧૩)

सव्वे पाणा पियाउया, सुहसाया, दुक्खपडिकूला,
अप्पियवहा, पियजीविणो, जीविउकामा,
सव्वेसिं जीवियं पियं।।
नाहवाएज्ज किंचण।।

To all living beings life is dear,
Pleasure favourable, pain detestable,
Slaughter is painful, while life is pleasant,
All desire to live, as life is dear to all.
"Killeth not any living being."

**- Acaranga, 1.2.3-4.**

(૧૪)

।।आयातुले पयासु।।

(Behave) to all beings
As ye behave to self.

**- Sutrakrtanga, 1.11.3**

❑❑❑

સંપર્ક : ૯૯૦૪૫૮૯૦૫૨ / ૦૯૯૨૦૩૭૨૧૫૬

# અહિંસાની વ્યાપક વિભાવના અને ગાંધીની અહિંસાની પ્રક્રિયા

**રજની દવે 'રેવારજ'**

*પરિચય : ૧૮ વર્ષ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં મેઈનટેનન્સ એન્જિનીયર તરીકે ગાળ્યા. ૮ વર્ષ નર્મદાના કિનારે આદિવાસી વિસ્તારમાં ગ્રામ ટેક્નોલોજીના વિકાસનું કામ કર્યું. ૧૯૯૯ પછી દેશમાં ચાલતા જર-જંગલ-જમીન બચાવવાના વિવિધ આંદોલનોમાં અને સાથે લેખન-સંપાદનના કામમાં સક્રિય થયા. પંદરથી વધારે વર્ષથી 'ભૂમિપુત્ર'ના સંપાદક છે. ગ્રામટેક્નોલોજી, ઊર્જા જેવા ક્ષેત્રે પુસ્તકોનું સંપાદન અને લેખન અવિરત ચાલે છે.*

Audio Link : https://youtu.be/gaip6KXLsoM ● https://youtu.be/fbTjLxQbCjA

**આજનો માહોલ**

**આ** લેખ લખવાની શરૂઆત કરી રહ્યો છું ત્યારે દેશમાં યુદ્ધ ઉન્માદનું વાતાવરણ છે. વિશ્વસ્તરે ઉત્તર કોરિયા, જાપાન, અમેરિકા, ચીન વચ્ચેનો સંઘર્ષ હાલપૂરતો વિરામ અવસ્થામાં છે. 'ગાંધી ૧૫૦'ને ખ્યાલમાં રાખી વિવિધ સ્થળો પર ગાંધી દર્શનની છણાવટ કરવામાં આવી રહી છે. તેમ છતાં સમાજ પર તેની ખાસ અસર દેખાતી નથી. કાશ્મીર તેમ જ આતંકવાદના પ્રશ્ને અહિંસાની મજાક ઉડાવવામાં આવે છે.

સોશ્યલ મિડિયામાં આજે જ બે લાઈનો પર નજર પડી. 'દુશ્મન પત્થર મારે તો જવાબ ફૂલથી આપો, પણ ધ્યાન રાખો તે ફૂલ તેની કબર પર પહોંચે.' પહેલું વાક્ય ગાંધીજીના નામે છે. બીજું વાક્ય યુદ્ધનો ઉન્માદ ફેલાવનારા એક નેતાના નામે છે. સ્થિતિ એવી સર્જાઈ છે યુદ્ધને નકારવા જુએ કે અહિંસાની વાત કરવા જઈએ તો આપણા પર દેશદ્રોહીનું લેબલ ચીટકી પણ શકે.

**હિંસાનો થોડો ઈતિહાસ**

છેલ્લાં ૫૫૦૦ વર્ષમાં માત્ર ૨૯૨ વર્ષ એવાં હતાં જેમાં વિશ્વમાં મહદ અંશે શાંતિ જળવાઈ હતી. બાકીનાં વર્ષોમાં ૧૫૦૦૦ નાનાં મોટાં યુદ્ધો લડાયાં હતાં. તેમાંથી અડધા યુરોપમાં લડાયાં હતાં. યુરોપમાં ૧૭મી સદીમાં ૩૩ લાખ, ૧૮મી સદીમાં ૫૪ લાખ અને ૧૯મી સદીમાં ૫૭ લાખ લોકો યુદ્ધમાં મર્યા હતા. પ્રથમ વિશ્વયુદ્ધમાં ૩ કરોડ અને બીજા વિશ્વયુદ્ધમાં ૫ કરોડ તેમ જ બીજા વિશ્વયુદ્ધ પછી આંતરવિગ્રહમાં ૧.૫ કરોડ લોકો માર્યા ગયા હતા.

અમેરિકા દ્વારા એશિયા ખંડમાં સર્જેલા મોતની યાદી કંઈક આવી છે. વિયેટનામમાં વર્ષ ૧૯૪૫-૭૭ ગાળામાં ૩૮ લાખ, કોરિયામાં ૧૯૫૦-૫૩ દરમ્યાન ૩ લાખ, ઈરાનમાં ૧૯૫૩માં ૧૦ હજાર, કંબોડિયામાં વર્ષ ૧૯૫૫-૭૩માં ૩ લાખ ૫૦ હજાર, ઈન્ડોનેશિયામાં ૧૯૬૫માં ૧૦ લાખ, અફઘાનિસ્તાનમાં ૧૯૭૯-૯૨ દરમ્યાન ૧૫ લાખ, ફિલીપાઈન્સમાં ૧૯૭૦ થી ૯૦ દરમ્યાન ૧ લાખ ૭૫ હજાર, ઈરાકમાં વર્ષ ૧૯૯૦ થી ૨૦૦૪ દરમ્યાન ૧૬ લાખ ૭૮ હજાર લોકોનાં મોત થયાં હતાં. આનો સરવાળો આશરે ૧ કરોડ ૨ લાખ ૧૩ હજાર જેટલો થાય. હિટલરે ૧૯૪૩-૪૪ના ગાળામાં ૬૦ લાખ યહુદીઓને બર્બરતાપૂર્વક મોતને ઘાટ ઉતાર્યા હતા. આ ઉપરાંત અન્ય ૧૦ લાખ લોકોને ખતમ કર્યા હતા. યુગાન્ડાના ઈદી અમીને વર્ષ ૧૯૭૧માં ૧ લાખ લોકોનું ખૂન કર્યું હતું. ચીલીના ચીફ કમાન્ડર પીનોશે એ ૩૨૦૦ લોકોને મારી નાખ્યા હતા. ચીનની ક્રાંતિના વર્ષોમાં ૨ કરોડ લોકોને મારી નાખવામાં આવ્યા હતા તેમ મનાય છે. અમેરિકાએ જાપાન પર બે અણુબોમ્બ ઝીંક્યા તેના કારણે ૬ ઑગષ્ટ ૨૦૦૨ સુધીમાં ૨ લાખ ૨૬ હજાર ૮૭૦ લોકો મૃત્યુ પામ્યા હતા. વર્ષ ૨૦૧૧માં સીરીયામાં આરબ સ્પ્રિંગની ઘટના પછી ૩ વર્ષમાં ૧ લાખ લોકો મૃત્યુ પામ્યા છે.

કોઈ મોટા યુદ્ધ ન ખેલાયા હોય ત્યારે પણ સમાજમાં હિંસાનો દોર અટકતો નથી. સંયુક્ત રાષ્ટ્રના વર્ષ ૨૦૧૨ના અહેવાલ પ્રમાણે વિશ્વમાં ૪ લાખ ૩૭ હજાર લોકોની હત્યા થઈ હતી.

આજે ભારત-પાકિસ્તાન યુદ્ધની વાતો થઈ રહી છે. દેશના ભાગલા પડ્યા ત્યારે મરનારની સંખ્યાના આંક અલગ અલગ દર્શાવવામાં આવે છે. માઉન્ટ બેટન માને છે કે ૩૦ લાખ લોકો મર્યા હશે. બીજો આંક ૧૦ લાખનો કુલદીપ નાયર દર્શાવે છે. બાંગલાદેશના યુદ્ધમાં ૩ થી ૫ લાખ લોકો મર્યા હશે.

વિશ્વના આવા હિંસાત્મક વલણને પારખીને કદાચ વિનોબાજીએ પોતાના જીવનને 'અહિંસા કી તલાશ' નામ આપ્યું હશે.

**માનવચેતનાની ઉર્ધ્વયાત્રા**

પ્રાણી-ઉત્ક્રાંતિના સમુદ્ર તબક્કે 'માણસનો જન્મ થયો' ઉત્ક્રાંતિની ધીમી પ્રક્રિયામાં ત્યારે મુખ્યત્વે પ્રાકૃતિક પ્રેરણાને જ વશ વર્તવાનું અને વારસાગત અમુક ઢાંચા મુજબ જ જીવવાનું બંધ થયું હશે. ચોપગું પ્રાણી બે પગે ટટ્ટાર ચાલતું થયું અને તેના મગજનો ઘણો વિકાસ થયો અને વધુ સભાનપણે જીવવાનું ચાલું થયું. સમાજશક્તિ અને કલ્પનાશક્તિ વિકસવા લાગી. પોતાની મર્યાદા અને વિશેષતા સમજતો થયો. માણસ પશુવત જરૂરિયાતો સંતોષાયા બાદ તેનામાં હવે માનવીય જરૂરિયાતો સંતોષવાની પ્રેરણા જામી. તે વધુ ને વધુ અન્ય માનવો સાથે મિલનસાર બનતો ગયો. પ્રેમનો નાતો બાંધતો થયો. તેનામાં સર્જનશીલતા પાંગરવા લાગી, ભાઈચારો, બંધુતા, પ્રેમની લાગણીઓ ઉભરાવા લાગી. આમ એક લાંબી પ્રક્રિયા ચાલી. પરંતુ આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે તેની પ્રકૃતિમાંથી હિંસાએ સંપૂર્ણ વિદાય લીધી છે તેમ તો ન કહી શકાય.

માનવમાં રહેલા હિંસાનાં તત્ત્વને જાકારો આપવા માટે કેટલીક વિભૂતિઓએ વિશેષ ભાર આપ્યો.

મહાવીર, બુદ્ધ, ઈશુ જેવા મહામાનવોએ વિશેષ પ્રયત્ન હિંસાને જાકારો આપવા કર્યો. વિવિધ ધર્મોની સ્થાપના પણ થઈ. તેનો ફેલાવો કરીને હિંસાને મર્યાદિત કરવા પ્રયત્ન કરવામાં આવ્યો. સમાજપરિવર્તન માટે નીકળેલું શુદ્ધ ઝરણું ખુદ ધીરે ધીરે મલીન થતા ધર્મો ધર્મો વચ્ચે પણ સંઘર્ષ અને હિંસાની ઘટનાઓ બનવા લાગી.

જાતિવાદ, રાષ્ટ્રવાદ, ધર્મવાદના મુદ્દે હિંસાનો ખેલ ખેલાવા લાગ્યો. રાજકીય વિચારસરણીના નામે પણ મોટા યુદ્ધો ખેલાયાં. વિસ્તારવાદના હેતુથી પણ યુદ્ધો ખેલાવા લાગ્યા. વિશ્વમાં પોતાની આણ વર્તાવવા માટે પણ યુદ્ધો ખેલાયા.

હિંસાનું લોલક એક છેડે જતા પાછું અહિંસા તરફ લોલકનું ગમન થતું પણ આપણે જોયું. સમ્રાટ અશોકનો સ્મશાનવૈરાગ્ય હોય કે મહાયુદ્ધો પછી રાષ્ટ્રસંઘની સ્થાપના હોય. અતિહિંસાને ખાળવાનો જ પ્રયત્ન તેમાં રહેલો છે તેમ માનવું રહ્યું.

**ધર્મો દ્વારા ચાલેલી પ્રક્રિયાઓની મર્યાદા**

ધર્મો દ્વારા કરેલા પ્રયત્નોને આપણે આવકારવા જ રહ્યા પરંતુ આપણી નજરમાં આવવું જોઈએ કે અત્યાર સુધી આપણે પશુ-પંખી અને બીજાં જીવજંતુઓ પ્રત્યે આચરવામાં આવતી હિંસા પર જ વધુ ધ્યાન આપ્યું. કીડિયારા પૂરવા, જળચરોને આટાની ગોળીઓ ખવડાવી, ક્યાંક તળાવના કિનારે મમરા, પૌંઆ માછલીઓને નાખવાનું જોવામાં આવે છે. કબૂતરને દાણા નાખવા, પાંજરાપોળો બાંધવી, ગૌશાળાઓ ચલાવવી, પશુ પંખી સારવાર કેન્દ્રો સ્થાપવા, અમુક પશુઓની હત્યા પર પ્રતિબંધ મૂકવો. કેટલાક વિસ્તારોમાં બિનશાકાહારી ખોરાકના વેચાણ પર પ્રતિબંધ રાખવો. ચોક્કસ દિવસોમાં કતલખાના બંધ રખાવવા, પીંજરાના પંખીઓને તેમ જ કતલખાને જતાં પશુઓને છોડાવવા વગેરેમાં પશુ, પંખી, જીવજંતુઓના પર સ્થૂલસ્વરૂપે થતી હિંસાનો જ વિચાર કરીએ છીએ.

આપણી નજરમાં સૂક્ષ્મ હિંસા અને માનવો પ્રત્યે આચરવામાં આવતી હિંસા આવતી નથી.

**તત્ત્વદર્શન અને યોગદર્શનનું અહિંસા દર્શન**

હિંસાનો નકાર એટલે અહિંસા તે અભાવાત્મક વાત લાગે. જો આપણે તાત્વિક રીતે એમ માનતા હોઈએ કે પ્રાણીમાત્રમાં એક જ આત્માનો વાસ છે તો પછી હું મારી જાતને ચાહું એટલું જ મારે અન્યને ચાહવું રહ્યું. 'પડોશીને પ્રેમ કર'થી આગળ વધી સૌને પ્રેમ કરીએ, પોતાના જ અંશ ગણીએ તો જ આપણે સાચો ન્યાય કર્યો ગણાય. પ્રેમની ઉપપેદાશ, બાયપ્રોડક્ટ અહિંસા છે.

યોગદર્શનમાં ઉચ્ચત્તમ અવસ્થા એ પહોંચવા માટે રાજયોગના આઠ અંગ મહત્ત્વના ગણાય છે, જેમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનો સમાવેશ થયેલો છે.

પ્રથમ પગથિયા યમમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ યોગારૂઢ થવા માટે 'અહિંસા' પ્રથમ પાયાની જરૂરિયાત છે.

પતંજલિના યોગસૂત્રોમાં ૩૦ નંબરનું સૂત્ર છે.

**अहिंसा सत्यस्तेयब्रह्मचर्यापरिग्रहायमाः ।।३०।।**

યોગસૂત્રનું દર્શન પોતે કરેલી હિંસા કે બીજા પાસે કરાવેલી હોય કે અન્ય કોઈ કરતું હોય તેને અનુમોદન આપ્યું હોય, જે લોભથી કે ક્રોધથી, કે મોહથી કરી હોય તેને માન્ય કરતું નથી (જુઓ સૂત્ર નં.૩૪). યોગસૂત્રનું ૩૫નું સૂત્ર બે ડગલા આગળ ચાલીને કહે છે 'અહિંસામાં પ્રતિષ્ઠિત (દૃઢ) થવાથી તેની હાજરીમાં સૌ કોઈમાંથી વેરભાવ નીકળી જાય છે.'

આપણે બુદ્ધ અને અંગૂલિમાલની વાતથી પરિચિત છીએ. બુદ્ધની હાજરીમાં અંગૂલિમાલ હિંસા ત્યાગે છે અને ભિક્ષુક બને છે.

વિનોબાજી કહે છે ગીતામાં 'સર્વભૂતહિતે રતાઃ'ની વાત કહેવામાં આવી છે. શંકરાચાર્યને આમાં અહિંસાની વાત દેખાય છે. આમાં માત્ર માનવની જ વાત નથી, 'ભૂતધ્યાની' વાત છે. સર્વ-ભૂતમાત્રના હિતની વાત કરી છે. માનવે તેની ચેતનામાં ઊંચો કૂદકો મારીને અહિંસાની ઊંચી અવસ્થાએ પહોંચવા માટે 'સર્વભૂતહિતંરતા'ના અર્થને ચરિતાર્થ કરવાનો છે.

**ગાંધી અહિંસાના એવરેસ્ટને સર કરવા નીકળ્યા!**

શ્રી અરવિંદે અતિમનસના અવતરણ માટે ૪૦ વર્ષની સાધના વર્ષ ૧૯૧૦થી ૧૯૫૦ સુધી કરી. શ્રી અરવિંદે સમગ્ર સમય પોંડીચેરીમાં વીતાવ્યો. ગાંધી આફ્રિકા અને ભારતમાં સમાજ વચ્ચે રહી, પોતાની જાતને અનેક કામોમાં જોડીને અહિંસાની જ્યોતને વધુ ને વધુ પ્રકાશિત કરતા રહ્યા.

જેટલી સૂક્ષ્મતાથી શ્રી અરવિંદની સાધના અંગે લખાયું છે તેટલું શ્રી ગાંધીની અહિંસાની સાધના અંગે લખાયું નથી. શ્રી અરવિંદે 'savitri' મહાકાવ્યમાં પોતાની વાત લખેલી છે પરંતુ ગાંધી અનેક પ્રવૃત્તિમાં રત રહ્યા હોવાથી પોતાની આત્મકથા પણ પૂર્ણ સ્વરૂપે ન લખી શક્યા. વર્ષ ૧૯૨૧ સુધીની જ વાતો તેમાં સમાવવામાં આવી છે. ત્યારે ગાંધીની ઉંમર આશરે ૫૨ વર્ષ હશે. ગાંધી ૭૯ વર્ષ જીવ્યા હતા.

ગાંધીની અહિંસાની સાધના કહો કે અહિંસાને શક્ય તેટલા પૂર્ણ સ્વરૂપે પામવા માટે કરેલી મથામણ અંગે અન્ય સાથીઓના સાહિત્યનો સહારો લેવો પડે તેમ છે.

**અહિંસાનો આદર્શ**

ગાંધી કહે છે 'યુક્લિડે વ્યાખ્યા કરી છે કે, જેને પહોળાઈ નથી, તે લીટી છે, પણ એ વ્યાખ્યાની આદર્શ લીટી આજ સુધી કોઈ દોરી શક્યું નથી, અને હવે પછી પણ કોઈ દોરી શકવાનું નથી. છતાં એવી લીટીનો આદર્શ ખ્યાલમાં રાખવાથી જ ભૂમિતિના

જ્ઞાનમાં પ્રતીતિ થઈ શકી છે. એ જ વાત દરેક આદર્શની બાબતમાં પણ સાચી છે.'

સાધુ, સંત સમાજમાં અહિંસાને વ્યક્તિગત સદ્‌ગુણ માનવામાં આવતો હતો. કેટલોક સમય એવો પણ ગયો કે કેટલીક જાતિના લોકોએ હિંસાનો ત્યાગ કર્યો જેમકે બ્રાહ્મણ હિંસા ન કરે તેવો માહોલ રહ્યો.

પરંતુ ગાંધી માનતા હતા કે અહિંસા વ્યક્તિગત સદ્‌ગુણ નથી. તે એક સામાજિક સદ્‌ગુણ પણ છે તેમ જ બીજા સદ્‌ગુણોની માફક તેને પ્રયત્નપૂર્વક કેળવવો પડે. તેનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પણ પ્રયોગ કરવો જોઈએ.

ગાંધીમાં બાળપણથી જ પોતાને ગમી ગયેલા સદ્‌ગુણોનું સામાજીકરણ કેમ ન થાય તેની એક ધૂન સવાર થઈ જતી હતી. નાની ઉંમરે હરિશ્ચંદ્રનું નાટક જોયું હતું. મનમાં ને મનમાં એમણે એ નાટક સેંકડો વખત ભજવ્યું હતું. તેમના મનમાં હતું 'હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી બધા કાં ન થાય?'

ગાંધીના મનમાં અહિંસક રાજ્યના સ્વપ્ના સેવી રહ્યા હતા. જ્યારે કોઈ શંકા કરીને કહેતા કે તમે આમજનતાને અહિંસા નહીં શીખવી શકો. એ માત્ર (રડીખડી) વ્યક્તિઓ માટે જ શક્ય છે અને તે પણ વિરલ દાખલાઓમાં. ત્યારે ગાંધી માનતા આમાં ભારોભાર આત્મવંચના છે. ગાંધીનું વ્યક્તિદર્શન કહે છે -

'માણસજાત જો સ્વભાવે અહિંસક ન હોત તો તે જમાનાઓ પહેલા અંદર અંદર લડીને પોતાને જાતે જ નાશ પામી હોત. પરંતુ હિંસા અને અહિંસાના બળો વચ્ચેના દ્વંદ્વયુદ્ધમાં છેવટે અહિંસા જ હંમેશાં વિજયી નિવડી છે.'

આમ ગાંધી પાસે અહિંસાનો આદર્શ છે તેમ જ વ્યક્તિ અને સમાજના સત્વ અંગેનું દર્શન પણ છે અને પ્રયત્નપૂર્વક અહિંસક સમાજ રચવાનો મનસુબો પણ છે. ગાંધી સમયે સમયે આ માટે વ્યક્તિ ઘડતર, સમાજ ઘડતર અને વ્યવસ્થા પરિવર્તનનો નકશો સમાજ સામે મૂકતા રહ્યા છે.

**અહિંસક સમાજ રચના માટે પાયાની શરત**

ગાંધી કહે છે -

'(જેમનામાં) ઈશ્વર વિશે અવિચળ શ્રદ્ધા ન હોય તેનામાં અહિંસા વિશે શ્રદ્ધા હોવી અશક્ય છે.'

માણસમાં પાકી સમજ હોવી જરૂરી છે કે ઈશ્વર ભૂતમાત્રના હૃદયમાં વસે છે. જ્યાં ઈશ્વરનું સાંનિધ્ય હોય ત્યાં ભયને અવકાશ ન જ રહે તો જ અહિંસાની દિશામાં મજબૂત કદમ રાખી શકાય આનાથી માણસનું આત્મબળ પાંગરે છે. માણસને સ્થૂળ રીતે ન દેખાતી ઈશ્વરની શક્તિ પર વિશ્વાસ હોવો જોઈએ.

ગાંધીની બીજી વાત સમજવી અઘરી છે અને પચાવવી તો તેથી પણ મુશ્કેલ છે. ગાંધી કહેતા રહ્યા હિંસાનો આધાર લેવાવાળા મરવાની કળા શીખે છે. પરંતુ અહિંસા પર મદાર રાખનારે મરવાની કળા શીખવાની જરૂર છે, અથવા મરવાના પ્રસંગે પીઠ બતાવવાની નથી. સાચી વ્યક્તિનું બલિદાન પરિવર્તનનું નિમિત્ત બને છે. ગાંધી જિંદગીભર હરપળે બલિદાન માટે તૈયાર રહ્યા. અને નજીકના સાથીઓને પણ તે માટે પ્રેરતા રહ્યા. ગાંધીની પ્રેરણાથી આક્રમક પઠાણો ખુદાઈ ખિદમતગાર આંદોલન, અહિંસક આંદોલન તરીકે ચલાવ્યું. અંગ્રેજો કહેવા લાગ્યા - Non-violent Pathan is more dangerous than violent Pathan - અહિંસાવ્રતી પઠાણ હિંસાવ્રતી પઠાણ કરતાં વધારે ખતરનાક છે.

**ગાંધીમાં અહિંસા અંગે પ્રબળ શ્રદ્ધા**

અહિંસા એ મનુષ્યજાતિ પાસે પડેલી પ્રબળશક્તિ છે. સંહાર એ મનુષ્યધર્મ નથી.

અહિંસા ક્રિયાવાન રેડિયમ ધાતુના જેવી છે તેનો અતિસૂક્ષ્મ કણ ઉકરડા વચ્ચે દબાયો હોય તો પણ પરોક્ષપણે, અવિશ્રાતપણે સતત કામ કર્યે જાય છે, અને આવી ગંદકીને અને રોગવસ્તુને આરોગ્યદાયી વસ્તુમાં ફેરવી નાખે છે તેવી જ રીતે જરા પણ સાચી અહિંસા મૂંગા, સૂક્ષ્મ, પરોક્ષ રસ્તે કામ કરે છે અને ખમીરની પેઠે આખા સમાજમાં વ્યાપી જાય છે.

સબળાની અહિંસા કોઈપણ કાળે શૂરમાં શૂર સશસ્ત્ર સૈનિક અથવા સૈન્ય કરતા વધારે શક્તિશાળી હોય છે. સખતમાં સખત ધાતુ પણ પૂરતી ગરમી લગાડતા ઓગળી જાય છે. એ જ પ્રમાણે અહિંસાની પૂરતી ગરમી આગળ કઠણમાં કઠણ હૈયું પણ પીગળવું જોઈએ. અહિંસાની ગરમી પેદા કરવાની શક્તિ તો સમર્યાદ છે.

**અહિંસા આજે પરમ ધર્મ જ નહીં, નિકટનો ધર્મ પણ**

આપણે લેખની શરૂઆતમાં અત્યાર સુધી થયેલાં યુદ્ધો, માનવસંહારની વાત કરી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ સંહારનાં અનેક સાધનો શોધી નાખ્યા છે. ૧૯૮૩માં જાપાનમાં યોજાયેલા એક સંમેલનમાં કહેવામાં આવ્યું હતું કે તે વખતે વિશ્વમાં ૫૦,૦૦૦ અણુશસ્ત્રો હતા. કેમિકલ વેપન, બાયોલોજીકલ વેપન, સ્માર્ટ બૉમ્બ, ક્લસ્ટર બૉમ્બ, મિનિ ન્યુક, નોન-ન્યુક્લીયર બૉમ્બ, વેક્યુમ બોમ્બ, કોની પાસે કેટલા છે અને કોણ ટૂંકા સમયમાં કેટલા બનાવી શકે તેટલી ક્ષમતા છે તે કહેવું મુશ્કેલ છે.

માટે તો વિનોબાજી વારંવાર કહેતા હતા

વિજ્ઞાન + હિંસા = સર્વનાશ

વિજ્ઞાન + અહિંસા = સર્વોદય

આજે તો નિઃશસ્ત્ર પ્રતિકારના માર્ગની ખોજ કરવાની એક ઐતિહાસિક આવશ્યકતા ઊભી થઈ છે.

ગાંધીજી સમજતા હતા કે વિજ્ઞાન અને ટેકનોલોજી સત્તા અને સંપત્તિના કેન્દ્રીકરણનો રસ્તો મોકળો બનાવશે. કેન્દ્રિત સત્તા તેમ જ કેન્દ્રિત સંપત્તિ આખી માનવજાતને પોતાના સકંજામાં લઈ લેશે અને તેને ગુલામ બનાવી લેશે. આના ઉકેલમાં ગાંધી ગ્રામસ્વરાજ્યની વાત મૂકે છે. આના વિના અહિંસક સમાજરચના શક્ય નથી.

ગાંધીની અહિંસાની વાત આમ બહુઆયામી છે. સત્ય સાથે અહિંસા આવે છે, તરત જ અપરિગ્રહની વાત પણ જોડાઈ જાય છે. શ્રમનિષ્ઠા પણ આવે. સમાજમાં પૈસાનું નહીં, શ્રમનું ગૌરવ હશે.

અહિંસક સમાજમાં પૈસાની નહીં શ્રમની બોલબાલા હશે.

**અહિંસક સમાજ એ નયાયુગનું સ્વપ્ન છે**

વિનોબાજી કહે છે, આપણે ક્રોસ રોડ પર છીએ. હિંસા ઉપરથી માણસજાતની શ્રદ્ધા ડગી ગઈ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આપણે જોઈએ છીએ કે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના પ્રશ્નોના ઉકેલો હિંસાથી નથી આવતા પરંતુ બીજી બાજુ અહિંસા ઉપર પૂરી શ્રદ્ધા હજુ બેઠી નથી. આપણે લશ્કરનો ખર્ચ વધાર્યા કરીએ છીએ, લાંબી લાંબી રેન્જના મિસાઈલ્સ બનાવી આપણી સલામતી શોધીએ છીએ. આપણે પ્રેમના માર્ગ પકડી શકતા નથી. પ્રેમના માર્ગે પ્રશ્નો ઉકેલી શકાય છે તેમ સિદ્ધ કરવાનું બાકી છે.

હિંસા ઉપરનો આંધળો વિશ્વાસ જરા ઢીલો કરીને હવે અહિંસાના માર્ગે ચાલવાનું કરી તો જુવો. દુનિયાએ હજારો વરસ હિંસાના પ્રયોગોમાં ગુમાવ્યાં જ છે તો હવે થોડોક વખત અહિંસાના પ્રયોગ પાછળ આપો. દુનિયા આજે અહિંસાના પ્રયોગ આદરે તેની તાતી જરૂર છે.

**ગાંધી કહે છે – હું વ્યવહારકુશળ આદર્શવાદી છું**

ગાંધી વ્યવહાર અને આદર્શને પૂરો ન્યાય આપવા મથતા રહ્યા છે. આ માટે ગાંધી કહે છે 'આખી જિંદગી મેં એક પ્રકારનો જુગાર ખેલ્યો છે. સત્યને શોધવાની મારી ધગશમાં અને અહિંસા વિશેની મારી શ્રદ્ધાને અનુસાર નિઃશંક રીતે પ્રયોગો કર્યે જવામાં મેં ગમે તે ભયંકર જોખમ ખેડતા પાછું ફરીને જોયું નથી. શૂરાની અહિંસાની કાર્યપદ્ધતિની દિશામાં મારી નાવ ક્ષણભર પણ થોભ્યા વિના ચલાવી રહ્યો છું.'

ગાંધીનો આ માર્ગે ચાલવાનો ઉત્સાહ અને ધીરજ દાદ માગે તેવા છે.

ગાંધી કહે છે –

''આ અહિંસા કેળવતા ઘણો વખત જાય; જન્મારો જાય એમ પણ બને. તેથી તે નિરર્થક નથી બનતી. એ અહિંસાને માર્ગે જતા જતા અનેક અનુભવો થવાના. તે બધા ઉત્તરોત્તર ભવ્ય હશે. ટોચે પહોંચતા કેવું સૌંદર્ય હશે તેની ઝાંખી યાત્રાળુને રોજ થયા કરશે ને તેનો ઉલ્લાસ વધશે એનો અર્થ એ ન કરાય કે વટેમાર્ગુને મળતાં દશ્યો બધા મીઠાં લાગશે. અહિંસાનો માર્ગ ગુલાબનાં ફૂલોની પથારી નથી. હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને એમ પ્રીતમે ગાયું છે.''

''હું તો અડગ આશાવાદી છું. વ્યક્તિમાં અહિંસા ખીલવવાની અપાર શક્તિ પડેલી છે એવી જે મારી માન્યતા છે તેના આધાર પર મારો આશાવાદ રચાયેલો ને ટકી રહેલો છે. તમે જેમ જેમ તમારા પોતાના જીવનમાં એને ખીલવતા જાઓ તેમ તેમ એ વધારે ને વધારે ચેપી બની જાય છે, તમારા વાતાવરણમાં વ્યાપી જાય છે. અને ધીરે ધીરે કદાચ આખા જગતને વ્યાપી વળે.''

**ગાંધી અહિંસાને જગતના ચોકમાં લાવે છે**

ગાંધીની સાધના કોઈ એકાંત ગુફામાં નથી ચાલતી. તેઓ માનતા અહિંસા સમાજમાં સદાચારના નિયમરૂપ બનવી જોઈએ. ગાંધીને મન જે અહિંસાનો ઐહિક બાબતોમાં ઉપયોગ ન કરી શકીએ તેની તેમને મન કોઈ કિંમત નથી.

ગુફાવાસીઓ માટે અને પરલોકમાં અગ્રસ્થાન પ્રાપ્ત કરવાને અર્થે પુણ્ય એકઠું કરવાને માટે જ અહિંસાનો ઉપયોગ મર્યાદિત રાખવો એ ખોટું છે તેમ ગાંધી માનતા હતા. જીવનના દરેકે દરેક વ્યવસાયમાં કામ ન આવે તે સદ્‌ગુણનો કશો અર્થ નથી.

**અંતમાં ...**

ગાંધીએ અહિંસાપથ માટેનું માર્કિંગ માનવચેતના ઉર્ધ્વારોહણના પથ પર સારા એવા પ્રમાણમાં કરી રાખ્યું છે. વ્યક્તિ, સમૂહ, રાષ્ટ્ર માટેની આછીપાતળી આચારસંહિતા આલેખી છે. આક્રમણ, આતંક સામે શું કરવું? લશ્કર હોય, ન હોય, હોય તો કેવું હોય? તેની વાતો કહી છે. યુદ્ધના વિકલ્પો વિચાર્યા છે.

જિંદગીના અંતિમ પર્વમાં ૨-૧૧-૧૯૪૭ના હરિજનબંધુમાં ગાંધી લખે છે –

'હિંદુસ્તાનની ચાળીશ કરોડની પ્રજાએ લોહી વહેવડાવ્યા વિના પોતાની સ્વતંત્રતા મેળવી છે. હિંદુસ્તાન સ્વતંત્ર થયું. તેથી લંકા બ્રહ્મદેશ પણ સ્વતંત્ર થયા.'

ગાંધી ઈચ્છે છે – 'જે હિંદુસ્તાન તલવાર વાપર્યા વિના આઝાદ થયું તે હવે તલવાર વાપર્યા વિના જ પોતાની આઝાદી ટકાવે.'

પણ ગાંધી જોઈ રહ્યા હતા સાથી મિત્રો 'પીસ પોટેન્સિયલ' વધારવાના સ્થાને 'વોર પોટેન્સિયલ' વધારવામાં લાગી ગયા હતા ત્યારે ગાંધી કહે છે –

'હિંદુસ્તાન પાસે આજે સામાન્ય ખુરકી ફોજ છે, હવાઈ ફોજ છે અને નૌકા ફોજ તૈયાર થઈ રહી છે અને એ બધા સૈન્યોમાં વધારો કરવામાં આવી રહ્યો છે.'

ગાંધી ચેતવે છે, કહે છે –

'મારી ચોક્કસ શ્રદ્ધા છે કે હિંદુસ્તાન પોતાની અહિંસક તાકાતમાં વધારો નહીં કરે તો તેણે પોતે કશું મેળવ્યું નથી, દુનિયાને માટે પણ કશી કમાણી કરી નથી. હિંદુસ્તાનનું લશ્કરીકરણ થશે તો તે જાતે બરબાદ થશે અને દુનિયાની પણ ખરાબી કરશે.'

'ગાંધી ૧૫૦' ઉજવણી એક ઘોંઘાટ ન બને, ક્યાંક શાંતચિત્તે અહિંસક સમાજના સ્વપ્નને સેવીએ અને માણીએ.

❑❑❑

એ-૩૦૨, 'શરણ' નં. ૧, કેસરિયાજી ચાર રસ્તા પાસે,
વાસણા જીવરાજ હોસ્પિટલ માર્ગ, અમદાવાદ – ૩૮૦૦૦૭.
સંપર્ક : ૯૪૨૮૪૧૬૫૭૫

# મહાવીર ભગવાનનો અહિંસા પરમો ધર્મ

તત્ત્વચિંતક વી. પટેલ

*પરિચય : સર્જક અમેરિકા સ્થિત છે. વિવિધ ગુજરાતી છાપાઓ, સામયિકમાં લખે છે. ફેસબુક, ટ્વીટર પર તેમની તત્વલેખનીના અનેકાનેક ચાહકો છે.*

મહાવીર ભગવાનનો અહિંસાનો સિદ્ધાંત એ જૈન ધર્મની સમગ્ર વિશ્વ અને માનવ જાત પ્રત્યેનું અદ્વિતીય, વિશિષ્ટ, ઉત્તમોત્તમ, ઉદાત્ત પ્રદાન કરુણાભર્યું સ્થાન છે, પ્રથમ તો જૈન ધર્મ અતિ પ્રાચીન છે, તે મહાવીર ભગવાને સ્થાપેલ નથી, પણ તેઓએ અહિંસાનું ખાતર નાખીને અને આચારસંહિતાનું પાણી પાઈને ઉજાગર કરેલ છે, અને ધર્મને આધુનિક બનાવેલ છે, અને તપ દ્વારા આંતરિક શુદ્ધિ એ જ ધર્મનો પાયો છે, તેઓએ નિર્ગ્રંથ થઈને સાબિત કરી આપેલ છે તેનું જ મહત્ત્વ છે, આ આજે સ્વીકારાઈ ગયેલી હકીકત છે.

આ ધર્મ અતિ પ્રાચીન છતાં પણ આધુનિક અને અદ્યતન સિદ્ધાંતનું ખૂબ જ તાર્કિક અને વૈજ્ઞાનિક અને વ્યવહારલક્ષી સ્પષ્ટ નિરૂપણ ધર્મના આચરણમાં જોઈ શકાય છે, જૈન ધર્મનાં અહિંસાના સિદ્ધાંતનો વિકાસ માનવનાં વિચારજગતના ઈતિહાસમાં અજોડ છે, અદભુત છે, અલૌકિક છે, જૈન ધર્મ આખો સત્ય, અહિંસા અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને આંતરિક તપ અને તે દ્વારા આંતરિક શુદ્ધતા પર ઊભો છે, જૈન ધર્મની આ આચારસંહિતાનું સામાજિક દષ્ટિએ ખૂબ જ મહત્ત્વ છે.

આધુનિક વિશ્વના વિવિધ પ્રશ્નોના મૂળગામી ઉકેલ આ આચાર-સંહિતામાંથી પ્રાપ્ત થાય છે, જો નિષ્ઠા, પ્રામાણિકતા અને સત્યતા સાથે કોઈપણ સમાજની વ્યક્તિ આ આચારસંહિતાનો સત્યતાપૂર્વક અંતરથી જાણીને સ્વીકાર કરે અને સમજપૂર્વક તેને પોતાની સત્યતાપૂર્વક જીવનમાં પાલન કરે તો માનવસમાજમાં પ્રવર્તમાન તમામ અનિષ્ટોનું અસ્તિત્વ જ રહેવા પામે નહીં, તેવું બળ જૈન ધર્મની આચારસંહિતા અને અહિંસા પરમો ધર્મમાં રહેલ છે,..

આજની વિશ્વ વિભૂતિ મહાત્મા ગાંધીનાં અભૂતપૂર્વ નેતૃત્વ નીચે સત્ય અને અહિંસાના સિદ્ધાંત આધારિત સત્યાગ્રહ દ્વારા આઝાદી માટેની સત્ય અને અહિંસક લડાઈ લડવામાં આવી અને તેમાં જે સફળતા મળી, જેથી સમગ્ર વિશ્વનું ધ્યાન સત્ય અને અહિંસાના જૈન સિદ્ધાંત પ્રતિ સવિશેષ આકર્ષિત થયેલ છે, અને આ સિદ્ધાંત નીચે અનેક રાષ્ટ્રો સ્વતંત્ર થયા છે, ને આજે અનેક રાષ્ટ્રોમાં સત્ય અને અહિંસાના આધારે આંદોલનો ચાલી રહ્યાં છે., જેનો યશ ગાંધીજીનાં સત્યાગ્રહને અને જૈન ધર્મની આચારસંહિતાને જ ફાળે સવિશેષ જાય છે, તેમાં કોઈ શંકા જ નથી.

જૈન ધર્મમાં સત્ય અહિંસા, કરુણા અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને આંતરિક તપ દ્વારા આંતરિક શુદ્ધિ આ આચારસંહિતાના સોનેરી સિદ્ધાંતને લીધે જ સમગ્ર વિશ્વનો ધર્મ બનવાની ક્ષમતા ધરાવે છે, હિંસાએ પશુઓનો ખોરાક મેળવવાનો નિયમ છે, તેવી જ રીતે અહિંસાએ માનવજાતનો શાશ્વત નિયમ છે, કારણકે આત્મતત્વ પશુમાં નીશ્રેષ્ઠ સ્થિતિમાં છે, અને તેને ભૌતિક બળ સિવાય અન્ય કોઈ નિયમની પશુઓને જાણકારી જ નથી, જ્યારે માણસનું એવું નથી તે આત્મવાન અને વિચારવાન પ્રાણી છે.

જ્યારે માનવજીવનની ઉચ્ચતર મનની સ્થિતિ અને ઉચ્ચતર પ્રતિષ્ઠા, ઉચ્ચતર જીવનનો નિયમ, વિકાસ ઉચ્ચતર આત્માના બળની પ્રાપ્તિ, પ્રત્યે આંતરિક અનુકંપા છે, અને આત્મા એ જ પરમાત્મા છે, અને આ આત્મા સોમા બિરાજે છે, તેની સ્પષ્ટ પ્રતીતિ માણસને આત્મજ્ઞાનમાં, આત્મસ્થ થતા અને પોતાના સ્વભાવમાં અને નીર્વિચારમાં સ્થિર થતા જ થાય જ છે.

આમ આત્માની સ્પષ્ટ જાણકારી માનવ પાસે છે, આ રીતે આત્મા એક જ છે તેવું જો શુદ્ધ અંતરનાં ભાવથી માણસ વિચારે અને સ્પષ્ટ આંતરિક સાધના દ્વારા જાણે તો અહિંસા માનવજાતને માટે હાથવગી ચીજ બની રહે છે. કારણકે મારો આત્મા એ જ આત્મા બીજામાં પણ વિલસે છે, રહેલો છે, માટે કોઈનું ખૂન કરવું તે મારું જ ખૂન છે, તેવું અંતરથી શુદ્ધ બુદ્ધિથી વિચારે, અનુભવે અને આવા વિચારમાં સ્થિર થાય તો આ વિચારમાં અત્યંત મહાન શક્તિ અહિંસાની પડેલી છે.

આ શક્તિનું પાલન કરવાની માનવસમાજની પવિત્ર ફરજ બની રહે છે, જે માણસ આ ફરજનું જ પાલન કરે છે તે જીવનમાં સુખ અને સમૃદ્ધિ બન્ને પ્રાપ્ત કરી જ શકે છે, અને માનવપ્રતિભા દ્વારા યોજિત વિનાશના પ્રબળત્તમ સાધન કરતાં વધારે આ જૈન ધર્મની આચારસંહિતાની પ્રબળતા અનેકગણી વધુ રહેલી છે તે સત્ય હકીકત છે, માનવસમાજ શાંતિથી જીવી શકે છે.

વિશ્વના જે ધર્મો આજે અસ્તિત્વ ધરાવે છે તે તમામ ધર્મોમાં ઓછાવત્તા પ્રમાણમાં સૌએ સત્ય અને અહિંસાનું મહત્ત્વપૂર્ણપણે સ્વીકારેલ છે, અને ભારતમાં ઉદ્‌ભવેલા હિંદુ ધર્મમાં, જૈન ધર્મમાં, અને બૌદ્ધ ધર્મમાં સત્ય અને અહિંસાનું અનોખું સ્થાન છે.

આપણા સૌથી પુરાણા સાહિત્યમાં વેદની ગણના થાય છે. અને વેદ એ ઋષિઓની અનુભૂતિઓનો નિચોડ છે, અને તેથી તે અપૌરુષેય કહેવાય છે, એટલેકે જયારે ઋષિઓ ધ્યાનની સાધનામાં

નિર્વિચાર અને અમન થઈ પરમાત્મા સ્વરૂપમાં સ્થિર થતા ત્યારે જે વિચાર પોતાના અંતરમાં પ્રગટતો તે વેદમાં સંગ્રહાયેલો છે, તે વિચાર સત્ય જ હોય તેમાં કોઈ શંકા નથી.

વેદમાં તો સ્પષ્ટ કહેવાયું છે, કે કોઈપણ જીવની હિંસા કરો જ નહીં, તેવો પરમાત્માનો આદેશ છે, અને કોઈએ પ્રાણની હિંસા કે આઘાત પણ નકારવાની સ્પષ્ટ સૂચના વેદમાં અપાયેલ છે, આ સૂચનને હિંદુ ધર્મે અંશતઃ અપનાવેલ પણ છે, બુદ્ધ ધર્મે અને જૈન ધર્મે સો ટકા અપનાવેલ છે.

વેદના કાળમાં પુરોહિતોએ ઘણી મોટી ગરબડો ઊભી કરી છે તેનો કોઈ હિસાબ નથી, કોઈ અનુભૂતિ વિના ઘણું બધું મનઘડીત ખરાબ કૃત્ય કરેલા છે, અને ધર્મમાં ઘુસાડી દીધા છે, જેમાં યજ્ઞ અને યજ્ઞમાં પશુઓ હોમવાનું શરૂ કરાવેલ છે તે છે. આ બેહૂદા કૃત્ય પાછળ જે વિચાર છે, તે જ સાવ જ ખોટો હતો, અને છે, પણ તે વખતે પુરોહિતો અને બ્રાહ્મણોનું વર્ચસ્વ જોરદાર હતું, તેઓ બોલે તે જ ધર્મ ગણાતો.

આ બ્રાહ્મણો અને પુરોહિતો માંસ ખાવાના શોખીન હતા પણ જાહેરમાં ખાઈ શકતા હતા નહીં, કારણકે વેદની મનાઈ હતી. માટે જ યજ્ઞોમાં પશુ હોમવાનો નુસખો અજમાવ્યો એટલે પશુને યજ્ઞમાં હોમીને તેનું માંસ નિરાંતે પ્રસાદરૂપે ખાઈ શકાય માટે જ આ પ્રથા શરૂ કરેલી, એમાં કોઈ વેદનો આદેશ હતો નહીં, માત્રને માત્ર પોતાનો જ સ્વાર્થ હતો.

આમ આ આખી પ્રથા બ્રાહ્મણો અને પુરોહિતોની સ્વાર્થયુક્ત પોતે ઊભી કરેલી છે, તેમાં વેદનો કોઈ સાથ હતો જ નહીં, ક્યાંક ક્યાંકતો જે માણસ પુરોહિતોને અને બ્રાહ્મણોને નડતો હોય તે માણસને પકડીને તેને યજ્ઞમાં હોમી દેતા હતા તે હકીકત હતી, જેથી તે પોતાના ધંધામાં ક્યાંય આડો આવે નહી, આવી ક્રૂરતા અજમાવતા શરમ પણ આવતી નહીં, અને આવું કર્મ ધર્મનું ગણતા હતા,

આમ હિંદુ ધર્મમાં બ્રાહ્મણો અને પુરોહિતોનું આધિપત્ય, વર્ણ વ્યવસ્થાની જડતા, યજ્ઞમાં અપાતી આહુતિમાં થતી હિંસા અને ધર્મશાસ્ત્રોની ભાષાની અજ્ઞાનતા ભારોભાર વ્યાપી ગઈ હતી, બ્રાહ્મણો અને પુરોહિતો બોલે તે જ ધર્મ બની ગયો હતો.

આ પરિસ્થિતિમાં બે ક્રાંતિકારી મહામાનવો સૂર્યની જેમ પ્રકાશમાં આવે છે, જેમાં એક છે બુદ્ધ ભગવાન અને બીજા છે મહાવીર ભગવાન. બન્નેએ આ પાખંડતાનો સખત વિરોધ કર્યો અને પુરોહિતો અને બ્રાહ્મણોને પડકાર્યા અને આ તદ્દન ખોટું છે તેમ કહ્યું, પોતે પોતાના ધર્મના દરવાજા સૌને માટે ખુલ્લા મૂકી દીધા. આમ તે વખતે જેવી તેવી ક્રાંતિ ન હતી પણ જડમૂળથી ક્રાંતિની મશાલ હતી, હિંદુ ધર્મ સ્વીકારે કે ન સ્વીકારે પણ તેમને પણ આ બન્ને ધર્મના અનેક સિદ્ધાંતોને આત્મસાત કરવા જ પડ્યા છે તે સત્ય છે.

આ યજ્ઞપ્રથાની સામે મહાવીર ભગવાને અને બુદ્ધ ભગવાને જોરદાર વિરોધ કર્યો ને કહ્યું કે હિંસા કરવાથી કદી પરમતત્વની પ્રાપ્તિ શક્ય જ નથી, કે દેવદેવીઓને રાજી કરાવી શકાય નહીં આ વિચાર જ ખોટો છે, બેહૂદો છે, માટે બંધ કરો આ બધું જ. વાહિયાત અને સ્વાર્થયુક્ત વ્યવહાર છે, તેને તજવો જ જોઈએ, તેનાં પરિણામે યજ્ઞમાં પશુને હોમવાનું બંધ થયું, હજી પણ ક્યાંક ક્યાંક જોવા મળે છે, એ તો માણસની નાદાની છે, અંધશ્રદ્ધા છે, અંધવિશ્વાસ છે, ગેરસમજણ છે. કોઈપણ જાતની હિંસાથી કોઈ દેવ પ્રસન્ન થાય જ નહીં, તે આ જગતનો શાશ્વત સિદ્ધાંત છે.

આજે પણ જે હિંદુ ધર્મમાં યજ્ઞ ચાલે છે, જેમાં કોઈ વૈજ્ઞાનિક સત્ય નથી, આસ્થા અને અંધવિશ્વાસનું પ્રતીક છે, પણ પશુ હોમવાનું આ બે મહાપુરુષોના વિચારે બંધ થયું છે તો આજે પણ યજ્ઞમાં કીમતી વસ્તુઓ બાળવામાં આવે છે, ને ધુમાડો કરી પ્રદૂષણમાં વધારો કરે છે અને યજ્ઞના નામે માણસોને ખંખેરે છે, આ ખંખેરવાની પ્રથા હજી પણ ચાલે છે. આમાં પૂરેપૂરી અંધશ્રદ્ધા જ છે તે સત્ય છે.

બોદ્ધ ધર્મ અને જૈન ધર્મના અનુક્રમે પંચશીલ અને પાંચ વ્રતોનું ફરમાન અને આજ્ઞા આ સર્વ કથનોમાં અહિંસાનું અને જીવનની શુદ્ધતાનું જ પ્રાધાન્ય રહેલું છે, અને જીવનમાં આંતરિક શુદ્ધતા દ્વારા સિદ્ધિ મળે છે. તે બન્ને ધર્મોએ પ્રસ્થાપિત કરેલ છે,

વિશ્વના ધર્મોમાં તું કોઈનું પણ ખૂન કરીશ નહીં એવું યહૂદી ધર્મમાં અને ખ્રિસ્તી ધર્મમાં ફરમાન-આજ્ઞા આવા કથનો વિશ્વના ધર્મોમાં અહિંસાના સ્થાનનો નિર્દેશ કરે છે, તે નક્કી જાણો. આમ બધા જ ધર્મો કોઈને કોઈરૂપે અહિંસાને માને છે.

જૈન ધર્મ સ્પષ્ટ માને છે કે હિમાલયથી કોઈ ઊંચું નથી,. આકાશથી કોઈ વિશાળ નથી અને શુદ્ધ નથી તેમ આ સમગ્ર જગતમાં સત્ય અને અહિંસાથી ઊંચો વિશાળ અને શુદ્ધ કોઈ ધર્મ નથી, એને જાણીને શુદ્ધ મન અને શુદ્ધ બુદ્ધિથી અનુસરણ કરવાથી પરમ શાંતિ અને આનંદ પ્રાપ્ત થાય છે, તે છે જૈન ધર્મની માનવને પ્રસાદી.

જૈન ધર્મ સ્પષ્ટ માને છે, કે જીવવધ એ જ આત્મવધ છે, અને આ જગતમાં આત્માના વધ જેવું બીજું કોઈ પાપકૃત્ય નથી, એટલે જીવદયા એ જ આત્મદયા છે, અને અહિંસા એ જ પરમો ધર્મ છે, તેથી આત્મતત્વને શુદ્ધ અંતરથી જાણો અને અને સર્વ જીવહિંસાથી દૂર રહો ,એ જ પરમ જીવનની ઉપલબ્ધી છે.

આ જગતમાં જેઓ આંતરસાધના કરી જ્ઞાનમાં સ્થિર થયા છે, તેવા જ્ઞાનીપુરુષો પોતાના સ્વભાવથી જ કોઈપણ પ્રાણીની હિંસા કરવી જ નહીં તેવું કહે છે, આમ જ્ઞાનીપુરુષો આંતરિક સાધના દ્વારા પરમતત્વની અનુભૂતિ કરી ચૂક્યા હોય છે, એટલે તેઓ જે બોલે તે પરમતત્વની જ વાણી હોય છે.

આવા જ્ઞાનયુક્ત માણસ જ્યારે કહે છે કે હિંસા કરવી નહીં, તેનો અર્થ એટલો કે પરમાત્મા હિંસા કરવામાં રાજી નથી, આજ અહિંસાનું સત્યસ્વરૂપ વિજ્ઞાન છે, આનાથી ચડિયાતું આ જગતમાં કોઈ વિજ્ઞાન નથી, જ્યાં પરમાત્મા સ્વરૂપ થઈને જ્ઞાની માણસ કહે છે, તેનાથી મોટું આ જગતમાં કોઈ સત્ય હોઈ શકે જ નહીં એટલું સ્પષ્ટ જાણો અને અનુસરો, એમાં જ કલ્યાણ છે.

અહિંસા એટલે શું તે પણ શુદ્ધ અંતરથી જાણી લેવા જેવી હકીકત છે, અહિંસા એટલે મન-વચન કર્મ અને કાયા દ્વારા કોઈપણ જીવ પછી તે સૂક્ષ્મ હોય, ચર હોય કે અચર હોય તેને હાનિ કે હિંસા કરવી જ નહીં, તેને નુકસાન કરવું જ નહીં, કરાવવું પણ નહીં, કે કોઈપણ કરતું હોય તો તેને કોઈપણ જાતનું અનુમોદન, સાથ સહકાર પણ આપવો જ નહીં અને ટેકો પણ આપવો નહીં.

અહિંસા એટલે કોઈપણને માનસિક કે શારીરિક રીતે પણ દુ:ખ દેવું જ નહી, કોઈનું અપમાન કરવું નહીં, કોઈ પર ક્રોધ કરવો જ નહીં કે કોઈનું શોષણ પણ કરવું નહીં, કોઈની નિંદા કુથલી પણ કરવી નહીં, એટલે કે કોઈને પણ માનસિક રીતે ત્રાસ આપવો નહીં એ છે, સત્યસ્વરૂપ અહિંસાનું આચરણ, આવું જ્યાં આચરણ હોય ત્યાં પરમ શાંતિ જ હાજર હોય તે સ્વાભાવિક છે.

આમ જોવા જઈએ તો અહિંસા શબ્દ જ નિષેધક છે, નકારાત્મકતા છે, તે સૂચવે છે કે કોઈપણ જીવની હત્યા હાનિ કે વધ ન કરવાનું સ્પષ્ટ સૂચવે છે,પરંતુ તેનો મુખ્ય આશય હેતુ વિધાયક છે, તેથી જીવમાત્ર પ્રત્યે કરુણા, દયા, પ્રેમ અનુકંપા, બંધુત્વ, વગેરે માણસમાં રહેલા સદગુણ અહિંસામાં દર્શાવાય છે,આમ અહિંસા એટલે સો ટકા અસીમ કરુણા અને સત્યસ્વરૂપ વાસ્તવિક પ્રેમ દ્વારા માનવપ્રેરિત વિચારવાણી અને કર્મની આંતરિક શુદ્ધિ સમાવિષ્ટ થાય છે.

જ્યાં માણસમાં આંતરિક શુદ્ધતા, સ્થિરતા અને પદાર્થની પકડની સો ટકા નિવૃત્તિ છે, ત્યો જ અહિંસા સ્વંય આત્મશક્તિ બને છે, આ માનવસ્વભાવનો, માનવપ્રકૃતિનો શાશ્વત નિયમ છે, અને અહિંસાની અભિવ્યક્તિનું પ્રકટીકરણ માત્રને માત્ર, સત્ય, સહિષ્ણુતા, નમ્રતા અને પ્રેમના સદગુણોમાં જ થઈ શકે છે અને આ જ માનવજાતનો સત્યસ્વરૂપ નિયમ બની રહે છે.

જૈન ધર્મ અને બુદ્ધ ધર્મોની માન્યતા અનુસાર સંસારી જીવનનું અંતિમ લક્ષ જન્મમરણનાં ચક્રમાંથી બહાર નીકળી પરમ શાંતિ અને પરમ આનંદ પ્રાપ્ત કરવાની મહેચ્છા સદાય હોય જ છે તેને ફલિત કરવાનું છે, એટલેકે મોક્ષ, બંધનથી મુક્તિ અને નિર્વાણ પ્રાપ્ત કરવાનો ધ્યેય બન્ને ધર્મનો છે, એટલે જ બન્ને ધર્મો આંતરિક શુદ્ધતા પર જ ઊભા છે, જ્યાં આંતરિક શુદ્ધતા, સ્થિરતા નિર્વિચારતા અને નિર્ગ્રંથની સ્થિતિ છે અને પદાર્થની પકડમાંથી મુક્તિ છે ત્યાં જ મોક્ષની સિદ્ધિ છે.

જૈન ધર્મે મોક્ષની પ્રાપ્તિ આ માટે ત્રિરત્નનાં આચરણની ઘોષણા કરી છે, જેમાં સમ્યકદર્શન, સમ્યકજ્ઞાન અને સમ્યકચારિત્ર દ્વારા સાક્ષીભાવમાં સ્થિર થઈ પદાર્થની પકડમાંથી મુક્ત થઇ મોક્ષ અને મુક્તિ તરફ માણસ આગળ વધી શકે છે, એમ કહેવાયેલ છે.

જયારે બુદ્ધ ભગવાને અષ્ટાંગ માર્ગની ઘોષણા કરી છે જેમાં સત્યવાણી, સત્ય દેહિકકાર્ય, સત્યજીવન નિર્ધાર, સત્ય સમજણ, સત્યવિચાર સત્યપ્રયત્ન. સત્યધ્યાન અને સત્યસમાધિ આ અષ્ટાંગ માર્ગ દ્વારા શીલ પ્રજ્ઞા અને સમાધિ પ્રાપ્ત કરવાની વાત કરી છે, આ અષ્ટાંગ અમલ કરી સાક્ષી ભાવમાં સ્થિર થઇ પદાર્થની પકડમાંથી મુક્ત થઇ પ્રજ્ઞા, મુદિતા અને ઉપેક્ષા પ્રાપ્ત કરવા પર જોર દીધું છે.

આમ બન્ને ધર્મો આંતરિક શુદ્ધતા પર ઊભા છે, તેમાં કોઈ બાહ્યાચારોને સ્થાન નથી, અને બાહ્યાચારો એ કોઈ ધર્મનું આચરણ પણ નથી તે સત્યને જાણો, જૈન ધર્મની આખી વિચારધારામાં માંસાહાર, શિકાર, શરાબનું સેવન જેવા નિંદાને પાત્ર હિંસક અને ક્રૂર વ્યવહારો તાજ્ય છે. જૈન ધર્મ અને બુદ્ધ ધર્મ બન્ને જીવન પવિત્ર છે, અને જીવનની પવિત્રતા અખંડતા આવા ઉમદા આદર્શોને સ્વસ્થ ચિત્તે જાણી સમજી ખુલ્લા મનથી નિખાલસપણે બન્ને ધર્મના સિદ્ધાંતોનો માણસે આદર કરવો જ જોઈએ અને જીવનમાં આચરણ કરવા પર જોર દીધું છે.

એટલું સ્પષ્ટ છે કે બુદ્ધ ધર્મ અને જૈન ધર્મના સિદ્ધાંતોને સ્વસ્થ ચિત્તે જાણી સમજી આચરણ કરીએ છીએ તો જીવનમાં નિસ્વાર્થતા, આત્મસમર્પણ સત્ય, અહંકારરહિતતા, સરળતા, સહજતા, જાગૃતતા અને કરુણા વગેરે સદગુણો જીવનમાં વિકસે છે, ત્યારે માનવતા ઉદય પામે છે,ત્યારે જીવન સમગ્ર રીતે દિવ્ય થાય જ છે, જે જીવનની મહાસિદ્ધિ છે આ છે. આ ધર્મના આચરણની ફલશ્રુતિ, આમ જૈન ધર્મ જીવો અને જીવવા દ્યો આ કથન જૈન ધર્મ પોતે આચાર અને વિચાર દ્વારા સાકાર બનાવે છે. જૈન ધર્મ એટલે આચારમાં અહિંસા, વિચારમાં અનેકાંત, વાણીમાં સ્યાદવાદ અને સમાજમાં અપરિગ્રહ એ ચાર થાંભલા જ જૈન ધર્મની આધારશીલા છે, એમ સ્પષ્ટ કહું છું.

આદેશના ધર્મમાં ચાલતી અનેક પ્રકારની ગરબડો જેમાં ધર્મ એટલે માત્રને માત્ર બાહ્યાચારોમાં જ સમાઈ ગયો છે, આંતરિક સાધના કરી મન-બુદ્ધિ અને વાસનાને શુદ્ધ કરવાનું, શૂન્યમાં સ્થિર થવાનું નિર્વિચાર થઇ નિર્ગ્રંથ સ્થિતિ પ્રાપ્ત કરવાનું સાવ જ ભૂલાઈ ગયેલ છે અને પદાર્થની પકડમાંથી મુક્ત થવું જોઈએ તેને બદલે પદાર્થની પકડ વધુ મજબૂત બનેલ છે, જેથી લાભ અને લોભની પૂરતી કરવી એ જ ધર્મનો ધ્યેય બની ગયો છે, એટલે ધર્મમાં અસત્યનું રાજ છે તેથી ધર્મ એ સત્ય ધર્મ રહ્યો નથી,માટે કોઈ એક અસાધારણ પરમ યોગીની હસ્તી સિવાય કોઈ પણ માણસ ગમે

તેટલો સમજુ હોય તો પણ તે આજે સત્યના રસ્તે દોરવી શકે એમ નથી, એટલે આજે જરૂર છે તમામ, વાદ વિવાદો અને મને ઘડીત સિદ્ધાંતોની પાર પહોંચેલો પરમ શાંત વજ્રમય ઈચ્છાશક્તિ વાળા મહાયોગીની જરૂર છે, જે આજની જડતા તેમ જ ચેતનાના ભેદ જાણનાર ઈતિહાસમાં, રાજકારણમાં અને સત્યસ્વરૂપ ધર્મમાં પારંગત હોય.

જે સો વર્ષનું કામ એક દિવસમાં કરી શકે તેવો આત્મિક શક્તિવાળો, આજના જનસમૂહને અને ધર્માત્માઓને કાન પકડીને દોરવી શકે અને છતાં જનસમૂહ અને ધર્માત્માઓ દ્વારા શુદ્ધ હૃદયથી અને અંતરની શુદ્ધ ભાવનાથી પૂજાય એવા અસાધારણ યોગી પુરુષની આજે તાતી જરૂર છે.

જે આજના માનવ ને આજના ધર્માત્માને સત્ય ધર્મમાં પ્રસ્થાપિત કરી શકે, અને સમાજને અને આજના ધર્માત્માઓને સત્યના રસ્તે આચરણ કરતા કરાવી શકે, અને આજે જે પદાર્થની પકડમાં જકડાયેલા છે તેમાંથી મુક્ત કરી શકે તેવા સત્યસ્વરૂપ, દઢ નિશ્ચયી અને વજ્ર જેવી આત્મશક્તિવાળા એક મહાયોગીની તાત્કાલિક જરૂરિયાત છે.

ચાલો આપણે સાવ અંતરથી પરમાત્મા પાસે નમ્ર પ્રાર્થના કરીએ કે આવા પરમ સત્યસ્વરૂપ આત્મિકશક્તિવાન યોગીને ભારતમાં મોકલે, જે ધર્મનો ગંદવાડ મિટાવવાની શક્તિ અને કુનેહ જાણતો હોય. ❑❑❑

sarujivan39@gmail.com

# પૂજ્ય પંન્યાસજી મહારાજની દૃષ્ટિએ 'અહિંસા'

**ભારતી દિપક મહેતા**

***પરિચય : વડોદરાની મ.સ. યુનિ. ગોલ્ડ મેડાલિસ્ટ, સૌરાષ્ટ્ર યુનિ.ના વ્યાખ્યાતા, માતા-પિતા, સાસુ-સસરા તથા પોતાના ગુરૂ મહારાજશ્રી એ દરેકના જીવનચરિત્રના આ લેખક, આઈ.ટી. તથા ડિઝાઈન કંપની તથા ઑન લાઈન એજ્યુકેશન કંપનીના સમાહર્તા હાલમાં પૂ. પંન્યાસજી મહારાજની હસ્તલિખિત ડાયરીઓનું તેઓના હસ્તાક્ષરોમાં જ પ્રકાશન કરે છે. ભારતીબેનની કલમમાં ચરિત્રોને જીવંત કરી આલેખવાની શક્તિ છે. વિષયની ગહનતા અને સંશોધનની આગવી નિષ્ઠા સાથે તેમનું કાર્ય બહુ જ સરાહનીય બન્યું છે.***

Audio Link : https://youtu.be/IEo4nrCXUZw ●https://youtu.be/G3yg6nY82gk

**સા**ડાત્રણ કરોડ શ્લોકના રચયિતા કલિકાલસર્વજ્ઞ પૂજ્યશ્રી હેમચંદ્રાચાર્યજી થકી જે ભૂમિ ૧૨મી સદીમાં વિભૂષિત થયેલી, તે પાટણનગરીમાં જ ઈ.સ. ૧૯૦૨માં અવતરિત થયેલ અને ઈ.સ. ૧૯૮૦માં ઉર્ધ્વગતિ પામેલ એવા **પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ**ની ઈ.સ. ૧૯૩૨થી ઈ.સ. ૧૯૭૭ના ૫ દાયકાઓ દરમ્યાન હસ્તલિખિત દ્વિશતાધિક ડાયરીઓ મળે છે. તેઓ સ્વયં તો 'પારસમણિ' સમાન હતા જ, કિન્તુ આ હસ્તલિખિત રોજનીશીઓ પણ તેઓની વિદેહી ઉપસ્થિતિમાં અને આ ૨૧મી સદીમાં જ્યારે વિશ્વભરમાં હિંસાનાં નગારા ચોમેર વાગી રહ્યા છે, ત્યારે પારસમણિરૂપ જ છે.

મૈત્રીના મહાસાધક પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યજીએ તેમાં શ્રી નવકાર મહામંત્ર, નવપદજી, મંત્રસાધના, ધ્યાન-કાયોત્સર્ગ, અષ્ટાંગયોગ, ચિત્તસમત્વ, કર્મ સિદ્ધાંત, અધ્યાત્મનવરસ, અહિંસા, જીવમૈત્રી, આત્માનુસંધાન, દ્વાદશાંગીસાર જેવા અગણિત વિષયોને અત્યંત ગૂઢભાવથી આલેખ્યા છે, જેમાંથી 'અહિંસા' વિષયક તેઓની વ્યાખ્યા-સમજણ-ચિંતનભરી અનુપ્રેક્ષાઓ સંકલિત કરીને અહીં મૂકેલ છે, જેના તેજલિસોટા આપણા ચિત્તને અવશ્ય કરશે ઉજાસિત અને ઉલ્લસિત.

✶✶✶

**જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત અહિંસાનો છે પણ યથાર્થ રીતે 'અહિંસા' એટલે શું ?**

'અહિંસા' એટલે કોઈપણ પ્રાણી પ્રત્યે, કોઈપણ કાળે, કોઈપણ કારણે, કોઈપણ જગ્યાએ, મન-વચન-કાયા વડે દ્રોહનો અભાવ. 'અહિંસા'નો અર્થ ન મારવું એટલો જ મર્યાદિત નથી, કિન્તુ સહાનુભૂતિ, પ્રેમ, કરુણા, હૂંફ અને સૌનું ભલું કરવાના ભાવનો સમાવેશ આ નાનકડા એવા 'અહિંસા' શબ્દમાં થાય છે.

**પ્રાણીમાત્રને આત્મપ્રેમે ચાહવાની મહાકળા તે અહિંસા.**

'કોઈ જીવને હણવો નહિ' એટલો જ વિચાર અહિંસકભાવ માટે પૂરતો નથી, પરંતુ જેને ન મારવો, તે જીવ કોણ છે તેનું સ્વરૂપ ઓળખવું પણ અતિ જરૂરી છે. સર્વ આત્મા સમાન પરમાનંદના કંદ છે, અનંતસુખના નિધાન છે અને સત્તાધર્મે અનંત ગુણોના ભંડાર છે.

સિદ્ધના સ્વજાતિ એ મારા પણ સ્વજાતિ. જીવો તરફ બહુમાન, પ્રેમ અને હિતચિંતાપૂર્વક જીવને જરા પણ દુઃખ ન થાય તેવો ભાવ પ્રકટે તે અહિંસક ભાવ છે.

**આત્મજ્ઞાની થયા સિવાય અહિંસા અશક્ય છે.**

પ્રથમ જ્ઞાન પછી દયા. 'કોઈ જીવન ન હણો' એ પ્રભુની પરમ આજ્ઞા છે. એનું પૂર્ણ પાલન એ જ પ્રભુનું પૂર્ણ ભજન કે આરાધના છે. પ્રભુ આજ્ઞાનું રહસ્ય જીવમાત્રને આત્મસમ સ્વીકારવામાં છે. મૈત્રી વિનાની અહિંસા જેમ શુષ્ક છે, તેમ અહિંસા વિનાની

મૈત્રી પણ માયા છે. 'મને જેવા સુખ-દુઃખ થાય છે, એવા જ તમામ જીવોને થાય છે' એમ સમજી કોઈપણ પ્રાણીને ન દુભાવવાની વૃત્તિ તે અહિંસા. આત્મામાં રહેલ રાગ-દ્વેષ-કામ-ક્રોધ-લોભ-મદ-મોહ-મત્સરાદિ દુર્ભાવોને નિગ્રહમાં લાવવાની વૃત્તિ તે અહિંસા.

**જ્યાં જેટલો આગ્રહ, ત્યાં તેટલી હિંસા કે અજયણા.**

આગ્રહમાં કાંઈને કાંઈ હિંસા રહેલી છે. અંદરની વૃત્તિ બહાર ખેલવા નીકળે, તે વખતે આત્મભાન કાયમ રાખવાનો આગ્રહ અને વિવેક જો જયણા, જીવદયા કે અહિંસા - આવો આગ્રહ રાખનાર સૂક્ષ્મ હિંસાથી પણ બચી જાય છે, એ પછી તેનાથી જીવની સ્થૂલ હિંસા તો થાય જ ક્યાંથી? આમ જગતના સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક અભેદભાવ અનુભવવાની વૃત્તિ તે અહિંસા.

**જૈનોનું જીવશાસ્ત્ર બીજા કરતાં અલગ કઈ રીતે ?**

જૈનધર્મના અહિંસા અને અનેકાન્તમાં વિશ્વની અશાંતિને દૂર કરવાની તાકાત છે. સત્ય, બ્રહ્મચર્ય આદિ વ્રતો અને નિયમોનું પાલન અન્ય ધર્મોમાં છે જ પણ એને સજીવ કરવું હોય તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ બાબતો ઉપર પણ વિશેષે ધ્યાન આપવું જરૂરી છે. જૈનધર્મ પ્રમાણે સત્ય વગેરે વ્રતો અહિંસાથી જ શુદ્ધ થઈને ફળે છે. જેઓ સત્યને સમજવા તત્પર ન હોય તેને માટે રાહ જોવી અનિવાર્ય છે. અહિંસાનું મૂળ સત્યમાં અને સત્યનું મૂળ અહિંસામાં છે. 'સુખની ઈચ્છા સર્વ જીવને એકસરખી છે' એ સત્ય છે. તે ઈચ્છા પૂર્ણ કરવાનું સાધન અહિંસામાં જ છે. સત્ય સેવીએ, છતાં અહિંસા અને સત્યમાં અહિંસાને પ્રધાનપદ આપવાનું છે. જૈનોની અહિંસા એટલે તો જાણે સ્વર્ગનું રાજ્ય. અહિંસાની પ્રતિષ્ઠાથી તેની આસપાસ રહેનારો હિંસક ન રહે. એકાંતે ષડ્જીવકાયની રક્ષા એ જૈનોની અહિંસા નથી, પણ જીવત્વે અભિન્નતાનું જ્ઞાન, આત્મસમદર્શિત્વના પરિણામસહિત થતું દયાનું પાલન છે.

**જૈનોનું જીવન અહિંસાના અખંડ અને ક્યારેક ખંડકાવ્ય સમું છે**

જૈનો જગતના જીવમાત્રને પ્રેરણા અને આશ્વાસનરૂપ સ્થાન ગણાય છે. હિંસાદિ પાપસ્થાનોની ઉત્પત્તિનું મૂળ સ્વાર્થની અધિકતા અને પરમાર્થની સંકુચિતતા છે. જ્યારે સ્વાર્થવૃત્તિનો સંકોચ અને પરમાર્થવૃત્તિનો વિકાસ થાય છે ત્યારે જ અહિંસાદિ ધર્મોનો વિકાસ થાય છે. અહિંસાની વિવેચના માટે જૈનોનું જીવશાસ્ત્ર બીજાઓ કરતાં જુદું પડી જાય છે. વિહાર, ભિક્ષા, નિવાસ આદિ બાબતોમાં જૈન નિર્ગ્રન્થનો આચાર અહિંસામય છે, જ્યારે બીજા સાધુઓનો આચાર બહુધા તેવો નથી. શ્રમણોનું જીવન સંપૂર્ણ અહિંસામય હોવાથી તે આત્માઓ જીવનસ્પર્શી મૈત્રીમય હોય છે. સાચા સંતો રાગ-દ્વેષ અને હિંસાને હળાહળ પી જાય છે ને બદલામાં માનવજાતને પ્રેમનું અમૃતપાન કરાવે છે.

**અન્યદર્શન અને જૈનદર્શનની અહિંસામાં શો ભેદ છે ?**

ઉત્તરાધ્યયન સૂત્ર, ધમ્મપદ અને ભગવદ્ગીતા - એ ત્રણેમાં ચિત્તશુદ્ધિ, સંયમ અને અહિંસા ઉપર એકસરખો ભાર છે. દરેક માને છે કે દ્વૈત નિષ્ઠા હોય કે અદ્વૈત, જીવનમાં અહિંસાને નિરપવાદ સ્થાન હોવું જોઈએ તથા ધર્મ તો અહિંસામાં જ છે, કિન્તુ જૈનદર્શનની પ્રથમ નિષ્ઠા અહિંસામાં છે, એ પછી જ સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય કે અપરિગ્રહ આવે છે.

**જૈનત્વ એટલે શું ?**

જૈનધર્મનું હાર્દ તો અહિંસા અને સત્ય જ છે. વિધિની જરૂર તો એટલા માટે છે કે તે અહિંસા-સત્યની યાદ આપે છે. રજોહરણ એ અહિંસાનું, સ્થાપનાચાર્ય એ વિનયનું, મુહપત્તી એ સંયમનું અને જપમાલિકા એ ઉપાસનાનું પ્રતીક છે. જીવનમાં અહિંસા, વિચારોમાં અનેકાન્ત, ભાવનામાં રાગ-દ્વેષરહિતતા, સર્વ જીવ પ્રત્યે સમદર્શિતા, વ્યવહારમાં નીતિમત્તા અને ન્યાયબુદ્ધિ, એ જ છે ખરું જૈનત્વ.

**જૈનદર્શન પ્રમાણે જડ શરીર અને ચૈતન્ય આત્માને જુદા પાડવા, તે કાંઈ હિંસાની પૂરી વ્યાખ્યા નથી.**

અહિંસાના સિદ્ધાંતમાં આત્મૌપમ્યની દૃષ્ટિ છે અને થોડી પણ સૂક્ષ્મજીવોની હિંસા જો પોતાના પ્રમાદથી થાય તો તેય અધર્મનું જ કારણ છે. આવી નિરપવાદ અહિંસાને સિદ્ધ કરવી હોય તો જીવનમાં આચરણના નિયમો અતિ કઠોર હોવા જોઈએ. કઠોર આચારો જ જૈનધર્મનું પૃથક્ અસ્તિત્વ સિદ્ધ કરે છે.

સાધુએ વર્જેલાં જીવહિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્માદિથી સાધુ આચારનું ઉલ્લંઘન થાય છે. તે બધાનો સમાવેશ હિંસામાં થાય છે. સર્વ જીવોને સત્તાગત શુદ્ધ સ્વરૂપે જોવાથી અહિંસાદિ ધર્મો પાળી શકાય છે.

**'અહિંસા એ પરમ ધર્મ' કઈ રીતે ?**

પ્રાણીહત્યા એ દરેક ધર્મની દૃષ્ટિએ પાપ અને કુદરતની દૃષ્ટિએ ગુનો છે પણ જીવસૃષ્ટિ સાથેનું અદ્વૈત જ્યારે માનવજાતિને ગળે ઊતરે ત્યારે જ 'અહિંસા એ પરમ ધર્મ છે' તે સત્ય સમજાય છે. આજના કાનૂનનું આ વલણ અહિંસાની નજીક છે કે : 'પોતે નિર્દોષ છે એમ પુરવાર કરવાની જવાબદારી આરોપીની નથી. અમે કોઈનેય ગુનેગાર માનવા તૈયાર નથી, છતાં જો કોઈ ગુનેગાર સાબિત થાય તો નછૂટકે માનીએ છીએ'. આજનો કાનૂન નછૂટકે જ કોઈને ગુનેગાર તરીકે સ્વીકારે છે. અહિંસાનો કાનૂન આગળ વધીને ગુનેગારને પણ શિક્ષા નથી કરતો. જૈનદર્શન મુજબ તો પોતાના આત્માનો શુદ્ધોપયોગ તે અહિંસા, જ્યારે આત્માના શુદ્ધ ઉપયોગરૂપ પરિણામને ઘાતવાવાળો ભાવ તે હિંસા. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી રાગાદિભાવોનું પ્રગટ ન થવું તે અહિંસા ને રાગાદિભાવોની ઉત્પત્તિ તે હિંસા. જીવ અનાદિથી પોતાની શુદ્ધતાની હિંસા કરી રહ્યો છે, તે ટાળવી એ પોતાની અહિંસા કે સ્વદયા છે.

**અહિંસાનો પાયો અપરિગ્રહ છે**

દુઃખનું મૂળ હિંસા અને તેનું મૂળ અસંયમ છે, તેથી મન-વચન-કાયા ઉપર સંયમ કેળવવો. અહિંસાનું શોધક, સત્યનું દઢક અને નિઃસ્પૃહતાને વિકસાવનારું વ્રત તે અસ્તેય છે, તેથી તેનું સેવન સાધકને અનિવાર્ય છે. કોઈના મનને દુભાવવું એ હિંસા છે, વિશ્વપ્રેમથી વિરુદ્ધ છે.

**જૈનધર્મનો બીજો ધ્રુવમંત્ર અપ્રમાદ છે**

અપ્રમાદ જેના મૂળમાં છે તે જ અહિંસક આચાર, બીજો નહિ. ગમે તે કાર્યમાં જેટલા પ્રમાણમાં અપ્રમાદી રહેવાય, તેટલા પ્રમાણમાં અહિંસક બનાય છે અને જેટલા પ્રમાણમાં પ્રમાદ, તેટલી હિંસા છે. પોતાના સુખ-દુઃખની સાથે સર્વનાં સુખ-દુઃખનો સંબંધ ન ભૂલવો તે અહિંસાદિ ધર્મોની ઉત્પત્તિનું બીજ છે. બીજા પ્રત્યે કોમળ થવું તે અહિંસા છે. દાન, દયા, ક્ષમા કે અહિંસા, ધર્મના બધા અંગો એક પ્રેમભાવમાં રહેલ છે. જે દયાની પાછળ અપ્રમાદનો હેતુ નથી અને જે હિંસાની પાછળ પ્રમાદરૂપ હેતુ નથી તે અનુક્રમે દયા પણ નથી અને હિંસા પણ નથી. દયા અને હિંસાને સાનુબંધ બનાવનાર અનુક્રમે અપ્રમાદ અને પ્રમાદ છે. હિંસાથી પીછેહઠ + પ્રેમ + દયાનો ઉદાર વર્તાવ = અહિંસા. પ્રેમ એ અહિંસાનું સર્જનાત્મક સક્રિય સ્વરૂપ છે. અપ્રમાદપૂર્વકના ધ્યાનની સામગ્રી સંયમ, સંયમની સામગ્રી અહિંસા, અહિંસાની સામગ્રી જીવમૈત્રી, જીવમૈત્રીની સામગ્રી પરમેષ્ઠિની ભક્તિ છે, પંચપરમેષ્ઠિ ભક્તિની સામગ્રી જીવમૈત્રી છે, જીવમૈત્રીની સામગ્રી અહિંસા છે.

**સ્વહિંસા અને સ્વભાવની હિંસા**

ચૈતન્ય આત્માને તેના જ્ઞાયક શરીરથી જુદો પાડયો - જુદો માન્યો તે અથવા તો પોતાને ભૂલી, જેટલી પરમાં સુખબુદ્ધિ માની તેટલી સ્વહિંસા જ છે. માનવ પોતે પરને મારી કે જીવાડી શકતો નથી, છતાં 'હું પરને મારી કે જીવાડી શકું' એમ માન્યું, એટલે કે પોતાને પરનો કર્તા માન્યો, તેમાં સ્વભાવની હિંસા છે. આત્માના જ્ઞાયક સ્વભાવને ન માનવો, પુણ્ય-પાપ કે રાગાદિને પોતાના માનવા, તે સ્વભાવનો ઘાત કે સાચી હિંસા છે. સ્વભાવથી ખસી પર ઉપર લક્ષ કરવાથી જ જીવને પુણ્ય-પાપની વૃત્તિ થાય છે. તે વૃત્તિને પોતાનામાં એટલે પુણ્ય-પાપરહિતતામાં ખતવવી અગર તેનાથી સ્વભાવનો કાંઈપણ લાભ માનવો, તે જ ચૈતન્યસ્વભાવનું ખૂન કે પોતાની ખરી હિંસા છે તથા તે પુણ્ય-પાપને પોતાના ન માનતા માત્ર જ્ઞાયકપણે પોતાને જુદો છે તેવા સ્વભાવે રાખ્યો, તે જ સાચી અહિંસા છે.

સ્વહિંસા વખતે નિત્ય અંશનું મહત્ત્વ, પરજીવની હિંસા વખતે અનિત્ય અંશનું મહત્ત્વ છે. જીવ પ્રત્યે દ્વેષ એ હિંસા હોવાથી ભવમાં ભટકાવનાર છે. આ વિષય છે અંતઃસંવેદનનો, દિલના ઉંડાણમાં ઉગેલી કરુણાનો. જેના દિલમાં કરુણાનો ઉદય નથી, અન્ય જીવોના સુખ-દુઃખ વિષે સંવેદન ઊભું થયું નથી, તેના માટે હિંસા-અહિંસાની ચર્ચાનો કોઈ અર્થ નથી.

**કઈ રીતે નમસ્કારનો પર્યાય અહિંસા, સંયમ અને તપ ?**

અહિંસા એ જીવમૈત્રીનું, સંયમ એ અહિંસાનું અને તપ એ સંયમનું પ્રતીક છે. તપથી સંયમની શુદ્ધિ, સંયમથી અહિંસાની શુદ્ધિ અને અહિંસાથી જીવમૈત્રી વધે છે. અહિંસાની સિદ્ધિ માટેનું સાધન સંયમ અને તપ છે. પાંચેય ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી તે સંયમ છે અને મનને કાબૂમાં રાખવું તે તપ છે. તપમાં ધ્યાન પ્રધાન છે. અહિંસામાં સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય છુપાયેલા જ છે. ધર્મ એ જ મંગળ છે અને તે અહિંસા-સંયમ-તપરૂપ છે. તે ધર્મરૂપી મંગળનું મૂળ સર્વ જીવરાશિ ઉપર સ્નેહનો નિષ્કામ પરિણામ જ અહિંસા, સંયમ વ્યાપાર તથા તપશ્ચર્યારૂપ બને છે. અહિંસામાં જીવો પ્રત્યે તાત્ત્વિક નમનભાવ છે.

**કઈ રીતે અહિંસા દ્વારા નમસ્કાર ધર્મની આરાધના પૂર્ણત્વ પામે ?**

નમસ્કારના સ્મરણથી અર્હતોએ ઉપદેશેલા માર્ગનું સ્મરણ, સિદ્ધાવસ્થાએ પહોંચવાના ધ્યેયનું સ્મરણ અને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ જેવું પવિત્ર જીવન ગાળવાની ભાવના જાગે અને વૃદ્ધિ પામે તેથી અહિંસાના સંસ્કારો દઢ થાય, ત્યાગ-વૈરાગ્યને પોષણ મળે અને સાધુતા પ્રત્યે આદર-માનની લાગણી પેદા થાય છે. ઈન્દ્રિયો અને મનને અંકુશમાં રાખ્યા સિવાય અહિંસા પળાતી નથી, જેથી નમસ્કાર ધર્મની આરાધના પૂર્ણપણે થતી જ નથી.

**અહિંસાના પાંચ ભેદ :**

(૧) સમય, સંકેત, શરત વડે હિંસાત્યાગ - અવચ્છિન્ન અહિંસા
(૨) નિરપેક્ષનો હિંસાત્યાગ (સાપેક્ષે છૂટ) - કાલાવચ્છિન્ન અહિંસા
(૩) નિરપરાધીનો ત્યાગ (અપરાધીની છૂટ) - દેશાવચ્છિન્ન અહિંસા
(૪) સંકલ્પપૂર્વકનો ત્યાગ (આરંભે છૂટ) સમયાવચ્છિન્ન અહિંસા
(૫) ત્રસ જીવોની હિંસાનો ત્યાગ - જાતિઅવચ્છિન્ન અહિંસા.

**અહિંસા બે પ્રકારે :**

દુઃખ ન આપવારૂપ અને દુઃખ દૂર કરવારૂપ એટલે કે સાવદ્યવ્યાપારના ત્યાગસ્વરૂપ અને નિરવદ્યવ્યાપારના સેવનસ્વરૂપ.

**કર્મના અટલ નિયમનો વિશ્વાસ એ અહિંસાદી ધર્મપાલનનો પ્રાણ છે**

પૂર્ણ અહિંસક માટે શ્રદ્ધા એ જ પહેલું, વચલું અને છેલ્લું સાધન છે. યમથી આચાર અને નિયમથી વિચારો નિયમાય છે. નિયમો અહિંસાની શુદ્ધિ માટે છે. તેનું અપાલન અહિંસાની અશુદ્ધિ છે. આત્માને લગતી સંપૂર્ણ સાચી સમજ જ અહિંસાના મહાકાયદાને જીરવવાનું બળ આપે છે. આથી જ અહિંસા એ કેવળ અભાવાત્મક ચીજ નથી, કિન્તુ ભાવાત્મક પણ છે.

**અહિંસા એટલે સૌમાં આત્મદર્શન, અહિંસાના પાલનમાં આત્મદર્શન પૂર્ણ થાય છે.**

**કોઈને ન પીડવું એ અડધી અહિંસા - સૌને સુખ દેવું એ મળીને**

જ પૂરી અહિંસા બને છે.

જીવની હિંસાથી કર્મબંધ, અહિંસાથી કર્મક્ષય, દાન-દયાથી શુભકર્મ અને હિંસા વિરોધથી અશુભકર્મ, એ રીતે જીવને અનુગ્રહ - નિગ્રહ કરવાનું સામર્થ્ય ચેતનતત્ત્વમાં છે. સ્થાવર-જંગમ સૌને આત્મીય ભાવે ચાહવાનું અનંત, અખૂટ, અતૂટ બળ તે અહિંસા છે. અહિંસાદી એક ગુણની સિદ્ધિના ઉપદેશથી જે અનુષ્ઠાન શાસ્ત્રે વિહિત કર્યું હોય, તે એક ગુણ દ્વારા વ્યુત્પન્નને પરમાત્મ સમાપ્તિ થાય છે.

અહિંસા સૌમાં આત્મદર્શન લાવે છે. સમતા, તુલ્યતા, તુલ્ય પદાર્થોમાં ભેદબુદ્ધિનો અભાવ, અહિંસાદી વ્રતો, ક્ષમા-પરોપકાર-ઔદાર્યાદી ગુણો એ સર્વ અહિંસા થકી મૈત્ર્યાદિભાવો અને આત્મસ્વભાને પ્રગટાવનાર હોવાથી 'ધર્મ' ગણાય છે અને ધર્મ એ જ એક સાચું શરણ છે.

**અંતરમાં કરુણા અને વર્તનમાં અહિંસા એ જ શ્રેષ્ઠ મંગલ છે.**

અહિંસા એટલે અન્ય જીવો તરફનો સદ્ભાવ. વિશ્વમૈત્રી, વિશ્વકલ્યાણ, વિશ્વશાંતિ એ અહિંસાનો પ્રાણ છે. અહિંસામાં અદ્ભુત શક્તિ છુપાયેલી છે. માનવીની મહત્તા એની કરુણા અને અહિંસામય ધર્મભાવનાને લીધે જ છે. આત્મૌપમ્યની દૃષ્ટિ જીવનમાં સમત્વભાવના કેળવે છે, જ્યારે આત્મઅભેદની દૃષ્ટિ જીવનમાં વિશ્વૈક્યભાવના કેળવે છે. આ બંને ભાવનાઓ અંતે અહિંસાને જ સિદ્ધ કરે છે. જો અહિંસા જીવનમાં સાકાર ન થાય, તો એ બંને ભાવનાઓ માત્ર શાબ્દિક બની રહે તથા નિરર્થક થઈ જાય.

**આતમ સર્વ સમાન, નિધાન મહાસુખકંદ.**
**સિદ્ધ તણા સાધર્મી સત્તાએ ગુણવૃંદ.**
**જેહ સ્વજાતિ તેહથી, કોણ કરે વધ બંધ ?**
**પ્રગટ્યો ભાવ અહિંસક જાણે શુદ્ધ પ્રબંધ.**

★★★

માનવજાતિએ એવા વીરો જન્માવ્યા જ છે, જેમણે અહિંસાને જીવનમાં સાકાર કરી છે. 'બીજાને હણનાર તું તને જ હણે છે.' એમ નહીંતર કેમ કહી શકાયું હોત? અભેદપણાને મુખ્યતા આપવાને લીધે જ હિંસા રોકાય છે. જીવનમાં અનિત્ય અંશને પ્રાધાન્ય અપાય છે, અન્યથા હિંસા થાય જ કેવી રીતે? અહિંસાદી વ્રતની સ્થિરતા માટે અભેદ અંશને પ્રાધાન્ય ન અપાય, તો હિંસાદી દોષ અટકી જ કેવી રીતે શકે? આમ આપણી આત્મશુદ્ધિ અર્થે પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યજીએ અહિંસાની અદ્ભુત અનુપ્રેક્ષાઓ થકી જાણે ઉઘાડી આપ્યો છે એક નૂતન શ્રેયસ્કર રાજમાર્ગ! અધ્યાત્મની વિરાસતનો આવો અપૂર્વ ખજાનો મેળવીને શ્રી જૈનશાસન આજે જાણે વધુ સમૃદ્ધ બની રહ્યું છે! તેઓને ત્રિકાળ વંદના.

❑❑❑

રાજકોટ. સંપર્ક : ૯૮૨૫૨૧૫૫૦૦

# સૃષ્ટિની આધારશીલા : અહિંસા

**ડૉ. રમજાન હસણિયા**

***પરિચય : ડૉ. રમજાન હસણિયા રાપરની ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવે છે. તેમણે 'અર્વાચીન ગુજરાતી કવિતામાં અધ્યાત્મભાવનાનું નિરૂપણ' એ વિષય પર શોધ-નિબંધ લખી પીએચ.ડી.ની પદવી હાંસલ કરેલ છે. પાર્શ્વચંદ્રગચ્છ વરિષ્ઠ પ.પૂ. મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ સાહેબ પાસે જૈન ધર્મનું જ્ઞાન મેળવી રહ્યા છે. તેમણે 'સાહિત્ય ઝરણું' અને 'રવમાં નીરવતા' પુસ્તકોનું સંપાદન કરેલ છે. જૈન ધર્મ વિષયક વ્યાખ્યાનો આપે છે.***

જગત કેટલાક સનાતન મૂલ્યોના પાયા પર ઊભું છે. જેમ ઘર ચાર દીવાલોથી નહિ પણ પરસ્પરના સ્નેહથી - સમજણથી બંધાય છે તેમ આ સૃષ્ટિ ટકી છે, પાંગરી છે સત્ય, પ્રેમ, મૈત્રી, કરુણા, અહિંસા આદિ ઉત્કૃષ્ટ જીવનમૂલ્યો થકી. પ્રત્યેક ધર્મ-સંપ્રદાયે આ સનાતન જીવનમૂલ્યોને પોતપોતાની રીતે પ્રબોધ્યા છે. બધાની અભિવ્યક્તિ પોતપોતાને પ્રાપ્ત પરંપરા અનુસાર ભિન્ન ભિન્ન રહેવાની, પણ મૂળે તો એ જ હેમનું હેમ... આ ઉત્તમોત્તમ જીવનમૂલ્યોમાંથી સૃષ્ટિની આધારશીલારૂપ છે અહિંસા.

અહિંસા શબ્દને હિંસાના વિરોધી શબ્દ તરીકે આપણે પ્રયોજીએ છીએ. હિંસા એ પ્રાણીસહજ વૃત્તિ છે. આપણે સૌ જાતને ફંફોસવાની કોશિશ કરીશું ને તટસ્થ રીતે જાતતપાસ કરીશું તો 'હિંસા'નો ભાવ આપણી ભીતર સળવળતો અનુભવાશે... સામાન્ય પરિસ્થિતિમાં એ સુષુપ્ત અવસ્થામાં હોય તેવું બને... પરંતુ નિમિત્ત મળતાં જ એ ભાવક્રિયાનું રૂપ ધારણ કરી જ લે છે. દરેક વ્યક્તિએ તેના પ્રમાણમાં અંતર રહે તે સ્વાભાવિક છે. પોતાનાથી નબળા કે ઓછા શક્તિવાનને મારી કે દબાવીને ક્રૂર બની જીવવું એ તો જંગલની રીત છે. હજી પણ આપણે જો હિંસાના માર્ગને અપનાવતા જોઈએ તો તેનો સીધો અર્થ થાય છે કે આપણે હજુ સુસંસ્કૃત (Civilised) થયા નથી. સભ્યતાની કાર્પેટ નીચે જંગલરાજને આપણે ઢાંકીએ તેથી તે મટી જતું નથી. આપણી પ્રાણીવૃત્તિનું અતિક્રમણ કરી પ્રાણીત્વમાંથી મનુષ્યત્વ તરફ આગળ વધાય ત્યારે અહિંસા પાલન થઈ શકે. લગભગ બધા જ અવતાર પુરુષો કે સંતોએ આ

સત્ય સમજાવવાની કોશિશ પોતાપોતાના સમયમાં કરી છે. તેમ છતાં હજારો વર્ષોના ઈતિહાસનાં પૃષ્ઠો ફેરવતાં જણાય છે કે કેટલા બધા યુદ્ધ થયા છે. એકપણ યુદ્ધમાં કોઈનું કલ્યાણ ન થયું હોવા છતાં હજુ એ જ માર્ગ આપણને સાચો લાગે છે. કવિવર ઉમાશંકર જોશી વ્યથિત સ્વરે માર્મિક સૂરમાં કહે છે કે,

''અહો! જનોની ચિરયુદ્ધ શ્રદ્ધા!''

ઓહો! લોકોને યુદ્ધ પર કેટલી શ્રદ્ધા છે કે હજુ પણ યુદ્ધનો માર્ગ છોડતા નથી. અલબત્ત વર્તમાન સમય સંદર્ભમાં ચિંતકો આ બાબતને જુદી રીતે વિચારતા થયા છે. કહેલું કે, 'હવે વિશ્વના દેશોને ઈચ્છાએ કે અનિચ્છાએ અહિંસાના માર્ગને અનુસરવું પડશે.' દરેક દેશ પાસે આજે જેટલા પ્રમાણમાં અણુશસ્ત્રો છે એ જગતને નાબૂદ કરી દેવાની ક્ષમતા ધરાવે છે. બે વિશ્વયુદ્ધો પછી વિશ્વ માંડ માંડ ઊભું થઈ શક્યું છે, પણ હવે જો એ પરિસ્થિતિ ઊભી થાય તો પુનઃનિર્માણની શક્યતાઓ નહિવત છે. અણુશસ્ત્રોના ભયથી શાંતિ રહે એનાં કરતાં સમજણપૂર્વક અહિંસાના માર્ગને અપનાવીને શાંતિ પ્રસરે એમાં ઘણો તફાવત છે. 'વિદ્વિષાવહૈ'નો ભાવ કેળવાશે તો જ સાચા અર્થમાં શાંતિ પ્રવર્તશે. આ સંદર્ભમાં વિચારતા 'અહિંસા' હવે અનિવાર્ય બની છે.

અહિંસાનું પ્રસ્થાપન કરતાં પ્રભુ મહાવીર કહે છે કે,

''ધમ્મો મંગલ મુક્કિટ્ઠમ્, અહિંસા, સંજમો, તવો
દેવા વિતં નમં સંતિ, જસ્સ ધમ્મે સયામણો''

અર્થાત - ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. અહિંસા, સંયમ અને તપ એ જ ધર્મ છે. જેનું મન સદા ધર્મમાં લીન રહે છે, તેને દેવો પણ વંદન કરે છે. અહિંસા, સંયમ અને તપ એ જ ધર્મ છે, એમાં સઘળું આવી ગયું. આમ તો અહિંસામાં જ લગભગ બધું જ સમાઈ જાય છે. અહિંસા શબ્દ અહીં બહુ જ વિશાળ અર્થસંદર્ભમાં પ્રયોજાયો છે.

જિનેશ્વર ભગવંતોએ બાહ્ય શત્રુઓને જીતવાને બદલે ભીતરના રિપુઓને જીતવાની કળા શીખવી છે. સ્વયં પણ આંતરિક અરિને હણનાર અરિહંત બન્યા ને સૌને એ માર્ગ પ્રબોધ્યો. જાતને જીતે તે વીર કહેવાય. વીરની વાણીને કાવ્યબાનીમાં વ્યક્ત કરતાં ઉમાશંકર જોશી કહે છે કે,

''હણોના પાપીને દ્વિગુણ બનશે પાપ જગના
લડો પાપો સામે, વિમલ દિલના ગુપ્ત બળથી''

જૈ દર્શને અહિંસાનો સિદ્ધાંત બહુ જ સૂક્ષ્મતાપૂર્વક પ્રબોધ્યો છે. વિતરાગની વાણીમાં મન-વચન-કાયા એમ ત્રિવિધ પ્રકારે અહિંસા પાલનની વાત કરાઈ છે. જૈન દર્શનમાં એટલી પ્રબળતાથી અહિંસાની વાત કરવામાં આવી કે તે અહિંસાના પર્યાયરૂપ બની ગયું છે. જૈન ધર્મના અનુયાયી-સાધુ-શ્રાવકે એવી જીવનશૈલી વિકસાવી છે કે જેમાં ઓછામાં ઓછી હિંસા હોય. અહીં અહિંસાની વાતો જ માત્ર નથી થઈ પણ એને જીવાતા જીવનમાં વણી લેવાઈ છે. 'જયણા'-(સૂક્ષ્મ સંભાળ) જેવો મજાનો શબ્દ જૈન દર્શને આપ્યો છે. સાધુ-શ્રાવક 'છ'કાય જીવોની સંભાળ માટે નિરંતર સાવધ રહે છે. જે જૈન દર્શનને બરાબર રીતે અનુસરે છે એવા જૈન શ્રાવકના ઘરમાં ફળો કે શાકભાજીની પાસે તમે ચાકુ કે અન્ય ધારદાર વસ્તુ મૂકેલી નહીં જુઓ, સવારે ગૅસ પૂજવાથી ને ઘરમાં કે ઉપાશ્રયમાં મોરની પીંછીમાંથી બનાવેલ સાવરણીથી કાજો (કચરો) કાઢવાથી આરંભાતો દિવસ, નવકારશી, ચૌવિહાર આદિ પાણી ગાળીને પીવું, જેવી પ્રત્યેક ક્રિયામાં અહિંસાનું સભાનતાપૂર્વક પાલન કરે છે. સાધુના હાથમાં શોભતું રજોહરણ જયણાનું જ પ્રતીક છે. સાધુ ઉપાશ્રયમાંથી કોઈપણ કારણસર બહાર જાય; પરત આવી પ્રથમ ઈરિયાવહી કરી ક્ષમાપના કરે છે. અહિંસાનું આ પ્રકારે ક્ષણેક્ષણ થતું રટણ આચરણ વ્યક્તિની હિંસાવૃત્તિને ઓગાળતું રહે છે.

જેમના જન્મની સાર્ધ શતાબ્દી ઊજવાઈ રહી છે એવા મોહનદાસ કરમચંદ ગાંધીએ આઝાદી માટે લડત જરૂર ચલાવી પણ માર્ગ લીધો અહિંસાનો. અહિંસાની વાત સામાન્યજન સુધી પહોંચાડવાનું અને તેનું સફળ અમલીકરણ કરાવવાનું બહુ મોટું કામ ગાંધીજીએ કર્યું. ગાંધીજી કહેતા કે, 'સત્ય મારો ધર્મ છે અને અહિંસા એ ધર્મ આચરણનો એકમાત્ર રસ્તો છે.' ગાંધીજીએ અહિંસાને વીરપુરુષનું આચરણ ગણાવ્યું છે. કોઈના પ્રહારની સામે વળતો પ્રહાર કરવો, તેને પરાસ્ત કરવો એ સરળ છે, પણ સહન કરવું, પ્રત્યાઘાત ન આપવું કઠિન છે. No reaction એ એક પ્રકારની સાધના જ છે. અહિંસાનું આચરણ સાધકને ક્રમશઃ સાધનામાં ઉપકારક તત્ત્વ તરીકે સહાયક બને છે.

દરેક ધર્મ-સંપ્રદાયમાં અહિંસાના મૂલ્યને પ્રાધાન્ય અપાયું છે. પરંતુ વાસ્તવ એ છે કે આપણો સમાજ જે-તે ધર્મના ક્રિયાકાંડોને જેટલું મહત્ત્વનું સમજે છે એટલું સિદ્ધાંતોને નહિ. ઘણો મોટો વર્ગ હજુ પણ એવો છે જે ક્રિયાકાંડને જ ધર્મ સમજીને જીવે છે, જે-તે ક્રિયા પાછળ આવા સૂક્ષ્મ મૂલ્યો ગર્ભિત હોય છે, પણ બહુ ઓછા લોકોનું લક્ષ્ય એ તરફ જાય છે. ક્રિયાઓ એનાં સ્થાને મૂલ્યવાન જ છે. આપણે એનું ભાવપૂર્વક પાલન કરીએ પરંતુ સાથોસાથ ધર્મના મૂળભૂત તત્વરૂપ પ્રેમ, મૈત્રી, કરુણા, અહિંસા આદિ મૂલ્યોને પણ આત્મસાત કરવાની કોશિશ કરીએ. આ કાર્યમાં ધર્મગુરુઓ કે ધર્મપ્રચારકો પ્રમુખ ભૂમિકા ભજવી શકે. આવો આપણે સંતના આશ્રમરૂપ આ વિશ્વને વધુ પવિત્ર બનાવીએ.

❑❑❑

મદદનીશ પ્રાધ્યાપક (ગુજરાતી)
સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ-રાપર,
કચ્છ - ૩૭૦૧૬૫.
સંપર્ક : ૭૫૬૭૦૬૪૯૯૩

# શું તમે જાણો છો, પ્રાચીન પ્રજાના લોહીમાં વણાઈ ગયેલી અહિંસાને ?

**સુબોધી સતીશ મસાલિયા**

***પરિચય : વિદ્વાન, તત્વોના જાણકાર. પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ ૧ અને ૨ પુસ્તક તેમને લખ્યા છે. પ્રથમ ભાગની ૧૧,૦૦૦ નકલ લોકોમાં પહોંચી છે. વિવિધ સામયિકોમાં તત્ત્વજ્ઞાન વિષયક લેખો લખે છે.***

**અ**હિંસાનો મહિમા આ દેશની પ્રજાના લોહીમાં એવો તો વણાઈ ગયેલો કે હિન્દુસ્તાનના લાખો ગામડાંઓમાં વૃદ્ધો સવારના પહોરમાં જ વાટકામાં આટો લઈને, ગામના ગોંદરે આવેલા કીડિયારે લોટ પૂરવા જતા તથા ગામને પાદરે આવેલા નદી, તળાવ કે સરોવરમાં રહેલા માછલાને આટાની ગોળીઓ કે મમરા ખવડાવતા. પશુને ચાર ને પંખીને જાર તો લોકજીવનમાં વણાઈ ગયેલી ચીજ હતી. બહેનો રોટલા ટીપતી વખતે પહેલો રોટલો કૂતરાનો જુદો કાઢતી. એટલે સુધી કે પાટણ, ખંભાત, વઢવાણ જેવાં અનેક ગામડાઓની પાંજરાપોળમાં જીવાતખાનાની વ્યવસ્થા રાખવામાં આવતી. બહેનો અનાજ વીણતી વખતે તેમાંથી નીકળેલ ઈયળ, ધનેડાને એક વાટકામાં થોડું અનાજ લઈ તેમાં સાચવી રાખતી. મહાજનનો માણસ નિયત દિવસે ઘરે ઘરે ફરી ને એક ડબ્બામાં તે વાટકાના અનાજ સાથે જીવાત ઉઘરાવી લઈ પાંજરાપોળમાં આવેલ જીવાતખાનામાં અનાજની વચ્ચે સાચવીને મૂકી રાખતો જેથી અનાજના ધનેડા પણ સુખપૂર્વક શેષ જીવન પસાર કરી શકે. અનાજમાં રહેલા ધનેડાની પણ જે દેશમાં આટલી કાળજી રાખવામાં આવતી તે દેશમાં જીવતાં માણસોને, પ્રાણીઓને, જલચર જીવોને ધનેડાની જેમ જીવતા ઉડાવી દેવામાં આવે છે... હે ભગવાન... આવી પરિસ્થિતિનું સર્જન કેમ થયું?

હિંસાને રોકવી હોય તો સૌથી પહેલાં તો પ્રત્યેક વ્યક્તિએ પોતાના ઘરમાં, પોતાના રોજિંદા જીવનમાં થતી હિંસાને રોકવી પડશે. અમારો પ્રવર્તનનો સંદેશ એ છે કે જગતને અહિંસક બનાવતા પહેલાં તે માટે સૌ પહેલાં પોતાના હૃદયમંદિરમાં અહિંસા ધર્મની સ્થાપના કરવી પડશે. દાતણ, મીઠું કે દંતમંજનનો ઉપયોગ કરતા બાપદાદાઓના રિવાજને છોડીને જેમાં કેલ્શિયમના નામે હાડકાનો પાઉડર સુધ્ધાં વપરાતો હોય તેવી ટૂથપેસ્ટોથી પોતાના દિવસની શરૂઆત કરનાર કે પશુઓની ચરબીમાંથી બનેલા સાબુઓ શરીરે ઘસીને સ્નાન કરનાર, વાળ સુંવાળા કરવા ઈંડાવાળું એગશેમ્પુ વાપરનાર કે ઉનાળાના દિવસોમાં જીલેટીન અને ઈંડા જેવા પ્રાણીજ પદાર્થવાળા આઈસક્રીમની જયાફત ઉડાવનાર વ્યક્તિ જગતમાં અહિંસાનો ઝંડો લહેરાવવાની વાતો કરે તે ટાઈમપાસ છે. હિંસા-અહિંસાનો પ્રશ્ન વર્તમાન યુગમાં આપણે સમજીએ છીએ તેના કરતાં વધુ ગૂંચવાયેલો છે. પર્યુષણના આઠ દિવસો કતલખાનાં બંધ રાખવાની ભીખ સરકાર પાસે માગવાથી, કે શત્રુંજી ડેમમાં માછલા મારવા પર પ્રતિબંધ મૂકવાથી કે માગણી કરવાથી કે મહાવીર જનમના એકલ-દોકલ દિવસોમાં બંધ રહેતા કતલખાનાની જાહેરાત કરીને હરખાવાથી અહિંસાધર્મની ઈતિશ્રી નથી આવી જતી. હિંસાનો આ રોગ આટલો કેમ વકર્યો છે તેના કારણો જાણી તેની ચિકિત્સા કરવાની જરૂર છે.

સ્કૂટર અને કાર લઈને હરવા-ફરવા નીકળી જતા લોકોને એ ખ્યાલ હશે ખરો કે તેમનું વાહન હકીકતમાં પેટ્રોલ કે ડીઝલથી નહિ પણ પશુઓના લોહીથી ચાલી રહેલ છે. દર વર્ષે આરબ દેશોમાં હજારો કરોડ રૂપિયાની જે પેટ્રોલિયમ પ્રોડક્ટસ આયાત થાય છે તેના બદલામાં આપણી ભિખારી સરકાર કંડલા જેવા બંદરોએથી વહાણો ભરીને જીવતાં પશુઓ તથા દેવનાર જેવા કતલખાનામાં કપાયેલાં પશુઓનું માંસ આરબ દેશમાં મોકલી આપે છે. દયા નિરપેક્ષ બનેલા આ યુગમાં જીલેટીન જેવા પ્રાણીજ પદાર્થોનો તો પ્રિન્ટીંગ માટેની શાહીથી લઈને હસતે મોઢે પડાવતા ફોટાઓ માટેની ફોટોગ્રાફિક ફિલ્મ સુધીની અનેક ચીજવસ્તુઓમાં એટલો વ્યાપક વપરાશ છે કે તેમાંથી સર્વથા બચવા માટે તો કારખાનાઓમાં બનેલી ચીજવસ્તુઓનો બહિષ્કાર જ વાસ્તવિક ઉપાય છે.

આજે દેશમાં ચારે બાજુ મારો-કાપોના જ જાણે કે નાદ સંભળાઈ રહ્યા છે. માથામાં જૂ મારો, પથારીમાં માંકડ મારો, રસોડામાં વાંદા મારો, પોલ્ટ્રીફાર્મમાં મરઘા મારો, કતલખાનામાં પશુઓ કાપો, કૉલેજોમાં દેડકા ચીરો, ગર્ભપાત (કાયદેસર સલામત અને ખાનગી ગર્ભપાતના સુંવાળા નામ નીચે) કરાવી પેટમાં રહેલા બાળકને મારો. હિંસાથી વેગળો રહેવા પોતાને નુકસાન થતા નુકસાનને પણ હળવેકથી હસી કાઢતા ખેડૂતને પણ જંતુનાશક ઝેરના રવાડે ચડાવી દઈ આજે હિંદુસ્તાનના ગામડે ગામડે આવેલા પ્રત્યેક ખેતર સુધ્ધાંને પણ જીવાત મારવાના કતલખાનામાં ફેરવી નાંખવામાં આવ્યું છે. હોંશેહોંશે બાળકોને બિસ્કિટ ખવડાવનાર જીવદયાપ્રેમીઓને ખ્યાલ પણ નહિ હોય કે તેઓ પોતાનાં બાળકોના પેટમાં હિંસક પદાર્થો પધરાવી રહ્યા છે. કેમકે તેમાં ઈંડા વપરાયા હોય તો પણ તેની જાહેરાત પેકિંગ પર કરવાનું એવો કોઈ કાયદો હિંદુસ્તાનમાં નહિ હોવાથી અનેક જાતના બિસ્કિટ, ચોકલેટ, કેડબરી, પીઝા, પાસ્તા વગેરેમાં હિંસકપદાર્થો વપરાતા હોય છે.

આભ ફાટે ત્યાં થીંગડું ક્યાં દેવું? એવી હાલત હોવા છતાં

વ્યક્તિગત ત્યાગ જ આનો શ્રેષ્ઠ ઉપાય છે. નાના મોટા, સાધુ, શ્રાવક, સંત દરેકમાં જાગૃતિ લાવવી જરૂરી છે.

**શું આ તમે જાણો છો? મરઘા પર થઈ રહેલા જુલમને?**

માનવજાતને પોલ્ટ્રી-બિઝનેસના સુંવાળા નામ નીચે મરઘા મરઘીઓની સમગ્ર જાત સામે જુલમનો છૂટોદોર શરૂ કર્યો છે. વધુ ને વધુ ઈંડા પેદા કરી નફો રળવા માટે ઉછેરાતી મરઘીઓને લેયસ્હેન કહે છે જ્યારે મરઘાઓને ખુદને કાપીને તેનું માસ વેચવાનું હોય છે તેને 'બ્રોઈલર ચીકન' કહે છે. કુદરતી રીતે મરઘીઓ વર્ષે બે-એક ડઝન જેટલા ઈંડા આપતી તેના બદલે તેના 'જીન્સ' સાથે અનેક પ્રકારની છેડછાડ કરીને અત્યારે તેને વરસમાં ૩૦૦ ઈંડા પેદા કરતી કરવામાં આવી છે. કદાચ કોઈ માનવ-સ્ત્રીની ગર્ભધારણ પ્રક્રિયા સાથે વાનરચેડા કરીને તેને દર વર્ષે બાર-તેર બચ્ચા પેદા કરવા ફરજ પાડવામાં આવે તો તેની શી દશા થાય? આના કરતાં બૂરી દશા એ મરઘીની કરવામાં આવે છે. મરઘા-મરઘીઓને જો કુદરતી જીવન જીવવા દેવામાં આવે તો તેઓ છથી સાત વર્ષ સુધી આરામથી જીવતાં હોય છે. તેના બદલે ઈંડા આપતી મરઘીને ૧૮ થી ૨૦ અઠવાડિયાની થાય ત્યારથી વધુ ને વધુ ઈંડા પેદા કરીને અંદાજે ૭૬ અઠવાડિયા સુધી તેને આ રીતે ચૂસી લઈ પછી મારી જ નાખવામાં આવે છે. જ્યારે બ્રોઈલરને તો પાંચથી સાત અઠવાડિયામાં ફેંસલો કરી દેવામાં આવે છે.

મરઘીઓ વધુમાં વધુ ઈંડા આપવા માટે ઉત્તેજિત થાય તે માટે તેમને અઢારથી લઈને ત્રેવીસ કલાક સુધી કૃત્રિમ પ્રકાશ નીચે રાખવામાં આવે છે. મરઘીના બચ્ચાંઓને નાના નાના સાંકડા પાંજરાઓમાં રાખવામાં આવે છે. તેમના પાંજરાની નીચે બેઠકની જગ્યાએ પણ જાળી જ હોય છે તેથી ન તો આરામથી બેસી શકાય ન સૂઈ શકાય. કૃત્રિમ ઉછેરથી થતા અનેક રોગોથી તેમને બચાવવા માટે તથા મરઘી વધુ ઈંડા આપતી રહે અને બ્રોઈલર વધુ તગડા થાય તે માટે હોર્મોન્સથી લઈને એન્ટિબાયોટીક્સનો મારો તો આ ગભરુ પંખીડાઓ પાંજરામાં રહેલા પક્ષીઓ જોડે લડવાનું શરૂ કરી એકબીજાને ચાંચો મારી જંગલી રીતે એકબીજા પર હુમલાઓ કરતા રહે તેથી તેઓની ચાંચ તોડી નાખવામાં આવે છે અને તેથી તેઓ પાણી પણ પી શકતા નથી. આ રીતે ચાંચોને બુઠ્ઠી બનાવવાનું કામ ખાસ રાત્રે બદામી રંગના આછા અજવાળામાં કરવામાં આવે છે. જ્યારે મરઘીઓ કાંઈ જ જોઈ શકતી નથી. મરઘીની ચાંચનો નીચેનો ભાગ તોડી નાખવામાં આવે છે. એમાં જો કાંઈ ભૂલ થાય તો એ મરઘી પાછી આખી જિંદગી સુધી કાંઈ જ ખાઈ શકતી નથી. જ્યારે મરઘીની ચાંચ તોડવામાં આવે છે ત્યારે તેના ઘાના કારણે ઓછામાં ઓછા ત્રણ દિવસ સુધી તેને ભૂખ્યા રહેવું પડે છે. શું આવી ક્રૂરતાની અસર તે મરઘીના ઈંડા ખાનાર પર થાય નહિ?

એક વિશાળ બ્રોઈલર કતલખાનાનો પ્રોજેક્ટ રિપોર્ટ વાંચો તો ખબર પડશે કે આ જીવતા જીવોને કેવી ક્રૂરતાથી હલાલ કરવામાં આવે છે. કારખાનામાં જેમ કન્વેયર બેલ્ટમાં વસ્તુ પસાર થાય તેમ આ કતલખાનામાં મરઘાઓને એક કલાકના એક હજારની ઝડપે (૧ મિનિટના ૧૭) ઊંધા લટકાવેલી હાલતમાં કન્વેયર બેલ્ટ પરથી પસાર કરવામાં આવે છે. બ્લીડિંગ પરફેક્ટ થાય તે માટે તેને ઈલે. હળવો આંચકો આપી 'હલાલ કટ'થી મારવામાં આવે છે. તૈયાર થયેલા માંસને મુંબઈની ૫-સ્ટાર હોટલો, ઍરલાઈન્સના કીચનોને મોટી કંપનીઓના કેન્ટીનમાં પહોંચાડવામાં આવે છે. લગ્ન-વેવિશાળથી માંડી અનેક પ્રસંગોમાં હોંશે-હોંશે આઈસક્રીમ ખાતા કે છોકરાઓને બિસ્કિટ-ચોકલેટ-કેડબરી અપાવી ચૂપ કરી દેતા લોકોથી માંડી બ્રેડ અને શેમ્પૂ સુધીની અનેક ચીજવસ્તુઓ વાપરતા લોકોને કદાચ ખ્યાલ હશે તો જીભડીના સ્વાદ ખાતર આંખ આડા કાન કરતા હશે. હિંસક ખોરાક માટેની તલપ / લાલસા ખરેખર મનુષ્યની વિચારશક્તિ અને ભાવનાત્મક લાગણીઓનો નાશ કરે છે અને મનુષ્યને જડ બનાવે છે. તેથી તે કોઈપણ વિષયના ઉંડાણમાં જવાનું ટાળે છે અને સત્ય હકીકત પ્રત્યે આંખ આડા કાન કરે છે. પક્ષીઓને અપાતા ત્રાસની અસર ખાનારના લોહી અને શરીરની કાર્યપદ્ધતિ પર કુદરતી રીતે જ થાય છે. તેના પરિણામે તેઓના વ્યક્તિત્વ-સ્વભાવમાં અસમતોલપણું આવે છે.

શું શાકાહારી ઈંડા હોઈ શકે? પહેલી વાત એ કે શાકાહારી ઈંડા એ નામ જ ખોટું આપવામાં આવ્યું છે. ફલીનીકરણ થયેલા ઈંડામાંથી બચ્ચું પેદા થાય છે. પરંતુ ફલીનીકરણ થયા વિનાના જે ઈંડા છે તેમાં પણ જીવ તો હોય છે જ. એટલે એ પણ સજીવ જ છે. સજીવના બધાં જ લક્ષણો જેવા કે શ્વાસોશ્વાસ, મગજ, આહાર મેળવવાની શક્તિ વગેરે તે ધરાવે છે. તે ઈંડાના કોચલામાં શ્વાસોશ્વાસ માટે ૧૫૦૦૦ છિદ્રો હોય છે. ૮ સેલ્સીયસ ઉષ્ણતામાને ઈંડુ કોહવાવા લાગે છે. ઈંડા પર સૂક્ષ્મ જીવાણુ આક્રમણ પણ કરે છે ને તેને રોગ પણ થાય છે. આ ઈંડા પણ મરઘીએ જ પેદા કરેલા છે અને મરઘીના લોહી તથા કોષો દ્વારા જ તે બને છે. તેથી તેનો આહારમાં ઉપયોગ એ ૧૦૦ ટકા માંસાહાર જ છે. અમેરિકન મિશિગન યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ પુરવાર કર્યું છે કે ઈંડુ ચાહે ફલીત થયેલ હોય કે ન હોય, તો પણ તે ક્યારેય નિર્જીવ હોતું નથી.

મરઘી, મરઘાની ગેરહાજરીમાં ફલિત થયા વગરના ઈંડા આપે છે. પરંતુ અવલોકનમાં જાણવા મળ્યું છે કે મરઘી, મરઘા સાથેના સંયોગના પૂર્વ દિવસે અફલિત ઈંડુ આપે છે અને ત્યારબાદ બીજા દિવસે પણ ઈંડુ આપે છે એનો અર્થ એ કે મરઘાના શુક્રાણુઓ મરઘીના શરીરમાં ઘણા કાળ સુધી રહી શકે છે. કેટલાક સંજોગોમાં આ સમયગાળો છ મહિના જેટલો પણ હોઈ શકે છે. આમ બંને પ્રકારના ઈંડા માંસાહાર જ છે.

ઈંડામાં કોલેસ્ટેરોલ ખૂબ જ મોટા પ્રમાણમાં હોય છે. તેમાંનો પીળો ભાગ કોલેસ્ટેરોલથી ભરપૂર હોય છે. જેને કારણે હૃદયરોગનો

હુમલો, સંધિવા અને તણખિયો વા જેવા રોગો થાય છે.

**શું તમે જાણો છો ? દવાઓ કેટલી હિંસક ? અહિંસક ?**

ગાય-ભેંસનું જાડું લોહી દવાઓ બનાવવામાં તથા સંશોધન માટેનું એક અગત્યનું માધ્યમ બની રહે છે. ગાય-ભેંસની વિવિધ ગ્રંથિઓમાંથી હોર્મોન્સ (જાતીય રસો) અને બીજા દ્રવ્યો મેળવીને ઓષધીઓ બનાવવામાં આવે છે. તેમની પિચ્યુટરી ગ્રંથી ભેગી કરી તેમાંથી બી.પી.ને કાબૂમાં લાવવાની તથા હૃદયના ધબકારા નિયમિત કરવાની દવાઓ બનાવવામાં આવે છે. ગાય-ભેંસની અંતઃસ્ત્રાવિ (એડ્રિનલ) ગ્રંથીઓ ભેગી કરી તેમાંથી કાઢેલા પ્રવાહી રસોમાંથી ૨૦ જુદા જુદા પ્રકારના સ્ટીરોઈડ્સ બનાવવામાં આવે છે. લોહી વગેરેને ઘટ્ટ થતું અટકાવવા માટેની દવા હિપેરિનમાં ગાય-ભેંસના ફેફસાંનો ઉપયોગ થાય છે. ગાય-ભેંસના પેન્ક્રિયાસ ભેગા કરી તેમાંથી ઈન્સ્યુલિન કાઢી ડાયાબિટીસના દર્દીઓને આપવામાં આવે છે. ડાયાબિટીસનો એક દર્દી આખા વર્ષ દરમ્યાન કુલ ૨૬ ગાયોના પેન્ક્રિયાસમાંથી મેળવેલ ઈન્સ્યુલિન વાપરે છે. સૌથી વધુ કિંમત ઊપજાવે એવી અનિશ્ચિત પેદા ગાય-ભેંસના પિત્તાશયની પથરી છે. જેના ફક્ત એક ઔંસના ખૂબ ઊંચા ભાવ આપીને દૂર પૂર્વના વૈદ્યો લઈ જાય છે.

કોલેજન નામનું પ્રોટીન જે ગાય-ભેંસના ચામડા-ખરી અને હાડકામાંથી મેળવવામાં આવે છે તે સૌંદર્ય પ્રસાધનોમાં આવતા લોશનમાં ભેજશોષક ઘટક તરીકે અગત્યનું હોય છે. ડારામ સ્પેશ્યાલિસ્ટ આંખના ખૂણાઓ તરફથી કરચલીઓ તથા ચહેરા ઉપરની કરચલીઓ દૂર કરવા ચહેરાની ચામડીમાં તેના ઈંજેક્શન આપે છે. કૃત્રિમ સ્તનના આરોપણમાં પણ તેનો માધ્યમ તરીકે ઉપયોગ થાય છે. તેમાં કોષોની વૃદ્ધિ થઈ શકે છે.

પ્રાણીઓની ખરીમાંથી જિલેટીન બનાવવામાં આવે છે જે સેંકડો વસ્તુઓમાં વપરાય છે. આઈસક્રીમ, સખત કેન્ડી, જેલ-ઓનો સમાવેશ થાય છે. ઘણી કહેવાની ચરબીયુક્ત વસ્તુઓમાં પણ આ જીલેટીન હોય છે. ક્રીમવાળી વાનગીઓમાં જીલેટીન હોય છે. મોટાભાગે હાડકાં અને ખરીનો ઉપયોગ ઊંચી જાતના પ્રોટીનયુક્ત પશુઆહાર અને ખાતર બનાવવામાં થાય છે.

**શું તમે જાણો છો ? હિંસા કેટલી વકરી છે ?**

તમને એ જાણીને કદાચ આઘાત લાગશે કે ડેરીફાર્મની ગાય-ભેંસ જે કુદરતી રીતે જ શાકાહારી છે તેઓને બિનજરૂરી રીતે માંસાહારી બનાવી દેવામાં આવે છે. ડેરી-ફાર્મમાં ગાય-ભેંસને તેમના નિયમિત આહારની સાથે કતલખાનાના કચરામાંથી બનાવેલ રિસાઈકલ્ડ માંસાનો આહાર મિક્ષ કરીને આપવામાં આવે છે. આ રિસાઈકલ્ડ માંસ, મરેલા પ્રાણીઓ (દર વર્ષે લાખોની સંખ્યામાં આવતા મૃત કૂતરા-બિલાડા વગેરે) કતલખાનાનો નહિ ઉપયોગમાં આવેલ પ્રાણીઓના અંગો જેવા કે હાડકાં, આંતરડા, લોહી વગેરે સુપરમાર્કેટના બગડી ગયેલા માંસના કચરામાંથી બનાવવામાં આવે છે. એક અનુમાન પ્રમાણે દર વર્ષે ૪૦૦ કરોડ રતલ કતલખાનાનો કચરો (જેવો કે લોહી, હાડકા, આંતરડા, મૃત પશુઓ) રૂપાંતર કરી માંસના કારખાનામાં મોકલી દેવામાં આવે છે. અહીં ઢગલાબંધ કાચો માલ ડુંગરની જેમ પડ્યો હોય છે. આ કાચા માલમાં ૯૦ અંશ ગરમીમાં મૃત પ્રાણીઓના ઢગલાઓ પર લાખોની સંખ્યામાં ઈયળો તથા કીડાઓ ચઢતા જોવા મળે છે. આ કાચા માલના ઝીણા ટુકડા કરી ૨૮૦ અંશ સુધી એક કલાક ઉકાળવામાં આવે છે. આ પ્રક્રિયા ૨૪ કલાક, અઠવાડિયાના સાતેય દિવસ ચાલ્યા જ કરે છે. આ પ્રક્રિયાથી હાડકામાંથી માંસ છૂટું પડે છે. આ પ્રક્રિયા દરમ્યાન પીળા રંગનું ગ્રીસ અથવા ચરબી ઉપર તરી આવે છે જેને અલગ તારવી લેવામાં આવે છે. ગરમ માંસ અને હાડકાંમાંથી ભેજ શોષી તેનો ઝીણો પાઉડર બનાવવામાં આવે છે. આ ખોરાક બધો પશુઓમાં પેટમાં ને દૂધ-દહી-ઘી-માખણ-પનીર-ચીઝ-આઈસક્રીમ દ્વારા આ બધું આપણા પેટમાં... પછી આપણા મન કેવા થઈ જવાના? ને આ પ્રાણીઓ જે યાતના ભોગવી રહ્યા છે તે નજીકના જન્મોમાં આપણા જીવે ભોગવવા તૈયાર રહેવાનું.

જાણો છો આ બધા કચરાનો રૂપાંતર કરનારના કારખાના ન હોય તો આપણાં શહેરો રોગ અને સડેલા મૃતદેહોથી ખદબદતા નર્કાગાર બની જાય. લોકોમાં વિનાશક વાઈરસ ને બેક્ટેરિયા બેહદ ફેલાઈ જાય. ડૉ. વિલિયમ હ્યુસ્ટન કહે છે કે ''જો તમે બધા જ મૃત અંગો બાળી નાખો તો હવામાં ભયંકર પ્રદૂષણ ફેલાઈ જાય અને જો તે બધા તમે જમીનમાં દફનાવો તો જાહેર આરોગ્યનો ભયંકર પ્રશ્ન પેદા થાય. જેમાં બદબુ-દુર્ગંધનો ઉલ્લેખ પણ ન થાય. બેક્ટેરિયાના ઉત્પત્તિ માટે મૃતદેહ એક શ્રેષ્ઠ માધ્યમ છે.

કોઈ કોઈ એવો સવાલ કરે છે કે શ્રીકૃષ્ણ પણ ગાયો રાખતા હતા. દહીં-હાંડી-માખણની વાતો આવે છે. હા-ચોક્કસ... પણ ત્યારે ગાયોને ઓક્ટિટેશનના ઈંજેક્શનો અપાતાતા એવી કોઈ વાતો આવે છે? જન્મેલા તાજા વાછરડાને તેની માંનું દૂધ નહોતા પીવા દેતા ને તેનાથી અલગ કરી તેની કુમળી ચામડી માટે અથવા તો ચીઝ ને પનીરના મેળવણ માટે તેના આંતરડામાંથી રેનેટ કાઢી લેવામાં આવતું... ને મારવા માટે કતલખાના ભેગું કરી દેવાતું એવું ક્યાંય શ્રીકૃષ્ણની મહાભારતમાં વર્ણન આવે છે? શું શ્રીકૃષ્ણના વખતમાં ગાયોને વાછરડું જન્મ્યા પછી ત્રણ જ મહિનામાં ફરીથી કૃત્રિમ ગર્ભાધાન કરાવાતું હોય એવું ક્યાંય વાતોમાં આવે છે? ત્યારે ગાયોને પ્રેમથી પળાતી હતી. દૂધ આપવાનું બંધ થાય પછી પણ મૃત્યુપર્યંત ઘરના મેમ્બરની જેમ સચવાતી હતી... ફક્ત એટલું જ નહિ જુઓ કે શ્રીકૃષ્ણના વખતમાં દૂધ પીવાતું હતું... એ પણ જુઓ કે ત્યારની ને આજની પરિસ્થિતિમાં કેટલું શીર્ષાસન થઈ ગયું છે? ત્યારે દૂધ અમૃત હતું... આજે ઝેર થઈ ગયું છે. ત્યારે વાછરડાને પી લીધા પછી વધે તે દૂધ વપરાતું હતું... ત્યારે ચીઝ-પનીર ને આઈસક્રીમ હતા? દૂધમાં આટલી ભેળસેળ ને પ્રદૂષણ

હતા? ત્યારે ગાયો શુદ્ધ ચારો ચરતી આજે એના આહારમાં પણ રિસાઈકલ્ડ કરેલું માંસ ભેળવાય છે. સરખામણી કરતાં પહેલાં જુઓ તો ખરા કે કઈ વસ્તુની કોની સાથે સરખામણી કરી રહ્યા છીએ? બીજી એક વાત... જે જૈન હશે તે જાણતા હશે કે શ્રી નેમીનાથ ભગવાનના સમયમાં શ્રીકૃષ્ણ થયા એટલે કે ચોથા આરામાં થયા. ત્યારે પહેલું સંઘયણ હતું... સંઘયણ એટલે હાડકાની મજબૂતાઈ, ત્યારના હાડકાની મજબૂતાઈ એટલી હતી કે છ મહિના સુધી શીલા નીચે કચડો ત્યારે તૂટે અને અત્યારે આપણું છઠ્ઠું-છેલ્લું સંઘયણ - જરા હાથ આમ ખેંચો કે હાડકું તૂટી જાય... તો એમના શરીરનું મજબૂત બંધારણ પણ એક કારણ હોઈ શકે કે તેઓ આવો ખોરાક પચાવી શકતા હોય... અને એવો ખોરાક... કે જેમાં પનીર - ચીઝ - આઈસક્રીમ જેવી ચીજોનું અતિક્રમણ હતું જ નહિ. જે કાંઈ હતું તે શુદ્ધ - તાજું - ઘરનું (ડેરીનું નહિ) વળી જેમાં ગાયનો સંતોષ અને પ્રેમ ભરેલો હતો (કારણકે એના બાળકને આપ્યા પછી વધારાનું આપતા હતા) ને આજનું અશુદ્ધ - ભેળસેળવાળું - કેમિકલ્સ, એન્ટિબાયોટિકને ઓક્સિટેશનવાળું - જે ગાયોનું રૂદન છે, આક્રંદ છે, નકારાત્મક વલણ છે એવું હિંસાત્મક ભાવવાળું - જે ખરેખર વર્જ્ય છે. જેટલું થઈ શકે એટલું... પરંતુ ચીઝ - પનીર - આઈસક્રીમ ને માખણનો તો દરેકે દરેક અહિંસાપ્રેમી જીવને ત્યાગ કરવો જ ઘટે. આ બધી જ વસ્તુ તમે વનસ્પતિજન્ય બનાવી શકો છો... તો પછી શા માટે આવી ભયંકર હિંસાના પાપમાંથી ન બચવું? શા માટે આપણી તબિયત ખલાસ કરી નાખવી? સંઘજમણ વગેરેમાં પનીરનો કેટલો બધો ઉપયોગ થાય છે... એક શાક તો પનીરવાળું હોય જ... પાછા પનીર પકોડા હોય... કેટલી વસ્તુમાં પનીરનો ઉપયોગ? ના અટકાવી શકાય? સહુ જાણે છે કે આઈસક્રીમ તો પ્યોર માંસાહાર છે... ચીઝ પ્યોર માંસાહાર છે... કયા જૈનોના લગ્ન વગેરે પ્રસંગો એવા છે કે જેમાં આઈસક્રીમ-ચીઝ-પનીરની આઈટમો ન હોય... જ્યાં માંસાહારનો જ છોછ નથી તો કાંદા-બટાકાની ક્યાં વાત કરવી? સાધુ-સાધ્વી ભગવંતોને પણ ખૂબ ખૂબ વિનંતી છે કે જમણવારમાંથી આવી હિંસક વસ્તુને તીલાંજલિ આપવાની પ્રેરણા કરે... હા... એ સમજી શકાય એવી વાત છે કે આજે શ્રાવકોના ઘરમાં જ દૂધ-દહીં-છાસની વાનગી બનતી હોય તો એમને તો એ જ વહોરવાનું છે જે આપણા ઘરમાં બને છે. પરંતુ શ્રાવકોને પ્રેરણા કરતા કરતા જ્યારે શ્રાવકો જ આનો ઉપયોગ ઓછો કરશે તો સાધુ-સાધ્વીજી ભગવંતોને પણ શુદ્ધ શાકાહારી ગોચરી મળી શકશે... ભલે એ વસ્તુને આવતા વાર લાગશે પણ પ્રયત્ન તો કરવો જ પડશે... ને આજ સિલસિલો ચાલુ રહ્યો તો જેમ આજે આપણે ૩૫-૪૦ વર્ષથી રોગોથી ઘેરાવા લાગીએ છીએ તેમ ભવિષ્યની પ્રજા યુવાનીને પગથિયે પગ મૂકતા જ એટલે ૨૦-૨૫ વર્ષની ઉંમરથી રોગોનો શિકાર બની જશે... ચોઈસ ઈઝ યોર્સ... ❑❑❑

૧૯, ધર્મપ્રતાપ, અશોક નગર, દામોદર વાડી,
કાંદિવલી (ઈસ્ટ), ૪૦૦૧૦૧.
સંપર્ક : ૮૮૫૦૦૮૮૫૬૭

# Goodness, Righteousness and Zoroastrianism

**Naville Gyara**

Zoroastrianism is supposedly the oldest monotheistic religion. The Prophet/founder Zarathushtra or Zoroaster was born to Dughdova (milkmaid) or Dogdo and Paurushasp, in the town of Rae in Persia. When Zarathushtra - "Golden Shining Star" - was to be born, his mother Dogdo had strange premonitions regarding the child. Dreams foretold her of the pre-destined mission of her son. When he was born, he had a smile on his face and his aura spread light all over the streets of Rae.

There is considerable dispute as to when Zarathushtra preached his message. Many Greek authors put down between 6000 and 7000 B.C. as the approximate period. Some Western scholars state that Zarathushtra lived about 250 years before Alexander. On linguistic grounds, this theory is not tenable. The third viewpoint is based not only on a linguistic comparison between the 'Gâthâs' (which contain Zarathushtra's teachings) and the Rig Veda, but also on the split between the Aryan tribes which led to one branch migrating to India. The split was due to the reforms initiated by Zarathushtra. This tradition asserts that he lived about 2000 B.C. or earlier. This appears to be the most probable theory.

During the time of his birth and childhood, the place was under the influence of Durâsarun, an evil man who with his sorcery and black magic had established himself as a dictator over people's consciences. He and his men tried to kill Zarathushtra on several occasions, but every time Zarathushtra was saved miraculously by various animals who protected him completely. Hence he loved all animals through his life and ensured their protection.

He grew up as a youth given to deep meditation

and spent 10 years in a mountain retreat, solving many problems of life that baffled men. Then God revealed to him the Divine message of Purity, Uprightness, Truth and Light, against the cult of filth and falsehood.

**Fundamental Principles**

There are five basic principles inculcated by Zarathushtra:

(i) One should always be good and should practise one's faith through benevolence and compassion; all traces of evil have to be eliminated from one's life.

(ii) One should seek unity amidst diversity and conflicts of opinions. When a gulf separates the beliefs of two or more parties, a Zoroastrian should try to build a bridge, and consider truth with its many facets, without bitter controversies.

(iii) In matters of intimate spiritual convictions, no force should be used to compel one along some fixed line of belief or action. Non-violence and non-resistance should be the attitude where inner faith is concerned, because coercion can never affect the repository of one's heart.

(iv) Every Zoroastrian should be utterly unselfish, dedicating himself entirely to God. Surrender to God should be the guiding principle of one's conduct.

(v) One should regulate one's life by the highest standard of uprightness, truth and purity in thought, word and deed.

Parsis are, in practice, Nature-worshippers and Fire-worshippers in particular. When fire is adored, there is a distinct declaration that it is "a symbol of God" and is "the son of God". The sun is adored as the most beautiful body of God. A Zoroastrian's praise of Nature (oceans, stars, forests etc) is just an appreciation of its Creator. The four elements of Nature (fire, air, water and earth) are the objects of special care, lest any of them gets contaminated. Cleanliness being next to Godliness is visually demonstrated in Parsi homes.

**Some Duties of a Zoroastrian**

(i) He must praise all good thoughts, words and deed and must have full faith in God's dispensation.

(ii) If he knows some aspect of truth, he must practise it and teach it to others.

(iii) He must have proper control over his speech.

(iv) He must practise moderation and avoid extremes. Constant self-control is necessary.

(v) He must be truthful and carry out all promises and undertakings. He must discharge all obligations.

(vi) He should show compassion towards innocent animals that need care and protection.

(vii) He must fight against thieves, robbers and wrong-doers and be prepared to lose his very life in performing such a duty.

(viii) He must keep all the elements of nature undefiled and cause all contamination to be removed if he cannot prevent it.

(ix) He must treat fire as an emblem of God and help to keep temple-fires burning day and night. No corpse must be placed on fire.

(x) He must, on retiring to bed, review, everyday, his conduct for the day and resolve to avoid all sinful ways in future. Sincere repentance is ever helpful.

(xi) He must treat his possessions, children and his very life, as held in trust and dedicated to God.

(xii) He must observe laws of purity, hygiene and sanitation.

(xiii) He must be a centre of peace and avoid aggression. He must practise tolerance and forgiveness.

(xiv) Deceipt and falsehood are to be scrupulously avoided and the family's reputation for honesty must be enhanced.

(xv) In times of trial, one must rely upon the inner conscience and his innate wisdom, and seek inspiration from God.

**Vegetarianism, Compassion and the Zoroastrian Faith**

In the Zoroastrian religion, 'Ahura Mazda' is the Supreme Lord. He is omnipotent, omnipresent and omniscient and the Creator of this Universe.

Prophet Zarathushtra developed in the scriptures (in 'Avesta' language), a unique concept of 'Amesha Spentas'. They are the spiritual entities (angels) of Ahura Mazda himself. They are seven in number, including Ahura Mazda, as the first one. Each of these seven represents a divine and spiritual virtue, and presides over one of the natural creations in this world. The 'Amesha Spenta' second in ranking is known by the Avesta name 'Vohu Manâ' or 'Bahman', and it means 'good mind'. The animal kingdom is placed under the care of the good mind, which is the central seat of all

human endeavours. Those who are cruel to dumb and innocent animals in this world would not only displease 'Vohu Manâ', but they would also be debarred from his realm of heaven. It indicates that killing animals and cruelty towards them are considered grievous sins. Only kindness towards animals would strengthen the forces of 'Vohu Manâ'. Otherwise anger, hatred and evil thought-forces would rule the world.

In the Parsi calendar, the month of Bahman (the 11th month) has great significance with respect to vegetarianism. The people in the community are supposed to abstain from non-vegetarian diet during this month, as also on four particular days every month. This abstinence is supposed to bring merit and propitiate 'Vohu Manâ' or 'Bahman' and is proof in itself that what they otherwise do is something not proper.

Modern science now emphatically accepts that the natural diet for mankind is vegetarian. With a vegetarian diet, man's health is well-maintained and with temperance in eating, he can lead a long life.

Dr. J. H. Kellogg, M.D. and scholar says, "To believe that a man who despite eating non-vegetarian food can be considered righteous is to consider a man covered with layers of mud as clean."

Welfare of animals, mercy, love, protection and nurturing of animals are imported from the fundamental Zoroastrian scriptures in the 'Gâthâs'. As Tolstoy had said, "…the change to vegetarianism is the first natural consequence of enlightenment."

Cyrus the Great, the great Zoroastrian ruler of Iran, was himself a vegetarian from childhood. Moreover, in his disciplined army, brave Zoroastrian soldiers were raised on a vegetarian diet since childhood. Writers such as the Greek philosophers, Pliny and Plutarch, have written that the diet of the Magi (Mobeds or priests) of Iran, was vegetarian.

Around 1832, the East India Company promulgated a law in India, to destroy stray dogs. Several Parsi 'sethias', along with leaders of other communities, started 'Panjrapoles' for sheltering dogs, who are regarded as righteous by Zoroastrians and hold an important position in Parsi religious and social life. Of the 15 trustees, five were Parsis.

In 1874, Bai Sakarbai Dinshaw Petit Hospital for Animals was established in Parel, Bombay, for disabled, discarded, wounded animals, by the famous Parsi family of Petits.

Among the most active and successful community lobbyists for animal rights, is Poona-based Diana Ratnagar and her 'Beauty Without Cruelty', an international educational charitable trust for animal rights.

********

This most ancient faith once illumined the trans-Himalayan world, influenced the thought and philosophy of the ancient Greeks and Romans, influenced also Judaism and through it Christianity, and through Christianity, Islam, and left its impress on the spiritual and intellectual progress and civilization of the human race.

The prophet kept his teachings unrestricted as to time and space, and his faith has "universal respect for all that is good, true and beautiful throughout the world".

True religion cannot be divorced from life. It is not a robe or garb to be put on and then discarded at one's convenience. It has to be woven into our daily behaviour, and is not to be separated or shelved. True behaviour is the essence of religion. Religion does not act against our happiness. Real bliss is the reward of Religion. Truly religious people are humble, unassuming and shun popular applause. The true function of a religion is to enable us to return to our "home", to have "at-one-ment" or reunion after regaining our true stature as Divine Beings.

The great Rabindranath Tagore admired Zarathushtra and his teachings, after studying his teachings in the 'Gâthâs'. He wrote, "Zarathushtra was the first prophet who emancipated religion from the exclusive narrowness of the tribal God, the God of a chosen people and offered it to the Universal Man. This is a great fact in the history of religion."

Reference : A] Books : i) Message of Zarathushtra

A Manual of Zorastrianism - The Religion of the Parsis by Dastur Khurshed S. Dabu, M.A., F.T.S.

ii) The Parsis by Piloo Nanavutty

B] Articles :

i) The Significance of Bahman Ameshaspand in the Zoroastrian Religion by Er. Burjorji Antia

ii) Animal Rights and Wrongs 'Parsiana' Editorial Viewpoint 21st March, 2019

❑❑❑

Contact : nmgyara@yahoo.co.uk

# Scrutinize yourself comprehensively through Ahimsa ( Non-violence)

**Prachi Dhanvant Shah**

*" I do not hold Non-violence for moral reasons but for Political and Practical reasons" - Aung San Suu Kyi* - a Burmese politician, diplomat, author, and Nobel Peace Prize laureate. I wish this be the slogan of all the political leaders around the world.

Practicing non-violence for moral and spiritual values is much adapted by those who seek a spiritual path in life and have learned to live the right way of life. But it is very rare to see people adapting non-violence for any practical or political reasons. India is traumatized by the act of violence off lately on the war front. Anger, aggression, revenge is thriving within many Indians. Although this anger can be justified to some extent, there are many reasons to be blamed for this act and it is difficult to scrutinize the responsible reason behind it. Anyway, that can be a completely separate topic to debate upon. Since decades to date, not just India, but many parts of the world are dealing with violence, agony, and sufferings. Today, media is serving us with the updated news at our door fronts about these violent acts, Journalists imposing their life at risk striving to bring all the details to you. But if you analyze it explicitly, there is a possibility of it adding fuel to the fire of terrorist's aggression, instigating the urge of revenge. It is a known fact that every coin has two sides, but it is up to us to decide which side should be exposed. During this era of rage and violence, acts of nonviolence are also implemented around the world attaining great success with its outcome. But why are these acts of ahimsa not getting equivalent coverage and recognition through media enrouting hope and compassion within people? Fire can be extinguished only with water and not with fuel. If more technology is implemented on recognizing and acknowledging acts of nonviolence attaining success, it might spread the message of peace and compassion instead of rage and revenge.

Non-violence is not everyone's strength. Only a brave and strong person can pursue nonviolence. If someone slams you, it is quite obvious it would hurt your ego and you would want to slam him back outrageously. But if you are strong mentally, stable with your vision, brave enough to accept it as your pride, then you would not slam him back but would ignore him, hurting his ego and showing him the impact of non-violence, the strength of Ahimsa. I would not say one should accept violence when it comes to self-defense. Nonviolence is an apt policy only when the conditions permit. In today's world, there comes many necessary unconscionable situations when an answer to certain violence is nothing but just counteract in the form of violence. But the only way to avoid further violence is not propagating the act of violence and instigating the urge of hatred and revenge. Adapting nonviolence is not inaction, nor is the competence of timid or weak, but needs a lot of hard work and mental clout. Nonviolence is the love that does justice. Nonviolence is the strength and power we all are bestowed with but would come into action only when the demon of rage and aggression is demolished from within us.

Winding back in time not too far, on November 26, 2012, a momentous occurrence transpired. For the entire period of 24 hours, no crime or violence act was reported in New York city as per the police records. This has never happened in the history that the police did not record any act of violence in the largest and busiest city of united states. When this was reported in news, it indeed gives some urge to hope that the society would change for good. There are many acts of nonviolence ensuing around the world but is not heard of enough.

A few years ago, in San Francisco, California, by the bay, a revolutionary non-violent march was implemented and also accomplished its motives. The number of homeless people was escalating to a great extent. Around 16,000 homeless people and only 1,400 shelter beds. This left with no options but accepting

streets and public places as their place to sleep and seek shelter. To this, the government body did not react positively but decided to implement criminalization and announced they would arrest people sleeping in public places and doorways. They would arrest people who were eating in public and also arrest people who would offer food to people violating the law and using public places as their shelter. To this, an activist group of leaders named "religious witness to homeless people" decided to resolve this act of harshness by means of nonviolence. They decided that if any of those homeless people would get arrested, they would sleep in the parks of San Francisco to protest against their arrest. Hence every night, they would roll out their sleeping bags on the streets and sleep there to outcry the bitter act. To this, the police would charge over them midnight and put them behind bars. But they did not stop. This kept happening night after night but the leaders did not give up. And to add to their fortitude, protesting against not eating in public, they organized an open lavish banquet for all homeless individual treating them with a fest. Their urge to give justice to all humankind, their compassionate and unconditional love to every living soul, did not allow them to stop their act of protest and gallantry. The police tried to enforce their means of violence by objecting and stopping the act of nonviolent protest. But here the presence of media served as a blessing. It was because of media coverage that these acts of nonviolence acclaimed acknowledgment. And so, eventually, the leaders were invited for a healthy discussion with the mayor and the city officials, which finally led to abandon this program of discrimination against homeless people and provide constructed solution to resolve the situation. Thus ordinary people adopted a nonviolent stand for justice and their act of compassion attained accomplishment to satisfaction.

The power of nonviolence in today's time is accelerated to a great extent around the world despite the occurrence of all the violence. The diaspora is changing and this society is in the midst of a proliferation of nonviolent action for change. We are bestowed with technology and media that can reach to the heart of every human being and incorporate inklings of nonviolence, ahimsa. The society is actually building cultures of peace and nonviolence by means of seminars and meditation camps.

In 2003, the Palestinian village of Budrus mounted a 10-month-long nonviolent protest to stop a barrier being built across their olive groves. As part of this barrier, the villagers would lose 40% of their land and be surrounded by the wall, so they would lose free access to the west bank. Not so far back in time, but just recently several Palestinian leaders adapted nonviolence to protect their land and water resources from Israeli soldiers and settlers. These Palestinian leaders tried their best to contrive a massive national non-violent movement to protest against the Israeli government and enforce them not to build the separation wall on the villager's land and block the free water resource and thus to build peace in the region. These non-violent acts in today's era are attaining strikes with their covet conclusion. Research has proven that nonviolent resilience has gained more success than any violent movement. Violence is extremely complicated, although the complicated simplicity of nonviolence is to its par and outrageous. There are many such non-violent movements taking place all around the world, in USA, West Bank, Gaza, and elsewhere. But it is not as much heard about and recognized as we hear about violence and extortion everywhere. Such discreet and successful non-violence movement seeks the power of attention from you, from the media to spread peace around the world, and not to hear cries and agony but laughter and giggles. Non-violent movements did not just consolidate in Gandhi's or Martin Luther King's time, but is integrated with great triumph in current times too! But it is disheartening to learn that it is not as much heard about.

Striding towards spiritual prospects, our religion Jainism's primary cynosure is ahimsa (non-violence) to its utmost. Respecting the existence of every living being and not causing harm by any means is the most imperative and paramount doctrine of Jain religion. A Jain is the one who follows ahimsa true to its state. Practicing nonviolence by all means, significantly not causing pain to any other body, mind, and soul. Non-

violence is not just avoiding any physical harm to any living being but I believe, it is more estimable to its desirability when it is practiced by not hurting any soul mentally or emotionally. To ignore someone, to disrespect somebody, to argue with someone and similar acts are violence to that person's mind, violence towards someone's emotions. Causing pain to someone's feelings is violence. Jainism teaches us that a legitimate practice of ahimsa is a respectful and compassionate attitude towards the wellbeing of others and also towards oneself. Ahimsa is also one of the integral practice of ethical Yoga practice for mental well being and the first Yama of yoga shastra. It is the practice followed while being in Yoga mudra and meditation to remind yourself, that your actions and reactions, your speech and perception, the choices that you make, should not cause any harm to yourself as well as to anyone else. It is fundamentally controlling your thoughts because your thoughts are the primary leeway to your mood and actions. What you pursue within yourself, is what you would land up spreading around. If you behold immense aggression and agony within yourself, it is bound to spill all around one day and disturb your surrounding. If you are disturbed mentally and not happy, you certainly cannot bring a smile on the face of people around you, your loved ones, your family. So practicing ahimsa Yama by means of yoga helps you working towards the internal of you, being kind to yourself and eventually you would be kinder towards people around you bringing peace in the environment. Communicate with yourself through Samyak Darshan (absolute perception) to deluge nonviolence towards yourself so as to promulgate the same to the society. A recent study of neuroscience which examines human brains through MRI shows that when your mind cooperates with others, without any conflicts and negativity, the neurons in the reward center of our brain gets positively activated resulting in an efficacious mindset, beneficiary for the function of your brain and entire body.

I am certain, living in this worldly life, dealing with so many living beings, following this path of nonviolence would be demanding but it is not impossible. For survival on this universal world, causing some pain to others being is bound to ensue, but it can be minimized as far as possible. Although, it is certainly not at all difficult to practice ahimsa towards yourself. This manner of nonviolent life is not significant just spiritually but it is favorable for your well being, keeping you healthy physically as well as mentally. Make your passion towards nonviolence, as the purpose for others.

Let us come together and Grapple with the great challenges our world is facing. Let's unite and end this violence. Let us build a world where every living being is valued and respected, a world where every life is uphilled, honored and defended. Let us picturise a world without any kind of violence that dehumanizes, destroys or diminishes ourselves or anyone else on this planet. Let us build a world without violence, without poverty, without race discrimination, without hatred and all the other acts of violence that are tormenting us. And maybe we would encounter a day when this burden of violence is lifted off our shoulders. Although it seems like a fairy tale world of idealism and fantasy too gloomy to be true. But we can certainly work with the tool of incorporating nonviolence towards yourself, we can create a world where each one of us strives to have the vision of a nonviolent society and use the toolbox to grapple with and transform the violence and injustice around us into peace and love. Human nature is so vast and flexible that it can certainly bend towards peace and nonviolence if the tool is applied in the right way. We all have this mystical power, much more power than we can think of. And if we haul this power on the trail of affirmation of building a nonviolent world, the magic would certainly befall. Let us move beyond war!

*Non-violence leads to highest ethics,*
*which is the goal of all evolution.*
*Until we stop harming all other living beings,*
*we are still savages.*

*-Thomas A. Edison.*

❑❑❑

49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
Contact : +1-9175825643

# ચિત્રભાનુજી અહિંસાના સાધક

**દિલીપ વી. શાહ**

***પરિચય : અમેરિકા સ્થિત દિલીપ શાહ JAINA સાથે જોડાયેલા છે. આ સંસ્થાના તેઓ પૂર્વ પ્રમુખ પણ રહી ચૂક્યા છે. Jain કેલેન્ડર, પાઠશાળા અને બીજા અનેક કાર્યક્રમો સાથે જોડાયેલા છે. દરવર્ષે જે જૈનોનું કન્વોકેશન થાય છે, તેમાં આયોજનકર્તામાં મહત્વની ભૂમિકા અદા કરે છે.***

૧૯૭૦ નું તે વર્ષ હતું, ચિત્રભાનુજી મુંબઈમાં લોકચાહનાનો સ્વાદ માણી રહ્યા હતા. મુંબઈના માત્ર જૈન કુટુંબો જ નહીં પરંતુ સામાન્યજન પણ પર તેમનો પ્રભાવ છવાયેલો હતો. તેમનું વ્યક્તિત્વ જ એવું હતું પ્રભાવશાળી  વકૃત્વશૈલી અને જૈન ધર્મ અંગેનું ઊંડું જ્ઞાન. જૈન ધર્મ સિવાયની વ્યક્તિઓમાં પણ તેમના માટે ખુબ ખેંચાણ હતું.  અન્ય ધર્મની વ્યક્તિઓ તેઓ જ્યાં પણ બોલવા છતા ત્યાં તેમને સાંભળવા જતી હતી. ચોપાટી પર મહાવીર જયંતી સમયના તેમના પ્રવચનો વખતે અનેક લોકોની ભીડ જમા થતી હતી અને તેમાં સરકારી અધિકારીઓ પણ એમાં ભાગ લેતા હતા.જેઓ મેડિટેશન અને જૈનિઝમને શીખવા માંગતા હતા, તેવા પશ્ચિમની સંસ્કૃતિના ચાહકોને પણ તેઓ પોતાની તરફ આકર્ષી શકતા હતા.

પણ મુનિશ્રી પાસે સમણ પરંપરાનું પ્રતિનિધિત્વ અપેક્ષિત હતું, તે ચોક્કસ પરંપરાના કડક નિયમોમાં પોતાની જાતને બાંધી રાખતા નહોતા. તેઓ પ્રતિનિધિત્વ કરતા હતા મહાવીરના વિચારોનું. તેઓ મહાવીરના માનવીય સંદેશને, માનવતાભર્યા સંદેશને લોકો સમક્ષ લઈ જવા માગતા હતા. તેઓ મહાવીરના ગરીબ અને બિમારની સેવા કરવાના માનવીય સંદેશને સંપૂર્ણ વિશ્વમાં ફેલાવવા ઈચ્છતા હતા, એવો મહાવીરના સંદેશને વૈશ્વિક સ્તરે લઇ જવા માંગતા હતા. તેઓ ઉપાશ્રયમાં આવનાર માત્રને વ્યાખ્યાન આપવા ઈચ્છતા નહોતા પરંતુ મહાવીરના સંદેશને વૈશ્વિક સ્તરે લઇ જવા ઈચ્છતા હતા જે લોકો કુદરતી આફતોનો ભોગ બન્યા હતા, એવા લોકોની સેવાના રાહત કાર્યમાં તેઓ જોડાયા હતા ઉદાહરણ તરીકે બિહારમાં આવેલી પૂરની આફત. તેમને આફ્રિકા, યુરોપ અને અમેરિકા વગેરે જગ્યાએ ત્યાંના જૈન સંઘ અને ફોરમમાં વ્યાખ્યાન આપવા માટે સતત આમંત્રણ મળતો હતા.

જીનિવા ખાતે બીજી સ્પિરિચ્યુઅલ સમિતિનું આયોજન અમેરિકાના સમર્પિત મંદિર દ્વારા થયું હતું. ત્યાં વ્યાખ્યાન આપવાનું આમંત્રણ ચિત્રભાનુજીને  મળ્યું હતું. આમંત્રણને કારણે તેઓ વિદેશમાં મુસાફરી કરવા માટે તૈયાર થયા હતા. એક જૈન સાધુ જેમને ૩૦ વર્ષમાં ૩૦ હજાર માઈલનું અંતર ખુલ્લા પગે કાપ્યું હતું તેમનો વિમાન દ્વારા પ્રવાસ કરવાનોએ એક નિર્ણય ખરેખર ક્રાંતિકારી અને વિવાદાસ્પદ હતો. પરંતુ છેવટે એમને વીરચંદ રાઘવજી ગાંધીના આદર્શ અને અનુસરવાનું મુનાસિબ માન્યું. જેને ૧૦૦ વર્ષ પૂર્વે અહિંસાનો સિદ્ધાંત પાશ્ચાત્ય જગતને આપ્યો હતો. ૧૯૭૦ની ૨૯મી માર્ચે છેવટે ગુરુદેવે અનેક વિરોધો અને ટોળાઓની વચ્ચે સ્પિરિચ્યુઅલ સમિતિમાં જવા માટેની ઐતિહાસિક ઉડાન ભરી.

આ વૈશ્વિક પરિષદમાં મુનિશ્રીએ જે સંદેશ આપ્યો તેમાં એક તરફ માનવતા માટેની આશા અને ધર્મગુરુઓની એકતા સાધવા માટે એક સામાન્ય પ્લેટફોર્મ તૈયાર કરવાની વાત કરી. આ ઐક્ય સમગ્ર વિશ્વમાં વ્યાપી શાંતિનું કાર્ય કરી શકે. જ્યાંથી તેમને વિશ્વશાંતિ લાવવાના પ્રયત્ન કરી શકાય.

તેમણે જૈન ધર્મના નયવાદ અને અહિંસા કઈ રીતે માનવીય હેતુને પાર પાડવા માટે ઉપયોગી થઇ શકે, એની વાત કરી. જગતમાં હિંસા અને ગરીબીની સામે લડવા માટે આપણને આ સર્વ માનવતાલક્ષી વ્યવહારોની આવશ્યકતા છે.  આજે વિશ્વને અહિંસા, ભૂખ અને ગરીબીનો શ્રાપ પ્રાપ્ત થયો છે તેની સામે નયવાદ  અને અહિંસા કઇ રીતે યોગદાન આપી શકે છે તેની વાત તેમણે કરી. જીનીવા એ તો માત્ર શરૂઆત કરી છે ત્યાર પછી ચિત્રભાનુજીએ યુરોપિયન દેશોમાં મુલાકાત લીધી. આ યાત્રાનો આરંભ જીનીવા હતો. પરંતુ ત્યાર પછી યુરોપના દેશો, અમેરિકા ની મુલાકાત પ્રવાસ દરમિયાન લીધી. એક વર્ષ પછી તેઓ આફ્રિકા ૪૫ દિવસ માટેની મુલાકાત પર ગયા. એક વર્ષ બાદ તેઓ આફ્રિકા ૪૫ દિવસની મુલાકાત પર ગયા. ત્યાં તેમને અનેક જૈન કેન્દ્રોમાં અને જૈન પ્રજાઓની વચ્ચે વ્યાખ્યાનો આપ્યા. જ્યાં એ લોકોએ છેલ્લા ૭૫ વર્ષ કોઈ જૈન સાધુ-સંતને દરમિયાન જોયા જ ન હતા.  જૈનો ત્યાં સ્થળાંતર કરીને વેપારાર્થે ગયા હતા. ત્યાંથી તેઓ અમેરિકા થર્ડ સ્પિરિચ્યુઅલમાં હાજરી આપવા ગયા જે હાવર્ડ યુનિવર્સિટીમાં હતી. યુનિવર્સિટીમાં ૪૦ વિવિધ ધર્મગુરુઓની વચ્ચે પોતાનું વ્યાખ્યાન આપ્યું. તેમના આ વ્યાખ્યાનને કારણે એ દિવસે 'હીટ સ્પીકર ઓફ ધ ડે'નું બિરુદ પ્રાપ્ત થયું. બોસ્ટનના લોકલ ન્યુઝ પેપરમાં આ સમાચાર  છપાયા હતા, તેને  કારણે તેમને અનેક જગ્યાઓથી અનેક વ્યાખ્યાનોના આમંત્રણ પ્રાપ્ત થયા, ત્યાર બાદ ચિત્રભાનુજીએ અમેરિકામાં સ્થાયી થવાનો નિર્ણય લીધો.  તેમને પોતાના ઘરના વિસ્તાર તરીકે ન્યુયોર્કને પસંદ કર્યું.

ચિત્રભાનુજીએ વિવિધ કોલેજમાં 'ધ્યાન- મેડીટેશન' અંગેનું શિક્ષણ આપ્યું. પોતે જે શિક્ષણના વ્યવસાયમાંથી પૈસા બચાવ્યા

હતાતેમાંથી બે વર્ષની અંદર જ તેમને 'જૈન મેડીટેશન આંતરરાષ્ટ્રીય કેન્દ્ર'ની સ્થાપના કરી. કેન્દ્રના મોટાભાગના તેમના વિદ્યાર્થીઓ અમેરિકન હતા પરંતુ ત્યારબાદ ધીરે ધીરે ન્યૂયોર્કના લોકોએ પણ કેન્દ્રની મુલાકાત લેવાનું શરૂ કર્યું. આ કેન્દ્રએ નાનકડી આરસની મહાવીર પ્રભુની મૂર્તિ મેળવી. જે અમેરિકામાં પ્રથમ જૈન પૂજા માટેની જગ્યા બની. ચિત્રભાનુજીએ અને જૈન પ્રજાને અમેરિકા અને કેનેડામાં વસવા માટે ભારે સહયોગ આપ્યો. તેમની સંસ્થાનો એકમાત્ર ઉદ્દેશ્ય જૈનોની એકતાનો હતો. કોઈપણ જાતની ભાષા, ધર્મ કે અન્ય વાડામાં અટવાયા વગર જૈનો ભેગા મળે, એ તેમનો એકમાત્ર ઉદ્દેશ્ય હતો.

સ્થાનકવાસી મુની સુશીલકુમારની પ્રેરણા સાથે જૈના સંસ્થાની સ્થાપના કરી જૈના અને ભારત બહારના જૈન સમુદાય માટેની સૌથી મોટી સંસ્થા છે.

અંગ્રેજી ભાષાના પ્રભુત્વને કારણે ચિત્રભાનુજી જૈન યુવાનોમાં લોકપ્રિય બન્યા, જે અમેરિકામાં બીજી પેઢીના લોકો હતા. તેમના પ્રભાવને કારણે અનેક લોકો શાકાહારી બની રહ્યા. અમેરિકા અને કેનેડામાં ૪૦થી વધારે સંસ્થાઓને રચવા-વિકસાવવા ચિત્રભાનુજીએ પોતાનો સહકાર આપ્યો. આ વર્ષો દરમિયાન તેઓ સિંગાપુર, લંડન અને અન્ય જગ્યાએ જૈન સમાજની નિયમિત રીતે મુલાકાત લેતા હતા. તેમણે વર્ષમાં ૧૨થી વધુવાર શિખરજી, પાલીતાણા વગેરે તીર્થયાત્રાઓપ્રવાસગોઠવ્યો હતો. જે વિદ્યાર્થીઓ શાકાહારી હતા અને નવકાર મંત્ર બોલી શકતા હતા, તે જ વિદ્યાર્થીઓને આ તીર્થયાત્રામાં જોડાવાની તક આપવામાં આવી હતી.

આ તીર્થયાત્રા પછી યાયાત્રાળુઓને તેમના નવા જન્મના પ્રતીકરૂપે ચેતના અને વિકાસ જેવા નવા નામો આપવામાં આવતા. અમેરિક પ્રજાનો એક સમૂહ જે Lake Whitmore મિશિગન સ્ટેટ ખાતે રહેતો હતો તેમને ચિત્રભાનુજીને પોતાના નેતા તરીકે સ્વીકાર્યા હતા.

ન્યૂયોર્કમાં દસ વર્ષ સુધી રહ્યા બાદ ૧૯૮૧માં ચિત્રભાનુજી પોતાના કુટુંબ સાથે ભારત પાછા આવવાનું નક્કી કરે છે. પરંતુ વર્ષના છ મહિના માટે અમેરિકામાં પોતે શરૂ કરેલા યોગા કેન્દ્રની મુલાકાત લેવાનું નક્કી કરે છે કારણકે ત્યાં અમેરિકાના હજારો વિદ્યાર્થીઓ ભણતા હતા અને હજારો નોર્થ અમેરિકન વ્યક્તિઓ ત્યાં આવતા હતા. તેમના માટે થઈને તેઓ વર્ષના છ મહિના કેન્દ્રની મુલાકાતે આવવાનું અને પ્રવાસ ચાલુ રાખવાનો ઠેરવે છે. ૨૦૧૬ પછી તેમને પોતાની વધતી ઉંમરને કારણે ત્યાં જવાનું બંધ કર્યું

પાછા આવવું એ તો ઘરે પાછા ફરવા જેવું હતું. ભારતના લોકોએ ચિત્રભાનુજીએ અમેરિકામાં કરેલા કાર્યો અંગે જાણ્યું, અમેરિકાનોને શાકાહારી બનાવ્યા અને ત્યાં જૈન ફિલોસોફી માટે કાર્ય કર્યું, તે અંગે જાણવા મળ્યું ત્યારે ચિત્રભાનુજીને ખુબ આદર મળ્યો. ભારત પાછા ફરી ૧૯૮૨માં ગુરુદેવ શ્રી ચિત્રભાનુજી વેજિટેરિયન સોસાયટીની સ્થાપના કરે છે. જેને જીવવાની અભિવ્યક્તિ એમ પણ કહી શકાય. મુંબઈમાં તેમને સંસ્થાનું પ્રમુખપદ આપવામાં આવ્યું. જીવનપર્યંત તેએ એ, જ પદ ઉપર રહ્યા, આ બાબતનું આગવું મહત્વ એ છે. ચિત્રભાનુજીએ અનેક સંસ્થાઓની સ્થાપના ભારતમાં અને દુનિયામાં કરી. પરંતુ ક્યારેય પણ કોઈપણ જગ્યાએ તેમણે સ્થાન કે પદ સ્વીકાર્યું નથી. પરંતુ માત્ર આ એક સંસ્થામાં તેમને પદ સ્વીકાર્યું. વેજિટેરિયન સોસાયટી માટે 'જીવનની અભિવ્યક્તિ' એવો મંત્ર અંકિત કર્યો, જે વિશ્વને સંકેત આપતો હતો કે અહિંસા એ માત્ર હિંસા ન કરવી એવું નથી. પરંતુ કોઈપણ પ્રકારની શરત વગરનો પ્રેમ, આદર મિત્રતા કરવી, એ આપણા વ્યક્તિત્વનો હિસ્સો હોવો જોઈએ. અન્ય મનુષ્ય, પ્રાણી, વૃક્ષો અને વાતાવરણ અને કુદરત સાથેનો વ્યવહારમાં અહિંસાની સમજ કેળવાયેલી હોવી જોઈએ. આપણું પોતાનું મૂલ્ય આપણા શારીરિક વ્યક્તિ દ્વારા નહીં પરંતુ આસપાસની જીવિત વ્યક્તિઓ પાસેથી આપણે કેટલા આશીર્વાદ પ્રાપ્ત કરીએ છે તેના આધાર ઉપર નક્કી થાય છે. આ સંદેશો ચિત્રભાનુજીએ હજારો લોકોને આપ્યો.

૧૯૯૦ના આરંભના એક ક્રૂર દિવસે ગુરુદેવને જગાડ્યા. લાસવેગાસમાં એક અમેરિકન સમૂહે, ગુરુદેવ જ્યારે અહિંસા ઉપર બોલતા હતા ત્યારે તેમની સામે કેટલીક દલીલો કરી. યુવાન અમેરિકને ગુરુદેવને પ્રશ્ન કર્યો કે જે ડેરી ઉત્પાદનોનો ઉપયોગ કરે છે, એ અહિંસાની વાત કઈ રીતે કરી શકે ? આ પ્રશ્ન ગુરુદેવ માટે પણ નવો હતો અને એને સમજવો એથી પણ વધુ અઘરો હતો. અમેરિકને એક મુદ્દો ઉઠાવ્યો કે માંસાહાર માટે અને ચામડાની વસ્તુ માટે જે અત્યાચાર કરવામાં આવે છે એ ઉપરાંત ડેરીમાં રોજેરોજ કેટલી બધી ક્રૂરતા ગાયો પર આચરવામાં આવે છે. ગુરુદેવને ખૂબ આશ્ચર્ય થયું. ચિત્રભાનુજી ત્યારે વિષયને સંપૂર્ણપણે સમજી ન શક્યા, પરંતુ તેમને વચન આપ્યું કે તેઓ આ વિષયનો પૂરતો અભ્યાસ કરશે.

ન્યૂયોર્કના ઘરે પાછા આવ્યા બાદ ગુરુદેવે સંપૂર્ણપણે ડેરી અને પશુઓની અવસ્થા પર સંશોધન કર્યું તેમણે અમેરિકામાં vegan મૂવમેન્ટ ચલાવતા વડાઓની સલાહ લીધી જેઓ Ingrid Newkirk of PETA and Dr.Neal Bernard of PCRM – Physician's Committee of Responsible Medicine હતા. તેમને જે જાણકારી મળી, તે સાંભળીને ખૂબ આઘાત લાગ્યો જીવનના ૭૦ વર્ષ સુધી તેમને નિયમિત રીતે દૂધ, માખણ, દહી વગેરેનો ઉપયોગ કર્યો હતો. ત્યારે એક પણ વાર તેમને આ પ્રોડક્ટ માટે પ્રાણીઓ ઉપર જે હિંસા આચરવામાં આવે છે, જે ક્રૂરતા આચરવામાં આવે છે, તે અંગે ખ્યાલ નહોતો. તેમણે એ જાણ્યું કે કે ગાય એ દૂધને ઉત્પન્ન કરે છે. પરંતુ એ ત્યારે જ કરે છે જ્યારે તે પોતાના બાળકને જન્મ આપે છે. ખરા અર્થમાં તો એ દૂધ તેના બાળક

માટે હોય છે જેનાથી બાળકને વંચિત રાખવામાં આવે છે. તાજા જન્મેલા વાછરડાને ત્રણ દિવસની અંદર પોતાના માતાથી દૂર કરી દેવામાં આવે છે અને ફરી તેઓને મળવા દેવામાં આવતા નથી કારણ કે મનુષ્ય આ દૂધનો આનંદ મેળવી શકે.

ડેરીના ઉત્પાદન માટે ગાયનેકુત્રિમ ગર્ભધાન દ્વારા ગર્ભવતી બનાવવામાં આવે છે આ દુધ ખેડૂતના પ્રેમમય હાથથી નહીં પરંતુ મશીન દ્વારા મેળવવામાં આવે છે આ મશીનો કોઈ પણ રીતે વધુમાં વધુ દૂધ મેળવવાનો પ્રયત્ન કરે છે. ગાયના લોહીના ટીપા દૂધ સાથે મિશ્રિત પણ થાય છે. શું તમે જાણો છો કે ભારત અને અમેરિકાનો ખાદ્ય અને કૃષિ વિભાગ દૂધમાં લોહીની અમુક ટકાવારી માટે મંજૂરી આપે છે.

નર ગાય સૌથી વધારે પીડાય છે કારણકે તે દૂધ આપતી નથી. તે આર્થિક રીતે બોજારૂપ બને છે તેને કારણે તેને કસાઈખાનામાં વેચી દેવામાં આવે છે. નારી ગાયને ફરી ફરી ગર્ભવતી બનાવવી, એની પાસેથી દૂધ મેળવવા આ બધો ખર્ચો ક્યારેક વધુ થાય છે અને સામે દૂધનું ઉત્પાદન ઓછું થાય છે. આમ ખેડૂતને આ પરવડતું ન હોવાને કારણે પાંચ વર્ષથી પણ નાની ગાયને પણ કસાઈખાનામાં મોકલી દેવામાં આવે છે. જ્યારે કે ગાયનું સામાન્ય જીવન ૧૫ વર્ષનું હોય છે. ડેરીમાં રહેલી દરેક ગાયનું નું છેલ્લું અંતિમ ચરણ કસાયખાનુ જ હોય છે. અડધી ગાયોની હત્યા છ મહિનાની ઉંમરે કરવામાં આવે છે, જ્યારે અન્ય અડધીઓની હત્યા પાંચ વર્ષની ઉંમરે કરવામાં આવે છે. ઉપરાંત ગાય માતા પોતાના સંતાનને હંમેશ માટે ગુમાવી દે છે. માત્ર બે કે ત્રણ દિવસ સુધી તે તેની સાથે રહે છે એ પોતાના બાળક માટે ખૂબ આક્રંદ કરતી હોય છે. તમે તેની આંખમાં આંસુ જોઈ શકો છો. તમે તેની આંખમાં તેના બાળકને શોધવા માટેની તરસ જોઈ શકો છો. એ ઉપરાંત તે ફરી ફરી ગર્ભવતી બને છે અને બેથી ત્રણ મહિનાના અંતરે તેની સાથે આ કાર્ય કરવામાં આવે છે. તેને વેદનામાંથી ફરી ફરી પસાર થવું પડે છેકારણ વધુ દુધની અપેક્ષાએ તેને ગર્ભવતી બનાવવાની પ્રક્રિયા તો ચાલુ જ હોય છે.

ઉપર વર્ણવેલી તમામ ભયાનકતાડેરીમાં નિયમિત રીતે આચરાતી હોય છે. ગાય એક ખેડૂત કુટુંબનો એક સભ્ય હતી એ વાર્તાઓ હવે જૂની થઈ ગઈ. ડેરીની ગાયોને મુક્તપણે વિહરવાની છૂટ નથી હોતી પરંતુ તેમને એક સ્થળે બાંધીને રાખવામાં આવે છે ઘણી વાર તો તેમને હલવા માટેની પણ પુરતી છે જગ્યા, ત્યાં નથી હોતી. એમાં કોઈ શંકા નથી કે દૂધ ઉત્પાદન- માસના ઉત્પાદનને સબસીડી આપે છે. માસના ઉત્પાદનની બીજી બાજુ, દૂધના ઉત્પાદનની વસ્તુઓ છે.

પૃથ્વી પર મનુષ્ય એકમાત્ર પ્રજાતિ છે જે અન્ય પ્રજાતિ પાસેથી મેળવીને દૂધ પીવે છે મોટા થયેલા મનુષ્યને ડેરી ઉદ્યોગો જે રીતે કહે છે એ રીતે દૂધની આવશ્યકતા હોતી નથી. બાળકને જો વિકાસ માટે દૂધની આવશ્યકતા હોટ તો કુદરતે બાળક બે વર્ષનું થાય અને તેને દાંત ઉગે ત્યારે તેને માતાના દૂધથી અલગ ન કર્યો હોત. પોષણની દૃષ્ટિએ જો વિચાર કરીએ તો એ મનુષ્ય સ્વાસ્થ્ય માટે વધારે હાનિકારક છે. તો દૂધ એ અન્ય પદાર્થો કરતા વધારે હાનિકારક છે. શું ક્યારેય નોંધ્યું છે કે અનેક વાર ડોક્ટર પોતાના બીમાર દર્દીઓને દૂધનો ઉપયોગ બંધ કરવાનું કહે છે ? આ બધું જાણ્યા પછી ચિત્રભાનુજી અને પ્રમોદાબેન સંપૂર્ણપણે **વિગન** બન્યા અર્થાત્ એમણે સંપૂર્ણપણે ડેરી ઉત્પાદનો, લેધર, સિલ્ક, ઉન અને મોતીનો ત્યાગ કર્યો. એ ઉપરાંત એમણે વિગનની જાહેરાત અને પ્રચાર કરવાનો આરંભ કર્યો. તેમણે પોતાની ઉંઘ ગુમાવવાનું શરૂ કર્યું. તેમણે હવે ઊંઘ આવતી નહોતી અને સ્વપ્નમાં તેમને લાચાર ગાય અને દયાવિહીન ડેરી ઉત્પાદનો દેખાતા હતા, જેનો ઉપયોગ મનુષ્ય કરતા હતા. પોતાના જાહેર વ્યાખ્યાનોમાં ચિત્રભાનુજી અનેકાંત વગેરે વિષય વાત કરવાનું બંધ કર્યું અને વિગનવિશે વાત કરવાનું ચાલુ કર્યું. તેમણે વિગનનો ખૂબ પ્રચાર કર્યો. વિગનવિશેનો તેમનો આ પ્રચાર એ એક બહુ મોટી ચળવળ હતી. જ્યારે તેમને પોતાનું સાધુત્વ છોડ્યું હતું અને પ્લેન દ્વારા પ્રવાસ કરવાનું ક્રાંતિકારી પગલું ભર્યું હતું, એ જ પ્રકારનું મહત્વનું બીજુ ક્રાંતિકારી પગલું એટલે કે ઘડઢ્ટત્તણ્મ> વિશેનો તેમનો પ્રચાર. ગુરુદેવ ચિત્રભાનુજી એ પ્રથમ જૈન નેતા હતા જેમણે વિગનવિશેના મુદ્દા ઉપાડ્યા. તેમને લોકોને અરજ કરી કે ડેરી પ્રોડક્ટનો સંપૂર્ણ ત્યાગ કરે. તેમણે લોકોને અરજ કરી કે મંદિરની વિધિઓમાંથી ડેરી પ્રોડક્ટનો ત્યાગ કરવામાં આવે. શા માટે હિંસા દ્વારા જે ઉત્પાદનો મળે છે, તેનો ઉપયોગ વીતરાગની પૂજા કરવા માટે કરવો ? તેમણે એ મુદ્દો પણ સૌ સમક્ષ રજૂ કર્યો કે આયંબીલના તપ દરમિયાન વિગઈ વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે. તેમની વિગનવિશેની આ સતત વાતોની અનેક જૈનોએ અવગણના કરી. આ વાસ્તવિકતા વિશે પોતાની આંખો બંધ કરી અને આધુનિક દુધ ની જે પરિસ્થિતિ છે એ પ્રત્યે આકરા થવાનું સ્વીકાર્યું નહીં.

ચિત્રભાનુજીના, કેટલાક અનુયાયીઓ વિરુદ્ધ થઈ ગયા. ખાસ કરીને જ્યારે તેમણે પૂજામાં દૂધના ઉપયોગ વિષે બંધી કરવાનું કહ્યું.

એક કલ્પના કરવી ઘણી અઘરી છે કે જો ચિત્રભાનુજી અમેરિકા ન ગયા હોત તો જૈન સમુદાય પર કેટલી મોટી બાધા આવી હોત અથવા એ સમાજ કેવો વિખેરાઈ ગયો હોત ! તેઓ સૌપ્રથમ ધાર્મિક સંસ્થાના એશિયન નેતા હતા જેને અમેરિકામાં આમંત્રણ આપવામાં આવ્યું હતું હાઉસ ઓફ રીપ્રેઝન્ટેટિવમાં પ્રાર્થના ગાવા માટે. તેમને અનેક યુનિવર્સિટી શહેરો રાજ્ય સંસ્થાઓ તરફથી અનેક સન્માનો પ્રાપ્ત થયા. તેમણે જે શાંતિ અને અહિંસાનો સંદેશ આપ્યો તેમાં મૂળ વાત વિગનવિશેની હતી.

તેમના મૂળભૂત વિગનવિશેનો સંદેશ અનેક યુવા અમેરિકાઓના

હૃદય પર અંકિત થઈ ગયો. કોઈએ એકવાર તેમને પૂછ્યું કે તેમનો નિરંતર વિગન વિશેનો સંદેશ અને આ પુનરાવર્તન તેમના અનેક સાંભળનારાઓને કંટાળો આપશે, થકવી દેશે. ત્યારે ચિત્રભાનુજી હસ્યા અને પૂછ્યું જો આપણને પાઠશાળામાં જે રીતે શીખવવામાં આવ્યું હતું તે ભૂલી ગયા હોત, તો પાઠશાળા શિક્ષક કદી પણ આપણને નવી ગાથા આપતા ન હતા. પાઠશાળાના શિક્ષક જો આપણે જૂની ગાથાને ભૂલી જઈએ તો નવી ગાથા આપતા ન હતા, તેવી રીતે હું શા માટે મારા શ્વાસ વ્યતિત કરું નવું શીખવવા માટે, જ્યારે તેઓ વર્તમાન વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતને યાદ ન રાખે.

❑❑❑

સંપર્ક : dilipshah@gmail.com

# હિંસા માટે અહિંસા અને હિંસાથી અહિંસા

**બકુલ ગાંધી**

***પરિચય : બકુલ નંદલાલ ગાંધી ૪૦ વર્ષની પ્રેક્ટિસીંગ, કંપની સેક્રેટરીના વ્યવસાય બાદ નિવૃત્ત થયા. સાહિત્ય અને શિક્ષણપ્રેમી પિતાશ્રી સ્વ. પૂ. નંદલાલભાઈના સંપૂર્ણ સમર્થન અને પ્રોત્સાહન સાથે B.Com; L.L.B; F.C.S; A.C.M.A; D.T.M.નું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું, બાયપાસ સર્જરી પછી ૬૮ વર્ષની ઉંમરે પ્રબુદ્ધ જીવનના ૮૯ વર્ષના ૧૦૮૦થી વધુ સામયિકોનું સંપૂર્ણ ડિજિટલકરણ, ૧,૭૦,૦૦થી વધુ લેખોનું ઈન્ડેક્સ સંકલન સાથે કાયમી રેકોર્ડસ ઊભા કરી વેબસાઈટ ઉપર સંપૂર્ણ લાઈબ્રેરી ઉપલબ્ધ સ્થાપવામાં તન, મન અને ધનથી યોગદાન આપ્યું છે.***

Audio Link : https://youtu.be/rU6wcu_yBJw

**હિંસા માટે અહિંસા (Violence for non-violence)?**

દિગંબર જૈન વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાને તાજેતરમાં શૂરવીરતા અને બહાદુરતાનો પરિચય બતાવતા, સ્વબચાવમાં અને પોતાના રાષ્ટ્ર અને પ્રજાના સંરક્ષણ માટે આતંકવાદને પ્રોત્સાહિત કરતાં પાકિસ્તાનના હુમલાના પ્રયાસોને સફળતાપૂર્વક પડકારી તેના F-૧૬ વિમાનને તોડી પાડ્યું. દુશ્મનના કબજા હેઠળ ત્રણ દિવસની માનસિક વેદનાઓનો સામનો કરી સ્વસ્થતા સાથે માભોમ પાછો ફર્યો. સમગ્ર ભારતરાષ્ટ્રના લોકોએ તેની વીરતાને બિરદાવી સ્વાગત કર્યું. અખિલ ભારતીય દિગંબર જૈન મહાસમિતિ દ્વારા ભગવાન મહાવીર અહિંસા પુરસ્કાર ભારતીય વાયુ કમાન્ડર અભિનંદન વર્ધમાનને અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવી.સોશીયલ મીડિયા ઉપર સાધુ-સંતોએ અભિનંદનને બિરદાવતાં ''હિંસાની હત્યા એ અહિંસા છે'' એવા ભાવાર્થવાળા સંદેશાઓ ફેલાઇ ગયા. સામાન્ય જૈન શ્રાવકો અને અજૈનો કે જેમને જૈન = અહિંસા છે તેવી માન્યતાવાળાઓને આ જાહેરાત/સંદેશા વાંચતા-સાંભળતા પ્રશ્ન થયો કે શું જૈનો આવા પ્રકારની યુદ્ધમાં થયેલી હિંસાને અહિંસા માને છે? આ મુદ્દા ઉપર ચર્ચા કરતા પહેલાં વર્તમાન દુનિયાના દૃષ્ટિકોણ પર નજર કરીએ.

સંયુક્ત રાષ્ટ્ર સંગઠનના નિયમન હેઠળ મોટે ભાગે આજનું વિશ્વ 'જીવો અને જીવવા દો' 'સહઅસ્તિત્વનો અધિકાર' અને 'પરસ્પરનો આદર'ના સિદ્ધાંતના સ્વીકાર સાથે અસ્તિત્વમાં છે.આ વ્યવસ્થામાં જમીની વિસ્તાર દ્વારા સૌથી મોટો દેશ રશિયા છે તો સૌથી નાનો દેશ વેટીકન છે. વસ્તીની ગણત્રીએ સૌથી મોટો પ્રદેશ ચીન છે તો સૌથી નાનો પ્રદેશ વેટીકન છે. આમ છતાં રાજકીય અથવા સામાજિક ઊથલપાથલને કારણે ૧૯૯૦ પછી ૩૪ નવાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં. આદર્શ રીતે કોઈ પણ દેશ, ધર્મ, જાતિ કે સમાજનો સભ્ય એમ કહેશે નહીં કે સ્વીકારશે નહીં કે હિંસા કરવી જોઈએ. વિશ્વના માનવનો સ્વભાવ કે વર્તણૂક કુદરતી ધર્મ સમાન છે. અહિંસા સર્વમાન્ય સિદ્ધાંત છે. દુનિયાના લગભગ દરેક ધર્મ, ધર્મગ્રંથો અને ધર્માત્માઓએ એક અથવા બીજા સ્વરૂપે અહિંસાને પ્રાધાન્ય આપ્યું છે. જગતની તમામ પરંપરાએ પ્રેમ અને સ્નેહની વાત કરી છે. આમ છતાં એક અંધકારમય વાસ્તવિકતા છે કે આજની દુનિયા આતંકવાદના વિકરાળ સ્વરૂપથી પીડાઇ રહી છે. અમુક દેશો પોતાના અધમ હલકા રાજકીય હેતુ માટે આતંકવાદનો હાથા તરીકે ઉપયોગ કરી રહ્યા છે અને આ માટે ધર્મના નામે ઝનૂની તત્ત્વોને ઉશ્કેરી રહ્યા છે. દુનિયાનું અર્થતંત્ર ઉત્તરોત્તર દુનિયાને વધુને વધુ હિંસા તરફ ધકેલી રહ્યું છે. ઘાતક શસ્ત્રો અને વિસ્ફોટક પદાર્થોના સતત અંધાધૂંધ ગોળીબાર અને બૉમ્બધડાકાઓની ઘટનાઓમાં રોજબરોજ સંખ્યાબંધ માણસો મૃત્યુ પામે છે. રાજકીય મહત્ત્વાકાંક્ષા, સ્થાપિત વિરોધાભાસી હિતોએ વિશ્વમાં શાંતિના પ્રયાસોમાં અવરોધો ઊભા કર્યા છે. પરિણામે સમગ્ર વિશ્વને હચમચાવનારી ૯/૧૧ની અમેરિકાની કે મુંબઈની ૨૬/૧૧ની આતંકવાદની ઘટનાઓ પછી પણ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ''આતંકવાદ''ની વ્યાખ્યા ઉપર સહમતી નથી બની. આવા સંજોગોમાં કોઈપણ મુક્ત દેશને પોતાની સીમા અને પ્રજાના સંરક્ષણ માટે આધુનિક શસ્ત્ર સરંજામથી સજ્જ કરવાનું અનિવાર્ય બની જાય છે.

શું આ ઝનૂની અને હિંસક આતંકવાદનો સામનો આપણે અહિંસાથી કરી શકીએ? અહિંસાની વિધેયાત્મક-રચનાત્મક, મંગલકારી શક્તિને સામાજિક **અને રાજકીય** રીતે ઉત્તમ પ્રયોજી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ભારત દેશને ગુલામીમુક્ત કરી

આઝાદી અપાવી. પરંતુ લોકોને વર્તમાનના હિંસાના આવા ભયાનક માહોલમાં મહાવીર અને ગાંધીજીએ પ્રબોધેલી અહિંસા અપ્રસ્તુત અર્થહીન, અવ્યવહારુ લાગે છે. એ યાદ રહે કે અહિંસાના પ્રખર હિમાયતી મહાત્મા ગાંધીનું હિંસાથી મૃત્યુ થયું હતું. જ્યાં સુધી સંપૂર્ણ સુરક્ષા અને ન્યાયી વ્યવસ્થા દુનિયાના દરેક દેશો વચ્ચે ઊભી ન થાય, જ્યાં સુધી પ્રત્યેક દેશોના માનવસમાજો વચ્ચે અસુરક્ષા, ભય, અન્યાય, અસમાનતા હોય ત્યાં પોતાના અસ્તિત્વ, પોતાના રાષ્ટ્ર, પોતાની સંસ્કૃતિ માટે સુરક્ષાત્મક અને સંરક્ષણાત્મક હિંસા આવશ્યક થઇ પડે છે. જૈન વિશ્વકોશ ખંડ-૧માં ૧૬૪માં પાના ઉપર **સામાજિક સ્તરે** અહિંસા વિષય ઉપર જણાવેલ છે કે ''જ્યાં સુધી સંપૂર્ણ માનવસમાજ ઈમાનદારીપૂર્વક અહિંસાનું પાલન કરવા પ્રતિબદ્ધ નહીં થાય ત્યાં સુધી અહિંસક સમાજની કલ્પના શક્ય નથી. જ્યારે સંઘ કે સંઘના સદસ્યોની સુરક્ષા કે ન્યાયનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે હિંસા સ્વીકૃત કરવી પડશે. સંઘની સુરક્ષા અર્થે આચાર્ય પણ હિંસા આચરી શકે છે. દા.ત. જો કોઈ મુનિ સંઘ સમક્ષ તરુણ સાધ્વીનું અપહરણ થાય કે બળાત્કાર થાય ત્યારે તે મુનિસંઘના સાધુઓનું કર્તવ્ય બની રહે છે કે તરુણ સાધ્વીના સંરક્ષણ માટે હિંસાત્મક પ્રવૃતિ આચરતા અચકાવવું નહિં. 'અહિંસાની રક્ષા માટે હિંસા' - અહિંસક સંસ્કૃતિની રક્ષા માટે હિંસા આવશ્યક છે. જ્યાં સુધી સંપૂર્ણ માનવસમાજ એક સાથે અહિંસાની સાધના માટે તત્પર ન થાય ત્યાં સુધી અહિંસક અહિંસાનો આદર્શ સંભવિત નથી. સંરક્ષણાત્મક અને સુરક્ષાત્મક હિંસા સમાજજીવન માટે અપરિહાર્ય છે.'' હિંસાનો સામનો ન કરાય તો તે હિંસાની અનુમોદના જ ગણાય !

સામાજિક સંદર્ભમાં હિંસા-અહિંસાનો ઉપર મુજબનો દૃષ્ટિકોણ જાણ્યા બાદ જૈન ધર્મમાં હિંસા-અહિંસાને શું છે તે જાણીએ. જૈન શાસ્ત્રમાં હિંસાને ચાર પ્રકારે વર્ગીકૃત કરવામાં આવી છે તે ૧. સંકલ્પી હિંસા -ઈરાદાપૂર્વકની દા.ત શિકાર, પ્રાણી બલિદાન, માંસાહારી ખોરાક, મનોરંજન અથવા સુશોભન માટે કે જેને દરેક વિચારશીલ વ્યક્તિ દ્વારા કોઈપણ મુશ્કેલી અથવા નુકસાન વિના ટાળી શકે; ૨ આરંભીકે 'ગ્રહારંભી હિંસા' જે જરૂરી ઘરેલું કાર્યો, જેમ કે ખોરાકની તૈયારી, ઘર, શરીર, કપડાં અને અન્ય વસ્તુઓને સ્વચ્છ રાખવા, ઈમારતો, કૂવાઓ, બગીચાઓ અને અન્ય માળખાંને જાળવી રાખવાની આવશ્યક સ્થાનિક પ્રવૃત્તિઓ કરવા જતાં જે હિંસા થાય છે; ૩. ઉદ્યમી હિંસા-હિંસા એ ઈજા છે જે કોઈપણ અનુમતિશીલ વ્યવસાયની કામગીરી કરતાં અનિવાર્યપણે થાય છે- દા.ત. અસી,મસી,કૃષિ એટલે કે સૈનિક, લેખક, કૃષિ, ખેડૂત, વેપારી, શિલ્પી કારીગર, શિક્ષણ, તબીબી સારવારનો વ્યવસાય હાથ ધરતાં ૪.વિરોધી હિંસા (રક્ષણાત્મક હિંસા) - દેશની સુરક્ષા અથવા અન્યાય સામે, જ્યારે અન્ય બધા વિકલ્પો નિષ્ફળ જાય છે ત્યારે, લડવા માટે યુદ્ધ વગેરેથી થયેલી હિંસા.

ચાર શ્રેણીઓમાંથી સંકલ્પી હિંસા સંપૂર્ણ રીતે પ્રતિબંધિત છે. હિંસાની અન્ય ત્રણ શ્રેણીઓ શ્રાવકો અથવા સાંસારિક લોકો માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત નથી કારણ કે નિયમિત આવી સંસારી પ્રવૃત્તિઓ હાથ ધરવાની પ્રક્રિયામાં લઘુતમ હિંસા અનિવાર્યપણે થવી સ્વભાવિક છે.જ્યારે આ અનિવાર્ય હિંસા શ્રાવક માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત નથી, પરંતુ તે ઓછામાં ઓછા સ્તરે રાખવા હરપળે સાવચેત અને સંવેદનશીલ રહેવું અને દૈનિક પ્રતિક્રમણ દ્વારા પ્રાયશ્ચિત લેવું આવશ્યક છે.

જૈન શાસ્ત્રમાં ચેટક-કોણિક સંગ્રામની કથામાં ભયભીત થઈને શરણે આવેલાં દોહિત્રો હલ્લ અને વિહલ્લના બચાવ અને ન્યાય અપાવવાના રાજધર્મની ફરજ-કર્તવ્યની રૂએ વ્રતધારી ચેટકરાજા આક્રમણકારી દોહિત્ર કોણિકરાજા સામે યુદ્ધમાં ઉતર્યા. યુદ્ધમાં મોટી સંખ્યામાં જાનહાનિ થાય છે. યુદ્ધના અંતે કોણિકરાજા મૃત્યુ પામતા છઠ્ઠી નરકે ગયા. વ્રતધારી શ્રાવક ચેટકરાજાએ આલોચના કરીને અરિહંતના શરણનું ચિંતન કરતાં કરતાં ધર્મધ્યાનયુક્ત થઈને આયુષ્ય પૂર્ણ કરી દેવલોક પ્રાપ્ત કર્યું. જૈન શાસ્ત્રના ઉપરના દૃષ્ટિકોણથી વિંગ કમાન્ડર અભિનંદનની સૈનિક તરીકેની આતંકવાદની સામેની વિરોધી હિંસા (રક્ષણાત્મક હિંસા) રાજ-રાષ્ટ્ર ધર્મમાં યુદ્ધ કે સ્વબચાવમાં અનિવાર્ય અને અનુમતિશીલ હિંસા કહી શકાય. શાંતિપ્રિય, અહિંસક પ્રજા અને સંસ્કૃતિને ઝનૂની આતંકવાદથી બચાવવાના પરિપેક્ષમાં **સામાજિક સ્તરે** 'હિંસાની હિંસા એ અહિંસા' સમજીએ તો પણ ધાર્મિક સ્તરે આ વિરોધી હિંસા જ કહેવાય. આવી હિંસાનું શ્રાવકો નિયમિત પ્રતિક્રમણ દ્વારા આલોચના ક્ષમા યાચી પ્રાયશ્ચિત કરવાનું આવશ્યક છે.

શાસ્ત્રની કથામાં સાધુ ઋષિ પ્રસન્નચંદ્રજીનું મન જ્યારે હિંસક અને આક્રમક વિચારોનું યુદ્ધભૂમિ બની ગયું હતું અને તેઓ આવી હિંસક સ્થિતિમાં મૃત્યુ પામ્યા હોત, તો તેઓ ચોક્કસ નર્કમાં જાત એમ રાજા શ્રેણિકના પ્રશ્નના જવાબમાં ભગવાન મહાવીરે જણાવ્યું. પ્રસન્નચંદ્રજી, તેમના મનમાં યુદ્ધ લડે છે, દુશ્મન રાજા પર જીવલેણ હુમલો કરવા પહેલા તેમનો મુકુટ હતો તેની ખાતરી કરવા માટે તેમના માથાને સ્પર્શ કર્યો હતો. જેમ તેમણે તેમના સંપૂર્ણ દાઢીવાળા માથાને સ્પર્શ કર્યો, ત્યારે તેમને વાસ્તવિકતા સમજાણી.. તરત જ તેમણે વિચારવાનું શરૂ કર્યું, ''હું સંતોષમાં સંલગ્ન છું છતાં, હું હિંસક વિચારોમાં ભળી ગયો છું. મેં લગભગ ક્રૂર પાપી કાર્યો કર્યાં. આવા અનુભૂતિ તરફ જાગૃત, સાધુ પ્રસન્નચંદ્રને પસ્તાવો થયો. ગંભીરતાથી તેમના ગંભીર વિરામની સમીક્ષા કર્યા પછી, સાધુ ફરી શાંત ધ્યાન પર કેન્દ્રિત થયો. તેથી જ્યારે રાજા શ્રેણિકે ભગવાન મહાવીરને બીજી વાર પૂછ્યું, ત્યારે સાધુઋષિ પ્રસન્નચંદ્રજી મુક્તિની સ્થિતિ માટે લાયક બન્યા હતા તેમ જણાવ્યું.આ કથા સમજાવે છે કે હિંસાનું દોષપણું એ મનની હિંસક ભાવના ઉપર અવલંબેલું છે. અહિંસા અને કાયરતા વચ્ચે કોઈ મેળ ન હોઈ શકે. ગાંધીજીએ

કાયરતા અને હિંસા વચ્ચેની પસંદગીમાં હિંસાને કાયરતા કરતાં સારી ગણાવેલી. જે અહિંસામાં વીરત્વ નથી હોતું તે અહિંસામાં કોઈ તેજ નથી હોતું. હિંસાનો સામનો ન કરાય તો તે હિંસાની અનુમોદના જ ગણાય. આ અપેક્ષાએ વર્તમાન માહોલમાં, સંભવતઃ, **સામાજિક સંદર્ભે**, આતંકવાદ સામે દેશના સંરક્ષણમાં વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનની હિંસક ક્રિયા અહિંસા તરીકે જોઈ શકાય. પરંતુ જૈન ધર્મના સિદ્ધાંત પર આ સંરક્ષણ માટેની હિંસક ક્રિયા અહિંસક છે એવું કહી શકાય? શું આમાં જૈનોની અહિંસક માન્યતાનો છેદ નથી ઊડી જતો? શું ''ભગવાન મહાવીર અહિંસા પરમવીર ચક્ર'' જૈનોની જગતભરમાંની અહિંસક માન્યતાનો અનર્થ નહીં બને? શું ''ભગવાન મહાવીર અહિંસા પરમવીર ચક્ર''ને સ્થાને સંરક્ષણમાં શૂરવીરતા પરમવીર ચક્ર જૈનની શૂરવીરતાને બિરદાવવાનો હેતુ પાર નથી પડતો?

**હિંસાથી અહિંસા**(Violence to Non-violence)

જ્યારે શ્રાવકો દ્વારા સંસારી આરંભી, ઉદ્યમી અને વિરોધી અહિંસા પ્રવૃત્તિઓ હાથ ધરવાની પ્રક્રિયામાં લઘુતમ હિંસા અનિવાર્ય હોય ત્યારે અહિંસા વ્રત કેવી રીતે ઉન્નત કરી શકાય તે સમજીએ. તત્ત્વાર્થસૂત્રના અધ્યયન સૂત્ર ૮માં કહ્યું છે કે પ્રાણનાશ એ દેખીતી રીતે હિંસા હોવા છતાં તે દોષ જ છે એવો એકાન્ત નથી કારણ કે તેનું દોષપણું સ્વાધીન નથી. હિંસાનું દોષપણું એ હિંસક ભાવના ઉપર અવલંબેલું છે તેથી પરાધીન છે. દોષરૂપ હિંસાને દ્રવ્ય હિંસા અથવા વ્યાવહારિક હિંસા કહેવામાં આવી છે. બીજી તરફ જે સૂક્ષ્મ ભાવના જાતે જ દોષરૂપ છે તેનું દોષપણું સ્વાધીન છે અર્થાત સ્થૂલ પ્રાણનાશ ન થયો હોય, કોઈને દુઃખ ન પણ દેવાયું હોય, બલ્કે પ્રાણનાશ કરવા જતાં કે દુઃખ દેવા જતાં સામાનું જીવન લંબાયું હોય અગર તો સામાને સુખ પહોંચ્યું હોય છતાં જો તેની પાછળની ભાવના અશુભ હોય, તો તે એકાન્તે દોષ જ ગણાવાની. તેથી તે ભાવનાને શાસ્ત્રીય ભાષામાં ભાવહિંસા અથવા નિશ્ચયીહિંસા કહેવામાં આવી છે.અહિંસા એટલે મન, વચન અને કાયાથી પીડા ન કરવી. હિંસાથી નિવૃત થવું એ અહિંસા.મૂળભૂત રીતે અહિંસાને જીવની હત્યા અથવા દુઃખની પ્રતિબંધ-નિષેધ તરીકે સમજવામાં આવે છે તે નિષેધાત્મક અહિંસા.મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવના કોઈપણ સદગુણ કેળવવા માટે વધારેમાં વધારે ઉપયોગી હોવાથી અહિંસા વ્રતની સ્થિરતામાં ખાસ ઉપયોગી છે. એક અર્થમાં આ ભાવનાઓ કે જે દુઃખ કે કષ્ટ ઓછું કરવામાં મદદ કરી શકે છે, તેને વિધેયાત્મક અહિંસા કહેવાય છે. મૈત્રી એટલે પરમાં પોતાપણાની બુદ્ધિ, અને તેથી જ પોતાની પેઠે બીજાને દુઃખી ન કરવાની વૃતિ અથવા ઈચ્છા. માણસને ઘણી વાર પોતાથી ચડિયાતાને જોઈ અદેખાઈ-ઈર્ષા આવે છે; એ વૃતિનો નાશ ન થાય ત્યાં સુધી અહિંસા સત્ય આદિ ટકી ન શકે; તેથી અદેખાઈ-ઈર્ષા વિરુદ્ધ પ્રમોદ ગુણની ભાવના કેળવવી એટલે કે પોતાનાથી વધારે ગુણવાન પ્રત્યે આદર કરવો અને તેની ચડતી જોઈ ખુશ થવું અને તે અહંકારને અવરોધે છે. કરુણા-અનુકંપા એ જન્મજાત લક્ષણ છે. કોઈને પીડાતા જોઈ જો અનુકંપા ન ઊભરાય તો અહિંસાદિ વ્રતો નભી જ ન શકે; તેથી કરુણા ભાવનાને આવશ્યક માનવામાં આવી છે. એનો વિષય માત્ર કલેશ પામતાં દુઃખી પ્રાણીઓ છે, કારણકે અનુગ્રહ અને મદદની અપેક્ષા દુઃખી, દીન કે અનાથને જ રહે છે. મૈત્રી, કરુણા, દયા, અનુકંપા ભાવનાઓથી દાન અને સેવા આપવાની વૃતિ વિકાસ પામે છે. લોભ, પરિગ્રહ પાતળા પડે છે. સેવાના વૈયાવચ્ચ તપથી કર્મ નિર્જરા થાય છે. જ્યારે તદ્દન જડ સંસ્કારનાં અને કાંઈપણ સદવસ્તુ ગ્રહણ કરવાની યોગ્યતા ન હોય એવાં પાત્રો મળે, અને તેમને સુધારવાની પ્રવૃતિનું પરિણામ છેવટે તદ્દન શૂન્ય જ દેખાય તો તેવાઓ પ્રત્યે તટસ્થપણું રાખવામાં જ શ્રેય છે. કર્મના સામાન્ય સિદ્ધાંત કે જે કાંઈ થઈ રહ્યું છે તે કર્મને આધીન છે અને એ માટે બીજો કોઈ જવાબદાર નથી એ સમજણથી આવેલ કષ્ટથી પોતાના આત્માને દુઃખી ન કરતાં સમભાવથી સહીએ તો તે એક પ્રકારે અહિંસા છે. અનેકાંતવાદના સિદ્ધાંતને અનુસરતાં બૌદ્ધિક અહિંસા જળવાઈ રહે છે. મન, વાણી અને કર્મને વિશુદ્ધ અને પવિત્ર રાખવા તે અહિંસા છે. સ્વયં નિર્ભય રહેવું અને બીજાને અભયદાન આપવું એ અહિંસા છે. જ્યાં ભોગ, ઉન્માદ અને આવેગનો ત્યાગ હોય ત્યાં અહિંસા વિકસે છે. અહિંસક માનવ દરેક પરિસ્થિતિમાં શાંત રહી શકે છે.આમ દૈનિક સાંસારિક વ્યવહારમાં અહિંસાના વ્યાપક આચરણથી વ્યક્તિથી કુટુંબ, કુટુંબથી સમાજ, સમાજથી રાષ્ટ્ર અને રાષ્ટ્રથી વિશ્વબંધુત્વની ભાવનાનો વિકાસ સંભવ છે.

❑❑❑

Email: bakulgandhi@yahoo.co.in| Contact : 9819372908

આપણે ધ્વજવંદનની ક્રિયાઓમાં હાજરી આપીએ છીએ અને આપણા રાષ્ટ્રધ્વજ વિશે મનમાં અભિમાન રાખીએ છીએ. હું તમને કહેવા માગું છું કે આપણને જો હિન્દુસ્તાનમાં બનેલી ચીજો અળખામણી લાગે અને આપણે વિદેશી ચીજો પાછળ દોડીએ તો આપણા એ અભિમાનનો કશો અર્થ નથી.

❍❍❍

આગ લાગ્યા પછી ભારોટિયાં બળીને થયેલા કોલસા સોંઘા હોઈ શકે છે, ધરતીકંપ થયા પછી પડી ગયેલા ઘરની ઈંટો સોંઘી હોઈ શકે છે, પણ તેથી આગ અને ધરતીકંપ એ પ્રજાના લાભને સારુ થયાં એમ કહેવાની કોઈની હિંમત નહીં ચાલે.

# અહિંસાનું સૂક્ષ્મ સ્વરૂપ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

***પરિચય : કચ્છના નાના ગામડામાં જન્મેલા, લગ્ન પછી માત્ર ગ્રેજ્યુએશનની પદવી નહીં પરંતુ પીએચ.ડી. સુધીનો અભ્યાસ એમણે કર્યો. સંસ્કૃતમાં એમ.એ. અને જેનોલોજી વિષયમાં સંશોધન તેમણે કર્યું અને તેમના શોધ પ્રબંધનો વિષય 'વ્રત વિચાર રાસ' છે. તેઓ ૧૦૨ વર્ષ જૂના 'જૈન પ્રકાશ' અને 'જીવદયા' સામયિકના તંત્રી છે. આ ઉપરાંત મહાસંઘ સંચાલિત ચાવડા ધાર્મિક શિક્ષણબોર્ડ સાથે પણ જોડાયેલા છે.***

નઅપૂર્વક હિસિ હિંસાયામ્ ધાતુથી અહિંસા શબ્દ બન્યો છે. કાયિક, વાચિક અને માનસિક હિંસાનો સર્વથા અભાવ અહિંસા છે. જૈન દર્શનમાં અહિંસાનું સૂક્ષ્મ પ્રતિપાદન કર્યું છે. જે નિષેધાત્મક અને વિધેયાત્મક બન્ને સ્વરૂપને ગર્ભિત કરે છે. કોઈપણ પ્રાણીની હિંસા કરવી નહિ, અહિંસાનો નિષેધાત્મક પક્ષ છે. જ્યારે મૈત્રી, કરુણા, ઉદારતા વગેરે વિધેયાત્મક પક્ષ છે. આમ દ્રવ્યહિંસા અને ભાવહિંસા બન્ને હિંસાના સ્વરૂપો છે. દ્રવ્યહિંસાનો સંબંધ કાયિક હિંસા સાથે છે. આ હિંસાનો બાહ્યપક્ષ છે જ્યારે ભાવહિંસાનો સંબંધ વિચારો સાથે છે. જે હિંસાનો આંતરિક પક્ષ છે.

આચાર્ય મહાપ્રજ્ઞજી પ્રાણાતિપાત (પ્રાણ + અતિપાત = પ્રાણનો નાશ કરવો). વિરમણ અને અહિંસા આ બન્ને શબ્દોને સમજાવતા લખે છે કે, ઋષભ ભગવાને જે સાધનાનો માર્ગ અપનાવ્યો હતો તે અહિંસાનો હતો. તેમણે સર્વ પ્રાણાતિપાતનું વિરમણ કર્યું. અહીંથી અહિંસાનો સ્રોત શરૂ થયો. ઉપદેશ લબ્ધ ધર્મનું પ્રવર્તન થયું. બીજાના પ્રાણનાશ કરવા મનુષ્યના હિતમાં નથી, એ ભાવનાથી પ્રાણાતિપાત વિરતિનું સૂત્ર અપનાવ્યું. એનો વિકાસ થતા થતા તેના ચાર રૂપ બન્યા, જેમ કે ૧-૨) પર પ્રાણ વધ જેમ પાપ છે તેમ સ્વ પ્રાણ વધ પણ પાપ છે. ૩-૪) બીજાના આત્મગુણનો વિનાશ કરવો જેમ પાપ છે, તેમ પોતાના આત્મગુણનો વિનાશ કરવો પણ પાપ છે. પ્રાણાતિપાત વિસ્મરણના આ વિસ્તૃત અર્થને સંક્ષેપમાં રાખવાની આવશ્યકતા થઈ ત્યારે 'અહિંસા' શબ્દપ્રયોગમાં આવ્યો. એનો સંબંધ કેવળ પ્રાણવધથી નહિ પરંતુ અસત્ પ્રવૃત્તિમાત્રથી છે. આ કથનનો ઉપલક્ષમાં જૈન આગમોમાં એક સુંદર દષ્ટાંત જોવા મળે છે.

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. પોતનપુર નગરના રાજા પ્રસન્નચંદ્ર પ્રભુ મહાવીર પધાર્યા છે એ જાણી તેમના વંદનાર્થે ગયા. તેમણે પ્રભુની દેશના સાંભળી. હળુકર્મી એવા પ્રસન્નચંદ્ર રાજાનો વૈરાગ્યભાવ જાગૃત થયો અને તેમણે પોતાના બાળકુમારને રાજ્યગાદીએ બેસાડી પ્રભુ પાસે દીક્ષાવ્રત ગ્રહણ કર્યું. અનુક્રમે પ્રસન્નચંદ્ર મુનિ શાસ્ત્રાભ્યાસથી સૂત્રાર્થના પરગામી થયા.

એકદા પ્રભુ મહાવીર વિહાર કરતા કરતા રાજગૃહી નગરે પધાર્યા. એ જાણી શ્રેણિક મહારાજા પરિવાર સાથે તેમના દર્શનાર્થે નીકળ્યા. તેમની સેનામાં સૌથી આગળ સુમુખ અને દુર્મુખ નામના બે મિથ્યાદષ્ટિવાળા સૈનિકો ચાલતા હતા. રસ્તામાં તેમણે પ્રસન્નચંદ્રમુનિને ધ્યાનસ્થ મુદ્રામાં ઊભેલા જોયા. આ જોઈને સુમુખ બોલ્યો કે, અહો, કેવા મહાન તપસ્વી-ધર્મી આત્મા છે. આવું સાંભળતા જ દુર્મુખ બોલ્યો, અરે! આ તો પોતનપુરના રાજા પ્રસન્નચંદ્ર છે. રાજ્યનો બધો જ કારભાર નાના કુમાર ઉપર છોડી દીધો છે. એને કાંઈ ધર્મી કહેવાય! એના મંત્રીઓ શત્રુરાજા સાથે ભળી તેના રાજકુમારને રાજ્યપદથી ભ્રષ્ટ કરવાનું વિચારી રહ્યા છે. એટલે આ રાજાએ તો ખરેખરમા અધર્મ કર્યો કહેવાય. આ પ્રમાણે થયેલ વાર્તાલાપ ધ્યાનસ્થ મુનિ પ્રસન્નચંદ્રે સાંભળ્યો. અને મનોમન વિચારવા લાગ્યા કે, અહો! મારા અકૃતજ્ઞ મંત્રીઓને ધિક્કાર છે. જો હું હમણાં રાજ્યગાદી ઉપર હોત તો તેઓને બહુ આકરી શિક્ષા કરત. આવા સંકલ્પ - વિકલ્પોથી ઘેરાયેલા રાજર્ષિ પોતાના સાધુવેશને ભૂલી મંત્રીઓ સાથે મનોમન યુદ્ધ કરવા લાગ્યા.

થોડી જ વારમાં શ્રેણિક મહારાજા પોતાના રસાલા સાથે પ્રભુ મહાવીર પાસે આવ્યા, અને વંદના કરીને પૂછ્યું કે, ''રસ્તામાં મેં પ્રસન્નચંદ્રમુનિને ધ્યાનાવસ્થામાં જોયા ને વંદન કર્યા. જો તેઓ આ સ્થિતિમાં કદાચ મૃત્યુ પામે તો કઈ ગતિમાં જાય?'' પ્રભુ બોલ્યા, ''હે રાજન! સાતમી નરકે જાય.'' આ સાંભળી શ્રેણિક રાજા વિચારમાં પડી ગયા કે સાધુ તો નરકગામી હોય નહિ, શું પ્રભુનું કથન મારાથી બરાબર સંભળાયું નહિ હોય! આથી થોડીવાર રહીને શ્રેણિક રાજાએ ફરીથી પૂછ્યું, ''હે ભગવન! પ્રસન્નચંદ્રમુનિ જો આ સમયે કાળ કરે તો ક્યાં જાય?'' પ્રભુએ કહ્યું કે સર્વાર્થ સિદ્ધ વિમાને જાય. ત્યારે શ્રેણિક મહારાજાએ આશ્ચર્ય સાથે પૂછ્યું, ''આપે ક્ષણના અંતરમાં બે જુદી વાત કેમ કરી?'' પ્રભુ બોલ્યા કે હે રાજન! તે મુનિના ધ્યાનની સ્થિતિ બે પ્રકારે થઈ હતી. પ્રથમ દુર્મુખની વાણી સાંભળીને તેઓ ક્રોધી બની પોતાના મંત્રીઓ સાથે મનમાં જ યુદ્ધ કરતા હતા. તેથી તે વખતે નરકને યોગ્ય હતા. જ્યારે બીજી વાર મસ્તક પરના શિરસ્ત્રાણથી શત્રુને મારું એવું ધારી પોતાના હાથ માથા પર મૂકતા જ માથે લોચ કરેલો જાણી, પોતે વ્રતમાં છે એ જાણી, ઓહો! આ મેં શું ચિંતવ્યું! અને પોતાના આત્માને નિંદવા લાગ્યા. અને તેની આલોચના - પ્રતિક્રમણ કરી ફરીથી પ્રશસ્ત ધ્યાનમાં લીન બની ગયા. તેથી બીજા પ્રશ્નના સમયે તેઓ સર્વાર્થ સિદ્ધને યોગ્ય થઈ ગયા હતા. અને ત્યાં જ વાત

ચાલતી હતી ત્યારે દેવ દુંદુંભિ સંભળાઈ. ધ્યાનમાં સ્થિર થયેલા પ્રસન્નચંદ્ર મુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થતા દેવોએ કેવળજ્ઞાન મહોત્સવ ઊજવ્યો...

ખરેખર! ભાવ હિંસાનું પરિણામ કેવું હોય અને ભાવ-શુદ્ધિ થતા કેવળજ્ઞાન સુધી લઈ જાય એવો આ અહિંસાનો માર્ગ છે. એટલે જ જૈનદર્શનમાં અહિંસાનો ક્ષેમ કરી કલ્યાણકારી બતાવી છે. પ્રભુ મહાવીરે પણ આચારના અઢાર સ્થાનોમાં અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું છે. સમગ્ર જૈન આચાર વિધિના કેન્દ્રસ્થાનમાં અહિંસા જ છે. એના આધાર પર જ શ્રમણાચાર અને શ્રાવકાચારનું સ્વરૂપ નિર્ધારિત છે. જીવનના દરેક ક્રિયાકલાપમાં ભલે નિવૃત્તિપરક હોય કે પ્રવૃત્તિપરક તેની પૃષ્ઠભૂમિમાં અહિંસાનો ભાવ અવશ્ય છુપાયેલો છે.

- અસ્તુ.

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ - ૪૦૦૦૧૨.
સંપર્ક : ૯૮૯૨૮૨૮૧૯૬

# અહિંસા અને આહાર

**હિંમતલાલ શાંતીલાલ ગાંધી**

***પરિચય : ઘણી બધી સામાજિક સંસ્થાઓ જોડે સંકળાયેલ મહાવીર જૈન વિદ્યાલયના માજી મંત્રી, ગોડીજી જૈન દેરાસર પાયધુની માજી ટ્રસ્ટી, ઘોઘારી જૈન વિશા શ્રીમાળી મુંબઈના માજી ટ્રસ્ટી, મુંબઈના જૈન પત્રકાર સંઘ માજી મંત્રી, જૈન એશોસિએન ઓફ ઈન્ડીયાના મંત્રી, મહુવા યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમના ટ્રસ્ટી, જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ ખંભાલા હિલના ઉપપ્રમુખ અને ઘણી અન્ય સંસ્થાઓ સાથે સંકળાયેલા તથા નેચરોપથી અને હર્બલ મેડીસીન અંગે સામાજિક મેગેઝીનોમાં આર્ટીકલો લખે છે.***

**અ**હિંસા અંગે વાત કરીએ ત્યારે હિંસા વિષે સમજવું આવશ્યક છે. સમગ્ર વિશ્વમાં, સર્વે દેશો, જાતિ તથા ધર્મમાં માનવ વધને હિંસા માનવામાં આવે છે અને તે અસ્વીકાર્ય કાર્ય છે. હિંસાથી નુકસાન, બરબાદી તથા વિનાશ થાય છે તે સર્વમાન્ય - સ્વીકૃત સત્ય છૈ. વિશ્વયુદ્ધો તથા અન્ય દેશ તથા પ્રજાઓ વચ્ચે થયેલા યુદ્ધોએ વરેલા વિનાશનો ઈતિહાસ સાક્ષી છે. આજે વિશ્વભરમાં પ્રસરેલ આતંકવાદ આવી હિંસાનું ભયાનક વરવું રૂપ છે.

સમગ્ર વિશ્વની પ્રજાનો આહાર બે ભાગમાં વહેંચાયેલ છે; જેમાં મોટા ભાગના લોકોનો આહાર માંસાહાર છે જ્યારે શાકાહાર પર જીવતી પ્રજાનું પ્રમાણ ઓછું છે. આના કારણે માંસાહાર ઉપર જીવતા લોકોના દેશ તથા ધર્મોમાં પશુ-પક્ષીના વધને હિંસા માનવામાં આવતી નથી. જ્યારે શાકાહાર ઉપર જીવતી પ્રજા તથા તેના ધર્મોમાં પશુ-પક્ષીના વધને પણ ઘોર હિંસા માનવામાં આવે છે. શાકાહાર જૈન આહારમાં ફરજ છે.

વિશ્વના સર્વ ધર્મો કરતા જૈન ધર્મ વધુ સૂક્ષ્મ છે - જેમાં ખૂબજ ઉંડાણપૂર્વક સર્વ બાબતોનો વૈજ્ઞાનિક અભિગમ જેવો અભ્યાસ કરીને નિયમો - સિદ્ધાંતો બન્યા છે. અને તે જ તેની વિશિષ્ટતા, મૌલિકતા અને મહાનતા છે. આહાર વિષે પણ જૈન ધર્મમાં સૂક્ષ્મ ઉપયોગ - જયણા રાખવાની શિક્ષા છે. જે આર્ય ધર્મો શાકાહારની અનુમોદના કરે છે તેમનો શાકાહાર પણ જૈન ધર્મની દ્રષ્ટિએ દોષયુક્ત ઠરે છે. આહારમાં માંસ, ઈંડા, મદિરાનો ઉપયોગ ન હોય તો શાકાહાર કહેવાય તેવી સર્વમાન્ય શાકાહારની વ્યાખ્યા છે. જૈન આહારની વ્યાખ્યા તેનાથી સૂક્ષ્મ છે. જૈનાહાર શાકાહારથી કઈ રીતે જુદો પડે છે તે જોઈએ. અહિં પણ હિંસાના ત્યાગની દૃષ્ટિ મુખ્ય છે. જે શાકાહારની વાનગીમાં હિંસાની વધુ પડતી માત્રા હોય તેને વર્જ્ય ગણવામાં આવે છે. જેમકે કંદમૂળ, બહુબીજ, દ્વિદળ, મધ, માખણ, આથાવાળી વાનગી, પાંચ ઉદુંબર ફળ, ચીઝ, કેટલાક આઈસ્ક્રીમ, જેલી અને રાત્રીભોજન વિ.નો જૈન આહારમાં નિષેધ દર્શાવેલ છે.

વનસ્પતિમાં જીવ છે, તે વૈજ્ઞાનિક રીતે જગદીશચંદ્ર બોઝે એક સદી પહેલા સાબિત કર્યું પણ જૈન ધર્મ શાસ્ત્રોમાં તો આ વાત સૈકાઓ પહેલા કહેવામાં આવી છે. તદ્ઉપરાંત જૈન શાસ્ત્રો મુજબ પૃથ્વીકાય જીવો (માટી, પથ્થર, ખનિજો, ધાતુઓ, રત્નો વિગેરે પૃથ્વીકાયના શરીરો છે.) અપકાય જીવો (પાણીમાં એક ટીપામાં અસંખ્યા અપકાય એકેન્દ્રિય જીવો રહેલા છે.) તે ઉકાય જીવો (કોઈપણ પ્રકારના અગ્નિમાં એકેન્દ્રિય જીવો રહેલા છે.) વાયુકાય જીવો (વાયુમાં પણ એકેન્દ્રિય જીવોનું શરીર છે.) આ રીતે જૈન શાસ્ત્રો મુજબ પણ જીવો હોઈને - દરેકના ઉપયોગમાં પણ હિંસા થાય છે.

ભગવાન મહાવીર જેઓ સર્વ વિષયોના જ્ઞાતા હતા, તેમણે પણ કહ્યું છે કે હે માનવ તું પૃથ્વી (માટી), પાણી, વાયુ, અગ્નિ અને આકાશનું રક્ષણ કર, તેની સંભાળ રાખ, તેનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ કર, તો તેઓ પણ તારું રક્ષણ કરશે, સંભાળ રાખશે.

''યથા પીંડે તથા બ્રહ્માંડે'' સૂત્ર સર્જનારની અંતઃસ્ફૂરિત આંતરચેતનાને શત્ શત્ કોટી વંદન. કેટલું વિરાટ છતા કેટલું સચોટ છે આ દર્શન. બ્રહ્માંડ - પંચ મહાભૂત - પાણી, પૃથ્વી (માટી), વાયુ અને અગ્નિ અને આકાશનું બનેલું છે. જેમાં પાંચે તત્ત્વોનું સંતુલન જળવાવું અત્યંત જરૂરી છે. બ્રહ્માંડિય જૈવચક્રનું

સાતત્ય તેમજ સમયબદ્ધ પાલનનો પાયો છે 'સંતુલન'. જેટલા પ્રમાણમાં સર્વગ્રાહી સંતુલન જળવાતું રહે એટલા પ્રમાણમાં ઉત્ક્રાંતિજન્ય પરિવર્તન સર્જાતુ રહે છે. જે કાંઈ ગરબડ (ડીસોર્ડર) કે સમસ્યા સર્જાય છે તેનો શ્રોત (કારણ) હોય છે 'અસંતુલન'.

આમ હાલની મોટા ભાગની સમસ્યાનો કુદરત-પ્રકૃતિ સાથે સંવાદ સાધવાને બદલે માનવ સર્જીત મીસ મેનેજમેન્ટ અને મનમાની કરવાની વૃત્તિઓ અને માન્યતાઓને લીધે જ સર્જાય છે.

જીવનના દરેક ક્ષેત્રમાં કે દરેક દુન્યવી કાર્યમાં સંતુલન જરૂરી છે. આજે વિશ્વમાં વધી રહેલી કુદરતી આફતો - જેવી કે સુનામી ધરતીકંપ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, પાણીનો પ્રલય-પુર, આવવા કે વાદળ ફાટવા વિ. ફક્ત અને ફક્ત પર્યાવરનું સંતુલન ખોરવવાનું પરિણામ છે.

જેટલા પ્રમાણમાં ભાવ અને ભાનની ક્રિયા - આંતર ક્રિયા - પ્રક્રિયા સંવાદી અને સંતુલિત હોય અને રહે એટલા પ્રમાણમાં માનવ શરીર સ્વસ્થ અને સક્ષમ બને અને રહે છે. જેટલા પ્રમાણમાં બ્રહ્માંડિય ઘટનાક્રમ અર્થાત કુદરતી પરિબળો અને પ્રવાહો સાથે જીવનશૈલી સુસંગત હોય / થાય એટલા પ્રમાણમાં શરીરનું સ્વાસ્થ્ય જળવાય તેમજ સંવર્ધાય છે. તેનાથી વિપરિત જીવનશૈલીથી વ્યક્તિની મનોદૈહિક, પ્રક્રિયા સહિત પંચમહાભૂતોનું સંતુલન જોખમાય - ખોરવાય છે. તેમાંથી આધી, વ્યાધી અને ઉપાધી ઉદ્ભવે છે. મનુષ્ય કેટલો કુદરત - પ્રકૃતિની નજદીક રહે છે, તેટલો વધારે સ્વસ્થ રહે છે.

સ્વાસ્થ્ય વ્યવસ્થા પ્રકૃતિદત્ છે, જ્યારે રોગાવસ્થા અનૂચિત આચરણનું સીધુંસાદુ પરિણામ છે, તે સમજવું બહુ જ જરૂરી છે. દરેક પ્રકારની હિંસાનો ત્યાગ એ અહિંસા.

અહિંસા એ જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત - પાયાનો સિદ્ધાંત છે. અન્ય પાયાના સિદ્ધાંતો - જેમ કે અપરિગ્રહ, અનેકાંતવાદ, અચૌર્ય-સત્ય, બ્રહ્મચર્ય વિ.માં પણ અહિંસાનો સિદ્ધાંત તો સમાયેલ છે જ. વાણી, વર્તન, આહાર-વિહાર, તેમજ આચારમાં - જીવનની દરેક ક્ષણે અહિંસાનું પાલન એજ મુખ્યત્વે જૈન ધર્મ - કરૂણા- દયા - દાન વિ.માં મૂળમાં પણ અહિંસા જ રહેલી છે.

અહિંસા વિષે આટલી જાણકારી બાદ આપણે આહાર વિશે જાણવા પ્રયત્ન કરીએ.

સામાન્ય રીતે આપણે ખોરાક અને અન્ન એટલે આહાર એમ સમજીએ છીએ. અને તે માટે શુદ્ધ, સાત્વિક, સંતૂલિત આહારની ભલામણ કરવામાં આવે છે. અને તે માટેનું પ્રચલિત સૂત્ર છે : 'જેવું અન્ન તેવું મન, જેવું મન તેવું ધન અને જેવું ધન તેવું જીવન.' પરંતુ વિસ્તૃત અર્થમાં આહાર એટલે માનવ શરીર જે ગ્રહણ કરે, સ્વીકારે તે સર્વ વસ્તુ - ક્રિયા એ આહાર પ્રાપ્તિની ક્રિયા છે. માનવી પોતાની ઈન્દ્રિયો - જેવી કે આંખ, કાન, મસ્તિક, હૃદય, મુખ વિ. દ્વારા જે કાંઈ ગ્રહણ કરે તે સર્વનો આહારમાં સમાવેશ થાય છે. પાણી, હવા, પ્રકાશ, વિચારો, દ્રષ્યો, શ્રવણ વિ. પણ આહારના મહત્ત્વના અંગો છે. આ દરેક આહાર સાત્વિક, શુદ્ધ અને સંતુલિત હોય, તે માનવસ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે. જૈન ધર્મ અને અહિંસાનો પણ એ દરેક આહાર ગ્રહણ કરતી વખતે વિચાર કરવો જરૂરી છે.

પાણી : સ્વયં અપકાય જીવોનું શરીર છે. તે ઉપરાંત અળગણ જ પાણી - ગાળીને જ વાપરવાનું કહેલ છે. પીવા માટે ઉકાળેલું પાણી વાપરવાનું કારણ પણ ઓછી હિંસા છે. ઉકાળેલા પાણીમાં એક કાળ સુધી બેક્ટેરિયા - જીવો પેદા થતા નથી. પાણીનો બગાડ કે વેડફાટ પણ હિંસા છે. આવશ્યક હોય તેટલું જ પાણી વાપરવું.

હવા : વાયુ પણ એકેન્દ્રિય જીવોનું શરીર છે. તેમજ હવામાં પણ જીવ-જંતુઓ હોય છે. આ જીવ-જંતુની હિંસા ન થાય, તે અંગે પણ જૈન ધર્મમાં તકેદારી રાખવામાં આવેલ છે. બોલતી વખતે વાયુકાય જીવોની હિંસાથી બચવા ગુરૂભગવંતો મુખના આવરણ તરીકે મુહપત્તીનો ઉપયોગ કરે છે, તથા પંખા કે એ.સી.નો ઉપયોગ કરતા નથી. એજ રીતે દેરાસરમાં અરિહંત ભગવંતોની સૌ પ્રથમ બરાસપુજા કરવામાં આવે છે. કારણકે બરાસકપુર / ભીમસેનની કપુરનો ગુણ છે કે હવામાં રહેલા જીવજંતુઓ જતા રહે, હવા શુદ્ધ થાય અને તેમાં ઓક્સીજન શુદ્ધ થાય. તદ્ઉપરાંત નેગેટીવ ઉર્જા / નકારાત્મક શક્તિનો નાશ થાય અને પોઝીટીવી ઉર્જા / હકારાત્મક શક્તિ ઉત્પન્ન થાય જેથી દેરાસરમાં આવનાર વ્યક્તિઓ માનસિક હિંસાથી બચે.

પ્રકાશ/અગ્નિઃમાં પણ અગ્નિકાય એકેન્દ્રિય જીવો રહેલા છે. એટલે જ લાઈટ/પંખા/એસી વિ.નો શક્ય ઓછો ઉપયોગ કરવાનું કહેલ છે.

આજ રીતે ટીવી, સિનેમાના કેટલા દ્રશ્યો, હિંસાત્મક લખાણોનું વાંચન કે અયોગ્ય વાણીનું શ્રવણ પણ વ્યક્તિને શારીરિક અગર માનસિક હિંસા કરવા પ્રેરે તેનો પણ નિષેધ કરવામાં આવ્યો છે.

અહિંસાની દ્રષ્ટિએ આહાર કેવો હોવો જોઈએ. આ વિચારવિમર્શમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની ઉપેક્ષા નથી. કિન્તુ એ બાબતની સૂચના છે કે સ્વાસ્થ્ય આપણું અંતિમ સત્ય નથી. તે સિવાયના પણ અન્ય છે અને તેનો સંબંધ સમસ્ત પ્રાણીજગત તથા બ્રહ્માંડ સાથે છે, જે માનવજાતની સમાનતાનો મોટો આધાર કે પાયો બની રહે છે. અહિંસાની દ્રષ્ટિએ આહાર બાબતના વિમર્શનું પ્રથમ સૂત્ર છે - જરૂરિયાતનો સિદ્ધાંત. આપણો એવું જ ભોજન-આહાર લેવો જોઈએ કે જે આપણને જીવવા માટે જરૂરી હોય, એટલા માટે શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને નજર સમક્ષ રાખીને જ ભોજન-આહાર લેવાનો નિર્ધાર ન કરવો, એ માટેના નિર્ધારમાં અહિંસા (પ્રેમ, મૈત્રી કે કરૂણા), બ્રહ્મચર્ય (અનાસક્ત ભાવ) અને સાંકેતિક વૃત્તિઓના પરિષ્કારના ફાળા બાબતમાં પણ બરાબર ધ્યાન રાખવું આવશ્યક છે.

એ પણ એટલું જ સાચું છે કે ''શરીર માધ્યમ ખલુ ધર્મ સાધનમ'' એટલે શરીર એ ધર્મ સાધના માટેનું માધ્યમ છે. આમ જોઈએ તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય સિદ્ધ કરવા માટે સારૂં શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય જરૂરી છે.

જૈન ધર્મમાં બતાવેલ દરેક તપશ્ચર્યાના પાયામાં પણ આહાર અને અહિંસા રહેલા છે. આયંબિલમાં દરેક સચેત વસ્તુઓ હોઈને આહારમાં થતી ઘણી બધી હિંસામાંથી બચી શકાય છે. થાળી ધોઈને પીવાના નિયમમાં પણ અહિંસાનો જ સિદ્ધાંત છે. અન્ય નાની મોટી દરેક તપશ્ચર્યાના પાયામાં અહિંસા જ છે. આહાર અંગેનો મહત્ત્વનો નિયમ રાત્રીભોજન ન કરવાથી કેટલી બધી હિંસાથી બચી શકાય છે. તિથિના દિવસે લીલોતરી ન ખાવાથી કેટલા બધા વનસ્પતિકાય જીવોની હિંસાથી તો બચી શકાય છે, તદ્ઉપરાંત તેમાં સ્વાસ્થ્યનો પણ ઘણો મોટો ફાયદો થાય છે. આ પર્વતિથિના દિવસે પૃથ્વી અને ચંદ્રની સ્થિતિ સામસામી હોય છે.

ગુરૂત્વાકર્ષણના નિયમ મૂજબ તે દિવસે પાણી-જલ તત્ત્વ વધી જાય છે. શાકભાજીમાં લગભગ ૯૦ ટકા પાણી હોય છે. જેથી તે દિવસોમાં શાકભાજી ખાવાથી શરીરમાં જલતત્ત્વ વધી જતું હોય છે. માટે જ જૈનો પ્રભુઆજ્ઞા મુજબ તે દિવસે કઠોળ ખાતા હોય છે. કઠોળ સુકુ હોવાથી બ્લોટીંગ જેવું કામ કરી વધારાનું પાણી ચૂસી લે છે. તેથી જ તો મહાન સાહિત્યકાર જ્યોર્જ બર્નાડ શોએ ભગવાન મહાવીરને મહાન વૈજ્ઞાનિક ગણાવ્યા છે અને જૈનકુળમાં જન્મ ઈચ્છ્યો છે.

અહિંસા એ જૈન ધર્મનો ઉચ્ચતમ આદર્શ-મુખ્ય સિદ્ધાત છે. અલબત્ત આપણા જીવન નિર્વાહ માટે જૈનધર્મ તેના ગૃહસ્થ અનુયાયી શ્રાવક-શ્રાવિકાઓને અમુક મર્યાદિત હિંસાની છૂટ આપે છે. જૈન ધર્મગ્રંથો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે :

- આપણા જીવનનિર્વાહ માટે આપણા સાધુ જીવનની / સાધુ-સાધ્વીઓના જીવન નિર્વાહ માટે, આપણા શાસ્ત્રો-ધર્મગ્રંથો-ગ્રંથાલયો, જિનાલયો અને ઉપાશ્રયોના સંરક્ષણ માટે અત્યંત આવશ્યક અને મર્યાદિત પ્રમાણમાં પૃથ્વી અર્થાત માટી, રેતી, ચુનો, પથ્થર વગેરે, પાણી, અગ્નિ અર્થાત દીવા વગેરે, વાયુ અને વનસ્પતિકાય વગેરે એકેન્દ્રિય જીવોની હિંસા કરવાની શ્રાવક-શ્રાવિકા સ્વરૂપ ગૃહસ્થોને અનુમતિ આપે છે.

- બેઈન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના કોઈપણ ત્રસ જીવો દા.તઃ પશુ, પક્ષી, જીવજંતુઓ અને મનુષ્ય વગેરેની કોઈપણ સંજોગોમાં તેઓને ત્રાસ કે તેમની હિંસા કરવાની છૂટ શ્રાવક-શ્રાવિકાઓને પણ આપવામાં આવી નતી.

- સાધુઓ માટે સંપૂર્ણપણે અહિંસક બનવું જરૂરી છે. સાધુઓ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ સહિત કોઈપણે સ્થાવર અને ત્રસ જીવોની હિંસા કરતા નથી.

ગાય-ભેંસ વગેરે દૂધ આપતા પ્રાણીઓ પંચેન્દ્રિય છે અને તેઓ સંજ્ઞી હોવાથી મન/મગજ પણ ધરાવે છે. જૈન ધર્મગ્રંથોમાં આવા પ્રાણીઓ પ્રત્યેની નિર્દયતા અને તેમની હિંસાનો મોટું પાપ ગણવામાં આવ્યું છે.

આજે જે રીતે દૂધ મેળવવામાં આવે છે તે સંપૂર્ણ રીતે હિંસક હોઈને તે દૂધ તથા અન્ય દૂધની બનાવટોનો ઉપયોગ કોઈપણ જૈન ધર્મી કરે તેમ મોટી હિંસા છે. તેમજ તિર્થંકર ભગવંતોના પ્રક્ષાલ કે પૂજામાં કરવો તે પણ મોટી હિંસા છે. હાલમાં અમેરિકા તથા યુરોપમાં દૂધ તથા દૂધની પેદાશો (ડેરી પ્રોડક્ટસ)ને પણ માંસાહાર ગણીને ન વાપરનાર - નવો શાકાહારી સમુદાય ઉભો થયો છે - જેને વીગન કહે છે.

એક એ પણ હકીકત છે કે કોઈપણ ચાઈનીઝ કોઈપણ જાતની ડેરી પ્રોડક્ટસ વાપરતા ન હોવાને કારણે, જ્યારે વિકસિત દેશો તથા ભારતમાં સ્ત્રીઓમાં સ્તન કેન્સર થવાનું પ્રમાણ દરેક એક હજારે ૧૦ જેટલું છે, ત્યારે ચાઈનામાં એ પ્રમાણ દસ હજારે એકનું છે.

કોઈપણ ખાદ્યાનો, પાણી, અગ્નિ, ગેસ, ઈલેક્ટ્રીસીટીનો વ્યય, વેડફાટ કે જીવન માટે અત્યંત જરૂરી હોય તેના કરતા કરવામાં આવતો વધારે ઉપયોગ પણ હિંસા જ છે.

નીચે જણાવેલ ખાદ્ય પદાર્થોમાં પણ નોનવેજ વસ્તુઓનો ઉપયોગ થયો હોવાની પુરી સંભાવના હોઈને તેનો ઉપયોગ જાણ્યા વગર કરવો ન જોઈએ.

આઈસ્ક્રીમ, આઈસકેન્ડી, કસ્ટાર્ડ પાવડર, બજારૂ મળેલા ખાદ્ય પદાર્થો, કેક, બ્રાન્ડેડ તેલો, ખારી બિસ્કિટ, ઘી, ચીઝ, ચુઈંગ ગમ, કેટલાક પ્રકારની ચોકલેટ, ટોફી, જેલી પુડીંગ, બ્રેડ, બેબી ફૂડ, વરખ, વેફર, સોસ વિગેરે.

કેટલીક દવાઓ, જેમકે : કેપ્સ્યુલો, કેલ્સીયમવાળી દવા, ગ્લિસરિન ટુથપેસ્ટ, ઈસ્ટ્રોજન, કેસ્ટોરિયમ, ઈન્સ્યુલીન, થાયરોડની દવા, દમની દવા, ટોનિકો, પ્રોટીનવાળી દવા, વિટામીન એ અને ડી વાળી દવા, કસ્તુરી, અંબર વિ.માં પણ પ્રાણીજ ચરીબીનો ઉપયોગ થયો હોવાની પુરી શક્યતા છે.

ટૂંકમાં દરેક વસ્તુનો અત્યંત આવશ્યક હોય તેટલો જ ઉપયોગ કરવો તથા સાવચેત રહેવું જરૂરી છે.

પૂરતી સમજ, જાણકારી ન હોવાના કારણે આપણે જાણ્યે-અજાણ્યે હિંસક-નોનવેજ વસ્તુઓનો ઉપયોગ કરતા હોઈએ છીએ અને દોષી બનીએ છીએ.

શાસ્ત્રના વિરૂદ્ધ કશું લખાયું હોય તો ક્ષમા પ્રાર્થું છું.

❑❑❑

૪૦૪, સુંદર ટાવર,
ટી.જે. રોડ, શીવરી,
મુંબઈ - ૪૦૦૦૧૫.
સંપર્ક : ૯૩૨૩૩૩૧૪૯૩

# અહિંસા : અનોખો ગાંધીવિચાર

ચંદુભાઈ મહેરિયા

***પરિચય : લેખક, પત્રકાર, સંપાદક ચંદુ મહેરિયા 'સંદેશ'માં 'ચોતરફ' નામની કોલમ લખે છે. આ પહેલા 'દિવ્યભાસ્કર'માં કોલમ લખતા. સામાજિક અને રાજકીય વિષયો પરનું એમનું લેખન સામાન્ય વાચકોથી લઈ સંશોધકો અને અભ્યાસીઓને સ્પર્શે તેવું હોય છે.***

જેનો સૂર્ય ક્યારેય આથમવાનો નથી એવા બ્રિટિશ શાસનને ગાંધીજીએ, 'સાબરમતીના સંતે', 'બિના ખડગ, બિના ઢાલ' નમાવ્યું તેના મૂળમાં ગાંધીજીનો 'અહિંસા'નો વિચાર રહ્યો છે. આપણા રાજકારણમાં, જાહેરજીવનમાં અરે સમગ્ર સ્વાતંત્ર્ય આંદોલનમાં ગાંધીજીએ અહિંસાના જોરે જ સફળતા મેળવવા ભાર મૂકેલો.

ગાંધીજીએ અંગ્રેજોની બેરહમ હિંસા સામે ઉંહકારો પણ કર્યા સિવાય, કશા જ પ્રતિકાર વિના, માત્ર ને માત્ર અહિંસા દ્વારા જ સમગ્ર આઝાદીની લડત ચલાવી. બબ્બે વિશ્વયુદ્ધો કે લાંબા ગાળાના ઠંડાં યુદ્ધો, પરમાણુ-અણુબૉમ્બથી માંડીને અત્યાધુનિક શસ્ત્રોથી દેશ અને દુનિયા સજ્જ હોય, સર્વત્ર હિંસા અને યુદ્ધની જ બોલબાલા હોય ત્યારે ગાંધીજીના અહિંસાના પ્રયોગો દુનિયામાં આજે પણ ક્યાંક ને ક્યાંક અજમાવાય છે અને તે સફળ પણ થતા રહ્યા છે.

દેશના જુદા જુદા ખૂણે મહિલાઓના દારૂબંધી આંદોલન હોય કે સુંદરલાલ બહુગુણાનું ચીપકો આંદોલન, પૂર્વોત્તર હોય કે પશ્ચિમના દેશો આજે પણ એવા ઘણાં જૂથો દુનિયામાં કાર્યરત છે; જે માત્ર ને માત્ર અહિંસક માર્ગે જ પોતાના કાર્યક્રમો યોજે છે અને સફળ પણ થાય છે.

માર્ટિન લ્યુથર કિંગ, નેલ્સન મંડેલા કે આંગ સાન સૂકીની લડતમાં ગાંધીજીની 'અહિંસા'ના વિચારનો સિંહફાળો હતો તે તો હવે દુનિયા સ્વીકારે જ છે. ગાંધીજી માટે અહિંસા એ કોઈ આંદોલન પૂરતો મુદ્દો નહોતો એટલે જ એ કહેતા કે, 'માણસ બીજાઓ સાથેના પોતાના વ્યવહારમાં અહિંસાનું આચરણ નહીં અને મોટી બાબતોમાં એનો પ્રયોગ કરવાની આશા રાખે તો તે ભીંત ભૂલે છે. માણસ પોતાના જ મંડળમાં અહિંસક રહે ને બહાર હિંસક રહે એ ન બની શકે. વ્યક્તિને અહિંસાની તાલીમ લેવાની જરૂર હોય, તો રાષ્ટ્રને તો એવી તાલીમ લેવાની જરૂર એથી પણ વધારે રહે છે.'

ગાંધીજીની અહિંસા એ માત્ર વ્યક્તિગત આચરણનો મુદ્દો ન રહેતા તે સામૂહિક આચરણનો મુદ્દો પણ બની શકે તેમ છે. ગાંધીજી તો હિંસા અને અહિંસાના દ્વંદ્વમાં અહિંસા જ વિજયી બને તેવું દઢપણે માનતા અને અહિંસક રાજ્ય કે અહિંસક સમાજરચના તે તેમનું સ્વપ્ન હતું. જો 'અહિંસા'નો એક મૂલ્ય તરીકે વ્યક્તિગત જીવનમાં સ્વીકાર થાય તો તે રાષ્ટ્રીય મૂલ્ય પણ આપોઆપ બની શકે.

ગાંધીજીએ એમના અહિંસાના બળે તો ભારત વિભાજન વખતની કોમી આગને ઠારી હતી, નોઆખાલીમાં ગાંધીજીનું એક વ્યક્તિનું લશ્કર જે કરી શક્યું તે હજારોનું શસ્ત્રબદ્ધ સૈન્ય પણ ન કરી શક્યું, અહીં જ ગાંધીજીની અહિંસાની તાકાત દેખાઈ હતી.

જ્યાં સુધી ગાંધીજીની અહિંસાનો સવાલ છે તેઓ ડરપોક કે નામર્દ સમાજ પણ ઈચ્છતા નહોતા. તેમણે નામર્દાઈ અને હિંસામાંથી પસંદગી કરવાની આવે તો પોતે હિંસાની જ પસંદગી કરશે એમ સ્પષ્ટ જણાવ્યું હતું. સ્વમાન ખાતર, સ્વાભિમાન ખાતર તે માયકાંગલું બનીને, હાથ જોડીને ઊભું રહે તેવું રાષ્ટ્ર પસંદ નહોતા કરતા; પણ ઈજ્જતની રક્ષા ખાતર હથિયાર ઉઠાવે તે વાતની તરફેણ કરતા હતા. જોકે આજની સરકારો જે રીતે પડોશી દેશો સાથે કાયમ સાવધાનની મુદ્રામાં જ રહે છે અને જંગી સંરક્ષણ બજેટ ફાળવે છે ત્યારે ગાંધીજીની અહિંસા કસોટીની સરાણે છે.

❑❑❑

૧૪૧૬/૧ સેક્ટર ૨-બી, ગાંધીનગર ૩૮૨૦૦૧
સંપર્ક : ૯૮૨૪૬૮૦૪૧૦

('નવજીવનનો અક્ષર દેહ' ના ઑક્ટોબર-નવેમ્બર ૨૦૧૮ ના લેખકના 'ગાંધીજીના વિચારો આજે કેટલા પ્રસ્તુત છે?' લેખનો અંશ)

દરેક મનુષ્યને જીવવાનો હક છે અને તેથી પોતાનું પોષણ કરવાનાં સાધનો અને જ્યાં જરૂર હોય ત્યાં પોતાને માટે વસ્ત્ર અને ઘર મેળવવાનો હક છે. પરંતુ આ અતિ સહેલા કાર્ય માટે આપણને અર્થશાસ્ત્રીઓની અથવા તેમના સિદ્ધાંતોની સહાયતાની જરૂર નથી.

❍❍❍

'સસ્તામાં સસ્તું ખરીદી મોંઘામાં મોંઘું વેચવું' એવો જે નિયમ છે તેના જેવું બીજું કશું માણસને નામોશી લગાડનારું નથી.

# અહિંસક જીવનશૈલી

**ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી**

***પરિચય : ડૉ. પાર્વતીબેન ખીરાણીએ 'જીવવિચાર રાસ' પર શોધ પ્રબંધ લખી પુસ્તકાકારે પ્રગટ કર્યો છે. વાગડ સમાજ દ્વારા પ્રકાશિત 'વાગડ સંદેશ'માં તેઓ પ્રકાશન સમિતિમાં છે. આ સામયિકમાં તેઓ 'સોનોગ્રાફી' અને 'જ્ઞાનગંગા' આ બે શીર્ષક હેઠળ નિયમિત રૂપે લખે છે. જૈન વિશ્વકોશ સાથે પણ તેઓ જોડાયેલા છે. ઉપરાંત ચિંચપોકલીમાં જૈનોલોજીકોર્સ શીખવાડે છે અને સાધુ-સાધ્વીઓને પણ અધ્યયન કરાવે છે.***

જગતના તમામ ધર્મ પ્રણેતાઓમાં તીર્થંકર પરમાત્મા ભગવાન મહાવીરનું સ્થાન અનેક દ્રષ્ટિએ વિશિષ્ટ પ્રકારનું છે. કરૂણાસાગર એવા પ્રભુએ વિશ્વના પ્રાણીમાત્રના કલ્યાણ માટે, સતત ચિંતા કરીને કેટલાક મહત્ત્વના સિદ્ધાંતોની પ્રરૂપણા કરી છે. એમાં મહત્ત્વનો કે મૂળભૂત કહી શકાય એવો સિદ્ધાંત છે 'અહિંસા'. અહિંસાની આસપાસ જ બાકીના સિદ્ધાંતની પ્રરૂપણા થઈ છે. જૈનધર્મમાંથી અહિંસાને બાદ કરીએ તો બાકીના સિદ્ધાંત એકડા વગરના મીંડા થઈ જાય માટે જ અહિંસાને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

પ્રત્યેક જીવ જીવવા ઈચ્છે છે માત્ર જીવવા જ નહિ પણ સુખપૂર્વક જીવવા ઈચ્છે છે. એ ધ્યાનમાં રાખીને પ્રભુએ જીવન જીવવાની કળા બતાવી છે એ અનુસાર શ્રાવક-શ્રાવિકાઓની ક્રિયા એવી હોવી જોઈએ જેનાથી કોઈ જીવને કષ્ટ ન થાય તેમજ કારણ વગર તેમનો વધ પણ ન થાય. બધા સાથે આત્મવત્ વ્યવહાર કરવાનો છે.

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે...

सव्वे जीवा वि इच्छन्ति जीविउं न मरिज्जिउं।

तम्हा पाणी वहं घोरं निग्गंथा वज्जयंतिणं।।

અર્થાત્ - દરેક જીવ જીવવા ઈચ્છે છે, જીવ માત્રને જીવન પ્રિય છે અને મરણ અપ્રિય છે. કોઈ મરવા ઈચ્છતું નથી. તેથી પ્રાણીવધ એ ભયંકર પાપ છે. સાધક પુરૂષો માટે એ ત્યાજ્ય છે.

આ તમામ જીવો પ્રત્યે દયા, કરૂણા, અનુકંપા, પ્રેમ, મૈત્રી, વગેરે રાખવાના છે. જે અહિંસાના જ વિધેયાત્મક રૂપ છે. મનુષ્ય પ્રજ્ઞાશીલ છે. જેના વડે તે પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. જેનો પશુઓમાં અભાવ હોય છે. પચાસ વર્ષ પહેલા હાથી જે રીતે જંગલમાં રહેતો હતો એ જ રીતે આજે પણ રહે છે. પક્ષીઓ જેવી રીતે પોતાના માળા બનાવતા હતા એમ જ આજે પણ બનાવે છે. ભૂતકાળમાં થયેલા અનુભવોથી આગળ વધવાની શક્તિ મનુષ્યની જેમ પશુ-પક્ષીઓમાં નથી, એ શક્તિ મનુષ્યમાં છે. જેને પ્રજ્ઞા કહેવાય છે. પરંતુ મનુષ્યની પ્રજ્ઞા જેમ જેમ વધે તેમ તેમ અહિંસા ન વધે તો તે તારકને બદલે મારક બની જાય છે. ઉદ્ધારકને બદલે ઘાતક બની જાય. પરંતુ એમાં અહિંસા, કરૂણા, પ્રેમ આદિનો ઉમેરો થાય તો એ સંહારકને બદલે સંરક્ષક બની જાય. એ સંરક્ષક બને તો પૃથ્વી પર સ્વર્ગ ઉતરી આવે અને એ માટે જ પ્રભુએ અહિંસાપ્રધાન જીવનશૈલી બતાવી છે. અહિંસા માનવજાતિના ઊર્ધ્વમુખી વિરાટ ચિંતનનું સર્વોત્તમ વિકાસબિંદુ છે. લૌકિક અને લોકોત્તર બંને પ્રકારના મંગલજીવનનો આધાર અહિંસા છે.

અ = નહિ, હિંસા = કોઈ પણ પ્રાણીનો ઘાત કરવો, અપશબ્દ બોલવા તથા માનસિકરૂપથી કોઈનું અહિત ચિંતવવું એ હિંસા છે. અહિંસા એટલે હિંસા ન કરવી, પ્રાણીમાત્ર પ્રત્યે દુર્ભાવનો અભાવ તથા સમભાવનો નિર્વાહ, અહિંસા જાગ્રત આત્માનો અમૂલ્ય ગુણવિશેષ છે.

વ્યક્તિથી પરિવાર, પરિવારથી સમાજ, સમાજથી રાષ્ટ્ર, રાષ્ટ્રથી વિશ્વબંધુત્વનો વિકાસ થયો કે થઈ રહ્યો છે એના મૂળમાં અહિંસાની પવિત્ર ભાવના જ કામ કરે છે.

અહિંસાનો સ્વીકાર લગભગ ઘણા બધા ધર્મદર્શનોમાં કોઈ ને કોઈ રીતે કરવામાં આવ્યો છે. પરંતુ એ મનુષ્ય, પ્રાણી, પશુ, પક્ષી કે જીવજંતુ સુધી સીમિત છે અને જૈનદર્શનમાં જીવમાત્રનો વિચાર કરવામાં આવ્યો છે અને એ પ્રમાણે જીવનપદ્ધતિ અપનાવવાની હિમાયત પણ કરવામાં આવી છે. જેણે સમગ્ર જીવસૃષ્ટિની હિંસાથી બચવું હોય એમણે સાધુપણું સ્વીકારી લેવું જોઈએ. જેનાથી એ શક્ય ન હોય એણે જયણાપૂર્વકનું જીવન જીવવું જોઈએ. અર્થાત્ શ્રાવક શ્રાવિકાપણાનો સ્વીકાર કરવો જોઈએ.

જૈનદર્શનમાં જીવો બે પ્રકાર બતાવ્યા છે, ત્રસ અને સ્થાવર. ત્રસ એટલે જે જીવો ભય, ત્રાસ કે દુઃખનો અનુભવ થતા તેના પ્રતિકાર માટે ચેષ્ટાઓ કરી શકે છે. સુખ દુઃખનું સંવેદન થતા તેને અનુકૂળ હલન ચલન આદિ પ્રવૃત્તિ કરી શકે છે. તે ત્રસ કહેવાય છે. એમાં જીવજંતુ, ઈયળ, કીડી, માંકડ, મચ્છર, પશુ-પક્ષી-જળચર-મનુષ્ય, દેવ-નારકીનો સમાવેશ થાય છે.

સ્થાવર : એનાથી વિપરીત કેટલાક જીવો હલન-ચલનની ચેષ્ટા કરી શકતા નથી. કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કરી શકતા નથી તે જીવો સ્થાવર જીવો કહેવાય છે. તેમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો અને વનસ્પતિનો સમાવેશ થાય છે. એમની પાસે માત્ર એક જ ઈન્દ્રિય સ્પર્શેન્દ્રિય હોય છે. તેઓ પણ સુખ દુઃખની અનુભૂતિ કરી શકે છે. ભય આદિ પામી શકે છે. માટે એ જીવોને પણ અભયદાન આપવું જોઈએ. પરંતુ માનવીના જીવનનિર્વાહ માટે, શરીરને પોષણ આપવા માટે, ટકાવી રાખવા માટે કેટલીક અનિવાર્ય

હિંસા કરવી પડે છે પણ એમાં વિવેક રાખવાથી ઓછામાં ઓછી હિંસાથી જીવન નિભાવી શકાય છે. એને જયણા રાખી કહેવાય છે.

શ્રાવક શ્રાવિકાઓ ત્રસ જીવની તો હિંસા કરે જ નહિ. સ્થાવર જીવોમાં પણ ઓછામાં ઓછી હિંસા થાય એ રીતે જીવનક્રમ ગોઠવી દે છે. સવારે ઊઠે ત્યારથી જયણાપૂર્વક જીવન જીવે છે. ઊઠીને સર્વ પ્રથમ જતનાપૂર્વક ઝાડુ કાઢે જેથી રાત્રિ દરમ્યાન કોઈ જીવજંતુ આવ્યા હોય તે પગમાં કચરાય નહિ. ચૂલા પેટાવતા એની પણ બરાબર તપાસ કરે એમાં કોઈ જંતુ છે નહિ ને? પછી એનું પૂંજન કરે જેથી નરી આંખે ન દેખાય. એવા જીવો હોય તો એને દૂર કરી સકાય જેથી એ મરે નહિ. ત્યારબાદ પાણી પણ ગાળીને જ વાપરે. પાણીના વાસણો રાતથી જ ઊંધા રાખી દે ભરેલા હોય એને ઢાંકીને રાખી દે જેથી એમાં જીવજંતુ પડીને મરે નહિ. તેમજ ઘી-તેલ, દૂધ-દહીં આદિના વાસણો પણ ખુલ્લા રાખે નહિ. એમાં પણ કોઈ જીવ પડે તો મરી જાય માટે નાની નાની બાબતોનું ધ્યાન રાખીને વર્તે. વનસ્પતિકાયમાં પણ અનંતકાયવાળી વનસ્પતિ જેમાં એક શરીરમાં અનંતા જીવો હોય એવી કંદમૂળ વગેરે ન ખાય. બહુ બીજવાળી પણ મર્યાદા કરે. પર્વતિથિઓને શાકભાજી આદિ ન ખાય. આમ ખાવાપીવામાં વિવેક રાખી કેમ ઓછામાં ઓછી હિંસા થાય એનું ધ્યાન રાખે.

જળાશયોમાં નહાવા માટે ન પડે, વોટરપાર્કોમાં ન જાય. ધૂળેટીના પાણીથી ન રમે વગેરે પાણીના જીવોની રક્ષા માટે જરૂરી છે. સિગરેટ ન પીએ. હુકાપાર્લર વગેરેમાં ન જાય. કારણ વગર લાઈટ પંખા વગેરે ચાલુ ન કરે. પોતે તો ન કરે બીજાને પણ કરવાનો ઉપદેશ ન આપે.

ગૃહકાર્ય કરતા ખૂબજ સાવચેતી રાખે. વેરાયેલા - ઢોળાયેલા કણો પાણી વગેરે વાળી જમીન તરત જ સ્વચ્છ કરી લે. જેથી જીવોત્પત્તિ જ ન થાય અને સહેજે હિંસાથી બચી જવાય, ઘરમાં યોગ્ય પ્રમાણમાં હવા ઉજાસ આવે તો પણ ઘર જીવજંતુથી મુક્ત રહે છે. કદાચ કોઈ કારણસર જીવોત્પત્તિ થઈ જાય તો સૂર્યાસ્ત-સંધ્યાકાળ સમયે ધૂપ કરે. દિવસે ધૂપ કરવાથી બહાર નીકળનારા જીવો સૂર્યપ્રકાશ સહન ન કરી શકતા મરણને શરણ થાય છે કે પચી ચકલા, કાબર, કાગડા, કૂતરા, બિલાડાનો શિકાર બની જાય છે.

વહેલી સવારે ધૂપ કરવાથી ખોરાક માટે નીકળેલા પક્ષીઓ એ જીવજંતુને ભક્ષ્ય બનાવી દે છે. રાત્રે ધૂપ કરવાથી દેખી શકનારા જીવો અંધારામાં ન દેખી શકવાથી ભયભીત બની જાય તેમ જ ગરોળી વગેરેના ભક્ષ્ય બનવાની સંભાવના રહે. દેખી ન શકનારા જીવો પર પણ સૂર્યપ્રકાશની વધતી-ઘટતી અસર સૂક્ષ્મ કંપનો દ્વારા સ્પર્શેન્દ્રિય દ્વારા અનુભવી શકાય છે માટે જીવદયાના પાલન માટે સૂર્યાસ્તનો સમય જ ધૂપ માટે શ્રેષ્ઠ છે.

આ ઉપરાંત ખાલી વાસણો ઊંધા જ રાખવા જેથી એમાં કરોળિયા જાળા ન બાંધે. અળશિયા, સાપોલિયા શાક ભાજીમાંથી ઈયળ વગેરે નીકળે તો દૂર ઝાડીમાં કોઈનો શિકાર ન થાય એમ મૂકી દેવા. ઘરમાં પક્ષી માળા ન બાંધે એનું ધ્યાન રાખવું. કદાચ માળો બાંધીને ઈંડા મૂકી દીધા હોય તો એને ઉડાવવા નહિ પણ બચ્ચા જન્મ્યા પછી પોતાની મેળે બહાર જતા રહે પછી જ બહાર કાઢવા અને પાછો માળો ન બાંધે એનું ધ્યાન રાખવું. જૂના જમાનામાં પક્ષીઓના માળા માટે ઘરની બહાર દિવાલમાં બાકોરા રાખવામાં આવતા જ્યાં પક્ષીઓ સુરક્ષિત રીતે માળા બાંધી શકે. એમનું જીવન પણ સરળતાથી વહે એનું ધ્યાન રખાતું.

તેમ જ માત્ર ભૂખ્યા તરસ્યાને અન્ન આપવું એમ નહિ પણ કીડીઓને કીડીયારૂં, કૂતરાને રોટલો, કાગડા, કબૂતર, ચકલા વગેરે પક્ષીઓને ચણ આપવામાં આવતું. આની પાછળ એક મહાન તથ્ય સમાયેલું હતું. બીજા જીવોને ખાઈને જીવતા પશુ પક્ષીઓ જ્યારે તેમને પૂરતા પ્રમાણમાં નિર્દોષ ખોરાક અપાતો ત્યારે તેવા મળતા નિર્દોષ ખોરાકથી ધરાઈ જતા. એટલે બીજા જીવોને ખાતા નહિ આથી બીજા જીવોના જીવની રક્ષા થતી અને એ જીવોને નહિ ખાવાથી પશુ પક્ષીઓના જીવનમાં પણ અહિંસક સંસ્કાર પેદા થતા જેને લઈને પશુ પક્ષીઓ અહિંસક રીતે જીવન જીવીને પોતાના જીવનને અહિંસાથી અનાયાસે પરિપ્લાવીત બનાવી દેતા.

આજે પશ્ચિમની સંસ્કૃતિના આક્રમણને કારણે સંસ્કૃતિમાં વિકૃતિ પ્રવેશી ગઈ છે. તે દૂર કરીને ફરીથી આપણી મૂળ સંસ્કૃતિને જાગૃત કરવાની જરૂર છે. ભક્ષ્ય અભક્ષ્યનો વિવેક ભૂલાઈ ગયો છે. ભોજનની બાબતમાં ધરખમ પરિવર્તન આવી ગયું છે. મલ્ટીનેશનલ કંપનીઓનું આગમન થતા હજારો જાતની વરાઈટીઓ બજારમાં આવી છે. જાતજાતના સોસ, વિનેગાર, બેબીફૂડ, વિવિધ ઈન્સ્ટંટ મીક્ષ, પીકલ્સ વગેરે જેનાથી ઘરે બનાવીને ખાવાનું ચલણ ઓછું થતું જાય છે. ઘરકામ ઓછું થતા કીટી પાર્ટી, બ્યુટી પાર્લરની મુલાકાત વધી છે જેનાથી સંસ્કૃતિ પર ખતરો ઊભો થઈ શકે છે. અન્ન એવું મન એ ન્યાયે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તૂટતી જાય છે. વૃદ્ધાશ્રમો વધતા જાય છે. તેમજ સ્વચ્છંદતાને કારણે છૂટાછેડા પણ વધતા જાય છે. તૈયાર ખોરાકમાં રહેલા રાસાયણોને કારણે આરોગ્ય પણ બગડે કેન્સર જેવા રોગો થાય છે. શારીરિક અને માનસિક બંને તંદુરસ્તી જોખમાય છે. માટે ઘરે જ જયણાપૂર્વક બનાવેલો આહાર અતિ ઉત્તમ છે. તૈયાર આહાર ખૂબ જ આરંભ સમારંભથી બનતો હોય છે જ્યારે ઘરનો ખોરાક ઓછામાં ઓછી હિંસાથી બને છે.

વર્તમાને બિસ્લેરી વોટરની આદત પડી ગઈ છે જે જરાપણ યોગ્ય નથી. જૈનદર્શનના જીવવિજ્ઞાન અનુસાર પાણી જીવસ્વરૂપ છે. આજનું વિજ્ઞાન પાણીમાં જીવ માને છે પણ પાણીને જીવ માનતું નથી પરંતુ પાણી પણ જીવ હોવાને કારણે કાચું ન પીવાય.

કાચા પાણીમાં ક્ષણે ક્ષણે અસંખ્ય જીવોનું જન્મ-મરણ ચાલુ જ હોય છે. એને ઉકાળીએ નહિ ત્યાં સુધી આ જન્મ-મરણની સાઈકલ સતત ચાલ્યા કરે છે. પાણીને ઉકાળીએ એટલે એકવાર અસંખ્ય જીવોની હિંસા જરૂર થાય છે એ રીતે કાચું પાણી પીએ તો એમાં પણ જીવોની હિંસા થાય જ છે પરંતુ બંને પરિસ્થિતિમાં ફરક એ છે કે કાચું પાણી સીધું મોમાં રાખવું એ ક્રૂરતા છે. જ્યારે અચેત પાણી મોમાં નાંખીએ તો ક્રૂરતાના પરિણામ નથી આવતા. ગરમ કરતા હિંસા ચૂલા પર થઈ છે મોઢામાં નથી થઈ તેમજ ક્ષણે ક્ષણે પાણીમાં જન્મમરણની સાઈકલ ચાલતી હતી તે બંધ થઈ ગઈ. અને જલનો અચિત્ત રહેવાનો કાળ બતાવ્યો છે ત્યાં સુધી એમાં કોઈ નવી જીવોત્પત્તિ નહિ થાય. કાચું પાણી આયુર્વેદની દ્રષ્ટિએ પણ વિકારક ઈ હાનિકારક છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ હાનિકારક છે.

સંશોધન અનુસાર ઉકાળેલું પાણી બેસ્ટ વોટર છે આવું ગરમ પાણી પીવાથી શરીરમાં કોઈ રોગ થતા નથી. પાચનશક્તિ વધે છે, જઠરાગ્નિ પ્રબળ બને છે. અને શરીરના તમામ અવયવોને ઊર્જાશક્તિ સંપ્રાપ્ત થાય છે. આખું જાપાન આજે આ રીતે ગરમાગરમ પાણી પીવે છે. જૈન સાધુ-સાધ્વીઓને પણ આ રીતે ઉકાળેલું પાણી જેવા ટેમ્પરેચરવાળું મળ્યું હોય તેવું કાષ્ઠના ભાજનમાં રાખી મૂકવાનું હોય છે. જ્યારે જરૂર પડે ત્યારે ઠાર્યા વિના ગરમ જ વાપરવાનું હોય છે. (જો કે આજે પાણી ઠારવાનો રિવાજ સર્વત્ર વ્યાપક બની ગયો છે પણ તે યોગ્ય નથી)

ઉકાળેલું પાણી ઉનાળામાં પાંચ પ્રહર, શિયાળામાં ચાર પ્રહર અને ચોમાસામાં ત્રણ પ્રહર અચિત્ત રહે છે. પછી એમાં જીવોની ઉત્પત્તિ ચાલુ થઈ જાય છે. (એક પ્રહર એટલે દિવસનો ચોથા ભાગ સમજવો. ૧૨ કલાકનો દિવસ હોય તો એક પ્રહર ૩ કલાકનો ગણાય એમ પ્રહરની ગણતરી કરીને પાણીની સચિત્તતા સમજી લેવી.)

આ ઉપરાંત પાણીને ઘીની જેમ વાપરવાનું કહ્યું છે. પાણીનું એક ટીપું પણ ન ઢોળાય એ રીતે વાપરવાનું છે. પાણી એ જ જેનું શરીર છે એવા અસંખ્યાતા જીવ ભેગા થાય ત્યારે એક પાણીનું ટીપું બને છે એ એક ટીપું ઢોળાય તો અસંખ્યાતા જીવોની હિંસા થાય છે માટે પાણીનો ટીપાભાર જેટલો પણ ખોટો વ્યય ન કરવો જોઈએ. જેથી પાણીની તંગી પણ ઊભી નહિ થાય અને પાણી માટે યુદ્ધ પણ નહિ થાય.

આની પાછળ દૂરદ્રષ્ટિ પણ રહેલી છે કે આ સૃષ્ટિની સમગ્ર સંપત્તિ સહિયારી છે. કોઈ એક વ્યક્તિ માટે નથી જ. કોઈ આ પ્રાકૃતિક સંપત્તિનો બેફામ દુરુપયોગ કરે એ એની ગેરસમજણ છે. એ ગેરવ્યાજબી પણ છે.

વિશ્વની પ્રાચીન સભ્યતા તેમજ સંસ્કૃતિરૂપ ગણાતા ભારતદેશના દિવ્ય મહર્ષિઓએ પ્રકૃતિની રક્ષા માટે પૃથ્વી-પાણી-વાયુ-અગ્નિ વગેરે માટે મંત્રો બનાવીને પર્યાવરણના રક્ષાની દીર્ઘદ્રષ્ટિ ખીલવી હતી. પરંતુ જૈનદર્શન પ્રમાણે તો પૃથ્વી વગેરે સજીવ છે. ચેતનાવંત છે માટે તેનો બેફામ ઉપભોગ કરવાથી એ જીવોની વિરાધના કે હિંસા થાય છે. માટે જીવદયાના પાલન પર ભારત મૂકીને પર્યાવરણ - પ્રદૂષણની સમસ્યા ઉકેલી દીધી છે.

સચરાચર વિશ્વના આપણે પણ એક અંશ માત્ર છીએ જેમ આપણે જીવવા ઈચ્છીએ છીએ એમ બધા જીવવા ઈચ્છે છે માટે 'જીવો અને જીવવા દો' સૂત્રનું પાલન કરીએ જેથી પર્યાવરણની રક્ષા પણ થઈ જશે. આ જ જીવદયા પાલનનું હાર્દ છે.

આ ઉપરાંત આપણી જીવશૈલી હોવી જોઈએ જેમાં શોખ પોષવા માટે હિંસા કરીને મેળવાતી ચામડાની બેગો, ચંપલો, બેલ્ટ, પર્સ વગેરે, ફરના વસ્ત્રો, હાથીદાંતની વસ્તુઓ, સાપની ચામડીની પર્સ-બેલ્ટ વગેરે તેમજ રેશમના કીડા મારીને બનાવાતા રેશમી વસ્ત્રો વગેરેનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ. પૂજા માટેના વસ્ત્રો રેશમના ન જ હોવા જોઈએ. ક્યારેક શ્રીમંતવર્ગ ખાસ પૂજા માટે જ રેશમના વસ્ત્રો ખરીદે છે જે બિલ્કુલ ઈચ્છનીય નથી. રેશમનો જ શોખ હોય તો હવે કૃત્રિમ (આર્ટીફિશિયલ) રેશમના વસ્ત્રો પણ મળે છે તે લઈ શકાય. મુંબઈમાં 'ઘાટકોપર ક્લોથ સ્ટોર' વાળા અહિંસક જીવનશૈલી માટે વસ્ત્રો પણ રેશમના નથી વહેંચતા. એમને આર્ટીફિશિયલ રેશમના સાડી શેલા વગેરે મળે છે. તેમજ બ્યુટી વિધાઉટ ક્રૂએલ્ટીના સ્ટોર હોય ત્યાં હિંસા કર્યા વગર મેળવેલા રેશમના વસ્ત્રો મળે છે. જો કે પૂજા માટે તો સુતરાઉ વસ્ત્રો ધારણ કરવા જોઈએ.

દવા અને પ્રસાધનો પણ અહિંસક રીતે બનેલા હોય તે જ વાપરવા જોઈએ. ટૂથપેસ્ટ વગેરેમાં પણ હાડકાના પાવડર કે એ પ્રકારના અભક્ષ્ય પદાર્થો વપરાતા હોય છે. માટે દાંતણ શ્રેષ્ઠ પર્યાય છે. કેક, ચોકલેટ, બિસ્કીટ વગેરે જેમાં ઈંડા વપરાતા હોય તે ત્યાજ્ય છે. આ ઉપરાંત ૨૨ અભક્ષ્ય પદાર્થો વાપરવાના નથી.

જૈનો માંસાહારનો તો સ્વપ્નામાં પણ વિચાર ન કરે. મનુષ્યના નખ, દાંત, જડબા, જઠર એવા નતી જેવા માંસાહારી પ્રાણીઓના હોય છે. માટે માંસાહાર ન કરવો જોઈએ. વિજ્ઞાનથી અણુબોંબ જેવા સાધનો બનાવવાથી હિંસા વધી છે. પરંતુ એ જ વિજ્ઞાનનો ઉપયોગ કરીને અનાજનું ઉત્પાદન વધારવાથી અનાજ સસ્તું થતા માંસાહાર ઘટી શકે છે.

આમ અહિંસક જીવનશૈલી માટે ઘણું લખી શકાય પણ વિસ્તારભયથી આટલું બસ. જેમ સવારે ઉઠીને જયણાથી ઉઠીને કાર્યની શરૂઆત થાય પછી આખો દિવસ ઓછામાં ઓછી હિંસાથી જીવનનિર્વાહ કરીને અંતે રાત્રિભોજન ત્યાગ પર અત્યંત ભાર મૂકવામાં આવ્યો છે. એમાં પણ મુખ્ય હેતું જીવદયા પાલનનો જ છે. સૂર્યાસ્ત બાદ કેટલાક નિશાચર સૂક્ષ્મ જંતુઓ ચારેકોર ઉડાઉડ ચાલુ કરી દે છે. ફ્લડલાઈટમાં પણ એ સૂક્ષ્મ જીવો દેખાતા નથી.

માટે ડૉક્ટરો પણ મેઝર ઓપરેશનમાં ડે-લાઈટની અપેક્ષા રાખે છે. રાત્રે તૈયાર થયેલી તાજી રસોઈ પર પણ સેંકડો સૂક્ષ્મ કીટાણુઓ અડ્ડો જમાવી દે છે. માટે રાત્રિભોજન ત્યાજ્ય છે.

આમ વિવિધ પ્રકારે જીવદયાનું પાલન કરે એ શ્રાવકવર્ગ શ્રેષ્ઠ છે. છતાંય શ્રાવકની અહિંસા સાધુની અપેક્ષાએ ખૂબજ ઓછી છે. સાધુજી ૨૦ વસા દયા પાળે છે જ્યારે શ્રાવક સવા વસો જ દયા પાળે છે. એવું પ્રાચીન ગ્રંથોમાં કહ્યું છે. (વસા ઈ ત્યાગ. ૨૦ ભાગની સામે સવા ભાગ)

जीवा सुहुमाथू, संकप्पा आरम्भा भवे दुविहा।

सावराहा निरवराहा सविखा चेव निरिविखा।।

અર્થાત્ (૧) સૂક્ષ્મ જીવ (૨) સ્થૂળ જીવ (૩) સંકલ્પ (૪) આરંભ (૫) સાપરાધ (૬) નિરપરાધ (૭) સાપેક્ષ અને નિરપેક્ષ હિંસા એ આઠ પ્રકારની હિંસા છે. શ્રાવક આમાંથી ૨, ૩, ૬, ૮ ચાર પ્રકારની હિંસાનો ત્યાગ કરી શકે છે. બાકીની ચારનો નહિ. એના પર વિચારણા કરતા ખ્યાલ આવે છે કે સાધુજી ત્રસ સ્થાવર બંનેની દયા પાળે છે. શ્રાવકથી સ્થાવરની દયા પાળવી દુષ્કર હોવાથી ૨૦ વસામાંથી ૧૦ વસા ઓછા થઈ ગયા. સાધુજીને સંકલ્પ અને આરંભ બંને પ્રકારની હિંસાનો ત્યાગ હોય છે. શ્રાવક સંકલ્પથી તો ત્રસ જીવની હિંસાનો ત્યાગી હોય પરંતુ આરંભી હિંસા થઈ જાય છે માટે ૧૦માંથી ૫ વસા ઓછા થઈ ગયા. સાધુ તો સઅપરાધી-નિરપરાધી હિંસાનો ત્યાગ હોય છે જ્યારે શ્રાવકને નિરપરાધીને હણવાનો ત્યાગ હોય છે પણ પોતાની રક્ષા આદિ માટે સપરાધીની હિંસા કરે છે માટે ૫ માંથી અઢી વસા રહ્યા. અને સાધુને સાપેક્ષ નિરપેક્ષ બંને હિંસાનો ત્યાગ છે પણ શ્રાવક નિરપેક્ષ હિંસાનો તો ત્યાગ હોય પણ સાપેક્ષ એટલે કારણવશાત્ હિંસા સર્વથા ત્યાગી શકતા નથી માટે અઢીમાંથી સવા વસા જતા રહ્યા અને બચ્યા સવા વસા. માટે શ્રાવક સવા વસા જ દયા પાળી શકે છે. એટલી જીવદયા પાળે તો પણ એનું જીવન ઉત્કૃષ્ટ બને છે અને મોક્ષગામી બને છે. ❑❑❑

સંપર્ક : ૯૮૨૧૦૫૦૫૨૭

**પ્રાંસગિક** - જેની લોકો ઉત્સુકતાપૂર્વક રાહ જોતા હતા તે પુસ્તક **પ્રશ્નોત્તર રત્નમાલા ભાગ-૨**, તારીખ ૨૦ એપ્રિલના રોજ બહાર પડ્યું છે. આ પુસ્તક વિમોચનનો કાર્યક્રમ દામોદરવાડી ખાતે અનેક જૈન ધર્મના નામાંકિત લોકોની હાજરીમાં આયોજિત કરાયો હતો. પુસ્તકનાં લેખિકા સુબોધીબેને કહ્યું કે, 'આ પુસ્તક લોકોને જૈન ધર્મની સમજ અને તત્ત્વની જાણકારી આપે તે હેતુથી રચાયું છે. નાનપણમાં તેમને જ્યારે કોઈ વાતનું કુતૂહલ થતું ત્યારે તેમને તેનો યોગ્ય જવાબ મળતો નહિ. આ બાબતથી પ્રેરિત થઈ તેમણે સવાલ-જવાબરૂપે આ પુસ્તક બહાર પાડ્યું. આ પુસ્તકના પ્રથમ ભાગની આજ સુધી ૧૧,૦૦૦ કોપી બહાર પડી છે અને લોકોમાં ખૂબ જ માગ છે. જે બાબત દર્શાવે છે કે લોકોને જાણવામાં રસ પડે છે, જો કોઈ સરળ શબ્દોમાં સમજાવે. આ બીજું પુસ્તક હવે તાત્વિક માહિતી વધુ આપે છે. આ પ્રસંગે **અનોપચંદભાઈએ** કહ્યું હતું કે સુબોધીબેનનું આ જ્ઞાન તાપ આપણને ખૂબ ઉપયોગી છે, આવા સરળ અને સાદગીભર્યા જ્ઞાની આપણી વચ્ચે છે તે જ આપણા સદનસીબ છે. આ પ્રસંગે હાજર **બિપીન દોશીએ** પણ ગૌતમ અને મહાવીરના પ્રશ્ન-ઉત્તરને યાદ કર્યા હતા અને કહ્યું કે આગમનો સાર અહીંથી મળે છે. પુસ્તકના ગુજરાતી વર્ઝનનું વિમોચન **સેજલ શાહે** કર્યું હતું અને કહ્યું હતું કે આત્મના સુખની ચાવી અહીં છે, આપણે અનેક ભ્રમણમાં જીવીએ છીએ, જૈન ધર્મનો મૂળ વિચાર આ પુસ્તકમાં છે.

આ પુસ્તક ગુજરાતી અને હિંદી બન્ને ભાષામાં પ્રગટ થયું છે. જેઓને રસ હોય તેઓ આ પુસ્તક નીચેના નંબર પર કોન્ટેક્ટ કરીને મેળવી શકે છે. આ પુસ્તક ફ્રી માં છે. એક ફેમિલી દીઠ, એક લેવું જેથી વધુમાં વધુ લોકો લાભ મેળવી શકે.

(૧) સુબોધી મસાલિયા, કાંદિવલી - ૮૮૫૦૦૮૮૫૬૭, ૯૮૯૨૧૬૩૬૦૯

(૨) ડૉ. સુધીરભાઈ, મલબારહિલ -૨૩૬૯૯૭૦, ૯૮૨૦૨૮૦૨૯૫

(૩) બાબુભાઈ પારેખ, પાર્લા - ૨૬૧૭૬૭૯૪, ૯૮૭૦૯૮૬૦૨૦, ૯૮૯૨૨૧૩૨૦૬

(૪) મીનાબેન દસરડા, બોરીવલી - ૨૮૯૧૮૩૫૦, ૯૮૨૧૧૧૬૨૫૦

(૫) મુંબઈ જૈન યુવક સંઘની ઓફિસ - ૨૩૮૨૦૨૯૬, ૯૧૩૭૭૨૭૧૦૯

(૬) હિતેશ સંઘવી, અમદાવાદ- ૯૪૨૯૪૬૧૫૯૪, ૮૩૨૦૬૪૧૪૬૧

# અહિંસા : નહિ તો મહાવિનાશ

**કાકુલાલ મહેતા**

***પરિચય : કાકુલાલ મહેતા ફાર્મસીના વેપાર સાથે જોડાયેલા હતા. સામાજિક સેવાના કાર્યોમાં મુખ્યત્વે તેમને રસ પડે છે અને કરે છે. આસામ ગુજરાત બ્લડ બેંકના સ્થાપક અને ટ્રસ્ટી હતા જે નોર્થ ઇસ્ટ ભારતમાં પ્રથમ વોલન્ટરી બ્લડ બેન્ક હતી. તેમને અનેક લેખો સમાજ, અર્થશાસ્ત્ર, રાજકારણ વિષયક લખ્યા છે. જૈન સિદ્ધાંતો જીવનમાં કઈ રીતે ઉપયોગી બને , તે અંગે કાર્ય કરે છે.***

**અ**વિશ્વાસ, અશાંતિ, હિંસા, અનિશ્ચિતતા, આતંકવાદ, કાયદા-કાનૂની લાચારી, જીવનનિર્વાહના પ્રશ્નો, મોંઘવારી. આવકના સાધનોનો અભાવ. ખેડૂતોની આત્મહત્યાઓ. એક તરફ દેવાના ડુંગર અને બીજી બાજુએ નાણાના ભરપૂર ભંડાર છતા બિનઉપયોગી તિજોરીમાં ભરી રાખવાના? નેતાઓનો વિવેકહીણ નર્યો નકારાત્મક બકવાસ? આવા આ નેતાઓની પ્રજાના પ્રતિનિધિ બનવાની લાયકાત? કેટલો અને કેવો વિરોધાભાસ? આવા પ્રતિનિધિઓને સત્ય દેખાતું નથી કે પછી જોવું જ નથી? આવા નેતા કેવળ સત્તા અને સંપત્તિના ભૂખ્યા દેશનું કે પ્રજાનું શું ભલું કરી શકવાના? મતદાતાઓ વિચારે અને સ્વયં નિર્ણય કરે એ જ હિતાવહ છે.

ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. શા માટે એ એક અત્યંત ગંભીર વિચારણાનો પ્રશ્ન છે. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનને પ્રશ્ન પૂછવામાં આવેલો કે : ત્રીજું વિશ્વયુદ્ધ કેવા હથિયારોથી લડાશે? જવાબ હતો ત્રીજાની તો ખબર નથી પણ ચોથું યુદ્ધ પથ્થરના હથિયારોથી લડાશે. આ છે ભવિષ્યવાણી. ત્રીજું વિશ્વયુદ્ધ એટલે સર્વનાશ સમજવાનું. ક્યાં સુધી હજારો એટમ બોમ્બને સાચવી રાખશો અને વિકસાવતા રહેશો? કોઈ ખાતરી છે કે અકસ્માત ક્યારેય નહીં થાય? થયા છે એ તો આપણે જાણીએ છીએ. બીજા વિશ્વયુદ્ધનો અંત ફક્ત બે બોમ્બથી થયો. પછીથી આજ સુધીમાં આઠ-દશ દેશો પાસે એટમ બોમ્બ છે. એટમ બોમ્બને એક ડરામણી શક્તિ માનવામાં આવતી હતી એવો વિશ્વાસ આજ છે ખરો? એટમ બોમ્બ ઉપર કબજો કરવાનો તાલિબાનો અને એવા બીજા આતંકવાદી દળો પ્રયત્નો કરી રહ્યા છે. વિશ્વભરની પ્રજા સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફ આશાથી નિહાળી રહી છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)ની રચના બીજા વિશ્વયુદ્ધ પછી, યુદ્ધમાં થયેલી ભારે આર્થિક ખુવારીને ઓળંગી ફરીથી વિકાસના માર્ગે આગળ વધવા અને શાંતિ સ્થાપવાના આશયથી કરવામાં આવેલ. આમ છતા જે પાંચ મિત્ર રાજ્યો સાથે મળ્યા હતા એ યુદ્ધ પહેલા મિત્રો ન હતા એટલે યુદ્ધના અંતે અવિશ્વાસ હતો એથી યુનોના ચાર્ટમાં પાંચે રાજ્યો મળીને એક શરત એવી મૂકેલી કે પાંચમાંથી કોઈ એકને પણ કોઈ નિર્ણય મંજૂર ન હોય તો તે વિટો પાવર વાપરી શકે અને યુનો એ નિર્ણય કરી ન શકે. આજે એક જ રાજ્યની એક જ વ્યક્તિ વિરોધ કરે તો યુનો એ લાચાર રહીને નિષ્ક્રિય બની રહેવું પડે. ૧૯૩ સભ્યોની બનેલી યુનો જો લાચાર જ હોય તો બાકીના ૧૮૮ સભ્યોએ સાથે મળીને નવી વ્યવસ્થા ઉભી કરવી જ જોઈએ જેથી કઠીન સંજોગોમાં પણ નવી દિશામાં પગલા પાડી શકે. બહેતર એ છે કે 'વિટો પાવર' દૂર કરવામાં આવે.

ઓક્સ્ફામે થોડા સમય પહેલા બહાર પાડેલા અહેવાલ મુજબ દેશની ૭૩ ટકા સંપત્તિ માત્ર ૧ ટકા ધનવાન લોકોના હાથમાં છે જ્યારે બાકીના ૫૦ ટકા લોકો પાસે માત્ર ૧ ટકા સંપત્તિ છે. આટલો મોટો તફાવત શાથી એવો પ્રશ્ન ઊઠે એ સ્વાભાવિક છે. એક વાત નિશ્ચિત છે કે અન્યના વધુ પડતા શોષણ વગર એ સંભવિત નથી. પરિણામે વહેલે કે મોડે લોહીયાળ ક્રાંતિ જાગશે અને યુદ્ધ જેવી જ તારાજી ઉદ્ભવશે.

મારી પાસે એક સાત પાનાનો અંગ્રેજીમાં લેખ છે. ભાષાંતર માટે મને શ્રી ધનવંતભાઈ તરફથી ૨૦૧૧માં મળેલ. લેખકનું નામ નથી, પુસ્તકનું નામ નથી, દશ પ્રકરણનું છે એનો સાર લેખમાં છે. શરૂઆતમાં અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી જોહન એફ કેનેડીનું મંતવ્ય છે : ''અમારા લાખો નાગરિકોની અત્યંત મોટી રકમના સ્વેચ્છાએ અને મફત દાન આપવાની વૃત્તિ એ અમારી જૂની પરંપરા છે પછી ભલે તમે એને તત્ત્વજ્ઞાન કહો, સંસ્કાર કહો કે દાન કહો આ એક અમેરિકન સંસ્કૃતિ છે. એમ કહેવું કે યુનાઈટેડ સ્ટેટ્સ અમેરિકન મૂડીવાદને બચાવે છે એ કદાચ વધારે પડતું લાગે. એ અહીં જે રીતે કામ કરે છે એ રીતે બીજે ક્યાંય નથી થતું. અમેરિકન નાગરિકોની આ તત્ત્વજ્ઞાન કે દાનવૃત્તિએ છેલ્લા બસો વર્ષોમાં એવું વાતાવરણ સર્જ્યું છે કે પ્રજાશાહીને નુકશાન કર્યા વગર મૂડીવાદને વિકાસ સાધ્યો છે. આ વાત સ્વીકાર્ય છે. આપણી સ્વતંત્રતાની લડાઈમાં એમનો સાથ હતો. અન્ય પ્રસંગોએ પણ સાથ મળ્યો છે. છતાં એમ માનવું કે વિશાળ ઉદ્યોગવાદને કારણે અને ભારતની ગુલામીને કારણે કાચો સામાન સસ્તામાં મળવાને કારણે ભારત અને બીજા દેશોએ શોષણના ભોગ બનવું પડ્યું છે. એ વિના એટલો મૂડીવાદનો વિકાસ થયો ન હોત. એથી જ તો મૂડીવાદનો વિરોધ બીજે બધે રહ્યો છે. આજે પણ વિશ્વના અનેક દેશો ભોગ બની રહ્યા છે. પરંતુ પરિસ્થિતિમાં બદલાવ આવી રહ્યો છે. હરીફાઈમાં ભારત સહિત ઘણા દેશો

આગળ વધી રહ્યા છે. સહયોગનું સંધાન કરવું પડશે. સંયુક્ત રઅષ્ટ્ર સંઘ દ્વારા જે વ્યવસ્થા કરવામાં આવી હતી એમાં મિત્ર રાજ્યોનો સ્વાર્થ હતો પણ વિશ્વાસ નહોતો એટલે વિટો પાવરની શરત રાખેલી જે હવે ટકી નહિ શકે. વિશ્વને સંહારમાંથી બચાવવું હોય તો નવેસરથી વિચારવું પડશે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ લાચારી અનુભવી રહેલ છે. સમયસર પરિવર્તન કરવામાં નિષ્ફળ જાય તો લીગ ઓફ નેશન્સ જેવી હાલત થઈ શકે અને યુદ્ધ અનિવાર્ય પણ બને.

વિશ્વના નેતાઓ ચિંતિત પણ છે. પરિસ્થિતિની ગંભીરતા નજરમાં છે. ગાંધીજીની અહિંસાની વાત સમજાય છે એટલે તો ચાલુ વર્ષને બીજી ઓક્ટોબર સુધી અહિંસાવર્ષ તરીકે જાહેર કરી છે. પરંતુ દરેક દેશને પોતાનો સ્વાર્થ જાળવી રાખવાની ચિંતા છે એટલું જ નહિ પણ આવક વધારવાના કોડ છે. પરંતુ સમય કોઈની રાહ નથી જોતો. સમયસર જરૂરી પરિવર્તન ન આવે તો પરિણામ ભોગવવા સિવાય છૂટો નથી રહેવાનો.

છવીસ સદી પહેલા મહાવીરે કહેલું કે ધનની મર્યાદિત જરૂરત જેટલું રાખો અને બાકીનું અન્યના લાભાર્થે વાપરો. મહાવીરના સમયમાં, સંભવતઃ એક કરોડની વસતિમાં પાંચ લાખ શ્રાવકો એવા હતા જેમણે મર્યાદિત પરિગ્રહની પ્રતિજ્ઞા લીધેલી જેમાં એક વર્ષની જરૂરત જેટલી મૂડી રાખીને બાકીની રકમ એ સમયની આવશ્યકતા મુજબ વાવ, કૂવા, પરબ, ધર્મશાળાઓ, શિક્ષણ સંસ્થાઓ અને મંદિરો બાંધવામાં આવતા. મંદિરો બનાવનારા દિવસ દરમ્યાન કેટલું કામ કરે છે એ ન જોવાતું, ન મપાતું. ફક્ત એક જ આદેશ મંદિર સર્વશ્રેષ્ઠ બને. કારીગરોને જ્યારે અને જે જરૂરત હોય તે પૂરી પાડવામાં આવતી. આજે પણ એવા અદ્ભૂત સ્થાપત્યો એની સાક્ષી પૂરે છે. કોઈ અપેક્ષા નહિ. કોઈ વ્યવસાયિક કેન્સરની દવા શોધે, ૨૫ કરોડની દવા મફત આપે પણ પછી વધારાની દવા એના પોતાના ભાવે જ આપે તો એમાં શોષણ સમાયેલું છે. તદ્દન નિરપેક્ષભાવી દાન દેવાનું ભારતમાં સહજ છે જેનો ઉલ્લેખ અહિ ઉપર કરેલ છે. આ પ્રથા પણ ચાલુ છે જ.

યુનોએ બીજી ઓક્ટોબર ૨૦૧૯માં પૂરા થતા સંપૂર્ણ વર્ષને 'અહિંસા વર્ષ' મનાવવાનું નક્કી કરેલ છે તો અહિંસાની વ્યાખ્યા સમજી લઈએ. ''અહિંસામાં મુખ્ય ત્રણ ભાવ સમાયેલા છેઃ પ્રેમ, ક્ષમા અને કરૂણા. પ્રેમ એટલે અન્યના હિત માટે સમર્પિત જીવન જેમાં મનુસ્યેતર જીવસૃષ્ટિ પણ સમાવેશ હોય. ક્ષમા એટલે કોઈએ પણ વ્યક્તિએ જાણતા કે અજાણતા, મન - વચન કે કાયાથી કોઈને પણ દુઃખ આપ્યું હોય તો પણ એમના પ્રતિ કોઈપણ જાતનો દુર્ભાવ પોતાના મનમાં ન જાગે એટલું જાગૃત રહેવું અને એ જ વ્યક્તિ પરત્વે બીજા કોઈને દુશ્મનાવટ હોય તો એને પણ મન - વચન કે કાયાથી અનુમોદન પણ ન આપવું એનું નામ ક્ષમા. અને કોઈપણ વ્યક્તિ અનુચિત વર્તન કરે અને સમજાવતા છતાં ન માને તો એમના પ્રતિ કેવળ કરૂણાનો ભાવ.''

આ વિશ્વમાં આવી અહિંસાનું સ્થાપન કરોડો વર્ષથી જૈન ધર્મે કર્યું છે. આવી અહિંસા જ મનુષ્યને અલૌકિક જ્ઞાન, પ્રેમ અને આનંદમય બનાવે... કોઈ અપેક્ષા ન રહે. જૈન આને મોક્ષ કહે છે, જીવન-મરણથી મુક્ત દશા. વિશ્વને તારવા-બચાવવાની શક્તિ અહિંસામાં રહેલી છે. જૈનોનું એ કર્તવ્ય છે કે આવા દુઃખદ કાળમાં શક્ય એટલો જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કરે અને વર્તન દ્વારા પ્રભાવિત કરે. તો ચાલો આપણે નિશ્ચયપૂર્વક પ્રવૃત્ત બનીએ, આગળ વધીએ સહુ સાથે મળીને.

❑❑❑

૧૭૦૪, ગ્રીન રીજ ટૉવર II,૧૨૦, લિંક રોડ, ચિકૂવાડી,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૦૨
સંપર્ક : ૦૨૨ ૨૮૯૮૮૮૭૮/Email:kcm1927@yahoo.co.in

## પથ્થર પર પાણી જેવું લાગે તોપણ....

જગતના સર્વશ્રેષ્ઠ માણસના પ્રતિનિધિરૂપ માણસોએ અહિંસાની ભાવના જીવનમાં ઉતારી નહીં હોય તો તેમને આ લૂંટફાટનો સામનો આજ સુધી ચાલતી આવેલી રીતે કરવો પડશે પણ એ પરથી એટલું જ દેખાઈ આવશે કે આપણે જંગલી જીવનથી બહુ આગળ વધ્યા નથી. ઈશ્વરે આપણને જે વારસો આપ્યો છે તેની પિછાણ અને કદર કરતાં શીખ્યા નથી અને ૧૯૦૦ વરસના જૂના ખ્રિસ્તી ધર્મનું, એથીય જૂના હિંદુ અને બૌદ્ધ ધર્મનું અને ઈસ્લામનું પણ(જો હું એના સિદ્ધાંતને ખરો સમજ્યો હોઉં તો) શિક્ષણ પામ્યા છતાં આપણે મનુષ્ય તરીકે ઝાઝી પ્રગતિ કરી નથી. જોકે જેઓ અહિંસાને માનતા નથી તેઓ પશુબળનો ઉપયોગ કરે એ હું સમજી શકું,પણ જેઓ અહિંસાને માને છે તેમણે તો પોતાની બધી શક્તિ અંગત આચરણ વડે એમ બતાવી આપવામાં જ હોમવી જોઈએ કે આવી લૂંટફાટનો સામનો પણ અહિંસાથી જ કરવો રહ્યો. કેમ કે પશુબળ ગમે તેટલું સકારણ વાપરવામાં આવ્યું હોય તોપણ તે અંતે તો આપણને હિટલર અને મુસોલિનીના પશુબળની પેઠે એવા જ ખાડામાં લઈ જઈને નાખવાનું. એ બેમાં કંઈક ઓછાવત્તાનો ફરક હશે એટલું જ. તમે ને હું જે અહિંસા પર આસ્થા ધરાવીએ છીએ તેમણે અણીની ઘડીએ એનો ઉપયોગ કરવો જોઈએ. થોડી વાર તો પથ્થર પર પાણી જેવું લાગે તોપણ આખરે સોનેરી ટોળીવાળા લૂંટારાના દિલ પર આપણે અસર પાડીશું એવી આશા આપણે કદી છોડવી ન જોઈએ.

ગાંધીજી [હરિજનબંધુ૨૫-૧૨-૩૮,વિશ્વશાંતિનો અહિંસક માર્ગ] નવજીવન ઑક્ટોબર-નવેમ્બર ૨૦૧૮માંથી સાભાર

# અહિંસા-નદીના કિનારે જ ધર્મવૃક્ષ વીકસી શકે...

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**

**અ**હિંસાના પાયા પર પ્રતિષ્ઠિત 'જૈન ધર્મ' અને 'મહાપર્વ પર્યુષણ' બંને જગતભરમાં જાણીતા છે. પર્યુષણના દિવસોમાં જેનો મહિમા મહોરી ઉઠે છે, એવા 'કલ્પ સૂત્ર' નામના આગમ-ગ્રંથમાં એક શ્લોક નીચે મુજબ આવે છે.

दया नदी महातीरे, सर्वे धर्माः तृणांकुराः ।
तस्यां शोषमुपेतायां कियन्नन्दन्ति ते चिरम् ।।

આ શ્લોકનો ભાવાર્થ એવો થાય છે કે, દયા-અહિંસા નામની નદીના કિનારે બધા ધર્મો તૃણના અંકુરા રુપે ફાલ્યા ફૂલ્યા છે. જો નદીના જળ જ સૂકાઈ જાય, તો તૃણાંકુર સમા એ ધર્મો કયાં સુધી વિકસ્વર રહી શકે?

સમગ્ર વિશ્વમાં પુણ્ય-પાપ-પરલોક-મોક્ષ આદિ તત્ત્વોના પાયા પર પ્રતિષ્ઠિત જેટલા પણ ધર્મો જોવા મળતા હોય, એ તમામ ધર્મોની જન્મદાત્રી માતા અહિંસા-ગંગા છે : એથી જ ધર્મોને એક સાંકળે સાંકળનારી જો કોઈ મહાશક્તિ હોય, તો તે દયા-અહિંસા છે. પુણ્ય-પાપ-પરલોક આદિ તત્ત્વોની માન્યતાના વિષયમાં દરેક-ધર્મનું મંતવ્ય હજી અલગ અલગ હોઈ શકે, પણ દયા-અહિંસાની વાત આવે, ત્યાં બધા ધર્મો સમસ્વરે 'અહિંસા પરમો ધર્મ'ની આલબેલ પોકારતા હોય છે. માટે માણસ માત્રે ધર્મના નામે નાની મોટી કોઈપણ પ્રવૃત્તિ કરતી વખતે એટલો વિચાર કરવો જ જોઈએ કે, આમાં દયા-ધર્મને તો હાનિ પહોંચતી નથી ને? બધા જ ધર્મો દાય-નદીના કિનારે કિનારે ઉગેલા તૃણ-અંકુર-વેલ-ફૂલ-ફળ જેવા છે. માટે ધર્મને વિકસ્વર રાખવા હોય, તો દયાનદીના જળ ખળખળ વહેતાં રહે, એવી વૃત્તિ-પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું જોઈએ.

આવી પરમ-પવિત્ર અહિંસા-ગંગાની સામે જ આજે ચારે બાજુથી આક્રમણ દિવસે દિવસે વધુને વધુ ઘેરું બની રહ્યું છે, 'કલ્પસૂત્ર-શાસ્ત્ર'ના આ શ્લોકનો એવો ઉદ્‌ઘોષ ગગનવ્યાપી બનાવવાની જરુર છે કે, જો અહિંસાને જ અનેકવિધ આક્રમણો દ્વારા અધમૂઈ-દુબળી બનાવી દેવામાં આવશે, તો પછી ધર્મ-વૃક્ષ તો ક્યાંથી ફાલી ફુલી શકશે? કારણ કે ધર્મવૃક્ષને ફાલ્યું-ફૂલ્યું રાખનારું મૂળિયા સમું મહત્ત્વનું તત્ત્વ તો અહિંસા જ છે.

❑❑❑

## હું કૃતજ્ઞ છું...

મેં ગાંધી વિશે પુસ્તક લખવાનું કદી વિચાર્યું ન હતું તો પણ હું જ્યારે અત્યારે આ છેડેથી જોઉં છું ત્યારે હું અડધી સદીથી જે પણ કંઈ લખું છું તેમાં ગાંધીની અપરોક્ષ હાજરી સ્વીકાર્યા વિના રહી શકતો નથી. વિષય ઈસુની અહિંસાનો હોય ત્યારે પણ ગાંધી, મારા ઈસુ તરફ જવાના માર્ગમાં સાથે રહ્યા છે.

૧૯૫૦ના દાયકામાં હું સાન્તાક્લોસ યુનિવર્સિટીમાં ભણતો હતો ત્યારે મને ગાંધી મળ્યા હતા. હું સ્નાતક થયો ત્યારબાદ મારા લેખનનું કેન્દ્ર ઈસુનો અહિંસક ક્રોસ બન્યો અને ગાંધી જેને 'સત્યના પ્રયોગો' કહે છે, તેના દ્વારા હું ઈસુને સમજ્યો. સંશોધન લેખન, મારી પત્ની શેલી સાથે કરેલા અહિંસા ગાંધી અભિયાનો અને અનેક પ્રેરણાદાયક લોકો મારી પ્રયોગશાળા બન્યા. ગાંધી કહેતા, 'સત્ય એ જ ઈશ્વર છે.' અને ઈસુ કહેતા, 'ઈશ્વરનું રાજ્ય અહીં જ છે.' ઈશ્વરનું સામ્રાજ્ય આપણા હાથ પહોંચે એટલું જ દૂર, અથવા એટલું નજીક છે. ઈસુની પ્રાર્થનાઓનો અર્ક એક જ છે, 'સ્વર્ગમાં જે શક્ય છે તે તમામ આ પૃથ્વી પર પણ શક્ય છે.' આપણે હાથ અને પગથી પ્રાર્થના કરીએ, સત્યના પ્રયોગ કરીએ અને ધીરે ધીરે અહિંસા માટે શ્રદ્ધા કેળવીએ આ બધું - નાનું કે મોટું - ગાંધીના જ માર્ગ તરફ લઈ જનાર છે. એટલે મોહનદાસ, હું કૃતજ્ઞ છું કે તમે મને માર્ગ બતાવ્યો - આપણે જેને અંતઃકરણમાં ગહનપણે ધારણ કહી રહેલા છીએ એ સત્યના પ્રયોગો દ્વારા પરિવર્તનનો માર્ગ ચીંધવા બદલ આભાર.

- જેમ્સ ડબલ્યુ. ડગ્લાસ.

(ગાંધી એન્ડ ધ અનસ્પીકેબલ : હીઝ ફાઈનલ એક્સપેરીમેન્ટ ઓફ ટ્રુથ)

પુસ્તકની પ્રસ્તાવનામાંથી

# વર્તમાનમાં જૈન ધર્મ પ્રમાણે નૈતિક અને દયામય જીવન જીવવાની સરળ સમજ

પ્રવીણ કે. શાહ

અનુવાદક : પ.પૂ. આચાર્ય શ્રીવિજયનંદિઘોષસૂરિજી મહારાજ

***પરિચય : અમેરિકા સ્થિત છે. JAINA સંસ્થા સાથે જોડાયેલાં છે અને વિદેશની ભૂમિ પર યુવામાં ધર્મને ટકાવાની પ્રવૃતિ કરે છે. હાલમાં તેઓ સંસ્થાના ચેરમેન છે.***

૧. જૈન ધર્મના નીતિ-નિયમો અને જીવદયા:

**શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના ઉપદેશના મુખ્ય હેતુ**

- અહિંસા અર્થાત્ જીવદયા એ પ્રત્યેક જીવની જિંદગી પ્રત્યેનું એક પ્રકારનું બહુમાન સન્માન છે.
- અપરિગ્રહ બિનજરૂરી ચીજોનો ત્યાગ અથવા પોતાની પાસે રહેલ ચીજો પ્રત્યેની અનાસક્તિ એ અન્ય જીવો તથા કુદરત અને પર્યાવરણ પ્રત્યેનું બહુમાન છે.
- અનેકાન્તવાદ (સ્યાદ્વાદ અથવા અનાગ્રહીપણું) એ અન્ય વ્યક્તિઓના દૃષ્ટિકોણનો સ્વીકાર છે કારણ કે સત્ય હંમેશા સાપેક્ષ હોય છે માટે તે બહુ-આયામી હોય છે.

**શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ નીચે પ્રમાણે કેટલાક મહત્ત્વના વિધાન કર્યા છે,જે શાશ્વત છે.**

- દરેક જીવ પરસ્પર એક બીજા ઉપર અનુગ્રહ-ઉપકાર કરનાર છેઅનેતેરીતેતેઓએકબીજા સાથે જોડાયેલ છે. અને આ તત્ત્વાર્થ સૂત્ર નામના પ્રાચીન શાસ્ત્રમાં ''परस्परोपग्रहो जीवानाम् - સૂત્ર સ્વરૂપે નિર્દિષ્ટ છે.
- જે વ્યક્તિ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના અસ્તિત્વનો સ્વીકાર કરતો નથી કે તેના પ્રત્યે આત્મવત્ ભાવ રાખતો નથી તે પોતાનાજ અસ્તિત્વના અસ્વીકાર સ્વરૂપ છે (આચારંગસૂત્ર).
- આપણે આપણા લોભ અને મૂર્ચ્છા/આસક્તિના કારણે જ આપણે બીજા જીવોને હેરાન કરીએ છીએ કે તેમની હિંસા કરીએ છીએ (શ્રાવકાચાર).

પ્રત્યેક જીવ એક બીજા સાથે સંબંધ ધરાવે છે માટે આપણને પ્રતીતિ થવી જોઈએ કે

**જો આપણે કોઈ એક જીવને દુઃખી કરીશું કે નુકશાન પહોંચાડીશું તો આપણે બધા જ જીવોને દુઃખી કરીએ છીએ કે નુકશાન કરીએ છીએ.**

વળી લોભ, પરિગ્રહ અને આસક્તિ એ બધા જ પ્રકારની હિંસાનું મૂળ છે તથા પર્યાવરણને અસમતોલ બનાવનાર છે.

આ પ્રાચીન શાસ્ત્રીય વિધાનો આધુનિક ઈકોલોજી અર્થાત્ વૈશ્વિક સામંજસ્યના વિજ્ઞાનનો પાયો છે અને તેના વચનોને આધુનિક રીતે તાજા કરી આપે છે.

શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીનું સમગ્ર જીવન દયામય અને કરુણામય હતું. કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ તેઓ ૩૦ વર્ષ સુધી પાદવિહાર કરી પૃથ્વી પર પરિભ્રમણ કર્યું અને સામાન્ય મનુષ્યને સાચી કરૂણાનો સંદેશ આપ્યો. તેઓએ સમગ્ર જીવન સંપૂર્ણપણે કુદરતની સાથે સંવાદપૂર્વક એટલે કે અનુકુળ રહીને પસાર કર્યું અને પર્યાવરણની સમતુલા જાળવી રાખી.

તેમણે ઉપદેશમાં જણાવ્યું કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જે આપણા પર્યાવરણના મૂળભૂત પાંચ તત્ત્વો ધરાવે છે તે વાસ્તવમાં સજીવ છે. તેઓને માત્ર એક જ ઈન્દ્રિય - સ્પર્શનેન્દ્રિય અર્થાત્ ત્વચા છે.

ચાર પગ ધરાવનાર પ્રાણીઓ અને બીજા કેટલાક જળચર, ખેચર અર્થાત્ પક્ષીઓ, સર્પ તથા નોળિયા, ગરોળી વગેરે તથા મનુષ્યો પાંચ ઈન્દ્રિય અને મન અર્થાત્ મગજ ધરાવે છે. પાંચ ઈન્દ્રિય આ પ્રમાણે છેઃ

૧. સ્પર્શન અર્થાત્ ચામડી, ૨. રસના અર્થાત્ જીભ, ૩. ઘ્રાણેન્દ્રિય અર્થાત્ નાક, ૪. ચક્ષુ અર્થાત્ આંખ અને ૫. શ્રોત્રેન્દ્રિય અર્થાત્ કાન.

મનુષ્યને વધારામાં અન્ય પ્રાણીઓ કરતાં વિશિષ્ટ વિકસિત મન મળ્યું છે, જે વિશેષ પ્રકારે વિચાર કરી શકે છે તે કુદરતના આશીર્વાદ છે. તે કારણે જ મનુષ્યની એ જવાબદારી થઈ જાય છે કે તેને અન્ય જીવો સાથે અને પર્યાવરણ સાથે **કરુણામય જીવન અને શિષ્ટ આચરણ અને વર્તન** દ્વારા એકાત્મતા અને સંવાદિતા સાધવી જોઈએ.

**૨. મનુષ્ય જીવન નિર્વાહ માટેની ઓછામાં ઓછી હિંસાની જૈન વ્યાખ્યા:**

સંપૂર્ણ અહિંસા અને સંપૂર્ણ અપરિગ્રહ સાથે જીવન જીવવું મનુષ્ય માટે શક્ય નથી. મનુષ્યને જીવવા માટે આહાર કરવો આવશ્યક છે અને તે વનસ્પતિજન્ય આહાર કરે છે જે જૈન દર્શન અનુસાર ખરેખર સજીવ છે. એ સિવાય મનુષ્યને પહેરવા માટે વસ્ત્ર અને રહેવા માટે મકાન પણ આવશ્યક છે. એ કારણથી **મનુષ્ય જીવન ટકાવવા માટે કેટલાક જીવોની હિંસા અને ન્યૂનતમ અર્થાત્ મર્યાદિત પરિગ્રહ પણ જરૂરી છે.**

જૈન દર્શનનું એ ધ્યેય છે કે ન્યૂનતમ હિંસા અને અન્ય જીવોને તથા પર્યાવરણને ન્યૂનતમ નુકશાન થાય તે રીતે મનુષ્યે જીવન જીવવું. ''જૈનદર્શન'' નામના ગ્રંથમાં મુનિશ્રી ન્યાયવિજયજીએ

જીવન ટકાવી રાખવા માટે આવશ્યક ન્યૂનતમ હિંસાની સ્પષ્ટ વ્યાખ્યા બતાવી માર્ગદર્શન આપેલ છે અને આ માર્ગદર્શન માત્ર શ્રાવક અને શ્રાવિકા વર્ગ માટે જ છે. જ્યારે સાધુ સાધ્વીએ સંપૂર્ણપણે અહિંસા અને અપરિગ્રહનું પાલન કરવું જોઈએ.

**ન્યૂનતમ હિંસાની જૈન વ્યાખ્યા:**

- જૈન દર્શન માને છે કે હિંસાની તરતમતા હિંસાનો ભોગ બનનાર જીવના જ્ઞાન ગુણના વિકાસ સાથે છે પણ તે જીવોની સંખ્યા ઉપર નથી. અને જીવના જ્ઞાન ગુણનો વિકાસ તેની ઈન્દ્રિયોના વિકાસના આધારે છે. અર્થાત્ વધુ ઈન્દ્રિયવાળા જીવોનો જ્ઞાન ગુણ ઓછા ઈન્દ્રિયવાળા જીવોના જ્ઞાન ગુણ કરતાં ઘણો જ વધારે વિકસિત હોય છે તેથી તે જીવોની હિંસાથી ઘણુ જ વધુ પાપ લાગે છે અને ઓછી ઈન્દ્રિયવાળા જીવોની હિંસાથી ઓછું પાપ લાગે છે.
- મનુષ્ય પંચેન્દ્રિય છે અને તેનું મગજ પણ ઘણું વિકસિત છે માટે આપણું જીવન ટકાવવા માટે જો બીજા મનુષ્યને સતાવવામાં, તેની હત્યા કરવામાં કે તેનું શોષણ કરવામાં, તેને ગુલામ બનાવવામાં કે બાળક પાસે મજૂરી કરાવવામાં આવે તો સૌથી વધારે પાપ લાગે છે અને તે ભયંકર હિંસા છે.
- ગાય, ભેંસ, ઘોડા, બળદ, કુતરા, બિલાડી વગેરે પ્રાણીઓ પંચેન્દ્રિય છે પરંતુ તેઓનું મગજ મનુષ્ય કરતાં ઓછુ વિકસિત હોવાથી આપણું જીવન ટકાવવા માટે, તેની હત્યા કરવામાં કે તેનું શોષણ કરવામાં, તેને ગુલામ બનાવવામાં કે તેની પાસે મજૂરી કરાવવામાં આવે તો મનુષ્ય કરતાં ઓછું પાપ લાગે છે પણ બીજા ઓછી ઈન્દ્રિયવાળા જીવોની હિંસા કરતાં અત્યંત ઘણું વધારે પાપ લાગે છે
- તે જ રીતે આપણું જીવન ટકાવવા માટે ચાર ઈન્દ્રિયવાળા, ત્રણ ઈન્દ્રિયવાળા, બે ઈન્દ્રિયવાળા જીવોની હત્યા કરવામાં કે તેનું શોષણ કરવામાં ઉત્તરોત્તર ઓછું પાપ લાગે છે.
- માનવ જીવન માત્ર એકેન્દ્રિય જીવો (શાકભાજી, ફળો, હવા, પાણી, પૃથ્વી, અગ્નિ વગેરે)ના ઉપયોગથી અર્થાત્ તેની હિંસાથી ટકાવી શકાય તેમ છે માટે જૈન દર્શનમાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય કે પંચેન્દ્રિય જીવોની (ત્રસ જીવોની) હિંસા કરવાનો સદંતર નિષેધ ઉપરના નિયમ પ્રમાણે કરેલ છે.

**ટૂંકમાં એમ કહી શકાય કે જીવન ટકાવવા માટે જો આપણે એક જ પંચેન્દ્રિય જીવની હત્યા કરીએ તો તેનું પાપ લાખો અને કરોડો એકેન્દ્રિય જીવોની હત્યાની સરખામણીમાં અત્યંત ઘણુ જ વધી જાય છે. આ જૈન દર્શનની ન્યૂનતમ હિંસાની વ્યાખ્યા છે.**

તેથી જૈન દર્શન ચુસ્ત શાકાહારની હિમાયત કરે છે અને આહાર માટે પ્રાણીઓનું સંવર્ધન કરવાનો કે તેઓને પીડા કે દુઃખ આપવાનો નૈતિક, આધ્યાત્મિક અને સાથે સાથે પર્યાવરણના કારણસર નિષેધ કરે છે.

આધુનિક વિજ્ઞાન પણ સ્વીકારે છે કે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય કે પંચેન્દ્રિય જીવોની હિંસા કરવાથી પર્યાવરણની સમતુલા ભયંકર હદે ખોરવાઈ જાય છે.

મુનિશ્રી ન્યાયવિજયજીના આ અંગેના મૂળ ગુજરાતી લેખ અને તેના હિન્દી તથા અંગ્રેજી અનુવાદ વાંચવા માટે અમારી વેબસાઈટની નીચેની લિંક ઉપર ક્લિક કરો.

ગુજરાતી લેખ - http://www.jainlibrary.org/book.php?file=2000278

હિન્દી લેખ - http://www.jainlibrary.org/book.php?file=200027

અંગ્રેજી લેખ - http://www.jainlibrary.org/book.php?file=200029

**૩. માતૃત્વનો કુદરતી વૈશ્વિક નિયમ:**

નીચે જણાવેલ માતૃત્વનો કુદરતી વૈશ્વિક નિયમ પ્રત્યેક માનવીય માતા તથા પ્રત્યેક પશુની માતા માટે એક સરખો જ મહત્ત્વપૂર્ણ અને સત્ય છે. તેમાં કોઈ જ વિકલ્પ નથી.

- માતા ચાહે તે માનવીય માતા હોય કે ગાય, ભેંસ વગેરે કોઈપણ પશુની માતા હોય તે હંમેશા પોતાના બાળક કે વાછરડા માટે જ અને બાળક કે વાછરડાના જન્મ બાદ જ દૂધ પેદા કરે છે. તેની પહેલા કોઈ સ્ત્રી કે ગાય દૂધ પેદા ન કરી શકે.
- કુદરતી નિયમ અનુસાર જે રીતે માનવીય માતા પોતાના બાળક પૂરતું જ દૂધ પેદા કરે છે તે રીતે ગાય, ભેંસ વગેરે પ્રાણી પોતાના વાછરડા માટે જરૂરી હોય તેટલું જ દૂધ પેદા કરે છે.
- જે પ્રમાણે માનવીય માતા, બાળક જ્યારે અમુક ઉંમરનું થાય ત્યાર પછી ધીમે ધીમે દૂધ ઉત્પન્ન કરવાનું બંધ કરી દે છે તેમ ગાય પણ વાછરડું જ્યારે અમુક ઉંમરનુ થાય ત્યારે ધીમે ધીમે દૂધ ઉત્પન્ન કરવાનું બંધ કરી દે છે.

આમ કુદરતી નિયમ પ્રમાણે ગાય કે ભેંસને પોતાના વાછરડા માટે આવશ્યક દૂધ કરતાં વધુ દૂધ પેદા કરવાની કોઈ વ્યવસ્થા કુદરતે કરી નથી.

**અપવાદ:**

૧. ગાય માતાના દૂધ ઉપર જ નભવાની વાછરડાની ઉંમર સુધીમાં, જો ગાય કે ભેંસ માંદી પડે તો તે વાછરડા માટે જરૂરી દૂધ કરતાં ઓછું દૂધ પેદા કરે છે. આવા સંજોગોમાં વાછરડાના યોગ્ય વિકાસ માટે અન્ય પ્રકારના વૈકલ્પિક દૂધની કે દૂધની બનાવટોની જરૂર ઊભી થાય છે.

૨. સ્તનપાનની ઉંમર દરમ્યાન કદાચ જો વાછરડું બિમાર પડે તો જ તે વાછરડું ઓછુ દૂધ પીએ છે. આવા સંજોગોમાં;

તે ગાય કે ભેંસના આંચળમાંથી જે વધારાનું દૂધ હોય છે તે દૂધને આપણે દોહી લેવું જરૂરી છે. જો તેમ ન કરીએ તો ગાયને થશે કે હવે તેનું વાછરડું ઓછું દૂધ પીએ છે એટલે તે બીજે દિવસે ઓછું દૂધ પેદા કરે છે. ત્યારપછી જ્યારે તેનું વાછરડું પુનઃ સ્વસ્થ થાય ત્યારે તેને પૂરતું દૂધ મળે નહિ. માટે વાછરડાને સ્વસ્થ થયા બાદ પૂરતું દૂધ મળી રહે તે માટે આમ કરવું જરૂરી છે.

આથી આપણે એમ ચોકક્સ કહી શકીએ કે આપણે

**જે દૂધ અને દૂધની બનાવટોમાં જે દૂધ ઉપયોગમાં લેવાય છે તે બધુ જ દૂધ કુદરતી નિયમ અનુસાર ગાયના વાછરડા માટે પેદા કરેલ છે. તે દૂધને બળજબરીથી ગાય પાસેથી પડાવી લેવાય છે અને તેને જૈન સિદ્ધાંત અનુસાર જીવઅદત્ત, મહા ચોરી, અને મહા હિંસા કહેવાય છે.**

**કેટલાક લોકો તેમજ પ્રાચીન પરંપરાના આગ્રહી વડીલો કે ધર્મગુરુઓ કહે છે કે આપણે જે દૂધ દોહી લઈએ છીએ તે વાછરડાના પીધા પછી ગાયનું વધારાનું હોય છે, એ વાત કુદરતના નિયમ અનુસાર તદ્દન અસત્ય છે અને કહેનાર વ્યક્તિને તેનું સહેજ પણ જ્ઞાન કે અનુભવ નથી.**

**૪. ભૂતકાળમાં દૂધને અહિંસક ખોરાક માનવાના કારણોઃ**

મોટા ભાગના જૈનો શાકાહારી છે અને બધા જૈનો શાકાહારમાં માને છે. દૂધ એ શાકાહારી ખોરાક નથી આમ છતાં મોટાભાગના જૈન દૂધ અને તેની પેદાશનો (દૂધ, ઘી, દહીં, પનીર વગેરેનો) આહારમાં ઉપયોગ કરે છે કારણ કે દૂધ દોહવાની પ્રક્રિયામાં ગાય કે ભેંસની સીધેસીધી હત્યા થતી નથી. વળી પ્રાચીન જૈન સાહિત્યમાં બતાવવામાં આવ્યું છે કે પ્રાચીન કાળના મહાપુરુષોએ તથા ભગવાન મહાવીરસ્વામી સહિત ઘણા તીર્થંકર ભગવંતોએ પણ દૂધ દહીં નો આહારમાં ઉપયોગ કર્યો હતો.

આ કારણથી મોટા ભાગના જૈન એમ માને છે કે દૂધની વસ્તુઓ વાપરવાથી જૈન દર્શનના પાયાના સિદ્ધાંત સ્વરૂપ અહિંસા, અચૌર્ય, અને અદત્તાદાનવિરમણ વ્રતનો ભંગ થતો નથી. **તેઓ પોતાના અજ્ઞાનના કારણે માતૃત્વના કુદરતી વૈશ્વિક નિયમનો સહેજ પણ વિચાર કરતાં નથી અને નજરઅંદાજ કરે છે.**

ભારતીય પ્રાચીન સાહિત્ય અને સંસ્કૃતિના ઘણા જ અધ્યયન તથા સંશોધન પછી ભૂતકાળમાં દૂધની અને તેની પેદાશના ઉપયોગના કારણો અંગે આપણે નીચે પ્રમાણેના નિષ્કર્ષ તારવી શકીએ છીએ.

- પ્રાચીન કાળમાં ખેતીનો પૂરતા પ્રમાણમાં વિકાસ થયો નહોતો. વસ્તીના પ્રમાણે, ભારતમાં પૂરતા પ્રમાણમાં ધાન્ય પેદા થતું નહોતું. (૬૫ વર્ષ પહેલાં પણ PL૪૮૦ કાર્યક્રમ હેઠળ ભારત અમેરિકાથી ધાન્ય અને બીજી કેટલીક આહાર સંબંધી ચીજોની આયાત કરતું હતું અને સામાન્ય લોકોમાં રેશન પદ્ધતિથી તેનું વેચાણ કરતું હતું. મેં પણ ભૂતકાળમાં આ પ્રમાણે રેશનીંગની લાઈનમાં ઊભા રહીને અનાજ ખરીદેલું છે.)
- એટલે આટલી મોટી સંખ્યામાં મનુષ્ય જીવન ટકાવવા માટે ગાયનું દૂધ વૈકલ્પિક આહાર તરીકે જ ઉપયોગમાં લેવાતું હતું. ગાયના વાછરડા સ્વરૂપ બળદનો ખેતીમાં હળમાં કે ગાડા વગેરેમાં ભારવહન કરવામાં ઉપયોગ થતો હતો. ગાયના સુકા છાણાનો રસોઈમાં બળતણ તરીકે કે ખાતર તરીકે પણ ઉપયોગ થતો હતો. ગોમૂત્રનો ઔષધ તરીકે પણ ઉપયોગ થતો હતો. આથી ગાયના દૂધનો અને તેની અન્ય પેદાશોનો ભારતની વિપુલ વસ્તીના જીવનને ટકાવી રાખવા ઉપયોગ કરવો જરૂરી હતો અને તે સિવાય પ્રાચીન કાળમાં બીજો કોઇ ઉપાય ન હતો. ભગવાન મહાવીરના વખતમાં આનંદ શ્રાવક હજારોની સંખ્યામાં ગાયો રાખતા હતા.
- ગાયો રાખવાનું મુખ્ય કારણ બળદને પેદા કરવાનું હતું જેથી ખેતી થઈ શકે અને વાહન વ્યવહાર ચાલી શકે. ભારત ખેતી પ્રધાન દેશ હતો. દૂધને વેચવામાં આવતું ન હતું. આ ઉપરાંત તેના છાણનો અને ગોમૂત્રનો પણ ઉપયોગ કરતાં હતા જે જીવન નિર્વાહ માટે અત્યંત જરૂરી હતું.
- લોકો ગાયના દૂધનો બહુ જ અલ્પ પ્રમાણમાં આહારમાં ઉપયોગ કરતા હતા. તેઓ તેના વાછરડાને જ મોટા ભાગનું દૂધ પીવા દેતા હતા. ગાયને પોતાના કુટુંબના સભ્ય તરીકે તેની સાચવણી અને સેવા ચાકરી કરતા હતા. વાછરડાના જન્મ પછી લગભગ ૧૫ દિવસ સુધી તે ગાયના દૂધનો પોતે બિલ્કુલ ઉપયોગ કરતા નહોતા પરંતુ તેનું બધું જ દૂધ માત્ર તેના વાછરડાને જ આપતા હતા. આ રીતે બહુ જ અલ્પમાત્રામાં હિંસાનો આશરો લઈ ગાયની અને વાછરડાની સંપૂર્ણ કાળજી લેતા હતા.

મારા દાદી (૬૫ વર્ષ પહેલાં) ગાયના ત્રણ આંચળનું દૂધ તેના વાછરડા માટે ઉપયોગમાં લેતા અને અમારા પરિવાર માટે ફક્ત એક જ આંચળનું દૂધ ઉપયોગમાં લેતા હતાં. જો કે મારા દાદી કાંઈ ભણ્યા નહોતાં પરંતુ માતૃત્વના મૂળભૂત વૈશ્વિક નિયમને તેઓ સારી રીતે સમજતા હતાં.

**૫. વર્તમાનકાલીન દૂધની પેદાશની સમજણઃ**

આજે સમગ્ર વિશ્વમાં ખેતીમાં એટલું બધું ધાન્ય પાકે છે કે તેનાથી સમગ્ર વિશ્વના માનવોને ઘણીવાર પોષી શકાય તેમ છે. ખેતીમાં બળદોના સ્થાને ટ્રેક્ટર અને મશીન આવી ગયાં. ગોમૂત્રનું સ્થાન આધુનિક દવાઓએ લીધું છે. ગાયના છાણનું સ્થાન કુદરતી ગેસ અને વિજળીએ લીધું છે. ખેતીના વિષયમાં ભારત સંપૂર્ણપણે

સ્વનિર્ભર થઈ ગયું છે. તેથી હવે જીવન ટકાવવા માટે દૂધ અને તેની પેદાશોનો ઉપયોગ કરવાની કે ગાયોને ઉછેરવાની કે તેને પીડા આપવાની અર્થાત્ હેરાન કરવાની કોઈ જરૂર નથી.

**વર્તમાન ડેરી ઉદ્યોગ:**

રેફ્રિજેટરની શોધ પછી અને નવી પેકેજિંગ ટેકનોલોજીના કારણે અત્યારે દૂધની ચીજ-વસ્તુની માંગ ખૂબ જ વધી ગઈ છે. તે માંગને પહોંચી વળવા ડેરી ઉદ્યોગનું વ્યાપારીકરણ થયું છે. ડેરી ઉદ્યોગમાં ગાયોને દૂધ પેદા કરવાના એક મશીન તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે. જેને કારણે ગાયોને અત્યંત દુઃખ પહોંચે છે. વધુમાં વધુ નફો મેળવવાના લોભમાં ગાય વગેરે પ્રાણીઓની સંખ્યા ઘણી જ વધારવામાં આવે છે.

ગાય-ભેંસની સંખ્યા વધવાના કારણે તેના માટેના ખોરાકની વ્યવસ્થા કરવામાં પર્યાવરણની સમતુલા ખોરવાઈ જાય છે કારણ કે તેના માટે કુદરતી સ્રોતોનો બેફામ ઉપયોગ કરવામાં આવે છે, જેમાં વનસ્પતિજન્ય ખોરાકનો પણ સમાવેશ થાય છે. આ ડેરી ઉદ્યોગ દ્વારા આચરવામાં આવતી પ્રાણીઓ પ્રત્યેની ક્રુરતા અને પર્યાવરણની અસમતુલા કલ્પનાતીત હદે ખતરનાક હોય છે. અને તે હિંસાના કેટલાક ઉદાહરણ નીચે આપવામાં આવ્યા છે.

આ પ્રશ્નો વિશાળ પાયા ઉપર આયોજિત ડેરી ઉદ્યોગમાં તો છે જ પરંતુ સાથે સાથે ભારતમાં અને અન્ય દેશોમાં નાના પાયા ઉપર ચાલતા ડેરી ઉદ્યોગમાં પણ સમાનરૂપે છે. અમેરિકામાં ચાલતા વિશાળ ડેરી ફાર્મ અને ભારતમાં ચાલતા નાના ડેરી ફાર્મની મેં પ્રત્યક્ષ મુલાકાતો લીધી છે અને તેમાં તેનું સંચાલન કઈ રીતે થાય છે તે નજરે જોયું છે. તે નીચે પ્રમાણે છે.

- ગાય-ભેંસ પાસેથી સતત દૂધ મેળવવા માટે ગાય-ભેંસને સતત સગર્ભા રાખવામાં આવે છે. તે માટે તેને કૃત્રિમ રીતે ગર્ભાધાન કરાવવામાં આવે છે. જેથી કરીને તે સૌથી વધુ પ્રમાણમાં દૂધ આપી શકે. આ કૃત્રિમ ગર્ભાધાન તેની પ્રસૂતિ બાદ ત્રીજા જ મહિને કરાવવામાં આવે છે. સામાન્ય રીતે કુદરતી સંજોગોમાં ગાય-ભેંસ તેના વાછરડા તેનું સ્તનપાન કરતાં બંધ થાય ત્યાર બાદ જ (૧૫ મહિના પછી) ગર્ભાધાન કરતાં હોય છે.
- લગભગ ૯૫ ટકા વાછરડા અને ૬૫ ટકા વાછરડી જન્મતાંની સાથે જ માંસ ઉત્પાદક કતલખાને વેચી દેવામાં આવે છે. જ્યાં તેઓની ૬ મહિનામાં કે ત્રણ વર્ષમાં કતલ કરવામાં આવે છે. કેટલીકવાર વાછરડાને ખેડુતો ભૂખે મારી નાખે છે. આવું મેં આપણા પવિત્ર તીર્થધામ પાલીતાણામાં નજરે જોયું છે.
- સામાન્ય રીતે ગાયનું આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે પરંતુ ડેરી ઉદ્યોગમાં દૂધ આપતી ગાય, જ્યારે તે ૩૦ ટકાથી ઓછું દૂધ આપતી થાય પછી અર્થાત્ પાંચ વર્ષની ઉંમર પછી કતલખાને વેચી દેવામાં આવે છે. આ બાબત ભારતમાં પણ ૯૫ ટકા સાચી છે.
- ડેરી ઉદ્યોગમાં ગાય-ભેંસને દૂધની માત્રા વધારવા માટે ઓક્સિટોસીન જેવા હોર્મોન્સના અને એન્ટિબાયોટિક્સના દરરોજ ઈન્જેક્શન આપવામાં આવે છે. ફક્ત ઓર્ગેનિક ડેરી ફાર્મ હોય તો તેમાં આપવામાં આવતા નથી. ભારતમાં લગભગ નાની મોટી બધી જ ડેરીવાળા હોર્મોન્સ અને એન્ટિબાયોટિક્સનો ઉપયોગ કરે છે.

ગાયને સતત ગર્ભિણી રાખવાથી અને હોર્મોન્સ અને એન્ટિ-બાયોટિક્સ આપવાના કારણે તે સામાન્ય સંજોગોમાં જેટલું દૂધ આપતી હોય તેના કરતાં ત્રણથી છ ગણું વધુ દૂધ આપે છે. આ રીતે ડેરીવાળા દૂધ અને દૂધની બનાવટોની માંગને ગાય-ભેસની સંખ્યામાં ઘણો જ વધારો ના થાય તેમ પહોંચી વળવાનો પ્રયત્ન કરે છે.

એક જ દિવસમાં ઘણા વધુ પ્રમાણમાં દૂધ પેદા કરવા માટે ગાયના શરીરને સખત પરિશ્રમ કરવો પડે છે. ફક્ત પાંચ જ વર્ષમાં લગભગ ત્રણ જ પ્રસૂતિમાં આ પ્રકારની ભયંકર તાણના કારણે તેનું શરીર તૂટી જાય છે અને નોંધપાત્ર રીતે દૂધની ઉત્પન્ન કરવાની ક્ષમતા ઘટી જાય છે. આ સંજોગોમાં પશ્ચિમના દેશોમાં કાયદેસર તેને કતલખાને વેચી દેવામાં આવે છે અને ભારતમાં ગેરકાયદેસર તેને કતલખાને ધકેલી દેવામાં આવે છે. અને ભારતમાં આવા ગેરકાયદેસર ચાલતા કતલખાના ઠેર ઠેર છે. અમદાવાદ અને અન્યત્ર આ પ્રકારના કતલખાનાની મેં પ્રત્યક્ષ મુલાકાત લીધી છે. ભારતમાં ૦.૧% ટકાથી પણ ઓછી ગાયોને પાંજરાપોળોમાં આજીવન નીભાવવામાં આવે છે.

**ઓર્ગેનિક ડેરી ફાર્મ:**

ઓર્ગેનિક ડેરી ફાર્મ સામાન્ય રીતે અન્ય મહાકાય ડેરી ફાર્મ કરતાં નાના હોય છે. તેઓ એન્ટિબાયોટિક્સ, પેસ્ટિસાઈડ્સ અને હોર્મોન્સનો ઉપયોગ કરતા નથી. તેઓ દૂધમાં બીજી કોઈજાતની ભેળસેળ કરતા નથી. આમ છતાં તેઓ ગાય-ભેંસને સતત ગર્ભિણી તો રાખે જ છે. અને તેમના ૮૦ ટકાથી વધારે વાછરડા કતલખાને જતા જ હોય છે. અને વસુકી ગયેલી પાંચ-છ વર્ષની ગાયો પણ કતલખાને વેચાઈ જતી હોય છે. માટે ઓર્ગેનિક કહેવાતું દૂધ પણ અન્ય ડેરીના દૂધ જેમ જ ક્રુરતાવાળું હોય છે.

**૬. ડેરી અને માંસ ઉદ્યોગની હિંસા અને વાતાવરણ ઉપર થતી અસર:**

નીચે જણાવેલ માહિતી દ્વારા જણાશે કે ડેરી અને કતલખાનાની પર્યાવરણ ઉપર અને ક્રુરતાનું પ્રમાણ કેવું છે? આ માહિતી અમેરિકાની અધિકૃત USDA અને અન્ય સ્રોતો દ્વારા પ્રાપ્ત કરી છે.

**કતલખાના દ્વારા પર્યાવરણમાં છોડવામાં આવતો નકામો કચરો:**

નીચે જણાવેલ કોષ્ટકમાં અમેરિકન સરકારે જાહેર કરેલ આંકડા છે. અમેરિકામાં ૨૦૦૮ ના વર્ષમાં કતલ કરવામાં આવેલ સંખ્યા

| પ્રાણીઓ | ૨૦૦૮ ના વર્ષમાં કરવામાં આવેલ કુલ કતલ સંખ્યા | ૨૦૦૮ ના વર્ષમાં પ્રતિદિન કરવામાં કતલ સંખ્યા |
|---|---|---|
| ગાય | ૩૫,૫૦૭,૫૦૦ | ૯૭,૨૮૧ |
| ડુક્કર | ૧૧૬,૫૫૮,૯૦૦ | ૩૧૯,૩૩૯ |
| મરઘી (મોટી) | ૯,૦૭૫,૨૬૧,૦૦૦ | ૨૪,૮૬૩,૭૨૯ |
| મરઘી (નાની) | ૬૯,૬૮૩,૦૦૦ | ૧૯૦,૯૧૨ |
| બ્રોઈલર મરઘી | ૯,૦૦૦૫૭૮,૦૦૦ | ૨૪,૬૭૨,૮૧૬ |
| ટર્કી મરઘી | ૨૭૧,૨૪૫,૦૦૦ | ૭૪૩,૧૩૭ |

ફક્ત અમેરિકામાં જ દરરોજ ૪૦૦,૦૦૦ (૪ લાખ) ગાય અને ડુક્કર તથા ૫,૦૦,૦૦,૦૦૦ (૫ કરોડ) મરઘી અને ટર્કીની કતલ થાય છે અને તેના પરિણામે અમેરિકાના માંસ ઉદ્યોગ અને ડેરી ઉદ્યોગ દ્વારા ૨૩૦,૦૦૦ પાઉન્ડ પ્રતિ સેકન્ડ ઉત્પન્ન થતો કચરો પર્યાવરણને દૂષિત કરે છે અને તે જમીન, હવા અને પાણીને પણ દૂષિત કરે છે.

**ગ્રીન હાઉસ અસર:**

સમગ્ર વિશ્વમાં ૧૩૦ કરોડ ગાય (૧.૩ બીલીયન) દર વર્ષે ૧૦૦ મિલિયન ટન મિથેન ગેસ પેદા કરે છે, જે ગ્રીનહાઉસ અસર માટે ખૂબ જ શક્તિશાળી વાયુ છે અને તે કાર્બન ડાયોક્સાઈડ વાયુ કરતાં ૨૫ ઘણી વધારે સૂર્યની ગરમીને રોકે છે.

**પાણીનો બગાડ:**

ફક્ત અમેરિકામાં ડેરી ઉદ્યોગ અને માંસ ઉદ્યોગ માટે રાખેલ પશુઓ જેવા કે ગાય, વાછરડા, ઘેટાં વગેરે સમગ્ર વિશ્વનો ૫૦ ટકા પાણીનો વપરાશ કરે છે. ફક્ત ૧ રતલ માંસ પેદા કરવા માટે લગભગ ૨૫૦૦ ગેલન પાણી વપરાય છે. જ્યારે ફક્ત એક રતલ ઘઉં, ચોખા વગેરે પેદા કરવા માટે સરેરાશ ૫૦ થી ૨૫૦ ગેલન પાણી વપરાય છે.

**જમીનનો બગાડ:**

ઉત્તર અમેરિકાની જમીનનો એક તૃતીયાંશ ભાગ ધાન્ય ઉગાડવા માટે વપરાય છે. અને તેમાંથી અડધો ભાગ જમીન ફક્ત ડેરી ઉદ્યોગ અને માંસ ઉદ્યોગ માટે પશુઓને ખવડાવવા માટેના ધાન્ય પેદા કરવામાં વપરાય છે. અમેરિકામાં આ માટે ૨૨ કરોડ એકર જમીન, જ્યારે બ્રાઝિલમાં ૨૫૦ લાખ એકર જમીન ફાળવવામાં આવી છે. મધ્ય અમેરિકામાં ૫૦ ટકા જંગલનો પશુપાલન ધાન્ય માટે નાશ કરવામાં આવ્યો છે.

**આરોગ્ય ઉપરની અસર:**

છેલ્લા ૨૫થી ૫૦ વર્ષનો આરોગ્ય વિષયક અભ્યાસ દર્શાવે છે કે સમગ્ર વિશ્વમાં મધ્યમ વર્ગ અને ઉચ્ચતર વર્ગમાં મૃત્યુના કારણ સ્વરૂપ રોગોનું કારણ માંસાહાર અને દૂધ અને તેની પેદાશનો ઉપયોગ છે. હૃદય રોગ, ડાયાબિટીસ, કોલન (ઠથ્થ્ત) કેન્સર, પ્રોસ્ટેટ કેન્સર અને ફેક્ચરનું પણ કારણ માંસાહાર અને ડેરીની ખાદ્ય વસ્તુઓ છે.

ફક્ત માંસ જ નહિ પણ ડેરીના ખાદ્ય પદાર્થોમાં પણ ચરબી અને કોલેસ્ટેરોલનું ઘણું પ્રમાણ હોય છે, જેના કારણે હાર્ટ એટેક અને ટાઈપ-૨ ડાયાબિટીસ થાય છે. ડેરીના ખાદ્ય પદાર્થોના કારણે પ્રોસ્ટેટ કેન્સર અને ટાઈપ-૧ ડાયાબિટીસ પણ થાય છે.

કેટલાક આરોગ્ય સંબંધી અભ્યાસમાં જણાયું છે કે હાડકાના ફેક્ચર પણ દૂધ અને તેની પેદાશોના ઉપયોગથી વધે છે જ્યારે જાહેરાતોમાં બતાવવામાં આવે છે કે દૂધમાં કેલ્શિયમ હોવાના કારણે હાડકા મજબૂત બને છે. જે તદ્દન અસત્ય અને ખોટું છે.

**૭. થર્મોકોલ (સ્ટાયરોફોમ) અને પ્લાસ્ટિકની વાતાવરણ ઉપર થતી અસર:**

***થર્મોકોલની વાતાવરણ ઉપર થતી અસર:***

થર્મોકોલ હવે લોકોના રોજિંદા ઉપયોગમાં આવતી ચીજ સ્વરૂપે સર્વસ્વીકૃત બની ગઈ છે પરંતુ લોકોને મોટે ભાગે ખબર નથી કે તે પોલીસ્ટિરિનમાંથી બને છે કે જે પેટ્રોલિયમમાંથી બનતું એક પ્રકારનું પ્લાસ્ટિક છે.

તે હળવું હોવાના કારણે તથા ગરમીનું અવાહક હોવાથી તે ગરમ ચીજને ગરમ અને ઠંડી ચીજને ઠંડી રાખે છે અને વસ્તુને એક સ્થાનથી બીજે સ્થાને ખસેડવી હોય ત્યારે વસ્તુને સલામત રાખે અર્થાત્ તૂટવાની સંભાવના રહેતી નથી માટે તે લોકોમાં પ્રિય બની ગયું છે. આમ આ પદાર્થના સારા ગુણો છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં જણાયું છે કે તે પણ નુકશાનકારક છે.

પર્યાવરણનું સંરક્ષણ કરતી સંસ્થા (EPA – Environmental Protection Agency) અને કેન્સર ઉપર સંશોધન કરતી આંતરરાષ્ટ્રિય સંસ્થાએ સ્થાપિત કર્યું છે કે થર્મોકોલ દ્વારા માણસમાં કેન્સર થવાની શક્યતા છે.

જ્યારે થર્મોકોલના ડબ્બામાં ખોરાક રાખવામાં આવે છે ત્યારે તે ખોરાકમાં તેના રસાયણો ભળી જાય છે જેની આપણી તંદુરસ્તી ઉપર અને પ્રજનન શક્તિ ઉપર અસર થાય છે.

આ થર્મોકોલનું કુદરતી રીતે માટી વગેરેમાં તેનું વિઘટન થતું નથી અર્થાત્ તે નોન-બાયોડિગ્રેડેબલ છે અર્થાત્ જમીન, પાણી વગેરેમાં રહેલ બેક્ટેરિયા દ્વારા તેનો નાશ થતો નથી. તે એમ જ રહે છે. તે ફોટોલિસીસની પ્રક્રિયાનું અવરોધક છે.

તેમાંથી પુનઃ નવું થર્મોકોલ બનાવી શકાય છે પરંતુ તેની કિંમત નવા થર્મોકોલના જેટલી જ થતી હોવાથી મોટા ભાગે કોઈ તેમ કરતું નથી.

***પ્લાસ્ટિકની વાતાવરણ ઉપર થતી અસર:***

આજે આપણે પ્લાસ્ટિક યુગમાં જીવીએ છીએ. પ્લાસ્ટિકની

થેલી, બોક્સ, બાટલી વગેરે વસ્તુ ભંગાર ખાતે કાઢી નાખવામાં આવે છે અને તે જંગલ, નદી, સમુદ્ર, ઉકરડામાં નાખી દેવામાં આવે છે. તેમાંની કેટલીકને રિસાયકલ કરી ફરી ઉપયોગમાં લેવામાં આવે છે. પ્લાસ્ટિકનો વપરાશ વધ્યો હોવાથી અને અને તેનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવતો ન હોવાથી તેને રિસાયકલ કરવા માટેનો પ્રયત્ન અસરકારક કે પરિણામકારક નથી.

પ્લાસ્ટિક બાયોડિગ્રેડેબલ નથી પરંતુ ફોટોડિગ્રેડેબલ છે. ફોટોડિગ્રેડેબલ એટલે કે સૂર્યના પ્રકાશમાં લાંબો સમય સુધી રહે તો તેનું સૂક્ષ્મ રજકણોમાં રૂપાંતર થઈ જાય છે પરંતુ પ્લાસ્ટિકનો મોટાભાગે સંપૂર્ણપણે નાશ થઈ શકતો નથી. પ્લાસ્ટિકનું સૂક્ષ્મ રજકણો રૂપે અસ્તિત્વ કાયમ રહે જ છે. આ રજકણો અન્ય પદાર્થોમાં સહેલાઈથી ભળી જાય છે અને સતત તેમાંથી ઝેરી પદાર્થો ઉત્સર્જિત થતા રહે છે. તેના દ્વારા જમીન, હવા અને પાણી પ્રદૂષિત થતું રહે છે. આ પ્લાસ્ટિકના રજકણો આહાર અને પાણીમાં ભળવાથી પશુ-પ્રાણીઓને બહુ નુકશાન પહોંચાડે છે.

પ્લાસ્ટિકને રિસાઈકલ કરવા માટે ઘણી ગરમી અને વિજળી જોઈએ છે.

પ્લાસ્ટિક સામુદ્રી જીવો માટે પણ ખતરનાક છે. સમુદ્રમાં એક ચોરસ માઈલે ૪૬,૦૦૦ પ્લાસ્ટિકના ટૂકડા તરતા હોય છે. તે કારણથી લાખો સામુદ્રી જીવો, વ્હેલ માછલીઓ, સીલ માછલીઓ, ડોલ્ફિન અને દરિયાઈ કાચબા પ્લાસ્ટિક કચરાના કારણે મૃત્યુ પામે છે. પ્લાસ્ટિક પ્રદૂષણના કારણે સમુદ્રની ઇકો સિસ્ટિમને અને તે દ્વારા પર્યાવરણની સમતુલાને ખોરવે છે.

એકલા અમેરિકામાં જ ૩.૩૧ અબજ બેરલના પેટ્રોલિયમમાંથી પ્લાસ્ટિક બને છે. પેટ્રોલિયમ પેદાશો પર્યાવરણને પ્રદૂષિત કરવામાં મહત્તમ ભાગ ભજવે છે અને તે પાણી અને હવાને પણ પ્રદૂષિત કરે છે.

૮. ઉપસંહારઃ

જૈન જીવન પદ્ધતિ ખૂબ જ નૈતિક અને કરૂણામય છે. તે પૃથ્વી અને પર્યાવરણ માટે પણ બહુમાન તથા આદર ધરાવે છે.

આપણા શાસ્ત્રો દઢતા અને કડકપણે સૂચન કરે છે કે આપણે દ્રવ્ય, ક્ષેત્ર અને કાળને અનુરૂપ નૈતિક, કરૂણામય અને પર્યાવરણને કોઈ નુકશાન ન થાય તે રીતે જ જીવન જીવવું જોઈએ.

મહર્ષિ સંતસેવી મહારાજ તેમના પુસ્તક ''સર્વધર્મ સમન્વય'' (www.jaineLibrary.org) Sr # 007668) નામના પુસ્તકમાં શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીના ઉપદેશનો સાર ભગવાન મહાવીરસ્વામીના જ શબ્દોમાં બહુ સુંદર રીતે આપ્યો છે. તે નીચે પ્રમાણે છેઃ

''હું જે કહું તે તમારે તમારી રીતે તેની પરીક્ષા કરી અને તમારા પોતાના અનુભવ દ્વારા ખાતરી કરી સ્વીકારવું.

હું જે કહું તેને જ્યાં સુધી તર્ક દ્વારા તેના લિટમસ ટેસ્ટમાં તે પાસ ન થાય ત્યાં સુધી માત્ર આંધળી શ્રદ્ધાથી એટલે કે આંખો મીંચીને સ્વીકારી લેવું નહિ. અન્યથા તે તમારું પોતાનું બનશે નહિ. પવિત્ર શાસ્ત્રોના આધારે હું જે શીખવું તેનો જો તમે મેં દર્શાવેલા કારણોથી અથવા મારા અપૂર્વ પ્રભાવના કારણે સ્વીકાર કરશો પરંતુ તમારા પોતાના પરીક્ષણ, કારણો અને અનુભવથી નહિ સ્વીકારો તો તે તમારામાં અજ્ઞાન અંધકાર પેદા કરશે પરંતુ જ્ઞાનનો પ્રકાશ પેદા નહિ કરે.

ભગવાન મહાવીરસ્વામી

માંસ મેળવતી વખતે ગાયને તાત્કાલિક ઝડપથી મારી નાંખવામાં આવે છે. જ્યારે વ્યાપારી ધોરણે દૂધ ઉત્પાદન કરતી વખતે ગાયોને સખત રિબાવવામાં આવે છે અને બળજબરીથી પાંચ જ વર્ષમાં ૩થી ૬ ગણું દૂધ પેદા કરવામાં આવે છે અને ત્યાર પછી તેને પાંચ વર્ષની ઉંમરમાં જ તેને કતલખાને ધકેલી દેવામાં આવે છે. જ્યારે તેનું આયુષ્ય લગભગ ૨૦ વર્ષ હોય છે. આ બતાવે છે કે દૂધ-ઉત્પાદનમાં પણ માંસ ઉત્પાદન જેટલી જ ખતરનાક ક્રુરતા ગાય-ભેંસ પ્રત્યે આચરવામાં આવે છે.

પર્યાવરણની દષ્ટિએ વનસ્પતિજન્ય પદાર્થો કરતાં દૂધ, ચામડું, રેશમ, ઊન વગેરે પ્રાણીજન્ય પદાર્થો પર્યાવરણને ઘણું જ નુકશાનકારક છે. વનસ્પતિજન્ય પદાર્થ જેટલી જલ્દીથી કુદરતમાં વિસર્જિત થાય છે તેના કરતાં પ્રાણીજન્ય પદાર્થને કુદરતમાં વિસર્જન થતા ૭થી ૧૦ ગણી વાર લાગે છે.

શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયવાળા દૂધ અને દૂધમાંથી બનેલ ઘી, મીઠાઈ વગેરેનો વાર-તહેવારે દેરાસરોમાં ઉપયોગ કરે છે અને તે પ્રાચીન પરંપરા છે. આમ છતાં આપણા જ ધર્મગ્રંથો દર્શાવે છે કે કોઈપણ પ્રાચીન પરંપરાને આંખો મીંચીને અનુસરવી ન જોઈએ. જૈન ધર્મના શ્રેષ્ઠ સિદ્ધાંત સ્વરૂપ અહિંસાના ભોગે અને તેમાંય આજના સંજોગોમાં જેમાં પંચેન્દ્રિય જીવોની હત્યા, રિબામણી અને શોષણ થતું હોય તેવી પરંપરાની સાથે સમાધાન ન કરવું જોઈએ. અર્થાત્ દૂધ કે દૂધજન્ય પદાર્થોનો દેરાસરમાં અને જૈન તહેવારમાં ઉપયોગ ન જ થવો જોઈએ.

દૂધ અને ઘી વગેરેનું જૈન ધાર્મિક વિધિમાં વિશિષ્ટ મહત્ત્વ છે જ. આમ છતાં આપણે જે વસ્તુનો ઉપયોગ કરીએ તેનો સ્રોત અહિંસક હોવો જોઈએ.

કોઈપણ ધાર્મિક વિધિ કે રીતરિવાજનું યંત્રવત્ અનુકરણ કરવું એ કાંઈ ધર્મ નથી એમ ભગવાન મહાવીરસ્વામિનું કહેવું છે. આપણા રીતરિવાજનો હેતુ એ છે કે તે અધ્યાત્મમાં આપણને પ્રેરણા કરતો હોય, આપણી આધ્યાત્મિક ઉન્નતિમાં સહાયક હોય. કોઈપણ રીતરિવાજનું સીધું પરિણામ આપણા ક્રોધ, અભિમાન, માયા અને લોભ, પરિગ્રહના ક્ષયમાં અથવા કષાયોને પાતળા કરવામાં આવવું જોઈએ.

વર્તમાનમાં દૂધ અને દૂધજન્ય ડેરી પદાર્થો, પ્લાસ્ટિક, થર્મોકોલ, રેશમ અને ઊન કે જેના ઉત્પાદનમાં એટલી બધી ક્રુરતા આચરવામાં આવે છે કે તે ક્યારેય આપણી આધ્યાત્મિક ઉન્નતિમાં સહાયક થઈ શકે તેમ નથી. આપણે પ્રભુની પૂજા, આરતીમાં ઉપયોગમાં લેવામાં આવતા દૂધ, ઘી અને મીઠાઈ અંગેના રિવાજનું આજના સંજોગોને ધ્યાનમાં રાખીને પુનર્મૂલ્યાંકન કરવું જરૂરી છે.

આ કારણથી આપણે આપણા રીતરિવાજમાં દૂધના બદલે શુદ્ધ પાણી કે સોયાદૂધ કે બદામનું દૂધ, ઘીના બદલે શુદ્ધ વેજીટેબલ તેલનો દીવામાં ઉપયોગ કરવો જોઈએ. વિવિધ મીઠાઈ માટે સુકા મેવાનો કે સિંગદાણા વગેરેનો ઉપયોગ કરવો જોઈએ. **આપણા રોજિંદા ખોરાકમાં અને ધાર્મિક તહેવારોના જમણમાં સ્વસ્થ આહાર તરીકે શુદ્ધ વનસ્પતિજન્ય (વિગન) આહારનો ઉપયોગ કરવો જોઈએ.** ઉત્તર અમેરિકામાં મોટા થયેલા બધા જ જૈન યુવાનો (યંગ જૈન એસોસિએશન અને યંગ જૈન પ્રોફેસ્નલ) સ્વીકારે છે કે ડેરી ઉદ્યોગમાં ગાયો ઉપર ભયંકર ક્રુરતા આચરવામાં આવે છે અને ભયંકર અત્યાચાર કરવામાં આવે છે માટે ધાર્મિક તહેવારોમાં જમણવારમાં દૂધ કે ડેરી પેદાશનો ઉપયોગ કરવો તે સ્પષ્ટ રીતે જૈન ધર્મના મૂળ પાયાના સિદ્ધાંત અહિંસા, અચૌર્ય, અદત્તાદાનવિરમણ તથા કરૂણાનો ભંગ કરનાર છે. જો આપણે ઉપર બતાવેલ રીતરિવાજોમાં પરિવર્તન કરીશું તો આપણા યુવાનો પણ તેને સારી રીતે અનુસરશે અને આપણી કદર કરશે.

ન્યૂયોર્ક ટાઈમ્સનો અહેવાલ કહે છે કે અમેરિકાની કુલ વસ્તીના ૨% ટકા અર્થાત્ ૬૦ લાખ અમેરિકનો માત્ર નૈતિકતાના ધોરણસર વિગન છે. અમેરિકામાં જન્મેલા/મોટા થયેલા ૧૦% થી ૧૫% ટકા જૈન યુવાનો ચુસ્ત શાકાહારી અર્થાત્ વિગન છે. જ્યારે અમેરિકાના પુખ્ત વયના ઈમીગ્રંટ જૈન વ્યક્તિઓ માત્ર ૦.૫% ટકા વિગન છે. આ બતાવે છે કે જૈન વિદ્વાનો અને પુખ્તવયના જૈનો કરતાં અમેરિકાના જૈન યુવાનો વધુ સમજદાર, જાણકાર અને આધ્યાત્મિક છે અને ડેરી ઉદ્યોગમાં આચરવામાં આવતી ક્રુરતા પ્રત્યે સભાન અને ગંભીર છે.

ટૂંકમાં, આપણે ચોક્કસ કહી શકીએ કે સમગ્ર વિશ્વમાં ૯૮% ટકા કરતાં વધુ દૂધ-ઉત્પાદનમાં ગાય-ભેંસને ભયંકર રીતે રિબાવવામાં કે દુઃખી કરવામાં આવે છે અને ફક્ત પાંચ વર્ષની ઉંમરમાં તેની દૂધ-ઉત્પાદનની ક્ષમતા ઓછી થતાં કે વસુકી જતાં તેને કતલખાને ધકેલી દેવામાં આવે છે.

**મહેરબાની કરી માતૃત્વના કુદરતી નિયમ ઉપર વિચાર કરશો અને તમારા પોતાના માટે દૂધ અને ડેરીની અન્ય ચીજોનો ઉપયોગ કરવો કે નહિ તે નક્કી કરશો.**

આ લેખના કારણે જે લોકોની લાગણી દુભાઈ હોય તો તેઓની માફી માગું છે.

મિચ્છામિ દુક્કડમ્

**આચાર્ય શ્રીવિજય નંદિઘોષસૂરિજી વિશે :**

પ. પૂ. આચાર્ય શ્રીવિજય નંદિઘોષસૂરિજી પ. પૂ. શાસનસમ્રાટ આચાર્ય શ્રીવિજયનેમિસૂરિજી મ.ના સમુદાયના પ. પૂ. આચાર્ય શ્રીવિજયસૂર્યોદયસૂરિજી મ.ના શિષ્ય છે. તેઓ આગમશાસ્ત્રોના જ્ઞાતા તો છે જ પરંતુ સાથે સાથે આધુનિક વિજ્ઞાન અને ગણિતના પણ પ્રકાંડ વિદ્વાન છે. તેઓએ આહાર વિજ્ઞાન અંગે અદ્યતન માઈક્રોસ્કોપ દ્વારા પ્રયોગો કરાવી કંદમૂલ અને બહારના ખાદ્ય પદાર્થમાં રહેલ સૂક્ષ્મ જીવોની સાબિતી આપે છે અને અસંખ્ય લોકોને તેનાથી બચાવે છે. તેઓએ ધર્મ અને વિજ્ઞાન અંગે સંશોધનાત્મક પુસ્તકો લખ્યા છે. તેઓ અવારનવાર જૈન ધર્મ અને વિજ્ઞાન અંગે સેમિનાર કરે છે. જૈન-અજૈન સમાજમાં તેઓ એક વિજ્ઞાની તરીકે પ્રસિદ્ધ છે. ❑❑❑

સંપર્ક : ૦૦૧-૯૧૯-૮૫૯-૪૯૯૪ અમેરિકા

## યાદે હુસેની એવોર્ડ (૨૦૧૯) માટે ડૉ. મહેબૂબ દેસાઈની પસંદગી

છેલ્લા પાંચેક વર્ષથી પૂ. મોરારીબાપુની છત્રછાયામાં ''યાદે હુસેન એવોર્ડ'' આપવામાં આવે છે. આ એવોર્ડ માટે રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ બે મહાનુભાવોની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવે છે. રાજ્ય કક્ષાના 'યાદે હુસેન એવોર્ડ ૨૦૧૯' માટે ગુજરાતના જાણીતા ચિંતક, લેખક અને ઈતિહાસકાર પ્રોફે. (ડૉ) મહેબૂબ દેસાઈના નામની પસંદગી કરવામાં આવી છે.

ડૉ.મહેબૂબ દેસાઈ છેલ્લા ૪૦ વર્ષથી શિક્ષણ, સંશોધન અને સદભાવ પ્રેરક સાહિત્યના સર્જન અને પ્રસારમાં સક્રિય રહ્યા છે. તેમની સર્વ ધર્મ સમભાવ પ્રેરક કોલમ ''રાહે રોશન'' દિવ્ય ભાસ્કર દૈનિકમાં છેલ્લા બાર વર્ષથી પ્રગટ થાય છે. જેનો હિંદુ અને મુસ્લિમ બન્ને સમાજમાં મોટો વાચક વર્ગ છે. ગુજરાતના મોટા ભાગના અખબારોમાં તેમણે સમાજના ઘડતરમાં પાયાનું કાર્ય કરતી કોલમો લખી છે. એક સારા લેખક, સાહિત્યકાર ઉપરાંત ડૉ. દેસાઈએ જાહેર અને બૌદ્ધિક સમારંભોમાં ભિન્ન વિષયો પર વ્યાખ્યાનો આપી હિંદુ મુસ્લિમ સમાજમાં એકતાના વાતાવરણને બરકરાર રાખવા સતત પ્રયાસો કર્યા છે.

શ્રી મુંબઈ જૈન યુવક સાથેનો તેમનો નાતો ઘણો ઘનિષ્ઠ રહ્યો છે. દર વર્ષે યોજાતી પર્યુષણ વ્યાખ્યાન માળામાં તેમના વ્યાખ્યાનો અવારનવાર યોજાયા છે. સામયિક 'પ્રબુદ્ધ જીવન' ના તેઓ લેખક છે. ડૉ. મહેબૂબ દેસાઈને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, પ્રબુદ્ધ જીવન તરફથી અભિનંદન.

# અપભ્રંશ ભાષાના પાણિની

## (કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય : ૩)

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

(ગતાંકથી ચાલુ...)

**એ**ક વૈયાકરણ તરીકે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિશિષ્ટ સ્થાન ધરાવે છે. મહાન વૈયાકરણ પાણિનીએ પોતાના વ્યાકરણ 'અષ્ટાધ્યાયી' દ્વારા પૂર્વપરંપરામાં એક પોતીકી પરંપરાનું નિર્માણ કર્યું હતું. પાણિનીની પૂર્વે શૌનક, શાકટાયન જેવા અનેક વ્યાકરણીઓ થયા હતા, પરંતુ પાણિનિના વ્યાકરણે એક પરંપરા સ્થાપી. એમાં કાત્યાયન કે પતંજલિએ સંશોધન-ઉમેરણ કર્યું, પરંતુ પાણિનિની વૈયાકરણ તરીકેની પ્રતિષ્ઠા તો સદીઓથી અક્ષત રહી. સંસ્કૃત ભાષના અંતિમ વ્યાકરણશાસ્ત્રી બન્યા આચાર્ય હેમચંદ્રાચાર્ય. સંસ્કૃત વ્યાકરણ પરંપરામાં એમના પ્રદાનને કારણે 'હૈમસંપ્રદાય' ઊભો થયો. એમના વ્યાકરણનો ઉત્તરકાલીન જૈન વ્યાકરણો પર વિશેષ પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે. શ્વેતામ્બર સંપ્રદાયના કેટલાક આચાર્યોએ હેમચંદ્રાચાર્યના વ્યાકરણને આધારે અનેક ગ્રંથોની રચના કરી છે. આવા આઠથી દસ વ્યાખ્યાકાર મળે છે. ('आचार्य हेमचंद्र', ले. डॉ. वि.भा. मुसलगाँवकर, पृ. १००)

અપભ્રંશ વ્યાકરણ તે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું ચિરકાલીન મહત્ત્વ ધરાવતું પ્રદાન ગણાશે. અપભ્રંશ ભાષાનું વિસ્તૃત અનુશાસન રચનાર હેમચંદ્રાચાર્ય સૌપ્રથમ છે. તેમણે ભિન્ન ભિન્ન પ્રદેશોમાં પ્રચલિત ઉપભાષા અને વિભાષાઓનું સંવિધાન દર્શાવીને અપભ્રંશ ભાષાનો પરિચય આપ્યો છે. હેમચંદ્રાચાર્યના સમય પછી ઉત્તર ભારતમાં સંસ્કૃત શબ્દાનુશાસનનો કાળ લગભગ સમાપ્ત થઈ ગયો. 'સિદ્ધહેમશબ્દાનુશાસન' અને 'દેશીનામમાલા'ને જોતાં હેમચંદ્રાચાર્યને આપણે અપભ્રંશ ભાષાના પાણિનિ કહી શકીએ.

અપભ્રંશ ભાષાની વિશેષતા એ હતી કે એ સમયે ગુજરાત, મારવાડ, રજપૂતાનાના પ્રદેશના નિવાસીઓની બોલાતી ભાષાની એ વધુ નજીકની હતી. વળી હેમચંદ્રાચાર્યે અપભ્રંશ વ્યાકરણના નિયમોને ઉદાહૃત કરવા માટે બીજાની જેમ સ્વરચિત ઉદાહરણો આપવાને બદલે ઉપલબ્ધ અપભ્રંશ સાહિત્યમાંથી ઉદાહરણો આપ્યાં છે. આથી પ્રશિષ્ટકાલીન અપભ્રંશ રચનાઓથી માંડીને સમકાલીન લોકભોગ્ય રચનાઓને અહીં પ્રતિનિધિત્વ મળ્યું છે. આનું એક સારું પરિણામ એ આવ્યું કે અનેક લુપ્ત થયેલા અપભ્રંશ કાવ્યોમાંથી થોડાક નમૂનારૂપ અંશો આમાં આપેલાં ઉદાહરણો દ્વારા જળવાઈ રહ્યા અને એનાથી આપણને એ સમયમાં અપભ્રંશ સાહિત્યની ઊંચી ગુણવત્તા, રચનાશૈલી અને છંદસ્વરૂપનો ખ્યાલ આવ્યો.

ગુર્જરભૂમિના જ્ઞાનદીપને પ્રજ્વલિત કરવા માગતા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની દૃષ્ટિ વ્યાકરણ પછી કોશ તરફ ગઈ. ભાષાનો અભ્યાસ સુગમ બને અને વ્યાકરણનું જ્ઞાન સક્રિય બને તે માટે એમને કોશની જરૂર લાગી. માત્ર વિદ્યાર્થીઓ કે અભ્યાસીઓ જ નહિ, પરંતુ વિદ્વાનો માટે પણ કોશ જરૂરી જ્ઞાનસાધન છે. આ વિશે હેમચંદ્રાચાર્ય કહે છે :

*कोशस्येव महीपानां कोशस्य विदुषामपि।*
*उपयोगो महान् यस्मात् क्लेशस्तेन विना भवेत्।।*

''રાજાઓને (દ્રવ્ય) કોશનો અને વિદ્વાનોનો પણ (શબ્દ) કોશનો ઘણો ઉપયોગ હોય છે. તેના વિના તે બંનેને અત્યંત વિટંબણા પડે છે.'' ('હેમસમીક્ષા', લે. મધુસૂદન મોદી, પૃ.૬૭)

હેમચંદ્રાચાર્યે 'અભિધાનચિંતામણિ', 'અનેકાર્થસંગ્રહ' અને 'નિઘંટુશેષ' – એમ સંસ્કૃત ભાષાના ત્રણ કોશ રચ્યા છે. પ્રાકૃત-દશ્ય ભાષાના જ્ઞાન માટે 'દેશીનામમાલા' અને 'રયણાવલિ'ની રચના કરી છે.

સંસ્કૃત ભાષામાં રચેલાં 'અભિધાનચિંતામણિ'ની કુલ શ્લોકસંખ્યા ૧૫૪૧ છે, પરંતુ ટીકા સાથે તેની શ્લોકસંખ્યા કુલ દસ હજારની થાય. આ ગ્રંથના છ કાંડ મળે છે. પ્રથમ કાંડમાં દેવાધિદેવ, બીજા કાંડમાં દેવ, ત્રીજામાં મનુષ્ય, ચોથામાં તિર્યંચો, પાંચમામાં નારકીના જીવો અને છઠ્ઠામાં સર્વસામાન્ય આવા એક-અર્થવાચી શબ્દોનો સંગ્રહ છે. આમાં યૌગિક, મિશ્ર અને રૂઢ શબ્દો સ્પષ્ટ કર્યા છે. કોશના આરંભના શ્લોકમાં પોતાની આ યોજના વિશે હેમચંદ્રાચાર્ય કહે છે –

*'प्रणिपत्यार्हतः सिद्धसाङ्गशब्दानुशासनः।*
*रूढयौगिकमिश्राणां नाम्नां मालां तनोम्यहम्।।'*

''અર્હંતોને નમસ્કાર કરીને, પાંચેય અંગ સહિત શબ્દાનુશાસન પ્રતિષ્ઠા પામ્યા પછી, રૂઢ, વ્યુત્પત્તિસિદ્ધ અને મિશ્ર નામોની માલાને હું વિસ્તારું છું.''

શબ્દશાસ્ત્ર માટે ઉપયોગી એવો આ ગ્રંથ અર્વાચીન દશ્ય ભાષાના અભ્યાસ માટે એટલો જ આવશ્યક છે. વળી એને સંપૂર્ણ બનાવવા માટે હેમચંદ્રાચાર્યે એમાં છેક સુધી ઉમેરા અને સુધારા કર્યા છે.

'અભિધાનચિંતામણિ' એ ઇતિહાસ અને ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ અત્યંત મૂલ્યવાન બની રહે તેવો કોશગ્રંથ છે. આમાં હેમચંદ્રાચાર્યે કવિઓ દ્વારા પ્રચલિત અને પ્રયુક્ત શબ્દોનો સુંદર આલેખ આપ્યો છે. વળી સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ આ કોશની સામગ્રી અભ્યાસીઓને ઉપયોગી છે. આમાં એવા અનેક શબ્દો મળે છે, જે અન્ય કોશમાં પ્રાપ્ત થતા નથી. 'અમરકોશ'ને લક્ષમાં રાખીને એક અર્થવાળા

સમાન શબ્દો આપવા માટે હેમચંદ્રાચાર્યે 'અભિધાનચિંતામણિ'ની રચના કરી, જોકે 'અમરકોશ' કરતાં દોઢ ગણી શબ્દસંખ્યા આમાં સાંપડે છે. વળી પર્યાયવાચી શબ્દો પણ 'અમરકોશ' કરતાં વધુ મળે છે. 'અમરકોશ'માં સૂર્યના ૩૭ પર્યાય, કિરણના ૧૧ પર્યાય, ચંદ્રના ૨૦ પર્યાય, શિવના ૪૮ પર્યાય, બ્રહ્માના ૨૦ પર્યાય, વિષ્ણુના ૩૬ અને અગ્નિના ૩૪ પર્યાવાચી નામ મળે છે, જ્યારે 'અભિધાનચિંતામણિ'માં સૂર્યના ૭૨, કિરમના ૩૬, ચંદ્રના ૩૨, શિવના ૭૭, બ્રહ્માના ૪૦, વિષ્ણુના ૭૫ અને અગ્નિના ૫૧ પર્યાયો ઉપલબ્ધ છે. આ રીતે આ ગ્રંથની રચના દ્વારા હેમચંદ્રાચાર્યે સંસ્કૃત સાહિત્યના શબ્દકોશમાં વિપુલ વૃદ્ધિ કરી છે.

'અભિધાનચિંતામણિ' પછી હેમચંદ્રાચાર્ય પાસેથી 'અનેકાર્થસંગ્રહ'ની રચના મળે છે. આ રચના ગુજરાતી ભાષાના અભ્યાસીઓને સારી એવી સામગ્રી પૂરી પાડે છે. જેમ કે અનેકાર્થસંગ્રહ'માં નિઃશ્રેણિ, પુલાકઃ, ટઙ્ગઃ મળે છે. આમાંથી ગુજરાતી ભાષામાં નિસરણી, પુલાવ, ટાંગો જેવા શબ્દો ઊતરી આવ્યાનું વિચારી શકાય.

'અભિધાનચિંતામણિ'માં એક અર્થના અનેક શબ્દોનો કોશ આપવામાં આવ્યો હતો, જ્યારે 'અનેકાર્થસંગ્રહ'માં એક શબ્દના અનેક અર્થનો ઉલ્લેખ આપવામાં આવ્યો છે. જેમ કે, કનો અર્થ બ્રહ્મા, આત્મા, રવિ, મયૂર, અગ્નિ, યમ અને વાયુ થાય છે. આ દૃષ્ટિએ 'અભિધાનચિંતામણિ' અને 'અનેકાર્થસંગ્રહ' પરસ્પરના પૂરક ગણાય.

'અભિધાનચિંતામણિ' અને 'અનેકાર્થસંગ્રહ' પછી હેમચંદ્રાચાર્ય 'નિઘંટુશેષ' નામનો વૈદકશાસ્ત્રને ઉપયોગી એવો વનસ્પતિકોશ તૈયાર કર્યો. છ કાંડમાં અને ૩૯૬ શ્લોક સંખ્યા ધરાવતો આ કોશ હેમચંદ્રાચાર્યના બીજા કોશો જેવો જાણીતો નથી. 'અનેકાર્થસંગ્રહ'ની ટીકામાં મહેન્દ્રસૂરિએ એવો ઉલ્લેખ કર્યો છે કે પોતાના ગુરુ હેમચંદ્રાચાર્ય પાસે વિશાળ ગ્રંથ-સંગ્રહ હતો અને તેમાં ધન્વંતરિનો 'નિઘંટુ' ગ્રંથ પણ હતો. 'નિઘંટુશેષ'ના છ કાંડ મળે છે અને આ એક પ્રકારનો વૈદકશાસ્ત્રને માટે ઉપયોગી એવો વનસ્પતિકોશ છે. આ કોશ છ કાંડમાં વહેંચાયેલો છે અને તેની કુલ શ્લોકસંખ્યા ૩૯૬ છે. આ કોશમાં વૃક્ષ, ગુલ્મ, લતા, શાક, તૃણ અને ધાન્ય એમ છ કાંડ છે. ક્રમશઃ કાંડના શ્લોકોની સંખ્યા ઓછી થતી જાય છે. પ્રથમ વૃક્ષકાણ્ડઃની શ્લોકસંખ્યા ૧૮૧, દ્વિતીય ગુલ્મકાણ્ડઃની શ્લોકસંખ્યા ૧૦૫, તૃતીય લતાકાણ્ડઃની શ્લોકસંખ્યા ૪૪, ચતુર્થ શાકકાણ્ડઃની શ્લોકસંખ્યા ૩૪, પાંચમા તૃણકાણ્ડઃની શ્લોકસંખ્યા ૧૭ અને છઠ્ઠા ધાન્યકાણ્ડઃની શ્લોકસંખ્યા ૧૫ છે. હેમચંદ્રાચાર્યે વ્યાકરણના નિયમાનુસાર શબ્દો સિદ્ધ થતા ન હોય તેમ છતાં ભાષામાં પ્રયોજતા હોય એવા શબ્દોનો આમાં સંગ્રહ કર્યો.

ત્રણ સંસ્કૃત કોશોની રચના દ્વારા હેમચંદ્રાચાર્યે સંસ્કૃત શબ્દશાસ્ત્રને વ્યાપમાં લેવા પ્રયાસ કર્યો છે. કોશરચનાની પાછળ ગુજરાતના સરસ્વતીપૂજકોને સહાયરૂપ થવાની તેમની ભાવના તરવરે છે. વળી ધન્વંતરિ, વ્યાડિ અને ધનપાલના કોશો કાળક્રમે નષ્ટ થયા, પરંતુ એનું દોહન આજે હેમચંદ્રાચાર્યના કોશ દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. એ દૃષ્ટિએ પણ આ શબ્દકોશનું મહત્ત્વ છે.

સંસ્કૃત કે પ્રાકૃત સાથે સંબંધ ન ધરાવતા દશ્ય ભાષાઓના શબ્દસંગ્રહ ઉપરાંત સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં કાલગ્રસ્ત અથવા તો તદ્દન અપરિચિત બની ગયેલા શબ્દો 'દેશીનામમાલા'માં સંગ્રહ પામ્યા છે. વળી જેના મૂળ વિશે સંશય હોય તેવા કેટલાક શબ્દોનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથનાં 'રયણાવલિ', 'દેસીસદ્દસંગ્રહો', 'દેશીનામમાલા' અને 'દેશીશબ્દસંગ્રહ' જેવાં નામો મળે છે. આમાં કુલ ૭૮૩ ગાથા અને લગભગ ૩,૯૭૮ શબ્દો આપવામાં આવ્યા છે, જેમાં ૧૦૦ તત્સમ શબ્દો, ૧૮૫૦ ગર્ભિત તદ્ભવ શબ્દો, ૫૨૮ સંશયયુક્ત તદ્ભવ શબ્દો અને ૧૫૦૦ દેશી શબ્દો છે. ('The Desinãmamãlã of Hemchandra' by R. Pischel, Introduction II, P.31.) કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની પાસે અનેક દશ્ય કોશો હતા અને એ કોશોનો ઉલ્લેખ એની વૃત્તિમાં મળે છે. આમ છતાં અત્યારે તો હેમચંદ્રાચાર્યનો 'દેશીનામમાલા' એ એકલો જ સારો કોશ ગણી શકાય. પ્રાકૃત ભાષામાં વપરાતા દશ્ય શબ્દોના અર્થનિર્ણય માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી છે. આ કૃતિની રચના દ્વારા હેમચંદ્રાચાર્યે એકલે હાથે એક નવા યુગનો આરંભ કર્યો.

ગ્રંથની વૃત્તિમાં મળતી કુમારપાળની પ્રશસ્તિની ૧૦૫ ઉદાહરણ-ગાથાઓ એવો સંકેત આપે છે કે રાજવી તરીકે કુમારપાળનું વર્ચસ્વ પ્રવર્તતું હતું તે સમયે આ ગ્રંથની રચના થઈ છે. નોંધપાત્ર બાબત એ છે કે આમાં જયસિંહ સિદ્ધરાજ માટે લખેલી ગાથાઓ બહુ ઓછી છે. ચૌલુક્ય તરીકે કુમારપાળને સંબોધન કરીને એની પ્રશસ્તિ કરતાં શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે :

*''कासिज्जदेसलुंटणकाहाराणिज्जमाणकणयाइं*
*कासारं व बुहाणं अकरिमं देसि चालुक्क।।''*

(દે.ના.મા., ૨.૨૮)

''કાસિજ્જ (કાકસ્થલ નામે પ્રદેશ) દેશ લૂંટી પખાલવાળાઓ મારફતે આણેલા સુવર્ણને જાણે સામાન્ય સીસાનાં પતરાં હોય તેમ, હે ચૌલુક્ય, તું વિદ્વજ્જનોને આપે છે.''

આ 'દેશીનામમાલા' મારફતે કેટલાક ગુજરાતી શબ્દોની પ્રાચીનતા પણ સિદ્ધ થાય તેમ છે, આથી ગુજરાતી ભાષાના અભ્યાસીને માટે એનું પરિશીલન શબ્દો ('The Desinãmamãlã of Hemchandra' by R. Pischel, Glossary, P. 1-92.) અંગે નવી ક્ષિતિજો ઉઘાડનારું બની રહે. જેમાંના કેટલાક શબ્દો જોઈએ. उंडं - ઊંડું, उल्लुटं - ઊલટું, उत्थल्ला - ઊથલો, गग्घरं - ઘાઘરો, खोडो - ખોડો, खवओ - ખભો, ओढ्ढणं - ઓઢણી, उदेही - ઉધેઈ, गंडीरी - ગંડેરી, खिज्जिय - ખીજ, खट्टिको ખાટકી,

उकूकुरुडी - ઉકરડી, उडिदो - અડદ, खडक्की - ખડકી, गढो - ગઢ વગેરે. આ ગ્રંથ તુલનાત્મક ભાષાશાસ્ત્રીઓને માટે પણ મૂલ્યવાન બન્યો છે. શબ્દોનું વ્યાપક સંકલન અને સાહિત્યસૌંદર્ય ધરાવતાં ઉદાહરણોથી ધ્યાન ખેંચતા આ કોશનું એ રીતે ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ભાષાશાસ્ત્રીય મહત્ત્વ છે.

શબ્દશાસ્ત્ર અને કોશની રચના કર્યા બાદ કલિકાલસર્વજ્ઞની દૃષ્ટિ કાવ્યશાસ્ત્ર તરફ વળી. સંસ્કૃત અલંકારગ્રંથોની પરંપરામાં હેમચંદ્રાચાર્યે 'કાવ્યાનુશાસન'ની રચના કરી. 'કાવ્યાનુશાસન'ના મુખ્ય ત્રણ ભાગ છે : એક સૂત્ર, બીજી વ્યાખ્યા અને ત્રીજી વૃત્તિ. આઠ અધ્યાયમાં લખાયેલા આ ગ્રંથમાં કુલ ૨૦૮ સૂત્રો છે. સૂત્રોની વ્યાખ્યા કરનારી ચર્ચા 'અલંકારચૂડામણિ'ને નામે મળે છે, જ્યારે એ વ્યાખ્યાને વિશેષ સ્પષ્ટ કરવા માટે 'વિવેક' નામની ઉદાહરણ સહિતની વૃત્તિ મળે છે. આ સૂત્ર, વ્યાખ્યા ને વૃત્તિ - ત્રણેના કર્તા હેમચંદ્રાચાર્ય છે. હેમચંદ્રાચાર્યે 'त्रिषष्टिशलाकापुरुषचरित्'માં દર્શાવ્યું છે તેમ આ ગ્રંથ 'लोक' માટે છે. આમાં સામાન્ય અભ્યાસીઓને કાવ્યશાસ્ત્રનો ખ્યાલ આપવાનો હેતુ રહેલો છે. આથી જ તેમણે જુદી જુદી કક્ષાઓના અભ્યાસીઓને ઉપયોગી નીવડે તે માટે 'सूत्र','स्वोपराटीका' તેમજ 'विवेकचूडामणि' નામની વિસ્તૃત ટીકા આપી છે. આ બાબત પણ તેમના હેતુને વધુ સ્પષ્ટ કરે છે.

આના આઠ અધ્યાયમાં કાવ્યનું પ્રયોજન, કવિની પ્રતિભા, કાવ્યના ગુણદોષ, રસ, ભાવ અને ગુણના પ્રકારો, શબ્દાલંકાર અને અર્થાલંકાર, કાવ્ય અને નાટકના પ્રકારો જેવા વિષયોની છણાવટ પુરોગામી આલંકારિકોનાં અવતરણો સહિત કરી છે. આમાં 'અલંકારચૂડામણિ'માં ૮૦૭ અને 'વિવેક'માં ૮૨૫ એમ સમગ્ર 'કાવ્યાનુશાસન'માં ૧૬૩૨ ઉદાહરણો મળે છે. આમાં ૫૦ કવિઓ અને ૮૧ ગ્રંથોનો નામોલ્લેખ કરવામાં આવ્યો છે. આ દર્શાવે છે કે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પાસે વિશાળ ગ્રંથસંચય હતો અને 'કાવ્યાનુશાસન'ની રચના માટે એમણે અનેક ગ્રંથોનું પરિશીલન કર્યું હતું. આનંદવર્ધન, અભિનવગુપ્ત, રુદ્રટ, રાજશેખર, મમ્મટ, ધનંજય વગેરે આલંકારિકોના ગ્રંથોના સિદ્ધાંતોની સંયોજના કરીને તેમણે 'કાવ્યાનુશાસન'ની રચના કરી છે. સર્વગ્રાહી શિક્ષાગ્રંથ બનાવવાના હેતુને લક્ષમાં રાખીને એમણે એવી કલ્પના કરી કે પહેલાં વિદ્યાર્થી 'શબ્દાનુશાસન' શીખે, કોશનું જ્ઞાન મેળવે અને પછી કાવ્યરચનામાં પ્રવેશ મેળવવા માટે અલંકારગ્રંથોની કેડી પર પગ મૂકે. આને કારણે એમણે પૂર્વાચાર્યો કરતાં ભિન્ન એવી અલંકારની વ્યવસ્થા કરી છે. (ક્રમશઃ) ❑❑❑

**જીવનપંથ : ૧૯**

# જે આપો તે પામો

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

નાના હતા ત્યારે જે કંઈ ન સમજાયું છતા કર્યે રાખ્યું તેમાંથી ઘણું મૂલ્યવર્ધક હતું તે મોટા થાય પછી સમજાયું. દાદાજી અને પિતાશ્રી નિત્યપૂજા કરતા ત્યારે પંચામૃત અને પ્રસાદી માટે તેની બાજુમાં બેસતો. તેઓ મોટે મોટેથી મંત્રોચ્ચાર કરતા, તે અજાણતાં ધ્યાનથી સાંભળતો હતો. વખત જતા દાદાજી અને પિતાશ્રીની સાથે સાથે બોલવા લાગ્યો. મોટો થયા પછી તે શ્લોકોના અર્થ જાણવાનું અને સમજવાનું બન્યું ત્યારે બહુ મોટો અહોભાવ મારા બાળપણ વિશે થયો. ગીતાજીના બારમા, પંદરમા અને અઢારમા અધ્યાયો સમજ્યા વગર કડકડાટ બોલતાં શીખેલો. કોલેજમાં આવ્યો ત્યારે વિનોબાજીના 'ગીતા પ્રવચનો' (ગીતાઈ) વાંચ્યાં ત્યારે પેલું કડકડાટપણું મધ જેવું મીઠું લાગ્યું. બધુ ઝડપથી સમજાયું અને ઘણું બધું જીવ સોંસરવું ઉતર્યું, જીવન વ્યવહારમાં ઉતારવું સરળ બન્યું. હું જ્યારે પિતા બન્યો ત્યારે પેલી વિધિસરની પૂજા તો નહતો કરતો, પણ મંત્રોચ્ચારની કેસેટ અવશ્ય વગાડતો. પુત્ર હાર્દિકને એ મંત્રોચ્ચારના ધ્વનિ વચ્ચે ઉઠવાની ટેવ પડી, તેથી આળસ વગર પ્રસન્નચિત્તે ઉઠી જવાનું બન્યું અને સંગીત પ્રત્યેનો તેનો લગાવ સહજપણે વધ્યો... આ બધી વાતો પરથી એટલું તારવી શકું કે : આ 'મૂલ્ય' છે અને તે જીવવાનું છે તેવું કોઈએ કહ્યું ન હતું, પણ આ જીવ્યા તે મૂલ્યવાન છે તેવું માહ્યલાએ કહ્યું, સ્વીકાર્યું, અનુભવાયું, આત્મસાત થયું અને તેથી તેને વિપરિત સ્થિતિમાં પણ છોડવું શક્ય ન બન્યું!

આજે જીવનની અર્ધી સદી વટાવ્યા પછી, ત્રણ બાબતો ચૈતસિક દ્રષ્ટિએ જીવન વ્યવહારનો મૂલ્યમાર્ગ બની ગયેલ છે, તે કહીને મારી વાતને વિરામ આપું: (૧) જ્યાં 'ના' પાડવાની ઈચ્છા છે અથવા જે કામ થઈ શકે તેમ નથી તેવું મન કહે છે ત્યાં કદિ 'હા' નહિ પાડવી. (૨) જ્યાં 'હા' કદાચ પડાઈ ગઈ તે કામ પરિપૂર્ણ રીતે સંપન્ન કરવામાં તનતોડ મહેનત કરવાની અને કોઈ કચાશ નહિ છોડવાની અને (૩) જ્યાં મારે 'ના' પાડવી પડે તે અન્ય કોઈ શ્રેષ્ઠ રીતે કરી શક્યું, તેવી બાબતો વિશે મંથન કરવાનું કે, મારાં મનોબળમાં એવું તે શું ખૂટ્યું કે જે અન્યથી શક્ય હતું અને મારા માટે અશક્ય?... ટૂંકમાં, જે વિનોબાજી કહે છે તેમ, જીવતાં જીવતાં શીખતા રહેવાના ત્રણ મૂલ્યમાર્ગોને જીવનઆધાર બની દીધા... સખત અને સતત આત્મનિરીક્ષણ કરતા રહેવાનો આ રાજમાર્ગ મને બહુઉપયોગી લાગ્યો છે, હું મને પ્રબળ ઠેસ પહોંચાડનારને કે મારું અહિત ઈચ્છનારને પણ સમ્યક્ નજરે જોતો થઈ ગયો છું, અને તેને હું મારી જીવનસાધના ગણું છું.

હજુ જીવનસંધ્યા ઢળવાને સમય છે ત્યારે મને એવું પ્રતીત થવા લાગ્યું છે કે : તમે જે આપો છો, તે જ તમે પામો છો... ગામના ચોરે એક વૃદ્ધ ભાભા બેઠા હતા. એ ગામમાં દાખલ થતા એક માણસે એ વૃદ્ધને પૂછ્યું: 'આ ગામના લોકો કેવા છે?' વૃદ્ધે સામે પૂછ્યું: 'તમે જ્યાંથી આવો છો ત્યાંના લોકો કેવા હતા?'.. પેલો માણસ કહે : 'સારા...' તરત જવાબ મળ્યો: 'તો અહીંના લોકોય સારા છે...' થોડીવાર પછી બીજો માણસ ગામમાં દાખલ થયો ને તેણે પણ વૃદ્ધને પૂછ્યું: 'આ ગામના લોકો કેવા છે?' વૃદ્ધે ફરી એ જ પૂછ્યું: 'તમે જ્યાંથી આવો છો ત્યાંના લોકો કેવા હતા?'.. માણસ મોઢું ચઢાવી બોલ્યો: 'ઠીક, કાંઈ બહુ સારા નહિ,' વૃદ્ધે જવાબ વાળ્યો: 'અહીંના લોકોય ઠીક, બહુ સારા નહિ..' જીવનનું એકમાત્ર અને અંતિમ ધ્યેય જો પરમઆનંદ હોય તો નિંદા ફાઝલીના શબ્દો મારું જીનવમૂલ્ય:

*જિંદગી કે હર કદમ પર ગિરેં,*
*મગર સિખા, કૈસે ગિરતોં કો થામ લેતે હૈં !*

❑❑❑


સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, રાજકોટ.
મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩,
ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com


# શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

(ગતાંકથી ચાલુ...)

**સર્વ આકર્ષણ પ્રદાયક**

દૃષ્ટ્વા ભવન્તમનિમેષ વિલોકનીય
નાન્યત્ર તોષ મુપયતિ જનસ્ય ચક્ષુઃ ।
પીત્વા પયઃ શશિકર દ્યુતિ દુગ્ધ સિન્ધોઃ
ક્ષારં જલં જલનિધેર સિતું ક ઈચ્છેત્ ? ॥૧૧॥

**ભાવાર્થ** :- હે જિનેન્દ્ર દેવ! આંખની પલક માર્યા વિના નિરંતર એકીટશે જોવા યોગ્ય આપનું અલૌકિક દિવ્ય સ્વરૂપ જોઈને મનુષ્યની આંખો હવે બીજે કયાંય (કોઈ સરાગી દેવાદિમાં) ડરતી નથી, સંતોષ પામતી નથી. ચંદ્રના કિરણો સમાન ઉજ્જવલ ક્ષીર સમુદ્રનું દુગ્ધપાન કર્યા પછી લવણ સમુદ્રના ખારા પાણી પીવાની ઈચ્છા કોણ કરે? અર્થાત્ ન જ કરે.

**વિવેચન** :- પ્રસ્તુત શ્લોકમાં પ્રભુનું જે દિવ્ય મનમોહક સ્વરૂપ છે, તેનું દર્શન જો એકવાર પણ મનુષ્ય કરી લે તો બાકીના બધા વિષયો તેને ખારા લાગે છે. આ વાતને સ્તુતિકાર ચંદ્રનાં ઉજ્જવળ કિરણો સમાન ક્ષીર સમુદ્રના અમૃતમય દુગ્ધપાન સાથે સરખાવી દિવ્યદૃષ્ટિનું ઉદ્‌બોધન કરાવે છે. અર્થાત્ પ્રભુનું મુખમંડળ એવું બેજોડ છે કે માનો મનની જ્ઞાનચેતનાને જાગૃત કરી સર્વ વિષય દૃષ્ટિનો પરિહાર કરાવે છે.

કવિશ્રીએ પ્રસ્તુત શ્લોકનો પ્રારંભ 'દૃષ્ટ્વા' શબ્દથી કર્યો છે. અર્થાત્ પૂર્વમાં જે. જે જાણ્યું અને હવે પ્રભુના બાહ્યરૂપને જોઈને જીવાત્મા કેવી તૃપ્તિ અનુભવે છે. એ જણાવતાં આચાર્યશ્રી પણ માનો સ્વયં પોતાની તૃપ્તિના ભાવો પ્રગટ કરી રહ્યાં છે. તેમણે અહીં દર્શન માત્રથી જ સંતુષ્ટિ અભિવ્યક્ત કરી છે કે જાણે પોતાને કોઈ ક્ષીર સમુદ્રના દુગ્ધપાનનો અમૃતમય સ્વાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. સમ્યક્‌દર્શનથી જે તૃપ્તિ થાય છે તે તૃપ્તિ ખરેખર અલૌકિક હોય છે. એટલે જ બધા ધર્મમાં કે સંપ્રદાયમાં દર્શનને ધર્મક્રિયાનું મુખ્ય અંગ ગણ્યું છે. દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે. કહ્યું પણ છે કે 'જેવું દર્શન એવી પ્રતિક્રિયા.' અર્થાત્ જેનું દર્શન કરીએ, જેના વિષે વિચારીએ અથવા જેનું ધ્યાન ધરીએ તેવાં ગુણો આપણામાં પ્રગટે તેવા ગુણોનું પરિણમન થાય જેમ ચોરના વિચાર કરે તો ભય લાગે, ખાવાના પદાર્થોનું ધ્યાન ધરીએ તો આહાર સંજ્ઞા ઉદ્‌ભવે, સદ્‌ગુણી પુરુષોનું ધ્યાન ધરીએ તો શાંતિનો અનુભવ થાય. તેમ પ્રભુના દર્શનથી પ્રભુના મુખમંડળ ઉપર જે દિવ્ય ભાવા ઝળકે છે તેનો પ્રભાવ જીવાત્મા પર પડે છે. આ એક સર્વ સામાન્ય સિદ્ધાંત છે. આ વાતને સ્તુતિકારે ક્ષીરસમુદ્રના દુગ્ધપાનની ઉપમા દ્વારા દર્શાવી છે. જેમ કે જેણે ચંદ્રની ચાંદની જેવાં શીતળ તેમ જ ઉજ્જવળ ક્ષીર સમુદ્રના પવિત્ર પાણીનું અમૃતપાન કર્યું હોય તે શું લવણ સમુદ્રનાં ખારા પાણીને પીવાની ઈચ્છા કરે શું! અર્થાત્ પ્રભુ દર્શનથી જે તૃપ્તિનો અનુભવ કરે છે. તેને આવી અલૌકિક તૃપ્તિ બીજે કયાંય પ્રાપ્ત થતી નથી.

સ્તુતિકારે પ્રસ્તુત શ્લોકમાં 'દૃષ્ટ્વા' શબ્દ પછી 'વિલોકન' શબ્દનો ઉલ્લેખ કર્યો છે. 'વિલોકન'નો અર્થ વિશેષ પ્રકારે નિહાળવું એવા ગૂઢાર્થમાં તેમણે અહીં મૂક્યો છે. જેમ કોઈ વિશાળ મંદિરમાં બાહ્યગૃહ, મધ્યગૃહ અને ગર્ભગૃહ એવા ત્રણ વિભાગ હોય છે તેમ જીવાત્માના પણ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ વિભાગ જોવા મળે છે. બાહ્યગૃહની વિશાળતા જોયા પછી યાત્રી પુનઃ મધ્યગૃહનું અવલોકન કરે છે ત્યારે પ્રભુના દર્શન થાય છે અને આગળ વધતાં ગર્ભગૃહમાં પ્રવેશે છે. ત્યાં તેને અનુપમ આનંદનો અનુભવ થાય છે. તે જ રીતે પ્રભુનો બાહ્ય સ્વરૂપ હજારો શુભ લક્ષણ યુક્ત હોય છે. તેમનો અલૌકિક દિવ્ય દેહ નિહાળી ભક્ત અવલોકન કરે છે કે આવી સુંદર બેજોડ દેહધારી

વિભૂતિ અંદરમાં કેવી હશે! ત્યારે ભક્ત અંતરાત્મા સુધી પહોંચે છે, ત્યાં ઉચ્ચ કોટિના ભાવો તેમ જ શુદ્ધ પર્યાયોનું પુનઃ અવલોકન કરતાં કરતાં આગળ વધતાં પરમ પરમાત્માનું દિવ્ય દર્શન થતાં દૃષ્ટિ અનિમેષપણે સ્થિર થઈ જાય છે. આમ અવલોકન પણ ત્રિગુણાત્મક બની પરમાત્માનાં શુદ્ધ સ્વરૂપનું દર્શન કરાવે છે ત્યારે દર્શન વિશેષ પ્રકારનું અવલોકન બની જાય છે. આમ 'વિલોકનીય' શબ્દ દ્વારા કવિશ્રી પરમાત્મદર્શન સુધી લઈ જાય છે.

આચાર્યશ્રી માનતુંગસૂરિએ માનો કે પ્રભુને દર્શનમાં જ આવરી લીધા છે, આંખોમાં સમાવી લીધાં છે. અંગ અંગમાં, કણ-કણમાં નિહાળીને જાણે ક્ષીર સમુદ્રનું અમૃતમય દુગ્ધપાન કરી તૃપ્તિનો અનુભવ કરી લીધી છે, એટલે જ ત્યાર પછી તેમણે 'નાન્યત્ર' શબ્દ ઉપર ભાર મૂક્યો છે. 'નાન્યત્ર' (ન + અન્યત્ર) એ શબ્દ અન્ય કોઈ બીજા દેવ દેવી પૂરતો સીમિત નથી. તેમજ કોઈ પણ પ્રકારનાં દશ્યમાન બાહ્યપદાર્થ પૂરતો સીમિત નથી. પરંતુ અન્યત્રનો અર્થ બીજા બધા જ વિભાવ પર્યાયો એવો થાય. આ વિભાવ પર્યાયો જીવને સંતોષ આપી શકતા નથી. અર્થાત્ સાંસારિક બીજા ગમે તેવા પ્રભાવ રૂપ કે સ્થાન ચિત્તને આનંદ આપી શકતા નથી. જીવ પણ તેનાથી સંતુષ્ટ થતો નથી. આમ અહીં આચાર્યશ્રીએ 'નાન્યત્ર' શબ્દ દ્વારા તેના ભાવોની ગહનતા દર્શાવે છે. આ જ પ્રકારે જેમણે 'શશિકર દુગ્ધ સિન્ધો' અર્થાત્ શુક્લ પરિણામી, શુક્લ ધ્યાની, નિર્મળ આત્મા અને તેના પરિણામનું જ્ઞાન દ્વારા પાન કર્યું છે, અનુભવ્યુ છે, સ્વસ્વરૂપે પરિણિત કર્યું છે તો...ભલા...હવે... 'ક્ષારં જલં જલનિધે' અર્થાત્ અશુદ્ધ લેશી, અશુભ ઉપયોગી, કષાય આત્મા અને તેના પરિણામનું પાન કોણ કરેશે! અર્થાત્ ન જ કરે. આવા આધ્યાત્મિક ભાવોને શબ્દોમાં ગૂંથી તેમણે સ્તોત્રની ગરિમા વધારી પ્રભુની મહાનતાના દર્શન કરાવ્યા છે.

ऋध्धि :- ॐ ह्रीं अर्हं णमो सयं-बुद्धीणं (पत्तेयबुद्धीणं)

मंत्र :- ॐ ह्रीं श्रीं क्लीं श्रीं कुमति निवारिण्ये महामायायै नमः स्वाहा

**વિધિ-વિધાન** :- પવિત્ર થઈ સફેદ વસ્ત્ર પહેરી શુદ્ધ ભાવથી જાપ કરવા. એકાંતમાં બેસીને અથવા ઊભા રહીને પ્રસન્ન ચિત્તે સફેદ માળાથી અથવા લાલ રંગની માળાથી એકવીસ દિવસ સુધી પ્રતિ દિવસ અગિરામી ગાથા, ઋધ્ધિ તથા મંત્રના એકસો આઠવાર જાપ કરવા.

ફલાગમ-લાભ :- યંત્ર પાસે રાખવાથી તેમ જ વિધિ વિધાન પ્રમાણે જાપ કરવાથી ખોવાયેલી વસ્તુ પાછી મળે છે, જેને બોલાવવાની ઈચ્છા હોય તે આવી શકે છે. તેમ જ એક મુઠ્ઠી રીને ઉક્ત મંત્રથી બાર હજારવાર મંત્રીને ઉપર ઉછાળવાથી જલવૃષ્ટિ થાય છે. ભક્તામરની અગિયારમી ગાથાના જાપથી શું લાભ-ફલાગમ મળે છે તે દર્શાવતી એક પ્રાચીન કથા...

## રાજપુત્ર તુરંગની કથા

વર્ષો પહેલાંની આ વાત છે. તે સમયમાં રતનાવતીપુરીમાં રાજા રુદ્રસેન રાજ્ય કરતા હતા. રાજા રુદ્રસેનની પ્રાણ પ્યારી પત્નીનું નામ સુધર્માદેવી હતું. એમને એક પુત્ર પણ હતો. જેનું નામ તુરંગકુમાર હતું.

તુરંગકુમારે કાવેરી નદીના કિનારે એક અત્યંત રમણીય ઉદ્યાન બનાવ્યો હતો. તે ઉદ્યાનમાં ચારેબાજુ નાની નાની ક્યારીઓ હતી, કે જે તાજા ફૂટેલા કુમળા અંકુરોથી શોભી રહી હતી. તેની વચ્ચે રંગબેરંગી સુગંધી ફૂલોના છોડ ડોલી રહ્યાં હતા. મંદ મંદ વહેતાં પવનથી વૃક્ષો પરના મીઠા-મધુર ફળો ઝૂમી રહ્યાં હતા. ઉદ્યાનની શોભા જાણે નંદનવન સમી દેખાતી હતી. અહીં ઠેર ઠેર આવેલ વિશ્રામગૃહો તેમ જ ચિત્રશાળાઓ કુબેરની કૃતિનું દિગ્દર્શન કરાવે એવા હતા.

આ બધું જ હોવા છતાં એક અભાવ (ઊણપ) ઉદ્યાનની શોભાને ખંડિત કરતું હતું. 'સો ગુણ પર એક અવગુણ ભારે' આ કહેવત અહીં સાચા અર્થમાં ચરિતાર્થ થતી હતી. વાત એવી છે કે, આ ઉદ્યાનમાં જે વાવડી હતી તેનું પાણી ખૂબ જ ખારું હતું. માનો કે, વાવડીના પાણીના વહેણનો સીધો સંબંધ લવણ-સમુદ્રથી હતો. રાજકુમાર તુરંગે વાવડીના પાણીને મીઠું-મધુરું બનાવવા માટે ખૂબ જ પ્રયાસો કર્યા, મંત્ર, જંત્ર, હોમ-હવન વગેરે અનેક ઉપાયો કર્યા પરંતુ સફળતા મળી નહિ. બિચારા તુરંગકુમારને આ વાતનું ખૂબજ દુઃખ રહેતું હતું. દિવસ-સાત એ જ ચિંતામાં ચિંતિત રહેતો હતો કે વાવડીના પાણીની ખારાશ કેવી રીતે દૂર કરી શકાય? પુત્રની આ ચિંતાથી રાજા રુદ્રસેન અને એમની શીલવતી ભાર્યા સુધર્મા દેવીના મનમાં પણ દિવસ-રાત આ જ વાતનો ખટકો ચાલતો હતો.

એક દિવસ રાજા રુદ્રસેન સ્વામી ચંદ્રકીર્તિમુનિબા વંદનાર્થે ગયા. મુનિને વંદન-નમસ્કાર કરી ધર્મસભામાં બેઠા. મુનિરાજે યતિધર્મ તેમ જ શ્રાવક ધર્મનો મહિમા સમજાવ્યો અને શક્તિ મુજબ ધર્મ-આરાધના કરવાનો ઉપદેશ આપ્યો. ધર્મસભા સમાપ્ત થતાં રાજાએ મુનિરાજને અન્યાન્ય ધાર્મિક-તાત્ત્વિક પ્રશ્નો ઉપરાંત ખારા પાણીને મધુર બનાવવાનો ઉપાય પૂછ્યો. ત્યારે મુનિરાજે કહ્યું કે, હે રાજન્ ! પાંચ સુવર્ણ કળશોમાં વાવડીનું પાણી ભરી. મહાપ્રભાવક શ્રી ભક્તામરની અગિયારમી ગાથાનું પઠન તેમ જ વિધિ વિધાન સાથે ઋધ્ધિ-મંત્રથી તેને (પાણીને) અભિમંત્રિત કરવું. તે ઉપરાંત આ જ અભિમંત્રિત પાણીનો ઉપયોગ કરી શુદ્ધ પવિત્ર ભોજન બનાવવું અને તે શુદ્ધ પ્રાસુક આહાર ત્યાગી શ્રમણોને આપવું. આ પ્રમાણે કરવાથી અવશ્ય વાવડીનું પાણી મીઠું અને મધુર બની જશે.

ત્યારબાદ રાજા રુદ્રસેન પોતાના પ્રશ્નનો ઉત્તર સાંભળી ખૂબ

સંતુષ્ટ થયા અને મુનિરાજને વંદન-નમસ્કાર કરી મહેલમાં પાછા ફર્યા. તેમ જ મુનિરાજે સૂચવેલ આજ્ઞાનુસાર વર્તવા લાગ્યા થોડા જ દિવસોમાં રાજાના આંગણે એક સંયમી મુનિ આહાર-પાણી (ગોચરી અર્થે) માટે પધાર્યા. રાજાએ ખૂબ જ ભક્તિ-ભાવપૂર્વક મુનિરાજને પ્રાસુક આહાર-પાણી વહોરાવ્યા. ત્યારબાદ મુનિરાજ ગોચરી લઈ વાવડી પાસે આવ્યા અને ત્યાં ઊભા રહી શ્રી ભક્તામરની અગિયારમી ગાથાનું પઠન કર્યું. જેના પ્રભાવથી વાવડીનું પાણી મિષ્ટ અને સ્વાદિષ્ટ બની ગયું.

મુનિરાજે તુરંગકુમારને પણ આ ગાથા ઋદ્ધિ-મંત્ર સાથે બતાવી. ત્યારે તેણે ખૂબ જ શ્રદ્ધાપૂર્વક તેની વિધિપૂર્વક આરાધના કરી. જેના પ્રભાવે વનદેવી પ્રગટ થયા અને બોલ્યા, ''હે વત્સ! તારી શી ઈચ્છા છે? ત્યારે તુરંગ કુમારે ફક્ત એટલું જ માગ્યું કે હે દેવીમા! મારી વાવડીનું પાણી હમેશા મીઠું-મધુર જ રહે એવી કૃપા કરો. આટલું સાંભળતા જ 'તથાસ્તુ' કહીને દેવી અંતરધ્યાન થઈ ગયા.

ખરેખર! મંત્રના પ્રભાવથી વિષ પણ અમૃત બની જાય છે, તો પછી... પાણી મીઠું-મધુર બને એ તો સાધારણ ઘટના ગણાય.

અસ્તુ.

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન,
લાલબાગ, મુંબઈ - ૪૦૦૦૧૨.
મો.નં. ૯૮૯૨૮૨૮૧૯૬

# જ્ઞાન-સંવાદ

**સુબોધીબેન મસાલિયા**

પ્રશ્ન પૂછનાર : **ડી.એમ. ગોંડલિયા**
(અમરેલી)

ઉત્તર આપનાર : **વિદ્વાનશ્રી સુબોધી સતીશ મસાલિયા**

જય જિનેન્દ્ર સહ નિવેદન જ્ઞાન-સંવાદ વિભાગ ''પ્રબુદ્ધ જીવન'' અંક ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના અંકમાં અભવિઆત્મા અંગે મારી ખોટી ધારણા અંગે આપના ઉત્તરથી સંતોષ થયો છે. અભક્ષ આહારી - દુરાચારી - મહા હિંસક એવો આત્મા જે કદી મોક્ષને પાત્ર નથી એવી મારી ગેરસમજ આપે દૂર કરી તે બદલ ખૂબ-ખૂબ આભાર. અભવિઆત્મા ધર્મ સમજે છે. મોક્ષ જાણે મોક્ષ ઉપાય પણ બતાવે પરન્તુ આ અંગે વિશ્વાસ ધરાવતો નથી તેવો આત્મા અભવિ. આપે આપેલ સમજણ કોઈ સંત પાસે સાંભળી નથી અથવા સમજ્યો નથી.

**નવો પ્રશ્ન :**

જૈન ધર્મના અમુક સંતો આત્મકલ્યાણને વધારે મહત્ત્વ આપે છે અને પર-આત્મકલ્યાણને ગૌણ સ્થાન આપે છે અને જૈન ધર્મની સમાચારીના ચુસ્ત હિમાયતી અને પાલન કરે છે. દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવને લક્ષમાં ન લેતા વસ્ત્રો મેલા પહેરે છે. મળ-મૂત્ર-પાત્ર સફાઈ અને લાંબા ગાળે વસ્ત્રો ધોલાઈના જળ પરોઠવાની પ્રથાથી ઈતર સમાજ નારાજ થાય છે. ધર્મની અવહેલના થાય છે અને સંત તથા ધર્મ વગોવાય છે.

યુગપ્રધાન આચાર્યસમ પૂ. ચંદ્રશેખર મ.સા. સંતોની ચુસ્ત સમાચારી પાલનથી થતી ધર્મની વગોવણી અંગે નારાજગી વ્યક્ત કરી છે. ધર્મની પ્રભાવના અને ધર્મપ્રચાર માટે લેખો-પુસ્તકો-ટી.વી.ના માધ્યમથી સંતો ધર્મ પ્રચાર કરે છે.

આ અંગે આપનું માર્ગદર્શન આપવા વિનંતી છે.

પ્ર.૧ : જૈન ધર્મના અમુક સંતો આત્મકલ્યાણને વધારે મહત્ત્વ આપે છે અને પર-આત્મકલ્યાણને ગૌણ સ્થાન આપે છે તે કેટલું યોગ્ય છે?

જ.૧ : ભાઈ...એક સામાન્ય વાત છે કે... જો મારે તમને લાખ રૂપિયા આપવા હશે તો મારે પહેલા લાખ કમાવા તો પડશે ને? જો મારી પાસે જ નહીં હોય તો હું ગમે તેટલું ચાહીશ તો પણ તમને લાખ રૂપિયા કેવી રીતે આપીશ? એમ જો મારે પર-આત્મકલ્યાણ કરવું હોય તો પહેલા મારે મારા આત્માનું તો કલ્યાણ કરવું પડશે ને? તીર્થંકર અવધિજ્ઞાન સહિત જન્મે છે. છતાં પણ કોઈને ઉપદેશ આપવા ભાગી જતા નથી. દીક્ષા લીધા પછી પણ **જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરતા નથી ત્યાં સુધી મૌન સેવે છે. બીજા લોકોનું કલ્યાણ કરું એમ કરીને ઉપદેશ આપવા બેસી જતા નથી. કેમકે જાણે છે કે હજી હું જ અધૂરો છું, સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ કરી નથી તો આ અપૂર્ણ અવસ્થામાં જે આપીશ તે પણ અપૂર્ણ જ હશે**. વિચાર કરો... છેલ્લેથી ત્રીજા ભવે સમકિતની પ્રાપ્તિ થઈ ગઈ છે છતાં... કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી તીર્થંકરો મોં નથી ખોલતા... સંપૂર્ણ મૌન સેવે છે. અને આપણે? પાંચ મિનિટ પૂજા કરતા હોઈએ ને તો પણ ન મૌન રાખી શકીએ છીએ, ન આત્માની સ્થિરતા રાખી શકીએ છીએ. બાજુવાળાએ જરાક વિધિ બરાબર ન કરી તો તરત શિખામણ આપવા લાગી જઈએ છીએ...પણ આપણે એ નથી જાણતા કે ભટકતા ચિત્તે પૂજાક્રિયા કરવી એ જ સૌથી મોટી અવિધિ છે. આમેય કહેવત છે ને કે અધૂરો ઘડો છલકાય!!! તમને ખબર છે આદિનાથ દાદાની સાથે ૪૦૦૦ પુરુષોએ પણ દીક્ષા ગ્રહણ કરી હતી. આદિનાથ દાદા તો દીક્ષા લીધી તે દિનથી મૌન ધારણ કર્યું...હવે આ ૪૦૦૦ ને તો કાંઈ ખબર હતી નહીં કે દીક્ષામાં શું કરવું - શું ના કરવું. શું ખાવું શું ના ખાવું. એટલે દાદા જેમ કરે તેમ કરવા લાગ્યા. દાદા

કાંઈ ખાતા-પિતા ન હતા તો તે લોકો પણ ભૂખ્યા રહેતા... પણ દાદા સિવાય બીજા બધાની ક્ષમતા કેટલી? બે-ચાર મહિના જતાં તો ભૂખ તરસ અસહ્ય થઈ ગઈ, હવે શું કરવું? દાદાને પૂછીએ તો દાદા તો કાંઈ બોલતા નથી. એટલે એ લોકોએ વગર છૂટકે...સચિત પાણીને ફળ-ફૂલ જે મળે તે વાપરવા લાગ્યા...દાદા..આ બધું જોતાં પણ એક શબ્દ બોલતા નહિ...કે..અરે તમે બધાએ તો દીક્ષા ગ્રહણ કરી છે, આ સચિત વસ્તુ તમારાથી ખવાય-પીવાય નહિ... કેમ દાદાએ શિખામણ ન આપી? કેમકે હજી પોતે કેવળજ્ઞાન પ્રાપ્ત નહોતું કર્યુ... પૂર્ણતાને પામ્યા ન હતા... પૂર્ણતાને પામ્યા પહેલાનું બધું જ અધૂરું હોય એમાં ઉત્સૂત્ર ભાષણનો દોષ લાગે. ઉત્સૂત્ર ભાષણથી અનંતો સંસાર વધી જાય. પરંતુ આપણે આ બધું સમજવા કે માનવા ક્યાં તૈયાર છીએ? ''હું માઈકથી ભાષણ આપું એટલે હજારો લોકો પામે...'' અરે ભાઈ... પહેલા તું તો પામ... ભલે આ કાળમાં કેવળજ્ઞાન ઉચ્છેદ હોય પણ સ્વાધ્યાય-ધ્યાન કાયોત્સર્ગની સાધના દ્વારા તું તો સમ્યક્દર્શનની પ્રાપ્તિ કર...પછી તું વહેંચવા નીકળ. ના...પ્રેક્ટિકલી તો કાંઈ કરવું નથી તો પછી તું ગમે તેટલા ભાષણો માઈકથી આપ કે ટી.વી.માં આપ, ન તું તારા આત્માનું કલ્યાણ કરી શકીશ ન પરના આત્માનું. એક સામાન્ય આ ભૌતિક જગતનું ઑપરેશન કરવું હોયને તો પણ પહેલાં સ્વયં - પંદર વરસ અભ્યાસ કરવો પડે છે. એ પછી પણ એક વરસ પ્રેક્ટિકલ ઑપરેશન ન કર્યા હોય ને ત્યાં સુધી ઑપરેશન કરવાની પરમિશન મળતી નથી. પેશન્ટ આંખ સામે મરતો હોયને તો પણ એ ડોક્ટર જેણે પ્રેક્ટિકલ અભ્યાસ નથી કર્યો ને તે ઑપરેશન કરી શકતો નથી. અગર ભૌતિક જગતમાં પણ આટલા કડક નિયમો છે તો ભાઈ આ તો આધ્યાત્મિક જગતનું ઉચ્ચત્તમ ઑપરેશન છ તે ડિગ્રી પોતે પ્રાપ્ત કર્યા સિવાય એટલે કે આત્મકલ્યાણ સાધ્યા સિવાય, સ્વાધ્યાય-ધ્યાન-મૌન ને કાયોત્સર્ગની સાધના દ્વારા પોતાના આત્માનું કલ્યાણ કરી, પોતે પ્રાપ્ત કરી પછી જ બીજાના આત્માનું, પરના આત્માનું કલ્યાણ કરવા નીકળવું જોઈએ. નહિ તો આત્માને પડવાના ભયસ્થાનો ઘણા છે. નવદીક્ષિત માટે પણ એ જ આજ્ઞા છે. દીક્ષા દિનથી ઓછામાં ઓછું ૧ વર્ષ મૌન-ધ્યાનની સાધના કરવાની છે. જેથી સમ્યક્દર્શન પ્રાપ્તિ માટે સાચા અર્થમાં પ્રયાણ થાય. એ સાધુ સર્વ કાંઈ શીખી લે પછી એ ઉપાધ્યાય પદમાં સ્થાપિત થાય છે. ઉપાધ્યાયનું સ્થાન ટીચર જેવું, વર્ષોની મૌન ધ્યાનની સાધના દ્વારા જે શીખી લીધું તે હવે અન્યને શીખવાડો...આચાર્ય એનાથી પણ આગળ વધીને પોતે જે પ્રાપ્ત કર્યું છે તે એના આચરણમાં આવે છે. જેનુ આચરણ જ મૌન-ધ્યાન-શાંતતા-એકાંતતાનું પ્રતીક છે, એનું આચરણ જોઈને જ અન્ય શીખે છે. તેને હવે શબ્દોની જરૂર નથી એ આચાર્ય. આમ જે મહાત્મા આત્મકલ્યાણ સાધે છે તે જ કંઈ પામે છે ને પામીને અન્યનું - પર આત્મકલ્યાણ કરવામાં સહાયક બને છે.

**સ.૨** : જૈન ધર્મના અમુક સંતો જૈન ધર્મની સમાચારીના ચુસ્ત હિમાયતી અને પાલન કરે છે, વસ્ત્રો મેલા પહેરે છે. મળ-મૂત્ર-પાત્ર-સફાઈ-વસ્ત્ર ધોલાઈના જળ પરઠવવાની પ્રથાથી ઈતર સમાજ નારાજ થાય છે. ધર્મની અવહેલના થાય છે અને સંત તથા ધર્મ વગોવાય છે.

**જ.૨** : જુઓ ભાઈ પહેલા એક વાત કહી દઉં કે જૈન તત્વજ્ઞાનના સવાલ સિવાય બીજા કોઈ સવાલમાં મને મારું મન ગોઠતું નથી. કોઈ શું કરે છે ને કોઈએ શું કરવું જોઈએ એની ચર્ચા કરવી એ બધું વિકથા કહેવાય ને તેનાથી આપણા કર્મબંધન થાય છે. મહાવીરનો સિદ્ધાંત નજર સમક્ષ રાખી ચાલો ''પર થી ખસ, સ્વ માં વસ''. ધર્મ એ કોઈ ચર્ચાનો વિષય નથી. જાણીને આચરવાનો વિષય છે. છતાં આપે પૂછ્યું છે તો મારી બોર્ડરની બાર જઈને જવાબ આપું છું.

પહેલા મને એમ કહો કે તમારા દીકરાએ ઉપવાસનું પચ્ચખાણ લીધું છે તો એ ચુસ્તપણે ઉપવાસના નિયમોનું પાલન કરશે તો તમે ખુશ થશો કે નારાજ થશો? અથવા તો એમાં એ થોડી છૂટછાટ લેશે તો ખુશ થશો? તમે એને ઉપવાસના નિયમો ચુસ્તપણે પાળવામાં મદદ કરશો કે એને છૂટછાટ લેવા માટે સમજાવશો? તો ભાઈ આતો જિંદગીભરનું સામાયિકનું પચ્ચખાણ લીધું છે. સંઘે એનું સમર્પણ સહર્ષ સ્વીકારી એના નિયમપાલનમાં મદદરૂપ થવાની જવાબદારી લીધી છે... હવે જો એ સાધુ મહાવીરના નિયમ ચુસ્તપણે પાળતા હોય તો ખુશ થવાનું કે નારાજ થવાનું? અને એ પણ એટલા માટે છોડાવી દેવાનું કે પરઠવવાની પ્રથાથી ઈત્તર સમાજ નારાજ થાય છે? વાહ... બુદ્ધિમાનોની બુદ્ધિ જાણો છો આતો સાધનાનો એક ભાગ છે. મેલા વસ્ત્રો પહેરવા ને નહાવું નહીં એટલે પોતાના શરીર પર મેલ જમા થશે. તેથી ખુજલી થશે... મેલમાં બેક્ટેરિયા પનપશે એટલે ચામડીના અન્ય રોગ પણ થશે...આ પરિસહને એમણે સામેથી આમંત્રણ આપીને બોલાવ્યા. હવે આ આમંત્રણ આપેલા મહેમાનો આવશે એટલે સાધુ..એને સંપૂર્ણ સમતાપૂર્વક વેદીને ઉદિરણામાં લાવેલા આ કર્મોને નિર્જરશે. તો કોઈ સાધુ (વિરલા) આવા ચુસ્ત નિયમ પાળીને કર્મની નિર્જરા કરતા હોય. તો આપણે ખુશ થવું જોઈએ, એના માટે યોગ્ય વ્યવસ્થા કરાવી એમના નિયમપાલનમાં મદદરૂપ થવું જોઈએ કે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ઓછાયા હેઠળ એમને શિથિલાચારી બનાવવા જોઈએ? ઈત્તર સમાજની ખુશી કે નારાજગી આપણા માટે વધારે મહત્ત્વની કે આપણા મહાવીરના સિદ્ધાંતોનું પાલન વધારે મહત્ત્વનું? આજે તમે એક આચારમાં શિથિલાચાર ઘૂસાડશો તો કાલે બીજામાં અટકાવી નહીં શકો. કાલે એ સાધુ બ્રહ્મચર્ય પાલનમાં શિથિલ બનશે તો ચાલશે તમને? કેમ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ઓછાયો તો એમાં પણ લાગુ પડશે. બીજા બધા આચારોમાં પણ લાગુ પડશે. પછી શું કરશો? શું આપણને જે

અનુકુળ હોય એમ વર્તવાનું એમણે કે જે મહાવીરના સિદ્ધાંત છે એમ વર્તવાનું? અગર કોઈ આ કાળમાં પણ ચુસ્ત નિયમોનું પાલન કરે છે... તો ખુશ થાવ... હૃદયથી આભાર માનો કે 'હ' અરિહંત તારું શાસન હજી કયાંક તો જીવે છે... કરોડો કરોડો વંદન છે એ મહાત્માને...જરા વિચાર કરો...જે મહાત્મા આટલી ઉચ્ચ કોટીનું ચુસ્તપણે ચારિત્રપાલન કરતા હોય એને મોબાઈલ ના કે લેપટોપના ધખારા સૂઝશે? એમને પોતાના ફોટા પડાવીને વીડિયો ઉતરાવીને પ્રસિદ્ધિના ધખારા સૂઝશે? ચુસ્ત ચારિત્રપાલન થી ધર્મ વગોવાય છે એમ કહેનારા મને એ કહેશો કે આવા આવા શિથિલાચારથી ધર્મ નથી વગોવાતો? સંત નથી વગોવાતા?

જો પરઠવવાની પ્રથાથી ઈત્તરકોમ નારાજ થતો હોય તો એ આપણી બધાની પૂરા સંઘની એ જવાબદારી છે કે જ્યાં જ્યાં ઉપાશ્રય હોય કે ઉપાશ્રય બનાવો તેની સાથે જ એક મોટા વાડાની વ્યવસ્થા કરો કે જેથી આપણા મહાત્માઓ પોતાના આચાર ચુસ્તપણે પાળી શકે. જેમાં સંડાસ-બાથરૂમ નહીં હોય એવો ફ્લેટ આપણે ખરીદશું? તો જેની જવાબદારી સંઘે લીધી છે એના માટે વાડાની વ્યવસ્થા નહીં કરવાની? પરઠવવાની એવી વ્યવસ્થા નહીં કરવાની કે બીજાને પણ તકલીફ નહીં અને મહાત્મા પોતાના સાધનામાં આગળ વધી શકે? બીજું બધું કામ સાઈડ પર મૂકીને પરઠવવાની વ્યવસ્થા કરવાનું કામ શ્રી સંઘે સૌપ્રથમ કરવા જેવું છે...જીવતા જાગતા ભગવંતને ઉપર ચઢવામાં મદદ કરો... નીચે પાડવામાં નહીં. બાકી યાદ રાખજો ચાદરમાં એક છીંડું પડવા દીધું તો ધીરે ધીરે આખી ચાદર ફાટવાની જ છે... પછી શું કરશો? આજે એ જ તો થયું છે. આપના સવાલનો સાચો ઉપાય એ જ છે... પરઠવવા વગેરેથી બીજાને તકલીફ થતી હોય તો મોટા વાડાની વ્યવસ્થા કરવી નહીં કે એમના ચુસ્ત નિયમો છોડાવી દેવા.

❑❑❑

## જૈન પરંપરાના પુનરુદ્ધારકો-૨૫

### ક્રાન્તિના મૂળભૂત પરંપરાના પોષક અને જૈનધર્મના પ્રખર વિદ્વાન ધર્મપ્રેમી !

# ડૉ. રમણલાલ ચી. શાહ : ઉત્તમ શ્રાવક અને પરંપરાના પદયાત્રી !

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

વિદ્વાન શ્રાવક ડૉ. રમણભાઈ શાહનો સૌ પ્રથમ પરિચય, પ.પૂ. મારા ગુરુદેવ આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજ અને અમને સૌને વંદનાર્થે અમદાવાદના આંબલી પોળના જૈન ઉપાશ્રયે આવેલા ત્યારે થયેલો અને પછી તે સંપર્ક અમે મુંબઈ વિહાર કરતા પહોંચ્યા ત્યારે વધ્યો અને દઢ પણ થતો ગયો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સં.૧૯૮૧થી કેટલાંક વર્ષો પર્યંત નિયમિત પ્રવચન કરવા મને લઈ જતા. મારા પ્રવચનોનું શીર્ષક હું સીધું ધર્મસંધાન સિદ્ધ કરે તેવું કરતો અને પ્રવચનમાં મૂળ વિષય સાથે માનવીય દ્રષ્ટિકોણ જોડતો તેથી તેઓ અધિક પ્રસન્ન થતા હતા. જ્યારે સૌ પ્રથમવાર મારે મુંબઈ જૈન યુવક સંઘમાં પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રવચન કરવા જવાનું થયું ત્યારે દુનિયાભરમાં 'દયા પ્રેરિત હત્યા' - મર્સીક્લિંગની જબરજસ્ત ચર્ચા ઉઠેલી. તે સમયે મારા પ્રવચનમાં મેં અહિંસાના માધ્યમથી 'દયા પ્રેરિત હત્યા' ખોટું છે તે પૂરવાર કરવા પ્રયત્ન કરેલો. તે સમયના પ્રસિદ્ધ એડવોકેટ શ્રી મિન મસાણી દ્વારા સંસદમાં તેનું બિલ લાવવાની કોશિશ પણ થયેલી પણ તે પ્રવચનની અસર થઈ અને તે બિલ અટક્યું. આજેય અટકેલું છે. સંથારો અને દયાપ્રેરિત હત્યા બન્ને જુદી વસ્તુ છે. એકવાર શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ચૈ. સુ ૧૩ના શ્રી મહાવીર જયંતી નિમિત્તે તેમણે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજ્યું ત્યારે પણ મને પ્રવચન કરવા આગ્રહપૂર્વક લઈ ગયેલા. પ્રેમપુરી આશ્રમમાં 'જૈનધર્મ અને ગીતાધર્મ' વિશે પ્રવચન કરવા માટે શ્રી હરિભાઈ ડ્રેસવાળાને લઈને આવેલા અને એમની જ સૂચનાથી પછી મારું એ પ્રવચન તે સંસ્થા દ્વારા પુસ્તકસ્થ પણ થયું.

મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના થઈ હશે તે સમયમાં દેશનું, સમાજનું અને ધર્મનું એક અલાયદું વાતાવરણ હતું. ક્રાંતિ અને પરિવર્તનની વાતો વ્યાપ્ત હતી. રૂઢિચુસ્તતા, ક્રિયાકાંડના માળખામાં આમૂલ પરિવર્તન કરવું જોઈએ તેવી સર્વત્ર ચર્ચા હતી અને તેના પડઘારૂપે અનેક સંસ્થાઓ અને ઘટનાઓનું નિર્માણ થયું. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના સમય સુધી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન'નું કાર્યક્ષેત્ર પણ તેવું જ રહ્યું હતું. શ્રી રમણભાઈ શાહ એ સંપૂર્ણ દિશા બદલીને જૈન ધર્મ અને સાહિત્ય અને મૂળ પરંપરા સુધી મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન'ને દોરી લાવ્યા. ક્રાંતિની વાતો જે તે સમયમાં યોગ્ય હશે પણ ધર્મના તર્કની દઢતા પણ એટલી જ ઊંડી અને મજબૂત હતી. એ તર્કને સમગ્ર દષ્ટિકોણથી પ્રાપ્ત કરવો જોઈએ. સ્વાર્થનું ક્ષણિક આવરણ તત્ત્વના મૂળ સૌંદર્યને ઝાંખું પાડી ન શકે તેમ તેને હટાવવાથી જ જો ધર્મનું સત્ય પ્રાપ્ત થતું હોય તો

તે પણ એક ક્રાંતિ જ છે. આવી દૃષ્ટિ સુધી ડૉ. રમણભાઈ શાહ આજના યુવક સંઘને દોરી લાવ્યા તેવું મને લાગે છે. મુંબઈ યુવક સંઘની સ્થાપના સમયે બાળદીક્ષાનો પ્રખર વિરોધ થતો હતો. મેં એકવાર તે સમયે પ્રવચનમાં કહેલું : 'યુવક સંઘની સ્થાપના બાળદીક્ષાના વિરોધમાં થયેલી અને તમે મને, એક બાળદીક્ષિત સાધુને પ્રવચન કરવા લઈ આવ્યા છો!' શ્રી રમણભાઈ માર્મિક હસ્યા હતા. અલબત્ત, આ પણ એક ક્રાંતિ જ નથી?

સં.૧૯૮૧માં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને તેમના નિવાસસ્થાને, 'રેખા' બિલ્ડિંગમાં, મળવાનું થયેલું. ધાર્મિક પરિવર્તનના તેઓ સંપૂર્ણ આગ્રહી હતા છતાં, પૂરા વિનય સાથે મને મળ્યા હતા. તે સમયે મારો એક લેખ તેમણે લીધો અને કહ્યું 'પ્રબુદ્ધ જીવન'માં છાપીશું. સંબંધને સાર્થક રાખવામાં તેઓ હંમેશા સફળ રહ્યા છે.

ડૉ. રમણભાઈના પુસ્તકો અત્યારે મારી સન્મુખ છે. વિવિધ વિષયોને આવરીને યુવક સંઘે સરસ ગ્રંથમાળા બનાવી છે. ડૉ. રમણભાઈના લેખનને હું વર્ષોથી જાણું છું. કોઈપણ વાતને, મૂળ અને તેની આસપાસના સમગ્ર કેન્દ્રને પરિઘમાં રાખીને વિસ્તારપૂર્વક છણાવટ કરવામાં તેઓ માને છે. ધર્મતત્ત્વના સંદર્ભમાં લખેલા લેખો તેનું ઉજ્જવળ દૃષ્ટાંત છે. ડૉ. રમણભાઈનું આંતરિક બંધારણ જ એક શ્રદ્ધાળું શ્રાવકનું છે. એમની શ્રદ્ધા એમને, તત્ત્વને તેના જ સ્વરૂપમાં પામવાની, સમજવાની, નિરખવાની દૃષ્ટિ આપે છે. અને તે માટે તેઓ તત્ત્વને તેના તમામ પુરાવાઓ સુધી તપાસે છે, તેનો મર્મ પારખે છે. અને ત્યાર પછી જ તેઓ લખે છે. એ લેખનમાં ક્યાંય પોતાનું વિચારબિંદુ તેઓ ઉમેરતા નથી પણ પૂર્વસૂરિઓ અને ધર્મશાસ્ત્ર આમ કહે છે તે ધ્વનિ જ દઢ કરે છે, જૈન સાહિત્યની આ મૂળ પરંપરા છે. પૂર્વસૂરિઓ પણ ધર્મના મૂળ તત્ત્વને તેના સ્વરૂપમાં વિસ્તારીને પોતાની ભાષામાં મૂકીને અટકી જાય છે. એ જ પરંપરા ડૉ. રમણભાઈ અક્ષુણ્ણ જાળવે છે. તત્ત્વને તર્કથી તોડફોડ કરવાથી કશું મળતું નથી પણ તત્ત્વને સમગ્ર શ્રદ્ધાથી પણ કેમ વિચારી ન શકાય એ ભાવના આ પરંપરાના મૂળમાં છે. સેંકડો વર્ષોમાં, પૂર્વસૂરિઓએ જે સર્જ્યું છે તેને, જેમનું તેમ હાથમાં રાખીને સ્વાધ્યાય કરીએ છીએ ત્યારે આજે પણ અંતર પુલકિત નથી થતું? 'રત્નાકર પચ્ચીશી' આજે પણ વાંચીએ આજે પણ વાંચીએ ત્યારે અંતરમાં કોઈક પશ્ચાતાપનો સૂર રણઝણતો નથી? 'જ્ઞાનસાર' કે 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું ગાન કરીએ ત્યારે અલૌકિક અનુભવ નથી થતો? જો હા, તો એ મૂળ સૌંદર્યને આપણા વિચારનું આવરણ ચઢાવીને ઝાંખું શા માટે કરવું તેની દૃષ્ટિ ધર્મના પરંપરાગત સાહિત્યની રહી છે. ડૉ. રમણલાલ શાહ એ દૃષ્ટિને સંપૂર્ણ અનુસરે છે અને તેમની શૈલીની વિશાદતાને પોતાની આગવી રસાળ લેખિનીમાં ઝબોળીને ઉત્તમ સર્જન સૌને આપે છે. આ સર્જનમાં તેમનો ઊંડો અભ્યાસ, સતત વાંચન અને વ્રતધારી શ્રાવકજીવનની સજ્જનતા તેમની સહાયક રહી છે.

શ્રી રમણભાઈ શાહ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ સંસ્થાના પ્રમુખ હતા. આ સંસ્થા દ્વારા આજથી એક સૈકા પહેલા પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્‌બુદ્ધિસાગરસૂરીશ્વરજીના તમામ પુસ્તકો પ્રગટ થયેલા છે. તે સંસ્થાને જીવંત રાખવા માટે સં.૨૦૦૪ની સાલમાં અનુયોગાચાર્ય પંન્યાસ શ્રી મહોદયસાગરજી મ.સા.ની પ્રેરણાથી સારું એવું ફંડ પણ થયેલું અને તે સંસ્થા થોડાક સમય ધબકતી રહી. પછી જેમ તે ફંડ વપરાતું ગયું અને ઓછું થતું ગયું વળી તે સંસ્થાના સ્થાપકો પણ વિદાય થતા ગયા છતાં રમણભાઈએ તે સંસ્થા સાચવી રાખેલી. તેમાં મૂળ કારણ એ કે રમણભાઈ પાદરાના હતા અને પાદરા શ્રી સંઘ ઉપર પૂ. બુદ્ધિસાગરસૂરીશ્વરજીના મહારાજનો ઘણો ઉપકાર હતો. આ સંસ્થા મને સોંપી દેવા માટે રમણભાઈ આવેલા પણ ત્યારે મેં વિનયપૂર્વક ના પાડેલી. પછી તે સંસ્થા મહુડી શ્રીસંઘને સોંપાઈ.

ડૉ. રમણભાઈએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રતિવર્ષ પર્યુષણમાં ફંડ કરીને કોઈપણ એક સંસ્થા નક્કી કરીને તેને પુનઃ જીવંત કરવા માટે તે ફંડ અર્પણ કરવાની પ્રથાનો પ્રારંભ કર્યો અને તેને કારણે અનેક સંસ્થાઓને જીવનદાન મળ્યું. ડૉ. રમણભાઈ જૈન-અજૈન વિદ્વાનોમાં આદરણીય હતા.

ડૉ. રમણભાઈ પ્રખર વિદ્વાન, ઉત્તમ લેખક, સજ્જન શ્રાવક અને ધર્મના રાગી હતા. મેં ઉપર કહ્યું તેમ, તેમનું આંતરિક બંધારણ જ શ્રદ્ધાળું શ્રાવકનું છે. શ્રીમતી તારાબહેન તથા બહેન શૈલજાબેનને પણ મેં એવા જ સંસ્કારી જોયાં છે. તેમના પુત્ર અમિતાભભાઈનો મને પરિચય નથી. પણ સંસ્કારના પગલાં તો સર્વત્ર પડેલા હોય જ.

મુંબઈના અમારા વિહાર દરમિયાન, મેં શ્રી રમણભાઈને જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ ઈત્યાદિ કરતા જોયા છે. આ સર્વે તેમના ઉત્તમ ગુણો હતા અને આ ગુણોનું સ્મરણ તેમના પરિચયમાં આવનારને હંમેશા રહેશે.

શ્રી રમણભાઈ વિશે ક્યારેક લખવું તેવું મનમાં હતું જ, મારી સામે પડેલા પુસ્તકોએ તે નિમિત્ત પૂરું પાડ્યું આજે એ સુવાસનું સંસ્મરણ કરવા મળ્યું. આ સુવાસને 'પ્રબુદ્ધ જીવન' દ્વારા સૌ સુધી પહોંચાડું છું. શ્રી સંઘમાં રહેલા સદ્‌ગુણીની ગુણકીર્તના ન કરીએ તો એમને પણ અતિચાર લાગેઃ અમારા પાક્ષિક અતિચારમાં કહ્યું છે. 'સંઘમાહિ ગુણવંત તણી અનૂપબૃંહણા કીધી.'

ડૉ. રમણભાઈ શાહ, તમે તો અહીંથી વિદાય થયા પણ તમારી જીવનસૌરભ હંમેશા અહીં અમારી પાસે જ છે.

❑❑❑

સંપર્ક : ૯૭૬૯૯૫૭૩૯૩

# એપ્રિલ અંક વિશેષ : કેલિડોસ્કોપિક નજરે : ગયા અંકની વાત

**ડૉ. નલિની માડગાંવકર**

***પરિચય : ડૉ. નલિનીબેન એસ.એન.ડી.ટી વિમેન્સ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના પૂર્વ અધ્યક્ષ. બંગાળી સંગીતના જાણકાર અને રવીન્દ્ર સંગીત ખૂબજ સરસ ગાય છે. રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત પર તેમને પીએચ.ડી. નો અભ્યાસ કર્યો છે. મુંબઈ સમાચારમાં દર અઠવાડિયે કવિતાનો રસાસ્વાદ લખે છે. તેમની કવિતા અને વિવેચને ગુજરાતી ભાષામાં મહત્વનું પ્રદાન કર્યું છે. તે આ કાર્ય સ્વીકારી ઉપકૃત કર્યા છે.***

### ''પ્રવાસ ચાલુ છે...''

'પ્રબુદ્ધ જીવન' વિવિધ રંગસભર અક્ષરોમાં મુદ્રિત એક સામયિક જ નથી; માનદ્ તંત્રી : સેજલ શાહ અને અનેક ભાવકોનું સાધનાજગત છે. આપણે બધાં નગરજીવનનો કટુ-મધુર અનુભવ કરવા છતાંય 'પ્રબુદ્ધ જીવનનું' જીવનસ્વપ્ન સેવીએ છીએ. દરેક અંકની આતુરતાથી રાહ જોતાં મા સરસ્વતીનાં ચરણોમાં વંદન કરીએ છીએ. આ અંકના અભ્યાસ લેખો જીવનની કેડીને ભાવનાઓના રાજમાર્ગ બનાવનારા છે, માનવ ચેતનાની દિશા દર્શાવનારા છે.

દૂરબીનનો - લેખકનો હળવો સ્પર્શ પણ જીવનનાં ચિત્રોને બદલી નાખવા સમર્થ છે. આવી સંજીવની આપનારા લેખકવૃંદને હૃદયપૂર્વક વંદન. આધ્યાત્મિક શક્તિનું દર્પણ અભ્યાસલેખોમાં આપીને વ્યક્તિને જ પોતાનું પ્રતિબિંબ જોવાનું બળ આ સામયિકમાં મળી રહે છે.

લેખનાં શીર્ષકો પણ નવો માર્ગ ચીંધનારાં છે. માનદ્‌મંત્રી સેજલ શાહનો ધર્મ આ અંકમાં લેખ-લેખકની પસંદગી પરત્વે ખાસ જોવા મળે છે. જેમની કલમ વર્ષોના અનુભવને સમાપી શકી છે એવા સિદ્ધહસ્ત લેખકો સાથે નવા લેખકોનો સમન્વય અંકની સમૃદ્ધિ માટે સાધ્યો છે એ જ રીતે જે જે વિષયો અને ભાવ-ભાવનાઓનો લેખકવૃંદે અભ્યાસ કર્યો છે એમાં પણ વૈવિધ્ય છે. ધર્મ નિરપેક્ષતા પાને પાને સચવાઈ છે. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનો અભ્યાસ લેખ ''ત્યારે ઊગ્યું ગુજરાતી ભાષાનું પરોઢ''માં સર્વજ્ઞ, સર્વવંદ્ય હેમચંદ્રાચાર્યના ધર્મ-કર્મની ભાવપ્રદક્ષિણા એમણે કરી છે અને ભાવકોને કરાવી પણ છે.

ડૉ. સેજલબેનને વિષે કહ્યા વગર રહી શકતી નથી. ભલે એમણે ઉત્તરની અપેક્ષા ન રાખી હોય પણ એમનો તંત્રીલેખ અભીપ્સા ખાસ તો - આપણા મનમાં જગાડનારો છે. 'અફલાતૂન અને ફકીરની અનુભવગાથા' જીવનલક્ષી છે. આ યંત્રયુગમાં પણ સ્વાધ્યાય મંત્રનો મહિમા એમણે ચીંધ્યો છે. સુજ્ઞ નરેશ વેદ અને સુરેશ ગાલાના લેખો ધર્મ-સંપ્રદાયની સીમાને વિસ્તારનારા છે.

'એક્સપાયરી ડેટ', 'નારી મુક્તિ', 'પંથ પાથેય', (વિપશ્યના સાધના) 'દાદાશ્રીનું જીવન અને વાણી', 'વિચાર : મંથન : આપણે' આ લેખોની અનુભવગાથા આપણા જીવનને પુષ્ટ કરનારી છે.

'ગાંધી વાચનયાત્રા : 'હિંદ સ્વરાજ - એક અધ્યયન'માં આજનો મંત્ર છે. સોનલબહેને કરેલું આ એક અક્ષરોનું અધ્યયન આપણે માટે વિશાળ ગગન રચી જાય છે, આ અધ્યયન લેખમાં ગાંધીજીને અપાયેલી અંજલિ એટલી હૃદયસ્પર્શી છે કે હિંદ સ્વરાજને આ દૃષ્ટિએ વાંચવાની અતૂટ ઈચ્છા જાગે છે.

માનવીની જન્મ-મૃત્યુની પરિભાષાને બદલતો ઉષાબહેનનો લેખ મનનીય છે, તો ભક્તામર સ્તોત્ર-આસ્વાદ, જૈન પરંપરાના પુનરુદ્ધારકો એ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી અને રતનબેનનો આસ્વાદ લેખ ભક્તિ અને જ્ઞાનના સંગમ જેવો છે.

વંદનીય મુનિશ્રી મૃગેન્દ્રવિજયજીએ ''જૈન પદોમાં પારિભાષિક પ્રયોગો''ને સમજાવી એક નવો જ જ્ઞાનમાર્ગ રચ્યો છે. અહીં અમિતા શ્રોફના મૌલિક વિચારો કાન્ટના માનસ શાસ્ત્રીય અભિગમને દર્શાવનારા છે. તો ભદ્રાયુ વછરાજાનીનો લેખ 'તમે જે આપો છો, તે જ તમે પામો છો' એ આપણી લેવડદેવડને લૌકિક તરફથી જાણે અલૌકિક તરફ વાળનારી હોય એવી પ્રક્રિયા બની જાય છે. જ્યારે ડૉ. પ્રીતિ શાહનું 'પદ્મપ્રભજીન સ્તવન' ઉપાસકનું ગાન બને છે.

'પરમનો સ્પર્શ' પુસ્તક, ગુરુવાણીનો આધાર-પુસ્તકાવલોકનની પરિભાષાને જ બદલનારું છે. પ્રાચી ધનવંત શાહનો અંગ્રેજી લેખ... ભાવકો વતી એકજ મનોરથ વ્યક્ત કરું કે જે તમે કર્મની દિશા બતાવી છે એના પર ચાલતાં ચાલતાં પ્રશ્નાર્થને ઝાંખો કરવાનો પ્રયત્ન કરું એવી પ્રાર્થના છે.

'સર્જન-સ્વાગત', 'ભાવ-પ્રતિભાવ' આ નર્યા પુસ્તકોનો કે ભાવોનો પ્રતિધ્વનિ નથી; ગમા-અણગમાના પંથથી મનને વાળવાની સાધના છે, અને જ્ઞાન તરફ ચીંધેલી આંગળી છે.

'અતીતની બારીએથી આજ' નું સંકલન ભૂતકાળને પણ વર્તમાનમાં ઢાળનારું છે. 'જે હોય મારો અંતિમ પત્ર તો...' મૃત્યુની નિર્ભયતા રચનારું જીવનપાથેય છે. આ બધાથી નિરાળી દિશા છે 'બંધ-અનુબંધની સમજ'ની. એ છે કથાની દિશા.

માનદ્ તંત્રી સેજલબેનનો સમાજ સુધારણાનો આ નમ્ર પ્રયાસ છે. દીપકને સાચવવા માટે બે હાથ જ પૂરતા છે. એ જ્ઞાન દીપક એક દિવસ સૂર્યની જેમ ઝળહળશે એ જ ઈશ્વર પ્રાર્થના - 'કેલિડોસ્કોપિક' ડિઝાઈન મનહર અને મનભર છે.

❑❑❑

સંપર્ક : ૯૮૨૦૪૬૮૯૭૩

# સર્જન-સ્વાગત



## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

ગયા અંકનો ભૂલ સુધારો : એપ્રિલ અંકના સર્જન સ્વાગતમાં લખનાર તરીકે ડૉ પાર્વતીબેન નેણશી ખીરાણીનું નામ વાંચવું. ભૂલ માટે ક્ષમા)

પુસ્તકનું નામ : **મા સ્વામી સાથેના મારા આત્માનુભાવો - સજાગતાથી સમાધિ**
લેખક : અજયભાઈ શેઠ
પ્રકાશક : ક્વેસ્ટ ફાઉન્ડેશન, ૧૮૮/ ૩ ગુરુકૃપા બિલ્ડીંગ, જૈન સોસાયટી, જૈન મંદિરની બાજુમાં, સાયન (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૨૨.
પૃષ્ઠ : ૯૬ / મૂલ્ય : સદુપયોગ



ગોંડલ સંઘાણી પ્રવર્તિની ચારિત્ર જ્યેષ્ઠા બા.બ્ર. જયવિજયાજી મહાસતીજી સાથે લેખકના અનુભાવોનો વર્ણવતું આ પુસ્તક એક સાધ્વીજીવનને ઉજાગર કરે છે. નિખાલસ, નિર્મોહી, નિસ્પૃહ મહાસતીજીનું જીવન ધર્મમય ધર્મરંગે રંગાયેલું હતું. સરળ, સહજ રીતે વહી રહ્યું હતું. એની ઝલક આપી છે. સાથે સાથે ગુરુદેવ નરેન્દ્રમુનિના હસ્તાક્ષરમાં એમના જીવનના અમૂલ્ય સૂત્રો મૂક્યા છે તથા મા સ્વામીના સુવાક્યો પણ મૂક્યા છે અને છેલ્લે થોડાક સ્તવનો મૂકીને પુસ્તકની પૂર્ણાહુતિ કરી છે.

♦♦♦

પુસ્તકનું નામ : **चिन्तन के आयाम - (द्वितीय भाग) ('जिनवाणी' मासिक पत्रिका के सम्पादकीय आलेख)**
લેખક : **ડૉ ધર્મચન્દ્ર જૈન**
પ્રકાશક : સમ્યગ્જ્ઞાન પ્રચારક મણ્ડલ - જયપુર
પૃષ્ઠ : ૧૫૨ + ૮
મૂલ્ય : ૪૦/- રૂ. (ચાલીસ રૂપિયા માત્ર)
અર્થ સૌજન્ય : શ્રીમતી ચાંદકવર એવં શ્રી કનકરાજ કુમ્ભર, જોધપુર
પ્રાપ્તિસ્થાન : સ્થાનકવાસી જૈન સ્વાધ્યાય સંઘ
સામાયિક - સ્વાધ્યાય ભવન, પ્લોટ નં.૨, કુમ્હાર છાત્રાવાસ કે સામને, નહેરુ પાર્ક, સરદારપુરા, જોધપુર - ૩૪૨૦૦૩ (રાજસ્થાન)
ફોન : ૦૨૯૧-૨૬૨૪૮૯૧
મોબાઈલ : ૯૪૬૨૫-૪૩૩૬૦



આ એક ચિંતનનો સુંદર સંગ્રહ છે. આમાં ૩૩ જેટલા વિષયો પર લેખકનું ઊંડું ચિંતન ઝળકે છે. આના કેટલાક લેખોમાં લેખકની ક્રાંતિધર્મિતા અને પ્રયોગધર્મિતા ઉજાગર થઈ છે. જ્યાં જરૂર લાગી ત્યાં આગમ અને આગમેતર સાહિત્યની સૂક્તિઓ, કવિઓની કવિતાઓ તથા અન્ય આવશ્યક કથનોના સંદર્ભ સહિત ઉલ્લેખ છે. બીજી વિશેષતા એ છે કે દરેક લેખમાં એક કે એકથી અધિક બોક્ષ મૂક્યા છે જેમાં લેખની સારભૂત વાતો મૂકી છે. જેથી આખું પુસ્તક વાંચવાનો સમય ન હોય તો આ બોક્ષમાંથી સાર મળી શકે છે.


એમના આલેખોમાં અનેક અસ્પર્શિત વિષય છે. કેટલાક સ્પર્શિક કે પરિચિત વિષય છે તો એની વિષયવસ્તુની વ્યાખ્યા નવી નવેલી છે. માત્ર એક શબ્દના શીર્ષક કે નાના-નાના શીર્ષકવાળા લેખોમાં મોટી મોટી વાતો બતાવવામાં આવી છે. જેમ કે - લોકૈષણા, પ્રશંસા, પ્રશમ સુખ, સમય, પરિવર્તન, વિવેક, વૈરાગ્ય, સ્વર્ગ-નરક, સામાયિક, અનેકાંતવાદ વગેરે.

આના કારણે આ પુસ્તક સ્વાધ્યાયીઓ, વક્તાઓ અને વિદ્યાર્થીઓ આદિ માટે અનેક રીતે ઉપયોગી છે.

આ પુસ્તક વ્યવહારિક અને પારમાર્થિક બંને પ્રકારના જીવનને બહેતર બનાવવા માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે.

♦♦♦

પુસ્તકનું નામ : **રાજગુરુ આશીર્વાદ ચિંતનિકા**
આશીર્વાદ ઉદ્ગાતા : પૂ. ગુરુદેવ રાજયશસૂરીશ્વરજી મ.સા.
ચિંતનિકા-લેખિકા : સાધ્વી વાંચયમાશ્રી (બેન મ.)
પ્રકાશક : શ્રી લબ્ધિ-વિક્રમ-સિદ્ધાચલ ચાતુર્માસ સમિતિ
પ્રકાશન લાભાર્થી : શ્રી લબ્ધિ-વિક્રમ-સિદ્ધાચલ ચાતુર્માસ સમિતિના શ્રાવિકા બહેનોના જ્ઞાનખાતામાંથી
આવૃત્તિ : ૨૫૦૦
પ્રાપ્તિસ્થાન : શ્રી નિશીથભાઈ અતુલભાઈ શાહ, ૧૧, ઓપેરા સોસાયટી પાર્ટ-૧, મેઘમણી હાઉસ પાસે, નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
મોબાઈલ : ૦૯૭૧૨૦૧૧૨૨૨
પૃષ્ઠ : ૧૫૨



આ પુસ્તિકામાં આચાર્યદેવ શ્રીમદ્વિજય રાજયશસૂરીશ્વરજી મ.સા. ના આશીર્વાદ ઉપર ચિંતનો કરવામાં આવ્યા છે. ગુરુદેવના ૬૫ જેટલા આશીર્વાદ ઉપર સાધ્વી ભગવંતે ચિંતન કર્યું છે. આશીર્વાદમાં રહેલા ભાવોને પખાળ્યા છે. એમાં રહેલા રહસ્યોને ઉજાગર કર્યા છે. જે વાંચતા ઉરમાં

ઉલ્લાસ વ્યાપે છે. અંતરમાં અજવાશ થઈ જાય છે અને ચિત્ત તૃપ્ત થઈને આનંદની અનુભૂતિ કરે છે.

♦♦♦

પુસ્તકનું નામ : **સૂત્રોની સુવાસ**
લેખિકા : સાધ્વી વાંચયમાશ્રીજી મ.સા. (બેન મ.સા.)
પ્રકાશક : શ્રી લબ્ધિ-વિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર, ટી-૭એ, શાંતિનગર સોસાયટી, આશ્રમ રોડ, અમદાવાદ-૧૩
કિંમત : અમૂલ્ય આવૃત્તિ : પ્રથમ
નકલ : ૧૦૦૦ પૃષ્ઠ : ૫૬
પ્રાપ્તિસ્થાન : શ્રી લબ્ધિવિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર



'મિત્તી મે સવ્વભૂએસુ' સૂત્રથી શરૂ કરીને અંતિમ સૂત્ર ''સવ્વં સુચ્ચિનં સફલં નરાણં' સુધીમાં કુલ ૩૬ સૂત્રરૂપી ફૂલો વેર્યા છે. દરેક ફૂલની અનેરી સુગંધને ચોમેર પ્રસરાવવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે. એક એક સૂત્રરૂપ ફૂલની સુગંધ, વર્ણને નિખાર્યા છે. એમાં રહેલા ભાવને હાઈલાઈટ આપીને શણગાર્યા છે. ૮૧ વર્ષની જૈફ સાધ્વી ભગવંતનો પુરુષાર્થ પમરાટ ફેલાવી રહ્યો છે. એક એક સૂત્રો સુવાસ પ્રસરાવી રહ્યા છે એનું સર્વ શ્રેય સાધ્વી ભગવંત વાંચયમાશ્રીજીને જ જાય છે. પુસ્તિકા નાની છે પણ મઘમઘતી સુગંધ ચોમેર ફેલાવી જાય છે. 'નાનો પણ રાઈનો દાણો'ની જેમ જ આ પુસ્તિકા પણ સાધ્વી ભગવંતના ચિંતનો દ્વારા આપણા જીવનને સંસ્કારિત કરી દે છે.

♦♦♦

પુસ્તકનું નામ : **શ્રી નવકારમંત્ર, પરિચય પુસ્તિકા - ૧૪૩૬ (માસિક) પૂ. જૈનાચાર્ય શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.**
આદ્ય સંપાદકો : વાડીલાલ ડગલી, યશવંત દોશી
માર્ગદર્શક : સુરેશ દલાલ
પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨-૨૨૮૧૪૦૫૯
આવૃત્તિ : પ્રથમ (વર્ષ ૨૦૧૮ની પુસ્તિકા નં ૨૦)
દર મહિનાની બે લેખે વર્ષની ૨૪ પુસ્તિકાઓ
છૂટક નકલ : રૂા. ૨૦
વાર્ષિક લવાજમ રૂા. ૪૦૦,
ત્રિમાસિક : ૧૦૦૦ રૂા.,
પંચવર્ષીય : રૂા. ૧૮૦૦
પૃષ્ઠ : ૬૨



જૈનધર્મનો કક્કો જેનાથી શરૂ થાય છે એ મહામંત્ર નવકારનો મહિમા કોઈથી અજાણ્યો નથી. શબ્દશક્તિના ખજાના તરીકે ઓળખાતા નવકારનો વિવિધ રીતે પરિચય આપતી પુસ્તિકામાં પંચ પરમેષ્ઠીનો પરિચય અને સાધના પદ્ધતિ આપી છે તેમ જ રંગવિજ્ઞાનનું પણ આલેખન કર્યું છે. જાપ કેટલી રીતે થાય તેના પ્રકાર બતાવ્યા છે. નવકારમંત્રની ફળશ્રુતિ બતાવી છે. નવકારમંત્ર ગણવાનો અધિકાર પ્રાપ્ત કરવા માટે ઉપધાન કરવો જોઈએ તો જ નવકારમંત્ર ગ્રહણ કર્યો છે એમ કહી શકાય. આમ નવકારમંત્રનો મહિમા પ્રગટ કરતી પુસ્તિકા છે.

♦♦♦

પુસ્તકનું નામ : **શ્રી પ્રતિક્રમણ સૂત્ર ચિંતનિકા**
લેખિકા : શાસન સેવિકા પૂ. સા. વર્યા વાંચયમાશ્રીજી મ.સા. (પૂ. બેન મ.સા)
આવૃત્તિ : દ્વિતીય નકલ : ૧૦૦૦
લાભાર્થી : શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ, સાંતાક્રુઝ, મુંબઈ
પ્રાપ્તિસ્થાન : શ્રી લબ્ધિ વિક્રમ સંસ્કૃતિ ભવન, T 7A શાંતિનગર-વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.
પૃષ્ઠ : ૧૯૦ + ૧૬



પ્રતિક્રમણ જૈન ધર્મનું હાર્દ છે. પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું. વિભાવમાં ગયેલા આત્માને સ્વભાવમાં લઈ આવવો એટલે પ્રતિક્રમણ. પ્રતિક્રમણની ક્રિયા કરતા કરતા પ્રાયશ્ચિત તપની આરાધના કરવાની હોય. રોજ એકનો એક પાઠ બોલવાનો હોય તો પણ એના પ્રત્યે જરા કંટાળો નથી લાવવાનો પરંતુ રોજેરોજ એના ભાવમાં ઊતરીને એકના એક દોષો વારંવાર ન થાય એ ભાવના ભાવવાની છે. એના શબ્દોના ક્રમ પાછળ પણ વિજ્ઞાન રહેલુ છે. પ્રતિક્રમણ એક યોગક્રિયા છે. આ યૌગિક સાધનાના રૂપમાં આલ્હાદજનક અનુભવ જન-જનનાં જગાડવાના છે. એના માટે ચિંતન-મનન અને પ્રયોગ જરૂરી છે. જે જગાડવા પૂ. સાધ્વી ભગવંતે ખૂબ જ પરિશ્રમ કરીને એની ચિંતનિકા પ્રગટ કરી છે. ૪૧ સૂત્ર લખાયેલ આ લેખો આપણને પાપથી પાછા વાળે છે અને પ્રતિક્રમણનું માહાત્મ્ય પ્રસ્થાપિત કરે છે.

❑❑❑

સંપર્ક : ૯૮૨૧૦૫૦૫૨૭
**(આ પુસ્તક મેળવવા ઑફિસનો સંપર્ક કરવો)**

સ્વતંત્રતાની શરૂઆત પાયામાંથી થાય, એટલે કે.....એકેએક ગામ રાજ્ય અમલની પૂરેપૂરી સત્તા ધરાવનારું પ્રજાસત્તાક અથવા પંચાયત હોય.

○○○

જે અર્થશાસ્ત્ર ધનપૂજાનો ઉપદેશ કર્યા કરે છે અને નબળાઓના ભોગે જબરાઓને ધન સંચય કરવા દે છે, તે ખોટું શાસ્ત્ર છે, એ ઘાતક છે.

○○○

પૈસો જ્યાં પરમેશ્વર છે ત્યાં ખરા પરમેશ્વરને કોઈ પૂજતું નથી. દોલત અને ખુદાને અણબનાવ છે.

# ભાવ - પ્રતિભાવ

**તંત્રીશ્રી, પ્રબુદ્ધ જીવન, મુંબઈ**

''પ્રબુદ્ધ જીવન''માં પ્રગટ થયેલ (માર્ચ - ૧૯) અંગ્રેજી લેખ - ''ગાંધીજી''માં એક ભૂલ લખાયેલ છે તે માટે નીચેના સુધારો છાપવા વિનંતિ છે.

સુધારો - "Gandhiji" - March 2019

'આશ્રમ ભજનાવલિમા મહાત્મા ગાંધીજીએ જૈન ધર્મની એકમાત્ર પ્રાર્થના રૂપે અપૂર્વ અવસરનો સમાવેશ કર્યો છે તેમ લેખમાં લખ્યું છે. જ્યારે 'આશ્રમ ભજનાવલિ''માં ઉત્કૃષ્ટ પદ અને સ્તવનોની રચના કરનાર મહાયોગી આનંદઘનજીનું પદ ''રામ કહો, રહેમાન કહો'' પદનો ગાંધીજીએ સમાવેશ કર્યો છે. (આશ્રમ ભજનાવલિની ૨૦૦૫ ફેબ્રુઆરીના ૪૮માં પુનર્મુદ્રણમાં પૃષ્ઠ ૮૭ પર આ પદ મળે છે.)

**ડૉ. કુમારપાળ દેસાઈ, અમદાવાદ**

❁❁❁

ઉપરોક્ત અંક મળ્યો. આ વખતનો અંક પણ હંમેશની માફક ખૂબ સુંદર છે. કેટલુંક લખાણ તો સૂત્રો જેવું છે. જેવું કે, તમારા તંત્રીલેખમાં પાન.૪ ઉપર

૧) પોતાના હળનું વજન મનુષ્યએ પોતે જ ઉપાડવું પડે, તો જ ખેતર સાથે અંગત નાતો બંધાય.

૨) જીવન અનેક નવા અચંબા લઈને આવે છે. મનુષ્ય પોતાની ક્ષમતા પ્રમાણે અને શક્યતા પ્રમાણે આભ વિકસાવે છે.

૩) મનોવિજ્ઞાન, સાહિત્ય, ફિલસૂફ - આ વિષયો સતત માનવમનનાં અકળ રહસ્યોને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે.

'ઉપનિષદમાં અવસ્થા ચતુષ્ટય વિદ્યા' તે લેખમાં ડૉ.નરેશ વેદે બહુ સારી રીતે સમજાવ્યું છે કે, 'જાગ્રત અવસ્થા અને સ્વપ્નાવસ્થા આપણને બંને અનુભવો થાય છે, પણ એમાં કઈ વાસ્તવિકતા છે અને કઈ ભ્રાંતિ છે ? આપણે જે બે વિશ્વમાં જીવીએ છીએ તેમાં એક હકીકતરૂપ છે અને બીજું ભ્રાંતિરૂપ છે.

'લેક્ષ કેનિયા'ના લેખમાં ચર્ચા કરી છે દુઃખનું કારણ.કહે છે; ''દુઃખનું કારણ છે તૃષ્ણા'' ખરી વાત છે. સુખનું Craving કરીને જ આપણે દુઃખને નોતરીએ છીએ.

**મોહનભાઈ પટેલ**
**પૂર્વ મેયર, મુંબઈ**

❁❁❁

એપ્રિલ ૨૦૧૯ના અંકમાં પ્રગટ થયેલ ડૉ. કીર્તિદા એસ. શાહનો ''જો હોય મારો આ અંતિમ પત્ર'' ઘણો ગમ્યો. એ કેવા જાતક જે બીજાએ આપેલ મનદુઃખોના સોપાન બનાવી પોતાની હસ્તિ નિખારે વળી એમનું કુંવરબાઈનાં મામેરાંનું rendring પણ મજાનું છે.

કેલિડોસ્કોપિક નજરે માં ભારતી દીપક મહેતા એમના જ શબ્દોમાં ''દરેક શબ્દ છેક અંતરે ઊતરીને બોલતા થયા.'' એટલે જ માર્ચ ૨૦૧૯ના અંકના પ્રત્યેક લેખ વિષે પ્રેમથી અને authentically લખ્યું છે. એ જ અંકના ભાવ-પ્રતિભાવમાંના પૂ. પન્યાસ ભદ્રંકરવિજયજીના ક્રાંતિકારી શબ્દો ''પ્રેમ અને અધ્યાત્મ એ બે અભિન્ન વસ્તુ છે'' અને પ્રેમના ઈચ્છુકને પ્રેમ ન આપવો એ અધર્મ છે. આ શબ્દોના તત્વને એમણે પચાવ્યું છે. એમને જ્ઞાન છે પણ કોઈ પ્રતિબદ્ધતા નથી એની આ છે ખાતરી.

આ (એપ્રિલ ૨૦૧૯) ના અંકમાં ચાર લેખો Secular છે. ''નારીમુક્તિ'' ''એક્સપાયરી ડેટ'' ''ઈમેન્યુઅલ કાન્ટ'' અને ''ગાંધી વાંચનયાત્રા'' આ લેખ ધર્મ-ધાર્મિકતા-નૈતિકતા નિરપેક્ષ છે. સ્વ. ધનવંત શાહની પહેલને આપે આગળ-આગળ ધપાવી એ માટે અમારા ધન્યવાદ.

સેજલબેન શાહના અગાઉના તંત્રીલેખો બૌદ્ધિકતા અને દાર્શનિકતામાં ઝબોળાયેલા હતા. આ વખતે એમણે લોહભોગ્ય શૈલીમાં જીવનલક્ષી સંદેશો આપ્યો છે. અબ્રાહમ માસ્લોની Self motivation ની થિયરી વાંચીને મારી સમજણ વધી.

બીજા સૌના આસ્થા અને ખંત વખાણવાલાયક છે ને જ અને એમ માનવમહેરામણના લુખ્ખા સુક્કા પ્રદેશમાં આપ સૌ અમારા જેવાઓને લિલાછમ્મ રાખો છે. ક્ષણોને સાર્થકતા આપો છો. તો વળી કોઈકને જીવી જવાનું બહાનું આપો છો.

**કીર્તિચંદ શાહ**

❁❁❁

'પ્રબુદ્ધ જીવન'નો અદ્યતન અંક મલ્યો, એનું સૌંદર્ય (ખાસ તો મુખપૃષ્ઠનું) વર્ધમાન - વધતું જણાયું. એમાંના તમારા લખાણો એકીબેઠકે વાંચી ગયો, આનંદ થયો. ખાસ તો અબ્રાહમ મેસ્લો (મનોવિજ્ઞાનના વિશેષજ્ઞ)ના વિચારો વિશે તમે તર્કબદ્ધ વિચારો કર્યા છે, અભિવ્યક્ત કર્યા છે. એ જોઈને પ્રસન્નતા વ્યક્ત કરું? બીજું, ડૉ. કુમારપાળ દેસાઈના મુસ્તક વિશેનો સમીક્ષાલેખ પણ ગમ્યો.

અમારા જ્ઞાતિબંધુ અભિજિતભાઈ વ્યાસનો લેખ પણ વાંચી ગયો. તેમાં સ્પર્શી ગયેલી બાબત તે મનુષ્ય માત્રની 'પૂજાવાની ઝંખના..' અંગે દાદા ભગવાન ચેતવે છે એ જ સારરૂપ વિચાર છે. અભિમાનને જો ગાળી શકાય તો પરમનો સ્પર્શ થાય એવા સાર વૈચારિક રીતે ગ્રહણ કર્યો છે તેમ છતાં વ્યાવહારિક રીતે લોકો સાથેના દૈનિક વર્તનમાં આપણે માન-અપમાનથી પર થઈ શકતા નથી અથવા એ થવું મંજૂર નથી. એવો આપણો સહુનો અનુભવ છે.

ગુજરાતી ભાષા - સાહિત્યના અધ્યાપિકા તરીકે અને અગ્રણી જૈન સન્નારીરૂપે આપને અપીલ છે કે જૈન સાહિત્ય કે સંસ્કારો

સિવાયના સંબંધોમાં કે જીવાતા જીવનના પુસ્તકોના રિવ્યુ ઝાઝા છાપો તો જાહેર જીવનમાં સૌને લાભકર્તા બને. જેમકે ડૉ......... નવું પુસ્તક 'લવ યુ .....' હમણાં એ વાંચુ છું. ઉપરાંત લખી રાખો આરસની તક્તી પર (પૂજ્ય આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજીનું પુસ્તક) પણ વાંચુ છું. તેથી ઉભયનો રિવ્યુ લખાશે.

મારા સાસુમાંનું ૮૨ વર્ષની ઉંમરે મૃત્યુ થયું હોઈ મારા ગૃહિણી અને પુત્ર દ્વારકા પાસેના મીઠાપુર ગયા હોઈ હું એકલો છું. ચૂંટણીને લીધે ન જઈ શક્યો. ઝોનલ અધિકારી તરીકે (પાછળ ભાગમાં આ કાગળમાં લખ્યા છે તેવા ગામડાઓ ફરવાની ફરજ હતી. ગઈકાલે જ એ પૂર્ણ થઈ છે. મુંબઈમાં જ નહિ સમગ્ર ગુજરાતમાં મંજૂ મહેલા (ફાર્બલવાળા) પછીથી કોઈ સામાયિકના મહિલા તંત્રી તમે ગુજરાતી સામાયિકોમાં એકલા જ છો. - વ્યાસ.

તા.ક. તમારા ઉભય લેખોમાં વાક્ય રચનાના એકાદ બે દોષોનો જોડણીના દોષો રહી ગયાનું માનીએ તો પણ કુતૂહલ શબ્દને કુતૂહલતા એવું બીજું, તમારા લેખમાં જ્યાં 'કરુણ' શબ્દ ક્રિયારૂપે આવે છે, ત્યાં 'કરુણતા' લખાવું જોઈએ. મિત્રભાવે ધ્યાન દોર્યું છે. દર્શાવવું ગુજ. વ્યાકરણ સંમત છે?

**મધુસૂદન મ. વ્યાસ**
**સંપર્ક : ૯૫૮૬૫૨૮૮૨૭**

❁❁❁

તંત્રી શ્રી સેજલબેન પ્રબુદ્ધ જીવન આપને જયજિનેશ્વર સાથે શુભકામના. તા. એપ્રિલ ૨૦૧૯ એક(૧) સૌ ઉષા નરેશ સંઘવી (વીર પ્રભુ મહાવીર જયંતિ નિમિત્તે) લેખ પાના નં.૨૫ પરનો વાંચ્યો. એમના પ્રયાસ માટે ધન્યવાદ. જૈનેતરોને આ લેખમાં ગાગરમાં સાગર થઈ રહેશે.

આ લેખમાં છપ્પન દિગ્કુમારીનો ઉલ્લેખ રહી ગયો છે. પરમાત્માના જન્મની સૌ પ્રથમ જાણ છપ્પન દિગ્કુમારીને થાય અને શે આવીને માતાનો સુતિકર્મ કરીને શુદ્ધ કરે છે. આ કુમારીઓને દુરગંછા નહિ નડતી હોય? જૈન શ્રાવકને ઘેર દિકરા દિકરીનો જન્મ થાય ત્યારે સુતક નડે છે અને અહીં એકનદી ૫૬ કુમારી પરમાત્માનો સુતિકર્મ કરે છે.

પરમાત્માનો જન્મ આપણે ચૈત્રસુદ તેરસના મનાવીએ છીએ. આગમ અને સૂત્રમાં પરમાત્માના જન્મ બાબત ઉલ્લેખ છે તે પ્રમાણે ભરતક્ષેત્ર કે ઐરાવત ક્ષેત્રમાં તીર્થંકરનો જન્મ મધ્યરાત્રી પછી ૭ પહોરમાં ક્યારે પણ ઉચ ગ્રહ રચાય ત્યારે જન્મ થાય છે. આપણે વિચારીએ ચૈત્ર સુદ તેરસના સુર્યાસ્ત પછી ૪ પોર પુરા થાય છે અને પાંચમો પહોર શરૂ થાય છે જે મધ્યરાત્રી એ ૬ પોર પુરા થતા ૭ પોર શરૂ થાય છે. આપોરમા લગ્ન રાશિ ગ્રહો બધુ બરાબર ગોઠવાઈ જતા પરમાત્માનો જન્મ થાય છે. અને મેરૂ પર્વત પર ....... પોર જેટલો સમય સહેજ પસાર થઈ જાય છે. આમ પરમાત્માના જન્મની વધાઈ તો ચૈત્ર સુદ ૧૪ના પ્રથમ પહોરે સૂર્યોદય સાથે દાસી રાજાને વધાઈ આપે છે. આ બધી વિધીને ધ્યાનમાં રાખીએ તો પરમાત્માનો જન્મ ચૈત્ર સુદ બારસની મધ્યરાત્રી પછી થયેલો? તો તેરસના ઉજવીએ એ બરાબર છે બાકી બેટા પેટ મે ધાન ખેતમેં અને ગુગલની મદદથી પરમાત્મા જન્મ સમય ગ્રહન નક્ષત્રો જોઈ નક્કી કરવું જોઈએ કે પરમાત્માનો જન્મ ક્યારે

જન્મ પછી પરમાત્માને અભિષેક માટે મેરૂપર્વત લઈ જતી વખતે માતા પાસે વૈક્રિય શરીરથી પરમાત્મા જેવો રૂપ ઈન્દ્ર વૈક્રિને મુકે છે. આખો રાજ સવપ્નિ નિંદ્રામાં સુતો છે. ઈન્દ્રને સુતક જેવું નહિ હોય જે એકરૂપે પરમાત્માની મા પાસે છે.

પરમાત્માનો નિર્વાણ કલ્યાણક દેવો પૂર્ણ કરે છે એમને એનો નજીક નથી લાગતો અને ઘરમાં કોઈનો મૃત્યુ થાય તો પુન્યથી વંચીત થવું પડે છે.

આજ અંકમાં પાના.૧૬ પર શ્રી ગુલાબભાઈ દેઢિયાનો લેખ એક સયાયરી ડેટ ખરેખર આધુનિક અને નુતન વિચારોની ઉડાનથી બધાને ગમે એવો છે.

જૈન પદોમાં પારિભાષિક પ્રયોગો પર્વતનક મુનિ શ્રી મૃગેન્દ્ર વિજયજી મ. અતિ ગહન ચિંતન અને રજુઆત કાબીલેદાદ છે. હું એ લેખ પર આફરીન થયો અને આ અંકનો જૈનદર્નાનનો આસ્વાદ કરાવતો આ લેખ પ્રથમ સ્થાન ભોગવે એવો છે. બે વખત વાંચ્યા છતા તૃપ્તિ નથી એટલી ગહનતા છે. અમને આવા અર્થ સમજવામાં આવ્યા જ નથી ભુલ ક્ષમ્ય કરી સુધારીને વાંચજો.

**મહેન્દ્ર ભણસાલી,**
**મુંબઈ - ૪૦૦૦૦૪**

❁❁❁

માર્ચ-૨૦૧૯નો અંક વાંચ્યો. કુમારપાળભાઈ દેસાઈના લેખે તો રંગ રાખ્યો, ગમ્યો, ખૂબ ગમ્યો.

બીજુ, ભક્તામર સ્તોત્ર-આસ્વાદમાં ડૉ. રતનબેન મહાવાત હેમકડીની કથામાં લખે છે કે 'મહારાજ હેમબ્રહ્મ બધી સુખી સંપન્ન હતાં પરંતુ સંતાનના અભાવમાં સદા બેચેન રહેતા હતાં..'

મનઃ પર્યવજ્ઞાની મુનિ મળે છે અને એ સંતાન પ્રાપ્તિનો ઉપાય બતાવે છે. તેઓશ્રી લખે છે : 'ભક્તામરની નવમી ગાથા કેસર અને ચંદનથી લખી, અને તેને પાણી વડે ધોઈ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક તે પાણી પીવુ તારી મનોકામના અવશ્ય પૂર્ણ થશે.'

હવે આમાં બે વાત છે. એક, મનઃપર્યવજ્ઞાની મુનિ ક્યારે પણ કોઈને સાંસારિક -ભૌતિક સુખના મંત્રો ન આપે.

બે ભક્તામરની રચના માનતુંગસુરિ મહારાજે કરી. તેઓશ્રીએ જ્યારે રચના કરી ત્યારે ભરતક્ષેત્રમાં એક પણ મનઃપર્યવજ્ઞાની હતાં નહી. કારણ કે જંબુસ્વામીના નિર્વાણ પછી તરત જ મનઃ પર્યવજ્ઞાનનો વિચ્છેદ થયો તો રાજા હેમબ્રહ્મને મનઃપર્યવજ્ઞાની મુનિ કયાં ને ક્યારે મળ્યા?

આ પ્રાચીન કથા છે તો કથા ગ્રન્થના આધારે લખાઈ છે? એ જાણવા મળી શકે?

**આચાર્ય રત્નચન્દ્રસૂરીશ્વરજી મહારાજ (ડહેલાવાળા)ના શિષ્ય મુનિ રાજદશ૪ન વિજયજી**

❀❀❀

આચાર્ય રત્નચંદ્રસૂરિશ્વરજી મ.સા. (ડહેલાવાળા),

મત્થેણ વંદામિ,

મારા 'પ્રબુદ્ધ જીવન'માં ભક્તામર-ગાથા-૯ સાથે આપેલ ભદ્રાનગરીના રાજા હેમબ્રહ્મ અને તેની ભાર્યા હેમશ્રીની કથામાં જે મનઃપર્યવજ્ઞાની શબ્દ વિષે આપે મારું ધ્યાન ખેંચ્યું તે ખરેખર યોગ્ય છે. તે સમયે મનઃ પર્યવજ્ઞાની ભગવંતો હતાં જ નહિ. તેમ જ હોય તો સંસારના ઉપાયો બતાવે પણ નહિ. પરંતુ વિશેષ સાધના કરનાર નિમગ્ન સાધુ ને મનના પરિણામ જાણવાની વિદ્યા પ્રાપ્ત થતી. આજનું વિજ્ઞાન તેને 'ટેલીપથી' કહે છે. એટલે આ કથામાં મનઃપર્યવજ્ઞાની શબ્દ શરતચૂકથી પ્રયોજાયો છે. આ કથા પણ મેં એક ગુરુભગવંત પાસેથી જ મેળવી હતી. આ બાબત તેમની સાથે ચર્ચા કરતાં ખબર પડી કે આ એક ભૂલ થઈ ગયેલી કહેવાય. આપ ગુરુભગવંત આ બાબત મારા લક્ષમાં લાવ્યા એ બદલ હું આપની આભારી છું.

**લિ. આપના આશિષની અધિકારી**
**રતન છાડવા**

❀❀❀

સાદર પ્રણામ, જય જિનેન્દ્ર, પ્રબુદ્ધ જીવન હું છેલ્લા બે-ત્રણ વરસથી વાંચુ છું દરેક વખતે નવું જાણવા મળે છે. ''જો હોય મારો અંતિમ પત્ર ખૂબજ સરસ કીર્તિદા બેન.'' રાત્રે સૂતી વખતે પ્રાર્થના કરવાની દિવસ દરમ્યાન મને જેમનાથી દુઃખ વેદના થઈ હોય તેમનો આભાર...'' આ એક જ વાક્ય મનનો કેટલો ભાર હળવો કરી નાંખે છે. ખૂબ અનુમોદના આવું વાચવાથી ક્યારેક ભાવમાં ઘણું પરિવર્તન આવી જાય છે. ખૂબ સરસ રત્ના બેન તમારું ભક્તામરનું વિવેચન વાંચીને ખૂબ જ જાણવા મળે છે. આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજીના લેખો વાંચવાની મજા આવે છે. ધન્ય છે પ્રબુદ્ધ જીવનના દરેક અંકને દરેક વખતે નવું વાંચી આત્મબળ મજબૂત બને છે.

**ઈંદિરા એ શાહ, નવજીવન સોસાયટી, ૯૮૯૨૩૧૭૨૪૦**

❀❀❀

'પ્રબુદ્ધ જીવન'માં વિવિધ લેખસામગ્રી ઉપરાંત વાચકોની કલમને પણ ભાવ-પ્રતિભાવ કોલમમાં તેમજ અન્યત્ર યથાયોગ્ય આવકાર મળે છે. પ્રગટ લેખોના પ્રતિભાવ પરથી એમની નિમગ્નતા (ઈન્વોલ્વમેન્ટ)ની પ્રતીતિ થાય છે. એમનું ઊંડું ચિંતન જાણે કે એક સ્વતંત્ર લેખ બની રહે છે.

માર્ચ'૧૯, મુખપૃષ્ઠ ૪ ઉપર ખાદીમાતા મણિબેન નાણાવટીનો પરિચયલેખ કેવળ માહિતીસભર નહિ, બલ્કે હૃદયંગમ છે. સાધનસંપન્ન ઉચ્ચ વર્ગની સ્ત્રી ગાંધીવિચારથી રંગાય અને સ્ત્રીઉત્કર્ષના સેવામય કાર્યને પોતાનું જીવનધ્યેય બનાવી દે એ બહુ મોટી વાત છે. લેખના અંતે લેખકનું નામ અથવા એ ક્યાંથી ઉદ્ધૃત કર્યો એ જણાવ્યું હોત તો!

**શાંતિલાલ ગઢિયા**
૧૦૩ સિરીન એલિગન્સ, ૧૨ બી,
પ્રતાપગંજ, વડોદરા-૩૯૦૦૦૨.
સંપર્ક : ૦૨૬૫-૨૭૫૦૨૭૫

## શ્રી સૂર્યકાન્ત પરીખ - કાર્યપાલક અધ્યક્ષ - નાસા ફાઉન્ડેશનનાં અવસાન અંગેનો શોક ઠરાવ

પ્રખર ગાંધીવાદી, સમાજ સેવક, સ્વાતંત્ર્ય સેનાની અને નાસા ફાઉન્ડેશનના સ્થાપક તથા કાર્યપાલક અધ્યક્ષશ્રી સૂર્યકાન્તભાઈ પરીખનું ૯૩ વર્ષની વયે શુક્રવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે તેઓના નિવાસ સ્થાને દુઃખદ અવસાન થયું છે. તેઓશ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના જમાઈ હતા.

શ્રી સૂર્યકાન્ત પરીખે સમાજની સ્વચ્છતા અને સ્વાસ્થ્યનો વિચાર કર્યો, જેના પરિણામે જાહેર શૌચાલયની નવી અને ખૂબજ અગત્યની પ્રણાલિ શરૂ કરી. સમાજમાં દિશા-સૂચનની પ્રશંસનીય કામગીરી કરી. અંગત કાળજી લઈ પોતાની જાતને તેમાં પરોવી દીધી. દાનવીરો, સાશનતંત્ર અને સમાજના સહકારથી પોતાની જાતને સમગ્ર રીતે તે કામમાં પરોવીને આ સંસ્થાને ગુજરાતની અગ્રીમ સંસ્થા તરીકે આગળ લાવ્યા. ઉપરના ત્રણેય વર્ગોનો તેમનામાં અપ્રતિમ વિશ્વાસ હતો. સાથે સાથે પછાત વર્ગનાં એવા નાનામાં નાના કર્મચારીઓનાં કામમાં તેમજ તેઓના અંગત જીવનનાં ઉત્કર્ષ માટે સક્રિય બનીને સમાજની અનોખી સેવા કરી. આ રીતે તેમણે ગાંધીજી અને વિનોબાજીના આદર્શોને એક નવા ક્ષેત્રમાં ચરિતાર્થ કર્યા. તેઓશ્રીએ સ્વાતંત્ર્ય ચળવળ, અને ભૂદાન-પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધેલ. ગાંધીજી, વિનોબાજી, જયપ્રકાશ નારાયણ, મોરારજીભાઈ દેસાઈ, મીરાંબેન વિગેરે સાથેના જાહેરજીવનમાં તેમજ જયકૃષ્ણ હરિવલ્લભદાસ જેવા ઉદ્યોગપતિનાં સાથમાં અને ઉદ્યોગ અને બેંક વિગેરેમાં પણ પ્રત્યક્ષ અનુભવથી પોતાના જીવનને સમૃદ્ધ કરીને તે તમામના નિચોડ તરીકે તેમનાં જીવનની અંતિમ પ્રવૃત્તિ તરીકે ત્રણ દાયકા સુધી તે સારી રીતે ચલાવી.

# આત્મરતિ

यदा किञ्चिज्ज्ञोऽहं द्विप इव मदान्धः समभवं
तदा सर्वज्ञोस्मित्यभवदवलिप्तं मम मनः ।
यदा किञ्चित् किञ्चिद्बुधजनसकाशादवगतं
तदा मूर्खोस्मीति ज्वर इव मदो मे व्यपगतः ।। नीतिशतक/7

જ્યારે મને થોડુંક જ જ્ઞાન હતું ત્યારે હું મદોન્મત્ત હાથી જેવો થઇ ગયો હતો; ત્યારે 'હું સર્વજ્ઞ છું' એમ મારું મન ગર્વિષ્ઠ બની ગયું હતું. જ્યારે વિદ્વાનોનાં સંસર્ગથી થોડું ઘણું જ્ઞાન મેળવ્યું ત્યારે 'હું અલ્પજ્ઞ છું' એ જાણી જેમ ઔષધીનું સેવન કરતા તરત જ તાવ ઊતરી જાય તેમ મારો ગર્વ ઊતરી ગયો.

હાથી જ્યારે મદોન્મત્ત થાય છે ત્યારે ભુરાયો થઇ આંધળાની જેમ દિશાહીન થઈ ભટકે છે. અલ્પજ્ઞ માનવી પણ અજ્ઞાનવશ મદાંધ થઇ પોતાને સર્વજ્ઞ માની ઉન્મત થઇ ફરતો હોય છે. કવિ અહીં સ્વની વાત કરતાં હોય તેમ સર્વની સામાન્ય વાત કરે છે. કેટલાક અહંમન્ય લોકો 'अर्धघटःकरोति शब्दम्' ની જેમ પોતાની અલ્પમતિના ઢોલ વગાડ્યા કરે છે. અન્યની વાત સાંભળવાની પરવા કર્યા વગર પોતાના વિચારો વેર્યા કરે છે.

આપણા પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં સુંદર સૂક્ત છે. આ નો भद्राः क्रतवो यन्तु विश्वतः અમને સર્વ દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ. બદ્ધ મન રાખી જ્ઞાનના દરવાજાઓ બંધ રાખનારાઓ હોય કે જ્ઞાનીઓ હોય, આવિષ્કારો સાથે સતત અનુસંધાન રાખવાની સમજ આપતી કેવી શ્રેષ્ઠ પ્રાર્થના! પરંતુ પ્રાર્થના તો જ ફળે જો મનની બારી ખાલી અને ખુલ્લી રાખીએ. પૂર્વગ્રથિત વિચારોની કૂપમંડુકતાયુક્ત બંધ બારીમાં કંઈ ના પ્રવેશી શકે. જ્ઞાનના વિશાળ અને અગાધ અબ્ધિમાંથી દરેક માનવી પોતાની ક્ષમતા અનુસાર પામી શકે. નાનકડી ઉપલબ્ધિને મોહવશ મહાન સમજી આત્મરતિરત બની એનું પ્રદર્શન કરનારાઓનો વિકાસ સદંતર અટકી જાય છે.

આવી વ્યકિત પોતાના સદ્દભાગ્યે અનાયાસે પણ જો કોઈ વિદ્વાન સજ્જનના સંસર્ગમાં આવે અને એમની જ્ઞાનગંગામાંથી અંજલિમાત્ર ય પાન કરવા મળે તો એને પોતાની ન્યૂનતા ખ્યાલ આવવા માંડે છે. અહીં કવિએ સુંદર ઉદાહરણ આપી આ વાત સ્પષ્ટ કરી છે જેમ ઔષધીનું સેવન કરતા તરત જ તાવ ઊતરી જાય છે. તેમ જ વિદ્વાન વ્યક્તિના જ્ઞાનનો અલ્પસ્પર્શ પણ જ્ઞાનાન્ધતાના મદને ઉતારવા પર્યાપ્ત છે. વિદ્વદ્જનના સંગનો મહિમા અનન્ય છે.

અહીં મને કવિકુલગુરુ કાલિદાસની વિનમ્રતાનું સ્મરણ થાય છે. સુવિખ્યાત ગ્રંથ'રઘુવંશ'ના પ્રારંભમાં કવિ લખે છે; ''આપનો સૂર્યપ્રભવી વંશ ક્યાં અને ક્યાં મારી અલ્પવિષયા મતિ ? આમ છતાં મારી બુદ્ધિરૂપી નાનકડી નાવ લઈને આ દુસ્તર સમુદ્ર તરવાનું સાહસ કરું છું.'' આવા પરમ વિદ્વાનના વિનય-વિવેકને નમન કરવાનું કોને મન ન થાય ? આવા અનેકાનેક સર્જકો અને વ્યક્તિઓ ભારતમાં હતા અને વિદ્યમાન છે. વિશ્વમાં પણ એવા અનેક વિદ્વાનો છે એટલે જ કહેવાયું છે "बहुरत्ना वसुन्धरा."

સાંપ્રત સમયની વાત કરીએ તો આધુનિક વિજ્ઞાને અનેક અન્વેષણાત્મક આવિષ્કારોની ભેટ આપી છે. માધ્યમો અને ઉપકરણો દ્વારા પ્રત્યાયન માટેની અનુકૂળતા સર્જી આપી છે. જાણે કે સ્થળ અને સમયને માણસની હથેળીમાં મૂકી આપ્યા છે. અયોગ્ય ઉપયોગને કારણે સ્મરણશક્તિ, ગણકશક્તિ, વિચારશક્તિ વિગેરે બુદ્ધિની શાખાઓ સ્તબ્ધ અને શિથિલ થઇ એક ખૂણે બેસી આ કહેવાતી પ્રગતિને ટગર ટગર જોયા કરે છે ! અલ્પજ્ઞાનીઓના મેળા જ ઉભરાઈ રહ્યા છે. એમાં કોની રેખા લાંબી એ નક્કી કરવા સતત સ્પર્ધા ચાલી રહી છે. વ્યક્તિએ સ્વયંની અધૂરપને ઓળખવાની શક્તિ ગુમાવી દીધી છે કે પરવા જ નથી. ઉતાવળે આંબા પકવીને આમ્રફળ ઉતારવા છે. અંતર ઓછા થઇ ગયા પરંતુ મનના અંતર વધી ગયા. દૂર દૂરથી વાતો કરવાથી જ વાત પતી જતી હોય તો પછી મળવાની જરૂર ન રહી. આંગળામાં અક્ષરો આવી ગયા, શબ્દને પામ્યા વિના શબ્દ મળી ગયા. પછી દોષ કોનો ? કોઈના જ્ઞાનથી અજ્ઞાન વધારવાના આ અભિગમે અર્ધજ્ઞાની અને અલ્પજ્ઞાનીઓની સંખ્યા વધી છે. શું કહીશું આને, અતિજ્ઞાન કે તેની ક્ષતિ ?

**સુશીલા સૂચક, મુંબઈ**
**હાલમાં અમેરિકા**
**સંપર્ક : ફેસબુક પર કરવો.**



# Jain Philosophy Certificate Course

## Mumbai University

**જૈન ધર્મ ફિલોસોફી અભ્યાસ**

મુંબઇ યુનિવર્સીટી

- પાર્ટ ટાઇમ સર્ટિફિકેટ કોર્સ
- અઠવાડીયામાં એક દીવસ ફક્ત ચાર કલાક
- સરળ ભાષામાં જૈન ધર્મ ફિલોસોફીની સમજ
- કોર્સ જુન 2019થી માર્ચ 2020

(અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં ઉત્તર પત્રિકા)

**जैन धर्म फिलोसोफी अभ्यास**

मुंबई युनिवर्सीटी

- पार्ट टाईम सर्टिफिकेट कोर्स • हप्ते में एक दिन चार घंटे
- सरल भाषा में जैन धर्म फिलोसोफी की समज
- कोर्स जुन 2019 से मार्च 2020

(अंग्रेजी, गुजराती, हिन्दी या मराठी में उत्तर पत्रिका)

**Part Time Certificate Course - Once A Week - Four Hours - One Year**

**Can Appear In English, Gujarati, Hindi Or Marathi Language**

**Eligibility : Old SSC Passed [11th Metricualtion] Or HSC or equivalent**

### Four Centers In Mumbai For Certificate Course

| Center | Day & Time [Lecture] | Admission Contact | |
|---|---|---|---|
| Marine Lines<br>Shankunatala School | Every Thursday<br>Afternoon 3 To 7 | Bharat Virani<br>Rupal Shah | 9869037999<br>9967061303 |
| Borivali [West]<br>M. K . School | Every Sunday<br>Morning 9 To 1 | Jayshree Doshi<br>Kapila Shah | 9323761513<br>8898965677 |
| Ghatkopar [East]<br>Ramji Asar School | Every Sunday<br>Morning 9 To 1 | Ritesh Bhayani<br>Bela Thosani | 9867209804<br>9833231215 |
| Santacruz [East]<br>Kalina University Complex | Every Saturday<br>Afternoon 1 To 5 | Parul Shah<br>Jehil Jhaveri | 9819071314<br>9869665290 |

Chief Admission Co-ordinator : Kavita Shah : M.: +91 8850391020 | Email.: cashahkavita@gmail.com

Managing Trustee : Dr. Bipin Doshi

Web Site: www.jainphilosophy.org

## વિદ્યાતીર્થ વિદ્યાલય - શ્રી મહાવીર જૈન વિદ્યાલય

પંજાબ કેસરી આચાર્યશ્રી પ.પૂ. વિજય વલ્લભસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને આશિષ સહ આજથી ૧૦૪ વર્ષ પૂર્વે વિ.સ. ૧૯૭૦, ફાગણ સુદી પાંચમને સોમવાર, તા. ૦૨-૦૩-૧૯૧૪ ના શુભ દિવસે ''શ્રી મહાવીર જૈન વિદ્યાલય''ની મંગલ સ્થાપના કરવામાં આવી. પૂ. ગુરૂદેવે જોયું કે ગુજરાતના નાના ગામો અને શહેરોમાં યોગ્ય શૈક્ષણિક સુવિધાઓ પ્રાપ્ત ન હતી. ઉચ્ચ અભ્યાસની તીવ્ર ધગશવાળા ઉચ્ચ ગુણાંક સાથે પાસ થનારા વિદ્યાર્થીઓ મુંબઈ ઉચ્ચ અભ્યાસ માટે આવતા એ લક્ષમાં લઈને આપણા સમાજના યુવાધનના ઉચ્ચ અભ્યાસની સગવડતા ઉભી કરવાના ધ્યેય સાથે પૂ. ગુરૂદેવ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપનાની પ્રેરણા આપી.

પૂ. ગુરૂદેવના મનમાં ઉચ્ચ અભ્યાસ માત્ર બૌધિક વિકાસ માટે જ નહી પરંતુ વિદ્યાપિપાસુના સર્વગ્રાહી વિકાસનું કારણ બને તેજ વિચારોથી પૂ. ગુરૂદેવે ઉચ્ચ વ્યવાહારિક અભ્યાસ સાથે ધાર્મિક સંસ્કારના સિંચનના અભ્યાસને સંલગ્ન કર્યા.

સંસ્થાની સ્થાપના સમયે ત્રણ મૂળભૂત મુદ્દાઓ વિચારવામાં આવ્યા હતા. રાત્રિભોજન નિષેધ, અભક્ષ્યનો ત્યાગ અને જિનપૂજા સાથે ધાર્મિક અભ્યાસ વિગેરે ધ્યાનમાં રાખીને પંદર વિદ્યાર્થીઓ સાથે ''શ્રી મહાવીર જૈન વિદ્યાલય'' ૧૯૧૫માં ભાડાના મકાનમાં શરૂ કરવામાં આવ્યું. જે આજે વટવૃક્ષરૂપી ગુજરાત-મહારાષ્ટ્ર તેમજ રાજસ્થાનનાં મુખ્ય શહેરોમાં ૧૨ શાખાઓ, ૧૬૦૦ વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થિનીઓથી અધિક અભ્યાસ કરી શકે તેવી અદ્યત્તન સુવિધાઓ સાથેના વિદ્યાર્થી ગૃહો/ કન્યા છાત્રાલયો કાર્યરત છે.

શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા વિદ્યાલયે શ્રી મહાવીર જૈ વિદ્યાલય એજ્યુકેશન ફાઉન્ડેશન નામનું નવું ટ્રસ્ટ રચી વડોદરા મુકામે એમ.બી.એ. કોલેજ શરૂ કરેલ છે.

આપણા સમાજના યુવાધન ઉચ્ચ પ્રોફેશનલ શિક્ષણથી આર્થિક કારણોસર વંચિત ન રહે તે માટે વગર વ્યાજની લોન સહાય યોજના ચાલુ છે. આ યોજના હેઠળ વિદ્યાલય દ્વારા ભારત અને પરદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજની લોન આપવામાં આવે છે.

**જૈન સાહિત્ય અને પ્રકાશનને ઉત્તેજન :-**

(૧) સંસ્થા દ્વારા જૈન ધર્મના પુસ્તકોના પ્રકાશનને ઉત્તેજન મળે તે માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય જિનાગમ ટ્રસ્ટની રચના કરવામાં આવી છે અને આ ટ્રસ્ટ દ્વારા આગમના ગ્રંથો તૈયાર કરવામાં આવે છે. તેમજ અન્ય પુસ્તકોનું પ્રકાશન પણ સંસ્થા દ્વારા પ્રગટ કરવામાં આવે છે.

સાદી અને સરળ ભાષામાં વિવેચનાત્મક અને સંશોધનાત્મક સાહિત્યની વિપુલ સામગ્રી પ્રકટ કરવાની સમયદર્શી આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ અને સંસ્થાના અનેકમુખ ઉત્કર્ષના પુરસ્કર્તા સ્વ. શેઠશ્રી મોતીચંદભાઈ કાપડિયાની ભાવના હતી અને આ માટે સ્વ. શેઠશ્રી મોતીચંદભાઈ કાપડિયાએ ગ્રંથમાળાના સંપાદન કાર્યની શરૂઆત કરી અને આજ દિન સુધીમાં ૯ પુસ્તકો તથા શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ (સંગ્રાહક અને સંપાદક) ગ્રંથમાળાના જૈન ગુજ્જર કવિઓ ભાગ ૧ થી ૧૦ અને અન્ય સાત પુસ્તકો તથા મુનિશ્રી નંદિઘોષ વિજયજી પ્રકાશિત બે પુસ્તકો પ્રકાશિત થયેલ છે.

(૨) જૈન સાહિત્યનો પ્રસાર, પ્રચાર અને ઉત્તેજન મળે તે માટે આજદિન સુધીમાં ૨૩ જૈન સાહિત્ય સમારોહનું જુદા જુદા સ્થળે આયોજન કરવામાં આવેલ છે.

**ઉદ્દેશો અને અમલીકરણ તેમજ એકવીસમી સદી તરફ પ્રયાણ :-**

શરૂઆતમાં જે મૂળભૂત નિયમો ઘડવામાં આવ્યા હતા તે અનુસાર આજ રીતે આજે દશ દાયકાથી સંસ્થા મક્કમપણે એકવીસમી સદી તરફ આગળ વધી રહી છે. જેમાં નીચેના મૂળભૂત નિયમો અમલમાં છે.

(૧) દરેક શાખામાં વિદ્યાર્થીઓ નિયમિત જિનપૂજા કરી શકે તે માટે મુંબઈ, અંધેરી, વડોદરા, વલ્લભ વિદ્યાનગર, ઉદેપુર, ભાવનગર તેમ જ પૂના મુકામે શિખરબંધી દેરાસરજી બનાવેલ છે. જ્યારે સેન્ડહર્સ્ટ રોજ શાખામાં ઘર દેરાસર છે. અમદાવાદ તથા વડોદરા મુકામે વિદ્યાર્થીગૃહનું નવનિર્માણની શરૂઆત થયેલ છે. આ બંને જગ્યાએ નૂતન જિનાલય નિર્માણાધીન છે.

(૨) ધાર્મિક અભ્યાસક્રમ માટે દરેક શાખામાં ધાર્મિક શિક્ષકો દ્વારા ધાર્મિક અભ્યાસના વર્ગો ચલાવવામાં આવે છે. નિયમિત ધાર્મિક પરિક્ષાઓ લેવામાં આવે છે અને પ્રોત્સાહનરૂપે વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવે છે.

(૩) વિદ્યાર્થીઓને ધાર્મિક પ્રવાસ, ડેવલપમેન્ટ શિબીરો, ઉગ્ર તપશ્ચર્યાઓને પ્રોત્સાહન માટે સુવિધાઓ આપવામાં આવે છે.

(૪) વિદ્યાર્થીઓના વ્યક્તિગત અને વ્યક્તિત્વના વિકાસ માટે સ્પર્ધાઓ, રમત-ગમત તેમજ વ્યાયામના સાધનો ઉપલબ્ધ હોય છે. અને સેમીનારો ગોઠવવામાં આવે છે.

(૫) શાખાના વિદ્યાર્થીઓ દ્વારા ''આંતર શાખા હરિફાઈ'' યોજવામાં આવે છે. અને પ્રોત્સાહન રૂપે ઈનામો આપવામાં આવે છે.

(૬) વિદ્યાર્થીઓને ''જનરલ નોલેજ'' માટે શાખાઓમાં ન્યુઝ પેપર્સ, મેગેજીન-રેફરન્સ બુક્સ સારા પુસ્તકો તેમજ લાઈબ્રેરીઓ સ્થાપવામાં આવી છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ૧૦૪ વર્ષ દરમ્યાન, સમાજના અંદાજે ૨૫૦૦૦ વિદ્યાર્થીઓને વિદ્યાના અમૃતનું પાન કરાવી કાર્યદક્ષ આને સ્વાશ્રયી બનાવ્યા અને તેમના જીવનને સેવાભાવના, ધાર્મિકતા તેમજ સંસ્કારિતાથી સુવાસિત બનાવ્યા.

ઉછરતી પેઢીને વિદ્યાનું અને પ્રેરણાનું પાન કરાવીને સમાજને સમૃદ્ધ, શક્તિશાળી અને સંસ્કારી બનાવનારી વિદ્યાલયની આ મહારબ અ્યારે પણ અવિરતપણે ચાલી રહી છે.

સમાજના કલ્યાણબંધુ મહાનુભાવો અને પુણ્યમાર્ગના પ્રવાસીઓ ઉદાર અર્થિક સહકારરૂપી આપની ભાવનાની નીર આ મહાપરબમાં નિરંતર ઉમેરતા રહેશો! આપની ઉદારતા આપને ધન્ય બનાવશે અને સમાજને સમૃદ્ધ બનાવશે. આવો બેવડો લાભ લેવાનું રખે કોઈ ચુકતા!

જ્ઞાન પ્રસાર દ્વારા સમજણને વિસ્તારવાનો જે પુરૂષાર્થ કરે તે જગતનો મોટો ઉપકારી. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આવા પુરૂષાર્થ દ્વારા સમાજને સમૃદ્ધ, શક્તિશાળી અને સુખી બનાવવાનું વિનમ્ર જીવન વ્રત સ્વીકાર્યુ છે એ વ્રત પાલનમાં સહાયક થશે તે કૃતકૃત્ય થવાની સાથે સમાજ કલ્યાણના સહભાગી બનશે.

સૌને સથવારે આપણે તન, મન અને ધનથી વિદ્યાલયની સેવામાં અહર્નિશ ઉભા રહીએ અને યુગપુરૂષના આશિષસહ, ભવ્ય ભૂતકાળના સહારે સુંદર વર્તમાનની કેડી પર કદમ મિલાવી ઉત્કૃષ્ટ ભવિષ્યનું સ્વપ્ન સિદ્ધ કરીએ એજ અભ્યર્થના.

(અનુસંધાન છેલ્લા પાનાનું ...)

પછી તો થોડા સમય બાદ સાબરમતી આશ્રમમાં અધ્યાપન મંદિરમાં પરીક્ષિતભાઈના આગ્રહથી શિક્ષક તરીકે જોડાઈ ગઈ. અધ્યાપન મંદિરની બહેનો સાથે રોજ સવારે એક કલાક પ્રાર્થના પછી ગુરુદયાલ મલ્લિકજી પ્રવચન આપતા એટલે મનેય એમના સત્સંગનો લાભ મળ્યો હતો. ગુરુદયાળ મલ્લિકજીને અમે 'ચાચાજી' કહેતા. તેઓ પ્રભુના નમ્ર ભક્ત અને અધ્યાત્મ માર્ગના પથિક હતા. કવિવર ટાગોરના શાન્તિનિકેતનમાં શિક્ષક તરીકે જોડાયા પછી તેમને રવીન્દ્રનાથ ટાગોરની ચેતનાનો સ્પર્શ થયો અને રવીન્દ્રનાથને તેઓ પોતાના ગુરૂ માનતા થયા. ચાચાજીના પ્રવચનની નોંધ હું કરતી. તેમાંની એક વાત મને રોજ યાદ આવે છે.

એકવાર તેઓ (ચાચાજી) વહેલી સવારે બાગમાં બેઠા હતા. હજુ થોડો અંધકાર હતો. બહાર કોઈ મસ્તીમાં આવી ગાતું હતું.

'નમું ઉસ બ્રહ્મ કો જો સબસે મહાન,
પૃથ્વી જિસકી પાદુકા, અંતરિક્ષ શરીર,
સૂરજ-ચાંદ આંખે, ઔર શિર આસમાન.
જ્યોતિ ઉસકી વાણી, દિશા ઉસકે કાન,
પવન ઉસકા પ્રાણ, જો સબ મેં સમાન...'

અંધકાર દૂર થવા લાગ્યો હતો અને ધીમે ધીમે પ્રકાશ ફેલાઈ રહ્યો હતો. કુદરતનું બધું એક વિહાર કાળા કામળાની નીચે ઢંકાઈ ગયું હતું, તે હવે પ્રકાશની સાથે નજરે પડવા માંડ્યું. આપણે એકબીજાને ઓળખવા માટે જેમ ભાષાનો ઉપયોગ કરીએ છીએ તેમ પ્રકૃતિને, પ્રભુને, પ્રભુની લીલાને ઓળખવા માટે જ્યોતિની પણ જરૂર પડે છે. માટે જ આપણો આત્મા કહે છે, 'મને પ્રકાશ જોઈએ છે, વધુ પ્રકાશ જોઈએ છે.'

'પ્રેમાળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ...' જે સત્ય છે, જે અનંત છે તેને જાણવાની અદમ્ય ઈચ્છા છે.

પ્રકાશ બે પ્રકારના છે. એક આ બહારનો પ્રકાશ અને બીજો અંદરનો પ્રકાશ સત્ય જ્યોતિ છે, જે બહારનો પ્રકાશ છે, તે અંદરના પ્રકાશનો જ અંશ છે. આ દુનિયારૂપી માયા જેણે નિર્માણ કરી છે તે કેટલો ખૂબસૂરત હશે?

આટલું કહી ચાચાજી થોડો સમય આંખો મીંચી મૌન રાખે છે અને પછી ધીમે રહીને કહે છેઃ

એક વાત યાદ આવે છે - વસંતઋતુના દિવસો હતા. ચારે તરફ ખૂબ સૌંદર્ય પથરાયું હતું. રાબિયા એક ગુફામાં બેસી ધ્યાન ધરતી હતી. એક બહેનપણી આવીને તેને કહેવા લાગી, 'રાબિયા!' બહાર આવ. જરા ખુદાની કરામત જો.. કેવી ખીલી છે!'

''તું સૌંદર્ય - દર્શન માટે મને બહાર બોલાવે છે, તે બરાબર જ છે. પણ હું તને અંદર ગુફામાં બોલાવું છું. તું અદર આવીને કુદરતના - ખુદાને સૃષ્ટાને જો.''

આમ બહારના તેમજ અંદરના બન્ને પ્રકાશની જરૂર છે. જેના હૃદયમાં પ્રકાશની ઝંખના છે એ જ માણસ છે. આત્માનો પ્રકાશ આંખને સાફ કરે છે. એવા પ્રકાશમય આનંદથી જ જીવન ઉજ્જવળ બને છે. એટલા માટે એ પ્રેમળ જ્યોતિ - અમર જ્યોતિ માટે પ્રાર્થના કરવી પડે છે. દિવસ-રાત, એની આશામાં રાહ જોવાની છે.

'બૈઠા હૂં મંદિર કે બાહિર,
લે કે દિલમેં આશ;
કભી તો બુલાઓગે હી,
અપને ચરણન પાસ... બૈઠા હૂં.
તેરી શરણ છાયા મેં,
જો હૈ પ્રકાશ;
ઉસમેં મેરી આત્મા કા
હોગા પૂર્ણ વિકાસ... બૈઠા હૂં.
ઓમ શાન્તિઃ ઓમ શાન્તિઃ ઓમ શાન્તિઃ'

ચાચાજીનો એ સહવાસ તો અમૃતરસનું પાન હતું.

ગોપી, રોજ વહેલી વારે મસ્જિદમાંથી પોકારાતી બાંગ અને બારીમાંથી ઘૂ... ઘૂ... કરતા કબૂતરો, જગાડી દે છે ત્યારે હુંય એવા પ્રકાશની રાહ જોતી દિવસો પસાર કરું છું. સામાન્ય રીતે આવી વાતો કરું એટલે તું વાત ઉડાવી દેતી. પણ આજે તક મળી એટલે ઝીલી લીધી! તારા ઉપર તો મેં આશાનો ડુંગર ચણ્યો છે.

આગળનું વિધતા જાણે...!

❑❑❑

બાનાં મીઠા સ્મરણ સાથે વહાલ
નીલમ પરીખ
(ગોપી મારી પૌત્રી છે.)

---

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૪,૦૦૦/- | શ્રી ઈન્દ્રવદન સી. શાહ |
| ૨,૦૦૦/- | શ્રીમતી રીટાબેન એમ. કોઠારી |
| ૨,૦૦૦/- | પ્રેરણા કોઠારી |
| ૧,૦૦૦/- | સુહાસીની કોઠારી |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૨,૦૦૦/- | શ્રી બાબુલાલ જી. અદાની |

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| | |
|---|---|
| ૫૧,૦૦૦/- | શ્રી મહાવીર જૈન વિદ્યાલય જિનાગમ પ્રકાશન ('મે' મહિનાનું સૌજન્ય) |

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
૯૮૧૯૩૭૨૯૦૮
bakulgandhi@yahoo.co.in

# અહિંસા

છેલ્લા છ-સાત દશકોથીઘાતક શસ્ત્રો અને વિસ્ફોટક પદાર્થોના સતત ઉત્પાદનને કારણે તથા દુનિયાના કેટલાક દેશોની આંતકવાદી પ્રવૃતિને પરિણામે ગોળીબાર અને બોંબ ધડાકાની ઘટનાઓમાં રોજબરોજ સંખ્યાબંધ માણસો મૃત્યુ પામે છે. આ ઘોર માનવ હિંસા સબળ સત્તાધારી વર્ગ કે આંતકવાદીઓના પાશવી ચિત્તનો આવિષ્કાર છે. આવા હિંસક કૃત્યોને અટકાવવાનું સરળ નથી.હિંસાની બોલબોલા વધી પડે ત્યારે અહિંસાની વાત સૌથી વધારે પ્રસ્તુત ગણાય. ગંદકી વધી પડે ત્યારે સ્વચ્છતાનો આગ્રહ તર્કયુક્ત ગણાવો જોઈએ. યોગા માટે દુનિયાભરમાં અને સ્વચ્છતા માટે ભારતભરમાં જાગ્રતતા લાવવામાં માનનીય નરેન્દ્ર મોદી સફળ રહ્યા છે. ''વેગન'' એટલે શાકાહારી ભોજન માટે ઝડપથી જાગ્રતતા આવી રહી છે. જો સમગ્ર વિશ્વમાં ભગવાન મહાવીરનો સંદેશ પહોંચી જાય અહિંસાનું પર્યાવરણ રચાય. 'પ્રબુદ્ધજીવન' આ ભાવના સાથે ''અહિંસા'' વિષય ઉપર ૧૯૪૪થી ૨૦૧૭ દરમ્યાન ૨૦ લેખો પ્રકાશિત કર્યા છે તે મુજબ છે.

| | | |
|---|---|---|
| Aug - 1944 | ભાંગફોડ અને અહીંસા | પરમાનંદ કુંવરજી કાપડીયા |
| Oct - 1945 | ભગવાન મહાવીરનો ત્રિવિધ સંદેશ : અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત | મહાસતી ઉજ્જવળકુમારીજી + પંડિત સુખલાલ |
| Nov - 1945 | અહિંસાનું સ્વરૂપ અને વિકાસ | n.a |
| Jul - 1946 | અહિંસામાં ધર્માધર્મ વિવેક | મહાત્મા ગાંધી |
| Feb - 1948 | અહિંસાનો વિજય | દલસુખ માલવણિયા |
| Feb - 1950 | માનવતાની સેવા એજ સાચી અહિંસા | n.a |
| Oct - 1962 | અહિંસા- સન્યાસી બ્રધર લુસીયન | સન્યાસી બ્રધર લુસીયનઅનુ:પરમાનંદ |
| Sep - 1968 | અહિંસામાં ભીષ્મવૃતિ | કાકા કાલેલકર |
| Aug - 1993 | અમારિ પ્રવર્તન | ડૉ રમણલાલ ચી શાહ |
| May - 1994 | ઇસ્લામ અને અહિંસા | ઈબ્રાહીમ શાહબાઝ |
| Aug - 1995 | શ્રીમતી મેનકા ગાંધીનાં ઉદબોધનો | ડૉ રમણલાલ ચી શાહ |
| Feb - 2002 | અહિંસા-પાલનની પ્રથમ અને ચરમ કક્ષા | પૂ.શ્રી વિજયપૂર્ણચંદ્રસુરિજી મહારાજ |
| Jul - 2006 | આપણે કેટલાં અહિંસક ? | ડૉ.ધનવંત શાહ |
| Aug - 2006 | પંથે પંથે પાથેય:એક અહિંસા-દ્રષ્ટા વર્ષા | ડૉ.એમ.એમ.ભમગરા |
| Sep - 2006 | હિંસાથી ઘેરાયેલી અહિંસા | ગુણવંત બી.શાહ |
| Dec - 2007 | બધી જ હોમિયોપેથી દવા હિંસામાંથી બનતી નથી | કિશોર સી.પારેખ |
| Nov - 2014 | ઇસ્લામ, અહિંસા અને ધર્મગ્રંથો | ડૉ.ધનવંત શાહ |
| Mar - 2015 | અહિંસા-અનેકાંતના પરિક્ષેપમાં | પાર્વતીબેન નેણશી ખીરાણી |
| Apr - 2017 | અહિંસા: ગઈકાલની અને આજની | ભદ્રાયુ વછરાજાની |
| Jul - 2017 | સત્ય-અહિંસાની જુગલ જોડી-ગાંધીજી | પ્રા. ઉષા પટેલ |

**FOR DETAILED READING VISIT - https://prabhuddhjeevan.in**



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2019. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

નીલમ પરીખ

**પરિચય : નીલમબહેન પરીખ મહાત્મા ગાંધીના પ્રપૌત્રી છે. એમણે પતિ યોગેન્દ્રભાઈ સાથે જીવનભર સેવાકાર્યો કર્યા અને વ્યારાના દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલયના આચાર્યા તરીકે નિવૃત્ત થયા. એમણે મહાત્મા ગાંધીના પુત્ર હરિલાલની જીવનકથા સહિત અનેક ગાંધી પુસ્તકો લખ્યા છે.**

વ્હાલી ગોપી,

આમ તો આપણને પત્ર લખવાનો મોકો ભાગ્યે જ મળ્યો છે. તું હોસ્ટેલમાંથી દર અઠવાડિયે ઘરે આવી જતી ત્યારે પેટ ભરીને વાતો કરી લેતા. પણ હવે તો તું ડૉક્ટર થઈ ગઈ એટલે આપણે ઘરમાં સતત સાથે જ હોઈએ છીએ. આજકાલ તારા પ્રેમભર્યા ગુસ્સાને અવારનવાર માણું છું અને મારી બા યાદ આવે છે. હું ગામડામાં રહેવાની છું જાણી એ ય બે-ચાર દિવસ મારી સાથે રહી બધું જોયાં જાણવા - સમજવા, શીખવવા માગતી હતી ત્યારે ગાંધીજીના યરવડા જેલનો એક પ્રસંગ યાદ આવ્યો. બાપુ મીરાંબેનને લખે છે, ''અહીં બિલાડીનાં સુંદર બે બચ્ચાં છે. હવે અતિશય હળી ગયાં છે અને પ્રાર્થના વખતે ખોળામાં આવીને બેસે. અમારી સાથે ગમ્મત કરે. ખાવા ટાણે હીહાહીક કરી મૂકે. વલ્લભભાઈ એને ખીજવે અને તારની જાળી નીચે ગોંધી આનંદ મેળવે. આજે એક બચ્ચું બહુ ગભરાયું. પોતાની બુદ્ધિ વાપરી, જાળીને માથું મારતું મારતું ઓટલાના છેડા સુધી લઈ ગયું અને બહાર નીકળ્યું. પછી દૂર જઈ એણે શૌચ કરવાની તૈયારી કરી. જમીન ખોદી શૌચ કરી એને ઢાંકી બીજા બચ્ચાએ એને ઢાંકવામાં મદદ કરી.

સામાન્ય રીતે એની મા તેમને નજર બહાર થવા દેતી નહોતી. માના મૂક વર્તનથી તેઓ પોતાના પાઠ શીખે છે. એટલે આચાર એ જ મુખ્ય વસ્તુ છે. બચ્ચાંની સફાઈ ક્રિયા માટે તેમની ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવી જોઈએ.

તને સસલાં અને બિલાડીના બચ્ચાં બહુ ગમે છે ને?

એક વાર સર્વોદય આશ્રમ, શાપુર (સૌરાષ્ટ્ર)માંથી કામ અંગે મારે બહાર જવું પડ્યું. આશ્રમમાંથી સ્ટેશન જવા બહુ વહેલી સવારે નીકળવું પડે. ત્યારે હજુ વીજળી નહોતી આવી. મુખ્ય રસ્તે જતાં સમય લાગે. મને મોડું થઈ જ ગયું હતું એટલે નાની કેડીએથી ઝડપથી નીકળી જવું એમ વિચારી એક મિત્ર સાથે નીકળ્યાં. એમના હાથમાં બેટરી અને લાકડી હતા. મારી આગળ આગળ ચાલે અને પ્રકાશ આપે. થોડે આગળ જતા મારા પગ પર કંઈક લીસ્સું લીસ્સું ચડ્યું. હું ચમકી અને ગભરાઈને કૂદકો માર્યો. મિત્રએ જોયું તો સાપ હતો. મેં એને લાકડીથી મારવા કહ્યું પણ મિત્ર મજાકી હતાં એટલે મને કહે એ તો તમને વ્હાલ - પ્રેમ કરવા આવ્યો અને તમે એના પર કરૂણા વરસાવવાની બદલે તિરસ્કાર્યો! હવે નહિ મારું, અને મને આશ્રમનું અહિંસા વ્રત યાદ આવ્યું.

સ્ટેશન પર ટ્રેન આવી ગઈ હતી એટલે વહેલી વહેલી ચડી ગઈ અને બારી પાસેની સીટ પર બેસી ગઈ. દૂરથી આશ્રમમાં ઊઠવાનો ઘંટ વાગ્યો, તે સાંભળ્યો. ટ્રેન પણ ચાલુ થઈ ગઈ એટલે રસ્તે બનેલી ઘટના વાગોળતી આકાશ તરફ જોતી રહી. એવામાં એકાએક મારા માથા પર જાણે કોઈએ લાકડી ફટકારી હોય એવી રીતે જોરથી લાકડાની બારી માથે પડી. સારી પેઠે વાગ્યું ને ખાસ્સું લોહી નીકળ્યું. સાથી પેસેન્જરોએ પાણી, રૂ-પાટા વિ. બાંધી મદદ કરી. પણ મારું મન તો મેં સાપને મારવાનો વિચાર કરેલો તેથી જ આ સજા કુદરતે મને કરી હોય એમ ડંખતું હતું! આજેય માથા પર એની મોટી નિશાની છે, તે તમે સૌ જુઓ છોને!!

*(વધુ માટે જુઓ પાના નં. ૧૩૦)*

**Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.**

**Printed & Published by :** Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 **Printed at** Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. **Editor : Sejal M. Shah**
**Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.**